ભગવાન

શ્રીસ્વામિનારાયણ ચરિત ગાથા

ભાગ ૨



સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા

ભાગ-૨

સ્વામી માધવપ્રિયદાસ

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
મુંબઈ ● અમદાવાદ

Bhagawan Shree Swaminarayan Chritgatha Bhag-2:
written by Madhavpriydas

પ્રકાશક :

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.

૧૯૯/૧, ગોપાલ ભુવન
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન:૨૨૦૦ ૨૬૯૧, ૨૨૦૦ ૧૩૫૮
Email-imagepub@gmail.com
Website:www.suresh-dalal.in

૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર
આંબાવાડી સર્કલ, આંબાવાડી
અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન:૨૬૫૬ ૦૫૦૪, ૨૬૪૪ ૨૮૩૬
Email :imageabad1@gmail.co
E-book:www.e-shabda.com

પ્રાપ્તિ સ્થાન:

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ડ્રાઇવન રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન:(૦૭૯) ૨૭૯૧૨૫૯, મો. ૯૮૨૫૨ ૧૦૦૯૬
શ્રી સ્વામિનારાયણ ગુરકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, (SGVP) છારોડી, અમદાવાદ
ફોન: (૦૨૭૧૭) ૨૪૨૧૪૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૩૮

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫
બીજી આવૃત્તિ : ૨૦૧૬

મૂલ્ય : રૂ..૫૦૦ (બંને ભાગના)
રૂ..૨૩૦ (સૌજન્યને આભારી)

ISBN : 81-7997-692-0

આવરણ:

લેઆઉટ/ટાઇપસેટિંગ: **બાલકૃષ્ણ સોલંકી**
ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. અમદાવાદ

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લિ., અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૪૨ ૧૦૦૮ – મો. ૯૮૨૫ ૮૫૦૫૫૯

ભગવાન શ્રી સ્વામિનારાયણ

ચરિતગાથાના

પ્રેરણાસ્રોત આદરણીય

શ્રી સુરેશ દલાલના દિવ્ય આત્માને

સાદર અર્પણ

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्री हरिकृष्ण ॥

सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ૨૪/૨૦૧૧

તા. ૧ - ૪ - ૨૦૧૫

આર્શીવાદપત્ર

પ્રતિશ્રી,
શા.સ્વા.શ્રી માધવપ્રિયદાસજી ગુ.શા.સ્વા.શ્રી ધર્મજીવનદાસજી
"શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, વિશ્વ વિદ્યા પ્રતિષ્ઠાનમ્"
છારોડી, અમદાવાદ.

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવશ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પિઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષમાં આપશ્રી દ્વારા **"ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ગાથા"** નામક સુંદર સાહિત્ય ગ્રંથની રચના કરવામાં આવેલ છે. તેથી અમો ખૂબ રાજીપો વ્યક્ત કરીએ છીએ.

જીવ પ્રાણી માત્રના કલ્યાણને અર્થે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પોતાના પરમહંસો સાથે આ અવનીમાં પધારવું તથા હિન્દુ સનાતન ધર્મ (ભાગવત ધર્મ) ના પોષણ તેમજ પોતાના પ્રેમી ભક્તોના મનોરથને પૂર્ણ કરવા અને સહેજે સહેજે પોતાના ધામની પ્રાપ્તી કરાવી આપવા રૂપ અનેક દિવ્ય ચરિત્રોથી સભર આ પ્રસ્તુત ગ્રંથમાં આપશ્રીએ આપની વિદ્વતા, વિવેક, સમજણ તેમજ સાંપ્રદાયિક, હિન્દુ તથા વૈશ્વિક ધર્મોના ગ્રંથોનો અભ્યાસ તેમજ સત્સંગમાં અહોનીશ વિચરણના કારણે ભગવાન શ્રી સ્વામિનારાયણનું ચરિત્ર આપશ્રીએ સત્સંગમાં પ્રસ્તુત કરવાનું વિચાર્યુ છે. ત્યારે અમો હૃદયથીં આપના પ્રયાસને બિરદાવીએ છીએ. પ્રસ્તુત ગ્રંથ દ્વારા અનેક મુમુક્ષ જીવાત્માઓને ભગવાન શ્રી સ્વામિનારાયણનો યર્થાથ મહિમા સમજાય તેમજ જેઓ સંપ્રદાયનાં અનુયાયી નથી, તેવા જીજ્ઞાસુ ભક્તજનોને પણ શ્રીહરિનો મહિમા સમજાય તેવી વડતાલધામમાં પ્રગટ બીરાજમાન શ્રી હરિકૃષ્ણમહારાજના ચરણ કમળમાં પ્રાર્થના કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં તન, મન, ધનથી સહયોગ આપનાર ભક્તોનું મહારાજ મંગળ વીસ્તારતા રહો તેવી અભ્યર્થના સહ અમારા ભાવથી જય સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજ શ્રી

श्री निलकण्ठ ! हरिकृष्णं ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हारिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिर्धिप्रणमाम्यह त्वाम् ॥

પ્રકાશકનો ઋણસ્વીકાર

પુસ્તકમાં સામાન્ય રીતે 'પ્રકાશકનું નિવેદન' મુકાતું હોય છે. માધવપ્રિયદાસજી એવા સાહિત્યરસિક સંત છે અને એમનો ઇમેજ પબ્લિકેશન્સના ચૅરમૅન મુ. નવીનભાઈ દવે તેમજ ઇમેજના જન્મદાતા સુરેશભાઈ (સુરેશ દલાલ) સાથે એવો આત્મીય સંબંધ છે કે એમનું કોઈ પુસ્તક અમે પ્રગટ કરીએ એનું નિવેદન ન હોય પણ ઋણસ્વીકાર જ હોય. એમની સાથે અમારું નામ જોડાય એ અમારું સદ્ભાગ્ય, એ અમારો આનંદ.

સન ૨૦૦૦માં સુરેશભાઈએ માધવપ્રિયદાસજીની દીર્ઘ મુલાકાત લીધી હતી અને એ મુલાકાતના ગુજરાતી અને અંગ્રેજીમાં એમ બે ભાષામાં પ્રકાશનથી અમારો ઘરોબો બંધાયો. સન ૨૦૦૯માં એક સુખદ યોગાનુયોગ એ રીતે થયો કે, માધવપ્રિયદાસજીની સાહિત્ય પ્રીતિ અને પ્રતિભાનું દર્શન કરાવતાં બે પુસ્તકો ઇમેજે પ્રકાશિત કર્યાં. 'કીર્તનની કુંજગલી' મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ જેવા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ રચેલા ભક્તિ કાવ્યોનો માધવપ્રિયદાસજી એ કરાવેલા રસાસ્વાદનો સંગ્રહ છે તો 'જોગી ચલો આપણે ગામ'માં એમનાં સ્વરચિત કાવ્યો આપણને મળે છે.

આસ્વાદ અને સર્જન પછી 'ઈઝરાયલની ધર્મયાત્રા'ના ઇમેજના પ્રકાશનથી એક સંતના અભિગમથી આલેખિત પ્રવાસકથા આપણને પ્રાપ્ત થાય છે અને ગયા વરસે બે ભાગમાં પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા'થી જીવનચરિત્રનું આલેખન થાય છે. એમના દરેક પુસ્તકની પ્રથમ આવૃત્તિ તો ખૂબ ટૂંકા સમયમાં ખલાસ થઈ જાય છે. આ બે ભાગને પણ એવો જ આવકાર મળ્યો છે. એક વર્ષમાં પુનઃપ્રકાશનનો રાજીપો વ્યક્ત કરતાં સુરેશભાઈના જ શબ્દોમાં સમાપન કરું:

"માધવપ્રિયદાસ સ્વામી, કવિતાના સહૃદય ભાવક છે. માત્ર ભાવક જ નથી, પણ પોતે પોતાની રીતે કાવ્યો પણ લખે છે. વાંચવું, લખવું, ચિંતન, મનન અને પ્રવચન એ એમની નિરાસક્ત વૃત્તિ અને પ્રવૃત્તિ છે. 'સાધુ તો ચલતા ભલા' એમ તેઓ દેશપરદેશનો સતત પ્રવાસ કરે છે, અનેક માણસોને મળે છે. અનેક સ્થળની વિગતો જાણે છે. માત્ર પુસ્તકોને નહીં પણ ચહેરાઓને વાંચે છે અને સૌથી વધુ તો પોતે પોતાની ભીતર રહેલી કિતાબની બારાખડી ઊકેલે છે. સંત છે પણ શુષ્ક કે નીરસ નથી. ચૈતન્યની વસંત મહોરેલી હોય છે!"

– ઉત્પલ ભાયાણી

બીજી આવૃત્તિ વેળાએ

ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથાની પ્રથમ આવૃત્તિને વાંચકોનો ખૂબ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો. ચરિતગાથાના પાઠ શરૂ થયા, પારાયણો થવા માંડી. સંપ્રદાયના સારા સારા સંતોના અંતરના આશીર્વાદપૂર્ણ અભિપ્રાયો પ્રાપ્ત થયા. ઉપરાંત સંપ્રદાયથી અજાણ હોય એવા જિજ્ઞાસુઓ અને વિદ્વદ્વર્ગ તરફથી પણ સારો આવકાર સાંપડ્યો.

ખાસ કરીને ચરિતગાથાનો વૈજ્ઞાનિક પક્ષ સર્વને ગમ્યો એથી અંતરમાં વિશેષ આનંદ થયો.

ચરિતગાથાની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થતાની સાથે જ પૂરી થઈ ગઈ, એથી આ બીજી આવૃત્તિ બહાર પાડવી અનિવાર્ય બન્યું.

અનેક સુજ્ઞ વાચકો તરફથી સારાં સારાં સૂચનો પ્રાપ્ત થયાં અને સંજોગવશાત્ રહી ગયેલી કેટલીક ત્રુટિઓ તરફ ધ્યાન પણ દોરવામાં આવ્યું. આ બીજી આવૃત્તિમાં એને સુધારવાનો પ્રયાસ થયો છે.

સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના વિવિધ નામો પ્રસિદ્ધ છે. બાળપણમાં તેઓ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ, ઘનશ્યામ નામથી ઓળખાતાં.

વનવિચરણ દરમિયાન તેઓ નીલકંઠવર્ણી, વર્ણી, વર્ણીરાજ, બ્રહ્મચારી વગેરે નામોથી ઓળખાતાં.

લોજના નિવાસીઓ એમને સરજુદાસ કહેતા. ગુરુદેવ રામાનંદ સ્વામીએ દીક્ષા આપી નારાયણમુનિ અને સહજાનંદ સ્વામી નામ રાખ્યા હતા.

રામાનંદ સ્વામીના અક્ષરવાસ બાદ ચૌદમાની સભામાં એમણે સ્વયં પોતાનું નામ 'સ્વામિનારાયણ' જાહેર કર્યું હતું.

સત્સંગ વિચરણ દરમિયાન તેમજ સભા પ્રસંગોએ ભક્તો એમને લાડમાં 'શ્રીજી

મહારાજ' કે 'મહારાજ' કહીને પણ બોલાવતા.

ગઢાળીના આંબાશેઠે એમનું નામ 'ન્યાલકરણ' રાખ્યું હતું.

ચરિતગાથામાં મોટે ભાગે 'સ્વામિનારાયણ' તથા 'મહારાજ' નામો વપરાયાં છે. પ્રસંગોપાત કોઈ કોઈ સ્થળે અન્ય નામો પણ વપરાયાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના નંદસંતોના નામ બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વગેરે છે. તેઓ બ્રહ્મમુનિ, મુક્તમુનિ વગેરે નામથી પણ ઓળખાય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મૂળ નામ 'ઉદ્ધવ સંપ્રદાય' છે.

સંપ્રદાયથી અજાણ વાચકોને નામોને લીધે સમજવામાં મુશ્કેલી ન રહે એટલે આટલી સ્પષ્ટતા જરૂરી લાગી છે.

ખાસ કરીને આ બીજી આવૃત્તિમાં ગ્રંથના બીજા ભાગમાં પરિશિષ્ટ ૪નો ઉમેરો કરવામાં આવ્યો છે, જેનું નામ 'દલપત પ્રબંધ' છે.

વડતાલ ગાદીના ત્રીજા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કવીશ્વર દલપતરામ દ્વારા શ્રીહરિલીલામૃત ગ્રંથની રચના કરાવી છે. આ ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્રોનું સુંદર અને રસાળ વર્ણન છે. આ ગ્રંથમાં કવીશ્વરે પ્રસંગોપાત્ જુદા જુદા છંદમાં અનેક પ્રબંધો ગૂંથ્યા છે.

આ પ્રબંધો બુદ્ધિની કસોટી કરાવે એવા કોયડા સમાન છે. આ પ્રબંધોની રચના પ્રતિભાસંપન્ન કવિઓ જ કરી શકે છે. આ પ્રબંધોમાં મનરંજન પણ ભારોભાર ભરેલું છે. આ પ્રબંધો ગુજરાતી સાહિત્યનો અણમોલો વારસો છે. આજે સાહિત્યક્ષેત્રે આ વારસો વિસરાઈ રહ્યો છે.

આશા છે કે ગુજરાતી સાહિત્યના બહુમૂલ્ય નજરાણાં સમા આ પ્રબંધો સર્વનું રંજન કરશે.

આ પ્રબંધોના કલાત્મક ચિત્રો શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર દ્વારા પ્રકાશિત માસિક 'ચિંતન'માંથી સાભાર લેવામાં આવ્યાં છે.

– સ્વામી માધવપ્રિયદાસ

નિવેદન

ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા ભાગ-૨ આપ સમક્ષ પ્રસ્તુત થઈ રહ્યો છે.

ચરિતગાથા ભાગ-૧ની ભૂમિકામાં લખેલ છે તે પ્રમાણે આ ગાથા લખવાની પ્રેરણા સુપ્રસિદ્ધ કવિ અને વિવેચક અ. નિ. સુરેશભાઈ દલાલની રહી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાગર જેવા ચરિત્રને ગાથાની ગાગરમાં ભરવું કઠિન કાર્ય છે.

જ્યારે આ ગાથા લખવાની શરૂઆત થઈ ત્યારે કલ્પના નો'તી કે "પવિત્ર ચરિત્રરૂપી અમીઝરણાઓ મળતાં જશે અને ગાથા સરિતાનું રૂપ ધરતી જશે."

પ્રથમ તો આ ગાથા એક જ ભાગમાં પ્રકાશિત કરવાનો વિચાર હતો, પરંતુ ગ્રંથનું કદ જોતા આ ગાથાને બે ભાગમાં પ્રકાશિત કરવાનું અનિવાર્ય બન્યું.

- સ્વામી માધવપ્રિયદાસ

નોંધઃ ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા ભાગ-૧માં વિસ્તૃત ભૂમિકા લખાયેલી છે, જેની નોંધ વાચકોએ લેવી.

સુજ્ઞ વાચકોને નમ્ર વિનંતી છે કે,

આ ચરિતગાથા વાંચતા પહેલા ભાગ-૧ની ભૂમિકા અને ભાગ-૨ના પરિશિષ્ટ અચૂક વાંચવા. ભૂમિકા અને પરિશિષ્ટોનું વાંચન ન માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરંતુ ભારતના મહાન અવતારો, યોગીઓ અને મહાપુરુષોના દિવ્ય જીવનને સમજવામાં માર્ગદર્શનરૂપ બનશે

– સ્વામી માધવપ્રિયદાસ

અનુક્રમ

ગઢડુ મારું, હું ગઢડાનો!

મુસાફર ફરી ફરીને ઘરે આવે એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ દેશ-પરદેશમાં વિચરણ કરીને ગઢપુર પધારતા રહેતા હતા. ગઢપુરવાસીઓએ પ્રેમ અને સમર્પણની દોરીથી મહારાજને બાંધી લીધાં હતાં.

ગઢપુરને ભગવાન શ્રી સ્વામિનારાયણે ન માત્ર કાઠિયાવાડનું પરંતુ સમસ્ત સત્સંગનું કેન્દ્ર બનાવી દીધું હતું.

સત્સંગમાં એક કાવ્ય પંકિત પ્રસિદ્ધ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે,

"ગઢડુ મારું હું ગઢડાનો, નથી કે'દિ મટવાનો..."

કાઠિયાવાડ પ્રાચીન સમયમાં પાંચાલ પ્રદેશ તરીકે પ્રસિદ્ધ હતો. સમય જતાં આ વિસ્તાર શૂરવીર કાઠીઓની નિવાસભૂમિ થઈ, તેથી એનું નામ 'કાઠિયાવાડ' પડ્યું હતું.

કાઠિયાવાડનો એક દુહો પ્રસિદ્ધ છે,

કાઠિયાવાડમાં કો'ક દિ, ભૂલો પડ્ય ભગવાન |
થાજ્યે અમારો મહેમાન, સ્વર્ગ ભૂલાવું શામળા ||

આ કાઠિયાવાડમાં બોલતાંચાલતાં ભગવાન ગામડે ગામડે ઘૂમી રહ્યા હતા. એ ભુલા નહોતા પડ્યા, પરંતુ કરુણામૂર્તિ ભગવાન ભુલા પડેલાઓને માર્ગે ચડાવવા પધાર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ શૂરવીર કાઠી દરબારોને પોતાના પ્રેમના જાદુથી વશ કર્યાં હતા. કાઠી દરબારોના રાજભવન એમના ઉતારા બન્યા હતા.

ગઢપુર સત્સંગનું કેન્દ્રસ્થાન હતું. ગઢપુરની આસપાસના અનેક ગામડાંઓના ગામધણી દરબારો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

આ કાઠી દરબારો હોકા-હોકલી, અફીણ વગેરે વ્યસનોમાં ગળા સુધી ડૂબ્યાં હતાં. ઘણા કાઠી દરબારો મેલીકારે જતા, અર્થાત્ ધાડપાડુનો ધંધો કરતા. ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થયા પછી તેઓના આ બધા ફેલ છૂટી ગયા હતા, પરિણામે તેઓ વ્યવહારે સુખી થયા હતા અને આમજનતમાં ભારે શાંતિ પ્રસરી હતી.

સારંગપુરના દરબાર જીવા ખાચર, કારિયાણીના દરબાર માંચા ખાચર તથા વસ્તા ખાચર, લોયાના દરબાર સુરા ખાચર, ઝીંઝાવદરના દરબાર અલૈયા ખાચર, બોટાદના દરબાર દેહા ખાચર, કુંડળના રાઈબાઈ, કરિયાણાના મીણબાઈ તથા દેહા ખાચર, ખંભાળાના દરબાર મૂળુ ખાચર, ઉમરાળીના આપા રાજા ડાંગર, પાણવીના પૂંજા ડોડિયા, કોટડાના દરબાર પીઠાવાળા વગેરેનાં નામ સત્સંગના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયાં છે.

કાઠિયાવાડમાં ગઢપુરની આસપાસના અનેક ગામો જેવાં કે, ગઢાળી, ઉગામેડી, માંડવધાર, ખોપાળા, કમિયાળા, ગોલિડા, ઝમરાળા, બરવાળા, નીંગાળા, રોહિશાળા, પીપળીયા, કેરાળા, કરમડ, ખસ, બગડ, બળોલ, બાબરા, હાથસણી, જસાપર, મીણાપર, ભેંસજાળ, સુંદરિયાણા વગેરે સેંકડો ગામોમાં ન માત્ર દરબારો પરંતુ અઢારેય આલમમાં સત્સંગની સુગંધ પ્રસરી ચૂકી હતી.

ભક્તચિંતામણિમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ કાઠિયાવાડના શૂરવીર ભક્તોને બિરદાવતા કહ્યું છે કે,

નિષ્કામી નિર્મળ મતિ, અતિ આંટીવાળા અંગ |
તન ધન સુખ ટળે, તોય ન ચળે સતસંગ ||૨|| (ભ.ચિં.પ્ર–૧૧૫)

ભક્તને ગામ-ગરાસ શું કામના?

વિ. સં. ૧૮૭૦માં ગઢપુરપતિ એભલ ખાચર અક્ષરવાસી થયા પછીની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદા ખાચરને કહ્યું, "દાદા! તું તો ભક્ત છો, ભક્તને વળી આ ગામગરાસ શું કામના? તારો આ બધો જ ગામગરાસ તું તારા આ બહેનો જીવુબા અને લાડુબાને નામે કરી દે."

મહારાજની આજ્ઞા થતા જ દાદા ખાચરે કોઈ પણ જાતના ઘાટ-સંકલ્પ વિના બધો જ ગામગરાસ બહેનોને સોંપી દીધો.

થોડા દિવસ પસાર થયા બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે બહેનોને કહ્યું, "બહેનો! તમે તો ત્યાગીઓ છો, સાંખ્યયોગ લઈને બેઠા છો, સાધુઓ જેવાં જીવન જીવો છો, તમારે વળી આ ગામગરાસ શું કામનો? તમે આ ગામગરાસ તમારા ભાઈને પાછો સોંપી દો."

બંને બહેનોએ કોઈ જાતના ઘાટ-સંશય સિવાય ગરાસ પાછો દાદા ખાચરને સોંપ્યો. દાદા ખાચરે કહ્યું, "મહારાજ! હવે મારે આ ગામગરાસની કોઈ જરૂરિયાત નથી. તમારી પ્રાપ્તિમાં મને અનંત ભુવનોની સમૃદ્ધિ મળી ચૂકી છે; આ જે કંઈ છે એ આપનું છે; માટે આ ગામ-ગરાસ, માલ-મિલકતનું તમારે જે કરવું હોય તે કરો."

ભક્તના મનનો તાગ લેતા હોય એમ મહારાજે કહ્યું, "તો, દાદા! આ ગામગરાસનો અમારા નામે દસ્તાવેજ કરી આપો."

દાદા ખાચરે પળનોય વિલંબ કર્યા વિના કારભારી હરજી ઠક્કરને બોલાવ્યા, મહારાજનાં નામના દસ્તાવેજ કરાવ્યા અને સર્વ સ્થાવર-જંગમ સંપત્તિ શ્રીહરિનાં ચરણે સમર્પિત કરી દીધી.

દાદા ખાચર, એમના બહેનો અને સમસ્ત પરિવારજનોનું આ અદ્‌ભુત સમર્પણ જોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ મનમાં અને મનમાં ભારે પ્રસન્ન થયા, પરંતુ ઉપર

ઉપરથી એમણે આ પરિવારની કલ્પી ન શકાય એવી આકરી કસોટી શરૂ કરી.

એમણે કહ્યું, "દાદા! હવે આ સઘળી સ્થાવર-જંગમ સંપત્તિ અમારી છે, તમે બધાં હમણાં ને હમણાં પહેરેલે કપડે ઘરબહાર નીકળી જાવ અને તમને મનફાવે ત્યાં જઈને રહો!"

એભલ ખાચરના પરિવારની જગ્યાએ બીજો કોઈ હોય, તો આવા સમયે શું થાય?!.. આ વાત સાંભળે એ પણ મહારાજને કેવા ધારે? આ બધી બાબતની કલ્પના કરવી જ દુષ્કર છે; પરંતુ આ તો દરબાર એભલ ખાચરનો પરિવાર હતો. મહારાજનો આદેશ થતાં પૂરો પરિવાર કોઈ જાતના તર્ક વિતર્ક વિના પહેરેલે કપડે ઘરબહાર નીકળી ગયો અને ગઢપુરની થોડે દૂર આવેલ રાધાવાવે પહોચ્યો.

લોયા દરબાર સુરા ખાચર વગેરેને ખબર પડતા તેઓ દોડતા મહારાજ પાસે પહોંચ્યા અને બોલ્યા, "મહારાજ! આ તમે શું ધાર્યું છે? નમેરા કેમ થયા છો? આ નોધારો પરિવાર ક્યાં જશે? તમે શરણાગતોને આમ તરછોડશો, તો તમારો ભરોસો કોણ કરશે? ભક્તવત્સલપણાનું તમારું બિરુદ ક્યાં ગયું?"

સુરા ખાચરના ઉપાલંભમાં પણ મહારાજ પ્રત્યેના પ્રેમ અને શ્રદ્ધા અકબંધ હતાં. દરબાર સુરા ખાચરની વાત સાંભળી મહારાજે તુરત જ એભલ પરિવારને પાછો બોલાવ્યો.

મહારાજ દાદા ખાચરને પ્રેમથી ભેટી પડ્યા અને બોલ્યા, "દાદા! તમને બધાંને ધન્ય છે. આટલી આકરી કસોટીમાં પણ તમારી શ્રદ્ધા ડગી નહીં. તમે અમારી કસોટીમાંથી સો ટચના સોનાની પેઠે પાર ઊતર્યા."

"દાદા! અમે તો સાધુ-સંન્યાસી છીએ, અમે આ ગામગરાસને શું કરીએ? તમે તમારો ગામગરાસ સંભાળી લ્યો."

દાદા ખાચર અને બંને બહેનો બોલ્યાં, "મહારાજ! આ બધું તો આપનું આપેલું હતું અને અમે આપને અર્પણ કર્યું, એમાં કાંઈ નવાઈની વાત નથી. હવે આ ગામગરાસનું આપને જે કરવું હોય તે કરો."

એભલ પરિવારની વાત સાંભળી મહારાજ અત્યંત રાજી થયા અને આદેશના સ્વરમાં બોલ્યા, "દાદા! અમારે તો આમાંથી કાંઈ ન ખપે, માટે આ ગામગરાસનો વહીવટ અમારી આજ્ઞાથી તારે જ સંભાળવાનો છે."

ત્યારબાદ શ્રીહરિએ ઉપસ્થિત સર્વ દરબારો તરફ દૃષ્ટિ કરી અને બોલ્યા, "દરબારો! તમારામાંથી ઘણાને મનમાં હતું કે મહારાજ દાદા ખાચરને આટલા વશ કેમ થઈ ગયા છે! એનો ઉત્તર દેવા માટે જ અમે આ આકરી કસોટી કરી હતી, બાકી અમારે અક્ષરધામના અધિપતિને તમારા આ ધૂળમાટીના ગામગરાસને શું કરવા છે?"

દાદા ખાચરના સમર્પણ પાસે સર્વની ભક્તિ ઝાંખી પડી. દાદાના સમર્પણે સર્વની આંખો ઉઘાડી દીધી. સર્વનાં મસ્તક એભલ પરિવારને વંદી રહ્યાં. દાદા ખાચરનું આ સમર્પણ બલિરાજાના બલિદાનને પણ ટપી જાય એવું હતું!

દાદા ખાચરના દરબારગઢના ઓરડાઓ આજે પણ આ અનોખા સમર્પણની ગાથાઓ ગાતાં ગાતાં જેમના તેમ ઊભા છે. દાદા ખાચર, એમના બહેનો અને દાદાનો દરબારગઢ ઇતિહાસમાં અમર થઈ ગયાં!

ઓરડાની દીવાલ પડાવી

એક વાર દાદા ખાચરના દરબારગઢના ઉગમણા બારના ઓરડાઓનું ચણતરકામ ચાલી રહ્યું હતું. મહારાજ ફરતાં ફરતાં નીકળ્યા. એમણે ચણાઈ રહેલી દીવાલ તરફ જોયું અને કહ્યું, “દાદા! આ દીવાલ ત્રાંસી છે, માટે પડાવી નાખો.”

કોઈ જાતની શંકા વગર, દાદા ખાચરે દીવાલ પડાવી નાખી. બીજા દિવસે કડિયાઓએ આખો દિવસ ચણતર કામ કર્યું. પાછા મહારાજ સાંજે ત્યાંથી પસાર થયા અને દીવાલ સામે જોઈને બોલ્યા, “દાદા! દીવાલ ઓળીંભે નથી, માટે પડાવી નાખો.” દાદા ખાચરે દીવાલ પડાવી નાખી.

ત્રીજા દિવસે પાછું આખો દિવસ ચણતર કામ ચાલ્યું. વળી પાછું મહારાજે કહ્યું, “દાદા! દીવાલ કાટખૂણે નથી, માટે પડાવી નાંખો.” દાદા ખાચરે કોઈ જાતની શંકા-કુશંકા કર્યાં વગર ત્રીજે દિવસે પણ દીવાલ પડાવી નાખી.

આ બધો તાલ જોઈ રહેલા કેટલાકના મનમાં થયું કે, ‘મહારાજ આ શું કરાવી રહ્યા છે?’

કેટલાકને થાય કે, ‘મહારાજ જ્ઞાનવાર્તા મેલીને આ કડિયાકામમાં ક્યાં પડ્યા!’

કેટલાકને થાય કે, ‘મહારાજને ચણતરમાં શું ખબર પડે?’ પરંતુ દાદા ખાચરની વાત ન્યારી હતી. ત્રણ-ત્રણવાર દીવાલો પડાવવા છતાંય એમના મનમાં કોઈ જાતનો વિપરિત સંકલ્પ ન થયો.

દાદા ખાચરની નિર્ભેળ શ્રદ્ધા જોઈને મહારાજ બોલ્યા, “દાદા! અમે તારા ઓરડાની દીવાલ ત્રણ-ત્રણવાર પડાવી, છતાં તને મનમાં કાંઈ થાતું નથી?”

દાદાએ કહ્યું, “મહારાજ! આપ જે કહો તે યોગ્ય જ હોય, એમાં અમારે બીજો વિચાર કરવાનો ન હોય. અમારે તો કોઈ પણ રીતે આપને રાજી કરવા છે.”

દાદા ખાચરના વચન સાંભળી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા, “દાદા! દીવાલ તો નિમિત્ત હતી, અમે તો તારું મન વાંચી રહ્યા હતા. અમારે દીવાલ નહોતી પડાવવી, અમારો આશય તો મનની ધારણાઓની દીવાલો તોડવાનો હતો.”

“દાદા! મનની ધારણા એ જ બંધન છે; મનની ધારણાથી મુક્ત થવું એ જ મુક્તિ

છે. મનનું ધાર્યું મેલે એ જ અમને ગમે છે. ગમે તેવો તપસ્વી હોય, ત્યાગી હોય, વૈરાગી હોય, જ્ઞાની હોય કે સેવા-ભક્તિ કરતો હોય, પણ જો એ મનધાર્યું હોય તો અમે રાજી થતા નથી. એનો તમામ દાખડો એળે જાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણની કસોટીની રીત અનોખી હતી. દાદા ખાચર આવી તો અનેક કસોટીઓમાં સારધાર પાર ઊતર્યા હતા. એટલે તો આજે સ્વામિનારાયણ સંપ્રદાયમાં દાદા ખાચરનું નામ મોખરે છે.

ગરુડાવતાર માણકી

એક બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરને પોતાની કાયમી નિવાસભૂમિ બનાવી ચૂક્યા હતા; તો બીજી બાજુ પાંચાલ પ્રદેશના મીણાપર ગામે ગરુડનો અવતાર ગણાતી માણકી ઘોડીનો જન્મ થઈ ચૂક્યો હતો.

મીણાપરના ગામધણી દરબારનું નામ સરતાનસિંહજી હતું. તેઓ ઝાલા ક્ષત્રિય હતા. કાઠિયાવાડના મોટા ભાગના ગામડાંઓ કાઠી દરબારોના હાથમાં હતાં, જ્યારે મીણાપર ગામ ઝાલા દરબારોનું હતું.

દરબાર સરતાનસિંહજી ઘોડીઓના ભારે શોખીન હતા. એમને ત્યાં માણેકવર્ણી માણકી ઉછરી રહી હતી. આ વછેરીના રૂપ, રંગ અને ચાલ અદ્ભુત હતાં.

માણકીને જોતાં જ અશ્વના જાણકારો મોઢામાં આંગળા નાખી જતા હતા અને આ દેવાંશી વછેરીના ભરપેટ વખાણ કરતા હતા.

દરબાર સરતાનસિંહજીને માણેકવર્ણી માણકી ભારે વ્હાલી હતી. અનેક રાજા-મહારાજાઓ મોં માંગ્યા દામ આપીને માણકી ખરીદવા માગતા હતા, પરંતુ દરબાર સરતાનસિંહજી માણકી આપવાની ઘસીને ના પાડી દેતા હતા.

દરબાર સરતાનસિંહજીના મનમાં હતું, 'માણકી મોટી થાય પછી ગાયકવાડ સરકારને આપવી અને બદલામાં બક્ષિસ રૂપે આઠ-દસ ગામનું પરગણું લેવું.'

માણેકવર્ણી માણકીની કીર્તિ મહારાજ સુધી પહોંચી. મહારાજે કાઠી દરબારોને કહ્યું, "આપણે કોઈ પણ રીતે મોં માગ્યા દામ આપીને માણકી લેવી છે."

દરબારોએ કહ્યું, "મહારાજ! અમે કાઠીઓ છીએ અને સરતાનસિંહજી ગરાસિયા છે. અમારે અને ગરાસિયાઓને બહુ મેળ બેસે નહીં, એટલે સરતાનસિંહજી અમારું નહીં માને."

મહારાજે કહ્યું, "તો શું કરીશું?"

દરબારોએ કહ્યું, "મહારાજ! મીણાપરની બાજુમાં જ ભેંસજાળ ગામ છે. ત્યાંના દરબાર કાળુભા અને સરતાનસિંહજી વચ્ચે ભારે ભાઈબંધાઈ છે. જો કાળુભા કહે, તો કદાચ સરતાનસિંહજી માને."

દરબાર કાળુભા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત હતા. મહારાજે એમને બોલાવ્યા અને કહ્યું, "કોઈ પણ રીતે મોં માગ્યા દામ આપીને પણ અમને માણકી લાવી આપો."

મહારાજનો આદેશ થયો એટલે કાળુભા મીણાપર ગયા. સરતાનસિંહજીને ખૂબ સમજાવ્યા પણ તેઓ માન્યા નહીં અને કહ્યું, "દરબાર! માણકી તો કાં મારે ત્યાં શોભે અથવા તો ગાયકવાડને ત્યાં શોભે. ગાયકવાડને માણકી આપું તો ગાયકવાડ મને પરગણું ભેટ આપે, સ્વામિનારાયણ તો બાવા-સાધુ કહેવાય, એ મને આપીઆપીને શું આપે?"

સરતાનસિંહજીએ મિત્રની વાત માની નહીં, એથી કાળુભાને ખૂબ જ ખોટું લાગ્યું. એમણે ઊભા થઈને કહ્યું, "જો તમારે માણકી ન આપવી હોય, તો આજથી અમારે તમારા ઘરનું પાણી હરામ છે." આમ કહીને કાળુભા ચાલતા થઈ ગયા.

સરતાનસિંહજીના ધર્મપત્ની ભારે ભાવિક હતા. એમણે સરતાનસિંહજીને કહ્યું, "તમે જ્યાં-ત્યાં બાવળિયા વાવો છો! ચારે બાજુ કાઠીઓથી ઘેરાઈને બેઠા છો. કાળુભાને લીધે આપણું રજવાડું સલામત છે. આજે તમે એને પણ તમારા શત્રુ બનાવ્યા. સ્વામિનારાયણ તો ભગવાન છે. ગાયકવાડ એની પાસે શું ગણતરીમાં? માટે મહારાજને માણકી આપી કાળુભાને મનાવી લો."

રાણીબાના કહેવાથી સરતાનસિંહજી ઢીલા પડ્યા. કાળુભાને પાછા તેડાવ્યા અને મહારાજને માણકી આપવાનો કોલ દીધો.

કાળુભા બોલ્યા, "મહારાજે કહ્યું છે, માણકી મફતમાં ન જોઈએ; તમે કહો તે મૂલ ચૂકવીશું."

આખરે મહારાજનું મન રાખવા ટોકન રૂપિયા ત્રણસોમાં વાત પાકી થઈ. સ્વયં મહારાજ પાર્ષદો સાથે માણકી લેવા માટે મીણાપર પધાર્યા.

દરબાર સરતાનસિંહજીએ મહારાજનું સ્વાગત કર્યું. મહારાજ માણકી જોવા પધાર્યા. એક બાજુ મહારાજ માણકીને જોઈને વાહ વાહ પોકારી ઊઠ્યા, બીજી બાજુ મહારાજનાં દર્શન કરતાં જ જાણે જુગ જૂની ઓળખાણ હોય, એમ માણકી હણહણાટ કરવા માંડી.

મહારાજ દરબારગઢની બેઠકે બિરાજમાન થયા. ચાંદીનો ત્રાસ મંગાવી એમાં રૂપિયા ત્રણસો મુકાવ્યા. એ જમાનાની રીત પ્રમાણે દરબાર સરતાનસિંહજીની દીકરી મોંઘીબાએ રૂપિયાનો થાળને સ્વીકાર્યો, માણેકવર્ણી માણકીના લલાટમાં ચાંદલો કર્યો, માણકીને મોતીડેથી વધાવી અને માણકીની લગામ મહારાજના હાથમાં સોંપી.

મોંઘીબાનો જીવરો સ્વભાવ જોઈ મહારાજ અત્યંત રાજી થયા અને પૂછ્યું, "દીકરી! તમારું નામ શું?"

નાની દીકરીએ ફૂલડાં ઝરે એમ હાસ્ય વેરતાં કહ્યું, "મહારાજ! બધા મને લાડમાં 'મોંઘી' કહીને બોલાવે છે."

મહારાજે મોંઘીબાના માથા ઉપર હાથ મૂક્યો અને બોલ્યા, “મોંઘીબા! તમે તો ભારે મોંઘામૂલા થશો અને મોટા રાજ્યમાં જશો!”

આટલું કહી મહારાજે દરબાર સરતાનસિંહજીની સામે જોયું અને હસીને બોલ્યા, “દરબાર! તમે કાળુભાને કહ્યું હતું ને સ્વામિનારાયણ તો બાવાસાધુ છે, એ અમને શું આપશે? અમે આ મોંઘીબાને ગાયકવાડ પણ ન આપી શકે એવું મોટું રાજ્ય આપીશું!” આટલું કહી મહારાજ માણેકવર્ણી માણકીની સાથે ગઢપુર પધાર્યા.

માણકી મહારાજનું મન ગણાતી; મહારાજને ઈશારે ઈશારે ચાલતી; મહારાજ અને માણકીની જોડી એવી જામી હતી કે ન માણકીને મહારાજ સિવાય ચાલે, ન મહારાજને માણકી સિવાય ચાલે!

સમય જતાં મોંઘીબાને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશીર્વાદ ફળ્યો હતો. ગોંડલ નરેશ સંગ્રામસિંહજીને પરણીને મોંઘીબા મોંઘામૂલા થયાં હતાં.

મહારાજના આશીર્વાદને લીધે ગાયકવાડ પણ બક્ષિસમાં ન આપી શકે, એવું રાજ મોંઘીબાને મળ્યું હતું.

સંગ્રામસિંહજી અને મોંઘીબાને ત્યાં કોઈ સંતાન ન હતું, એટલે રાજ્યના વારસ તરીકે ‘ગોંડલની ગાદીએ કોણ આવે?’ એ પ્રશ્ન હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીના આશીર્વાદથી એમને ત્યાં ભગવતસિંહજી નામના પુત્ર થયા હતા.

ભગવતસિંહજી પ્રજાવત્સલ રાજવી હતા. એમની રાજ્યવ્યવસ્થા અંગ્રેજો કરતાં પણ સવાઈ હતી. આજે પણ લોકો ગોંડલ નરેશ ભગવતસિંહજીને ભારે આદરથી યાદ કરે છે.

નોંધ – આશરે વિ.સં.૧૮૬૮, શ્રાવણ માસમાં મહારાજને પોતાનાં મન સમાન માણકી ઘોડી સેવામાં પ્રાપ્ત થઈ હતી.

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...

એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ રામનવમીનો સમૈયો કરવા માટે વડતાલ જવા તૈયાર થયા હતા. સમૈયાના સમાચાર ઠેર ઠેર મોકલવામાં આવ્યા હોવાથી વડતાલમાં હજારો હરિભક્તો અને સંતો એકઠા થવાના હતા.

મહારાજના હજૂરી પાર્ષદ નાજા જોગિયા માણેકવર્ણી માણકીને શણગારીને મહારાજ પાસે લાવ્યા. મહારાજ માણકીએ અસ્વાર થયા.

મહારાજ વડતાલ જાય છે એ વાત લાડુબા, જીવુબા વગેરે બહેનોને રુચતી ન હતી, કારણ કે તેઓ મહારાજનાં દર્શન વિના રહી શકતા ન હતા.

એક બાજુ મહારાજ કોઈ રીતે રોકાય એમ ન હતા, બીજી બાજુ લાડુબા અને જીવુબા એમને જવા દેવા માગતા ન હતા.

મહારાજને રોકવા માટે બંને બહેનોએ એક અનોખો જ માર્ગ લીધો. બંને બહેનો વાસુદેવનારાયણના ઓરડામાં બેસી ધ્યાન કરવા લાગ્યા. ધ્યાનની ગહન અવસ્થાએ એમણે પોતાનાં મન માણકીના મન સાથે જોડ્યા અને કહ્યું, "માણકી! તારો દેહ પણ સ્રીનો છે અને અમારો દેહ પણ સ્રીનો છે. સ્રીની વેદનાને સ્રી જ સમજી શકે. તું ગમે એમ કરીને આજે મહારાજને વડતાલ જતાં રોકી લે!"

બંને બહેનોની વાતને માણકીએ સ્વીકારી લીધી અને દાદાના દરબારગઢમાં કો'દિવસ ન બની હોય એવી અદ્ભુત ઘટના બની. માણકીએ અસ્વાર થયેલા મહારાજ દરબારગઢને દરવાજે પહોંચ્યા, પણ માણકી ફરંગટી ખાઈને પાછી વળી અને વાસુદેવનારાયણના ઓરડા સામે મુખ રાખીને ઊભી રહી ગઈ!

મહારાજે ફરીથી માણકીને દરવાજા તરફ વાળી, પરંતુ માણકી ફરીથી દરવાજેથી પાછી વળી અને વાસુદેવનારાયણના ઓરડા પાસે પહોંચી ગઈ. આમ ત્રણવાર બન્યું.

મહારાજનું મન ગણાતી માણકી આજે મહારાજનું માનતી ન હતી. મહારાજ હાથમાં નેતરની સોટી રાખતા પરંતુ એમણે ક્યારેય એ સોટી માણકીને અડાડી પણ ન હતી, કારણ કે એવી જરૂરિયાત જ ઊભી થઈ ન હતી. આજે મહારાજે માણકીને સોટી મારી, પરંતુ માણકી એક પણ ડગલું આગળ માંડવાનું નામ લેતી ન હતી.

અંતર્યામી મહારાજ શું થઈ રહ્યું છે, એ સમજી ગયા હતા. મહારાજે વિચાર્યું કે, 'જ્યાં સુધી જીવુબા અને લાડુબા રાજી થઈને રજા નહીં આપે ત્યાં સુધી હવે મારાથી વડતાલ નહીં જવાય.'

સર્વતંત્ર સ્વતંત્ર મહારાજ આજ પ્રેમી ભક્તજનોના પ્રેમથી પરાધીન થઈ ચૂક્યા હતા.

આખરે મહારાજે એક પગ પેગડામાં રાખ્યો, બીજો પગ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ મૂક્યો અને બોલ્યા, "બહેનો! હવે તો તમે રાજી થઈને રજા આપશો તો જ આ માણકી ચાલશે, નહીંતર નહીં ચાલે!"

પ્રેમની રીત ન્યારી છે. મહારાજની મરજીને લાડુબા અને જીવુબા જાણતા હતા. બંનેએ વિચાર્યું કે, 'મહારાજને બળજબરીથી રોકવા એ ભક્તિની રીત નથી.'

બંને બહેનો ઓરડામાંથી બહાર આવ્યા, હાથ જોડીને બોલ્યા, "મહારાજ! અમારી મનોસ્થિતિ આપ જાણો છો. આપને રોકી રાખવા એ બળજબરી કહેવાય અને જાવ કહીએ તો અવિવેક ગણાય."

"પ્રભો! અમારી એટલી જ વિનંતી છે કે, રામનવમીના દિવસો નજીક છે. આપ સુખેથી વડતાલ પધારો પણ સમૈયો પૂરો થાય એટલે વહેલાસર પાછા ગઢપુર પધારજો."

ભક્તાધીન ભગવાનને ભક્તોની રજા મળી, એટલે માણકી પવનવેગે વડતાલ તરફ રવાના થઈ. દાદાના દરબારગઢમાં ઉપસ્થિત અનેક સંતો અને ભક્તો આ અદ્ભુત પ્રસંગના સાક્ષી બન્યા.

આ સમયે પ્રેમસખી પ્રેમાનંદસ્વામી પણ હાજર હતા. એમણે આ દિવ્ય પ્રસંગ નજરે નિહાળીને ઐતિહાસિક કીર્તન રચ્યું હતું...

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...મા.
માણીગર સૌને કહે છે થાઓ ત્યાર,
મુનિ વર્ણી પદાતિ ને અસવાર;
વ્રતપુરી જાવા કર્યો નિરધાર... માણકીએ..૧
કેસર બેરી બોદલી ને ફૂલમાળ,
તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ;
શોભે ઘણા વહાલા લાગે છે મરાલ...માણકીએ..૨
પ્રેમી ભક્ત વિનતી કરે દોડી દોડી,
લોહચુંબક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી... માણકીએ..૩
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,
જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી... માણકીએ..૪

ગઢપુરવાસીઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણને નિર્મળ પ્રેમથી વશ કરી લીધા હતા.

'જય ન્યાલકરણ!'

ગઢપુરની પાસે ગઢાળી ગામ આવેલું છે. અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણના એક મહાન ભક્ત થયા. તેમનું નામ આંબા શેઠ હતું. તેઓ જ્ઞાતિએ વણિક હતા, વ્યવહારે સાધારણ હતા, માર્ગીનો ધર્મ પાળતા.

આંબા શેઠ ભારે મુમુક્ષુ હતા. યુવાન વયે એમના અંતરમાં પરમાત્માના સાક્ષાત્ દર્શનની તાલાવેલી લાગી હતી.

એક વાર તેઓએ કાળુભાર નદીને કાંઠે ઘટાદાર વૃક્ષની નીચે આસન જમાવ્યું, ખાવા-પીવાનું છોડી દીધું. 'પરમાત્મા પ્રત્યક્ષ દર્શન આપે ત્યારે જ ઊઠવું', એવો મક્કમ નિર્ધાર કર્યો. સમય પસાર થતો રહ્યો, ભૂખ્યા-પ્યાસા આંબા શેઠ દેહભાન ભૂલી ગયા અને હરિસ્મરણમાં ડૂબી ગયા.

એમની આ અભૂતપૂર્વ લગની સફળ થઈ. એમની ભક્તિથી પ્રસન્ન થયેલા પરમાત્માએ ત્રણવાર આકાશવાણી કરી કહ્યું કે, "આંબા! તું ગઢપુર જા, તને પ્રત્યક્ષ ભગવાન મળશે!"

આમ આકાશવાણીએ આંબા શેઠને ભગવાન શ્રી સ્વામિનારાયણનો જોગ કરાવ્યો. આંબા શેઠ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આંબા શેઠનો વ્યવહાર સારો થયો. તેઓ એ જમાનામાં બે લાખ રૂપિયાના આસામી બન્યા હતા.

બોટાદ પરગણામાં ભગા દોશી પછી શ્રીમંતોમાં એમની ગણના થવા લાગી હતી. ઘરની સમૃદ્ધિ અને જાહોજહાલી વધ્યાં, પણ એ જાહોજહાલી એમના જીવને અડી ન હતી. તેમની સંપત્તિ નીતિના પાયા ઉપર હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના આદર્શ સત્સંગી તરીકે તેઓ વેપારમાં ક્યારેય કોઈને છેતરતા નહીં, માલમાં ભેળસેળ કરતા નહીં, ઓછું જોખતા નહીં, હલકો માલ વેચતા નહીં. તેમનો વેપાર-ધંધો ભગવાનના ભરોસે ધમધોકાર ચાલતો હતો.

સમૃદ્ધિ મળવી સહેલી છે, પણ સમૃદ્ધિ પચાવવી મુશ્કેલ છે. આ વાણિયાના દીકરાએ સમૃદ્ધિ મેળવી પણ જાણી હતી અને પચાવી પણ જાણી હતી. મહારાજની રુચિમાં રહીને મળેલી સંપત્તિનો સન્માર્ગે ઉપયોગ કરવો, એ એમના સ્વભાવમાં હતું.

પ્રેમીભક્ત આંબા શેઠના મનમાં હંમેશાં મહારાજને રાજી કરવાનું તાન રહેતું. એ માટે તેઓ કંઈકને કંઈક નવું-નવું આયોજન શોધી કાઢતા.

એક વખત આંબા શેઠ ગઢડા આવ્યા. અક્ષર ઓરડીમાં બિરાજમાન મહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી પ્રાર્થના કરતા બોલ્યા, "મહારાજ! ગઢાળીમાં અમારે નવા ઘર તૈયાર થયા છે, આપ સંતો-ભક્તો સહિત પધારો અને એ ઘરને પાવન કરો."

શેઠની વાત સાંભળી મહારાજ મંદ મંદ હસતાં હસતાં કહે, "નહીં શેઠ! તમે બહુ પ્રેમી છો, અમે ગઢાળી આવીએ એટલે તમે ખર્ચ બહુ કરો, માટે અમારે ગઢાળી નથી આવવું."

આંબા શેઠ વિનમ્ર ભાવે કહે, "મહારાજ! આપ કહેશો તે પ્રમાણે કરીશ, પણ આપને પધારવું તો પડશે જ."

મહારાજ કહે, "જુઓ શેઠ! તમે અમારી ભારે આગતાસ્વાગતા કરવાને બદલે ભોજનમાં સાદા દાળ-રોટલા જ કરો તો અમે આવીએ!"

આંબા શેઠે ઠાવકું મુખ રાખીને કહ્યું, "ભલે મહારાજ! જેવી તમારી મરજી છે એમ જ થશે."

મહારાજે સંતો-ભક્તોને શેઠ સાથે ગઢાળી જવાની આજ્ઞા કરી અને કહ્યું, "તમે અગાઉથી ગઢાળી જાઓ, અમે કાલે આવીશું."

આંબા શેઠના ઘરે તો આજે સાચા સગા પધાર્યા! પોતાના ઈષ્ટદેવના ઉપાસકોની પધરામણીથી શેઠનું હૈયું હાથમાં ન રહ્યું, તેઓ નાચવા લાગ્યા. સારામાં સારું સીધું મગાવી તૈયાર કર્યું. બ્રાહ્મણો પાસે દૂધપાક અને માલપૂવાની રસોઈ કરાવી તૈયાર રાખી.

બીજે દિવસે મહારાજ પધાર્યા. શેઠે ઢોલ અને શરણાઈના સૂરે મહારાજનું સ્વાગત-સામૈયુ કર્યું. નવા તૈયાર થયેલા ઘરમાં મહારાજને ઉતારો આપ્યો.

ભોજનનો સમય થયો એટલે મહારાજે પૂછ્યું, "શેઠ! રસોઈ તૈયાર થવાને કેટલી વાર છે?"

શેઠ કહે, "મહારાજ! થાળ તૈયાર જ છે, આપ આ બાજોઠે બિરાજો એટલે થાળ પીરસાય."

સ્નાન કરી મહારાજ બાજોઠ ઉપર વિરાજમાન થયા. બીજા બાજોઠ ઉપર થાળ પીરસાણા. થાળમાં દૂધપાક, માલપૂવા તથા વિવિધ વાનગીઓ જોઈ મહારાજ કહે, "આંબા શેઠ! આ બધું શું બનાવ્યું છે? અમે તમને રોટલા-દાળનું કહ્યું હતું ને?"

પ્રેમીભક્ત આંબા શેઠ બે હાથ જોડી મંદ મંદ હસતાં હસતાં બોલ્યા, "હા મહારાજ! આ તો ધોળી દાળ અને પીળા ઘઉંના રોટલા છે. દાળમાં હળદર નાખવાનું રહીં ગયું અને દાળને બદલે રોટલામાં હળદર નંખાઈ ગઈ એટલે આવું થયું છે; અને વળી સાધુને સ્વાદ શા? જેવું હોય તેવું જમી લો!"

શેઠની આ રીતની મર્માળી પ્રેમભીની વાણી સાંભળી મહારાજ હસતાં હસતાં કહે, "શેઠ! તમારો પ્રેમ અદ્‌ભુત છે. અમે રોટલા-દાળનું કહ્યું હતું અને તમે દૂધપાક, માલપૂવા કરાવ્યાં." આમ કહી મહારાજ હોંશે હોંશે થાળ જમ્યા.

ભોજન બાદ મહારાજે સંતો-ભક્તોની પંક્તિ કરી. આગ્રહ કરી કરી સર્વને ભરપેટ ભોજન કરાવ્યું, એટલે આંબા શેઠ તો રાજી રાજી થઈ ગયા.

અક્ષરધામના મુક્તોને પોતાનાં નવાં ઘરની ઓસરીમાં જમતા જોઈ, આનંદસાગરમાં ડોલતા આંબા શેઠ ઊંડા વિચારમાં ઊતરી ગયા. તેમના મનમાં તરંગો ઊઠ્યા કે, 'હું તો હિંગ, મરચું અને હળદર વેચનારો સાધારણ હાટડીવાળો હતો. આજે જે કંઈ દોમદોમ સાહ્યબી છે, તે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આજે મને ન્યાલ કરી દીધો. મારું આ લોકનુંય સુધારી દીધું અને પરલોકનુંય સુધારી દીધું.'

સંતો-ભક્તો ભોજનથી પરવાર્યા એટલે મહારાજે શેઠના આંગણામાં સભા ભરી. આંબા શેઠે ઉત્તમ વસ્તુઓ ભેટ ધરી, ચંદન-પુષ્પોથી મહારાજની પૂજા કરી અને બે હાથ જોડી મહારાજને કહ્યું, "મહારાજ! આજે મારે તમને એક અનોખી ભેટ ધરવી છે."

વાણિયાના દીકરાની વાતનો મર્મ કાઢવા મથતા હોય એમ મહારાજ આંબા શેઠ સામે જોઈ રહ્યા અનો બોલ્યા, "શેઠ! તમે બહુ ખર્ચો કર્યો, હવે અમારે કોઈ ભેટ નથી જોઈતી."

આંબા શેઠે કહ્યું, "અરે મહારાજ! મારે તમને કોઈ વસ્તુ-પદાર્થની ભેટ નથી ધરવી, પણ આજે મારે તમારું એક નવું નામ પાડવું છે."

મહારાજ હસીને કહે, "શેઠ! તમારા વાણિયા જેવા અમારાં નામ પાડશો નહિ, એવાં નામ અમને ન શોભે!"

શેઠ કહે, "મહારાજ! હું એવું નામ નહીં પાડું, તમે ખુશ થઈ જાઓ એવું નામ પાડીશ!".

મહારાજ કહે, "બોલો શેઠ! તમારે અમારું શું નામ પાડવું છે?"

શેઠ કહે, "મહારાજ! તમે અમારા જેવા હજારો નર-નારીઓના ભાવ સ્વીકારીને ન્યાલ કરી દીધા છે, માટે મેં તમારું નામ 'ન્યાલકરણ' પાડ્યું છે."

પ્રેમીભક્તના હૃદયમાંથી નીકળેલ મહારાજનું નામ સાંભળી સભામાં બેઠેલા સંતા-ભક્તોએ 'ન્યાલકરણ ભગવાનની જય'ના નાદથી ગઢાળી ગજવી મેલ્યું. મહારાજ પણ પોતાનું નવું નામ સાંભળી પ્રસન્ન થયા અને બોલ્યા, "શેઠ! તમે તો ખરેખર અમારું નવતર નામ પાડ્યું, આ નામ તો ચારેય વેદમાં ખોળો, તો પણ નો મળે!"

મહારાજ સહિત સભામાં બેઠેલા સર્વના હૈયામાં 'ન્યાલકરણ' નામ વસી ગયું. લોકમાં નામકરણ વિધિ પછી જેમ સાકર વહેંચે, એમ આંબા શેઠે દસ મણ સાકર મંગાવી, મહારાજના હાથનો સ્પર્શ કરાવી, સભામાં તથા આખા ગામમાં વહેંચાવી.

આ રીતે પ્રેમીભક્તના પ્રેમે પ્રગટ્યું 'ન્યાલકરણ' નામ. ત્યાર બાદ આંબા શેઠ તો નિરંતર 'ન્યાલકરણ' નામની માળા ફેરવ્યા કરતા.

સારા કામમાં વપરાય એ જ સાચી મૂડી

સમૃદ્ધિ મળે એ મહત્ત્વનું નથી, સમૃદ્ધિનો સદુપયોગ થાય એ મહત્ત્વનું છે. આંબા શેઠે સંપત્તિ મેળવી પણ જાણી હતી અને સારા કામમાં વાપરી પણ જાણી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કરવા માટે શેઠ સખાવત કરવામાં ક્યારેય પાછી પાની નહોતી કરી.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને પૂછ્યું, "શેઠ! તમારે દીકરા કેટલા?"

આંબા શેઠે કહ્યું, "મહારાજ બે!"

મહારાજે પૂછ્યું, "રૂપિયા કેટલા?"

આંબા શેઠે કહ્યું, "મહારાજ! સાઈઠ હજાર!"

કોઈએ કહ્યું, "મહારાજ! આંબો શેઠ ખોટું બોલે છે. એમને ચાર દીકરા છે અને રૂપિયા બે લાખના આસામી છે."

મહારાજે કહ્યું, "આંબા શેઠ! આ વાત સાચી છે?"

આંબા શેઠે કહ્યું, "મહારાજ! દીકરા ચાર છે પણ એમાંથી બે સત્સંગ રાખે છે અને બે નથી રાખતા, એટલે એ બેને હું દીકરા ગણતો નથી."

"રૂપિયા બે લાખ છે એ વાત સાચી, પણ એમાંથી સાઈઠ હજાર તમે રાજી થાવ

એવા સારાં કામમાં વપરાયા છે માટે એ જ મારી સાચી મૂડી છે. બાકી રૂપિયા હું રૂપિયા ગણતો નથી.”

આંબા શેઠની સમજણ જોઈને મહારાજ અત્યંત રાજી થયા.

ગઢાળી સળગી ગયું!

એક વાર મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા. ગઢાળીથી આંબા શેઠ આવ્યા, સાથે ગાડામાં રંગીન ઢોલિયો હતો, ગાદલું અને ગાલમસુરિયા હતાં.

ગાડાની પાછળ થોડા દિવસ પહેલા તાજી વીંયાયેલી ભેંસ બાંધી હતી. ભેંસ પણ હાથણી જેવી અને ટંકે અધમણ દૂધ દેનારી હતી. ભેંસની પડખે નાની પાડી રમતી હતી. આંબા શેઠે આ બધી જ વસ્તુઓ મહારાજને અર્પણ કરી.

મહારાજે પૂછ્યું, “શેઠ! આ બધું શું છે?”

શેઠ ભારે રમૂજી હતા. એમણે ઠાવકું મોઢું રાખી મર્મમાં કહ્યું, “મહારાજ! ગઢાળી સળગી ગયું!”

સાંભળતા સર્વને આંચકો લાગ્યો. અંતર્યામી મહારાજ જાણતા હતા છતાં પૂછ્યું, “શેઠ! ગઢાળી કઈ રીતે સળગી ગયું?”

આંબા શેઠ હસીને બોલ્યા, “મહારાજ! જેટલું આપના ઉપયોગમાં આવે એ જ બચ્યું કહેવાય. બાકી તો બધું કાળના અગ્નિમાં બળીને ખાખ જ થવાનું છે!”

વાણિયાના દીકરાની ભાષાનો મર્મ હવે બધાને સમજાયો. જે સંપત્તિ સત્કર્મમાં વપરાય એટલી જ સાચી, બાકી બધી તો સળગીને રાખ જ થવાની છે!

આંબા શેઠની આકરી ટેક

આંબા શેઠ જ્ઞાતિએ વણિક હતા પણ સ્વભાવે ભારે શૂરવીર હતા, તીરંદાજીમાં ભારે કુશળ હતા. તેઓ ત્રાજવે માલ પણ તોળી જાણતા અને તિરંદાજીથી નિશાન પણ પાડી જાણતા.

તેઓ વેપાર અર્થે બહારગામ જાય ત્યારે એક ખભે જરૂરી વસ્તુનો ખડિયો હોય, બીજા ખભે તીરકામઠું હોય, કેડે તલવાર ઝૂલતી હોય. ભલભલા ધાડપાડુઓ પણ આ શૂરવીર વાણિયાનું નામ લેતા ખચકાતા હતા. આંબા શેઠ ભક્તિ અને શક્તિનો અનોખો સંગમ હતા.

આંબા શેઠના હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને ભક્તિ હતી. એક વખત આંબા શેઠે અનોખી ટેક લીધી. રોજ વહેલી સવારે ગઢપુર જવું, મહારાજનાં દર્શન કરવાં, મહારાજને બાવળનું લીલું તાજું દાતણ આપવું, પછી જ અન્ન-જળ લેવા.

આંબા શેઠ રોજ સાંજે બાવળની લીલી-કૂણી સોટી કાપતા, શૂળોને સોરતા, બાર ઈંચ લાંબુ કૂંણું દાતણ તૈયાર કરતા અને એ દાતણ આખી રાત એલચીના પાણીમાં પલાળતા! વહેલી સવારે ઊઠતા, ગઢાળીથી પગપાળા ચાલતા, સૂર્યોદયને હજુ વાર હોય ત્યાં મહારાજ પાસે પહોંચી જતા. ભાવથી મહારાજનું દર્શન કરતા, એલચીની સુગંધવાળુ દાતણ મહારાજને ચરણે ધરતા.

એકવાર આંબાશેઠ દાતણ લઈને ધાર્યા કરતાં વહેલા ગઢપુર પહોંચી ગયા. દાદાના દરબારગઢના દરવાજા હજુ ખુલ્યા નહોતા. શેઠે સાદ કર્યો, પણ ચોકીદારો ઊંઘતા હોય કે કોણ જાણે કેમ, એણે દરવાજો ખોલ્યો નહીં !

'મહારાજને દાતણમાં મોડુ થશે' એમ માની આંબાશેઠ દરબારગઢની વંડીએ ચઢ્યા અને અંદર ધુબાકો માર્યો. અવાજ સાંભળી ચોકિયાતો ઊંઘમાંથી સફાળા જાગ્યા. આંખો ચોળતાં ચોળતાં ચોર ચોર કરતા દોડ્યા. ત્યાં તો ચોરને બદલે શેઠ નીકળ્યા !

આ બધો કોલાહલ સાંભળી અક્ષરઓરડીમાં સૂતેલા મહારાજ પણ જાગી ગયા. એમણે પાર્ષદોને કહ્યું, "તપાસ કરો! વહેલી સવારે આ કોલાહલ શાનો છે?"

ત્યાં તો ધૂળ ભરેલી ધોતલીને ખંખેરતાં ખંખેરતાં, છોલાયેલા ઢીંચણ સાથે આંબાશેઠ મહારાજની અક્ષરઓરડીએ પહોંચી ગયા!

મહારાજે શેઠને આવી હાલતમાં જોયા એટલે ચોકિયાતો તરફ જિજ્ઞાસા ભરી નજર કરી! ચોકિયાતો બોલ્યા, "મહારાજ! આ આંબાશેઠે તો ભારે કરી. એ તો વંડીએથી દરબારગઢમાં પડ્યા. અમે તો ચોર ધાર્યા ત્યાં આંબા શેઠ નીકળ્યા!"

મહારાજે આંબાશેઠ તરફ પ્રેમભરી નજર કરી પૂછ્યું, "શેઠ! કેમ વંડીએથી પડવાનું થયું?"

શેઠે વિનોદ કરતાં કહ્યું, "મહારાજ! આ કુંભકરણ જેવા ચોકીદારો જાગતા નહોતા, દરવાજો ખોલતા નહોતા. મને થયું તમારે દાતણમાં મોડુ થશે! એટલે હું વંડીએથી અંદર ખાબક્યો!"

મહારાજ ચોકિયાતો સામે જોઈને હસતાં હસતાં બોલ્યા, "આ તો અમારો આંબોશેઠ! લીધેલી ટેક મેલે નહીં! રહી વંડીએથી પડવાની વાત તો એમાં કાંઈ નવાઈ નથી. ક્યારેક વડલા જેવા વડલા પડે! પીપળા જેવા પડે! ઉમરા જેવા ઉમરા પડે! તો આ અમારો આંબો કેમ ન પડે!"

વહેલી સવારના સમયે દાદાના દરબારમાં વિનોદરસ વરસી રહ્યો.

ભક્તાધીન ભગવાન પણ આ પ્રેમી શેઠિયાના દાતણની રાહ જોતા. આંબા શેઠ આવે પછી જ પ્રાતઃ ક્રિયા કરતા. એક દિવસ એવું બન્યું, કે આંબા શેઠ વહેલી સવારે ગઢપુર પહોંચ્યા, ત્યાં ખબર મળ્યા કે, મહારાજ તો સારંગપુર પધારી ગયા છે.

આંબા શેઠને દર્શન વગર અન્ન-જળ નહીં લેવાની ટેક હતી, એટલે ગઢાળી પાછા

જવાનો અર્થ ન હતો. મહારાજનાં દર્શન વગર પાછા નહીં ફરવાના નિર્ધાર સાથે આંબા શેઠ સારંગપુર પહોંચ્યા.

સારંગપુરમાં સમાચાર મળ્યા કે મહારાજ થોડી વાર પહેલા લોયા પધારી ગયા.

બપોર થઈ ગયા હતા. આંબા શેઠ વહેલી સવારથી ચાલી રહ્યા હતા. અન્ન-જળ લીધું નહોતું, છતાં આંબા શેઠની ધીરજ ખૂટી નહીં. આંબા શેઠ મહારાજની પાછળને પાછળ લોયા તરફ ચાલતા થયા.

આંબા શેઠના અંતરમાં મહારાજનાં દર્શનની ભારે તાલાવેલી હતી. શ્રદ્ધાને લીધે અંતરમાં અદમ્ય ઉત્સાહ હતો. જીભ ઉપર 'ન્યાલકરણ! ન્યાલકરણ!' નામની રટણા હતી.

આંબા શેઠ લોયા પહોંચ્યા. 'લોયામાં મહારાજનાં દર્શન થશે' એવી આશા હતી, પરંતુ મહારાજ તો લોયાથી વડતાલ જવા રવાના થઈ ગયા હતા. હવે શું કરવું?

ભલભલાની ધીરજ ખૂટી જાય એવી વાત હતી, પણ આંબા શેઠ તો આંબા શેઠ હતા. એની ટેક મેરુ જેવી અચળ હતી, 'अर्थं साधयामि वा देहं पातयामि' 'દેહ પડી જાય તો ભલે પડી જાય, પણ મહારાજનાં દર્શન કર્યાં સિવાય અન્ન-જળ લેવાં નથી!' આવા મક્કમ નિર્ધાર સાથે, શરીરના થાકને ગણકાર્યા સિવાય ભૂખ્યા-તરસ્યા આંબા શેઠે વડતાલની વાટ પકડી.

આ એક-બે દિવસની વાત નહોતી. આંબા શેઠે ગઢાળી છોડ્યું એને છ-છ દિવસ વીતી ચૂક્યા હતા. અન્નનો દાણો મોઢામાં મૂક્યો ન હતો. પાણીનો ઘૂંટડો પીધો ન હતો.

ટેકીલો વાણિયો વડતાલ પહોંચ્યો. વડતાલ જ્ઞાનબાગમાં આંબાના વૃક્ષ નીચે મહારાજ બિરાજમાન હતા.

મહારાજનાં દર્શન કરતાં જ આંબા શેઠની આંખોમાંથી પ્રેમના અશ્રુઓ વહેવાં લાગ્યાં. 'જય ન્યાલકરણ! જય ન્યાલકરણ!' એમ ગદ્‌ગદ્ કંઠે બોલતાં બોલતાં તેઓ પૃથ્વી ઉપર દંડ પડે એમ મહારાજને દંડવત્ કરવા લાગ્યા.

આંબા શેઠને જોઈને મહારાજને ભારે આશ્ચર્ય થયું અને બોલ્યા, "અરે શેઠ! તમે અહીં ક્યાંથી?"

આંબા શેઠે કહ્યું, "મહારાજ! આપ જાણો છો, આપનાં દર્શન સિવાય અન્ન-જળ નહીં લેવાની મારી ટેક છે એટલે આપનાં દર્શને અહીં આવ્યો છું."

"છ-છ દિવસથી આંબા શેઠ ભૂખ્યા-તરસ્યા અમારી પાછળ ભમતાં ભમતાં વડતાલ પહોંચ્યા." એ જોઈને મહારાજની આંખોમાં પાણી આવી ગયાં. મહારાજ એકદમ ઊભા થયા, પોતાના કંઠમાં રહેલો પુષ્પનો હાર એમણે આંબા શેઠને પહેરાવ્યો અને બાથમાં ઘાલીને મળ્યા.

મહારાજનાં મિલને આંબા શેઠના ભૂખ-તરસ અને લાંબા પંથનો થાક પળવારમાં હરી લીધો. સુકાઈ રહેલા મોલ ઉપર વરસાદ વરસે અને મોલ હરિયાળો બને, એમ

આંબા શેઠના શરીરમાં કોઈ ગજબની શક્તિનો સંચાર થયો. તેઓ અત્યંત તાજગી અને સ્ફૂર્તિ અનુભવવા લાગ્યા.

ઉપસ્થિત સર્વ સંતો અને ભક્તો આંબા શેઠની આવી અનોખી-અચળ ટેકને જોઈને ગદ્‌ગદ્ થઈ ગયા, સર્વના નેત્રમાં અશ્રુ છલકાયાં અને મનોમન આંબા શેઠને વંદન કરવા લાગ્યા.

બરાબર આ જ સમયે મૂળજી બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો હતો. મહારાજે આંબા શેઠને પોતાની જોડ્યાજોડ્ય જમવા બેસાર્યા, પોતાના હાથે ભોજન પીરસ્યાં અને પારણાં કરાવ્યા.

આંબા શેઠ પણ 'વાહ, ન્યાલકરણ! વાહ, ન્યાલકરણ!' બોલતા જાય અને પારણાં કરતા જાય.

મહારાજે કહ્યું, "આંબા શેઠ! આજથી તમારો આ નિયમ પૂરો થયો. હવે તમારે ગઢાળીથી ગઢડા દોડાદોડી કરવાની જરૂર નથી. તમે ગઢાળીમાં બેસીને જ ધ્યાન-માનસી પૂજા કરજો. તમે જ્યારે સંભારશો ત્યારે અમે, તમે જ્યાં હશો ત્યાં દિવ્ય દેહે દર્શન દેવા હાજર થઈશું!"

મહારાજનું અનોખું વરદાન પામીને આંબા શેઠ ધન્ય થઈ ગયા. વસંતૠતુમાં આંબો મો'રે એમ આંબા શેઠનો જીવન-આંબો મો'રી ઊઠ્યો. આંબા શેઠના રોમેરોમ પુલકિત થઈ ઊઠ્યાં.

આંબા શેઠે મહારાજનાં ચરણ પકડીને કહ્યું કે, "મહારાજ! આજે તો તમે મને ખરેખર ન્યાલ કરી દીધો. 'જય ન્યાલકરણ! જય ન્યાલકરણ!'"

સુંદરિયાણાના શેઠ હેમરાજ શાહ

વિ. સં. ૧૮૬૪ની સાલ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ ધંધુકા પાસે આવેલા સુંદરિયાણા ગામે પધાર્યા હતા.

સુંદરિયાણાના ગામધણી દરબાર ડોસા ખાચર, જેઠીજી, સામંત ખાચર, ભાણજી ગાંધી, ભગાભાઈ વગેરે ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિતો હતા.

દરબાર શ્રી ડોસા ખાચરે ગામના ભાવિક ભક્તોને સાથે લઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનું વાજતે ગાજતે સ્વાગત કર્યું અને પોતાના દરબારગઢમાં પધરાવ્યા.

ડોસા ખાચરનો વ્યવહાર ખૂબ મોટો હતો. સુંદરિયાણાના સુપ્રસિદ્ધ શેઠ હેમરાજ શાહના પુત્રો વનાશા અને પૂજાશા કારભારી તરીકે ડોસા ખાચરના વ્યવહારની દેખરેખ રાખતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન અને સંતોના સમાગમની આ બંને વણિકબંધુઓના હૃદયમાં ભારે અસર થઈ. ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં ભગવાન

છે એની પ્રતીતિ થતાં બંનેએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગ સ્વીકાર્યો. એમના નાના ભાઈ જેઠાશા પણ સત્સંગી થયા.

હવે વાત એમ હતી કે, હેમરાજ શાહ પરમ વૈષ્ણવ હતા. જ્ઞાતિએ મોઢ વણિક હતા. ધંધુકા પંથકના વૈષ્ણવોમાં અગ્રણી હતા; એકાદશીના દિવસે નકોરડો ઉપવાસ કરતા; પગે ચાલીને ધંધુકા હવેલીએ દર્શને જતા; સાથે એક મણ ઘી લેતા; વૈષ્ણવભક્તો સાથે એકાદશી ઉજવતા; કીર્તનભક્તિ કરતાં કરતાં મોડી રાત સુધી જાગરણ કરતા; બારસના દિવસે સાથે લાવેલા ઘીના લાડુ બનાવી સર્વને પારણાં કરાવી પછી પોતે પારણાં કરતા. હેમરાજ શાહનો ભક્તિભાવ અનેરો હતો. હેમરાજ શાહ જેવા ભક્ત હતા એવા વૈદ્ય પણ હતા. નિષ્કામભાવે દર્દીઓની સેવા કરતા.

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે...

આ પંક્તિ એમનો જીવનમંત્ર હતી. હેમરાજ શાહની ધર્મનિષ્ઠા અચળ હતી. અન્યાશ્રયને તેઓ પાપ માનતા હતા. પોતાના યુવાન પુત્રો બાપદાદાનો ધર્મ મેલી નવા પંથના આશ્રિત થયા એ હેમરાજ શાહને ન ગમ્યું.

એમણે પોતાના પુત્રોને કહ્યું, 'પુત્રો! બાપદાદાનો ધર્મ મેલી અન્યાશ્રય શા માટે કર્યો?'

પુત્રોએ કહ્યું, 'ક્ષમા કરજો પિતાશ્રી! અન્યાશ્રય કોને કહેવાય? એ સમજવું જરૂરી છે. ભગવાન શ્રીકૃષ્ણ સિવાય કોઈ દેવને વંદન કરવાથી કે કોઈ દેવનો પ્રસાદ લેવાથી અન્યાશ્રય થઈ જાય એ વાત અમારી સમજમાં આવતી નથી.'

'પિતાશ્રી! પરમાત્મા વિષ્ણુ સિવાય બીજા દેવતા, કાળ, કર્મ, માયા કે સ્વભાવને જગતના સર્જનહાર માનવા એ અન્યાશ્રય છે. બાકી વિષ્ણુ તો સર્વત્ર વ્યાપક છે. સર્વ દેવોમાં એ બિરાજે છે. માટે અન્ય દેવોનો અનાદર એ તો સ્વયં ભગવાન વિષ્ણુની જ વ્યાપક શક્તિનો અનાદર છે.'

'બીજી મહત્ત્વની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો પંચ મહાવ્રતોનું પાલન કરે છે; ધર્મની સાચી સમજ આપે છે; સદાચારી જીવન જીવવાની શીખ આપે છે. એમની ભોગ અને ભ્રષ્ટાચાર રહિત ભક્તિની રીત અમને ગમી છે.'

નિર્મળ ભક્તિના માર્ગે પિતા કરતાં પુત્રો સવાયા હતા. પિતા-પુત્રના લક્ષ્ય એક હતા, પરંતુ મારગ જુદા થઈ ચૂક્યા હતા.

આખરે કુટુંબ ક્લેશને ટાળવા માટે પિતા અને પુત્રોએ એક બીજાની માન્યતામાં માથું ન મારવાનો નિર્ણય કર્યો.

શું આપ યોગેશ્વર કૃષ્ણ છો?

આમને આમ સમય પસાર થતો રહ્યો. વિ. સં. ૧૮૭૪ની સાલ હતી. યોગીરાજ

ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણા પધાર્યા હતા. રોજ સત્સંગસભાઓ થતી હતી. સમર્થ સંતના વચને લોકોને શાંતિ થતી હતી. વનાશા, પૂજાશા અને જેઠાશા પણ નિયમિતપણે સ્વામીનો સમાગમ કરતા હતા.

ત્રણેય ભાઈઓના અંતરમાં 'પિતા નારાજ છે' એની પીડા રહેતી હતી. મનમાં થતું હતું કે, 'પિતાશ્રી જો સ્વામીનો સમાગમ કરે તો એમના પૂર્વગ્રહો દૂર થાય અને એમના અંતરમાં ધર્મની ઉત્તમ સમજણ જાગૃત થાય.'

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અંતર્યામીભાવે બંને ભાઈઓની મૂંઝવણ કળી ગયા હતા. સ્વામીએ કહ્યું, 'વનાશા! તમારા પિતાશ્રીને અહીં બોલાવી લાવો.'

વનાશા બોલ્યા, 'સ્વામી! અમારા પિતાશ્રીના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે દ્વેષ છે. 'સ્વામિનારાયણ' નામ સાંભળતા જ ભડકે છે. માટે એ તમારી પાસે નહીં આવે.'

સ્વામીએ કહ્યું, 'કોઈ ઉપાય ખરો?'

વનાશાએ કહ્યું, 'સ્વામી! એક ઉપાય છે. મારા પિતાશ્રી વૈદ્ય છે. 'કોઈ બીમાર છે' એવું સાંભળે તો કોઈ જાતના ભેદભાવ રાખ્યા વિના દોડીને પહોંચી જાય છે.'

સ્વામી હસીને બોલ્યા, 'એ તો બહુ સારી વાત કહેવાય. અમારે ખુદને શરીરે કસર છે. તમારા પિતાશ્રીને કહો અહીં આવે; અમારી નાડી જુએ, નિદાન કરે અને ઉપચાર બતાવે.'

વનાશા ઘરે ગયા અને વિનય સાથે પિતાશ્રીને કહ્યું, 'પિતાશ્રી! અમારા સ્વામી તમને બોલાવે છે.'

'સ્વામી' શબ્દ સાંભળતા જ હેમરાજ શાહના અંતરમાં ઘણા સમયથી રહેલો રોષ પ્રગટ થયો અને બોલ્યા, 'વનાશા! બોલવામાં વિવેક રાખ, કોણ સ્વામી? સ્વામી તો એક શ્રીવલ્લભ, બીજા બધા બાવા.'

વનાશાએ વિવેકથી કહ્યું, 'પિતાશ્રી! એમ રાખો, પરંતુ અમારા સાધુને શરીરે કસર છે એટલે તમને વૈદુ કરવા બોલાવે છે.' માંદગીની વાત સાંભળી એટલે હેમરાજ શાહ થોડીવાર તો વનાશાની સામે જોઈ રહ્યા. મનમાં થોડી ગડમથલ ચાલી. આખરે તમામ પૂર્વગ્રહ પડતા મેલી ઊભા થયા. દવાની પેટી હાથમાં લીધી અને ચાલતા થયા.

ધર્મનિષ્ઠાની સાથોસાથ શેઠનો વિવેક વંદનીય હતો. શેઠ સ્વામીનું દરદ મટાડવા જઈ રહ્યા હતા, પરંતુ એમને ખબર નો'તી કે આજે એમનું જ ભવોભવનું દરદ દૂર થઈ જવાનું હતું.

હેમરાજ શાહ સ્વામી પાસે આવ્યા. પથારીમાં સૂતેલા સ્વામીએ મંદ મંદ હસીને હેમરાજ શાહની સામે જોયું. સ્વામીની નજર હેમરાજ શાહના હૈયા સોંસરવી ઊતરી ગઈ.

પ્રભાવશાળી સંતના દર્શન કરતા હેમરાજ શાહના અંતરમાં ટાઢક થવા લાગી. સ્વામીએ મધુર સ્વરે આવકાર આપી કહ્યું, 'શેઠ! પધારો, અમારી નાડી જુઓ અને અમારા રોગનું નિદાન કરો.'

હેમરાજ શાહ સ્વામીનો હાથ હાથમાં લઈ નાડી તપાસવા લાગ્યા. એ જ સમયે સ્વામીએ યોગકળાથી પોતાની નાડી ખેંચી લીધી. શેઠ ઘણી વાર સુધી નાડીના ધબકારા તપાસતા રહ્યા, પરંતુ નાડીના ધબકારા બંધ હતા! એમણે આશ્ચર્યથી સ્વામીની સામે જોયું તો સ્વામી મંદ મંદ હસી રહ્યા હતા. એ હાસ્યમાં ગજબનો સંકેત સમાયેલો હતો.

શેઠ વૈદ્યશાસ્ત્રમાં બતાવેલા પ્રસિદ્ધ નાડીસ્થાનો તપાસવા લાગ્યા. કાનના મૂળ, કંઠ વગેરે સ્થળોએ નાડીના ધબકારા તપાસ્યા પરંતુ પૂરાએ શરીરમાં ક્યાંય પણ નાડીનો ધબકાર ન હતો. આખરે હેમરાજ શાહે સ્વામીના હૃદય ઉપર હાથ મૂક્યો. શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે હૃદયના ધબકારા પણ બંધ હતા. જીવન હતું પણ હૃદય બંધ હતું!

સૂતાં સૂતાં સ્વામી શેઠની સામે મુખ મલકાવી બોલ્યા, 'કેમ શેઠ! કસરનું કાંઈ કારણ જાણવામાં આવ્યું?'

હેમરાજ શાહ અવાચક બની અપલક નયને સ્વામીની સામે જોવા લાગ્યા. એ જ સમયે સ્વામીએ અક્ષિવિદ્યાને આધારે પોતાના બંને નેત્રોને ચક્રાકારે ફેરવવાનું શરૂ કર્યું. બંને નેત્રોમાંથી કોઈ અલૌકિક તેજનો પ્રવાહ નીસરવા લાગ્યો. હેમરાજ શાહ આશ્ચર્યના સાગરમાં ગરકાવ થયા. આવી યોગ કળા એમણે ક્યારેય જોઈ નો'તી અને કલ્પી પણ ન હતી. આ અલૌકિક કળાએ હેમરાજ શાહના હૈયાના સર્વ પૂર્વગ્રહોને ગાળી નાખ્યા. યોગકળાનો આવો અલૌકિક પ્રભાવ જોઈને હેમરાજ શાહે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના ચરણ પકડ્યા અને એમના મુખમાંથી પ્રશ્નાર્થક ઉદ્‌ગાર સર્યા, 'સ્વામી! આપ સાક્ષાત્ યોગેશ્વર કૃષ્ણ તો નથી ને? કારણ કે આવી યોગકળા તો યોગેશ્વર કૃષ્ણમાં જ સંભવે!'

ગોપાળાનંદ સ્વામીએ મંદ મંદ હસીને કહ્યું, 'શેઠ! સાચી વાત એ છે કે, અમે કૃષ્ણ નથી પરંતુ અમને પ્રગટ કૃષ્ણ મળ્યા છે. મનની ધારણાઓ મેલીને તમે એમનું શરણું સ્વીકારો અને સાચા અર્થમાં વૈષ્ણવ બનો.'

સ્વામીની કસર ટાળવા આવેલા હેમરાજ શાહની સર્વ કસર સ્વામીએ ટાળી નાંખી. હેમરાજ શાહ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા.

હેમરાજ શાહે સત્સંગ સ્વીકાર્યો એ વાત વાયુવેગે સારાએ પંથકમાં પ્રસરી ગઈ. હેમરાજ શાહના નાતીલાઓને આ વાત ગમી નહીં. નાતના આગેવાનો ભેગા થયા

અને હેમરાજ શાહને સમજાવવા માટે પ્રયાસ કર્યો. આગેવાનોએ હેમરાજ શાહને કહ્યું, 'શેઠ! તમે અમારા આગેવાન છો, તમે આગેવાન થઈને બાપદાદાના વૈષ્ણવ ધર્મનો ત્યાગ કર્યો. નવા પંથની કંઠી પહેરી એ યોગ્ય છે?'

હેમરાજ શાહે ભારે વિવેક સાથે સર્વને સમજાવ્યા કે, 'હું વૈષ્ણવ મટ્યો નથી. મને પ્રગટ વિષ્ણુ મળ્યા છે અને સાચો વૈષ્ણવ થયો છું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોના જીવન ધર્મગુરુઓને છાજે એવી સાધુતાથી ભરેલા છે. સદાચાર પાળે છે; દારૂ, માંસ, ચોરી અને જારકર્મ જેવા ફેલ છોડાવી લોકોને સદાચારને પંથે દોરે છે. સદાચાર ધર્મનો પાયો છે. અમને એમની ધર્મે સહિત ભક્તિ કરવાની રીત ગમી છે. ભક્તિ અદ્ભુત છે, પણ એને જો ધર્મની વાડ્ય ન હોય તો એમાં ભ્રષ્ટાચાર વધે છે.

આગેવાનોએ કહ્યું, 'શેઠ! તમને ધર્મ બદલવાનું પાપ નહીં લાગે?'

હેમરાજ શાહે કહ્યું, 'શ્રેષ્ઠીઓ! જ્યારે મહાપ્રભુજીના પુત્ર વિઠ્ઠલનાથજીએ સત્સંગ કરાવી લોકોને ધર્મની સાચી સમજ આપી વૈષ્ણવ બનાવ્યા ત્યારે તે લોકોનો બાપદાદાનો કોઈને કોઈ ધર્મ તો હશે ને? એમણે વૈષ્ણવ ધર્મ સ્વીકારી ધર્મપરિવર્તન કર્યું. તો શું એમને પાપ લાગ્યું હશે?'

હેમરાજ શાહના તર્ક સામે નાતના આગેવાનો નિરુત્તર રહ્યા.

હેમરાજ શાહે કહ્યું, 'શ્રેષ્ઠીઓ! મારા મનમાં પણ તમારા કરતા સ્વામિનારાયણ પ્રત્યે ભારોભાર પૂર્વગ્રહો હતા, પરંતુ જ્યારે હું એમના સંતોની નજીક થયો, એમની જ્ઞાનવાર્તા સાંભળી, એમનો પ્રભાવ અને પવિત્રતા નજરોનજર નિહાળ્યા ત્યારે મારા પૂર્વગ્રહો શમી ગયા. એમને વિશે સાંભળ્યું હતું કંઈક અને નીકળ્યું કંઈક. ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એવો જાત અનુભવ થયા પછી જ મેં એમની કંઠી સ્વીકારી છે.'

હેમરાજ શાહનો પ્રભાવ જબરો હતો, એટલે એમની આગળ નાત્યનું કંઈ ચાલ્યું નહીં. હકીકતમાં આ નાત્ય પણ કોઈના હાથનું રમકડું હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગનો થઈ રહેલો અભૂતપૂર્વ વિકાસ કેટલાંકની આંખમાં કણાની માફક ખૂંચતો હતો. એ લોકોને પોતાની ઈજારાશાહી તૂટી રહી હોય એવું લાગતું હતું એટલે એમના અંતરમાં ઈર્ષ્યાની આગ સળગી રહી હતી. તેઓ પડદા પાછળ રહી નાત્યને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ હેમરાજ શાહના પ્રભાવ સામે કોઈથી કાંઈ થઈ શક્યું નહીં.

નાત્યનો ઉપદ્રવ

સમય જતાં હેમરાજ શાહ અક્ષરવાસી થયા. હવે નાતીલાઓને આ પરિવારને પરેશાન કરવાનો લાગ મળ્યો.

એક બાજુ હેમરાજ શાહના કારજનો પ્રસંગ હતો. લોકરિવાજ પ્રમાણે નાત્ય જમાડવાની હતી. નાત્યને નોતરાં અપાઈ ચૂક્યાં હતાં. મોટું ઘર હોવાથી મોટો વરો હતો. મોટા પ્રમાણમાં ઘી, ખાંડ, લોટ વગેરે સીધાં-સામગ્રી એકત્ર કરવામાં આવ્યાં હતાં. કેટલાક પકવાનો તો તૈયાર પણ થઈ ચૂક્યાં હતાં. બીજી બાજુ બરાબર કારજના આગલા દિવસે નાત્યના આગેવાનોએ વનાશા અને પૂજાશા વગેરે પરિવારજનોનું નાક દબાવ્યું, 'તમે સ્વામિનારાયણની કંઠી તોડી નાખો તો જ નાત્ય જમવા આવશે, નહીંતર નહીં આવે.'

વનાશાએ કહ્યું, 'નાત્ય અમારા માટે મા-બાપ સમાન છે, પરંતુ નાત્યના સંબંધ કરતા પણ પરમાત્માનો સંબંધ મોટો છે. અમે સમજીને સત્સંગ સ્વીકાર્યો છે. અમારા માટે સત્સંગ શિર સાટે છે. માટે કંઠી તોડવાની વાત નહીં બને.'

હેમરાજ શાહના પરિવારજનોની અડગતાને શિથિલ કરવા આગેવાનોએ સમજાવટ આદરી. 'જુઓ! તમારા બાપ સાથે અમારો જૂનો નાતો છે એટલે તમને સમજાવવા આવ્યા છીએ. અમે તમને એક વચલો રસ્તો બતાવીએ. નાતીલા જમવા બેસે એટલા સમય પૂરતી તમારે કંઠી કાઢી નાખવી. અમે બધાને સમજાવી દેશું કે, હવે એમણે સત્સંગ છોડી દીધો છે. નાતીલા જમી લે પછી તમારે જેમ કરવું હોય તેમ કરજો.'

વનાશા અને પૂંજાશાએ કહ્યું, 'સત્સંગ સ્વીકારીને અમે કોઈ પાપ કર્યું નથી. આવું કૂડ-કપટ અમને ન પોસાય. પૃથ્વી રસાતળમાં જાય તો પણ અમે લીધેલી ટેક છોડવાના નથી.' હેમરાજ શાહના પુત્રોની વાત સાંભળી આગેવાનો અકળાઈ ઊઠ્યાં અને બોલ્યા, 'અમારી વાત નહીં માનો તો તમને નાત્ય બા'રા કરવામાં આવશે; કોઈ નાતીલા જમશે નહીં; રાંધેલાં પકવાન રજળશે; ડોસાનું કારજ બગડશે; નાત્ય તમારી સાથેના સઘળા વ્યવહારો બંધ કરશે; દીકરા-દીકરીઓ પરણ્યાં વગરનાં રહેશે.'

વનાશા વગરે ભાઈઓએ પણ નિર્ભયપણે નાતના આગેવાનોને કહ્યું, 'નાત્ય બા'ર રેવાનો અમને ડર નથી. જે નાત્યમાં ધર્મની સાચી સમજણ ન હોય, ચીલાચાલુ ધર્મ પળાતો હોય અને ધર્મના નામે ઈર્ષ્યા ભરી હોય એવી નાત્યમાં રહીએ તોય શું? અને ન રહીએ તોય શું? અમારા દીકરા-દીકરીઓ કુંવારાં રહેશે તો સાંખ્યયોગ પાળીને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરશે અને આત્માનું કલ્યાણ કરશે, પરંતુ દંડની બીકે અમે સત્સંગ નહીં છોડીએ.' નાતીલાઓ રોષે ભરાયા અને હેમરાજ શાહના પરિવારને નાત બહાર મૂકવામાં આવ્યો.

ધંધુકાના વાણિયાઓની નાત્ય આટલેથી અટકી નહીં. એમણે બ્રાહ્મણોની નાત્યના આગેવાનોને બોલાવ્યા અને દબાણ કર્યું કે, 'તમે પણ સત્સંગી બ્રાહ્મણોને નાત્ય બહાર કરો. હેમરાજ શાહના ક્રિયા-કર્મ કરાવવાં કે એમની પાછળ ચોર્યાસીમાં જમવા જાય એમને પણ નાત્ય બા'ર મૂકો.'

બ્રાહ્મણોને આ વાત રુચિ નહીં. વલ્લભ શંકર બ્રાહ્મણ બોલ્યા, 'ધર્મના ક્ષેત્રમાં આવો જોર-જુલમ ન હોય. આનાથી તો ઘરે ઘરે અને પરિવારે પરિવારે ઝઘડા થશે. આવો જોર-જુલમ તો મુસલમાનો કરે!

જોર જુલમથી ધર્મ છોડાવી, મહાપાપી તે મ્લેચ્છ કહાવે;
એવું અલ્લાઉદ્દીન આચરતો, જોર જુલમે મુસલમાન કરતો.
નહીં જ્ઞાન તણો ઉપદેશ, નહીં પ્રશ્ન કે ઉત્તર લેશ;
મરો કે થાઓ મુસલમાન, એટલું જ આપતો જ્ઞાન.
સારા આચાર્ય ઉપદેશ દેતા, સમજાવી સ્વધર્મમાં લેતા;
જોર જુલમથી ધર્મ ચલાવ્યો, સુણવામાં એવો નથી આવ્યો.
ધર્મ તો મન માંહિ રહે છે, નહીં ઉપરનો ડોળ એ છે;
મનમાં નહીં જો સમજાય, તેની કંઠી તોડાવે શું થાય.

(હરિલીલામૃત ક. ૭. વિ. ૭૭)

બ્રાહ્મણો બોલ્યા, 'ધર્મ તો સમજીને પાળવાનો હોય. ધર્મમાં લોભ, લાલચ કે ધાક-ધમકી ના હોય.'

વાણિયાની નાત્યના આગેવાનોએ બ્રાહ્મણોને બહુ સમજાવ્યા પણ બ્રાહ્મણોએ વાણિયાઓની વાત માની નહીં. એટલે ધંધુકાના ધૂંધવાયેલા વાણિયાઓએ બ્રાહ્મણોની ચોર્યાસી બંધ કરવાનો નિર્ણય કર્યો. એ જમાનામાં બ્રાહ્મણ પરિવારો માટે આ નિર્ણય આકરા દંડ સમાન ગણાય. આમ ને આમ થોડા દિવસ ચાલ્યું, પરંતુ સમય જતા પરિસ્થિતિ એવી સર્જાણી કે વાણિયાઓને થૂંકેલું પાછું ગળવું પડ્યું અને ચોર્યાસી ફરીથી ચાલુ કરવાનો નિર્ણય લેવો પડ્યો.

આ બાજુ વનાશા વગેરે ભાઈઓએ વિચાર કર્યો, આપણાં સાચાં સગાં તો આપણાં ભગવાન શ્રીહરિ, સંતો અને સત્સંગીઓ છે. આપણે મહારાજને સુંદરિયાણા તેડાવીએ અને વસંતપંચમીનો સમૈયો કરાવીએ. સમૈયામાં સેંકડો સંતો અને સત્સંગીઓ ભેગા થાય, આનંદ-ઉત્સવ કરે અને જમે, એટલે આપણા પિતાશ્રીનું સાચું તર્પણ થયું ગણાય! વનાશાએ પોતાના પુત્ર હીરાશા તથા કાકાઈ ભાઈ ભગાશાને કહ્યું, 'તમે ગઢપુર જાઓ અને મહારાજને સુંદરિયાણા તેડી આવો.'

હેમરાજ શાહના પરિવારની વિનંતી સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણ સુંદરિયાણા પધાર્યા. સંતો અને ભક્તોનો વિશાળ સમુદાય ભેગો થયો. સુંદરિયાણામાં ધામધૂમથી વસંતપંચમીનો ઉત્સવ ઉજવાયો અને સાચા અર્થમાં હેમરાજ શાહનું કારજ થયું.

સો વર્ષે સમાધાન

હેમરાજ શાહનો પરિવાર વર્ષો સુધી નાત્ય બહાર રહ્યો. અનેક કષ્ટો વેઠ્યાં, પરંતુ એમની નિષ્ઠાને સહેજપણ ઘસરકો ન લાગ્યો.

સમય જતા વિ. સં. ૧૯૩૪ના અષાઢ વદી દશમે હેમરાજ શાહના પરિવારમાં મહામુક્તરાજ બાપાલાલભાઈ થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને અનેક વાર પોતાના દિવ્યદર્શન આપ્યાં હતાં. તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા હતા. તેમને સાધુ થવાનો સંકલ્પ હતો પરંતુ એ સમયના સંપ્રદાયના મહાન આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે એમને સાધુ થવાને બદલે વડતાલ મંદિરનો કારભાર સંભાળવાની સેવા સોંપી હતી. જે એમણે ભારે કુશળતાપૂર્વક બજાવી હતી.

ભક્તરાજ બાપાલાલભાઈ ઉપર મહાસમર્થ સંત સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો અઢળક રાજીપો હતો. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી આ પરિવારની પીડા જાણતા હતા. એમણે બાપાલાલભાઈને કહ્યું, ‘હવે તમે તમારા પરિવારને કહો કે સુંદરિયાણા છોડી અમદાવાદમાં વસે. અમદાવાદમાં શેઠ બેચર મણકીના વારસદારો વસે છે. એ પરિવાર તમારી વર્ષો જૂની મુશ્કેલી દૂર કરશે.’

શેઠ બેચર મણકી ભારે શ્રીમંત હતા. એમની ઉદારતા આખાએ પંથકમાં વખાણાતી. ગાયકવાડ સરકાર અને મોટા મોટા અંગ્રેજ અમલદારો એમને આદર આપતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો એમના ઉપર અપાર રાજીપો હતો. એમનાં વંશજો પણ સત્સંગ પ્રત્યે શ્રદ્ધા અને આદર ધરાવતાં હતાં.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞાથી હેમરાજ શાહનો પરિવાર અમદાવાદમાં વસ્યો. શેઠ બેચર મણકીના વંશજ શેઠ શ્રી હીરાલાલભાઈ, શેઠ શ્રી રણછોડભાઈ તથા એમના વેવાઈ શેઠ શ્રી મોતીલાલભાઈ વગેરે મહાજનોએ ભેગા મળીને મધ્યસ્થી કરી; નાત્યના પ્રતિબંધો દૂર કરાવ્યા. પરિવારને પાછો નાત્યમાં લેવામાં આવ્યો. એટલું જ નહીં, શેઠ શ્રી હીરાલાલભાઈએ પોતાના કુળની કન્યા હેમરાજ શાહના કુળના કાંતિભાઈ શાહ જોડે પરણાવી હેમકુળને ઉત્તમ માનપાનનો દરજ્જો આપ્યો. આમ આખરે એક સૈકા બાદ એક મહાન સંતના આશીર્વાદથી નાત્યનો ત્રાસ દૂર થયો.

આ પરિવારે કાંકરિયા સરોવરને કિનારે ‘બાલમુકુંદ ભુવન’ બંધાવ્યું અને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી સાથે બાપાલાલભાઈને અસાધારણ હેત હતું. આ લેખકને યુવાન ઉંમરે એ મુક્તરાજની સેવા અને સમાગમનો દુર્લભ લાભ પ્રાપ્ત થયો છે.

પાર્ષદ મિયાંજી

રતનજી, મિયાંજી અને મૂળજી બ્રહ્મચારી આ ત્રણેય ભગવાન શ્રી સ્વામિનારાયણના અંગત હજૂરી સેવકો હતા. રતનજી બાપુ શૂરવીર ક્ષત્રિય હતા, મિયાંજી મુસલમાન હતા અને મૂળજી બ્રહ્મચારી બ્રાહ્મણ હતા.

જાતિની દૃષ્ટિએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું અંગત પાર્ષદ-મંડળ અદ્‌ભુત હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણની વૈચારિક ઉદારતા એમના અંગત સેવકમંડળમાં વ્યક્ત થતી હતી.

મિયાંજી કુંડલાના વતની હતા. એમની માનું એકનું એક સંતાન હતા. તેઓ અશ્વ પારખવામાં અને કેળવવામાં ભારે કુશળ હતા. નોકરી શોધતાં શોધતાં તેઓ દાદા ખાચરને ત્યાં આવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે દૂરથી એમને જોયા અને સેવકને કહ્યું, "પેલા યુવાનને પાસે બોલાવો." માણસપારખુ મહારાજે દૂરથી જ મિયાંજીની પ્રતિભાને પારખી લીધી હતી.

મિયાંજી મહારાજ પાસે આવી હાથ જોડી ઊભા રહ્યા. એણે ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે ઘણું ઘણું સાંભળ્યું હતું, પણ દર્શન આજ થયાં હતાં. મહારાજની કામણગારી મૂર્તિ એના મનને હઠાત્ ખેંચી રહી હતી. એના મનમાં જાણે મહારાજ સાથે જુગ જૂની ઓળખાણ હોય, એવો આભાસ થઈ રહ્યો હતો.

મહારાજનો ઘંટડી જેવો સ્વર મિયાંજી ઉપર કામણ કરી ગયો. મહારાજે પૂછ્યું, "યુવાન! તમારું નામ શું?"

યુવાને જવાબ દીધો, "મિયાંજી."

મહારાજે પૂછ્યું, "ક્યાંથી આવો છો?"

યુવાને કહ્યું, "કુંડલાથી."

મહારાજે પૂછ્યું, "કેમ આવવાનું થયું?"

યુવાને કહ્યું, "મહારાજ! નોકરી ખોળવા નીકળ્યો છું. ગઢપુરના દાદા ખાચરને માણસની જરૂર છે, એવું સાભળીને અહીં આવ્યો છું."

મહારાજે કહ્યું, "શું કામ જાણો છો?"

મિયાંજીએ કહ્યું, "મહારાજ! ખુદાતાલાની કૃપાથી ઘોડા પારખી જાણું છું અને ઘોડા ખેલવી પણ જાણું છું. ઉપરાંત આપ જે કહો તે નીચામાં નીચી ટેલચાકરી કરવા પણ તૈયાર છું."

મહારાજે પૂછ્યું, "પગાર શું લેશો?"

મિયાંજીએ કહ્યું, "આપ જે આપશો તે."

મિયાંજીનો જવાબ સાંભળી મહારાજ રાજી થયા. એના વિનય, વિવેક, શાલિનતા અને સૌમ્યતા મહારાજનાં દિલમાં વસી ગયાં.

મહારાજે દાદા ખાચરને કહ્યું, “દાદા! આ મિયાંજીને નોકરીએ રાખી લો અને જે માગે તે પગાર આપજો.”

વચનમૂર્તિ દાદા ખાચરે હાથ જોડીને કહ્યું, “ભલે, મહારાજ!”

મહારાજે કહ્યું, “મિયાંજી! માત્ર નોકરી કરવાની નથી. આ અમારા મુક્તાનંદસ્વામી જેવા સંતનો સમાગમ કરજો. કાયાના કલ્યાણની સાથોસાથ આત્માનું કલ્યાણ પણ કરી લેજો.”

મિયાંજીએ હાથ જોડીને કહ્યું, “ભલે, મહારાજ!”

મિયાંજી દાદાની નોકરીમાં જોડાયા. ધીરે ધીરે સત્સંગના રંગથી એનું હૃદય રંગાવા લાગ્યું. નિર્માની સ્વભાવ અને સેવા કરવાની ધગશથી એણે સર્વનાં દિલ જીતી લીધાં.

મુક્તાનંદસ્વામી જેવા સંતોનો સમાગમ કરતાં કરતાં મિયાંજીને સંસારમાંથી વૈરાગ્ય થયો અને મહારાજની મૂર્તિમાં અસાધારણ પ્રીતિ થઈ.

એક દિવસ આ પાક દિલના મુસલમાને મહારાજને હાથ જોડીને કહ્યું, “હવે મારે સંસારમાં રહેવું નથી, મને કાયમ તમારી સેવામાં રાખો.”

મહારાજે મિયાંજીને પોતાના હજૂરી પાર્ષદોમાં સ્થાન દીધું. મહારાજ જ્યાં જ્યાં વિચરણ કરતા, ત્યાં ત્યાં મિયાંજીને સાથે ને સાથે રાખતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં મિયાંજીની સેવાને બિરદાવતા કહ્યું છે કે ‘માન રહિત ભક્તિ તો આ મિયાંજી અને રતનજી જેવા કોઈક જ કરતા હશે.’

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ કુંડલા પધાર્યા હતા, નાવલી નદીના પટમાં સભા ભરી હતી.

મિયાંજીના મા કુંડલામાં રહેતા હતા. તેઓ વૃદ્ધ થયા હતા. તેમને જ્યારથી ખબર પડી હતી કે, મારો દીકરો ફકીર થઈ ગયો છે, ત્યારથી એ ડોશી દુઃખી દુઃખી હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ આ ડોશીના દુઃખને દૂર કરવા માટે જ જાણે કુંડલા પધાર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને આવેલા સાંભળી ડોશીમા પોતાના દીકરાને પાછો માગવા મહારાજ પાસે આવ્યા અને સભાને છેવાડે ઊભા રહ્યા. મહારાજે હાથનો સંકેત કરી સભાજનોને કહ્યું, “મારગ કરો, મિયાંજીના મા આવ્યાં છે.”

આટલું કહી મહારાજે મીઠા સ્વરે મિયાંજીના માને કહ્યું, “મા! ઓરા આવો.”

ડોશીમા નજીક આવ્યા. મહારાજને હાથ જોડ્યા અને કહ્યું, “સ્વામિનારાયણ! તમે મારા છોકરાને ફકીર બનાવી દીધો છે, એવું સાંભળ્યું છે. એ મારો એકનો એક દીકરો છે, મારી વૃદ્ધાવસ્થાની લાકડી છે, મારી આંખનું રતન છે; મારું રતન મને પાછું આપો.”

ડોશીમાની વાત સાંભળી મહારાજ મરક મરક મલકી રહ્યા હતા. મહારાજની પાછળ હજૂરી પાર્ષદો ઊભા હતા. એમાં મિયાંજી પણ હતા.

મહારાજે હસીને કહ્યું, "મા! તમારા દીકરાને તમે ઓળખી શકો?"

ડોશીમાએ કહ્યું, "સ્વામિનારાયણ! જનેતા એના દીકરાને ન ઓળખે એવું ન બને!"

મહારાજ કહે, "મા! તમે ચારે તરફ નજર કરો અને તમારા દીકરાને ઓળખી જાવ."

ડોશીમાએ ચારે તરફ નજર કરી. એક તો વૃદ્ધ અવસ્થા હતી, આંખે ઝાંખપ આવી હતી અને મિયાંજી પાર્ષદના વેશમાં હતા, એટલે ઓળખી શક્યા નહિ.

ડોશીમા બોલ્યા, "મહારાજ! આમાં મારો મિયાંજી ક્યાંય દેખાતો નથી."

મહારાજે મિયાંજીને સંકેત કર્યો અને કહ્યું, "મિયાંજી! આગળ આવો અને માને પગે લાગો."

મહારાજના આદેશને મસ્તક પર ચડાવી મિયાંજી આગળ આવ્યા અને માનાં ચરણમાં માથું નમાવ્યું. વર્ષો પછી દીકરાને જોયો અને એ પણ આવા વેશમાં, એટલે ડોશીમા ભારે દિલગીર થયાં, રડવા માંડ્યાં.

મિયાંજીનાં મનમાંથી મોહ-મમતાનું મૂળ ઊખડી ચૂક્યું હતું. મહારાજની આજ્ઞાનું પાલન કરવા ખાતર તેઓ માની સામે હાથ જોડી ઊભા હતા. મિયાંજીના મુખ ઉપર વૈરાગી જેવો નિર્લેપ ભાવ હતો.

ડોશીમાએ આંસુ લૂંછતાં લૂંછતાં મહારાજને કહ્યું, "સ્વામિનારાયણ! તમે મારા દીકરાને ફકીર બનાવી દીધો, હવે મારી સેવા કોણ કરશે? વૃદ્ધાવસ્થામાં મારું પાલન-પોષણ કોણ કરશે?"

મહારાજે ડોશીમાને થોડી સાંત્વના આપી અને કહ્યું, "મા! તમારા પાલન-પોષણની વ્યવસ્થા થઈ જાય, તો મિયાંજીને અમારી સેવામાં રહેવા દેશો?"

ભગવાન શ્રી સ્વામિનારાયણના શબ્દો ડોશીમાના દિલમાં જાદુઈ અસર કરી રહ્યા હતા, પણ એ જનેતા હતા. જનેતાના દિલમાંથી દીકરાનો મોહ જલદી કેમ ઊતરે?

મહારાજે થોડી જ્ઞાનવાર્તા કરી ડોશીમાના દિલને તૈયાર કર્યું. ભલાભોળા ડોશીમા હાથ જોડીને બોલ્યા, "મહારાજ! આપ કૃપા કરી મારા નિર્વાહની વ્યવસ્થા કરતા હો, તો મારો મિયાંજી ભલે તમારી સેવામાં રહે અને તમારી બંદગી કરે."

મહારાજે કુંડલાના આગેવાન સત્સંગીને કહ્યું, "તમે હમણાંને હમણાં ખાંડણિયો, દસ્તો અને ગાંધીની હાટમાંથી હરડાં, બહેડાં અને આમળાં લઈ આવો."

'ભગવાન શ્રી સ્વામિનારાયણ શું કરવા માગે છે?' તે કોઈને સમજાતું નહોતું.

મહારાજે મંગાવેલી વસ્તુઓ હાજર થાય, ત્યાં સુધી મહારાજ જ્ઞાનવાર્તા કરતા રહ્યા. મહારાજની વાતો સાંભળીને ડોશીના દિલને શાતા વળી રહી હતી. એણે દીધેલું દીકરાનું દાન સર્વના હૈયાને હલાવી ગયું હતું.

થોડી વારમાં બધી વસ્તુઓ હાજર થઈ. મહારાજે એ બધી વસ્તુઓ ડોશીમાને આપીને કહ્યું, "મા! આ હરડાં, બહેડાં અને આમળાંને સરખે ભાગે ખાંડજો, ત્રિફળા ચૂર્ણ બનાવજો અને કોઈ પણ દર્દી તમારી પાસે આવે એને એક પૈસે એક પડીકી આપજો. હજાર રોગની આ એક રામબાણ દવા છે."

"આ પડીકી કોઈ પણ રોગમાં કામ કરશે. બંધકોશ હશે તો દૂર થશે, પેટબેસણું હશે તો મટી જશે, તાવ-તરિયો હશે તો ભાગી જશે! પણ જોજ્યો પડીકીએ એક પૈસાથી વધારે લેવાની લાલચ નહિ રાખતા."

"આ પડીકી તમારા નિર્વાહનું સાધન બનશે. એક બાઈ માણસને તમારી સેવામાં રાખી લેજ્યો, એનું મહેનતાણું પણ આમાંથી નીકળી જશે."

સભાજનો આ અજાયબ ઔષધની વાત સાંભળી આશ્ચર્યથી દંગ રહી ગયા! ડોશીમાએ મલકાતે મુખે ખાંડણિયો, દસ્તો અને ઔષધિઓ સ્વીકારી લીધા.

કુંડલામાં ડોશીમાનું વૈદું ચાલ્યું! પૈસે પડીકી પ્રસિદ્ધ થઈ ગઈ! દરેક રોગ માટે દવા અકસીર નીવડી! ડોશીમાને ઘરે સાજા-માંદાની લાઈનો લાગવા માંડી!

મહારાજની આજ્ઞા પ્રમાણે ડોશીમાએ એક ગુણિયલ બાઈને મહેનતાણું આપી મદદ માટે રાખી લીધી. ડોશીમાને ન નિર્વાહનો પ્રશ્ન રહ્યો, ન સેવા-ચાકરી કરનારનો.

આ વાતને કેટલોક સમય વીત્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ પાછા કુંડલા પધાર્યા હતા અને એ જ નાવલી નદીને કિનારે ઉતારા કર્યાં હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યાની વાત સાંભળીને ડોશીમા દોડતા આવ્યા, મહારાજને પગે લાગ્યા.

મહારાજે પૂછ્યું, "માજી! કેમ છે?"

ડોશીમા બોલ્યા, "મહારાજ! આપના પ્રતાપે લીલાલે'ર છે."

મહારાજે પૂછ્યું, "મા! નિર્વાહ તો બરાબર ચાલે છે ને?"

ડોશીમાએ કહ્યું, "મહારાજ! વાત જવા દ્યો, મારે તો મજા થઈ ગઈ છે. ઘરે રોજ માંદા માનવીઓનો મેળો ભરાય છે. હું પણ તમને સંભારીને 'સ્વામિનારાયણ! સ્વામિનારાયણ!' બોલતાં પૈસે પડીકી દીધે રાખું છું! કોણ જાણે કેમ, બધાને સારું થઈ જાય છે!"

મહારાજે હસીને પૂછ્યું, "પણ, તમારી સેવા-ચાકરી કોણ કરે છે?"

ડોશીમાએ કહ્યું, "મહારાજ! એક બાઈ રાખી છે, એ મારી સેવા કરે છે અને ઔષધ પણ ખાંડી આપે છે."

મહારાજે પાછુ પૂછ્યું, "તમારે શરીરે કેમ રહે છે?"

ડોશીમાએ કહ્યું, "મહારાજ! ક્યારેય આંખ-માથું દુઃખતાં નથી. આંખનાં તેજ પાછાં આવ્યાં છે, લાકડીના ટેકાની જરૂર રહી નથી, ઘોડા જેવી થઈને હડિયું કાઢું છું."

ભલાભોળા ડોશીમાની વાત સાંભળીને બધા હસવા માંડ્યા. મહારાજે કહ્યું, "ડોશીમા! તમારા મિયાંજી અમારી સેવા કરે છે, એનું ફળ તમને મળ્યું. જાઓ, તમે જીવશો ત્યાં સુધી નખમાંય રોગ નહિ થાય અને મરશો ત્યાં સુધી મોતી પરોવશો, આંખે ઝાંખ્યપ નહિ આવે."

કરુણાસિંધુ મહારાજ આજે અઢળક ઢળ્યા હતા. મિયાંજીની મા પણ 'યા પરવરદિગાર, યે રહેમાને રહીમ, યે મેરે ખુદાતાલા, તમે તો આ ડોશીને ન્યાલ કરી દીધી! મારા મિયાંજીના જીવનું કલ્યાણ કરી દીધું અને મારો જન્મારો સુધારી દીધો.'

મહારાજે અત્યંત રાજી થઈને કહ્યું, "મા! તમે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન ચાલુ રાખજો, અમે તમને એક બીજું વરદાન આપીએ છીએ. તમારો અંત સમો આવશે ત્યારે અમે તમને અમારા ધામમાં તેડી જઈશું." મહારાજની વાત સાંભળી ડોશીમા રાજી રાજી થઈ ગયા અને બોલ્યા, "મહારાજ! મિયાંજીને લીધે મારો પણ બેડો પાર થઈ ગયો." સત્યપ્રતિજ્ઞ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનું વચન પૂર્ણ કર્યું હતું અને ડોશીમાને અંત સમયે જગજાહેર રીતે ધામમાં તેડી ગયા હતા.

વડોદરાના મીરસાહેબ

એક સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં બિરાજમાન હતા, ત્યારે એક અદ્‌ભુત પ્રસંગ બન્યો.

વડોદરાના એક મોભાદાર મુસ્લિમ હતા, નામ મીર સફરઅલી ખાન હતું. સ્વભાવે શૂરવીર હતા, ખુદાના પાક બંદા હતા, ગાયકવાડના માનીતા હતા. વડોદરા ગાયકવાડ સરકારે તેમને સૈન્યના ઉચ્ચ હોદ્દા ઉપર નીમ્યા હતા.

દૈવવશાત્ મીરસાહેબને અકળ રોગ લાગુ પડ્યો. આ રોગને લીધે એમને માથામાં સખત દુઃખાવો રહેતો. એમને છ છ મહિનાથી ઊંઘ આવતી ન હતી.

મીરસાહેબની બેચેનીનો પાર ન હતો; અનેક ઔષધ-ઉપચારો કર્યાં; અનેક પીર-ફકીરોની માનતા માની, પરંતુ એમનો વ્યાધિ દૂર ન થયો.

કોઈના કહેવાથી મીરસાહેબે જૂનાગઢના સુપ્રસિદ્ધ દાતાર પીરની માનતા માની; પોતાના રસાલા સાથે દાતારના દર્શને ગયા, ફકીરોની દુવા લીધી, પરંતુ રોગ ન મટ્યો.

મીરસાહેબ જૂનાગઢથી વડોદરા જવા પાછા વળ્યા. રસ્તામાં ગઢપુર આવ્યું. ગઢપુરથી થોડે દૂર ઉત્તર બાજુ રાધાવાવ નામનાં સ્થળે મીરસાહેબે મુકામ કર્યો.

આજે એમના ભાગ્ય ઊઘડવાનો અવસર પાકી ચૂક્યો હતો. ન માત્ર શરીરના, પરંતુ એમના ભવોભવના રોગ આજે નાશ પામી જવાના હતા.

રાધાવાવની ભૂમિ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની રમણભૂમિ. આ ઐતિહાસિક રાધાવાવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંતો-હરિભક્તોએ જાતે ગાળેલી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પદરજથી પાવન થયેલી આ ભૂમિ ઉત્તમ તીર્થ છે.

બપોરનો સમય થવા આવ્યો હતો. રાધાવાવે ઊતરેલા મીરસાહેબ નમાજ પઢી રહ્યા હતા. નમાજ પઢતાં પઢતાં મીરસાહેબનું મસ્તક જેવું ધરતીને સ્પર્શ્યું એવી જ અદ્ભુત બીના બની. મીરસાહેબના માથામાં ગજબની શાંતિ વ્યાપી, માથાનો દુઃખાવો અદૃશ્ય થયો. મીરસાહેબ ધરતી ઉપર જમણી બાજુ ઢળી પડ્યા અને એ સાથે જ એમને ગાઢી ઊંઘ આવી ગઈ!

મીરસાહેબ ઘણા સમય સુધી મીઠી ઊંઘ માણતા રહ્યા. જ્યારે તેઓ જાગ્યા ત્યારે એમના આશ્ચર્યનો પાર ન હતો. છ-છ મહિનાથી શાંત નહિ થતો માથાનો દુઃખાવો ગાયબ થઈ ચૂક્યો હતો. મીરસાહેબના તન-મનમાં ગજબની સ્ફૂર્તિ અને આનંદ અનુભવાઈ રહ્યાં હતાં.

મીરસાહેબને થયું કે, 'કુરાનમાં લખ્યું છે તેમ આ ધરતી ઉપર અવશ્ય ખુદાના ઓલિયા વિચરતા હોવા જોઈએ, નહિતર આમ ન બને!' આમ વિચારતાં વિચારતાં મીરસાહેબ ચારે તરફ જોવા લાગ્યા. યોગાનુયોગ એ જ સમયે રાધાવાવ પાસેના બગીચામાં સમાધિનિષ્ઠ સંત સચ્ચિદાનંદસ્વામી કામકાજ કરી રહ્યા હતા.

મીરસાહેબે એમને પૂછ્યું, "સાંઈ! આટલામાં કોઈ ખુદાના ઓલિયા રહે છે?"

સચ્ચિદાનંદસ્વામી હસીને કહે, "સાહેબ! ખુદાના ઓલિયા નહીં, આ નજીકના ગામમાં સ્વયં ખુદા વિરાજમાન છે. એમનું નામ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે."

મીરસાહેબે ભગવાન શ્રી સ્વામિનારાયણની કીર્તિ તો સાંભળી હતી, પરંતુ ક્યારેય દર્શન કર્યાં ન હતા. મીરસાહેબના મનમાં થયું, 'જેના વિચરણથી ધરતી આટલી પવિત્ર બની છે, એ ઓલિયાના મારે દર્શન કરવા.' એમણે સચ્ચિદાનંદસ્વામીને કહ્યું, "મને એમનાં દર્શન કરાવો."

સચ્ચિદાનંદસ્વામી મીરસાહેબને લઈને મહારાજ પાસે આવ્યા. રસ્તામાં મીરસાહેબના મનમાં વિચારોની ઘટમાળ ચાલુ હતી. મીરસાહેબ મુસલમાન હતા એટલે ઓલિયાને તો માને, પરંતુ સ્વયં ખુદા ધરતી ઉપર હોય એ વાત એમના રૂઢિગ્રસ્ત મગજમાં ઊતરવી મુશ્કેલ હતી.

મીરસાહેબને થયું, 'મુસલમાનો માને છે કે ખુદા ધરતી ઉપર અવતરતા નથી; જ્યારે હિંદુઓ માને છે કે ખુદા સ્વયં ધરતી ઉપર અવતરે છે.'

'ખરેખર જો સ્વામિનારાયણ ખુદા હોય, તો મારે એની પરીક્ષા કરવી.' આમ વિચારીને મીરસાહેબે મહારાજની પરીક્ષા કરવા કેટલાક સંકલ્પ કર્યાં.

દાદાના દરબારમાં મહારાજના દર્શન કરતાં જ મીરસાહેબનું અંતર અપાર શાંતિ અનુભવી રહ્યું હતું.

મહારાજે મધુર સ્વરે મીરસાહેબનું સ્વાગત કર્યું. લોહચુંબકમાં લોખંડ ખેંચાય એમ

મીરસાહેબ મહારાજ તરફ ખેંચાયા. સમીપ આવી કુર્નિશ બજાવી મહારાજના ચરણ પાસે બેસી ગયા. મહારાજે મીરસાહેબે ધારેલા બધા જ સંકલ્પો વગર કહ્યે પૂર્ણ કર્યા. મીરસાહેબનું હૃદય અહોભાવ અનુભવવા લાગ્યું. મહારાજે મીરસાહેબના મસ્તક ઉપર પોતાનો અભયવરપ્રદ હાથ મૂક્યો અને એ હાથના પ્રતાપથી મીરસાહેબના ન માત્ર શરીરના, પરંતુ ભવોભવના રોગ નાબૂદ થઈ ગયા!

શું ખુદા ધરતી પર અવતરે?

મીરસાહેબે વર્ષો પછી આવી શાંતિ અનુભવી હતી. એમણે બે હાથ જોડીને મહારાજને કહ્યું, "મહારાજ! મારા મનમાં કેટલાક સંશયો ઊઠે છે. મારું હૃદય આપને ખુદા તરીકે સ્વીકારે છે, પરંતુ મારી બુદ્ધિ મુસ્લિમ ધર્મની માન્યતાથી જકડાયેલી હોવાથી આપને ખુદા તરીકે સ્વીકારવા તૈયાર નથી. આપ કૃપા કરીને મને કહો, શું ખુદા સ્વયં ધરતી ઉપર અવતરે છે?"

ભગવાન શ્રી સ્વામિનારાયણે હસીને કહ્યું, "મીરસાહેબ! બધી ગ્રંથિઓ દૂર થઈ શકે છે, પરંતુ ધાર્મિક ગ્રંથિઓ દૂર થવી કઠણ હોય છે. ખુદા તો ઠીક, ખુદાના પયગંબર પણ જો પાછા પૃથ્વી ઉપર પધારે, તો કેટલાંક રૂઢિચૂસ્તો એમને સ્વીકારવા તૈયાર ન થાય!"

"તમારા ચિત્તમાં ધાર્મિક ગ્રંથિ ઉપરાંત તમારા પૂર્વજન્મના સંસ્કારનો પાશ પણ ચડેલો છે. લ્યો, અમે તમને તમારા પૂર્વભવનું જ્ઞાન કરાવીએ."

આમ કહીને મહારાજે મીરસાહેબના માથા ઉપર હાથ મૂક્યો, એ સાથે જ મીરસાહેબને સમાધિ થઈ ગઈ. સમાધિમાં મીરસાહેબને સેંકડો વર્ષ પહેલાનું એક દૃશ્ય દેખાયું.

મુલતાનમાં એક બાદશાહ થયો. સમય જતાં જરા અવસ્થાએ બાદશાહને ઘેરી લીધો. એને ત્યાં એકનો એક પુત્ર હતો. દૈવવશાત્ પુત્ર મૃત્યુ પામ્યો. એક તો પોતે વૃદ્ધ અને અધૂરામાં પૂરું રાજ્યનો એકનો એક વારસદાર અચાનક મૃત્યુ પામ્યો એટલે બાદશાહ અત્યંત દુઃખી થઈ ગયો.

બાદશાહ ભાન ભૂલ્યો. એણે રાજ્યના પ્રસિદ્ધ સાંઈ-ફકીરોને એકઠા કર્યાં અને કહ્યું, "કાં મારા પુત્રને જીવતો કરો, કાં જેલ ભેગા થાવ."

બિચારા સાંઈ-ફકીરો બાદશાહના પુત્રને જીવતો કરી ન શક્યા એટલે બાદશાહે એમને જેલમાં પૂર્યા. એ જ વખતે સ્વયં પયગંબર મહંમદસાહેબ આકાશમાંથી દિવ્ય રૂપે ધરતી ઉપર ઊતર્યા.બાદશાહે એને પણ કહ્યું, "તમે મારા પુત્રને જીવતો કરો, નહિતર તમને પણ જેલમાં પૂરીશ."

પયગંબર બોલ્યા, "તારા છોકરાને જીવતો કરું, પણ મારી બે શરત છે."

બાદશાહ બોલ્યો, "બોલો, શી શરત છે?"

પયગંબર સાહેબે કહ્યું, "એક તો આ જેલમાં પૂર્યા છે એ બધા ફકીરોને સંપૂર્ણ સમ્માન સાથે મુક્ત કર અને બીજું મારી સામે હાથ લાંબો કરીને કહે કે, 'આ મારી સામે ઊભા છે તે સ્વયં પયગંબર મહંમદસાહેબ છે."

બાદશાહે પયગંબરના કહેવા પ્રમાણે કર્યું અને જોતજોતામાં બાળક જીવતો થયો.

સમાધિમાં મીરસાહેબ ભૂતકાળના આ પ્રસંગને નજરોનજર નિહાળી રહ્યા હતા.

બાળક જીવતો તો થયો, પરંતુ ધાર્મિક માન્યતાથી અંધ બાદશાહે અણધાર્યો વળાંક લીધો.

પોતાના પુત્રને સજીવન કરનાર ફકીરનો આભાર માનવાને બદલે ધર્માંધ બાદશાહ બોલ્યો, "હે ઢોંગી ફકીર! તેં પયગંબર થવાનો પ્રયાસ કર્યો છે, જો તું પયગંબર છો એ સિદ્ધ નહિ કરે તો હું તારી જીવતે જીવ ચામડી ઉતરાવીશ."

તેજસ્વી ફકીરે ઘઉંનો કાચો લોટ મંગાવ્યો અને સૂર્યની સામે હાથ લાંબો કરીને કહ્યું, "હે સૂરજ! ખુદાના પયગંબરને નામે હું તને આદેશ કરું છું કે તું આ લોટમાંથી રોટી પકાવી દે."

સર્વના દેખતાં આશ્ચર્ય થયું, સૂર્યના તેજોમય કિરણો એકઠાં થઈને કાચા લોટ ઉપર વરસવાં લાગ્યાં, રોટી શેકાઈને તૈયાર થઈ ગઈ!

જીવતો થયેલો બાળક આ બધું જોઈ રહ્યો હતો. એણે કહ્યું, "પિતાજી! ખુદ પયગંબર સાહેબ તમારી સામે ઊભા છે, એમને સ્વીકારી લો." પરંતુ ધર્મજડ બાદશાહ માન્યો નહીં.

એણે ફકીરને કહ્યું, "તું અવનવા ચમત્કારો દેખાડી તારી જાતને પયગંબર સિદ્ધ કરવા માગે છે, માટે હું તારી ચામડી ઉતરાવીશ."

ફકીરના વેશમાં રહેલા મહંમદસાહેબે પ્રભાવશાળી સ્વરે કહ્યું, "મૂઢ બાદશાહ! તું શું મારી ચામડી ઉતરાવીશ. હું જ મારી ચામડી તને આપી દઉં!" આટલું કહી ફકીરના વેશમાં રહેલા પયગંબરે પોતાના શરીર ઉપરથી ચામડી ઉતારી, બાદશાહ તરફ ફેંકી, તેજોમય રૂપ ધારી આકાશમાં અદૃશ્ય થઈ ગયા અને એ જ સમયે મીરસાહેબની સમાધિ પૂરી થઈ.

મીરસાહેબે મહારાજને હાથ જોડ્યા અને કહ્યું, "મહારાજ! આ હું શું જોઈ રહ્યો હતો?"

મહારાજે હસીને કહ્યું, "મીરસાહેબ! આ તમારા પૂર્વજન્મની ઘટના હતી. પયગંબર સાહેબે જે બાળકને જીવતો કર્યો હતો તે જ તમે છો. એ સમયે તમને ખુદાઈ નૂરનાં દર્શન થયાં હતાં, એ પુણ્યને લીધે આજે તમને અમારો યોગ થયો છે."

"બાદશાહે કરેલા અપરાધને લીધે તે પયગંબરસાહેબના કોપનો ભાગીદાર બન્યો

અને તમારા હૃદયમાં સદ્‌ભાવ હતો એટલે તમારાં શુભ પુણ્ય વૃદ્ધિ પામ્યાં. મીરસાહેબ! કોઈ માને કે ન માને, ખુદા કે ખુદાના પયગંબરોને પૃથ્વી ઉપર અવતાર ધારણ કરતા રોકી શકાતા નથી. જ્યારે જ્યારે જરૂર પડે છે, ત્યારે પૃથ્વી ઉપર ખુદા કે ખુદાના ઓલિયા પધારતા જ રહે છે.”

ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રતાપ નજરે નિહાળીને મીરસાહેબ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા. મીરસાહેબને લીધે વડોદરાના અનેક મુસ્લિમો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી વડતાલમાં મંદિર બંધાવી રહ્યા હતા. પેટલાદના કસિયાજી બાપુ ભગવાન શ્રી સ્વામિનારાયણના વિરોધી હતા, એટલે મંદિર નિર્માણમાં કોઈ સહકાર આપતા ન હતા. મીરસાહેબને આ વાતની ખબર પડી, એટલે એમણે કસિયાજી બાપુને આદેશ કરીને તમામ સહાયતા પૂરી પડાવી હતી.

મીરસાહેબ જે મેનામાં બેસીને દાતારની યાત્રાએ નીકળેલા, એ મેનો એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને અર્પણ કર્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે ગવર્નર સર માલ્કમને દર્શન દેવા માટે રાજકોટ પધાર્યા, ત્યારે એ જ મેનામાં બેસીને પધાર્યા હતા. આ મેનો આજે પણ આ પ્રસંગના ઐતિહાસિક દસ્તાવેજ રૂપે ગઢપુર મંદિરમાં જેમનો તેમ સચવાયેલો છે.

મીરસાહેબે એક મકના નામનો નવગજો હાથી આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ભેટ આપ્યો હતો.

ભગવાનનું કારભારું ન આવડ્યું!

ગઢપુરની એક વાત છે. એક ગરીબ કોળી પરિવારના છોકરાએ ઘેલા નદીના કાંઠે ચીભડાંના વેલા વાવ્યા હતા અને પ્રેમથી પાણી સીંચીને ઉછેર્યા હતા.

એક વેલામાં ચીભડું બેઠું, ચીભડું પાક્યું. છોકરાને મનમાં થયું, ‘આ ચીભડું મારે ‘સ્વામિનારાયણ બાપા’ ને આપવું.’

છોકરાએ વેલેથી પાકેલું સુંદર ચીભડું ઉતાર્યું અને મહારાજની પાસે જવા રવાના થયો. મારગમાં નાના બાળકનાં મનમાં વારંવાર ચીભડું ખાવાની લાલચ જાગતી હતી, પરંતુ તે ‘આ ચીભડું મારે મહારાજને જ આપવું છે’ એવા મક્કમ નિર્ધાર સાથે પોતાનાં મનને પાછું વાળી લેતો હતો. છોકરો મહારાજ પાસે આવ્યો, પગે લાગ્યો અને પ્રેમથી ચીભડું મહારાજને ચરણે ધર્યું.

છોકરાનો ભાવ જોઈને મહારાજ અત્યંત રાજી થયા.

પાકેલા ચીભડાંમાંથી સુંદર સુગંધ પ્રગટી રહી હતી. મહારાજે ચીભડું હાથમાં

લીધું, બંને હાથથી ચીભડાંને રમાડતાં રમાડતાં સૂંઘવા લાગ્યા. ચીભડાંમાંથી ગરીબ છોકરાના હૈયાનાં હેતની સુગંધ ઊઠતી હતી.

મહારાજે ચીભડાંના વખાણ કરતાં કરતાં છોકરાંના માથા ઉપર હાથ મૂક્યો. મહારાજનો હાથ માથે પડતા જ છોકરાના હૈયામાં આનંદની લહેરો ઊઠવા માંડી. મહારાજે હૈયાના હેતથી છોકરાને ન્યાલ કરી દીધો. સભામાં બેઠેલા સંતો-પાર્ષદો, હરિભક્તોને થયું કે, 'આજે આ છોકરો ખાટી ગયો.'

મહારાજે દાદા ખાચરના ખજાનચી લાધા ઠક્કર સામે જોઈને કહ્યું, "લાધા ઠક્કર! આપણે આ છોકરાનું ચીભડું મફત ન લેવાય, કંઈક મૂલ આપીને આપણે છોકરાને રાજી કરવો છે."

લાધા ઠક્કરે પૂછ્યું, "મહારાજ! શું આપીશું?"

મહારાજે કહ્યું, "એમ કરો, એક રૂપિયો આપો."

એ જમાનામાં એક રૂપિયો ગાડાના પૈડાં જેવો મોટો ગણાતો એટલે લાધા ઠક્કરથી બોલાઈ ગયું, "અરે મહારાજ! આવા ચીભડાંનો એક રૂપિયો થોડો હોય?"

મહારાજ થોડી વાર લાધા ઠક્કરની સામે જોઈ રહ્યા અને પછી ગંભીર મુખ રાખીને બોલ્યા, "તો બે રૂપિયા આપો."

બે રૂપિયાની વાત સાંભળી સામે બેઠેલા દરબારોમાંથી કોઈ બોલ્યું, "અરે મહારાજ! બે રૂપિયા!"

મહારાજ બોલ્યા, "કાંઈ નહિ, ચાર રૂપિયા આપો."

ત્યાં વળી કોઈથી બોલાઈ ગયું, "અરે મહારાજ! ચીભડાંના ચાર રૂપિયા ન હોય!"

મહારાજ ઠાવકું મોઢુ રાખીને બોલ્યા, "તો આઠ રૂપિયા આપો."

આઠ રૂપિયાની વાત સાંભળી વળી કોઈ કાંઈ બોલવા ગયું ત્યાં સુરા ખાચરે સાન કરી, "મૂંગો મર, તારો બાપ સોળે પહોંચશે! આજ એને મોજ ચડી છે, એ ધારશે તો ચીભડાંના બદલામાં દાદાનું ગઢડુંય આપી દેશે!"

કુશળ કારભારી લાધા ઠક્કરે વાતનો દોર પોતાના હાથમાં લીધો અને બોલ્યા, "મહારાજ! તમે ચિંતા કરો મા, અમે છોકરાને રાજી કરીને રવાના કરીશું."

લાધા ઠક્કર છોકરાનો હાથ ઝાલી મોદીખાને લઈ ગયા. બે ખોબા સાકર આપી, છોકરાને ખુશ કરી રવાના કર્યો. છોકરાને તો સાકર કરતાંય મહારાજે ચીભડાંના વખાણ કર્યાં, એ વધારે મીઠું લાગતું હતું. છોકરો પોતાને ધન્ય ધન્ય માની રહ્યો હતો. છોકરાને વળાવી લાધા ઠક્કર સભામાં આવ્યા.

મહારાજે લાધા ઠક્કરને પૂછ્યું, "લાધા ઠક્કર! છોકરાને શું આપ્યું?"

મહારાજ પાસે ખોટું તો બોલાય નહિ, એટલે લાધા ઠક્કર બોલ્યા, "મહારાજ! બે ખોબા સાકર આપી."

મહારાજના મુખ ઉપર અપ્રસન્નતાની છાયા ઉપસી આવી. મહારાજ બોલ્યા, “લાધા ઠક્કર! તમને ચીભડાંનું મૂલ કરતાં આવડ્યું, રાજનું કારભારું આવડ્યું , પણ ભગવાનનું કારભારું ન આવડ્યું!”

“લાધા ઠક્કર! શું અમે ચીભડાંનું મૂલ્ય કરી રહ્યા હતા?! અમને તો એ ચીભડાંમાં છોકરાના હૈયાનું હેત દેખાતું હતું.”

“ભક્તો! એ છોકરાએ આજે ગજબનો સંયમ જાળવ્યો હતો. જોગી-જતિઓ પણ પોતાના મનને વશ કરી શક્યા નથી જ્યારે આ છોકરાએ પોતાના મનને વશ કરીને અમને ચીભડું અર્પણ કર્યું હતું.”

“મારગમાં એ નાના બાળકને ઘણીવાર ચીભડું ખાવાનું મન થયું પણ એણે અમારા ખાતર પોતાના મનની ઇચ્છાઓને મારી નાખી હતી. આવા મનોવિજેતાને તો જેટલો પુરસ્કાર આપીએ એટલો ઓછો છે!”

“અને બીજી વાત, લાધા ઠક્કર! સર્વ પદાર્થનું મૂલ્ય આંકી શકાય, પરંતુ પ્રેમનું મૂલ્ય આંકી શકાતું નથી. તમે ચીભડાંનું મૂલ્ય આંક્યું, છોકરાના પ્રેમનું નહિ. તમે ભલે એને સાકર આપી, અમે એ છોકરાને ચીભડાંના બદલામાં અક્ષરધામ આપીશું.” સ્નેહસાગર મહારાજની વાણી સર્વના અંતરમાં કંઈક નવો જ ઉજાસ પાથરી રહી હતી.

હાંભળો ભગતપતિ ભગવાન!

ઉપરના જેવો જ એક પ્રસંગ વડતાલના નાના બાળકનો પણ છે, એ બાળક પણ કોળીનો જ હતો. એણે પણ પોતાનું મન જીતીને પ્રેમથી મહારાજને ચીભડું અર્પણ કર્યું હતું. સંપ્રદાયના મહાન આચાર્ય વિહારીલાલજી મહારાજે ચીભડાંનું કીર્તન રચીને, કોળીના આ નાના બાળકના પ્રેમને અમર કર્યો છે. કીર્તનના શબ્દો અસલ તળપદી ચરોતરી ભાષાના છે અને હાસ્યરસથી ભરપૂર છે.

હાંભળો ભગતપતિ ભગવાન, કઉંસું અરજી કરતો કાન......હાંભળો૦

મારા ખેતરમાં ચીભડીનો વેલો, વાવ્યો તો મારે કાજ;
ખાતર નાછીને પાણી ટોયાથી, મોટો થયો મહારાજ......હાંભળો–૧

ઝાંખરાં જેટીને વાડ કરી તી, મૂંઘો ગણીને માલ;
બકરાંના ડરથી હું બાપજી, રોજ કરતો રખવાળ......હાંભળો–૨

તાચી તાચીને જોતો તેમાં હું, ફૂલ બેહવાને રોજ;
ફૂલ બેઠું મેં દીઠું ત્યારે તો, કરવા લાજ્યો મોજ......હાંભળો–૩

એક વાર બુનના દીચરાએ કીધું, ખાતાં’તાં રોટલો ને શાક;
આ ચીભડીનું ચીભડું હું લઈશ, મેં મારી તેને લપડાક......હાંભળો–૪

જે કોઈ ચીભડું માગે તો કહેતો હું, શીદને મને હંતાપો;
ખબર એવામાં મેં હાંભળી જે, વડતાલ આવ્યાસે બાપો......હાંભળો–૫

કૂણું માખણ જેવું ચીભડું મારું, તોડીને ચાલ્યો વાટે;
ઘાટ થાય મનમેં હું ખઈ જઉં, કે લઈ જવું બાપાને માટે......હાંભળો–૬

પછી તો મનસૂબો કર્યો જે, આપણે તો નહીં ખાઉં;
જરૂર આ મને જીવથી વા'લું, બાપા માટે લઈ જાઉં......હાંભળો–૭

શબરી બઈનાં બોર આરોજ્યાં, એમ ચીભડું આ ચાખો;
રાંક ગણીને વાંક ગણો નઈ, પગની પાહળ રાખો......હાંભળો–૮

ભગત સદામેં આપ્યાં'તાં આપને, મૂઠીક તાંદળ મેવા;
કંસન ઘર તેના કરી આપ્યાં, પછી સાપરું ન મળે રે'વા......હાંભળો–૯

વાક્યો સૂણી પગી પુત્રના એવા, હાસ્યરસની હદ વાળી;
વિશ્વવિહારીલાલ તે રીઝ્યા, એના પાપ નાખ્યા પરજાળી......હાંભળો–૧૦

પ્રેમના દોરા અને હેતના ટેભા!

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરથી ભાવનગર પધાર્યા હતા. ભાવનગર નરેશ વખતસિંહજીએ ભવ્ય રાજસવારી સાથે મહારાજના સ્વાગત-સામૈયા કર્યાં હતાં.

ભાવનગરમાં આત્મારામ દરજી નામે ભારે પ્રેમી હરિભક્ત હતા. મહારાજ ભાવનગર પધારશે એ સાંભળીને આત્મારામના અંતરમાં અનોખા ભાવ ઊઠી રહ્યા હતા. એને થયું કે, 'હું મહારાજને શું ભેટ ધરું?'

આત્મારામ દરજી કુશળ કારીગર હતા. એમની સિલાઈ ભાવનગર પંથકમાં વખણાતી. એણે ઝીણાં મલમલનાં કપડામાં પાતળું રૂ ભરી ડગલી સીવી. સિલાઈમાં રંગબેરંગી દોરાની ભાત્યું ભરી. ડગલીની ભાતભાતની બુટ્ટાદાર સિલાઈ સર્વની આંખો ખેંચે એવી હતી!

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાવનગર પધાર્યા, ત્યારે આત્મારામે એ ડગલી ભારે ભાવથી મહારાજને અર્પણ કરી.

મહારાજ પણ ડગલીની કલાકારીગીરી જોઈને અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા, "આજે અમે આ ડગલી પહેરીને ભાવનગરમાં ફરીશું અને સર્વને દર્શન દઈશું!"

મહારાજે માત્ર ડગલીની કલાકારીગીરી જ પસંદ નહોતી કરી, ડગલીના ટેભે ટેભે આત્મારામનો પ્રેમ ભર્યો હતો, મહારાજે એ પ્રેમને પસંદ કર્યો હતો! આત્મારામની ડગલી પહેરીને મહારાજે સારાયે શહેરમાં વાજતેગાજતે પધરામણી કરી. મહારાજની

મનમોહક મૂર્તિની સાથોસાથ આત્મારામની ડગલી આખા ભાવનગરમાં વખણાઈ.

ડગલીના વખાણ ભાવનગર નરેશે સાંભળ્યાં. એમણે આત્મારામ દરજીને બોલાવ્યા અને કહ્યું, "આત્મારામ! અમારે ડગલી સિવડાવવી છે. તમે ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે જેવી ડગલી સીવી હતી, એવી જ ડગલી અમારા માટે સીવી દ્યો."

આત્મારામે બે હાથ જોડીને કહ્યું, "બાપુ! માફ કરજો, ડગલી તો સીવી દઉં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે પે'રી હતી એવી ડગલી હવે નહિ સીવી શકાય."

ભાવનગર નરેશે પૂછ્યું, "કેમ?"

આત્મારામે મર્મ ભરેલી ભાષામાં કહ્યું, "નરેશ! મારી પાસે એક ખાસ પ્રકારનો દોરો હતો. એ સઘળો દોરો એ ડગલીમાં વપરાઈ ગયો, માટે હવે એવી ડગલી નહિ થઈ શકે." ભાવનગર નરેશે કહ્યું, "આત્મારામ! તમે કહો એવો દોરો અમદાવાદથી મંગાવી દઉં."

આત્મારામે કહ્યું, "બાપુ! એ દોરો અમદાવાદની બજારુંમાં ન મળે!"

ભાવનગર નરેશે કહ્યું, "તો સુરતથી મંગાવી દઉં."

આત્મારામે કહ્યું, "એ દોરો સુરતમાં પણ નહિ મળે!"

ભાવનગર નરેશે કહ્યું, "તો મુંબઈથી મંગાવી દઉં."

આત્મારામે કહ્યું, "મહારાજ! માફ કરજો, એ દોરો આ દુનિયાની કોઈ બજારમાંથી નહિ મળે. એ તો મારા અંતરના પ્રેમનો દોરો હતો અને એ ડગલીના એક એક ટેભા હેતના ટેભા હતા."

"રાજન્! ડગલી તો સિવાય, આપ જેવા ઉદાર દિલના રાજવી એના મોં માગ્યા મૂલ પણ આપે, પરંતુ પ્રેમનો દોરો અને હેતના ટેભા હું ક્યાંથી કાઢું?"

ભાવનગર નરેશ આત્મારામ દરજીની ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય ભક્તિ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. ગુણગ્રાહી રાજવી સમજી ગયા, 'મજૂરી માગી મળે, મૂલ માગ્યા મળે, પણ પ્રેમ માગ્યો ન મળે.' ભગવાન શ્રી સ્વામિનારાયણ હેતનો સાગર હતા. એમણે નાનામાં નાના વરણને પોતાના સ્નેહસાગરમાં સમાવી લીધા હતા!

શિવરામ વિપ્રને સમાધિ

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગ દિગંતમાં પ્રસરી રહ્યો હતો. સત્સંગ જેમ જેમ વધી રહ્યો હતો, તેમ તેમ એમનો વિરોધ અને એમના વિશે અફવાઓ પણ એટલી જ વધી રહી હતી.

સ્થાપિત હિતો ભગવાન શ્રી સ્વામિનારાયણથી લોકોને દૂર રાખવા માટે જાતજાતની વાતો ફેલાવતા હતા. કોઈ કહેતા હતા કે સ્વામિનારાયણ કામણ-ટૂમણિયા છે; જાદુ-ટોનાથી લોકોને વશ કરી લે છે.

કોઈ કહેતા હતા કે એમણે કામરૂ દેશમાં જઈને લોકોને વશ કરવાની વિદ્યા સાધી છે.

કોઈ કહેતું હતું કે, એમણે બાબરો ભૂત વશ કર્યો છે.

કોઈ કહેતું હતું કે, એ ભારે ઐન્દ્રજાલિક છે; નજરબંધીના ખેલ કરે છે અને હોય નહિ એવું અવનવું દેખાડે છે.

કોઈ કહેતું હતું કે, એના કૂળ-ગોત્રનું કાંઈ ઠેકાણું નથી, એ તો મોચી છે મોચી.

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે કંઈક ગપગોળા ચાલતા હતા.

આવી પરિસ્થિતિમાં ઝાલાવાડના શિયાણી ગામના મહારાજા હરિસિંહે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ ખરેખર કોણ છે?' એ જાણવાનો નિર્ધાર કર્યો.

ઝાલાવાડના શિયાણી, હળવદ, વઢવાણ વગેરે નગરો બ્રાહ્મણોના ગઢ ગણાતા. અહીં અનેક વિદ્વાન વિપ્રો રહેતા હતા.

મહારાજ હરિસિંહે એમાંથી શિવરામ વિપ્રને પસંદ કર્યાં અને કહ્યું, "તમે ગઢપુર જાઓ અને આ સ્વામિનારાયણ ખરેખર કોણ છે? તેનો તાગ મેળવો." શિવરામ વિપ્ર શાસ્ત્રોના જાણકાર હતા; વાત કરવામાં ભારે કુશળ હતા; તેઓ ગઢપુર આવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા. સંતો-ભક્તોની સભા ભરાયેલી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વિદ્વાનોને ભારે આદર આપતા. મહારાજ કહેતા, "અમને ભગવાન માને કે ન માને પણ અમને બુદ્ધિવાળા ગમે છે, કારણ કે એમને એવું થાય છે કે, 'ભગવાન તો એક જ છે અને આ બીજા ક્યાંથી થયા?' એટલે આખરે તો એ લોકો અમારા પક્ષમાં જ બોલે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણની વૈચારિક ઉદારતા ગજબની હતી.

શિવરામ વિપ્રને આવેલા જોઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે એમનો આદર-સત્કાર કર્યો અને બેસવા માટે આસન આપ્યું.

શિવરામ વિપ્રે મહારાજને જન્મભૂમિ કઈ? જ્ઞાતિ કઈ? માતાપિતા કોણ? વેદ ક્યો? સંપ્રદાય ક્યો? ગુરુ કોણ? માન્ય શાસ્ત્ર ક્યા? કુળદેવી કોણ? ઈષ્ટદેવ કોણ? ઉપાસના-ભક્તિની રીત શું? વગેરે વગેરે અઢાર પ્રશ્નો કર્યાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એક એક પ્રશ્નના ભારે ધીરજથી યથાર્થ જવાબ આપ્યા. મહારાજનાં મુખારવિંદમાંથી વહેતી દિવ્ય વાણી સાંભળીને શિવરામ વિપ્રને હૃદયમાં અપાર શાંતિ થઈ.

મહારાજે કહ્યું, "શિવરામ! તમે લગભગ અમને સાધારણ અને લૌકિક પરિચયના પ્રશ્ન પૂછ્યા, લ્યો હવે અમે તમને અમારી અસલી ઓળખાણ કરાવીએ."

આમ કહી ઐશ્વર્યમૂર્તિ મહારાજે શિવરામ વિપ્રની સામે નજર સ્થિર કરી અને એ જ વખતે શિવરામ વિપ્રને સમાધિ થઈ ગઈ. શિવરામ વિપ્રને સમાધિમાં દિવ્ય તેજોમય

બ્રહ્મધામને વિશે અનંત મુક્તોથી સેવાયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન થયા.

શિવરામ વિપ્રે ઘણા સમય સુધી સમાધિનો આનંદ માણ્યો. મહારાજે એમને સમાધિમાંથી જગાડ્યા. શિવરામ વિપ્રે બે હાથ જોડીને કહ્યું, "મહારાજ! હવે મને આપની અસલી ઓળખાણ થઈ. આપ સાધારણ નથી, સર્વ કારણના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છો. આપ મને આપનો આશ્રિત બનાવો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિવરામ વિપ્રને વર્તમાન ધરાવી સત્સંગીની દીક્ષા આપી.

શિવરામ વિપ્ર શિયાણી પાછા પધાર્યા. એમણે શિયાણી નરેશ હરિસિંહજીને સઘળી હકીકત જણાવી કહ્યું, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ સાધારણ નથી, એ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.'

શિવરામ વિપ્રની વાત સાંભળીને મહારાજ હરિસિંહજી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા. શિવરામ વિપ્રને લીધે શિયાણીના વિદ્વાન બ્રાહ્મણો પણ ભગવાન શ્રી સ્વામિનારાયણને માનવા લાગ્યા.

શિવરામ વિપ્ર પરણેલા હતા. એમને એક દીકરી હતી. નામ કુંવરબાઈ હતું. કુંવરબાઈએ આજીવન સંસાર હરામ કરીને સાંખ્યયોગ પાળ્યો હતો.

સમય જતાં શિવરામ વિપ્ર ભગવાન શ્રી સ્વામિનારાયણના સંત બન્યા હતા. મહારાજે એમનું નામ 'અખંડાનંદસ્વામી' રાખ્યું હતું. અખંડાનંદસ્વામી વિદ્વાન તો હતા જ, હવે એમની વિદ્વતામાં પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણની ભક્તિનું અમૃત ઘોળાયું હતું. અખંડાનંદસ્વામીએ સંસ્કૃત ભાષામાં 'શ્રીહરિલીલા ચરિત્રમ્' નામનો ખૂબ જ રસાળ ગ્રંથ બનાવેલો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસોમાં અખંડાનંદસ્વામીની મોખરે ગણના થાય છે.

અખંડાનંદસ્વામીની સિંહોથી રક્ષા

એક વાર અખંડાનંદસ્વામી ઘેલા સોમનાથ તરફ વિચરણ કરી રહ્યા હતા. સંજોગવશાત્ એમના પેટમાં ગડબડ ઊભી થઈ. પરિણામે સ્વામીને વારંવાર શૌચ જવું પડતું હતું અને વારંવાર સ્નાન કરવું પડતું હતું.

વેરાન વનવગડામાં ઉન્મત્તગંગાને કિનારે એક વૃક્ષની નીચે સ્વામીએ આસન જમાવ્યું, જેથી શૌચ ગયા પછી સ્નાન કરવાની અનુકુળતા રહે.

વારંવાર શૌચને લીધે સ્વામીનું શરીર અત્યંત શિથિલ થઈ ગયું હતું. હરીફરી શકાય એવી સ્થિતિ પણ રહી ન હતી. ફરતું ગીરનું જંગલ હતું. વનમાં સિંહોની વસ્તી હતી. એ સમયે ગાંડી ગીરનું જંગલ ઘેલા સોમનાથ સુધી વિસ્તરેલું હતું.

સ્વામી વૃક્ષના થડને ટેકે બેસી મહારાજની મૂર્તિનું સ્મરણ કરી રહ્યા હતા. એ જ વખતે ચાર ડાલામથ્થા વિકરાળ સિંહો ત્યાં આવ્યા. સ્વામીએ સિંહોને જોયા, પરંતુ એમનાથી ઊભા થઈને જઈ શકાય એમ હતું નહીં. 'મહારાજની જેમ મરજી હશે તેમ થશે' એમ વિચારી સ્વામી નિર્ભીક થઈને બેસી રહ્યા.

નિર્ભય સંતના પ્રભાવથી વન અભયારણ્ય બન્યું. સ્વામીની નિર્ભય અને પ્રેમાળ દૃષ્ટિ સિંહો ઉપર પડી કે તુર્ત જ 'કોણ જાણે કેવો ચમત્કાર થયો?' સિંહોની હિંસક વૃત્તિઓ પલટાઈ ગઈ. ચારેય સિંહો જાણે પ્રણામ કરતા હોય એમ આગલા પગ લંબાવીને સ્વામીની આસપાસ બેસી ગયા.

સ્વામી થોડી વાર સિંહોની સામે જોતા રહ્યા પછી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા. થોડી વાર બાદ સ્વામીએ નેત્રો ખોલ્યાં અને સિંહો તરફ દૃષ્ટિ કરી, એટલામાં ચારેય સિંહો ઊભા થયા. પ્રદક્ષિણા કરતા હોય એમ સ્વામીને ફરતું ચક્કર લગાવ્યું અને વનમાં ચાલ્યા ગયા. સ્વામીના મનમાં થયું, 'આજે મહારાજે જ મારી રક્ષા કરી છે.'

ગઢપુર નિવાસનું રહસ્ય

અખંડાનંદસ્વામીને પેટનો દુઃખાવો શમતો ન હતો. ઔષધ-ઉપચારની કોઈ વ્યવસ્થા ન હતી. વારંવાર શૌચ જવાને લીધે સ્વામીનું શરીર અત્યંત શિથિલ થઈ ગયું હતું.

ગરમીના દિવસો હતા. સૂર્યનારાયણ માથે આવી રહ્યા હતા. ધરતી ધીરે ધીરે તપવા લાગી હતી. એવામાં થોડે દૂર એક વેલડું નીકળ્યું. યોગાનુયોગ વેલડામાં જીવુબા અને લાડુબા બેઠા હતા. તેઓ કરિયાણાથી ગઢપુર જઈ રહ્યા હતા.

જીવુબાએ દૂરથી સ્વામીને જોયા. વેલડું ઊભું રખાવ્યું અને ગાડાખેડુને કહ્યું, "જો તપાસ કર તો. દૂર કોઈ આપણા સાધુ લાગે છે!"

ગાડાખેડુએ તપાસ કરીને કહ્યું, "બા! આ તો અખંડાનંદસ્વામી છે. સ્વામીને ઝાડા થઈ ગયા છે. હરીફરી શકે એવી સ્થિતિ પણ રહી નથી."

જીવુબાએ કહ્યું, "તું જા. સ્વામીને તેડી લાવ. વેલડામાં સુવાડી દે. અમે સ્વામીની મર્યાદામાં ભંગ ન થાય એ રીતે વેલડાથી થોડે દૂર પગે ચાલતા આવીશું."

ગાડાખેડૂએ સ્વામીને બધી વાત કરી વેલડામાં બેસવાનો આગ્રહ કર્યો, પણ સ્વામી માન્યા નહીં.

સ્વામીના મનમાં થયું, 'એક તો દરબારી દીકરીઓ આવા તડકામાં પગે ચાલે તે ઠીક નહીં. બીજું, મારા શરીર ઉપર મારું નિયંત્રણ નથી. મળમૂત્રથી કપડાં બગડે, વેલડાનાં પાથરણાં બગડે.'

એક બાજુ વિવેકશીલ સંત હતા, બીજી બાજુ ભક્તિમંત જીવુબા હતા. જીવુબાને જેટલા ભગવાન વ્હાલા હતા, એટલા જ ભગવાનના સંતો-ભક્તો વ્હાલા હતા. એમણે

પોતાનાં ધન, ધરા, ધામ સર્વસ્વ ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે જ કરી રાખ્યું હતું. જીવુબાએ પોતાના સમ દઈને સ્વામીને વેલડામાં સુવાડ્યા. વેલડું ગઢપુરના માર્ગે રવાના થયું. બહેનો હાથમાં માળા લઈ વેલડાંથી થોડે દૂર ચાલતા રહ્યા.

હવે વાત એમ હતી, કે વેલડાંમાં નવીનકોર અઢાર રજાઈઓ પાથરેલી હતી. કરિયાણામાં દાદા ખાચરનું મોસાળ હતું. મામાએ આ રજાઈઓ ભાણીબાને ભેટ આપી હતી.

નવીનકોર રજાઈઓ બગડી રહી હતી. સ્વામી મનમાં કોચવાઈ રહ્યા હતા, પરંતુ બહેનોને તો અંતરમાં સંતની સેવાનો અવસર મળ્યો એનો આનંદ હતો.

સહજ ભાવે ગઢપુરની રાજકુંવરીઓને પગે ચાલવાનો અભ્યાસ ઓછો હોય, ઉપરથી માથે તાપ તપી રહ્યો હોય, છતાં બહેનોના અંતર આનંદથી ઊભરાઈ રહ્યાં હતાં.

બપોર થઈ ચૂક્યા હતા; વેલડું ગઢપુર પહોચ્યું. મહારાજ થાળ જમીને અક્ષરઓરડીમાં પોઢી ગયા હતાં.

એક બાજુ જીવુબાએ પાર્ષદોને બોલાવી, સ્વામીને સાધુઓની ધર્મશાળામાં લેવરાવ્યા અને ઔષધ-ઉપચારો શરૂ કરાવ્યાં, બીજી બાજુ બહેનોએ બગડેલી બધી જ રજાઈઓ જાતે ધોઈ, તડકે સૂકવી.

નમતા બપોરે મહારાજ જાગ્યા. મૂળજી બ્રહ્મચારીએ મહારાજને સ્વામીની માંદગીના સમાચાર આપ્યા. મહારાજ તુર્ત જ સ્વામીને દર્શન દેવા સાધુની ધર્મશાળામાં પધાર્યા.

મહારાજે સ્વામીના મસ્તક પર હાથ મેલ્યો. મહારાજના સ્પર્શથી સ્વામીને સર્વ પ્રકારે શાંતિનો અનુભવ થયો. માંદા સંતની સેવા કરનારા સેવકો ઉપર મહારાજ ખૂબ જ રાજી થયા.

અક્ષરઓરડીએ પરત જતાં મહારાજની દૃષ્ટિ સુકાઈ રહેલી રજાઈઓ ઉપર પડી. મહારાજે સેવકને પૂછ્યું, “આટલી બધી રજાઈઓ અહીં કેમ સૂકવી છે?”

સેવકે મહારાજને બધી વિગત જણાવી. માવતરને જેમ બાળક વ્હાલાં હોય, તેમ ભક્તવત્સલ ભગવાનને પોતાનાં ભક્તો ખૂબ જ વ્હાલા છે. નાના બાળકને કોઈ રાજી કરે તો મા રાજી થાય, એ જ રીતે કોઈ ભક્તની સેવા કરે તો ભગવાન રાજી થાય છે, એમાંય અહીં તો મળમૂત્રથી ખરડાયેલી રજાઈઓ ધોઈને નીચી ટેલચાકરી કરવાની વાત હતી.

ગઢપુરપતિની રાજકુંવરીઓએ પોતાના લાડીલા સંતની આવી નીચી ટેલચાકરી કરી, એ જોઈને મહારાજનાં અંતરમાં રાજીપાનો પાર ન રહ્યો. એમનાં નેત્રમાં હર્ષના અશ્રુ છલકાયાં.

સાંજના સમયે નીમતરુની નીચે સંતો-ભક્તોની વિશાળ સભા થઈ. મહારાજે સભામાં કહ્યું, “ભક્તો! ઘણાને મનમાં ઘાટ સંકલ્પ થયા કરે છે, કે મહારાજે ગઢપુરને પોતાની

નિવાસભૂમિ કેમ બનાવી છે? આજના પ્રસંગમાં એનો ઉત્તર સમાયેલો છે."

"અભયરાજાના પૂરાએ પરિવારના અંતરમાં અમારા પ્રત્યે દઢ અનુરાગ છે એટલા માત્રથી અમે અહીં નથી રહ્યા, આ પૂરો પરિવાર જેટલો અમારો મહિમા સમજે છે એટલો જ અમારા સંતો-હરિભક્તોનો મહિમા સમજે છે. જેવી અમારી સેવા કરે છે, એટલી જ અમારા સંતો-ભક્તોની કાળજી રાખે છે."

"દાદાના દરબારગઢમાં રોજ આટલાં આટલાં સંતો અને ભક્તોની અવરજવર રહે છે; આ પરિવારજનો એ બધાનો ભાવથી આદર સત્કાર કરે છે, રોટલા કરીને જમાડે છે, કોઈ દિવસ કહાણું મોઢું કરતા નથી."

"એમાંય આજે તો જીવુબાએ અને લાડુબાએ સેવાની હદ વાળી છે. એમણે અમારા માંદા સંતને રજાઈઓ બગડવાની પરવા કર્યા સિવાય વેલડામાં સુવાડ્યા; રાજકુંવરીઓ થઈને મળમૂત્રથી ખરડાયેલી રજાઈઓ જાત્યે ધોઈ. અમારા ભક્ત પ્રત્યે જેનો આવો ભાવ હોય એને અમે ક્યારેય છોડી શકતા નથી."

"અમારા સેવક થાય એ કરતાંય અમારા સેવકના સેવક થાય એ અમને ખૂબ જ ગમે છે." બોલતાં બોલતાં મહારાજ ભાવવિભોર થઈ રહ્યા હતા. મહારાજને વેણે વેણે 'ગઢપુરને કેમ નિવાસ-ભૂમિ બનાવી?' એનું રહસ્ય ઉજાગર થઈ રહ્યું હતું.

મારું વેલડું હાંકો તો પરણું!

વિક્રમ સંવત ૧૮૭૦ની સાલમાં, કાર્તિક માસમાં એભલ ખાચર અક્ષરવાસી થયા હતા. એમના પુત્ર દાદા ખાચરની ઉંમર ઘણી નાની હતી. દાદા ખાચરનું પરમ સદ્ભાગ્ય એ હતું કે ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદા ખાચરના સંરક્ષક હતા. એની પાછળનું મૂળ કારણ દાદા ખાચરની શ્રદ્ધા, નિષ્ઠા અને સમર્પણ હતાં.

દાદા ખાચર અને ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ્ચે ભક્ત અને ભગવાનનો દિવ્ય સંબંધ હતો.

ગઢપુર દરબાર એભલ ખાચરના ભાઈ જીવા ખાચર ગઢપુરના ગરાસમાં ભાગીદાર હતા. તેઓ મોઢાના મીઠાં હતા પરંતુ એમના હૈયામાં દાદા ખાચર પ્રત્યે ભારોભાર ઈર્ષ્યા ભરી હતી.

તેઓ કોઈ ન જાણે તે રીતે દાદા ખાચરના ગરાસને પડાવી લેવા માટે અવારનવાર પેંતરા રચતા રહેતા હતા, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારે કુનેહપૂર્વક દર વખતે દાદા ખાચરની રક્ષા કરી હતી.

દાદા ખાચર પ્રત્યેની ઈર્ષ્યાને લીધે જીવા ખાચરે ભગવાન સ્વામિનારાયણને મારી નાખવા સુધીના પ્રયાસ કર્યા હતા, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણની અલૌકિક શક્તિના પ્રભાવે તેઓ ફાવ્યા નહોતા.

નવાઈની વાત એ હતી કે જીવા ખાચરનો પૂરોયે પરિવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અસાધારણ ભક્તિથી ભર્યો હતો. જીવા ખાચર પોતાના જ પરિવારમાં એકલા પડી ગયા હતા, પરંતુ લોભ અને ઈર્ષ્યા એનો પીછો છોડતા ન હતી.

દાદા ખાચર ઉંમરલાયક થયા, પરણ્યા, પણ એમને કોઈ સંતાન ન હતું એટલે જીવા ખાચર દાદા ખાચરના ગરાસ ઉપર ડોળો માંડીને બેઠા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાસમર્થ હતા. હજારો લોકોના મનનાં મનોરથો એમણે પૂર્ણ કર્યા હતાં, પરંતુ દાદા ખાચરે ક્યારેય ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે સંતાનની કામના કરી ન હતી. એમની નિષ્કામ ભક્તિ અને નિષ્ઠા અજોડ હતાં.

આખરે દાદા ખાચરના બહેનો જીવુબા અને લાડુબાથી રહેવાયું નહિ. એમણે મહારાજને વિનંતી કરી, "મહારાજ! દાદા ખાચરને કોઈ સંતાન નથી. ગઢપુરનો વારસદાર કોણ થશે? એની સર્વને ચિંતા છે, માટે આપ દાદા ખાચરને ત્યાં દીકરો થાય એવા આશીર્વાદ આપો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે આશીર્વાદ આપવાને બદલે જૂદો જ માર્ગ ચીંધ્યો. એમણે કહ્યું, "બહેનો! દાદા ખાચર જો બીજું લગ્ન કરે, તો એમને ત્યાં દીકરો થાય!"

મહારાજની મરજી સાંભળી સૌએ મળીને દાદા ખાચરને ખૂબ સમજાવ્યા, પણ દાદા ખાચર કોઈ રીતે બીજું લગ્ન કરવા તૈયાર થતા ન હતા. પ્રગટ ભગવાન શ્રીહરિની મૂર્તિનું ધ્યાન, ભજન, સ્મરણ અને સેવન એમાં જ એને આનંદ હતો. દાદ ખાચરને તો પહેલું લગ્ન પણ કરવું ન હતું, પરંતુ મહારાજે આજ્ઞા કરી એટલે માંડ માંડ લગ્ન માટે તૈયાર થયેલા. દાદા ખાચર બીજાં લગ્ન માટે કોઈ રીતે ન માન્યા, ત્યારે જીવુબા-લાડુબા વગેરે સર્વેએ ભગવાન શ્રી સ્વામિનારાયણને વિનંતી કરી, "મહારાજ! આપ આજ્ઞા કરશો, તો જ દાદો માનશે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદા ખાચરને પ્રથમ તો સમજાવી જોયા અને આખરે આદેશ કર્યો કે, "તમારે બીજાં લગ્ન તો કરવા જ પડશે."

મહારાજની આજ્ઞા થઈ એટલે દાદા ખાચર ના ન કહી શક્યા, પરંતુ એમણે એક ગજબની શરત મૂકી. એમણે કહ્યું, "મહારાજ! જાનમાં મારું વેલડું તમે હાંકો અને મારી જાનમાં સાધુઓ જોડાય, તો જ મારે પરણવા જવું, નહીંતર નહીં."

ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદ મંદ હાસ્ય સાથે દાદા ખાચરની માગણીને માન્ય રાખી. અર્જુનના રથને ભગવાન શ્રીકૃષ્ણે હાંક્યો હતો, એ જ રીતે દાદા ખાચરની વેલ્યને શ્રીજી મહારાજે હાંકી.

સાધુઓથી કોઈ ગૃહસ્થની જાનમાં જવાય નહિ પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદા ખાચરને પ્રસન્ન કરવા માટે મોટા મોટા ત્યાગી-વૈરાગી સાધુઓને પણ જાનમાં જોડ્યા!

દાદા ખાચરની માગણીનો મર્મ અનોખો હતો. 'જીવનરૂપી રથને હાંકનારા ભગવાન હોય અને ઉત્તમ સંતોનો સંગ હોય, તો એ જીવનરથ મનુષ્યદેહના પરમ લક્ષ્યને અવશ્ય પ્રાપ્ત કરે.'

દાદા ખાચરના બીજાં લગ્ન રાજુલા પાસેના ભટવદર ગામે નાગપાલ વરુની દીકરી જશુબાઈ સાથે થયેલાં અને એમને ત્યાં બાવા ખાચર તથા અમરા ખાચર નામે બે પુત્રોનો જન્મ થયેલો. દાદા ખાચરના લગ્નની કથાનું રોચક વર્ણન સંપ્રદાયના ગ્રંથોમાં ઉપલબ્ધ છે.

મારા જનને અંતકાળે જરૂર મારે આવવું...!

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે ધર્મધુરા સ્વીકારી ત્યારે પોતાના આશ્રિતોને બે વરદાન આપ્યાં હતાં.

એક મારા ભક્તના લલાટમાં રામપાતર લખ્યું હોય તો મને આવે પણ મારો ભક્ત અન્ન-વસ્ત્રે કરીને દુ:ખી ન થાય.

બીજું મારા ભક્તના શરીરમાં એક વીંછીની વેદના થવાની હોય તો મારે રૂંવાડે રૂંવાડો કોટી કોટી વીંછીની વેદના થાય પણ મારા ભક્તને ન થાય. મારા ભક્તનું શૂળીનું દુ:ખ કાંટે મટી જાય.

આ બંને વરદાનો ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશાળ આશ્રિત વર્ગને યોગક્ષેમના નિર્વહનની બાંયધરી આપતા હતા તથા શારીરિક સુખ-દુ:ખના પ્રસંગે ભય અને ચિંતાથી મુક્ત કરતાં હતાં.

આકસ્મિક રીતે આવી પડતાં શારીરિક કષ્ટોમાં ભક્તોને 'મહારાજે મારું શૂળીનું દુ:ખ કાંટે મટાડ્યું છે' એવું ગજબનું આશ્વાસન પ્રાપ્ત થતું હતું અને અંતરમાં ધૈર્ય અને હિંમત જળવાઈ રહેતાં હતાં. આ રીતે આ વરદાનોએ સમાજ જીવન ઉપર ભારે હકારાત્મક અસર ઊભી કરી હતી.

કહેવાય છે કે, 'ભાગ્યની રેખા પલટાતી નથી' પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વાતને અસત્ય સિદ્ધ કરી હતી. એમણે વિશાળ પ્રમાણમાં ભક્તોના લલાટના લેખોને સૂલટાવી દીધા હતા. સર્વશક્તિમાન પરમેશ્વર સિવાય આ વાત શક્ય નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વરદાનને લીધે આશ્રિતો ધન-ધાન્યથી સુખી અને સમૃદ્ધ થયાં હતાં. સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા પંચ વર્તમાનના પાલનથી તેઓના જીવન સદાચારની સુગંધથી ભરપૂર બન્યા હતા.

એક સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં બિરાજમાન હતા. એમણે આગેવાન હરિભક્તો તેમ જ દૂર દૂર વિચરણ કરતાં સંતોને તેડાવ્યા અને હરિભક્તોની સભા કરી. આજની સભામાં તેઓ એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવા માગતા હતા.

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદસ્વામીએ દીનભાવે હાથ જોડીને મહારાજને કહ્યું, "હે મહારાજ! અમે તમારે શરણે છીએ. અમારું કલ્યાણ થાય એવી વાત કરો."

મુક્તાનંદસ્વામી મહારાજ કરતાં ઉંમરમાં મોટા હતા. મહારાજને સત્સંગમાં રોકી રાખનાર પણ એ જ હતા. મહારાજ સ્વયં એમને ગુરુસ્થાને માનતા. આવા મહાન સંતની દીનતા મહારાજના હૃદયને સ્પર્શી ગઈ.

મહારાજ બોલ્યા, "સ્વામી! તમે સર્વ સંતો અમને ખૂબ વ્હાલા છો. અમને રાજી કરવા માટે અનેક પ્રકારના કષ્ટો સહન કરો છો. આ ગૃહસ્થ હરિભક્તો પણ સુખી-શાહુકાર, રાજા-મહારાજાઓ હોવા છતાં અમારા વચને ટૂક ટૂક થઈ જાય છે."

"આજે અમારે તમને સર્વને એક મહત્ત્વની વાત કરવાની છે. માયાથી પર જે અક્ષરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મથી પર જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એની તમને પ્રત્યક્ષ પ્રાપ્તિ થઈ છે, માટે તમારા જેવો કોઈ ભાગ્યશાળી નથી."

"આજે અમે તમને એક વચન આપીએ છીએ કે અમે અમારાં આશ્રિતોને અંત સમયે અમારા ધામમાં તેડવા આવીશું, માટે તમે તમારાં કલ્યાણ વિશે તમે નચિંત રહેજો; અમારો આશરો દૃઢ રાખજો; અમારી બાંધેલી પંચવર્તમાનની મર્યાદા પાળજો; તમારા જોગમાં જે જીવ આવે એમને પણ આશ્રય દૃઢ કરાવજો અને પંચવર્તમાન પાળતા કરજો."

ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ અલૌકિક વરદાન સાંભળીને સર્વ ભક્તજનોના હૈયા ભાવવિભોર થઈ ઊઠ્યાં હતાં. ભક્તચિંતામણિમાં આ પ્રસંગની નોંધ લેતા નિષ્કુળાનંદસ્વામી લખે છે કે,

મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું |
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું ||૯||

દાસના દાસ થઈને, વળી જે રહે સત્સંગમાં |
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં ||૧૦||

(ભ.ચિં.પ્ર–૬૮)

મૃત્યુ પર વિજય

ભગવાન શ્રી સ્વામિનારાયણના આગળના બે વરદાનોએ હજારો ભક્તોને આ લોકમાં સુખિયા કર્યાં હતાં અને આ ત્રીજા વરદાને હરિભક્તોના મનમાંથી મરણનો ભય ટાળી નાખ્યો હતો.

જીવપ્રાણીમાત્રને મોટામાં મોટો ભય હોય તો તે મૃત્યુનો છે. મૃત્યુની ચિંતામાં માણસ જીવનનો આનંદ માણવાનું ભૂલી જાય છે.

'શરીર ક્ષણભંગુર છે, આત્મા અમર છે' એવો ઉપદેશ આપનારા મોટા મોટા ઉપદેશકો અને પ્રવચનકારો પણ મૃત્યુ પાસે લાચાર અને ભયભીત બની જાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ વરદાને મૃત્યુને મહોત્સવમાં ફેરવી નાખ્યું હતું. 'મહારાજ મને અંત સમયે તેડવા આવશે' એ દૃઢ ભરોસો ભક્તોને મૃત્યુનો ભય વર્તાવા દેતો ન હતો. 'મૃત્યુ તો મહારાજને મળવાની મંગલ ઘડી છે' આ ઉદાત્ત ભાવના મૃત્યુને મહોત્સવમાં ફેરવી નાખતી હતી.

સ્વજનના મૃત્યુનો આઘાત અસહ્ય હોય છે, એમાં પણ જ્યારે જુવાનજોધ વ્યક્તિનું મરણ થાય ત્યારે તો પરિસ્થિતિ અત્યંત અસહ્ય બની જતી હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ વરદાને ભક્તોને અસહ્ય આઘાતમાંથી ઉગારી લીધાં હતાં. આવી વિષમ પરિસ્થિતિમાં પણ તેઓનાં ધૈર્ય અને હિંમત ટકી રહેતાં હતાં.

'મારો દીકરો અક્ષરધામની ગાદીએ બેઠો છે ત્યારે રડવાનું ના હોય સાકર વેચવાની હોય!' આવી અપૂર્વ સ્થિતપ્રજ્ઞ સ્થિતિ પૂરાયે પરિવારમાં પ્રગટતી હતી અને વજ્રાઘાત જેવા દુ:ખના પ્રહારને આસાનીથી ઝીલાય જતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતો માટે મરવું એ અમંગલ નથી પરંતુ મંગલ છે. બ્રહ્માનંદસ્વામીએ કીર્તનમાં લખ્યું છે કે, જીવિત જૂઠું રે, મરવું તે મંગળ જાણે.

મહારાજના પ્રતાપે હરિભક્તો મહાકાળના માથા પર પગ મૂકીને અક્ષરની વાટે પ્રયાણ કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રતાપથી કેટલાક સંતો-ભક્તો એવા સમર્થ થયાં હતા કે તેઓ મૃત્યુને પણ પાછું ઠેલી શકતા હતા, એટલું જ નહીં તેઓ જે સમયે જે સ્થળે દેહ છોડવા ધારે એ સ્થળે એ જ સમયે દેહ છોડી શકતા હતા.

મહાભારતકાળમાં આવું સામર્થ્ય એક માત્ર ભીષ્મ પિતામહ અને ભગવાન શ્રીકૃષ્ણમાં હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આવું સામર્થ્ય સેંકડો ભક્તોમાં પ્રગટ્યું હતું. સંપ્રદાયના ઇતિહાસમાં એનાં અનેક ઉદાહરણો પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આજે પણ પોતાના વરદાનને સત્ય કરે છે; પોતાના ભક્તજનોને અંત સમયે તેડવા પધારે છે, અનેક અન્ય લોકોને પણ એ દિવ્ય દર્શન થાય છે. આ અંગે સંપ્રદાયમાં સેંકડો ઉદાહરણ પ્રસિદ્ધ છે.

બુદ્ધિજીવી વર્ગને જલદી ગળે ન ઊતરે એવી આ વાત છે. એકાદ બે ઘટના હોય તો એ 'ભ્રમણા છે' એમ કહીને નિષેધ કરી શકાય પરંતુ સેંકડો ઘટનાનો નિષેધ કેમ થઈ શકે?

આ ઘટનાઓ 'સેલ્ફ સજેશન' થી ઉદ્ભવતી માનસિક રચનાઓ પણ નથી, પરંતુ સાક્ષાત્કાર છે, કારણ કે સત્સંગીઓ સિવાયના લોકો પણ આ દિવ્ય ઘટનાઓના સાક્ષી બને છે. આને 'માસ મેનિયા' પણ ન કહી શકાય, પરંતુ આને 'કૉસ્મિક કૉન્સ્યસનેસ'નો પ્રભાવ જ ગણી શકાય.

આવતી એકાદશીએ તેડવા આવીશું

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંત સમયે પોતાના ભક્તજનને તેડવા આવે છે એ અંગે એક ઉદાહરણ અહીં લખવું યોગ્ય ગણાશે.

સૌરાષ્ટ્રના સેંજળ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના એક અનન્ય આશ્રિત હતા. તેમનું નામ મોનજી અદા હતું. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા.

મોનજી અદાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો અપાર રાજીપો મેળવેલો. એમનો અંત સમય નજીક આવ્યો ત્યારે એમને ભગવાન શ્રી સ્વામિનારાયણે દિવ્ય તેજોમય દેહે દર્શન દીધાં અને કહ્યું, "અમે તમને ધામમાં તેડી જવા આવ્યા છીએ."

મોનજી અદાએ કહ્યું, "મહારાજ! હું તો આ મંગલ ઘડીની રાહ જોઈને જ બેઠો હતો, પરંતુ મારો દીકરો હીરજી અને ઘરના કોઈ અત્યારે હાજર નથી. એ આવી જાય, એની રજા લઈ લઉં અને એક-બે બાકી કામો આટોપી લઉં પછી મને સુખેથી ધામમાં તેડી જજો."

ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદ મંદ હસીને બોલ્યા, "ભલે ત્યારે. હવે અમે આવતી એકાદશીએ ફરીથી તેડવા આવીશું."

થોડા સમયમાં હીરજીભાઈ ઘરે આવ્યા. મોનજી અદાએ બધા પરિવારજનોને ભેળાં કરી મહારાજે કરેલી વાત કરી. પરિવારજનો પણ આ વાત સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયાં. અદાને ઉંમર થઈ હોવાથી આવાં સ્વપ્નાં આવે છે, તેમ માન્યું.

એવામાં એકાદશીનો દિવસ આવી ગયો. મોનજી અદાએ પરિવારજનોને કહ્યું, 'આજે કોઈ બહાર જશો નહીં, આજે મહારાજ મને તેડવા આવશે.'

મોનજી બાપાની વાત સાંભળીને સર્વને નવાઈ એ વાતની હતી કે, 'સાવ સાજા સારા અદા કઈ રીતે ધામમાં જશે?'

જોતજોતામાં મંગલ ઘડી આવી પહોંચી. મોનજી અદાએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરાવી. સંતોના સંઘ સાથે મહારાજ મોનજી અદાને તેડવા પધાર્યા.

આસપાસના પાડોશીઓએ અનુભવ્યું કે સંતોનો સંઘ કીર્તન કરતાં કરતાં મોનજી અદાના ઘર તરફ જઈ રહ્યો છે. કુતૂહલવશ લોકો અદાને ઘરે એકઠાં થયા. સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ચાલી રહી હતી.

અદાએ કહ્યું, 'હવે ધૂન રાખો મહારાજ પધારી ગયા છે, ગોપાળાનંદસ્વામી વગેરે સંતો પણ સાથે છે, હું હવે મહારાજની સાથે ધામમાં જાઉં છું, સૌ સંપીને રહેજો. સૌને ઝાઝા કરીને જય સ્વામિનારાયણ.' આટલું કહી મોનજી અદાએ મહારાજને ભેટતા હોય એમ હાથ પહોળા કર્યા અને શરીર છોડી દીધું. વાતાવરણમાં ચોમેર દિવ્ય સુગંધ પ્રસરી ગઈ.

આ રીતે સાવ સાજા સારા અદાને શરીર છોડતા જોઈને લોકો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

તે દિવસે વહેલી સવારમાં એક ખેડૂતને કેટલાંક સાધુઓ દેખાયા. તે ખેડૂતે સાધુઓને પૂછ્યું કે, "આટલા વહેલા ક્યાં જાઓ છો?"

જવાબમાં તે સાધુઓએ કહ્યું કે, "મોનજી અદાને લેવા જઈએ છીએ!"

ઘરની સામેની ડેલીમાં રહેતી એક છોકરીએ કહ્યું કે, "આટલા બધા સાધુ ભામણની ડેલીએ કેમ આવ્યા છે?"

આ રીતે બે અન્ય બિનસત્સંગી વ્યક્તિઓને પણ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુના દર્શન થયાં હતાં.

મોનજી અદાનો પરિવાર આજે પણ સત્સંગમાં આસ્થા ધરાવે છે.

સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી મનુભાઈ પંચોળી દર્શકે 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા લખી છે. સાહિત્ય જગતમાં આ નવલકથા સુપ્રસિદ્ધ છે. આ નવલકથા સાહિત્યના સર્વશ્રેષ્ઠ 'જ્ઞાનપીઠ ઍવૉર્ડ' દ્વારા પુરસ્કૃત છે.

આ નવલકથાના પ્રથમ ભાગમાં જ માનનીય શ્રી દર્શકે ગોપાળબાપાને ભગવાન શ્રી સ્વામિનારાયણ અંત સમયે દિવ્ય દર્શન દઈ ધામમાં તેડી ગયા એ પ્રસંગ વિસ્તારથી વર્ણવેલો છે.

માનનીય શ્રી દર્શકે આ પ્રસંગ મોનજી અદાના પ્રસંગ ઉપરથી લખ્યો છે. જેમાં માત્ર નામ પરિવર્તન છે પરંતુ ઘટના લગભગ એની એ જ છે.

એક વાર કોઈકે દર્શકને પૂછ્યું, "તમારા જેવા સાક્ષરે આવી અંધશ્રદ્ધાને પોષનારી ઘટના કેમ લખી? શું આવું બની શકે? આવી ઘટના બુદ્ધિશાળીઓને ગળે કેમ ઊતરશે?

દર્શકે કહ્યું, "કેટલીક સૂક્ષ્મ દિવ્ય ઘટનાઓ બુદ્ધિથી પરની હોય છે. આવી ઘટનાઓ કદાચ બુદ્ધિશાળીઓને ગળે ન ઊતરે તો એમાં એની બુદ્ધિનો વાંક છે, ઘટનાનો નહીં. બુદ્ધિશાળીઓએ પોતાની બુદ્ધિને પૂર્વગ્રહ રહિત, વધારે પારદર્શક અને સૂક્ષ્મ બનાવવાની જરૂર છે.

દર્શકે આગળ કહ્યું, "આ અરુણ દવેના પરદાદા મોનજી અદાને ભગવાન શ્રી સ્વામિનારાયણ દર્શન દઈને ધામમાં તેડી ગયા હતા એ સત્ય ઘટના ઉપરથી જ મેં આ પ્રસંગ લખ્યો છે."

નોંધઃ– મોનજી અદાના દીકરા હીરજીને ત્યાં હરિરામ નામે પુત્ર હતો; હરિરામને ચાર પુત્રો હતા, ત્ર્યંમ્બકભાઈ, ભાનુભાઈ, બાલકૃષ્ણભાઈ અને મનુભાઈ દવે. મનુભાઈને ત્યાં શ્રી અરુણભાઈ દવે વગેરે પુત્રો થયા અને શ્રી બાલકૃષ્ણભાઈ દવેને ત્યાં ડૉ. શ્રી પ્રફુલભાઈ દવે વગેરે પુત્રો થયા.

બાલકૃષ્ણભાઈ ગુજરાતના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ હતા. અરુણભાઈ દવે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ રહી ચૂક્યા છે. તેઓ દર્શકના અંતેવાસી હતા અને આજે પણ લોકભારતી-સણોસરાનું સફળ સંચાલન કરી રહ્યા છે. પ્રફુલભાઈ જામનગરના સુપ્રસિદ્ધ ડૉક્ટર છે. અન્ય પરિવારજનો પણ સાહિત્ય અને કલાક્ષેત્રે નામના ધરાવે છે. આખોયે પરિવાર બુદ્ધિજીવી છે, પરંતુ એમની બુદ્ધિ નિષ્ઠારૂપી સુવર્ણ સૂત્રથી ગૂંથાયેલી છે.

સાંઈ મકરંદના પિતાશ્રીનો અક્ષરવાસ

ગુજરાતના શ્રેષ્ઠ કવિ અને ઉચ્ચ આધ્યાત્મિક વ્યક્તિત્વ ધરાવતા સાંઈ મકરંદ વિશે ભાગ્યે જ કોઈ અજાણ હશે. સાંઈ મકરંદના પિતાશ્રીનું નામ વજેશંકરભાઈ હતું અને માતુશ્રીનું નામ વજીબાઈ હતું.

સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને વિવેચક શ્રી સુરેશભાઈ દલાલે સાંઈ મકરંદની સાથેની એક મુલાકાતની પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે. આ મુલાકાતમાં સાંઈ મકરંદે પોતાના પિતાશ્રીના અક્ષરવાસની દિવ્ય ઘટનાની વાત કરી છે. આ સમયે સાંઈ મકરંદની ઉંમર ચોવીસ વર્ષની હતી અને આ દિવ્ય ઘટના એમણે જાતે અનુભવી હતી. જે શબ્દશઃ નીચે પ્રમાણે છે.

“મારા પિતાશ્રી સ્વામિનારાયણના ભક્ત. સાંજની સાયંઆરતીથી શયન આરતી સુધી એક પગે ઊભા રહી, ગુણાતીતાનંદસ્વામીની પ્રસાદી તરીકે ત્યાં એક થાંભલો છે, તેને હાથ લગાડી ત્રણ કલાક સુધી માળા ફેરવે.”

“એમની અનન્ય ભક્તિને કારણે એમને અનાવરણ દૃષ્ટિ મળી હતી, આવરણ હઠી ગયું હતું. કેટલીક વાતો ચમત્કારિક છે, પરંતુ ચમત્કારનો પુરસ્કાર શું? છતાં એમની સાથે કેટલીક વાતો જીવનમાં વણાઈ ગઈ છે એટલે કહ્યા વગર રહેવાતું નથી. એમનું અવસાન થયું તે અરસામાં સુગંધ ફેલાયેલી રહેતી. આખું વાતાવરણ મહેક મહેક થઈ જતું.”

હું પૂછતો: “બાપુજી, આ મહેક શાની?”

તો કહે: “હું જવાનો છું ને! દિવ્યસત્ત્વો આવે એટલે આવું થાય.”

મેં પૂછ્યું: “તમારી કંઈ ઇચ્છા છે?”

“હા, એક ઇચ્છા છે. મારે ધર્મજીવનદાસજીને મળવું છે.”

ધર્મજીવનદાસજી સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ છે. હજી જીવંત છે. એ એમના મિત્ર. મેં કહ્યું: “એ ફરતા હોય એટલે અત્યારે ક્યાં હોય તેની કેમ ખબર પડે?”

બાપુજી કહે: “તેં પૂછ્યું એટલે મેં કહ્યું. શું કરવા ચિંતા કરે છે?”

બીજે દિવસે સવારે મેં ધર્મજીવનદાસજીને આવતા જોયા. હું સામે ગયો. મને તેમણે કહ્યું: “હું તો મારા ભાઈને ભાતું બંધાવવા આવ્યો છું.” તેઓ બાપુજી પાસે આવ્યા.

કહ્યું: "ભાઈ, બહુ બીમાર પડી ગયા છો?"

બાપુજી કહે: "ઘોડો બીમાર છે. અસવારને શું છે?"

બીજે દિવસે બાપુજીએ મને બોલાવ્યો. કહે: "હું અકિંચન બ્રાહ્મણ છું. મારી પાસે કશું નથી. હું તને ત્રણ વસ્તુ આપું છું: જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય. જીવની જેમ સાચવજે. ગુમાવીશ નહીં." એમના છેલ્લા શબ્દો હતા: 'चिदानन्द रूपः शिवोहम् ।'

આનંદ આપ્યો અતિ ઘણો રે....

શાસ્ત્રકારોએ પૃથ્વી ઉપર પરમાત્માના અવતરણના અનેક હેતુઓ લખ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં અવતરણનો એક અનોખો હેતુ જણાવ્યો છે. તેઓ વચનામૃતમાં કહે છે કે, "પૃથ્વી ઉપર ભગવાનના અવતાર થાય છે તે ભક્તોને લાડ લડાવવા માટે થાય છે."

ભગવાનના અવતરણનો મુખ્ય હેતુ ભક્તોને આનંદ આપવાનો છે અને ગૌણ હેતુ અસુરોનો સંહાર તેમ જ ધર્મની સ્થાપનાનો છે અને એ ધર્મ પણ માત્ર વર્ણાશ્રમ ધર્મ નહિ પરંતુ ભાગવત ધર્મ.'

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અવતરણમાં આ હેતુ સંપૂર્ણ રીતે સિદ્ધ થયો હતો. એમણે અસુરોને મારવા કરતાં આસુરીવૃત્તિઓને મારવાનું વધારે પસંદ કર્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સહજ આનંદનો સાગર હતા, એટલે તેઓનું બીજું નામ 'સહજાનંદસ્વામી' હતું. જેમ 'સ્વામિનારાયણ' નામ પ્રસિદ્ધ છે, એ જ રીતે 'સહજાનંદસ્વામી' નામ પણ એટલું જ પ્રસિદ્ધ છે.

આનંદસાગર સહજાનંદસ્વામીએ પોતાના સંતો અને ભક્તોને લાડ લડાવી આનંદ આપવામાં કશી જ ઊણપ રાખી ન હતી. જેમ વરસાદ પક્ષપાત વિના વરસે છે, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે જાત-કુજાત, ઊંચ-નીચ, રાજા-રંક જોયા સિવાય આનંદની વર્ષા કરી હતી અને આશ્રિતોની ભવોભવની ભૂખ ભાંગી નાખી હતી.

નિષ્કુળાનંદસ્વામી લખે છે કે...

આનંદ આપ્યો અતિ ઘણો રે,
આ સમામાં અલબેલ, પુરુષોત્તમ પ્રગટી રે...
અષાઢી મેઘે આવી કર્યાં રે,
જાજા બીજા ઝાકળ, પુરુષોત્તમ પ્રગટી રે... ||૧૬||
દુર્બળનાં દુઃખ કાપિયાં રે,
ન જોઈ જાત કુજાત, પુરુષોત્તમ પ્રગટી રે....||૧૮||

પુરુષોત્તમ પ્રકાશ–૫૫

આનંદસાગર સહજાનંદસ્વામી પોતાના ભક્તજનોને અનેક રીતે સુખ આપતાં.

ઝૂલા ઉત્સવ આવે ત્યારે સંતો-ભક્તો મહારાજને ભાત્ય-ભાત્યના ફૂલોના હિંડોળે ઝૂલાવતાં. રંગોત્સવ આવે ત્યારે મહારાજ સંતો-ભક્તો સાથે રંગે રમતાં, પિચકારીઓ ભરી ભરીને કેસરિયા રંગની ઝડીઓ વરસાવતાં, ન માત્ર રંગથી, હૃદયના ભાવથી સર્વને ભીંજવી દેતાં. રાસોત્સવના પ્રસંગે નાના-મોટા સર્વને એક સાથે સમૂહમાં રાસ રમાડી રસતરબોળ કરતાં.

પંક્તિમાં આગ્રહ કરી કરી પીરસી સર્વને સંતૃપ્ત કરતાં. થાળની પ્રસાદી આપતાં, છાતીમાં ચરણારવિંદ આપતાં, બાહુપાશમાં ભીડીને ભવોભવની ભૂખ ભાંગતાં, નાનામાં નાના ભક્તના ભાવને અંગીકાર કરતાં.

સભામાં ગહન જ્ઞાનવાર્તાઓ પણ કરતાં અને હાસ્યના સાગરમાં નિમગ્ન પણ કરતાં. આ રીતે સહજાનંદસ્વામીએ પોતાના ભક્તોને લાડ લડાવી આનંદ આપવામાં કશી જ મણા રાખી ન હતી. સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ આનંદસાગર સહજાનંદસ્વામીના મહિમાનું ગાન કરતાં અદ્‌ભુત પદની રચના કરી છે...

સહજાનંદ સિંધુ રે આજ મારે ઊલટ્યા રે, ભાંગી મારી ભવોભવની ભૂખ;
કંગાલપણું રે બાઈ મારું કાઢિયું રે, દૂર કીધું દારિદર ને દુઃખ... સહ..૧

આનંદની લે'રું રે એમાં અતિ ઘણી રે, મરજીવા કરે છે માંયે મોજ;
મૂઠડીને ભરી રે જેણે મુક્તાફળની રે, ભાંગી બેઠા જન્મ-મરણ ભોજ...સહ..૨

નવ નિધિની રે નથી મારે વાંછના રે, સિદ્ધિ તે સામું શીદ હવે જોય;
સર્વેનું કારણ રે મળિયા ચિંતામણિ રે, હવે જે જે ચિંતવીયે તે હોય...સહ..૩

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં ભક્તોને આ લોકમાં પણ સુખિયા કર્યાં હતાં અને પરલોકમાં પણ સુખિયા કર્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું દર્શન અને ધ્યાનનાં અલૌકિક આનંદને માણીને હજારો ભક્તજનોના અંતરમાંથી વિષયસુખ હરામ થઈ ગયાં હતાં.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે, 'परं दृष्ट्वा निवर्तते' (भगवद् गीता–अ–२, श्लोक–५९) ઉત્તમ ભવનોમાં નિવાસ કરનારાઓને ઝૂંપડપટ્ટીમાં રહેવાનું મન થતું નથી. નિર્મળ નીરનું પાન કરનારા મનુષ્યોને ગટરના ગંદા પાણી પીવાનું મન થતું નથી. એ જ રીતે ઉત્કૃષ્ટ સુખનો અનુભવ થાય છે ત્યારે નિકૃષ્ટ સુખો સહેજે છૂટી જતાં હોય છે.

ભગવતી શ્રુતિ કહે છે કે, अश्व ईव रोमाणि विधूय ॥ (छान्दोग्योपनिषद्, ८–१३–९) અશ્વનાં ખોટા રૂંવાડાં ખબરેય ન પડે અને ખરી જાય, એ જ રીતે સહજાનંદસ્વામીના સ્વરૂપનો આનંદ માણનારાઓનો સંસાર ખરી જતો હતો.

પ્રેમસખી પ્રેમાનંદ લખે છે...

'વ્હાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ.'

ઉત્સવ-સમૈયાની જુગલબંધી

ભારતીય સંસ્કૃતિ ઉત્સવપ્રધાન સંસ્કૃતિ રહી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ભાગવત ધર્મના પ્રચાર માટે વિવિધ રીતો અપનાવી હતી. એમાંની એક મહત્ત્વની રીત હતી ઉત્સવ-સમૈયાઓનું આયોજન.

મહારાજે ગઢપુરને ઉત્સવભૂમિ બનાવી હતી. ગઢપુરની આસપાસમાં સારંગપુર, કારિયાણી વગેરે અનેક ગામોમાં મહારાજ અવારનવાર ઉત્સવ-સમૈયાઓ કરતાં રહેતાં હતાં. ન માત્ર કાઠિયાવાડ, પરંતુ સમસ્ત મહાગુજરાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉત્સવ-સમૈયાઓના અભૂતપૂર્વ પ્રવાહો વહેતા કર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની આ ઉત્સવપ્રિયતાને જોઈને લોકો તેમને 'ઉત્સવિયા ભગવાન' કહેતા હતા.

ભારતીય સંસ્કૃતિમાં પર્વના પ્રસિદ્ધ દિવસોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભવ્ય ઉત્સવોનું આયોજન કરતા. એકાદશી મહોત્સવ, પૂર્ણિમાના મહોત્સવ, દીપાવલી મહોત્સવ, અન્નકૂટ મહોત્સવ, પ્રબોધિની મહોત્સવ, વસંત મહોત્સવ, શિવરાત્રિ મહોત્સવ, હોળી-ધૂળેટીના દિવસોમાં રંગ મહોત્સવ, ફૂલડોલ મહોત્સવ, ચૈત્ર માસમાં રામનવમી મહોત્સવ, શ્રાવણ માસમાં જન્માષ્ટમી મહોત્સવ, ભાદરવા માસમાં જળઝીલણી મહોત્સવ, આશ્વિન માસમાં નવરાત્રિ-દશેરા અને શરદપૂર્ણિમાના મહોત્સવ.

આ રીતે આખું વર્ષ ઉત્સવોની હારમાળા ચાલુ રહેતી અને આવા ઉત્સવોના માધ્યમથી મહારાજ અષાઢી મેઘની જેમ પોતાનો આનંદરસ વરસાવતા રહેતા.

આ મહોત્સવોની સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ સમૈયાઓનું પણ આયોજન કરતા. ઉત્સવ એકાદ-બે દિવસ હોય, જ્યારે આ સમૈયાઓ અનેક દિવસો સુધી ચાલતા.

આજની ભાષામાં 'સમૈયા' એટલે મહાસંમેલન કે મહાપરિષદ પણ કહી શકાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉત્સવ અને સમૈયાઓની અદ્ભુત જુગલબંધી સર્જી હતી.

ભારતની ભાતીગળ લોકસંસ્કૃતિમાં મેળાઓનું આગવું સ્થાન રહ્યું છે. આ મેળાઓએ લોકસંસ્કૃતિને ધબકતી રાખી છે.

નાના હોય કે મોટા, બાળક હોય કે વૃદ્ધ, સ્રી હોય કે પુરુષ મેળાની મજા માણવાનું સર્વને મન થાય. હજારો લોકો મેળામાં ભેળા થાય, મોજ માણે અને વિખરાઈ જાય. મેળાની મોજ માનવીના મનને હળવાફૂલ કરી નાખે!

નાના-મોટાના ભેદ ભુલાવી મનનો મેળાવો કરાવે એ મેળો.

કુશળ કારીગર હળવે હાથે શિલ્પને અનોખું રૂપ આપે, એ જ રીતે ભગવાન શ્રી

સ્વામિનારાયણે પોતાની અનોખી હથરોટીથી આ મેળાઓને સમૈયામાં ફેરવી નાખ્યા હતા.

મેળામાં મજા તો મળતી જ હતી, પરંતુ સત્સંગ ખૂટતો હતો; પરિણામે એ મનમુખી મજા મનની ભૂમિકાને ભેદી શકતી ન હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમૈયાઓએ એ ખોટ પૂરી દીધી હતી.

આ સમૈયાઓમાં દૂર દૂર દેશાંતરથી ભક્તોના સંઘો ભેળા થતા, પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન-પૂજન કરીને નરનારીઓ ધન્ય બનતાં, ભક્તજનો ભગવાનને ભેટ ધરવા માટે ભરતકામવાળા ભાતભાતના પોષાકો અને અલંકારો લાવતાં.

ભક્તોના ભાવને પૂર્ણ કરવા મહારાજ આ વસ્ત્ર-અલંકારો ધારણ કરતાં પણ પછી તુરત જ જરૂરિયાતમંદોને આપી દેતાં. પોતે તો સદૈવ સાદા, શાંત, શ્વેત વસ્ત્રોને જ પસંદ કરતા.

ભોજનમાં પણ એવું જ હતું. જે પદાર્થ સ્વાદિષ્ટ જણાય એ બીજાને જમાડી દેતા. પ્રસંગે પ્રસંગે દેશદેશના ભક્તો એમની પાસે મેવા-મીઠાઈ અને પકવાનોના ગંજ ખડકતા. મહારાજ એમાંથી સ્હેજ સ્વીકારી સર્વને વહેંચી દેતા. જે પદાર્થના વખાણ થાય, એનો ત્યાગ કરી દેવાનો એમનો સ્વભાવ હતો.

આ ઉત્સવ-સમૈયાઓમાં ગવૈયાઓ ગાન કરતા. ભૂજના ગંગારામ મલ્લની મલ્લ-મંડળીઓ કુસ્તીના અવનવા દાવો રમતી. કાઠીઓ ઘોડાઓ ખેલવતા અને તલવારની પટ્ટાબાજીના દાવો રમતા. વિવિધ પ્રદેશોની રાસ-મંડળીઓ રાસની રમઝટ બોલાવતી. ગામેગામની ભજન-મંડળીઓ ઠેર ઠેર ધૂન-ભજન-કીર્તનની ઝકોળ બોલાવતી. આ સાત્ત્વિક આનંદ-પ્રમોદનું કેન્દ્ર તો મહારાજનો રાજીપો મળે એ જ રહેતું.

સાધુ-સંતો નાનાં નાનાં વૃંદોમાં વહેંચાઈ જતા, હરિભક્તોની મંડળીઓને સત્સંગનું અમૃત પાતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં રોજ રોજ સભાઓ ભરતા; જુદા જુદા વિષયો ઉપર જ્ઞાનવાર્તાઓ કરતા; પરસ્પર પ્રશ્નોત્તર થતાં; જિજ્ઞાસુઓની જિજ્ઞાસાના સમાધાન મળતા.

મેળાની ક્ષણિક મોજને બદલે આ સમૈયાઓમાં આત્મા અને પરમાત્માનો અખંડ આનંદ પ્રગટતો. ઘાંચીના બળદની જેમ મેળામાં ગોળ-ગોળ ફરતી જિંદગીને સાચી દિશા જડતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ ઉત્સવ-સમૈયાઓ 'ઓપન યુનિવર્સિટી'નું કાર્ય કરતા અને એક જ સ્થળે, એક જ સમયે, હજારો લોકોના જીવનમાં સદાચારના વાવેતર થઈ જતાં. ભાગવતધર્મના પાયાઓ સુદૃઢ કરવામાં આ ઉત્સવ-સમૈયાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

કાર્તિકી સમૈયામાં અન્નકૂટ મહોત્સવ અજોડ રહેતો. આ પ્રસંગે હજારો હરિભક્તો અને સંતો એકઠા થતા. દૂર દૂર વસતા બહેનોના મંડળો ગઢપુર પધારતાં. શરદપૂર્ણિમા પછી તૂરત જ અન્નકૂટની તૈયારી આરંભાતી. જાતજાતની મીઠાઈઓ અને ફરસાણોનાં ગંજ ખડકાતાં. ભગવાન શ્રીકૃષ્ણ પછી આટલા મોટા પ્રમાણમાં અન્નકૂટ મહોત્સવ કદાચ ક્યાંય નહિ થયો હોય.

અન્નકૂટ મહોત્સવ પછી કાર્તિકી પૂનમ સુધી ચોમાસામાં હેલી મંડાય એમ સત્સંગનો આનંદ રસ વરસતો. વચ્ચે પ્રબોધિની એકાદશીના દિવસે હજારો સંતો-હરિભક્તો નિર્જળા ઉપવાસ કરતા અને આખી રાત્રિ ધૂન-કીર્તન દ્વારા જાગરણ થતું.

સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણમાં આ અન્નકૂટ મહોત્સવનું સુંદર વર્ણન શતાનંદસ્વામીએ કરેલું છે.

સારંગપુરમાં રંગોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણનો હુતાશનીનો સમૈયો પણ એવો જ અજોડ રહેતો. તે દિવસે આજના જેવા રાસાયણિક કે નુકસાનકારક રંગનો જમાનો ન હતો. અસલ દેશી ગુલાલ અને કંકુના ગાડેગાડાં ભરાતાં. કેસૂડાના રંગના મોટા મોટા માટ ભરાતા. માટ એટલે માટીથી બનાવેલા મોટાં વાસણો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પિચકારીઓ ભરી ભરી સંતો અને હરિભક્તો ઉપર રંગની ઝડી વરસાવતા અને સંતો-હરિભક્તો પણ પરસ્પર એકબીજા ઉપર રંગનો વરસાદ વરસાવતા.

રામાવતારમાં અને કૃષ્ણાવતારમાં તીર-કામઠાંની ઝડી વરસતી, ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં પિચકારીઓનો વરસાદ વરસતો!

અબીલ, ગુલાલ અને કંકુના ગોટેગોટાથી આકાશમાં રંગબેરંગી વાદળો છવાયાં હોય, એવી નવલી ભાતો ભરાતી. ઉત્સવમાં પણ મર્યાદા અચૂક રહેતી. પુરુષો પુરુષોની સાથે રંગે રમતા. બહેનો બહેનોની સાથે રમતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુર, સારંગપુર, વડતાલ વગેરે સ્થળોએ ઉજવેલા રંગોત્સવ અદ્‌ભુત અને અજોડ રહ્યા છે.

વિક્રમ સંવત ૧૮૬૮ની સાલ હતી. સારંગપુર દરબાર જીવા ખાચરે ભગવાન શ્રી સ્વામિનારાયણને ભારે ભાવથી હુતાશનીનો સમૈયો કરવા માટે તેડાવ્યા હતા.

આ પ્રસંગે હજારોહજાર સંતો-ભક્તો ભેગા થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે ફલગુ નદી અને ઉતાવળી નદીના સંગમ સ્થળે ભવ્ય રંગોત્સવ કર્યો હતો.

રંગોત્સવ પૂરો થયા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંગમમાં સ્નાન કર્યું હતું. આજે પણ આ સ્થળે પ્રસાદીનો સુંદર અને વિશાળ નારાયણ કુંડ આ પ્રસંગની

ઐતિહાસિક સાક્ષી પૂરતો હોય તેમ વિદ્યમાન છે.

હોળીના ઉત્સવમાં ફગવાં આપવાનો રિવાજ છે. ફગવાંનો અર્થ છે, ખજૂર અને ધાણીનો પ્રસાદ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ દિવસે વિશાળ સભા ભરી હતી. એ વખતે પોતાના ભક્તજનોને અલૌકિક ફગવાં આપ્યા હતા, જે ફગવાંનું વર્ણન નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણિ પ્ર-૬૪ માં આ રીતે કરેલું છે...

અલૌકિક ફગવાં

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી |
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે ||૧||

વળી તમારે વિશે જીવન, ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન |
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ ||૨||

સતસંગી જે તમારા કહાવે, તેનો કે'દિ અભાવ ન આવે |
દેશ કાળ ને ક્રિયાએ કરી, કે'દિ તમને ન ભૂલિયે હરિ ||૩||

કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ |
તમને ભજતાં આડું જે પડે, માગીયે એ અમને ન નડે ||૪||

એટલું માગીયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે |
વળી ન માગીએ અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ||૫||

કે'દિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન |
કે'દિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ||૬||

કે'દિ દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ |
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષ્યા કાંઈ ||૭||

દેશો મા દેહસુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ |
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ||૮||

દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય |
એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે ||૯||

|| શ્રીહરિએ આપેલ અલૌકિક વરદાન ||

પછી બોલિયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર |
મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ ||૧૦||
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ |
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત ||૧૧||
દીધાં દાસને ફગવાં એવાં, બીજું કોણ સમર્થ એવું દેવા |
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી ||૧૨||

(ભ.ચિં.પ્ર–૬૪)

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તજનોને વરદાન દીધું છે કે, 'અમે જે જે અવતારે કરીને જે જે લીલાઓ કરી હોય, સમૈયા-ઉત્સવો કર્યા હોય, સાધુ-બ્રહ્મચારી-હરિભક્તોને ભેળા કર્યાં હોય, તેને સંભારી રાખવા. કોઈને જો અંત સમયે આની સ્મૃતિ થઈ આવશે, તો અમે તેને અમારા અક્ષરધામમાં તેડી જઈશું.'

ઉત્સવોનું શુદ્ધિકરણ

ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર ઉત્સવો જ નહોતા કર્યાં, ઉત્સવોમાં પેઠેલાં દૂષણોને દૂર કરી ઉત્સવોને શુદ્ધ પણ કર્યા હતા.

ભારતભરમાં હુતાશનીનો ઉત્સવ ભારે પ્રસિદ્ધ છે. આ ઉત્સવ સાથે પ્રહ્‌લાદજીની પાવનકારી કથા જોડાયેલી છે.

કોણ જાણે ક્યાંથી અને એવી રીતે આ ઉત્સવમાં ગોબર અને ગારો ઉડાડવો, જે હાથમાં આવે એને ગધેડા ઉપર બેસાડી ગધ્ધાસ્વારી કાઢવી, બેફામ ગાળ્યો બોલવી વગેરે અનેક પ્રકારની વિકૃતિઓ પેઠી હતી! ગાંડી નદીનો પ્રવાહ જે આડું આવે એને તાણી જાય, એમ આ ગાળ્યોનો પ્રવાહ જે હડફેટે આવે એને તાણી જતો હતો. આમાં નાના-મોટાનો કોઈ ભેદ રહેતો નહિ. હોળીના દિવસે સર્વ કોઈ સર્વ કોઈને ગાળ્યો દઈ શકતું હતું.

આ રીતે બેફામ ગાળ્યો બોલવી, એને લોકોએ 'ફાગ' બોલવાનું રૂપાળું નામ આપ્યું હતું. વાણીની આ વિકૃતિએ સજ્જનતા અને સંસ્કારિતાને ધોઈ નાખ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે હોળીઉત્સવની આ બીભત્સ પ્રવૃત્તિ બંધ કરાવી હતી અને સાત્ત્વિક ભાવે ઉત્સવ ઉજવવાની પ્રથા શરૂ કરાવી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણનો આદેશ હતો કે,'અમારા હરિભક્તોએ ગાળ્ય તો ક્યારેય બોલવી જ નહિ.' આ આદેશને લીધે હરિભક્તોની વાણી શાલીન અને સજ્જનતાભરી બની હતી.

ગામ છોડીશ પણ ગાળ્ય નહીં બોલું!

એક સમયની વાત છે. અમરેલી પાસે પીઠવાજાળ નામનું ગામ છે. અહીંયા કરસન લુહાર રહેતા હતા. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત હતા. તેઓ લુહારનો ધંધો કરી આજીવિકા ચલાવતા હતા.

એ જમાનામાં સઈ, સોની, સુથાર, લુહાર, મોચી, વાળંદ વગેરે 'વહવાયા' ગણાતા. મૂળ તો જાત-જાતનો વ્યવસાય કરવાથી આ લોકો 'વ્યવસાયી' અર્થાત્ પુરુષાર્થી હતા, પરંતુ 'વ્યવસાયી' શબ્દ અપભ્રંશ થઈને 'વહવાયા'માં પરિણામ પામ્યો હતો.

એક વાર હોળીનો દિવસ હતો. લોકો ગાંડાતૂર બન્યા હતા. જેના-તેના ઉપર બેફામ ગાળ્યોનો વરસાદ વરસાવતા હતા. ગધેડાની સ્વારીઓ નીકળતી હતી. ધૂળ-ગારો, કાદવ ઊડી રહ્યા હતા.

સાંજનો સમય થવા આવ્યો હતો. ગામની બહાર થોડા ઊંચા ટેકરા ઉપર હોળીની તૈયારી થઈ રહી હતી. ગામના મુખી અને એના સાગરિતોની મંડળી થોડે દૂર બેઠી હતી.

આ મંડળીમાં ગામના રામજી મંદિરનો પૂજારી પણ હતો. પૂજારી માથાભારે હતો અને ગામગુરુ ગણાતો. એને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે દ્વેષ હતો. સત્સંગીઓને હેરાન કરવામાં કાંઈ કચાશ રાખતો નહિ.

મંડળી જામી હતી, હાંસી-મજાક થઈ રહ્યા હતા, ફાગનો વરસાદ વરસતો હતો. એવામાં કરસન લુહાર ત્યાંથી પસાર થયા. બાવાએ ગામના મુખીને ચઢાવતા કહ્યું, "બાપુ! આ વહવાયો હમણાં બહુ માથાભારે થઈ ગયો છે. સ્વામિનારાયણનો ભગત થયો છે ત્યારથી એના માથામાં એવી રાઈ ભરાણી છે કે, બીજા કોઈનું સાંભળતો નથી. બાપુ! એ તમારુંય નહિ માને."

મુખીએ કહ્યું, "વહવાયું થઈને મારું ન માને એ કેમ બને!"

બાવાએ કહ્યું, "અખતરો કરી જૂઓ. આજે હોળીનો દિવસ છે, તમે ઈ વહવાયા પાસે ફાગ બોલાવો તો તમે ખરા!"

બાવાને ખબર હતી કે, સત્સંગીઓ ક્યારેય ગાળ્યો બોલતા નથી, એટલે આજ એણે આ રીતે કરસન ભગતને લાગમાં લેવાનો કારસો રચ્યો.

મુખીએ કરસન લુહારને નજીક બોલાવ્યા અને કહ્યું, "કરસન! આજ હોળીનો દિવસ છે, તું ફાગ બોલ્ય."

કરસન ભગતે હાથ જોડીને વિનંતીથી કહ્યું, "મુખી! મારાથી ફાગ નહિ બોલાય."

કરસન ભગતે ફાગ બોલવાની ના પાડી એટલે બાપુનો પારો તપવા માંડ્યો.

અગ્નિમાં ઈંધણા ઓરે એમ બાવાએ મુખીને કહ્યું, "જોયુંને બાપુ! મેં કીધું'તું ને! આ લુહાર તમારું નહિ માને."

ગુસ્સે થયેલા મુખીએ ફરીથી કહ્યું, "કરસન! આજે આખું ગામ ફાગ બોલે છે, તો તને શું વાંધો છે?"

કરસન ભગતે કહ્યું, "બાપુ! મારા ઈષ્ટદેવની આજ્ઞા છે, 'ગાળો ન બોલવી' તેથી મારાથી ફાગ નહિ બોલાય." મુખીએ કરસનને ઝુકાવવા લોભ-લાલચનો આશરો લીધો અને કહ્યું, "કરસન! આજ એક દિવસ મારું માન રાખ્ય, જો તું ફાગ બોલીશ તો હું તને દસ મણ બાજરો આપીશ."

કરસન ભગતની નિર્ભીકતા અજોડ હતી. એણે કહ્યું, "મુખી! મારાથી એ નહિ બને."

મુખીએ કહ્યું, "કરસન! એક કળશી(વીશ મણ) બાજરો આપું, ફાગ બોલ્ય."

કરસન ભગતે એ જ નિર્ભીકતાથી કહ્યું, "મુખી! એક નહિ પાંચ કળશી આપો તોય શું! મારી દુકાનમાં જે માલ નથી એ હું તમને ક્યાંથી આપું?"

ભગતની ટેક અડગ હતી. મુખીનો ગુસ્સો સાતમે આસમાને પહોંચ્યો. ગામનો એક વહવાયો ગામના મુખીનું ન માને, એ કેમ ચાલે?

મુખીની પાસે બેઠેલો એક ખુશામતિયો બોલ્યો, "માળા કરસનિયા! ગામના મુખીનું માનતો નથી! ફાગ બોલ્ય નહિ તો જોવા જેવી થશે!"

કરસન ભગતે કહ્યું, "મુખી! તમે બીજું જે કહો તે કરું, પણ ફાગ મારાથી નહિ બોલાય. એક ગામના મુખીને રાજી કરવા માટે હું અનંત બ્રહ્માંડના ધણીને નારાજ નહિ કરી શકું." વધારે પડતી ગરમીથી દાળનું કૂકર ફાટે એમ મુખી તાડૂક્યા, "ગોલકુંના! ગાળ્ય બોલ, નહિતર ગામ છોડવું પડશે!"

કરસન ભગતે પોલાદી હૈયા સાથે જવાબ દીધો, "મુખી! ગામ છોડીશ, પણ ગાળ્ય નહિ બોલું." આટલું કહી કરસન લુહાર ત્યાંથી ચાલતા થઈ ગયા. ભગતની હિંમત દાદ માગી લે તેવી હતી. આખી ટોળી એક સામાન્ય વહવાયાની હિંમત સામે હતપ્રભ થઈ ગઈ!

આ પ્રસંગના પરિણામની કરસન ભગતને ખબર હતી. એમણે ઘેર જઈને ગાડામાં ઉચાળા ભર્યા. દરબારના માણસો આવી ગામ છોડાવે એ પહેલાં જ એમણે ગામ છોડી દીધું અને તરકતળાવ ગામે જઈને વસ્યા.

જે સમયે આમજનતા દબાયેલી અને કચડાયેલી હતી. એ સમયે સામાન્ય ગણાતા માણસમાં આટલી હિંમત જાગવી, એ ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ હતો.

ફટાણાંનો રિવાજ બંધ કરાવ્યો

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરથી ઉદાસ થઈને નજીકના સુખપુર ગામે પધાર્યા હતા. સુખપુરમાં કોઈનો લગ્ન-પ્રસંગ ચાલતો હતો. આ પ્રસંગે જમાનાના રિવાજ પ્રમાણે બહેનો ફટાણાંનાં ગીતો ગાઈ રહ્યાં હતાં. જેમાં જાનૈયા-પક્ષ અને માંડવિયા-

પક્ષની બાઈઓ પરસ્પર એકબીજાને બીભત્સ ગાળો દઈ રહી હતી.

આ ફટાણાં સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશેષ ઉદાસ થઈ ગયા. મહારાજને થયું કે, 'આ તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થયું'

લગ્ન તો પવિત્ર યજ્ઞ છે. લગ્નથી બ્રહ્માજીએ આરંભેલ સૃષ્ટિ રૂપી મહાયજ્ઞ અવિરત ચાલુ રહે છે. લગ્ન માત્ર બે શરીરોનું જોડાણ નથી, લગ્ન બે આત્માઓનું મિલન છે.

પતિ અને પત્ની એકબીજાના પરસ્પર પૂરક અંગો છે.

પુરાણોમાં મિથુની સૃષ્ટિના મૂળની મંગલકારી કથા છે. આ કથા પ્રમાણે બ્રહ્માના એક જ શરીરમાંથી વિભાજન થઈને નર અને નારીનું યુગલ સર્જાયું હતું, જે મનુ અને શતરૂપા નામે પ્રસિદ્ધ થયાં હતાં. મનુ અને શતરૂપા માનવજાતિના આદિ માતા-પિતા હતાં.

ઝાડ-પાન, પશુ-પંખી, માનવ-દાનવ વગેરે સમસ્ત સૃષ્ટિમાં આ મનુ અને શતરૂપા રૂપી પ્રકૃતિ-પુરુષના યુગલની છાયા વિલાસે છે.

મનુષ્ય જાતિ માટે ઉમા-મહેશ, સીતા-રામ, લક્ષ્મી-નારાયણ ગૃહસ્થાશ્રમના ઉત્તમ આદર્શો છે. લગ્નસંસ્થા માત્ર વિષયભોગ માટે નથી પરંતુ વિષયોનો અનુભવ કરી, વિષયોની અસારતા જાણી, વિષયોથી વિતરાગ પામવા માટે છે. પશુઓની પેઠે કેવળ વિષયભોગમાં રમનારા લોકોને ભારતીય લગ્નસંસ્થાનું રહસ્ય સમજાવું મુશ્કેલ છે.

આ પવિત્ર લગ્નસંસ્થાને બીભત્સ ફટાણાંઓથી દૂષિત કરવાની વાત ભગવાન શ્રી સ્વામિનારાયણને રુચિ નહિ. તેઓ પાછા ગઢપુર પધાર્યા. નંદ-સંત કવિઓને ભેગા કર્યાં અને કહ્યું, આજથી તમે ભગવાનને કેન્દ્રમાં રાખીને લગ્નના વિવિધ ઢાળના, લગ્નમાં શોભે તેવાં કીર્તનો રચો.

શ્રીજી મહારાજની આજ્ઞાથી સંતોએ રુક્મિણી-વિવાહ, રાધા-વિવાહ, વૃંદા-વિવાહ વગેરે વિષયોને અવલંબીને સુંદર પદોની રચનાઓ કરી. આ રચનાઓમાં લગ્ન પ્રસંગે ગવાતા સમય સમયના ઢાળનો સમાવેશ થતો હતો.

પરમ વિતરાગી નિષ્કુળાનંદસ્વામીએ 'વૃત્તિ-વિવાહ' નામનો સુંદર નાનકડો ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાં સ્વામીએ જીવની મનોવૃત્તિને કન્યારૂપે અને પરમાત્માને વરરૂપે કલ્પ્યાં છે. વર-કન્યાનું આ રૂપક સાહિત્યનો શણગાર છે.

કન્યાને સખીઓ શણગારે, એ જ રીતે વૃત્તિરૂપી કન્યાને સદ્‌ગુરુ કઈ રીતે શણગારે છે, એનું આમાં રસાળ વર્ણન છે. પરમાત્મા રૂપી વરનો અભૂતપૂર્વ મહિમા વૃત્તિ-વિવાહમાં વ્યક્ત થયો છે.

'વૃત્તિવિવાહ' અદ્‌ભુત ગ્રંથ છે. એમાં લગ્નનો ઉત્કૃષ્ટ ભાવ સમાયો છે. લગ્ન એટલે જીવનું જગદીશ સાથે લગ્ન. લગ્ન એટલે બ્રહ્મ અને પરબ્રહ્મનું મિલન!

આજે પણ સંપ્રદાયમાં વિવાહનાં આ પદો ભાઈઓ-બહેનો ભારે ઉત્સાહથી ગાય છે અને સાત્ત્વિકતાથી લગ્ન મહોત્સવ ઉજવે છે.

લગ્ન સંબંધી કીર્તનોમાં મુક્તાનંદસ્વામીની રચના 'કુંદનપુર વિવાહ રચ્યો' અતિ પ્રસિદ્ધ છે.

કરુણાસાગર મહારાજ

ભગવાન શ્રી સ્વામિનારાયણ કરુણાનો સાગર હતા. કોઈનું દુઃખ તેઓ જોઈ શકતા ન હતા. જીવ-પ્રાણીમાત્રના દુઃખ-દારિદ્રને દૂર કરવા માટે તેઓ સતત કલ્યાણકારી સેવા પ્રવૃત્તિઓ કરતા જ રહેતા હતા.

પ્રેમાનંદસ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના કરુણામય સ્વભાવ વિશે લખતા કહ્યું છે કે,

"અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,
પરદુઃખહારી રે, વારી બહુનામીનો.
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય.
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે.
કરુણાદૃષ્ટિ રે, દેખી વાનજ વાળે."

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે, 'અમે આ શિક્ષાપત્રી સર્વજીવહિતાવહાય અર્થાત્ માત્ર મનુષ્યના જ હિત માટે નહિ, પરંતુ જીવ-પ્રાણીમાત્રના હિત માટે લખી છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ નાના હતા ત્યારે માર્કંડેય મુનિએ તેમનું નામ 'હરિ' પાડ્યું હતું. સર્વ પ્રકારના દુઃખને હરે તે 'હરિ' કહેવાય. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનું હરિ નામ સાર્થક કર્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આશ્રિતોનાં આ લોકનાં દુઃખ પણ હર્યાં હતાં અને જ્ઞાનવાર્તા દ્વારા અનાદિ અજ્ઞાનને દૂર કરી જન્મ-મરણના દુઃખ પણ હરી લીધાં હતાં.

ગાદીએ બેસતાં પહેલાં એમણે ગુરુદેવ પાસે બે વરદાન માગ્યાં હતાં. એક 'તમારા ભક્તના લલાટમાં રામપાત્ર લખ્યું હોય, તો એ મને આવે પણ ભક્તને અન્ન-ધન-વસ્ત્રની ખોટ ન રહે.' બીજું 'તમારા ભક્તને એક વીંછીની વેદના થવાની હોય, તો એને બદલે મને કરોડ વીંછીની વેદના થાય, ભક્તનું શૂળીનું દુઃખ હોય તો કાંટે મટે.'

આ વરદાનો માગીને મહારાજે આશ્રિતોના દુઃખોને પોતાના ઉપર ઓઢી લીધાં હતાં. જિસસે એક શૂળીનું દુઃખ વેઠ્યું હતું, જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે કરોડ કરોડ વીંછીની વેદના સ્વયં માગી લીધી હતી. આના ઉપરથી ભગવાન શ્રી સ્વામિનારાયણ કેટલા કરુણામય હશે! એની સહેલાઈથી કલ્પના થઈ શકે છે.

કરુણાસાગર મહારાજ ક્યારેય ધનસંપત્તિનો સંગ્રહ કરતા નહીં. એમનાં ચરણમાં ભાવિક ભક્તજનો જે જે ભેટ-સોગાદો અર્પણ કરતા, એ ધનસંપત્તિને મહારાજ એ જ સમયે ગરીબોને વહેંચી દેતા; મોટા મોટા યજ્ઞો કરાવતા, હજારો ગરીબ-ગુરબાઓને ભોજન-વસ્ત્રનાં દાન કરતાં, ગરીબ પરિવારની દીકરીઓને પરણાવી કન્યાદાન કરતા, ગરીબ બ્રાહ્મણના છોકરાઓને યજ્ઞોપવિત અપાવતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભૂખ્યાને ભોજન દેવા માટે અનેક સ્થળોએ સદાવ્રતો બંધાવ્યાં હતાં. 'જળ એ જીવન છે', આ વાત ધ્યાનમાં રાખીને ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જગ્યાએ વાવ-કૂવાઓ ગળાવ્યા હતાં અને મોટાં મોટાં તળાવો ખોદાવ્યાં હતાં. કારિયાણીનું તળાવ તથા વડતાલનું ગોમતી તળાવ આજે પણ આ વાતની સાક્ષી પૂરે છે. તેઓ માત્ર સેવા કરવાનો ઉપદેશ જ આપતા ન હતા, સ્વયં પણ સંતો-ભક્તોની સાથે સેવાકાર્યમાં જોડાતા. કૂવા-તળાવો ખોદતી વખતે ગાળના તગારા માથે લેતા; સેવા કરનારાઓને ભેટતા અને એમને પ્રોત્સાહન આપતા.

કાર્ય પૂર્ણ થયે પૂર્ત મહોત્સવો કરી, આવાં કાર્યો કરતાં રહેવાની પ્રેરણા આપતાં. પુરાણોમાંથી રંતિદેવ રાજા જેવા દયાળુ મહાપુરુષોની કથાઓ કહેતા, પરિણામે ભક્તજનોના અંતરમાં કરુણાની સરિતાઓ પ્રગટતી રહેતી.

પોતે જમવા બેઠા હોય અને કોઈ ભૂખ્યાનો અવાજ સંભળાય, તો પોતે ભૂખ્યે પેટે ઊભા થઈ જતા અને તમામ ભોજન-સામગ્રી ગરીબને આપી દેતા.

એમણે શિક્ષાપત્રીમાં ખાસ આદેશ કર્યો છે કે, 'મંદિરમાં આવેલા હરકોઈ અન્નાર્થીને નાત-જાત કે ધર્મ જોયા સિવાય અન્નદાને કરીને સંભાવના કરવી.'

'દૈવી અને માનુષી આપત્તિ વખતે આપત્તિગ્રસ્તોની સેવા કરવી.'

'પાળેલાં પશુઓ માટે પૂરતાં ઘાસ-ચારાનો પ્રબંધ કરવો.'

'ગૃહસ્થોએ પોતાના નોકર-ચાકર વગેરે પોષ્યવર્ગનું પોષણ કરવું.'

લોકોને અન્ન-ધન-વસ્ત્ર પૂરતા પ્રમાણમાં મળી રહે, તેઓની આર્થિક સમૃદ્ધિ વધે, તેવા હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારે કુનેહપૂર્વક વ્યસનમુક્તિ આંદોલન ચલાવ્યું હતું અને એનું ખૂબ જ સારું પરિણામ આવ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર મોક્ષની જ વાતો નહોતી કરી. આ લોકમાં મનુષ્યો અન્ન-ધનથી સુખી રહે એ બાબતને એમણે પ્રાથમિકતા આપી હતી.
કરુણાસાગર મહારાજનો મહિમા વર્ણવતા નિષ્કુળાનંદસ્વામી કહે છે...

સહજાનંદ સિંધુ રે દયાળુ દયા તણા રે,
ઉલટિયા આજ ન રાખી ઓછ;

નિહાલ જો કીધાં રે કંઈક કંગાળને રે,
આપી આપી અધમ જનને જો મોછ... સહ..૧
જેહી નર પાસે રે નો'તી એક નાસરી રે,
જેમ તેમ કરીને ભરતા જો પેટ;
ભૂખ તેની ભાંગી રે લાગી હૂંડી હાલવા રે,
થયા થયા સુખી સભાગિયા શેઠ... સહ..૨

કરુણાસાગર ભગવાન શ્રી સ્વામિનારાયણ દીનબંધુ અને દયાનો સાગર હતા. સેંકડો સુદામા જેવા ગરીબોની ભૂખ ભાંગી એમને ન્યાલ કરી દીધા હતા.

ઓગણોતેરા કાળથી રક્ષા કરી

વિક્રમ સંવત ૧૮૬૯ માં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે અગાઉથી ઠેર ઠેર સૂચનાઓ મોકલીને હરિભક્તોને ચેતવ્યા હતા કે, 'આવતા વર્ષે કાળ પડશે, માટે ઢોર-ઢાંખર, ઘરેણાં, ગાંઠા વેચીને પણ અનાજનો સંગ્રહ કરજો, નહિ તો અન્ન અને દાંતને વેર થશે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ વાત કેટલાકે માની હતી અને કેટલાકે મનુષ્ય સ્વભાવને વશ થઈને માની નહોતી. જેણે વાત માની તે સુખેથી દુષ્કાળ પાર ઊતર્યા હતા; ન માની તે પછતાયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં દાદા ખાચરને આજ્ઞા કરીને ત્રણસો કળશી જુવાર, બસો કળશી બાજરો, સો કળશી તુવેર દાળ અને સો કળશી ચોખાના કોઠાર ભરાવી રાખ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે આગમ ભાખ્યું હતું, એ જ રીતે ભયંકર દુષ્કાળ પડ્યો. ધીરે ધીરે દુષ્કાળની ભયંકરતા વધવા લાગી. પૈસા આપતાંય અન્ન ન મળે, એવી સ્થિતિ થઈ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ કારમા દુષ્કાળના પ્રસંગે શોક પાળ્યો હતો. નખ અને કેશ વધાર્યાં હતાં, સાધુ-સંતોને સૌરાષ્ટ્રથી બહાર સુરત તરફ ફરવા મોકલી દીધા હતા, કે જેથી હરિભક્તો ઉપર બોજો ન પડે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગુપ્ત વેશે ગામોગામ ફરીને સત્સંગીઓની ખબર લેતા હતા અને એમને અનાજ વગેરેની સહાયતા અપાવતા હતા.

એભલ ખાચરને એમણે આજ્ઞા કરી હતી કે, 'શત્રુ-મિત્ર જોયા સિવાય સર્વને અનાજ આપજો, નાત-જાત જોયા સિવાય ગરીબોને જમાડજો.'

સારા માણસને માગવામાં શરમ ન આવે, એટલા માટે મહારાજે ગઢપુરમાં રાત્રિ-સદાવ્રત શરૂ કર્યું હતું. ભૂખ્યાને અન્ન દેવામાં તેઓ કોઈ નાત-જાત, સત્સંગી-બિનસત્સંગી

જોતા નહિ. હરકોઈ અન્નાર્થીને અનાજ આપતા હતા અને દુષ્કાળપીડિત લોકોની સેવા કરતા હતા.

કોઈ કોઈ જગ્યાએ અનાજના અભાવમાં હરિભક્તોને આપઘાતની વેળા આવી હતી, ત્યારે મહારાજે સત્વરે ત્યાં જઈ એમને સહાયતા પૂરી પાડી હતી.

દરબાર જીવા ખાચર સદાવ્રત ચલાવતા હતા, પણ અનાજ થઈ રહ્યું. આબરૂ જવાની બીકે તેઓ અફીણ ઘોળી મરવા તૈયાર થયા. એમના દીકરી અમૂલાબાએ મહારાજને સમાચાર મોકલ્યા.

મહારાજે તાબડતોબ જુવારના ગાડાં ભરાવીને જીવા ખાચરને ત્યાં મોકલ્યા હતા અને આપઘાતમાંથી ઉગારી લીધા હતા. એ જ રીતે મેથાણના દરબાર કાકાભાઈને જેતલપુરથી અનાજ પૂરું પડાવ્યું હતું. આમ, સેંકડો જગ્યાએ ભગવાન શ્રી સ્વામિનારાયણે દુષ્કાળપીડિતોની સહાયતા કરી હતી.

સુંદર ભક્ત સૌભીર દેશે

ભગવાન શ્રી સ્વામિનારાયણનું વિચરણ અવિરત ચાલુ રહેતું હતું. દેશ-પ્રદેશના ભક્તજનોના મનોરથો પૂર્ણ કરવા માટે અને એમના અંતરમાં ભાગવતધર્મના મૂળ મજબૂત કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા એમના સંતો રાત્રિ-દિવસ જોયા સિવાય વિચરણ કરતા જ રહેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભાડેરના રાજબાઈને કોલ આપ્યો હતો કે, 'અમે અવારનવાર મૂળી પધારતા રહેશું.' આ વચનને પરિપૂર્ણ કરવા માટે મહારાજ અવારનવાર મૂળી પધારતા રહેતા હતા. મૂળી પ્રાચીન તીર્થ છે. હજારો વર્ષ પહેલા અહીં ભગવાન દત્તાત્રેયનો આશ્રમ હતો. ભગવાન દત્તાત્રેયે ગિરનારના ઊંચા શિખર ઉપર તપશ્ચર્યા કરી, પછી આ સ્થળને પોતાની સાધના ભૂમિ બનાવ્યું હતું.

મૂળીના પાદરમાં અલર્ક વાવ છે, જે ખૂબ પુરાતનીય છે. ભગવાન દત્તાત્રેયની આજ્ઞાથી મહારાજ અલર્કે આ વાવ ગળાવી હતી, એમ મનાય છે. મહારાજા અલર્ક ભગવાન દત્તાત્રેયના શિષ્ય હતા. સ્વભાવે ભારે ઉદાર હતા. એક સમયે એમણે એક અંધ વિપ્રને પોતાની આંખોનું દાન કરી દીધું હતું. એમની ઉદારતાને લીધે ભગવાન દત્તાત્રેય પ્રસન્ન થયા હતા અને રાજાને દિવ્ય નેત્રો આપ્યાં હતાં.

એક સમયે પશ્ચિમ ભારતની રાજધાની દ્વારિકા અને ઉત્તર ભારતની રાજધાની મથુરા વગેરે નગરોને જોડતો રાજમાર્ગ અહીંથી પસાર થતો હતો. ભગવાન શ્રીકૃષ્ણ આ માર્ગેથી અવારનવાર પસાર થતા અને અલર્ક વાવે વિસામો લેતા.

મૂળીમાં ભગવાન શ્રી માંડવરાયજીનું અતિ પ્રાચીન મંદિર છે. માંડવરાયનો મૂળ શબ્દ 'માર્તંડરાય' છે.

સૃષ્ટિના આરંભકાળે ઘનઘોર અંધકારથી ભરેલી ત્રિલોકી મૃતઃપ્રાય હતી. ભગવાન આદિત્યે અર્થાત્ સૂર્યનારાયણે આ મૃતઃપ્રાય વિશ્વને પોતાના પ્રકાશથી જીવંત બનાવી, માટે ભગવાન આદિત્ય 'માર્તંડરાય' કહેવાયા.

ભગવાન શ્રી સૂર્યનારાયણ મૂળીમાં માંડવરાય રૂપે બિરાજે છે. મૂળીના સૂર્યવંશી ક્ષત્રિયો માટે માંડવરાયજી આરાધ્ય ઈષ્ટદેવ ગણાય છે.

સમય જતાં રાજબાઈને ત્યાં બે દીકરાઓ થયા. બંને સારા સત્સંગી થયા. મૂળીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિર થાય એ માટે રાજબાઈ તથા દરબાર રામસિંહજીએ વિશાળ જમીન અર્પણ કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અંતર્ધાન થયા બાદ સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીએ અહીં ભવ્ય શિખરબંધ મંદિર બંધાવ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા એમના પવિત્ર સંતોના વિચરણથી મોટા ભાગનો ઝાલાવાડ પ્રદેશ સત્સંગના રંગથી રંગાઈ ચૂક્યો હતો.

પ્રાચીન સમયમાં ઝાલાવાડ દેશ 'સૌભીર' નામે પ્રસિદ્ધ હતો.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ સૌભીર દેશના ભક્તોને બિરદાવતા કહ્યું છે કે...

સુંદર ભક્ત સૌભીર દેશે, જેના અતિ મન ઉદાર ।
તન મન ધન તુચ્છ કરી, હરિ ભજી ઊતર્યા પાર ॥૧॥ (ભ.ચિં.પ્ર–૧૧૭)

સૌભીર દેશમાં મૂળી, હળવદ, ધ્રાંગધ્રા, વણા, કંથારિયા, મેથાણ, શિયાણી, દેવળિયા, તાવી, ભલગામડા, વઢવાણ, મેમકા, ખોડલિયાદ, લીંબડી, ભદ્રેશી સત્સંગના ગઢ ગણાતા. એમાં પણ વઢવાણ, હળવદ અને શિયાણી વિદ્વાન બ્રાહ્મણોના ગઢ હતા. આ બ્રાહ્મણોએ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનેક પ્રકારની પરીક્ષાઓ લીધી હતી, પછી જ તેઓએ સત્સંગ સ્વીકાર્યો હતો.

એક વાર વઢવાણના બ્રાહ્મણો ભેગા થઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે આવ્યા અને કહ્યું, "સ્વામિનારાયણ! તમે અમને વેદના બાર મહાવાક્યોનો યથાર્થ અર્થ કહી દેખાડો, તો અમે તમને શાસ્ત્રવેત્તા માનીએ."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "વિદ્વાનો! કોઈ વેદના ચાર વાક્યોને મહત્ત્વ આપે છે, કોઈ વેદના બાર વાક્યોને મહત્ત્વ આપે છે. અમારા મતે તો વેદની બધી જ ઋચાઓ મહાવાક્યો છે, કારણ કે સંપૂર્ણ વેદ ભગવાન નારાયણની વાણી છે. છતાં તમે બાર વાક્યોના અર્થ પૂછો છો તો એ અર્થ તો અમારા આ બાર વિદ્વાન સંતો તમને સમજાવશે."

આમ કહી મહારાજે પોતાના પરમહંસોની સામે દૃષ્ટિ કરી. મહારાજનો સંકેત સમજીને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી વગેરે મહાન સંતોએ ક્રમશઃ બાર વાક્યોના યથાર્થ અર્થ સમજાવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોની વિદ્વત્તા જોઈને વઢવાણના બ્રાહ્મણો આશ્ચર્યચકિત થઈ ગયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "વિદ્વાનો! સંગીત પણ સામવેદનું સંતાન છે. આ અમારા કવીશ્વર ભૂમાનંદસ્વામી તમને કાવ્યશાસ્રના નવેનવ રસને યથાર્થ સમજાવશે.

મહારાજની આજ્ઞાથી ભૂમાનંદસ્વામીએ નવ રસની અદ્ભુત છણાવટ કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સીધાસાદા દેખાતા સંતોનો જ્ઞાનવૈભવ જોઈને વઢવાણના વિદ્વાનોના દિલ ઝૂકી ગયાં હતાં. વાત આટલેથી અટકી નહીં, ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "વિદ્વાનો! લ્યો હવે અમે તમને સર્વ વેદશાસ્રનો સાર નજરે બતાવીએ." આમ કહીને મહારાજે બ્રાહ્મણોને સમાધિ કરાવી પોતાનાં દિવ્ય સ્વરૂપના દર્શન કરાવ્યાં હતાં.

મહારાજનો પ્રૌઢ પ્રતાપ અને આ દિવ્ય અનુભૂતિને લીધે વઢવાણના બ્રાહ્મણોએ સત્સંગ સ્વીકાર્યો હતો.

શિયાણીના મહા વિદ્વાન શિવરામ વિપ્રે પોતાની વિદ્વત્તાના પ્રભાવે શિયાણીના વિદ્વાનોને સત્સંગ કરાવ્યો હતો.

એક વાર હળવદના ચૌદ બ્રાહ્મણો ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષા કરવા આવ્યા હતા. એમણે પોતાના મનમાં જુદા જુદા વેદની એક એક ઋચા ધારી હતી અને સંકલ્પ કર્યો હતો કે 'જો સ્વામિનારાયણ આપણાં નામ લઈને આપણી ધારેલી ઋચા આપણી પાસે બોલાવે, તો આપણે એમને ભગવાન માનવા.'

અંતર્યામી ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રત્યેક વિદ્વાન બ્રાહ્મણનું નામ લઈને એણે ધારેલી ઋચા બોલવાનું કહી, હળવદના બ્રાહ્મણોના મનોરથ પૂર્ણ કર્યાં હતા; પરિણામે ભારે આશ્ચર્યચકિત થઈને હળવદના બ્રાહ્મણોએ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય સ્વીકાર્યો હતો.

આ રીતે ઝાલાવાડનો બહુ મોટો વિદ્વદ્વર્ગ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત થયો હતો.

મઝધારે કોરા રહ્યા!

ઝાલાવાડ પ્રદેશમાં વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મૂળી થઈને મેથાણ પધાર્યા હતા. મેથાણ મુક્તોની ખાણ ગણાતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં આ એક જ ગામમાંથી સોળ સોળ મહાન સંતો થયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સુંદરજી સુથારનો અહંકાર દૂર કરવા અઢાર પરમહંસો કર્યાં હતા, એમાંના અજા પટેલ મેથાણ ગામના હતા.

મેથાણના ગામધણી દરબાર કાકાભાઈ તથા પુંજાજી, વિપ્ર દેવરામ તથા કૃષ્ણજી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. મેથાણમાં ભગવાન શ્રી ચતુર્ભૂજનું ખૂબ પ્રાચીન મંદિર છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને ધાર્મિક સમરસતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સંસારમાં હોય છતાં જળકમળવત્ રહેતાં હોય, એવું એક યુગલ મેથાણમાં રહેતું હતું. ગોવિંદરામ અને અમરબાઈ એમનાં નામ હતાં. ગોવિંદરામ અને અમરબાઈ ભગવાન સ્વામિનારાયણનાં અનન્ય ભક્ત હતાં.

જે સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ મેથાણ પધાર્યા, એ જ સમયે જુવાન ઉંમરના ગોવિંદરામ અને અમરબાઈના લગ્ન થયેલાં. બંને વરઘોડિયા મહારાજનાં દર્શને આવ્યાં. ગોવિંદરામ વરરાજાના વેશમાં હતા, હાથે મીંઢળ બંધાયેલ હતું. અમરબાઈને માથે મોડ અને પરણ્યાનું પાનેતર શોભી રહ્યું હતું. બંને જણાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરી વંદન કર્યાં. વંદન કરી રહેલા નવદંપતીને જોઈને મહારાજના મુખમાંથી અચાનક વેણ નીકળ્યું, “ગોવિંદરામ! અમરબાઈ! તમે તો બંને જણ બહેન-ભાઈ જેવા લાગો છો!” મહારાજનાં આ વેણ સાંભળી સભામાં બેઠેલા સર્વને આંચકો લાગ્યો.

કોઈને થયું, “મહારાજ આ શું બોલે છે?”

કોઈને થયું, “મહારાજને લોકવ્યવહારનું ભાન નથી.”

કોઈ અખતર ડાહ્યાએ કહ્યું, “મહારાજ! એ વરઘોડિયા છે, એને બહેન-ભાઈ ન કહેવાય!”

મહારાજે મનોમન હસતાં હસતાં આ અજ્ઞાનીઓની વાત સાંભળી ન સાંભળી કરી. માછલાઓ સાગરના તળિયા માપી ન શકે, એમ અજ્ઞાનીઓ મહાપુરુષોનાં માપ કાઢી શકતા નથી. બધા જાતજાતના તર્ક-વિતર્ક કરતા હતા, પરંતુ ગોવિંદરામ અને અમરબાઈની વાત સાવ જૂદી હતી! એમના માટે તો નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે તેમ....

“સદ્‌ગુરુ શબ્દની શારડી ઊતરી આરમપાર,
આતમરામ ઓળખાવિયા, અક્ષરાતીત આ વાર,
મને મળિયા–પુરુષોત્તમરાય, રોક્યો કે’નો નવ રહું.”

મહારાજના શબ્દે બંનેના અંતર વીંધાઈ ગયાં અને બંને જણાએ સંકલ્પ કર્યો, “મહારાજે બહેન-ભાઈ કહ્યા, તો આજથી આપણે બહેન-ભાઈ.”

ગોવિંદરામ અને અમરબાઈએ આખી જિંદગી છેડાવ્રત પાળ્યા! એક ઘરમાં સાથે રહીને બ્રહ્મચર્યવ્રત રાખ્યું! સામાન્ય સંસારીઓના દિમાગમાં ઊતરે નહિ એવી આ વાત છે.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદા ખાચરના દરબારગઢમાં સંતો-ભક્તોની સભા ભરીને બિરાજમાન હતા અને હાથમાં રહેલા ગુલાબનાં ફૂલને રમાડી રહ્યાં હતાં અને વારંવાર સૂંઘી રહ્યાં હતાં.

શ્રીજી મહારાજના રહસ્યમય સ્વભાવથી પરિચિત સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન કર્યો, “મહારાજ! આજે તો તમે ગુલાબના ફૂલ ઉપર ખૂબ વહાલ વરસાવી રહ્યા છો!”

મહારાજે મંદ સ્મિત સાથે કહ્યું, “હા, સ્વામી! આ ગુલાબનું ફૂલ સાધારણ નથી, આમાંથી તો ગોવિંદરામ અને અમરબાઈના વૈરાગ્યની સુગંધ પ્રસરી રહી છે.”

વાતને આગળ વધારતા મહારાજે માર્મિક ટકોર પણ કરી, “સ્વામી! તમે સાધુસંતો તો કાંઠે બેસીને કોરા રહ્યા, પરંતુ અમારા ગોવિંદરામ અને અમરબાઈ તો સંસારની મઝધારે રહીને કોરા રહ્યા. અમારાં અરધાં વેણે એમણે આજીવન બ્રહ્મચર્યનાં વ્રત લીધાં.”

“સ્વામી! સાથે રહીને નિર્વિકાર રહેવું એ તો ભવ-બ્રહ્માદિકથી પણ શક્ય નથી, આવું તો કોઈક વિરલા જ કરી શકે!”

સભામાં બેઠેલા સૌ કોઈ ગોવિંદરામ અને અમરબાઈને મનોમન વંદી રહ્યાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તજનોના અંતરમાં આધ્યાત્મિક સમૃદ્ધિને વધારવા માટે કોઈ આંટીઘૂંટીભરી જટિલ વિધિઓ વિકસાવી ન હતી. ભજન-સ્મરણ, પંચવ્રતોનું પાલન, પ્રત્યક્ષ પરમાત્માની મૂર્તિનું ધ્યાન અને વિશેષ તો એકાંતિક સદ્‌ગુરુઓના સમાગમે કરીને સેંકડો જીવ અષ્ટાંગ યોગની સમાધિને પણ આંટી મારે એવી જ્ઞાન અને પ્રેમની સમાધિને પામ્યા હતા. સંસારમાં રહેવા છતાં પણ એમના જીવન વિતરાગથી ભરપૂર હતા. ગીતાના અનાસક્તિયોગની સ્થિતિ એમણે સહજતાથી પ્રાપ્ત કરી હતી.

વાઘરી વૈષ્ણવ થયો!

ભગવાન શ્રી સ્વામિનારાયણના મનમાં રાજા અને રંકનો ભેદ નહોતો. તેઓ મોટા-મોટા રાજાઓના રાજભવનોમાં ઉતારા કરતા અને એટલી જ સહજતાથી ગરીબમાં ગરીબ ભક્તજનોની ઝૂંપડીઓને પાવન કરી એમના ભાવને પૂર્ણ કરતા હતા.

ઝાલાવાડના લીંબડી ગામે એક વાઘરી વસતો હતો. નામ સગરામો હતું. સગરામો શાકભાજી ઉછેરતો, માછીમારી કરતો, શિકાર કરી ગુજરાન ચલાવતો. શિકારી કૂતરા પાળી લીંબલીના ઠાકોરસાહેબને ભેટ આપતો અને લીંબડીના ઠાકોરસાહેબ એને દાણા-દૂણી આપી રાજી કરતા. આ સગરામા વાઘરીની ઝૂંપડીને ભગવાન શ્રી સ્વામિનારાયણે પાવન કરી હતી.

વાત એમ બની હતી, કે એક વાર ઝાલાવાડની ધરતીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો વિચરી રહ્યા હતા. સગરામા ઉપર ભગવાનની કૃપા થઈ. સગરામાને પવિત્ર સંતોનો જોગ થયો.

સંતોએ સગરામાને સમજાવ્યો, 'સગરામા! પાશેરના પેટના ખાડાને પૂરવા માટે જીવડાં મારી પાપના પોટલાં ન બંધાય! સગરામા! આજ નહિ તો કાલ, કરેલાં કર્મના બદલા ભોગવવાં જ પડે છે. તું આ બધાં કર્મો છોડી દે. પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થા, એની કંઠી બાંધી પાંચ નિયમ ધારણ કર. સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કર, તારો બેડો પાર થઈ જશે.'

સંતોની સીધી-સાદી વાણી સગરામાના દિલ સોંસરવી ઊતરી ગઈ. એણે કંઠી બાંધી, નિયમો ધાર્યા, વ્યસનો અને જીવહિંસા છોડી દીધી, સ્નાન-પૂજાપાઠ કરતો થયો.

સગરામો કપાળમાં ભડકા જેવો ચાંદલો કરતો, હાથમાં માળા રાખતો અને કેફમાં સ્વામિનારાયણ! સ્વામિનારાયણ! જપ કરતો. આમ આ વાઘરી પાકો વૈષ્ણવ થયો. સગરામાની સત્સંગની સુવાસ આખા પંથકમાં પ્રસરી ગઈ.

સગરામાને કૂબે!

સગરામા વાઘરીના મનમાં નિરંતર એમ રહેતું હતું, કે 'મારા જેવા ગરીબની ઝૂંપડીએ મારો મહારાજ ક્યારે પધારે?'

સગરામા વાઘરીના અંતરમાંથી ઊઠતો આર્તનાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે સાંભળી લીધો હતો. પોતાના પ્રેમી ભક્તોના મનોરથને પૂર્ણ કરવા માટે એક વાર મહારાજ ગઢપુરમાં કોઈને કહ્યા સિવાય રાતોરાત નીકળી ગયા, લીંબલી પહોંચ્યા. સગરામાને કૂબે રાત રહ્યા, સગરામો ધન્યભાગી બની ગયો.

ભગવાન શ્રી સ્વામિનારાયણને અચાનક ચાલ્યા ગયા જોઈને તમામ ગઢપુરવાસીઓ ભારે આકુળવ્યાકુળ થઈ ગયા. લાડુબા અને જીવુબાએ તો મહારાજ પાછા ન આવે ત્યાં સુધી અન્નજળ હરામ કર્યાં. સર્વ હરિભક્તોને અકળાયેલા જોઈ કવીશ્વર બ્રહ્માનંદસ્વામી સુરા ખાચરને સાથે લઈ પગેરું શોધતાં શોધતાં લીંબલી સગરામાને કૂબે પહોંચ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સગરામાને બરાબર શીખવાડી રાખેલું કે, 'અમારે અહીં ગુપ્ત રહેવું છે, માટે કોઈને પણ અમે અહીં આવ્યા છીએ એની જાણ કરીશ નહીં.'

બ્રહ્માનંદસ્વામીએ સગરામા વાઘરીને પૂછ્યું, "એલા, સગરામા! તારે ત્યાં મહારાજ પધાર્યા છે?"

સગરામાએ હાથ જોડી, ઠાવકું મોઢું રાખી કહ્યું, "મા-બાપ! મારા જેવા ગરીબ વાઘરીને ત્યાં મહારાજ ક્યાંથી હોય?"

સગરામાના બોદા સૂરને બ્રહ્માનંદસ્વામી પારખી ગયા. સ્વામીએ કડક સ્વરે પૂછ્યું, "આ કૂબામાં કોણ છે?"

સગરામો દીનભાવે બોલ્યો, "અમારા પરિવારના બૈરાંઓ છે."

સ્વામીએ કહ્યું, "તારા બૈરાંઓને બા'રા કાઢ્ય, અમારે તારા કૂબાની જડતી લેવી છે!"

સગરામો મુંઝાયો, 'હવે શું કરવું?' એણે કૂબા તરફ ડગ માંડ્યા.

આ બાજુ કૂબામાં સંતાયેલા મહારાજ આ બધો સંવાદ સાંભળી રહ્યા હતા. એમને થયું, 'આ બેય જણ હવે પીછો નહીં છોડે!'

મહારાજે પણ પોતાના મોહિની અવતારને યાદ કર્યો અને અલૌકિક ખેલ કરવાની યુક્તિ વિચારી લીધી. એમણે સગરામાના ઘરવાળા પાસેથી સાડલો માગ્યો.

સગરામાના ઘરવાળા કાંઈ સમજી શક્યા નહીં. એણે તો મહારાજે માગ્યો એટલે ભાંગલી પેટીમાંથી સાડલો કાઢી આપ્યો.

ગરીબ વાઘરણનો સાડલો કેવો હોય! જૂનાપુરાણા સાત થીંગડાવાળા સાડલાને મહારાજે પોતાના શરીર ઉપર લપેટી લીધો, હાથમાં દાતરડી અને બંધિયો લીધાં, અસલ વાઘરણનો વેશ ધાર્યો!

સગરામો કૂબે પહોંચ્યો તો મહારાજને આવા વેશમાં જોઈ આભો થઈ ગયો! મહારાજ મરમાળુ હસ્યા, આંગળીને ઈશારે સગરામાને ચૂપ રહેવા કહ્યું, પછી ઘૂમટો તાણી બધા બૈરાંઓની સાથે બહાર નીકળ્યા.

મહારાજ ભલે ભગવાન હોય, વાઘરણનો વેશ લીધો હોય, પરંતુ બ્રહ્માનંદસ્વામી અને સુરા ખાચરની ચતુર નજરને છેતરી ન શક્યા. બેય જણા મહારાજનાં પગલાં ઉપરથી પારખી ગયા કે, 'આ પગલાં વાઘરણનાં નથી, વિષ્ણુનાં છે.'

સુરા ખાચરે જરાય શરમ કે સંકોચ રાખ્યા સિવાય દોડીને મહારાજનો હાથ પકડી લીધો અને ઠાવકું મોઢું રાખી બોલ્યા, "ઠકરાણાં! એકલાં કેમ? ઠાકોર ક્યાં?"

મહારાજે ઘૂંઘટ ખોલી નાખ્યો અને ખડખડાટ હસવા લાગ્યા.

બ્રહ્માનંદસ્વામી પણ હસતાં હસતાં દોડીને મહારાજ પાસે પહોંચી ગયા. મહારાજે બ્રહ્મમુનિને બાથમાં લઈ લીધા.

વાઘરણના વેશમાં વા'લમને જોઈને શીઘ્રકવિ બ્રહ્માનંદસ્વામીના અંતરમાં આનંદના ફૂવારા છૂટ્યા. એમણે ચાર પદના અનોખા કીર્તનની રચના કરી.....

વાતલડી રો'ને રાતલડી, વા'લા પૂછું એક વાતલડી... ટેક.
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતલડી...વા'લા.
મોરલડી લઈને મનમોહન, દીધું વેલણ કોણે દાતલડી...વા'લા.
જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતલડી...વા'લા.
બ્રહ્માનંદ કહે સંશય થયો નહીં, ધન્ય છે તમારી છાતલડી...વા'લા.

એક બાજુ લાખો લોકો જેને ભગવાન માનીને પૂજતા હોય, એ આટલા હળવાફૂલ હોઈ શકે? એની કલ્પના પણ આપણને ન આવે! આવા મોટા ભગવાનને વાઘરીને કૂબે રાત રહેવામાં જરાય શરમ-સંકોચ આડા આવ્યા નહોતા!

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પ્રસંગે પ્રસન્ન થઈને પોતાની મોજડીઓ સગરામા વાઘરીને પૂજવા આપી હતી. મહારાજની મોજડીની મોજ પામી સગરામો ધન્ય બન્યો હતો.

આજે પણ સંપ્રદાયના પ્રસાદીના સંગ્રહસ્થાનમાં આ મોજડીઓ સચવાયેલી છે.

સ્વામિનારાયણે કાંઈ પરચો દીધો?

સગરામાનો એક પ્રસંગ માણવા જેવો છે.

સત્સંગી થયા પછી સગરામાએ જીવહિંસા તો છોડી, સાથોસાથ શિકારી કૂતરા પાળવાનું પણ બંધ કર્યું હતું. એને થયું 'હું તો જીવ હિંસા નહીં કરું, પણ મારા પાળેલા કૂતરા હિંસા કરે એમાં પણ આડકતરી હિંસા થઈ કહેવાય. માટે મારે આવું પાપ માથે નથી લેવું.' એક દિવસ લીંબડીના ઠાકોરસાહેબે માણસોને પૂછ્યું, "આ માળો! સગરામો કેમ દેખાતો નથી?"

માણસોએ કહ્યું, "બાપુ! માળો ઈ વાઘરી તો હવે સ્વામિનારાયણનો સત્સંગી થઈ ગયો છે અને ભારે ભક્તિ કરે છે. જીવ-હિંસા સાવ છોડી દીધી છે!"

બાપુએ કહ્યું, "મેંય સાંભળ્યું છે કે સગરામો સત્સંગી થયો છે. આપણે એને મળવું છે, સગરામાને બોલાવો."

બાપુના વેણે સગરામો હાજર થયો અને દૂરથી બાપુને પ્રણામ કર્યાં.

બાપુના અંતરમાં સગરામાને જોતા જ ભારે આદર જાગ્યો અને કહ્યું, "સગરામા! અહીં ઓરો આવ! અને મારી પાસે બેસ."

સગરામો પાસે આવી, પ્રણામ કરી બાપુના પગ પાસે બેસી ગયો. વાત-વાતમાં દરબારે કહ્યું, "સગરામા! તું હવે કૂતરા કેમ મોકલતો નથી?"

સગરામાએ બેધડકપણે હાથ જોડી કહ્યું, "બાપુ! માફ કરજો! સ્વામિનારાયણ ભગવાનના સાધુઓના પ્રતાપે હું સત્સંગી થયો છું. મેં જીવહિંસા છોડી દીધી છે. બાપુ! હું હિંસા ન કરું, પણ મારાં પાળેલાં કૂતરા જીવડાં મારે તોય પાપ તો મને લાગે ને!"

વાઘરીની વાત સાંભળી બાપુને ભારે આશ્ચર્ય થયું અને કહ્યું, "માળા સગરામા! તું તો ભારે ભગત થઈ ગયો! તને તો ભારે માલમી ગુરુ મળ્યા હોય એવું લાગે છે."

સગરામાએ કહ્યું, "બાપુ! ઈ તો બધો સ્વામિનારાયણ બાપાના સાધુનો પરતાપ છે! જો એ સાધુ ન મળ્યા હોત, તો તો આ મારો મનખો એળે ગયો હોત અને પાપના ભારથી હું ક્યાંય અધોગતિમાં ઊતરી ગયો હોત."

ઠાકોરસાહેબ મનોમન વાઘરીને વંદી રહ્યા. બાપુને એક વિચાર સૂઝ્યો અને પૂછ્યું, "સગરામા! 'સ્વામિનારાયણ તો ભારે પરતાપી છે' એવું સંભળાય છે. તને સ્વામિનારાયણે કાંઈ પરચો દીધો છે?"

સગરામો હસતાં-હસતાં બોલ્યો, " હા બાપુ! આજે જ પરચો દીધો."

બાપુએ આશ્ચર્ય સાથે પૂછ્યું, "શું પરચો દીધો?"

સગરામો બોલ્યો, "જુઓ બાપુ! હું જ્યારે જ્યારે આપની ડેલીએ આવતો ત્યારે દૂર ઊભો રહી તમારાં દર્શન કરતો, કારણ કે ક્યાં તમે ગામધણી દરબાર અને ક્યાં અમે જાતના વાઘરી!! હવે મેં સ્વામિનારાયણની કંઠી બાંધી અને સત્સંગી થયો એને પરતાપે તમે મને પ્રેમથી પાસે બેસાર્યો! હેં બાપુ! આથી મોટો પરચો બીજો કયો! આ તો સ્વામિનારાયણ બાપાનો પરતાપ કે આજે તમારી લગોલગ બેસવા મળ્યું!"

સગરામાની હળવી રમૂજભરી વાત સાંભળતા ઠાકોરસાહેબ અત્યંત રાજી થયા અને બોલ્યા, "ધન્ય છે સગરામા તને, તેં તો તારી એકોતેર પેઢી તારી લીધી."

સગરામો ભારે હળવાશથી બોલ્યો, "હેં બાપુ! તમેય સ્વામિનારાયણની કંઠી બાંધો, સત્સંગી થાઓ અને આ દારૂ, માંસ તથા શિકારના ફંદા છોડી દ્યોને! તમારીય એકોતેર પેઢી ઊગરી જાય!"

સગરામાની નિર્મળ નિખાલસ વાણી સાંભળી ઠાકોરસાહેબ હસવા લાગ્યા અને બોલ્યા, "એલા સગરામા!! તુંયે જબરો છો. આ બધું તો ભાગ્યમાં હોય તો થાય, અમારા તો જેવા ઢાળા ઢળ્યા એવા ઢળ્યા. હવે જે થશે તે જોયું જશે."

જેવા સગરામાના ભાગ્ય ઊઘડ્યા હતા, એવા હજુ ઠાકોરસાહેબના ઊઘડ્યા નો'તા. બાપુને વાઘરીનો ગુણ આવ્યો એ પણ મોટી વાત હતી.

વાત એક સગરામાની નથી, સેંકડો દેવીપૂજકો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. સદ્ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણિમાં આ વાતની નોંધ લેતા લખ્યું છે કે, મારૂદેશના (રાજસ્થાન) ખાણ ગામની આસપાસના ભીલમાલ, નરોલી, જોધાવા, ઝુંઝણી, ઉનડી, સાયલા, ભુકા, દેતા, સુરાણા, ધાંખા, આંકવા, ચોરવા, વાલી, દાસપા વગેરે અનેક ગામડાઓનાં દેવીપૂજકો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયાં હતાં. દારૂ, માંસ, ચોરીનો ત્યાગ કર્યો હતો. એમના જીવનમાંથી વહેમ અને અંધશ્રદ્ધા દૂર થયાં હતાં. તેઓ આચાર-વિચારમાં ઉજળિયાત કોમને પણ શરમાવે એવાં હતાં.

જેતલપુરની વેશ્યાનો ઉદ્ધાર

વિક્રમ સંવત ૧૮૬૫ની સાલ હતી, પોષ માસ હતો. મકરસંક્રાંતિનું પર્વ નજીકમાં આવી રહ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ જેતલપુર પધાર્યા હતા. અહીં મહારાજ મોટા પાયા ઉપર અહિંસામય મહાવિષ્ણુ યાગનો આરંભ કરાવી રહ્યા હતા.

ભૂજમાં જગજીવન મહેતાના હિંસામય યજ્ઞને જોયા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણે અહિંસામય યજ્ઞો દ્વારા વૈદિક યજ્ઞોમાં પેઠેલી વિકૃતિઓને દૂર કરવાનો દૃઢ નિર્ધાર કર્યો

હતો. આ માટે સેંકડો બ્રાહ્મણોની વરણી થઈ ચૂકી હતી. દૂરદૂરથી હજારો હરિભક્તોના સંઘ ભેગા થઈ રહ્યા હતા.

મહાવિષ્ણુયાગની તડામાર તૈયારીઓ ચાલતી હતી. મોટા પાયા ઉપર અનાજ, સીધુ, સામાન, ઘી, તલ, જવ વગેરે એકઠું કરવામાં આવ્યું હતું.

જેતલપુરમાં એક લક્ષ્મીબાઈ નામે સ્રી હતી. આ બાઈ વૈશ્યા હતી, દેહનો વેપાર કરી પેટ ભરતી હતી. ગામમાં એની કોઈ આબરૂ નહોતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જેતલપુર પધાર્યા, ત્યારે ગામલોકોએ ભારે વાજતે-ગાજતે મહારાજનું સ્વાગત-સામૈયું કર્યું હતું. ચારે બાજુ બાઈ-ભાઈઓની ભીડ મહારાજના દર્શન કરી રહી હતી.

લક્ષ્મીબાઈએ પણ દૂરથી મહારાજનાં દર્શન કર્યાં અને આ પાવનકારી દર્શને લક્ષ્મીબાઈના અંતરમાં પ્રાયશ્ચિતની પાવક જ્વાળા પ્રગટાવી. પોતે આખી જિંદગી કરેલાં પાપકર્મોનો એને પસ્તાવો થવા લાગ્યો અને એ પોતાનાં પાપનો ભાર હળવા કરવાનો અવસર શોધવા લાગી.

એવામાં આ યજ્ઞના આરંભે એને એ અવસર પૂરો પાડ્યો. જેતલપુરમાં ઘરે ઘરે ભાવિક બહેનો દળણાં દળીને લોટના ગંજ ખડકી રહ્યા હતા.

હરિભક્તો ઘઉંના ગાડાં ભરી દળવા માટે ઘરે ઘરે ઘઉં પહોંચાડી રહ્યા હતા. મહારાજ સ્વયં અશ્વ ઉપર બેસી ગલીએ ગલીએ ફરી આ સેવાકાર્યનું નિરીક્ષણ કરી રહ્યા હતા.

લક્ષ્મીબાઈના મનમાં થયું કે, “હું પણ ઘઉં દળી દઉં અને થોડું પુણ્યનું ભાથું બાંધી લઉં.”

લક્ષ્મીબાઈ ઘઉં લેવા આવી. લોકો એને સારી પેઠે ઓળખતા હતા એટલે તિરસ્કારથી કહ્યું, “આઘી ખસ! તું તો ગામની ઉતાર છો; યજ્ઞના પવિત્ર કાર્યમાં તારા જેવી પાપણીએ દળેલું અનાજ ન ચાલે.”

બાઈ ખૂબ કરગરી, પણ સેવકોએ મચક ન આપી. બાઈના અંતરમાં પોતાનાં પાપોની વેદના ભરી જ હતી. એ રડવા લાગી અને બોલી, “આ સ્વાર્થી જગતે જિંદગીભર મારું શોષણ કરી મને તરછોડી દીધી, શું હવે જગદીશ્વરના દરવાજેથી પણ મને જાકારો મળશે?”

આ જ સમયે મહારાજ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. એમનાં કાને બાઈના આ શબ્દો પડ્યા. મહારાજ ઊભા રહી ગયા અને સેવકોને પૂછ્યું, “શું છે?”

સેવકોએ કહ્યું, “મહારાજ! આ ગામની ઉતાર બાઈ છે. કોઈ સારો માણસ એનો પડછાયો પણ લેતો નથી. એને યજ્ઞ માટે ઘઉં દળવાં છે, પણ આવી પાપણીને ઘઉં દળવાં કેમ દેવાય?”

મહારાજે કરુણાસભર નયને લક્ષ્મીબાઈની સામે જોયું, લક્ષ્મીબાઈના નેત્રોમાંથી ચોધાર આંસુડાં વરસવા લાગ્યાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એની પશ્ચાત્તાપની પાવક જ્વાળાઓને પારખી લીધી અને સેવકોની સામે જોઈને બોલ્યા, "ભક્તો! આપણો યજ્ઞ તો પાપી અને પુણ્યશાળી સર્વના કલ્યાણ માટે છે, માટે એ બાઈને દળવાં માટે ઘઉંનો ટોપલો ભરી દ્યો."

મહારાજની આજ્ઞા થઈ એટલે સેવકોએ કચવાતે મને બાઈને ઘઉં આપ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ કરુણાદૃષ્ટિએ લક્ષ્મીબાઈના પશ્ચાતાપના અગ્નિને વધારે સતેજ કરી દીધો. રાત્રિના સમયે વહેલા ઊઠી બાઈ ઘઉં દળવાં બેઠી. શ્રીહરિની કરુણાને સંભારતાં-સંભારતાં એણે ભારે હૈયે ઘઉં દળવાનું શરૂ કર્યું. આજે ઘઉં નહોતાં દળાઈ રહ્યાં, પણ ઘંટીને આંટે-આંટે લક્ષ્મીબાઈના પાપ દળાઈ રહ્યાં હતાં.

આ બાઈએ આવું દળવાનું કામ ક્યારેય કર્યું નહોતું. એનો દેહ ભારે સુંવાળપથી ભરેલો હતો. ઘઉં દળતાં-દળતાં બાઈના હાથમાં ફફોલા ઉપડી આવ્યા, પીડા થવા લાગી, પણ એણે દળવાનું કામ અધૂરું ન છોડ્યું.

સવારના પો'રમાં લક્ષ્મીબાઈ લોટનો ટોપલો ભરી લોટ દેવા આવી. લોટ એકઠો કરી રહેલા સેવકો લક્ષ્મીબાઈએ આપેલ લોટ લેવામાં ખચકાઈ રહ્યા હતા. એમના મનમાં થતું હતું કે, 'આ પાપણીના હાથનો લોટ યજ્ઞના પવિત્ર કાર્યમાં કેમ વપરાય?'

એ જ વખતે ફરીથી મહારાજ ત્યાં પધાર્યા. લક્ષ્મીબાઈએ કરગરતા સ્વરે મહારાજને વિનંતી કરી, "મહારાજ! આ સેવકો મારા હાથનો લોટ સ્વીકારતા ખચકાય છે. પ્રભુ! આપ તો દયાના સાગર છો, પતિતપાવન છો, મને પવિત્ર થવાનો અવસર આપો."

મહારાજે કરુણા અને પ્રેમભરી દૃષ્ટિએ લક્ષ્મીબાઈની સામે જોયું. શ્રીહરિની એ કરુણાસભર દૃષ્ટિના પ્રતાપે બાઈનું અંતર નિર્મળ આકાશ જેવું થયું. તેના રહ્યાસહ્યા સર્વ મેલ ધોવાઈ ગયા!

મહારાજે લક્ષ્મીબાઈને પૂછ્યું, "બહેન! આ ઘઉં તમે જાતે દળ્યાં છે કે કોઈ પાસે દળાવ્યાં છે?"

લક્ષ્મીબાઈએ રડતી આંખે પોતાની ફફોલા પડેલી હથેળીઓ બતાવીને કહ્યું, "મહારાજ! આ ઘઉં મેં જાતે દળ્યાં છે અને આ તેની નિશાની!"

મહારાજે બાઈના હાથના ફફોલા જોયા. મહારાજનું અંતર માખણની જેમ પીગળી ગયું. શરણાગતવત્સલ મહારાજ બોલ્યા, "બાઈ! જા, આજથી તારા જન્મોજન્મના પાપ પણ ઘઉંની પેઠે જ દળાઈ ગયાં. તું આજે સર્વ પ્રકારે શુદ્ધ થઈ છો."

આટલું કહી મહારાજે સેવકોની સામે દૃષ્ટિ કરી અને કહ્યું, "આ બાઈ ગંગાની ધારા જેવી પવિત્ર બની છે. આજથી એને કોઈ પાપણી કહેશે, તો આ બાઈના બધા જ પાપ તેને વળગશે." આટલું કહી મહારાજે લોટનો ટોપલો પોતાના હજૂરી સેવક

મૂળજી બ્રહ્મચારી પાસે મોકલાવ્યો અને કહેવડાવ્યું કે, "આજ અમારો થાળ આ લોટમાંથી બનાવજો."

ભગવાન શ્રી સ્વામિનારાયણની કરુણા જોઈને સેવકો શરમિંદા બની ગયા. વાતાવરણમાં ચારે બાજુ શબ્દો ગૂંજી ઊઠ્યા,

'अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥३०॥ (भगवद् गीता–अ–९)

અધમોદ્ધારક ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી લક્ષ્મીબાઈનું શેષ જીવન ધન્ય બની ગયું. સ્વામિનારાયણ મહામંત્રના ભજન સાથે એણે આયખું પૂરું કર્યું અને સંપ્રદાયની કથા પ્રમાણે અંતકાળે મહારાજ લક્ષ્મીબાઈને દર્શન દઈને ધામમાં તેડી ગયા.

પાણીનું ઘી અને રેતીની ખાંડ!

જેતલપુરમાં ભવ્ય મહાવિષ્ણુયાગનો આરંભ થઈ ચૂક્યો હતો. સેંકડો બ્રાહ્મણો સ્વાહા... સ્વાહા... કરી આહુતિઓ આપી રહ્યા હતા.

એક બાજુ યજ્ઞ ચાલતો હતો, બીજી બાજુ ગરીબો અને અભ્યાગતો માટે ભોજનના ભંડારો ખુલ્લા મૂકી દેવાયા હતા. હજારો માણસો જમીને તૃપ્ત થતા હતા અને ભગવાન શ્રી સ્વામિનરાયણનો જયઘોષ કરી રહ્યા હતા.

કેટલાક શક્તિપંથી બ્રાહ્મણો આ યજ્ઞમાં કોઈ પણ રીતે વિઘ્ન કરવા માગતા હતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ખોટું દેખાય, એમ કરવા પ્રયત્નશીલ હતા.

મહારાજે યજ્ઞ માટે આશરે પાંચસો મણ ઘી એકઠું કરાવ્યું હતું. આ અનાડી બ્રાહ્મણોએ ચાર દિવસમાં બધું ઘી ખલાસ કરી નાખ્યું, લાડુનો મોટો ઢગલો તળાવમાં ફેંકી દીધો અને સામગ્રી ખૂટી ગયાનો શોરબકોર કરવા લાગ્યા. બીજી બાજુ અમદાવાદથી મગાવેલા ઘી-ખાંડ વગેરે સામગ્રીના ગાડાંઓને અમદાવાદના વામમાર્ગી સૂબાએ રસ્તામાં જ રોકી લીધા.

કોઠારની દેખરેખ રાખનારા સેવકોએ મહારાજને કહ્યું, "મહારાજ! કોઠારમાં ઘી અને ખાંડ ખલાસ થઈ ગયા છે, અમદાવાદથી મગાવેલ સમાગ્રીના ગાડાં હજુ પહોંચ્યાં નથી, બ્રાહ્મણો દેકારો બોલાવી રહ્યા છે, હવે શું થશે? એની ચિંતા થાય છે."

મહારાજે હસીને કહ્યું, "ચિંતા કરવાની જરૂર નથી, ચાલો અમે કોઠારમાં આવીએ છીએ."

આટલું કહી મહારાજ કોઠારમાં પધાર્યા, ઘીનાં પાત્રો ખાલી પડ્યાં હતાં, મહારાજે મંદ મંદ હસીને ખાલી પાત્રને છડી અડાડીને કહ્યું, "જૂઓ તો ખરા, આ પાત્ર તો ઘીથી ભરેલું છે!"

સેવકોના આશ્ચર્ય વચ્ચે પાત્ર ઘીથી ભરાયેલ હતું! આ રીતે છડી અડાડીને મહારાજે દરેક પાત્રને ઘીથી છલકાવી દીધું અને બોલ્યા, "આ બધાં પાત્રનાં મોંઢા લાલ કપડાંથી બાંધી દ્યો, અખંડ ઘીના દીવા કરો, જોઈએ એ પ્રમાણે એક એક પાત્રમાંથી ઘી વાપરતા રહો, લક્ષ્મીજી આપણો કોઠાર અભરે ભરેલો રાખશે!"

આવી જ વાત ખાંડ-ગોળ વગેરે સામગ્રીની હતી. મહારાજે એક પણ સામગ્રી ખૂટવા દીધી ન હતી. અનાડી બ્રાહ્મણોની કારી ફાવી નહિ, બધા આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા. ઘી અને ખાંડ ક્યાંથી આવે છે, તે કોઈને ખબર પડતી ન હતી.

કેટલાક બ્રાહ્મણો બોલ્યા, "આ સ્વામિનારાયણને પહોંચાય તેમ નથી, ભારે જાદુગરા છે! પાણીનું ઘી કરે છે અને રેતીની ખાંડ કરે છે!"

વેદોનું તાત્પર્ય હિંસા કે સુરાપાનમાં નથી

ભગવાન શ્રી સ્વામિનારાયણને માત્ર યજ્ઞ કરવો ન હતો, યજ્ઞમાં પેઠેલી વિકૃતિઓને દૂર કરવી હતી અને અહિંસામય યજ્ઞની સ્થાપના કરવી હતી.

પૂર્વના કેટલાક મોટા મોટા આચાર્યોએ "वैदिकी हिंसा हिंसा न भवति" "વેદની હિંસા હિંસા નથી" એમ કહીને વૈદિક હિંસાનો બચાવ કર્યો છે. તેઓએ વેદની હિંસાને વૈદ્ય દ્વારા થતી શસ્ત્રચિકિત્સા સાથે સરખાવતા કહ્યું છે કે, "યજ્ઞમાં થતી હિંસા પશુ અને યજમાન બંને માટે કલ્યાણકારી છે. પશુનું બલિદાન આપવાથી પશુને સ્વર્ગ મળે છે અને યજમાનના મનોરથો ફળે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણને પૂર્વાચાર્યોનો આવો અર્ધદગ્ધ મત અસ્વીકાર્ય હતો. જેતલપુરના યજ્ઞ પ્રસંગે એકઠા થયેલા વિદ્વાન બ્રાહ્મણો પાસે શાસ્ત્રાર્થ કરાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણે વિદ્વાન બ્રાહ્મણોના મુખે જ ઘોષણા કરાવી હતી કે, 'વેદનું તાત્પર્ય હિંસા કે સુરાપાનમાં નથી. કેટલાક રાગપ્રધાન લોકોએ વેદના મંત્રોના અર્થો અવળા કરી, પોતાના રાગને પોષવા માટે યજ્ઞમાં દારૂમાંસનું પ્રવર્તન કરેલું છે.'

આ શાસ્ત્રાર્થનો સાર કંઈક આવો હતો. જેમ કે, વેદનો મંત્ર છે – "अजेन यजेत"

અજ શબ્દનો અર્થ છે 'ન ઊગે એવી જૂની ડાંગર.' વેદ કહે છે 'ન ઊગે એવી જૂની ડાંગરથી યજ્ઞ કરવો,' પણ રાગપ્રધાન લોકોએ એનો અર્થ ડાંગરને બદલે ઘેટાં-બકરામાં ફેરવી નાખ્યો હતો. એ જ રીતે વેદનો મંત્ર છે "गोघ्नः अतिथिः" અહીં "ગોઘ્ન" શબ્દમાં "હન્" ધાતુનો પ્રયોગ છે. "હન્" ધાતુનો અર્થ હિંસા અને સ્પર્શ બંને થાય છે.

મૂળ હકીકત એવી હતી કે પ્રાચીન સમયમાં કોઈ અતિથિ આવે ત્યારે ગાય અને વાછરડાંને આગળ કરી, તેનું પૂજન કરાવી – સ્પર્શ કરાવી સ્વાગત કરવામાં આવતું.

રાગપ્રધાન લોકોએ "ગાયને મારીને માંસ અતિથિઓને આપવું" એવો અત્યંત વિકૃત અર્થ કરી નાખ્યો.

ભારતીય સંસ્કૃતિમાં "गावो विश्वस्य मातरः" "ગાય સમસ્ત વિશ્વની માતા છે" આવું હજારો વર્ષથી માનવામાં આવે છે. ગોપૂજક સંસ્કૃતિમાં ગાયના માંસ પીરસવાની વાત કોઈ સ્વપ્ને પણ વિચારી ન શકે!

વેદોના રહસ્યને જાણનારા મહાપુરુષો કહે છે કે, 'માંસ ભક્ષણ કરો', 'દારૂ પીઓ', 'સ્ત્રી આદિ વિષય ભોગવો', આવી આજ્ઞા આપવાની જરૂર જ નથી, કારણ કે મનુષ્યની એમાં સહજ પ્રવૃત્તિ હોય છે. માટે આવા રાગપ્રાપ્ત વિષયમાં વેદો ક્યારેય આજ્ઞા ન કરે.

વેદોમાં હિંસા કે સુરાપાનનો આભાસ ધરાવતી શ્રુતિઓ જણાય છે, તે પણ આખરે તો હિંસા અને સુરાપાનનો નિષેધ કરવા માટે જ હોય છે.' જેમ કે, કોઈ રોજ પચાસ બીડી પીતો હોય, એનાથી એક સામટી એ ન છૂટે ત્યારે એને કહેવામાં આવે કે 'આજથી પચ્ચીસ પીજે, પછી ધીરે ધીરે છોડી દેજે.'

આનો અર્થ એ ન કરાય કે એને પચ્ચીસ બીડી પીવાની છૂટ આપવામાં આવી છે. વાતનું તાત્પર્ય ધીરે ધીરે સર્વ રીતે વ્યસન છોડી દેવામાં છે. એ જ રીતે વેદમાં ક્યાંય હિંસા કે સુરાપાન જણાતા હોય, તો પણ એનું તાત્પર્ય આખરે તો હિંસા અને સુરાપાનની નિવૃત્તિમાં જ હોય છે.

વેદોમાં સ્પષ્ટ આજ્ઞા છે, 'मा हिंस्यात् सर्वभूतानि' 'જીવપ્રાણીમાત્રની હિંસા ક્યારેય ન કરવી.' 'सुरां न पिबेत्' 'મદ્યપાન ક્યારેય ન કરવું.'

વેદમાં યજ્ઞ માટે 'अध्वर' શબ્દ પ્રસિદ્ધ છે. અધ્વર શબ્દનો અર્થ છે, જેમાં કોઈ જાતની હિંસા સંભવે નહીં એવો યજ્ઞ.

ભારત વર્ષના નિવૃત્તિ પરાયણ મુનિઓની કથાઓ; ભાગવતજીમાં નારદજી અને પ્રાચીન બર્હિ રાજાનો સંવાદ તેમ જ ઉપરિચરવસુની કથા ભગવાન સ્વામિનારાયણના આ અર્થઘટનને સમર્થન આપે છે.

શાસ્ત્રાર્થને અંતે વિદ્વાન શાસ્ત્રીઓએ ઘોષણા કરી હતી કે, 'દેવી-દેવતા કે વેદને નામે અથવા તો વામાચાર જેવા પાખંડ ધર્મને નામે હિંસા અને સુરાપાન કરે છે, એને તો ચાંડાલ જેવા જાણવા જોઈએ.'

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે શાસ્ત્રો અને યુક્તિઓથી વામપંથનું ખંડન કર્યું હતું. પરિણામે શક્તિપંથીઓ અને વામાચારીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે ક્રોધે ભરાયા હતા.

અહિંસયજ્ઞ પ્રસ્તોતા

ભારતવર્ષમાં આશરે અઢી હજાર વર્ષ પહેલા તથાગત બુદ્ધ થયા. તથાગતને યજ્ઞોની હિંસા પસંદ ન હતી, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ યજ્ઞમાં થતી હિંસા પસંદ નહોતી, પરંતુ આ હિંસાને નાબૂદ કરવા માટે તથાગત બુદ્ધે અને

ભગવાન શ્રી સ્વામિનારાયણે જે પગલાંઓ ભર્યાં એમાં આકાશ-પાતાળનું અંતર હતું.

તથાગત બુદ્ધે હિંસાને અટકાવવા માટે યજ્ઞ પરંપરાનો જ નિષેધ કર્યો અને સાથે સાથે વેદધર્મનું પણ ખંડન કર્યું. પરિણામે ભારત વર્ષમાં હજારો વર્ષનો પ્રાચીન વેદધર્મ ભારે સંકટમાં મુકાયો હતો. ભગવદ્પાદ આદિ શંકરાચાર્યજી ન પ્રગટ્યા હોત તો કદાચ વેદધર્મ લુપ્તપ્રાય જ થયો હોત, પરિણામે સમાજ ઋષિઓના મહાન જ્ઞાનથી વંચિત બની મૂળ કપાયેલાં વૃક્ષ જેવો બન્યો હોત.

તથાગત બુદ્ધ જાણે-અજાણે વેદધર્મ અને યજ્ઞ પરંપરાના ઉચ્છેદક બન્યા, જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે વેદધર્મનું પોષણ કર્યું; યજ્ઞોના નામે થતી હિંસાનો નિષેધ કર્યો; સાત્વિક અહિંસામય યજ્ઞોની પરંપરા ચલાવી અને 'અહિંસયજ્ઞ પ્રસ્તોતા' બન્યા.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, "બ્રહ્માજીએ યજ્ઞોનું સર્જન દેવો અને મનુષ્યોના હિત માટે કરેલું છે."

યજ્ઞમાં પ્રવેશેલી હિંસામય વિકૃતિઓનો નિષેધ થઈ શકે, પરંતુ યજ્ઞ-પરંપરાનો નિષેધ સંભવે નહીં. યજ્ઞનો નિષેધ કરનાર તથાગત ગમે તેટલા મહાન હોય, એમની બધી વાત સ્વીકાર્ય ન બને! વૈદિક ઋષિઓ, ભગવાન વેદવ્યાસ તેમ જ ભગવાન શ્રીકૃષ્ણની તુલનામાં તથાગત બુદ્ધ વિશેષ પ્રામાણિક ન હોઈ શકે.

વેદવિજ્ઞાન તેમ જ યજ્ઞ પરંપરાનો ઉચ્છેદ અનર્થક છે, માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડની ભૂમિ ઉપર અનેક અહિંસામય વિષ્ણુયાગ અને રૂદ્રયાગ કરાવ્યા. યજ્ઞ પરંપરામાં પ્રવેશેલી વિકૃતિઓને દૂર કરી, વિશુદ્ધ વૈદિક યજ્ઞ-પરંપરાનું પુનઃ સ્થાપન કર્યું.

ખરેખર મહાન ચિંતક શ્રી મહાદેવ રાનડેના શબ્દોમાં કહીએ તો "ભગવાન શ્રી સ્વામિનારાયણ હિન્દુ સનાતન ધર્મના 'LAST REFORMER' 'અંતિમ સુધારક' હતા."

મઠનો રોટલો તો ભારે મીઠો લાગે!

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ જેતલપુરના પાદરમાં આવેલ દેવ-સરોવરના કિનારે રહેલા મહોલની અગાસીમાં બિરાજમાન હતા. સંતો-ભક્તોની સભા થઈ હતી. સર્વે ભક્તજનો ચાતકની જેમ એક નજરે મહારાજનાં દર્શન કરી રહ્યા હતા.

અમદાવાદના કેટલાક સુખી શ્રીમંતો પણ આ પ્રસંગે મહારાજનાં દર્શન માટે આવ્યા હતા. સભાને છેવાડે ગામડાનો એક સાવ ગરીબ હરિભક્ત બેઠો હતો. નામ જીવણો હતું. જ્ઞાતિએ કોળી હતો. જીવણાના હૃદયમાં મહારાજને જમાડવાની ખૂબ જ હોંશ હતી, પરંતુ થાળની વ્યવસ્થા કરાવી શકે એવી એની ત્રેવડ ન હતી.

જીવણાના ઘરવાળા ભારે ભાવિક હતા. એમણે મઠનો રોટલો અને લૂણીની ભાજી તૈયાર કરી જીવણાને કહ્યું, "તમે આ લઈ જાઓ અને ભગવાનને જમાડો."

જીવણો બોલ્યો, "પણ ગાંડી! આવો મઠનો રોટલો અને લૂણીની ભાજી ભગવાનને કેમ જમાડાય!"

ઘરવાળાએ કહ્યું, "ભગત! આપણે સાંભળ્યું છે કે 'ભગવાન ભોજનના ભૂખ્યા નથી; ભાવના ભૂખ્યા છે." આપણો ભાવ સાચો છે, માટે મહારાજ આપણો મઠનો રોટલો અવશ્ય આરોગશે."

આ સુદામા સમા જીવણાએ ફાળિયાને છેડે, મઠના રોટલા અને લૂણીની ભાજીનું ભાતું બાંધ્યું અને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરવા માટે જેતલપુર આવ્યો અને ભારે સંકોચ સાથે સભાને છેવાડે બેસી ગયો. એના મનમાં થતું હતું કે, 'આવા મોટા-મોટા શેઠિયા-શાહુકારોની વચ્ચે મારે આ મઠનો રોટલો મહારાજને કેમ દેવો!' આવું વિચારતાં-વિચારતાં જીવણાનું અંતર જરા દિલગીર થયું અને આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

અંતર્યામી મહારાજે દૂરથી જ એનો ભાવ પારખી લીધો અને પોતાની કરુણાસભર નજર એમના ઉપર ઠેરવીને બોલ્યા, "એલા જીવણા! ઓરા આવ્ય! અમને જમાડવા માટે તું શું લાવ્યો છો?"

મહારાજે હેતથી બોલાવ્યો એટલે જીવણાના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. હરખનાં આંસુડાં સાથે એણે મહારાજ પાસે આવી ફાળિયાના છેડે બાંધેલો મઠનો રોટલો અને લૂણીની ભાજી મહારાજની સન્મુખ ધર્યાં.

જીવણાનો ભાવ જોઈને મહારાજ અત્યંત રાજી થયા અને બોલ્યા, "જીવણા! દરરોજ જાતજાતની મીઠાઈ જમીને અમે કંટાળી ગયા છીએ, આજે સારું થયું તું મઠનો રોટલો અને ભાજી લાવ્યો! મઠનો રોટલો તો અમને ભારે મીઠો લાગે!"

આમ કહી મહારાજે જીવણાના હાથમાંથી રોટલો અને ભાજી લઈ લીધાં. નહિ કોઈ પાત્ર, નહિ કોઈ પતરાવળું! હાથમાં મઠનો રોટલો, રોટલા ઉપર લૂણીની ભાજી! કરપાત્રી મહારાજ રોટલો અને ભાજી જમવા લાગ્યાં અને જમતાં-જમતાં રોટલાના વખાણ કરવા લાગ્યા!

બ્રહ્માનંદસ્વામીને થયું – આવો જાડો, ઠરી ગયેલો મઠનો રોટલો મહારાજ જમશે તો મહારાજને પેટમાં દુઃખશે. એટલે એમણે ભારે ચતુરાઈપૂર્વક ઠાવકું મુખ રાખીને કહ્યું, "મહારાજ! રોટલાના વખાણ કરો છો અને એકલા-એકલા જમો છો, અમને બધાને પ્રસાદી તો આપો!"

મહારાજે હસતાં-હસતાં કહ્યું, "અમને ખૂબ ભૂખ લાગી છે, માટે આજે કોઈને પ્રસાદી નહિ મળે!" બ્રહ્માનંદસ્વામી છોડે તેમ ન હતા. એમણે હસતાં-હસતાં કહ્યું, "મહારાજ! આમ એકલપેટા ન થવાય! પ્રસાદી તો આપવી જ પડશે!"

આમ થોડી આનાકાની બાદ મહારાજે સર્વને મઠનો રોટલો અને ભાજીની થોડી થોડી પ્રસાદી વહેંચી. પ્રભુના હાથની પ્રસાદી પામીને બધા ધન્ય થયા. વિશેષ આનંદ તો પહેલા જીવણાને થયો, કારણ કે એ ગરીબનો રોટલો એકલા મહારાજ નહીં, રોટલાની પ્રસાદી સર્વ સાધુઓ પણ જમી રહ્યા હતા.

આ ગરીબ જીવણા કોળીએ આજે સર્વ પ્રકારના યજ્ઞો પૂર્ણ કરી લીધા હતા. –

મઠ તો ઘોડા ખાય!

આ જ સમયે એક બીજો પ્રસંગ બન્યો. સભામાં એક શેઠિયો બેઠો હતો. એ ભારે લોભિયો હતો. એણે કોઈ દિવસ સાધુ-સંતો કે મહારાજને જમાડ્યા ન હતા.

અન્ય ભક્તો એને મે'ણાં મારતા, "શેઠ! ભગવાને તમને કેટલા બધા પૈસા દીધા છે, પરંતુ તમે ક્યારેય વાપરતા નથી; પ્રસાદી લેવા બધે જ પહોંચી જાવ છો, પણ તમે ક્યારેય સાધુ-સંતોને જમાડવાનું નામ લેતા નથી."

શેઠિયો પણ પાકો લોભિયો હતો. કોઈ ગમે એટલું કહે, એને માઠુંય નહોતું લાગતું. એ ઠાવકું મોઢું રાખીને કહેતો, "અરે ભઈલા! મહારાજ તો લક્ષ્મીના પતિ છે. એને આપણે આલી આલીને શું આલીયે! અને કીડીને કણ હાથીને મણ આપનારા વિશ્વંભર મહારાજને જમાડી જમાડીને શું જમાડીએ!"

આજે આ શેઠિયાએ સભામાં મઠના રોટલાના વખાણ સાંભળ્યા એટલે મનમાં થયું કે, "ચાલો મહારાજને મઠ બહુ ભાવે છે. કાલે જમાડી દઈએ. 'સસ્તુ ભાડું અને સિદ્ધપુરની જાત્રા!' થાળ કર્યો કહેવાય અને લોકોના મે'ણાં ભાંગે."

બીજે દિવસે એ લોભિયો મઠનો રોટલો અને લૂણીની ભાજી લઈને આવ્યો, મહારાજ પાસે થાળીમાં રોટલો અને ભાજી ધર્યાં અને બોલ્યો, "હે કૃપાનિધાન! હે વિશ્વંભર! આપને ભાવતાં ભોજન લાવ્યો છું. કૃપા કરી સ્વીકારો અને અમને ધન્ય કરો."

મહારાજ શેઠિયાની ચાલાકી સમજી ગયા હતા. એમણે કોરી નજરે શેઠિયા માથે મીટ માંડીને કહ્યું, "શેઠ! આ શું લાવ્યા છો?"

શેઠિયો બોલ્યો, "મહારાજ! આપને મઠનો રોટલો ખૂબ જ ભાવે છે એટલે આ મઠનો રોટલો અને લૂણીની ભાજી લાવ્યો છું."

મહારાજ બોલ્યા, "માળા! મઠ તો ઘોડા ખાય, માણસ ન ખાય!"

શેઠિયો બોલ્યો, "મહારાજ પણ કાલે તો તમે મઠના ખૂબ વખાણ કર્યાં હતા અને જમ્યા'તા!"

મહારાજ બોલ્યા, "લોભિયા! રાઈના ભાવ રાતે ગયા! કાલની વાત કાલે ગઈ! કાલની વાતમાં તને કંઈ ગમ ન પડે! આમ કહી મહારાજે થાળીમાંથી રોટલો ઉઠાવી દેવ સરોવરમાં ફેંકી દીધો.

અષાઢી મેઘ વરસ્યો પણ શેઠિયો કોરો ધાકોડ રહ્યો, પણ બીજી બાજુ મહારાજના હાથના મઠના રોટલાંની પ્રસાદી પામી માછલાં ફાવી ગયાં.

શેર લોટ ખાઈને રહેજો!

વિક્રમ સંવત ૧૮૬૫ની સાલ હતી. ફાગણ માસ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ જેતલપુરનો યજ્ઞ પૂર્ણ કરી મછિયાવ પધાર્યા હતા. મછિયાવના રાજા સૂરસિંહજી અને ફઈબા કેશીની દેવી મહારાજનાં અનન્ય આશ્રિત હતાં. તેમનાં પ્રેમને વશ થઈને મહારાજ વારંવાર મછિયાવ પધારતા રહેતા હતા અને અનેક પ્રકારના સમૈયા-ઉત્સવો કરતાં રહેતાં હતાં.

મહારાજે મછિયાવના રાજદરબારમાં મંદિર કરાવી એમાં ફાગણ સુદ પૂનમના રોજ ભગવાન શ્રી દામોદરની પ્રતિષ્ઠા કરી હતી અને ફૂલદોલનો ઉત્સવ ધામધૂમથી કર્યો હતો.

એક વાર ફઈબાએ મહારાજને કહ્યું, "મહારાજ! અમારો વહીવટ સંભાળે એવા કોઈ સારા માણસની જરૂર છે."

મહારાજે કહ્યું, "શિયાણીના રાજાભાઈ એવા જ સારા ભક્ત છે. એ તમે જેમ કહેશો તેમ કરશે."

રાજાભાઈ સંધી હતા, છતાં તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા હતા. મહારાજે આપેલા પંચવ્રતોનું શબ્દશઃ પાલન કરતા. તેઓ ભારે આજ્ઞાપાલક હતા. મહારાજનું એક એક વચન એમનાં માટે શિરોધાર્ય હતું. એટલું જ નહિ, આશ્ચર્યની વાત એ હતી કે તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી સમાધિનિષ્ઠ બન્યા હતા!

મહારાજે રાજાભાઈને બોલાવ્યા અને કહ્યું, "રાજાભાઈ! તમે શેર લોટ ખાઈને રહેજો અને ફઈબા કહે તે સેવા કરજો."

રાજાભાઈએ મહારાજનાં વચનને મસ્તક ઉપર ધારી લીધું અને ફઈબાનો વહીવટ સંભાળી લીધો. રાજાભાઈની કાર્યકુશળતા જોઈને ફઈબા અત્યંત રાજી થયા, પણ મોટી મુશ્કેલીની વાત એ હતી કે રાજાભાઈ ભોજનમાં માત્ર એક શેર કાચો લોટ જમતા હતા. નહિ મીઠું, નહીં મરચું, નહીં મસાલા, નહીં બાટી બનાવી શેકવાનું, બસ લોટને પાણીમાં નાખે, રાબડું બનાવે અને પી જાય!

ફઈબાને મનમાં ભારે દુઃખ રહ્યા કરે કે, 'રાજાભાઈ આખો દિવસ કામ કરે છે. કાંઈ ખાતાં-પીતાં નથી.'

તેઓ રાજાભાઈને ભાતભાતની ભોજન-સામગ્રી જમાડવાનો આગ્રહ કરે, પણ રાજાભાઈ માને નહિ. એમને મન મહારાજનું વચન એટલે વજ્રનો મુદ્રાલેખ!

આમને આમ એક વર્ષ વીતી ગયું. એવામાં મહારાજ પાછા મછિયાવ પધાર્યા. એમણે ફઈબાને પૂછ્યું, "ફઈબા! રાજાભાઈ કામકાજ તો સરખું સંભાળે છે ને?"

ફઈબાએ કહ્યું, "મહારાજ! રાજાભાઈએ તો મારી સઘળી ચિંતા દૂર કરી દીધી છે, પરંતુ મોટી મુશ્કેલી એ છે કે આજે એક એક વર્ષ વીત્યું, છતાં રાજાભાઈ કાંઈ ખાતાં-પીતાં નથી. માત્ર એક શેર કાચો લોટ ખાઈને રહે છે."

મહારાજે રાજાભાઈને બોલાવ્યા અને પૂછ્યું, "રાજાભાઈ! તમે કેમ કાંઈ ખાતાં-પીતાં નથી?"

રાજાભાઈએ કહ્યું, "મહારાજ! હું તો આપની આજ્ઞા પ્રમાણે કરું છું. આપે મને એક શેર લોટ ખાઈને રહેવાનું કહ્યું હતું. બસ, એ પ્રમાણે જ રહું છું."

મહારાજ આ વચનમૂર્તિ સંધી સામે હેતથી જોઈ રહ્યા અને બોલ્યા, "રાજાભાઈ! અમારી આજ્ઞાનો આશય કાચો લોટ ખાવાનો ન હતો, પરંતુ સીધુંસાદું ભોજન કરીને સેવા કરવાની વાત હતી."

રાજાભાઈએ કહ્યું, "મહારાજ! મને બીજી કાંઈ ગમ ન પડે, મારે તો આપનું વચન એ વચન." રાજાભાઈની વાત સાંભળી મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને વચનમૂર્તિ રાજાભાઈ સંધીને બાથમાં ઘાલીને મળ્યા. મહારાજે ફઈબાની સામે જોઈને કહ્યું, "ફઈબા! આવા ભક્તો તો અમારા સત્સંગનો શણગાર છે. રાજાભાઈ અમારા સત્સંગી થયા, મુસલમાનોએ એમને નાતબા'રા કર્યાં, અનેક પ્રકારના કષ્ટો દીધાં, સહન કર્યું, પણ સત્સંગ ન છોડ્યો."

"રાજાભાઈ તો અમારી સેવા માટે સમર્પિત થયા હતા, છતાં અમારાં વચને તમારી સેવામાં જોડાયા. અમારા વચને આખું વર્ષ લોટ પીને રહ્યા. આવા વચનમૂર્તિ ભક્તોના કલ્યાણ માટે તો અમે અવતાર ધારણ કર્યો છે."

ડોસા તાઈની નિરાવરણ સ્થિતિ

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ અમદાવાદ પધારી રહ્યા હતા. રસ્તામાં સરખેજ ગામની સીમમાં એક યવન ખેતી કરી રહ્યા હતા, નામ 'ડોસા તાઈ' હતું. તેઓ પાક દિલના મુસલમાન હતા.

પાર્ષદોથી ઘેરાયેલા મહારાજનાં દર્શન કરતાં જ ડોસા તાઈનું મન મહારાજમાં ખેંચાઈ ગયું. એના મનમાં થયું, આ કોઈ સાધારણ મનુષ્ય નથી. કોઈ અલૌકિક ઓલિયા છે.

ડોસા તાઈ મહારાજને શોધતાં શોધતાં અમદાવાદ આવ્યા અને મહારાજને ઉતારે પહોંચ્યા. મહારાજનાં દર્શન કરતાં જ ડોસા તાઈને સમાધિ થઈ ગઈ.

સમાધિમાં ડોસા તાઈએ એક લાખ અને એંશી હજાર ઓલિયાઓ તથા અનેક નૂરી-ફરિસ્તાઓ જેમની બંદગી કરતાં હોય, એવા તેજોમય ખુદા રૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કર્યાં. આ દિવ્ય અનુભૂતિ બાદ ડોસા તાઈએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કર્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આ પાક દિલના બંદાને યોગીઓને દુર્લભ એવી નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ.

ડોસા તાઈ સત્સંગી થયા, એ મુસલમાનોને રૂચ્યું નહિ. તેઓએ સામ, દામ, દંડ, ભેદથી ડોસા તાઈનો સત્સંગ છોડવવા ભારે દબાણ કર્યું પરંતુ ડોસા તાઈ માન્યા નહીં.

આખરે મુસલમાનો રોષે ભરાયા. ખુદ એના બાપે ડોસા તાઈને ઓરડામાં પૂરી એક થાંભલા સાથે બાંધી દીધાં. બાહેર બારણાંને સાંકળ મારી તાળું લગાવી દીધું અને બાહેર ચોકીપહેરો બેસાડ્યો. આશ્ચર્ય એ થયું કે ડોસા તાઈ પૂરાયા અમદાવાદમાં અને નીકળ્યા બાર ગાઉ ઉપર એમના સંબંધીને ઘરે. ઊર્જાના તરંગોને આવરણ આડાં ન આવે એમ ઓરડાની દીવાલોનાં કોઈ આવરણ ડોસા તાઈને નડ્યાં નહીં.

એક વાર તો રૂઢિચુસ્ત લોકો અને સગાંસંબંધીએ સાથે મળીને ઊંડો ખાડો કર્યો અને એમાં ડોસા તાઈને દાટી દીધા. આશ્ચર્ય એ થયું કે, ડોસા તાઈ દટાયા અમદાવાદમાં અને નીકળ્યા છેક ધોળકામાં!

બધાં આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયાં. આમ કેમ બન્યું? એ કટ્ટરવાદી લોકોના કળ્યામાં ન આવ્યું! નિષ્કુળાનંદસ્વામીએ હરિસ્મૃતિ ગ્રંથમાં આ પ્રસંગની નોંધ લેતા લખ્યું છે કે,

વળી એક ડોસો યવન અચરજકારી છે, તેને થયું હરિનું દર્શન અચરજકારી છે |
રહી મૂર્તિ અંતરમાં અચરજકારી છે, ભૂલ્યો દેહ દિસે નહિ કાંઈ અચરજકારી છે ||૩૬||
તેને બાપે બાંધ્યો બંધે અચરજકારી છે, રોક્યો ઘરમાં ઘાલી સંબંધે અચરજકારી છે |
આપ્યાં કમાડ દીધાં તાળાં અચરજકારી છે, બેઠાં બારણે રખવાળાં અચરજકારી છે ||૩૭||
તેમાંથી દેહ અદર્શ થઈ અચરજકારી છે, નિસર્યો બાર ગાઉ પર જઈ અચરજકારી છે |
ત્યાં પણ બંધ કર્યો વળી બીજે અચરજકારી છે, ત્યાંથી નિસરી ગયો ત્રીજે અચરજકારી છે ||૩૮||
આવરણ એક આડું નવ રહ્યું અચરજકારી છે, ભૌતિક દેહ અભૌતિક થયું અચરજકારી છે |
તે તો જાણે છે જન મનમાં અચરજકારી છે, એહ સામર્થી ભગવનમાં અચરજકારી છે ||૩૯||

(હરિસ્મૃતિ–૭)

આ પાક દિલના ડોસા તાઈને ઘેર પ્રેમસખી પ્રેમાનંદસ્વામીનો ઉછેર થયો હતો.

વામાચારીઓનો વિરોધ

વિ. સં. ૧૮૬૮ની સાલ હતી. પોષ માસ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અમદાવાદ પધાર્યા હતા. અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ વડલાની જેમ વિસ્તરી રહ્યો હતો. ભાગવત ધર્મના સ્થાપન માટે ઠેર ઠેર વિચરી રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોની કપરી કસોટીઓ થતી, તો ખુદ ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે પણ સીધાં ચઢાણ નહોતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોના પવિત્ર અને સાધુતાભર્યા જીવનને લીધે દંભી અને પાખંડી ધર્મગુરુઓનાં કપટ ખુલ્લાં થઈ જતાં હતાં, એટલે એમને ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે વિરોધ થાય તે સહજ હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણને અનેક દિશાઓમાંથી આવતી ઉપાધિઓ અને પડકારોનો સામનો કરવાનો હતો. એક બાજુ શાસ્ત્રીઓ અને પુરાણીઓના શાસ્ત્રાર્થો હતા, બીજી બાજુ કોઈ રીતે ન સમજે તેવી અખાડિયન જમાતો હતી, ત્રીજી બાજુ કેટલાક પંથોના આડંબરી અને ભ્રષ્ટાચારી ધર્મગુરુઓ હતા, ચોથી બાજુ ફેલી અને વ્યસની રાજાઓ હતા, પાંચમી બાજુ વામાચારીઓ હતા, છઠ્ઠી બાજુ ભૂવા અને ભરાડીઓ હતા, સાતમી બાજુ ખુદ સમાજની અંધશ્રદ્ધા અને અજ્ઞાન હતાં.

ભાગવત ધર્મની સ્થાપના માટે ભગવાન શ્રી સ્વામિનારાયણને અભિમન્યુની જેમ સાત સાત કોઠા વીંધવાના હતા. અભિમન્યુ ભલે સાતમે કોઠે નિષ્ફળ ગયા, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વે કોઠા કુશળતાપૂર્વક વીંધ્યા હતા અને પોતાનું ધ્યેય સિદ્ધ કર્યું હતું.

ધર્મના સ્થાપિત હિતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને કેદ કરવાના અને મારી નાખવાના અનેક પ્રયાસો કર્યાં હતા, પરંતુ તમામ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા હતા.

ધોરાજીમાં મતપંથીઓએ, ભૂજમાં જગજીવનરામ મહેતાએ, ગઢડામાં દરબાર જીવા ખાચરે, વડોદરાના દીવાન બાબાસાહેબે, પાદરાના સૂબા કાનોબાએ, અમદાવાદના સૂબા વિઠ્ઠોબાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને કેદ કરવાના અથવા તો મારી નાખવાના અનેક ષડ્યંત્રો રચ્યાં હતાં, પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે કોઈની કારી ફાવી ન હતી.

આશ્ચર્યની વાત તો એ હતી કે ઘણીવાર એવું બનતું, એમને પકડવા કે મારવા આવેલા લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણના અદ્‌ભુત પ્રભાવ, કરુણા, ક્ષમા અને પ્રેમને લીધે એમના શિષ્યો બની જતા હતા!

ભગવાન શ્રી સ્વામિનારાયણની હિંમત, સાહસ, નીડરતા અને કુનેહ દાદ માગી લે તેવા હતા! તેઓ ક્યારેય ડર્યા ન હતા કે પારોઠના પગલાં ભર્યાં ન હતાં.

એમને ખબર હોય કે એમને કેદ કરવાનું ષડ્યંત્ર છે અથવા તો મારી નાખવાનું કાવતરું છે, છતાં પણ તેઓ ગજબની હિંમતથી જોખમોનાં મુખમાં પગ મૂકતા, પોતાનો અલૌકિક પ્રભાવ પાથરતા, ષડ્યંત્રકારીઓ જોતા રહેતા અને તેઓ કુનેહથી હવાની જેમ હેમખેમ નીકળી જતા, તેજોદ્વેષીઓ હાથ ઘસતા રહી જતા.

અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું વારંવાર આગમન વામાચારીઓથી સહન થઈ શકતું ન હતું. જેતલપુરમાં થયેલો શાસ્ત્રાર્થ એમનાં હૈયામાં તીરની જેમ ખૂંચતો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણના ભાગવત ધર્મનો વિકાસ એમનાથી જોઈ શકાતો ન હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ નાનપણથી જ વામાચારના વિરોધી હતા. ધર્મના નામે થતા માંસ-મદિરાનાં સેવન અને વ્યભિચાર એમને પસંદ ન હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણ વામાચારીઓના કાળ હતા. ધર્મમાં પેઠેલી વામાચારની વિકૃતિઓને દૂર કરવી એ એમનું લક્ષ્ય હતું, પરિણામે વામમાર્ગીઓ એમના ઉપર રોષે ભરાયા હતા.

ગાયકવાડી રાજ્યમાં અનેક જગ્યાએ વામાચારીઓના અડ્ડા હતા. પાદરાનો સૂબો કાનોબા, વડોદરાના દીવાન બાબાસાહેબ, અમદાવાદના સૂબા વિઠ્ઠોબા, વિસનગરનો લાલદાસ વામમાર્ગી હતા. આ સર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણના ઘોર વિરોધીઓ હતા.

સૂબો આપણું શું કરી લેવાનો?

વામમાર્ગીઓએ અમદાવાદના સૂબા વિઠ્ઠોબાની સાથે મળીને ભગવાન શ્રી સ્વામિનારાયણને મારી નાખવાનું ષડ્યંત્ર કર્યું.

ભદ્રના કિલ્લામાં એક મોટું તેલનું ટાંકું હતું. સૂબા વિઠ્ઠલ રાવે એના ઉપર વાંસની ઝીણી ખપાટો પથરાવી, ઉપર મખમલના ગાદી-તકિયા નંખાવ્યાં. આ કપટ આસન ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણને બેસાડી તેલના ટાંકામાં ડુબાડી મારી નાખવાનો મનસૂબો કર્યો. એણે ઉપર ઉપરથી ભાવ દેખાડી ભગવાન શ્રી સ્વામિનારાયણને ભદ્રના કિલ્લામાં પધારવા આગ્રહભરી વિનંતી કરી.

આગેવાન સંતો અને હરિભક્તોએ કહ્યું, “મહારાજ! સૂબાના આ નિમંત્રણમાં દગાની ગંધ આવે છે, માટે આપણે કિલ્લામાં જવાનું ટાળવું જોઈએ.”

મહારાજે કહ્યું, “ભક્તો! જીવન-મરણ હરિના હાથમાં છે. આપણે મોતથી ડરાય નહિ અને બીજું, તમે અમને કેવા જાણો છો?”

ભક્તોએ કહ્યું, “મહારાજ! અમે તમને ભગવાન જાણીએ છીએ.”

મહારાજ ખુમારીથી બોલ્યા, “તો ભક્તો! સાંભળો, જીવ-પ્રાણીમાત્રનાં નાડી-પ્રાણ ભગવાનના હાથમાં હોય છે. સૂબો અમને શું કરી શકશે?”

જોખમની જાણ હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-ભક્તોના મંડળ સાથે વાજતે-ગાજતે ભદ્રના કિલ્લામાં પધાર્યા.

સૂબા વિઠ્ઠોબાના માણસોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને અંદર પ્રવેશવા દીધા, પણ એમના પાર્ષદોને અંદર પ્રવેશતા રોક્યા અને દરવાજા બંધ કર્યા. પરંતુ વીર ભગુજી, સોમલો ખાચર વગેર કેટલાક પાર્ષદો અને દંડી સંન્યાસી શ્રીપાત્ દેવાનંદસ્વામી વગેરે કેટલાક સંતો સૂબાના માણસોને હડસેલીને અંદર પ્રવેશી ગયા.

વિઠ્ઠોબાના માણસોએ અંદરથી દરવાજા વાસી દીધા. સૂબાએ કૃત્રિમ સ્મિત સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વાગત કર્યું અને કૃત્રિમ વિનય સાથે કપટ ભરેલી ગાદી ઉપર બેસવા વિનંતી કરી.

મહારાજે હસીને કહ્યું, "વિઠ્ઠલ રાવજી! આ તો રજવાડી ગાદી! આ ગાદી ઉપર તો આપ જેવા રાજા-મહારાજા બેસે તે શોભે, અમારા જેવા સાધુ-સંતોને આવી ગાદીએ બેસવું ન પોષાય, માટે આપ ત્યાં બિરાજો. અમે તો અહીં આ નીચેના આસને બેસીશું." એમ કહી મહારાજ બાજુના આસન ઉપર બેસી ગયા.

પોતાની મેલી-મુરાદ પાર પાડવા વિઠ્ઠોબાએ વિષમિશ્રિત સાકર જેવા મધુર સ્વરે વિનંતી કરતા કહ્યું, "મહારાજ! આપ અમારા ભદ્રના કિલ્લામાં પધાર્યા એથી અમે ભાગ્યશાળી થયા! આપ આ ગાદીએ બેસી ગાદીને પાવન કરો."

મહારાજે વિઠ્ઠોબાને કહ્યું, "વિઠ્ઠોબા! ગાદી જ પાવન કરવી હોય તો લ્યો! અમે આ છડીથી ગાદીને પાવન કરી દઈએ." આટલું કહી મહારાજે પોતાની છડી ગાદીને અડાડી થોડો ભાર દીધો, ત્યાં ગાદી સીધી તેલના ટાંકામાં ગઈ!

મહારાજે વેધક નજરે સૂબાની સામે જોયું. એ પ્રતાપી નજરનો પ્રભાવ સૂબો જીરવી શક્યો નહિ. મહારાજના સિંહ જેવા શૂરવીર પાર્ષદોએ હથિયારો ઉઠાવી લીધાં. મહાસિદ્ધ સંન્યાસી દંડી દેવાનંદજીએ 'દટ્ટન સો પટ્ટન' કરવાના સંકલ્પ માટે પોતાનો દંડ ઊંચો કર્યો. મહારાજે ગર્જના કરી કહ્યું, "ખબરદાર દેવાનંદ! કોઈ ભૂંડો સંકલ્પ કર્યો છે તો? પાડાને વાંકે પખાલીને ડામ ન દેવાય! કસૂર સૂબાની છે; અમદાવાદની આમજનતાએ આપણું કશું બગાડ્યું નથી."

એ જ રીતે મહારાજે સત્તાવાહી સ્વરે પાર્ષદોને કહ્યું, "હથિયારોની જરૂર નથી! આ વામણો સૂબો આપણને કાંઈ કરી શકે એમ નથી!"

વિઠ્ઠોબા તો કાપો તો લોહી ન નીકળે એવો સ્તબ્ધ થઈને ઊભો હતો. એની આખી બાજી ઊંધી વળી ગઈ હતી. કપટની ગંધ આવી જતા બાહેર સંકીર્તન કરતા ભક્તજનોનાં મન ઉચાટભર્યાં હતાં. સારો એવો લોકસમુદાય પણ એકઠો થઈ ગયો હતો.

મહારાજે વિઠ્ઠોબાની સામે જોઈ વેધક સવાલ કર્યો, "વિઠ્ઠલ રાવજી! આ બધું શું છે?"

ડઘાઈ ગયેલો સૂબો થોથવાયો, ઝંખવાયો, પણ એનો ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેનો દ્વેષ ઓછો થયો ન હતો.

સૂબાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને કહ્યું, "સ્વામિનારાયણ! તમે હાલ ને હાલ અમદાવાદ છોડીને ઈડરિયે દરવાજેથી બહાર નીકળી જાઓ, બીજા બધા જ દરવાજાઓ તમારા માટે બંધ છે, અમે તમને હદપાર કરીએ છીએ. અમારો હુકમ છે કે, હવેથી તમારે અમદાવાદ ન આવવું."

મહારાજ કહે, "વિઠ્ઠલ રાવજી! અમે ક્યાં સુધી ન આવીએ?"

વિઠ્ઠોબા બોલ્યા, "જ્યાં સુધી અમારું રાજ હોય ત્યાં સુધી."

મહારાજે મર્મ ભરેલી વાણીમાં કહ્યું, "ભલે વિઠ્ઠલ રાવજી! તમારું રાજ ન હોય પછી તો અમે આવીએ ને?"

સૂબાથી બોલાઈ ગયું, “હા.”

સૂબો શું બોલે છે એનું એને ભાન રહ્યું ન હતું. મહારાજની વાણીમાં સૂબાની સૂબાગીરીનું ભવિષ્ય ભાખાઈ ચૂક્યું હતું!

સૂબો જોતો રહ્યો અને મહારાજ ભદ્રના કિલ્લામાંથી બહાર નીકળી ગયા. મહારાજને હેમખેમ બહાર પધારતા જોઈ ભક્તોને ભારે આનંદ થયો. બધા જયજયકાર કરવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે સૂબાએ ઈડરિયા દરવાજા સિવાયના બધા જ દરવાજા બંધ કરાવ્યા હતા, છતાં રાજસત્તા સામે ધર્મસત્તાએ સત્યાગ્રહ માંડ્યો હોય તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-ભક્તોનાં મંડળ સાથે સંકીર્તન કરતાં કરતાં અમદાવાદના એક-એક દરવાજે ફર્યા અને આખરે ઈડરિયે દરવાજેથી બહાર નીકળી ગયા.

વિ. સં. ૧૮૬૫ મહા સુદી પ્રતિપદાનો આ દિવસ હતો.

અમદાવાદમાં અંગ્રેજ સત્તાનો ઉદય

આ ઘટના ઘટ્યા પછી ટૂંક સમયમાં જ અમદાવાદમાંથી પેશ્વાઈ સત્તાનો અસ્ત થયો અને અમદાવાદ અંગ્રેજોના હાથમાં આવ્યું.

વિ. સં. ૧૮૭૦ અષાઢ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વાજતે-ગાજતે ફરીથી અમદાવાદમાં પધાર્યા. અમદાવાદવા ભાવિક ભક્તજનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

અંગ્રેજ ગવર્નરના પ્રતિનિધિ શ્રી એરણસાહેબ તથા ડનલોપસાહેબ મહારાજનાં દર્શને આવ્યાં. બંને અંગ્રેજ અધિકારીઓને મહારાજનાં દર્શન કરતાં અંતરમાં અત્યંત શાંતિ થઈ.

અંગ્રેજ અધિકારીઓએ કહ્યું, “સ્વામિનારાયણ! આ અમદાવાદ આપનું છે, આપ અહીં સુખેથી રહો. અહીં તમારું સ્થાન બનાવો, અમે જોઈએ એટલી જમીન તમને આપીશું.”

ભગવાન શ્રી સ્વામિનારાયણે અમદાવાદના નવા વાસ વિસ્તારમાં જમીન પસંદ કરી. અંગ્રેજોએ એ જમીન મહારાજને બક્ષિસ કરી. સમય જતાં મહારાજે અહીં ભવ્ય મંદિર પણ બાંધ્યું, જે ‘કાલુપુર નરનારાયણ દેવનું મંદિર’ કહેવાયું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયની અંગ્રેજ સલ્તનત ભગવાન શ્રી સ્વામિનારાયણનો ભારે આદર કરતી હતી. આ આદર પાછળ અંગ્રેજોનો આશય જે હોય તે, પરંતુ એમણે આમજનતાની સુખાકારી અને સુરક્ષા માટે જે કદમ ઊઠાવ્યા હતા તે પ્રશંસાપાત્ર હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના કેટલાક હેતુઓ અંગ્રેજોના કદમ સાથે તાલ મિલાવતા હતા; જેમાં મંજિલ સરખી હતી, માર્ગ જુદા જુદા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો મુખ્ય હેતુ હતો આમજનતામાં શાંતિ અને સુખાકારીની સ્થાપના.

અંગ્રેજોના દાબથી તત્કાલીન રાજા-મહારાજાઓ મને-કમને પ્રજાનું હિત કરવા મજબૂર બન્યાં હતાં. અંગ્રેજોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સાધુઓને રક્ષણ આપ્યું હતું, ધર્મપ્રચારના કાર્યમાં એમણે સુરક્ષા અને સહયોગ પૂરા પાડ્યાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણની ઊભરેલી ધર્મશક્તિનો તેઓ ભારે આદર કરતા હતા.

આ દેશની ગુલામી માટે અંગ્રેજો વિશે ઘણું બધું કહેવાયું છે અને લખાયું છે એટલે એમાં વિશેષ ઊંડા ઊતરવાનો વિચાર નથી, પરંતુ અંગ્રેજોએ દૂર્દાંત રાજસત્તાઓને આધીન કરી પ્રજાને સુરક્ષા, ન્યાય અને સુખાકારીનું છત્ર આપવા પ્રયાસ કર્યો હતો એ ભૂલી શકાય તેમ પણ નથી.

આજે આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ દેશનું કેટલુંક ચિત્ર ભારે નિરાશા પેદા કરે એવું અને અંધકારમય લાગે છે; ત્યારે આમજનતાના અંતરમાંથી એક સૂર ઊઠે છે, જેની સામે આંખ આડા કાન કરી શકાય તેમ નથી.

આમજનતાના અંતરાત્માનો સૂર છે, “આજના સત્તાલોલુપ અને સંપત્તિ પાછળ પાગલ થયેલા રાજકારણીઓ અંગ્રેજોને સારા કહેવડાવે એવા છે!”

ગાંધીજીએ મીઠા ઉપરના કર માટે દાંડીકૂચનો સત્યાગ્રહ ચલાવ્યો હતો, જ્યારે આજનું કરભારણ અંગ્રેજો કરતાંય અનેકગણું આગળ નીકળી ગયેલું છે.

એક સમયે રાજા-મહારાજાઓનાં સાલિયાણાંઓ નાબૂદ કરવામાં આવ્યાં હતાં, એ જ સાલિયાણાંઓ આજે નવાં રૂપે ઉદય થઈ રહ્યાં છે!

આજના વાતાવરણમાં વધારેમાં વધારે મુશ્કેલીઓ હોય તો મધ્યમવર્ગને છે, કારણ કે એ વર્ગને નથી કોઈ સરકારી સહાય મળતી કે નથી કોઈ વિકાસની જોઈએ એવી તકો મળતી. ખેર, આ વિશેનું વિશેષ ચિંતન સમાજના શાણા માણસોની વિવેકબુદ્ધિ ઉપર નિર્ભર છે.

શું તમે તથાગત બુદ્ધ છો?

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ અમદાવાદમાં પાંચસો પરમહંસોની વિશાળ સભા ભરીને વિરાજમાન હતા. એ વખતે અમદાવાદના કેટલાક વિદ્વાનો ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે શાસ્ત્રચર્ચા કરવા આવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમના પ્રશ્નોના યથાર્થ ઉત્તરો આપી ‘સ્વામિનારાયણ સંપ્રદાય વૈદિક છે’ એ વાત સિદ્ધ કરી.

એ સમયે કેટલાક વિદ્વાનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન કર્યો હતો, 'લોકો તમને બુદ્ધાવતાર કહે છે, તો શું તમે બુદ્ધ છો?' વિદ્વાનોના આ પ્રશ્નના આશયને સમજવા માટે કેટલોક સંદર્ભ સમજવો જરૂરી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભારતભ્રમણ દરમ્યાન કોઈ બૌદ્ધ ભિખ્ખુઓને મળ્યા હોય અથવા તો બૌદ્ધ ધર્મના પરિચયમાં આવ્યા હોય તેવો ઉલ્લેખ મળતો નથી, ભાગવત જેવા પુરાણોના શ્રવણ પ્રસંગે તથાગત બુદ્ધનું નામ સાંભળ્યું હોય એ સંભળાય છે, છતાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનમાં તથાગત બુદ્ધ સાથેની અનેક સામ્યતાઓ જોવા મળે છે.

તથાગત બુદ્ધ કરુણામૂર્તિ અને મધ્યમમાર્ગી હતા, તે જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ કરુણામૂર્તિ અને મધ્યમમાર્ગી હતા.

તથાગત બુદ્ધ પાસે જેવા સાધુસંઘો હતાં, એવાં જ સાધુસંઘો ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે પણ હતાં.

તથાગત બુદ્ધે ભિખ્ખુઓને કેટલાક નિયમો આપ્યા હતા, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સાધુઓને પંચવર્તમાન આપ્યા હતા.

તથાગત બુદ્ધે પંચશીલનો ઉપદેશ આપ્યો હતો, ભગવાન શ્રી સ્વામિનારાયણે આમજનતાને લગભગ એવા જ પંચ વર્તમાન આપ્યા હતા. જેમ કે દારૂ વગેરે કેફી પદાર્થોનું સેવન ન કરવું, માંસ કે માંસમિશ્રિત પદાર્થોનું ભોજન ન કરવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વટલવું નહીં વટલાવવું નહીં વગેરે.

તથાગત બુદ્ધના ભિખ્ખુઓમાં ધર્મચક્ર-પ્રવર્તનનો જે ઉત્સાહ હતો, એવો જ અદકેરો ઉત્સાહ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓમાં જોવા મળે છે.

તથાગત બુદ્ધે પોતાના ભિખ્ખુઓને લોકભાષામાં ઉપદેશ કરવાનો આદેશ કર્યો હતો, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સીધીસાદી લોકભાષામાં ઉપદેશ કર્યો હતો અને કરાવ્યો હતો. સાથે સાથે એમણે સંસ્કૃત ભાષાના અભ્યાસ ઉપર પણ ભાર મૂક્યો હતો.

તથાગત બુદ્ધે વિધિ-વિધાનોની જટિલતા વિનાના ધર્મસૂત્રો ઉપર ભાર મૂક્યો હતો અને બાહ્ય ક્રિયાઓને ગૌણ ગણી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે આંતરિક પવિત્રતાની રક્ષા માટે બાહ્ય આચાર-વિચાર આવશ્યક માન્યા હતા, છતા વિધિ-વિધાનોની જટિલતા ઘણી ઓછી કરી નાખી હતી.

બીજા શબ્દોમાં કહીએ તો ભગવાન શ્રી સ્વામિનારાયણે શમન અને દમન, બંને સાધનોને આવશ્યક ગણ્યાં હતાં.

બંને ભગવન્તોએ કોઈ પણ જાતના ઉચ્ચ-નીચના ભેદ જોયા સિવાય ન માત્ર માનવજાત, પરંતુ પ્રાણીમાત્રના કલ્યાણની કામના સેવી હતી.

તથાગત બુદ્ધના ઉપદેશો 'બહુજનસુખાય' અને 'બહુજનહિતાય' રહ્યા, ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશો પણ 'સર્વજીવહિતાવહાય' રહ્યા. એમણે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે, "આ શિક્ષાપત્રી સર્વજીવહિતાવહ છે."

આશ્ચર્યજનક બાબત એ છે કે તથાગત બુદ્ધ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની આ સામ્યતા પરસ્પર કોઈ જાતના સંપર્કસૂત્ર વગર, અધ્યાત્મની કોઈ ઉર્વરક ભૂમિકાએ સ્વતંત્રપણે પાંગરી છે.

તથાગત બુદ્ધ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ્ચે ઘણી બધી અસમાનતાઓ પણ છે. તથાગત નાસ્તિક મનાય છે, એ ઈશ્વર વિશે મૌન રહે છે, વેદ અને યજ્ઞનું ખંડન કરે છે, જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે એકેશ્વરવાદની સ્થાપના કરી છે. વેદોની રક્ષા કરી છે અને અહિંસયજ્ઞ પ્રસ્તોતા બન્યા છે.

તથાગત બુદ્ધ અહિંસામાં માને છે, છતાં નવાઈની વાત એ છે કે, બૌદ્ધ ધર્મ માંસાહારથી મુક્ત થઈ શક્યો નથી. કહેવાય છે કે તથાગત બુદ્ધનું મૃત્યુ પણ સૂકરના માંસ ભક્ષણથી થયું હતું. જોકે, શાકાહારી બૌદ્ધો આ વાતને વિવાદારૂપદ માને છે. અહિંસા અને માંસાહાર વચ્ચે યુક્તસંગત મેળ બેસાડવો મુશ્કેલ છે.

તથાગત બુદ્ધ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના મધ્યમ માર્ગમાં પણ સૂક્ષ્મ ભેદ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનો મધ્યમ માર્ગ વેદશાસ્ત્રમૂલક છે.

વેદો કહે છે કે,

"तमेतं वेदानुवचनेन ब्राह्मणाः विविदिषन्ति ।
यज्ञेन दानेन तपसानाशकेन।"
(बृहदारण्यकोपनिषद्–अ–४,ब्राह्मण–४,मन्त्र–२२)

યજ્ઞ, દાન અને અનાશક તપ વગેરે સાધનો દ્વારા ચિત્ત શુદ્ધિ કરીને બ્રાહ્મણો બ્રહ્મને જાણવાનો પ્રયાસ કરે છે. અહીં અનાશક તપ લખ્યું છે જેનો અર્થ છે, 'મધ્યમમાર્ગી તપ'.

ધર્મશાસ્ત્ર કહે છે કે, 'શરીર ધર્મનું સાધન છે. એને અતિ માત્રામાં પોષવું નહીં, તેમ જ તૂટીફૂટી જાય એવું આકરું તપ પણ ન કરવું.'

આ જ વાતને વધારે વિશદ કરતાં ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે,

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

(भगवद् गीता–अ–६, श्लोक–१७)

'જે ભોજનનો સર્વથા ત્યાગ કરે છે; જે અતિ માત્રામાં ભોજન કરે છે; જે અતિ જાગે છે; જે અતિ ઊંઘે છે; જે પશુની જેમ રાત-દિવસ કર્મમાં મંડ્યો છે; તેને યોગ

સિદ્ધ થતો નથી.' 'જેના આહાર-વિહાર, જાગરણ અને ઊંઘ સંતુલિત છે; જેના કર્મો વિવેકથી પૂર્ણ છે, એને જ યોગ સિદ્ધ થાય છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ વેદ-શાસ્ત્રોક્ત મધ્યમમાર્ગ અપનાવ્યો હતો. તથાગત બુદ્ધના અશાસ્ત્રીય શૂન્યવાદ, વિજ્ઞાનવાદ કે અન્ય કોઈ વાદ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણને કોઈ સંબંધ ન હતો.

આ એક એક પરમહંસ બુદ્ધ છે!

આ સંદર્ભના અનુસંધાને વિદ્વાનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન કર્યો હતો કે, "સ્વામિનારાયણ! કેટલાક લોકો તમને 'બુદ્ધાવતાર' કહે છે, તો શું તમે બુદ્ધ છો?"

વિદ્વાનોના પ્રશ્નનો ગુપ્ત આશય હતો, 'ભગવાન શ્રી સ્વામિનારાયણને બુદ્ધની જેમ નાસ્તિક ઠેરવવા અને એમના પંથને કલ્પિત સાબિત કરવો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ વિદ્વાનોનો આશય સમજી ચૂક્યા હતા. એમણે મંદ મંદ હસીને આંચકો લાગે એવો ઉત્તર કર્યો, "વિદ્વાનો! અમે બુદ્ધ નથી."

મહારાજની વાત સાંભળતાં વિદ્વાનો આશ્ચર્યચકિત થયા. એમનું આશ્ચર્ય શમે ન શમે ત્યાં તો મહારાજ બોલ્યા, "અમે બુદ્ધ નથી પરંતુ અમારી સામે બેઠેલા આ પાંચસો પરમહંસો બુદ્ધ છે અને આ બધા બુદ્ધો અમારી ઉપાસના કરે છે. વિદ્વાનો! બુદ્ધનો અર્થ તો તમે સમજતા જ હશો! બુદ્ધનો અર્થ થાય છે, જ્ઞાની. આ અમારા પરમહંસો જ્ઞાનના પારને પામેલા છે. એમનું જ્ઞાન વાચ્યાર્થ નથી, લક્ષ્યાર્થ છે, અર્થાત્ શબ્દોમાં સીમિત નથી, અનુભૂતિથી ભરપૂર છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉત્તર સાંભળીને વિદ્વાનો દંગ રહી ગયા. વિદ્વાનોના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સમાધિ સાચી છે કે ખોટી? એની ખરાઈ કરવાનો સંકલ્પ હતો. એ સંકલ્પને પૂર્ણ કરવા મહારાજે સભામાં કેટલાક ભક્તોને સમાધિ કરાવી.

વિદ્વાનોએ આ સમાધિસ્થ ભક્તોની અનેક પ્રકારે કસોટીઓ કરી. સમાધિમાંથી ભક્તો જાગ્યા, ત્યારે એમના અનુભવ વિશે જાતજાતના પ્રશ્નો પૂછ્યા. ભક્તોએ એના સંતોષકારક જવાબો આપ્યા. આખરે વિદ્વાનોના મનનું સમાધાન થયું. આમાંના ઘણાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કર્યો.

શું તથાગત બુદ્ધ અવતાર છે?

પ્રસંગોપાત્ તથાગત બુદ્ધ વિશે એક વાત સમજવા જેવી છે. ભાગવત જેવા પુરાણમાં તથાગત બુદ્ધની દશાવતારમાં ગણના કરી છે, પરંતુ તથાગત બુદ્ધ ભગવાન શ્રીરામ–કૃષ્ણાદિ જેવા અવતાર નથી.

ભગવાન રામ અને કૃષ્ણ તો સાક્ષાત્ પરમતત્ત્વનું અવતરણ છે, જ્યારે તથાગત બુદ્ધ તો અનેક જન્મોમાં ફરતાં ફરતાં, સાધના કરતાં કરતાં બુદ્ધત્વને પામ્યા છે. બૌદ્ધ જાતકકથાઓ એનું પ્રમાણ છે. તથાગત બુદ્ધને અવતાર ગણવા જ હોય તો નારદ-સનકાદિકની જેમ આવેશાવતાર ગણી શકાય છે.

ક્યારેક કોઈક કારણસર સર્વશક્તિમાન્ પરમાત્મા કોઈ ઉચ્ચકોટિના આત્માઓને થોડા સમય માટે પોતાનું ઐશ્વર્ય આપે છે. આવા ઐશ્વર્યશાળી આત્માઓ આવેશાવતાર ગણાય છે.

'તથાગત બુદ્ધ અવતાર છે' એ વાત સર્વસ્વીકૃત બની નથી. હિન્દુધર્મના અનેક આચાર્યો આજે પણ બુદ્ધને અવતાર માનતા નથી.

વેદોમાં નહીં માનનાર નાસ્તિક તથાગત બુદ્ધને અવતારોમાં સ્થાન આપીને સનાતન ધર્મના મનીષીઓએ ભારે કમાલ કરી છે! ભારતીય સંસ્કૃતિની સાગર જેવી વિશાળતા, ઉદારતા, ધાર્મિક સંવાદિતતા અને સમન્વયવાદિતાનું આ અનુપમ ઉદાહરણ છે.

સમજદાર મહાપુરુષોએ તથાગત બુદ્ધને અવતારોમાં સ્થાન આપીને બે મહાન ધર્મો વચ્ચે સંઘર્ષને દૂર કરી સંગમ રચવાનો પ્રયાસ કર્યો છે.

બૌદ્ધ અને હિન્દુ ધર્મના સંગમનું દર્શન નેપાળમાં સવિશેષ થાય છે. અહીં મોટા ભાગના હિન્દુ ઘરોમાં ભગવાન કૃષ્ણ અને તથાગત બુદ્ધનું સાથે જ પૂજન-અર્ચન થાય છે.

સંઘર્ષ તો મનુષ્યના સ્વભાવમાં છે, પરંતુ સંવાદના સેતુ રચે એ મહાપુરુષો વંદનીય છે. એક સુંદર સેતુ જૈન ધર્મ અને સનાતન ધર્મ વચ્ચે રચાયો છે, જેનો આધારસ્તંભ જૈન ધર્મના આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવ છે. સનાતનીઓ ઋષભદેવને અવતાર માને છે, જૈનો આદિ તીર્થંકર માને છે. ભગવાન ઋષભદેવના ચરણોમાં સનાતન અને જૈન આ બંને ધર્મધારાઓનો સુંદર સંગમ થયેલો છે.

વેદોએ કહ્યું છે, 'एष सेतुर्विधरण ।' (बृहदारण्यकोपनिषद्, ૪–૪–૨૨) પરમાત્મા સેતુ બનીને સર્વનું ધારણ કરે છે.

અલગાવ કરતાં અલગાવને જોડનારી કડીઓ મહત્ત્વની છે. ખંડખંડને એક સૂત્રમાં પરોવીને અખંડમાં વિરામ પામવો, એ જ ધર્મની સાચી સાધના છે.

મોચીના પંથ જેવો બીજો કોઈ પંથ નહિ!

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉત્કર્ષથી દાઝેલા કેટલાક લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે એલફેલ પ્રચાર કરી રહ્યા હતા. એમાં એક પ્રચાર એવો હતો કે, 'સ્વામિનારાયણ તો મોચી છે, આપણાથી મોચીના પંથમાં ન ભળાય.'

જૂના રૂઢિચુસ્ત જમાનામાં 'લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે જતાં અટકે', એવો આ લોકોનો આશય હતો.

કવીશ્વર શ્રી દલપતરામ ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ ભક્ત હતા. એક વાર કોઈએ કવીશ્વર દલપતરામને કહ્યું, "કવીશ્વર! તમે ગુજરાતી સાહિત્યના અજોડ કવિ, વિદ્વાન અને વળી બ્રાહ્મણ છો, છતાં મોચીના પંથમાં કેમ ભળ્યા?"

કવીશ્વર દલપતરામ થોડી વાર તો પ્રશ્નકર્તાની સામે જોઈ રહ્યા. કવીશ્વરના મનમાં પ્રશ્ન પૂછનારની મૂઢતા ઉપર દયા આવતી હતી. કવીશ્વરે હસીને કહ્યું, "ભાઈ! મેં જાતજાતના પંથ જોયા પછી મને થયું કે, મોચીના પંથ જેવો કોઈનો પંથ નહિ."

પ્રશ્ન કરનારો તો બાઘાની જેમ કવીશ્વરને તાકી રહ્યો, કવીશ્વર શું કહેવા માગે છે? એ એને સમજાતું ન હતું.

કવીશ્વરે સહજ રમૂજી શૈલીથી વાત આગળ વધારી, "ભાઈ! હું એક નહિ, આખી દુનિયા મોચીના પંથમાં જ ભળેલી છે!"

પ્રશ્ન કરનારે પૂછ્યું, "કવીશ્વર! તમે શું કહી રહ્યા છો, સમજાતું નથી."

કવીશ્વરે કહ્યું, "હું જે મોચીને માનું છું, એ મોચીનો પંથ કેવો મોટો છે એ સાંભળી લે!" આમ કહીને શીઘ્રકવિ દલપતરામે કેટલાક સવૈયા એને સંભળાવ્યા....

સાખી

રચી ચર્મનાં પૂતળાં અખંડ અજોડ અભેદ |
તે પીછે જીવતાં કરે તે મોચી મુજ દેવ ||

છપય –

ચામડાંનાં પૂતળાં રચે છે ચતુરાઈ કરી, ચામડાંનાં બળદો ને બકરાં બનાવે છે;
ચામડાંનાં હાથી ઘોડા હજારો હજાર રોજ, જૂનાં ભાંગી જાતાં જાય, નવાં નીપજાવે છે.

ચામડાંની ગાયો ભેંસો શુદ્ધ દૂધ દોવાં દે છે, ચામડાંના પોપટોને રાણીઓ પઢાવે છે;
કેવું ચામડાંનું કામ કીધું દલપતરામ, એવા મોચીની વિશેષ ભક્તિ મને ભાવે છે ||૧||

હાડકાંનો માળો માંસવાળો વળી રુધિરાળો, રચી કાય જોડાજોડ કેમ ઘાલ્યા કોચીને;
ચતુરાઈ કરી વળી ચડાવ્યું રૂપાળું આળું, ટેભો ન જણાય કેમ ઘાલી આર ઘોંચીને.

હાલે ચાલે હામ ઘાલે ભાળે લડે ભેળ પાડે, પ્રૌઢ એવા પર્વતોને પાડે ટોચી ટોચીને;
કેવું ચામડાંનું કામ કીધું દલપતરામ, માન મેલી મોટા દેવ માનું છું તે મોચીને ||૨||

કવીશ્વરે કહ્યું, "ભાઈ! મારો સ્વામિનારાયણ તો આવો મોટો મોચી છે. તારાં અને મારાં ચામડાંનાં પૂતળાં એણે સર્જ્યાં છે." દલપતરામનો જવાબ સાંભળી પ્રશ્ન કરનારો ભોંઠો પડી ગયો.

કાંકરિયાને કિનારે ચોરાસી

એક વાર મહારાજે અમદાવાદમાં કાંકરિયા તળાવને કિનારે બહુ મોટા પાયા ઉપર ચોરાસી કરી હતી.

આ પ્રસંગે કેટલાક બ્રાહ્મણો ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષા લેવા માગતા હતા. બ્રાહ્મણોની નાત્યના આગેવાનો મહારાજ પાસે આવ્યા અને કહ્યું, "સ્વામિનારાયણ! અમારા કેટલાક બ્રાહ્મણો ચોર્યાશીમાં જમવા આવવામાં ખચકાટ અનુભવે છે."

મહારાજે કહ્યું, "ભૂદેવો! શેનો ખચકાટ છે?"

બ્રાહ્મણોએ કહ્યું, "સ્વામિનારાયણ! તળાવને કિનારે કીડી-મંકોડી, જીવજંતુના પાર નથી. અમે ત્યાં મંગાળા માંડીએ, રસોઈ કરીએ, તો કેટલી બધી જીવહત્યા થાય?"

મહારાજે કહ્યું, "ભૂદેવો! આપ પધારો, પ્રેમથી મંગાળા માંડો, અગ્નિ પેટાવો, રસોઈ કરો. જો કીડી-મંકોડી દેખાય તો તમે ચૂલા ઠારીને ચાલી નીકળજો."

ભૂદેવોએ કહ્યું, "સ્વામિનારાયણ! નીચેની જમીન ચોખ્ખી હોય, પરંતુ ઉપરથી કાગડા અને સમળા અપવિત્ર વસ્તુ નાખે તો પણ અમારી રસોઈ અભડાઈ જાય!"

મહારાજે કહ્યું, "ભૂદેવો! અમે તમને ખાતરી આપીએ છીએ, કે તમે રસોઈ કરીને ભોજન કરી લેશો ત્યાં સુધી આકાશમાં કોઈ પંખી પણ નહીં ઊડે, પછી તો તમને વાંધો નથી ને?"

હવે બ્રાહ્મણોને હા પાડ્યા સિવાય છૂટકો ન હતો. એમણે ભારે આકરી શરત મૂકી હતી, પરંતુ એ બ્રાહ્મણોને ખબર ન હતી કે જે ચોર્યાશી કરાવી રહ્યા છે તે સ્વયં ભગવાન છે અને જીવ-પ્રાણીમાત્રનાં નાડી-પ્રાણ એમનાં હાથમાં છે!

જ્યારે મહારાજે ચોરાસીનો આરંભ કરાવ્યો, ત્યારે મહારાજ પાસે માત્ર આઠ આના હતા. શેઠ લાલદાસ ગોરા પાસેથી ઉછીનું ઉધાર લઈને સીધું-સામાન ખરીદવામાં આવ્યાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણની વ્યાવહારિક સૂઝ ગજબની હતી. મહારાજે વિચાર્યું, કે જો ચોરાસીની વાત જાહેર થશે તો વેપારીઓ સીધા-સામાનના ભાવ વધારી દેશે. માટે મહારાજે પહેલા સીધા-સામાનની ખરીદી કરી હતી, પછી જ ચોરાસીની જાહેરાત કરાવી હતી.

ચોરાસીનો પ્રારંભ થયો. હજારો બ્રાહ્મણો એકઠા થયા. વેદોના મંત્રગાન સાથે બ્રહ્મભોજન થયું. આશ્ચર્યની વાત એ હતી કે ન જમીન ઉપર કીડી-મંકોડી-જીવજંતુ દેખાયાં, ન આકાશમાં પંખી! મહારાજની સંકલ્પશક્તિનો આ પ્રભાવ હતો. આ બધુ જોઈને બ્રાહ્મણો આશ્ચર્યચકિત થઈ ગયા અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયઘોષ કરવા લાગ્યા.

આ પ્રસંગે ગામેગામથી ભક્તજનોનો સમુદાય એકઠો થયો હતો. સૌ ભક્તો પોતપોતાની શક્તિપ્રમાણે મહારાજનાં ચરણમાં ભેટ ધરતા હતા. પ્રસંગ પૂરો થયા બાદ એ ભેટમાંથી શેઠ લાલુદાસ ગોરાનું દેવું ચૂકવતાં માત્ર આઠ આના બચ્યા.

ચોરાસીનો કારભાર સંભાળનારા ભક્ત બોલ્યા, "મહારાજ! આ તો ખોટ્યનો ધંધો થયો. બધો ખર્ચ કાઢતા માત્ર આઠ આના બચ્યા છે, હવે આગળ જરૂર પડશે તો શું કરશું?"

મહારાજ હસીને બોલ્યા, "આપણી પાસે આઠ આના હતા અને આઠ આના રહ્યા, આમાં ખોટ્યનો ધંધો ક્યાં થયો? આપણે જરૂર હતી એટલું દ્રવ્ય લક્ષ્મીજીએ પૂરું પાડી દીધું અને હજી જરૂર પડશે ત્યારે પૂરું પાડશે! ભગવાનનો ભરોસો રાખવો, આગળની ચિંતા ના કરવી. સાધુઓએ સંગ્રહની જંજાળમાંથી મુક્ત રહેવું જોઈએ."

માત્ર મનની વાત જાણે એટલે ભગવાન ન કહેવાય!

ભગવાન શ્રીસ્વામિનારાયણ જેતલપુર કે અમદાવાદ પધારે ત્યારે દંઢાવ્ય દેશમાં વિચરણ કરીને આ વિસ્તારના ગામડાંઓ અને નગરોને અવશ્ય પાવન કરતાં હતાં.

પ્રાચીન સમયમાં અમદાવાદથી ઉત્તર તરફનો ગુજરાતનો કેટલોક પ્રદેશ 'દંઢાવ્ય દેશ' તરીકે પ્રસિદ્ધ હતો. અડાલજ, મોટેરા, કોટેશ્વર, ઉવારસદ, પ્રાંતિજ, મોડાસા, હિંમતનગર, કડી, કલોલ, કુંડાલ્ય, ઊંઝા, આદ્રજ, ઊનાવા, પેથાપર, માણસા, લાકરોડા, વિજાપુર, વિસનગર, નારદીપુર, રાજપર, પાટણ, પાલનપુર, મહેસાણા, સિદ્ધપુર, ડાંગરવા, કરજીસણ, ખોરજ, મોખાસણ, વડુ, લાંઘણજ, મેઉ, પરિયજ, નંદાસણ વગેરે અનેક ગામડાંઓમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર પધારેલા છે.

દંઢાવ્ય દેશમાં કરજીસણના ગોવિંદભાઈ, કુંડાલ્યના કલા ભગત, ડાંગરવાના જતનફઈ, વિજાપુરના વજીબાઈ, નારદીપુરના તીતા ભગત, મેઉના ભૂખણ ભાવસાર, લાંઘણજના અમૃતબાઈ વગેરે અનેક મહાન ભક્તો થયા છે, જેમનો ઇતિહાસ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ દંઢાવ્ય દેશના હરિભક્તોને બિરદાવતા લખ્યું છે કે,

દાખું દાસ દંઢાવ્યના, ભક્ત અતિ ઘણા ભાવિક |
દઢમતિ ધીરજ્ય અતિ, જાણે સત્ય અસત્ય વિવેક ||૧||
તન મન ધન તુચ્છ કરી, હરિજન થયાં નરનાર્ય |
પ્રગટ પુરુષોત્તમને, મળી ઊતર્યા ભવપાર્ય ||૨|| (ભ.ચિં.પ્ર–૧૧૯)

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ દંઢાવ્ય દેશના ગામડાઓમાં વિચરણ કરતાં કરતાં સંતો-ભક્તો સાથે પ્રાંતિજની સમીપે સાબરમતીને કિનારે સ્નાન કરવા પધાર્યા.

મહારાજ સ્નાન કરી રહ્યા હતા, એ જ સમયે થોડે દૂર એક ભાવસાર પણ સ્નાન કરવા આવેલો. એનું નામ પરષોત્તમ ભાવસાર હતું. બધા તેને પસો કહીને બોલાવતા. આ પસો ભાવસાર બાજુના લાકરડા ગામનો વતની હતો.

પસા ભાવસારે દૂરથી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કર્યાં. એણે ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે સાચી ખોટી ઘણી વાતો સાંભળી હતી, પરિણામે પસા ભાવસારનું મન 'સ્વામિનારાયણ ભગવાન છે કે નહિ?' એવી દ્વિધામાં હતું.

એણે મનમાં સંકલ્પ કર્યો કે, 'જો સ્વામિનારાયણ મને સામેથી બોલાવી એમનું ધોતિયું ધોવા આપે, તો હું એને ભગવાન માનું!'

અંતર્યામી મહારાજ પસા ભાવસારનો સંકલ્પ જાણી ગયા. સ્નાન કર્યાં બાદ મહારાજનું ધોતિયું ધોવા માટે સેવક બ્રહ્મચારી પાસે આવ્યા ત્યારે મહારાજે કહ્યું, "બ્રહ્મચારી! આજે તમારે અમારું ધોતિયું ધોવાનું નથી. અમારું ધોતિયું તો પેલો પસો ભાવસાર ધોશે." આમ કહીને મહારાજે પસા ભાવસારને સાદ કર્યો, "એલા પસા! અહીં આવ! તારે અમારું ધોતિયું ધોવું છે ને?"

પસો ભાવસાર તો આભો જ બની ગયો. એકદમ દોડતો આવ્યો; મહારાજના પગ પકડી લીધા અને બોલ્યો, "મહારાજ! તમે ભગવાન ખરા!"

મહારાજ અજાણ્યા થઈને બોલ્યા,"કેમ પસા?"

પસો બોલ્યો, "મહારાજ તમે મારા મનનું જાણી ગયા!"

મહારાજ બોલ્યા, "પસા! અમે મનનું જાણી ગયા એટલા માત્રથી જો તું અમને ભગવાન કહેતો હો, તો અમને ભગવાન ના કહીશ. મન વાંચવાની કળા તો ગોડીયા કે જાદુગર પાસે પણ હોય."

"પસા! મનનું જાણે એને જાદુગર કહેવાય, મનને જીતે તેને મહાત્મા કહેવાય અને સેંકડો જીવોને સંકલ્પમાત્રથી મનના માલિક બનાવે એને ભગવાન કહેવાય!" આસપાસના ભક્તજનો પુરુષોત્તમ નારાયણ અને પસા ભાવસારનો સવાંદ સાંભળી રહ્યા.

મહારાજે કહ્યું, "પસા! ભગવાનનો નિશ્ચય ચમત્કારથી ન થાય, પણ સમજણથી થાય."

"પસા! સમજણનું કારણ સત્સંગ છે. તું અમારા સંતોનો સમાગમ કર્ય, જેથી અમે જેવા છીએ એવા તારા જાણ્યામાં આવીશું."

મહારાજની વાણી સાંભળી પસો ભાવસાર ધન્ય બની ગયો. મહારાજે એને ધોતિયું ધોવા આપ્યું અને સાથે પસા ભાવસારના મનના મેલ પણ ધોઈ નાખ્યા.

મહારાજે સાબરમતીના કિનારા પરથી ચોતરફ દૃષ્ટિ કરી. સાબરમતીનો આ સ્રાવવિસ્તાર ઘણો મોટો હતો. ચોતરફ રેતીના વિશાળ પટ હતા. આ રેતાળ ધરતીમાં ચીભડાં ખૂબ જ થતાં હતાં.

મહારાજે પસા ભાવસારને કહ્યું, "પસા! અહીં ચીભડાં ખૂબ થતાં લાગે છે!"

પસો બોલ્યો, "મહારાજ! ચીભડાં તો થાય છે, પરંતુ જોઈએ તેવી મીઠાશ નહીં હોવાથી માલનો ઉપાડ થતો નથી."

ભગવાન શ્રી સ્વામિનારાયણે ફરીથી ચોતરફ મધુર દૃષ્ટિ કરી અને કહ્યું, "પસા! આજથી આ ધરતીનો ગુણ બદલાઈ જશે. અહીંયા સાકર જેવા મીઠાં ચીભડાં થશે, એને ચીરશો ત્યારે પાણી પાણી થઈ જશે. એનો સ્વાદ સાકરના શરબત જેવો હશે, આજથી આ ચીભડાં સક્કરટેટીના નામથી ઓળખાશે."

ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક ઐશ્વર્યની સાક્ષી પૂરતા હોય એમ આ પ્રદેશમાં આજે પણ વિપુલ માત્રામાં સક્કરટેટીઓ થાય છે અને એનો સ્વાદ અજોડ હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અમૃતભરી મીઠી દૃષ્ટિનો આ પ્રભાવ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર સક્કરટેટીઓ જ મીઠી નહોતી કરી, પરંતુ હજારો મનુષ્યોનાં કડવાં કોઠીંબડાં જેવાં મનને પણ અમૃત જેવા મીઠાં કર્યાં હતાં.

આ લોટમાં તો અમૃત જેવો સ્વાદ છે!

સુદામાના પૌંઆ, વિદુરજીની ભાજી, વિદુરાણીની કેળાંની છાલ અને કરમાબાઈનો ખીચડો જેમ પ્રસિદ્ધ છે, તેમ સત્સંગ સાહિત્યમાં લાંઘણોજ ગામનાં અમૃતબાઈના બાજરાનો લોટ પ્રસિદ્ધ છે.

અમૃતબાઈ મહારાજના અનન્ય ભક્ત હતા. એમના પતિ વ્યવસાયે ખેડૂત હતા. ખેતી ખૂબ જ સારી હતી. ગામમાં પાંચ જણા પૂછે તેવું તેમનું ઘર હતું, પણ બંનેની સાચી મૂડી તો મહારાજમાં અસાધારણ હેતની હતી.

એક સમયે દંઢાવ્ય દેશમાં વિચરણ કરતાં કરતાં મહારાજ પાર્ષદ ડુંગરજીની સાથે રોંઢાના સમયે અમૃતબાઈને ઘરે પધાર્યા. મહારાજને પધારેલા જોઈને અમૃતબાઈ હરખઘેલાં થઈ ગયા.

મહારાજ જવાની ઉતાવળમાં હતા. અમૃતબાઈએ મહારાજને રોકવા બહુ જ પ્રયાસ કર્યો, પરંતુ મહારાજ રોકાયા નહીં. 'અમે ફરીથી કોઈ વાર આવીશું' એમ કહીને મહારાજ નીકળી ગયા.

પ્રગટ ભગવાનની સેવાનો આવેલો અવસર હાથમાંથી નીકળી ગયો એટલે અમૃતબાઈ નિરાશ થઈ ગયા અને નિસાસો નખાઈ ગયો. આંખ્યમાંથી અશ્રુબિંદુઓ સરી પડ્યાં.

અંતર્યામી પરમાત્માએ નીકળતાં નીકળતાં અમૃતના અંતરની વેદનાને પિછાણી લીધી. મહારાજે અમૃતને રાજી કરવાનો એક અનોખો જ નિર્ણય કર્યો!

સંધ્યા ઢળી ચૂકી હતી. સૂરજ મહારાજનો રથ અસ્તાચળ ઉપર ઊતરવાની તૈયારી કરી રહ્યો હતો. મહારાજ અને ડુંગરજી પંથ કાપી રહ્યા હતા. એવામાં ગામથી થોડે દૂર ઘેઘૂર વૃક્ષોની ઘટાથી ભરપૂર વાડી આવી. વાડીમાં કામ કરનારા માણસો ઘરે જવાની તૈયારી કરી રહ્યા હતા.

અંતર્યામી મહારાજ જાણતા હતા, છતાં માણસોને પૂછ્યું, "આ કોની વાડી છે?"

માણસોએ કહ્યું, "મહારાજ! આ અમૃતબાઈની વાડી છે."

મહારાજે ડુંગરજીને કહ્યું, "એલા ડુંગરજી! અમૃતબાઈની વાડી એ તો આપણી જ વાડી. આજની રાત આપણે અહીં જ વીતાવીશું."

મહારાજની વાત સાંભળી ડુંગરજીએ મણ એકનો નિસાસો નાખ્યો.

ડુંગરજીને ભૂખ લાગી હતી. લાંઘણજમાં વાળુનો મેળ્ય ન પડ્યો એટલે ડુંગરજીના મનમાં હતું કે સામે ગામ જશું અને વાળુ કરીશું, પણ મહારાજે તો અધવચ્ચે રાતવાસો કરવાની વાત કરી એટલે ભૂખાળવો ડુંગરજી કચવાટ કરવા લાગ્યો, પણ મહારાજે કાંઈ ગણકાર્યું નહીં. વાડીના માણસોએ મહારાજને ગામમાં આવવા ખૂબ આગ્રહ કર્યો, પણ મહારાજ માન્યા નહીં.

આ બાજુ પોતાની વાડીમાં મહારાજ રાત રહ્યા છે, તે જાણીને અમૃતબાઈના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. એણે વહેલી સવારે મહારાજને શિરામણી કરાવવાનો સંકલ્પ કર્યો અને રાતથી જ એની તૈયારી આરંભી દીધી.

અમૃતબાઈને આજે આખી રાત ઊંઘ આવતી ન હતી. મનમાં થતું હતું, ક્યારે સવાર પડે! ક્યારે વાડીએ જાઉં! ક્યારે મહારાજનાં દર્શન કરું! ક્યારે મહારાજને શિરામણી કરાવું!

અમૃતબાઈ વહેલી સવારે જાગ્યા. સ્નાન કરી, મહારાજ માટે શિરામણીનો થાળ તૈયાર કર્યો. દૂધમાં બનાવેલી સેવ, ફૂણીફૂણી રોટલી, પાપડ, દૂધ-દહીં, માખણ, અથાણાં, ઘી વગેરે બધી સામગ્રી વાંસના ટોપલામાં ગોઠવી. ત્યાં અમૃતબાઈને યાદ આવ્યું, 'અરે! દળેલી સાકરનો ડબરો તો ભુલાઈ ગયો.'

અમૃતબાઈ વહેલી સવારના અંધારે, દીવાને આછે અજવાળે સાકરનો ડબરો શોધવા લાગ્યા. હવે યોગાનુયોગ બનેલું એવું કે જ્યાં સાકરનો ડબરો પડ્યો હતો, એની બાજુમાં એવો જ બાજરાના લોટનો ડબરો પણ પડ્યો હતો. પ્રેમઘેલા અમૃતબાઈને ખ્યાલ ન રહ્યો. એણે સાકરના ડબરાને બદલે બાજરાના લોટનો ડબરો સૂંડલામાં ગોઠવી દીધો!

શિરામણીનો ટોપલો માથે મેલી, મીઠે સ્વરે પ્રભાતિયાં ગાતાં ગાતાં અમૃતબાઈ વાડીને રસ્તે ચાલતા થયા. આકાશમાં અરુણોદય થઈ રહ્યો હતો. ધરતી ઉપરથી અંધારાં ઓગળવાં લાગ્યાં હતાં. આછાં આછાં અજવાળાં પથરાઈ રહ્યાં હતાં.

વહેલી સવારે મહારાજે ડુંગરજીને પૂછ્યું, 'એલા ડુંગરજી! રાત્રે ઊંઘ કેવીક આવી?'

ડુંગરજી આળસ મરોડતાં મરોડતાં બોલ્યો, "મહારાજ! આખી રાત પેટમાં ગલુડિયાં બોલતા હતાં એટલે ઊંઘ શેની આવે?"

મહારાજ મંદ મંદ હસીને બોલ્યા, "માળા! ભૂખાળવા, તને આટલી બધી ભૂખ શેની લાગે છે?"

ડુંગરજી ઠાવકું મોઢું રાખીને બોલ્યો, "અમે તમારા જેવા ભગવાન થોડા છીએ? માણસ છીએ એટલે ભૂખ તો લાગેને!"

મહારાજે હસીને કહ્યું, "ડુંગરજી! સાચી વાત કહું, આજે તો અમને ય ભારે ભૂખ લાગી છે. આવી ભૂખ તો અમને ક્યારેય લાગી નથી." અમૃતબાઈનો ભાવ વિશ્વંભર ભગવાનના ઉદરમાં ભૂખ જગાડી રહ્યો હતો!

આમ જ્યાં મહારાજ અને ડુંગરજીનો રમૂજી અને મધુર સંવાદ ચાલતો હતો, ત્યાં જ અમૃતબાઈ શિરામણીનો ટોપલો લઈ વાડીએ પહોંચી ગયા.

મહારાજે અજાણ્યા થઈને અમૃતબાઈને પૂછ્યું, "અલી અમૃત! આ વહેલી સવારે માથે સૂંડલો લઈ ક્યાં ચાલી?"

મહારાજનાં દર્શન કરતાં અમૃતબાઈના અંતરમાં આનંદની હેલી ચડી હતી. એણે ઠાવકું મોઢું રાખીને મહારાજને કહ્યું, "મહારાજ! મારા સાથીને ભાત દેવા જાઉં છું!"

મહારાજે કહ્યું, "અમૃત! તેં સાથી રાખ્યો છે?"

અમૃતબાઈ બોલ્યા, "હા મહારાજ! મોટી ખેતી છે એટલે સાથી તો રાખવો જ પડે ને?"

મહારાજે પૂછ્યું, "ક્યારથી રાખ્યો છે?"

અમૃતબાઈ બોલ્યા, "જુગ જુગ જૂનો છે!"

મહારાજ કહે, "અમૃત તારો સૂંડલો નીચે ઉતાર્ય. અમારે જોવું છે કે તું તારા સાથીને શું ખવડાવે છે?"

અમૃતબાઈએ ટોપલો નીચે ઉતાર્યો. મહારાજે ઉપરથી કપડું એક બાજુ કર્યું તો સૂંડલામાં સુંદર વાનગીઓ ભરી હતી. સુંદર વાનગીઓને જોતાં જ ભૂખાળવા ડુંગરજીના મોંઢામાંથી લાળો ટપકવા માંડી!

મહારાજ બોલ્યા, "એલી અમૃત! તારો સાથી તો બહુ સ્વાદિયો લાગે છે?"

અમૃતબાઈ હસીને બોલ્યા, "મહારાજ! મારો સાથી તો સ્વાદિયોય છે અને સાઢૂડોય છે! મનગમતું ન મળે તો ભૂખ્યો રહી જાય, પણ ન ખાય તે ન જ ખાય."

ભક્ત અને ભગવાનનો અદ્‌ભુત સંવાદ ચાલી રહ્યો હતો. વેણે વેણે નારદજીના ભક્તિસૂત્રો પ્રગટી રહ્યા હતાં, પણ ડુંગરજીને તો ભક્તિસૂત્રો કરતાંય ભોજનમાં વધારે રસ હતો.

અમૃતબાઈ બોલ્યા, "લ્યો મહારાજ! હવે નકામી વાતો પડતી મેલો અને જમવા

બેસી જાવ. અમારે તમારાથી મોટો બીજો કયો સાથી હોય!"

અમૃતબાઈના પ્રેમને વશ થઈને મહારાજ શિરામણી કરવા બેઠા. અમૃતબાઈ મહારાજ સામે થાળ મૂકી હોંશે હોંશે પીરસવા મંડ્યાં. સેવ પીરસી, સેવમાં તાજું ઘી પીરસ્યું, પછી અનોખો સાકરનો ડબરો ખોલી, દોથો ભરી, સરસ મજાની સાકર પીરસી!

પ્રેમઘેલાં અમૃતબાઈને ખબર ન હતી કે 'હું મહારાજને સાકરને બદલે બાજરાનો લોટ પીરસી રહી છું.' મહારાજ હોંશે હોંશે બાજરાના કાચા લોટવાળી સેવ જમવા લાગ્યા.

અમૃતબાઈએ તાજું મેળવેલું દહીં તાંસળીમાં પીરસી, એમાં પણ દોથો ભરીને નવી ભાતની સાકર નાખી! મહારાજ પણ ભારે ભાવથી બાજરાના લોટવાળું દહીં જમી ગયા! છેવટે અમૃતબાઈએ તાંસળીમાં દૂધ પીરસ્યું અને બાકી રહી ગયું હોય એમાં પણ દોથો ભરીને બાજરાનો લોટ નાખ્યો. મહારાજ ભારે પ્રેમથી એ દૂધ પણ પી ગયા!

દૂર બેઠેલા ડુંગરજીના મનમાં થતું હતું કે, "હવે મહારાજ ક્યારે જમવાનું પૂરું કરે અને ક્યારે મને પ્રસાદી આપે?"

ડુંગરજીના મનનો ભાવ મહારાજ જાણતા હતા. મહારાજ મનોમન બોલ્યા, "એલા ભૂખાળવા આજ તારી વાત છે!"

મહારાજે ભોજન પૂરું કર્યું પછી મંદ-મંદ હસીને કહે, "અમૃત! આજે તો તેં ભારે સ્વાદિષ્ટ રસોઈ બનાવી છે. મનમાં તો થાય છે કે બધું જમી જાઉં પણ જો તો ખરી પેલો ડુંગરજી કેવો બિલાડાની જેમ ટાંપી રહ્યો છે. મને એની દયા આવે છે. હવે આ બાકીનું ભોજન એને પીરસી દે."

મહારાજની પ્રસાદીની થાળીમાં ડુંગરજી જમવા બેઠા. અમૃતબાઈએ એને પણ સેવ, રોટલી અને વાટકીમાં દૂધ પીરસ્યું. ઉપરથી દોથે દોથે પેલી અનોખી સાકર પીરસી!

ડુંગરજી જમવા તો લાગ્યો પણ કાંઈ ભાવે નહીં. જમતાં જમતાં બાજરાના લોટની ગંધ આવે અને બકારી ચડે! મોંઢાનો કોળિયો ગળે ઊતરે નહીં!

મહારાજ કહે, "એ ય ભૂખાળવા, જમવા માંડ્ય, ચાળા કર્ય મા."

ડુંગરજી કહે, "મહારાજ! આ શું છે? મને તો જરાય ભાવતું નથી."

મહારાજ હસીને કહે, "અમૃત! ડુંગરજી મારા કરતાંય વધારે સ્વાદિયો છે. એને સાકર ઓછી પડે છે, માટે વધારે સાકર પીરસ!"

અમૃતબાઈ તો વિદુરાણીની પેઠે ભાન ભૂલેલા હતા. શું પીરસી રહ્યા છે? એની એને કાંઈ ખબર ન હતી. એણે તો મહારાજના કહેવા પ્રમાણે દોથો ભરીને બાજરાનો લોટ નાખ્યો.

ડુંગરજીને હવે ઊલટી થાય તેવું થઈ રહ્યું હતું. ડુંગરજી બોલ્યો, "મહારાજ! તમે સાકર સાકર કરો છો. મને તો આમાં બાજરાના કાચા લોટની ગંધ આવે છે. હવે મારાથી મોઢામાં કોળિયો મુકાય એમ નથી.!"

સૂરજનું અજવાળું થઈ ચૂક્યું હતું. અમૃતબાઈ ભાવસમાધિમાંથી જાગી ચૂક્યા હતા. પોતે સાકરને બદલે બાજરાનો લોટ પીરસી રહ્યા છે એનું ભાન થતાં જ અમૃતબાઈને અંતરમાં બળતરાનો પાર ન રહ્યો.

અમૃતબાઈએ મહારાજને હાથ જોડ્યા અને કહ્યું, “અરેરે મહારાજ! આ અભાગણીએ તમને આટલો બધો કાચો લોટ ખવડાવી દીધો છતાં તમે કાંઈ બોલ્યા નહીં?”

મહારાજ કહે, “અમૃત! કોણ કહે છે આ કાચો લોટ છે? આ લોટમાં તો અમૃત કરતાંય અદકેરો સ્વાદ ભર્યો છે! આટલી તૃપ્તિ તો અમને ક્યારેય થઈ નથી!”

અમૃતબાઈએ આંખમાં આંસુ સાથે કહ્યું, “મહારાજ! અવસર મળ્યો, પણ આ અભાગણીએ ખોઈ નાખ્યો. તમે ગામમાં પધારો. તમને સારી રીતે જમાડ્યા પછી જ જવા દઈશ.”

મહારાજે કહ્યું, “અમૃત! અમારે હવે ઉતાવળ છે. તું આગ્રહ કરીશ તો અમે તારે ત્યાં અવશ્ય આવીશું, પણ હવે પછીની રસોઈમાં આવો સ્વાદ નહીં આવે!”

આટલું કહી, અમૃતને માંડ માંડ મનાવી, મંદ મંદ હસતાં હસતાં મહારાજ ડુંગરજીને સાથે લઈને ચાલતા થયા.

ભાવના ભૂખ્યા ભગવાનને અમૃતબાઈ એક નજરે ઘણીવાર સુધી જોતા જ રહ્યા.

બ્રહ્માજીની ભૂલ સુધારી!

ઢંઢાવ્ય દેશમાં વિચરણ કરતાં કરતાં મહારાજ મેઉ ગામે પધાર્યા હતાં. મેઉમાં મહારાજના એક અનન્ય ભક્ત હતા. એનું નામ ભૂખણ ભાવસાર હતું.

મહારાજ ભૂખણ ભાવસારના ડેલાની બાજુમાં ઊતર્યા હતા; રાત્રિનો સમય હતો; જળ ઝંપી ગયું હતું; એવામાં કોઈ સ્ત્રીના ઝીણા રૂદનનો અવાજ સંભળાયો.

કરુણાસિંધુ મહારાજને થયું, “અરે! અધરાતે આ કોણ રડે છે? એને શું દુ:ખ પડ્યું છે?” મહારાજે પોતાના સેવક ડુંગરજીને જગાડીને કહ્યું, “જા જઈને તપાસ કર્ય, આ કોણ બાઈ રડે છે?”

થોડી વારમાં તપાસ કરી ડુંગરજી પાછા આવ્યા અને મહારાજને કહ્યું, “મહારાજ! આ તો ભૂખણ ભાવસારના ઘરવાળા રડી રહ્યા છે.”

મહારાજે પૂછ્યું, “કેમ, શું દુ:ખ પડ્યું છે?”

ડુંગરજીએ કહ્યું, “મહારાજ! ભૂખણ ભાવસારને ત્યાં થોડા દિવસ પહેલા એક દીકરીનો જન્મ થયો છે.”

મહારાજ કહે, “દીકરીનો જન્મ એટલે તો લક્ષ્મીજીની પધરામણી! દીકરી જન્મે ત્યારે તો આનંદ થવો જોઈએ, રડવાનું થોડું હોય?”

ડુંગરજીએ કહ્યું, “મહારાજ! પણ વાત એવી છે, દીકરી તો જન્મી છે પણ સાવ

રૂંઢમૂંઢ છે. માથું છે, છાતી છે, પેટ છે, પરંતુ હાથ કે પગ કાંઈ નથી; એટલા માટે ભૂખણ ભાવસારના ઘરવાળા રડી રહ્યા છે.”

મહારાજે કહ્યું, “જા જઈને ભૂખણ ભાવસારના ઘરવાળાને કહે કે રડવાનું બંધ કરે. સવારે અમે એને ઘરે આવીશું અને એની બધી ચિંતા દૂર કરીશું.”

સવારના સમયે મહારાજે ભૂખણ ભાવસારના ઘરે પધરામણી કરી અને કહ્યું, “દીકરીને અમારી પાસે લાવો.”

ભૂખણ ભાવસાર નાનકડી ટોપલીમાં સૂતેલી દીકરીને મહારાજ પાસે લાવ્યા. મહારાજે દીકરી ઉપરથી વસ્ત્ર અલગ કર્યું; દીકરીનું સાવ રૂંઢમૂંઢ શરીર જોઈને મહારાજ હસવા માંડ્યા.

મહારાજ બોલ્યા, “ભાવસાર! આ તો બ્રહ્માજીથી ભૂલ થઈ ગઈ હોય એમ લાગે છે! લાવો, એની ભૂલ અમે સુધારી દઈએ!”

આમ કહી મહારાજે દીકરીના શરીર ઉપર વસ્ત્ર પાછું ઢાંકી દીધું. મહારાજે પોતાનો વરપ્રદ હાથ દીકરીના શરીર ઉપર મૂક્યો. પછી ધીમે રહીને વસ્ત્ર દૂર કરતાં કરતાં મહારાજ બોલ્યા, “અરે! ભૂખણ ભાવસાર! જો આ રહ્યા હાથ!” જ્યાં મહારાજ આટલું બોલ્યા ત્યાં તો સુકાયેલા છોડમાંથી નવી કૂંપળો ફૂટે એમ બેય હાથ ફૂટી નીકળ્યા!

વળી મહારાજ બોલ્યા, “ભૂખણ ભાવસાર! જો આ રહ્યા પગ!” ત્યાં તો દીકરીના શરીરમાંથી બેય પગ ફૂટી નીકળ્યા!

ભૂખણ ભાવસાર અને ભક્તો આ ચમત્કાર જોઈને અત્યંત દંગ થઈ ગયા. ભૂખણ ભાવસારના પત્નીની આંખોમાંથી હવે દુઃખને બદલે આનંદના આંસુઓ વહેવા લાગ્યાં.

મહારાજે ભૂખણ ભાવસારને કહ્યું, “આ દીકરીનું નામ ‘જમુના’ રાખજો.”

પૂરાયે મેઉ ગામમાં આ વાત પવનવેગે પ્રસરી ગઈ. આ પરચો જોવા માટે ભૂખણ ભાવસારના આંગણામાં નર-નારીઓની ભીડ જામી.

પોતાની સંકલ્પ શક્તિથી પંચભૂતના પીંડમાંથી બ્રહ્માંડનું સર્જન કરનાર પરમશક્તિ માટે નવા હાથ-પગ આપવા નવાઈની વાત નથી.

શાસ્રો કહે છે, मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम् । ‘પરમાત્માની કૃપા થાય તો મૂંગો બોલવા લાગે છે, પાંગળો પર્વત ચઢે છે.’

મહાપુરુષોનાં મન કરુણાથી ઉભરાતાં હોય છે. બીજાનાં દુઃખ-દારિદ્રય દૂર કરવા એ એનો સહજ સ્વભાવ હોય છે. તેઓ ઐશ્વર્યનું પ્રદર્શન નથી કરતાં. વરસાદી વાદળાંની જેમ એમની કરુણા સાહજિક રીતે વરસતી હોય છે.

મહારાજે દીકરીનું નામ તો જમુના રાખ્યું, પણ છોડને ઝૂમખાં આવે એમ આ દીકરીને હાથ-પગનાં ઝૂમખાં ફૂટ્યાં હોવાથી લોકો એને ‘ઝૂમખબાઈ’ કહીને બોલાવતા.”

મહારાજ ઉત્સવ-સમૈયાઓ કરતાં ત્યારે દંઢાવ્ય દેશના ભક્તો સાથે નાનકડી જમુના

પણ માથે ઘીનો ઘડો મેલી મહારાજનાં દર્શને આવતી.

જમુનાને જોઈને મહારાજ હસતા અને કહેતા, “આ જમુના તો અમારી લાડકી દીકરી છે. આની કાયા ઘડવામાં બ્રહ્માએ જે ભૂલ કરી હતી, એ ભૂલને અમે સુધારી લીધી હતી!”

વિજાપુરના વજીબાઈ

ટૂંકા ગાળામાં વધારે સ્થળોમાં ફરીને સંતો વધારેમાં વધારે ભાગવતધર્મનો પ્રચાર કરે, એવા આશયથી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને આજ્ઞા કરી હતી કે, ‘અમારા સંતોએ એક ગામમાં એક જ રાત રહેવું.’

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ આજ્ઞાને અનુસરતા સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદસ્વામી દંઢાવ્ય દેશના વિજાપુર ગામે પધાર્યા. વિજાપુરની વાડીમાં એક ખેડૂત કોશ હાંકી રહ્યો હતો; નામ કલ્યાણ હતું; જ્ઞાતિએ સથવારા કોળી હતો. એની પત્નીનું નામ વજીબાઈ હતું.

ખેડૂતવર્ગને એવી ક્યાંથી નિરાંત હોય કે સમય કાઢીને સત્સંગ કરી શકે! એટલે કલ્યાણભાઈ કોશ હાંકે અને સ્વામી એની પાછળ પાછળ ફરી સત્સંગનો ઉપદેશ આપે. એકબાજુ ધોરિયાના પાણીએ ક્યારા હરિયાળા થઈ રહ્યા હતા, બીજી બાજુ સ્વામીની વાતોથી કલ્યાણભાઈના અંતરમાં ભાગવતધર્મનાં બીજ અંકુરિત થઈ રહ્યાં હતાં.

દીવાથી દીવો પ્રગટે એ રીતે વર્તનશીલ સંતની વાતોથી કલ્યાણભાઈ તથા એમના પત્ની વજીબાઈના હૈયામાં સત્સંગનો દીવો પ્રગટી ગયો. બંને જણાં ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયાં.

કલ્યાણભાઈ અને વજીબાઈને સાધુસંતો પ્રત્યે અપાર હેત હતું. એમનું ઘર સાધુ-સંતોના ઉતારા હતું. એમના અંતરમાં સાધુ-અસાધુનો કોઈ વિવેક ન હતો, એટલે ફેલી-ગંજેરી-ભંગેરી સાધુઓ પણ આ ધાર્મિક દંપતીની લાગણીનો લાભ ઉઠાવતા હતા.

અદ્‌ભુતાનંદસ્વામીનો જોગ થયા પછી એમના અંતરમાં સત્‌-અસત્‌નો વિવેક જાગી ચૂક્યો હતો. એમણે ઢોંગી, ધૂતારા અને લોકોને ઠગનારા બાવા-સાધુઓની સેવા બંધ કરી હતી.

આ બંને પ્રેમાળ દંપતીને હજી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન થયાં ન હતાં. વજીબાઈએ અવસર આવ્યે ભગવાન શ્રી સ્વામિનારાયણને ભેટ દેવા માટે નવો પલંગ અને નવાં ગોદડાં તૈયાર રાખ્યા હતાં.

આ બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણે એક વાર અકળ ચરિત્ર કર્યું. તેઓ માત્ર મૂળજી બ્રહ્મચારીને સાથે લઈ વીજાપુર આવ્યા.

મહારાજે ભલાભોળા મૂળજી બ્રહ્મચારીને તાકીદ કરી હતી કે, “એય બ્રહ્મચારી! જે થાય તે જોયે રાખજે, કાંઈ બોલતો નહીં અને અમે કોણ છીએ? એ કોઈને કહેતો નહીં.”

મહારાજ વજીબાઈને ઘરે પધાર્યા અને કહ્યું, "મા! અમે તીરથવાસી સાધુ છીએ, અમને આ તમારી ઓસરીમાં રાતવાસો કરવા દ્યો."

વજીબાઈ કહે, "તમારા જેવા કેટલાય ભીખ માગનારા આવે છે. ખાવા ન મળે એટલે બાવા થાય છે, લોકોને ઠગીને પેટ ભરે છે; તમારા જેવા માટે મારાં ઘરમાં સ્થાન નથી. અને જો ખરેખર કલ્યાણની આશાથી જ સાધુ થયા હો, તો સ્વામિનારાયણને શરણે જાઓ તો કલ્યાણ થશે, નહીંતર માથેથી જમપુરી અને લખચોરાસી નહીં મટે."

વજીબાઈની વાત સાંભળી મહારાજ મનોમન હસવા માંડ્યા. આંખના ઈશારે બ્રહ્મચારીને કાંઈ પણ કહેતા રોક્યા.

મહારાજ ઠાવકું મુખ રાખીને બોલ્યા, "અરે.. અરે..વજીબાઈ! સ્વામિનારાયણ તો પાખંડી છે, બાબરો ભૂત વશ કર્યો છે, એમની પ્રસાદી ખાય છે એ ગાંડા થઈ જાય છે; એ ભ્રમી બાવામાં તું ક્યાં ભરમાણી!"

બાવો મહારાજનું વાંકુ બોલ્યો એટલે વજીબાઈને ક્રોધની ચટકી ચડી. વજીબાઈ બોલ્યા, "ખબડદાર બાવલિયા! મારા ભગવાનનું વાંકુ બોલ્યો છે તો! ભગવાન શ્રી સ્વામિનારાયણ તો અનંત કોટિ બ્રહ્માંડના કર્તાહર્તા પૂર્ણપુરુષોત્તમ નારાયણ છે; તારા જેવાને એ ક્યાંથી ઓળખાય!"

વજીબાઈની વાત સાંભળી મહારાજ ફરીથી મનોમન હસ્યા અને બોલ્યા, "અરે વજીબાઈ! મારી વાત તને ન મનાય તો હું કાશી અને વડોદરાના મોટા મોટા શાસ્ત્રી-પંડિતોની સભા ભરાવું અને સિદ્ધ કરાવું કે સ્વામિનારાયણ ભગવાન નથી."

વજીબાઈ કહે, "બાવા! ભગવાનને ઓળખવા એ શાસ્રી-પુરાણીઓનું કામ નથી. ભાગવતમાં પ્રસિદ્ધ કથા છે કે ભોળા વ્રજવાસીઓ ભગવાનને ઓળખી ગયા અને ભણેલા ભટકતા રહ્યા. ચાર વેદનો જાણનારો બ્રહ્મા પણ ભગવાનને ઓળખી શક્યો ન હતો, તો તારા કાશીવાળા ભગવાનને કેમ ઓળખશે?"

મહારાજે કહ્યું, "વજીબાઈ! નક્કી તારા ઉપર સ્વામિનારાયણે ભૂરકી છાંટી છે, નહીંતર આમ ન હોય." વજીબાઈ અને મહારાજનો સંવાદ ચાલતો હતો એ સમયે કલ્યાણભાઈ પણ આવી પહોંચ્યા હતા.

હવે વજીબાઈને ક્રોધ ચડ્યો અને બોલ્યા, "તું અને તારો ચેલો હમણાંને હમણાં અહીંથી બહાર નીકળી જાઓ, નહીંતર આ મારો પતિ તને લાકડીએ લાકડીએ મારીને કાઢશે."

બોલી બાઈ તું જાને લંગોટા, ખોટો તું ને તારા ગુરુ ખોટા ||૫૯||
અમે સ્વામિનારાયણ ભજીયે, માથું જાય તથાપિ ન તજીયે |
ભવ બ્રહ્મા જેવા કદી આવે, કેનો ભાર જે અમને ભમાવે ||૬૦||

(હરિલીલામૃત–ક–૭, વિ–૧૭)

વજીબાઈના નિશ્ચયનો ખરેખરો રંગ જોઈને મહારાજ મનોમન રાજી થતા હતા.

મહારાજે કહ્યું, "બહેન! હવે અમે કંઈ નહીં બોલીએ. અમે ખૂબ થાક્યાપાક્યા છીએ. અમને આ ઓસરીને ખૂણે એક રાત્રિ પડ્યા રહેવા દે."

વજીબાઈને દયા આવી અને બોલ્યા, "બાવા-સાધુ જાણીને રાત્રિ તો રહેવા દઉં, પણ જો હોકો-હોકલી કે ચલમ પીધા છે તો અડધી રાતે બહાર કાઢીશ."

મહારાજ બોલ્યા, "ભલે બહેન! અમે એવું નહીં કરીએ."

વજીબાઈને ક્યાં ખબર હતી કે 'લોકોને વ્યસનો અને ફેલમાંથી છોડાવનારા સ્વયં મહારાજ એના આંગણામાં ઊભા હતા!'

વજીબાઈએ હા પાડી એટલે મહારાજ અને બ્રહ્મચારીએ ઓસરીને ખૂણે આસન જમાવ્યું.

થોડી વાર થઈ એટલે મહારાજ બોલ્યા, "બહેન! અમે થાકીને લોથ થઈ ગયા છીએ, અંગેઅંગ દુ:ખે છે, ભોંયપથારી ફાવતી નથી, સૂવા માટે પલંગ આપો ને!"

વજીબાઈ છણકો નાખી બોલ્યા, "પારકું ખાઈને હાડકાં હરામના થઈ ગયાં છે, એટલે અંગ દુ:ખે જ ને! પડ્યા રહો છાનામાના, મારા ઘરમાં પલંગ નથી."

મહારાજ કહે, "વજીબાઈ! તમે સ્વામિનારાયણના ભગત થઈને ખોટું શું કામ બોલો છો? ઓરડામાં નવો પલંગ પડ્યો છે અને ના કેમ પાડો છો?"

વજીબાઈના મનમાં આશ્ચર્ય થયું, 'માળા આ બાવલિયાને મારા ઓરડામાં પલંગ પડ્યો છે, એની ખબર કેમ પડી!' વજીબાઈને દયા આવી એટલે પલંગ કાઢી આપ્યો, પણ કહ્યું, "જોજે હો બાવા! હવે બીજું કાંઈ માગતો નહીં!"

મહારાજ કહે, "નહીં માગીએ." પણ થોડી વાર થઈ ત્યાં મહારાજે કહ્યું, "વજીબાઈ! આ પલંગ ખૂંચે છે, ગોદડું આપો ને! પણ જોજો હોં.. નવું આપજો, તમારું ગૃહસ્થનું વાપરેલું અમારે નહીં ચાલે."

વજીબાઈએ રીસમાં કહ્યું, "બાવલિયા! તારા માટે નવું ગોદડું ક્યાંથી કાઢું? "

મહારાજ કહે, "બાઈ! પાછું ખોટું બોલ્યા! પટારામાં નવાં ગોદડાં પડ્યાં છે અને ના પાડો છો!"

વજીબાઈના મનમાં ફરી આશ્ચર્ય થયું, 'આ બાવો તો મારા ઘરમાં શું શું પડ્યું છે એ બધું જાણે છે. આ કોણ હશે? કોઈ કામણ-ટૂમણિયો લાગે છે!'

વજીબાઈ બોલ્યા, "બાવલિયા! એ ગોદડાં તો મેં મારા ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે રાખ્યાં છે, તારા જેવા માટે નહીં."

વજીબાઈને ક્યાં ખબર હતી કે, 'જેને માટે રાખ્યાં છે એ જ ગુપ્તવેશમાં એની સામે છે!'

મહારાજ બોલ્યા, "પણ બહેન! અમારે તો એક રાત વાપરવાં છે, ટાઢ્ય બહુ પડે છે. જો નહીં આપો તો અમે ટાઢ્યમાં મરી જઈશું અને હત્યા તમને લાગશે."

વજીબાઈને દયા આવી. એમણે ગોદડાં કાઢી આપ્યાં. પણ હવે એમના મનમાં થઈ રહ્યું હતું કે 'આ કૌતૂકિયો બાવો કોણ હશે?'

રાત્રિ પસાર થઈ રહી હતી. અજવાળી રાત હતી, ચાંદો માથે આવ્યો હતો, આખી ધરતી ચાંદનીથી નાહી રહી હતી. મધરાત ભાંગતા વજીબાઈની ઊંઘ ઊડી ગઈ. બાવો શું કરે છે? એ જોવા માટે એમણે ઓરડાની બારીમાંથી જોયું.

એ જ વખતે અદ્‌ભુત ચમત્કાર સર્જાયો. વજીબાઈના આંગણામાં કૂવો હતો; કૂવાને કાંઠે પીપળો હતો; પડખે તુલસીનો ક્યારો હતો.

વજીબાઈ રોજ તુલસીક્યારે દીવો કરતા અને પ્રદક્ષિણા કરતા, પણ પીપળો કૂવા અને ક્યારાની વચ્ચોવચ્ચ હોવાથી પ્રદક્ષિણા કરવામાં ભારે અડચણ પડતી હતી.

વજીબાઈ બારીમાંથી જોઈ રહ્યા હતા. ઓસરીની કોરથી પીપળાનું અંતર આશરે વીસ હાથ જેટલું હતું. ઓસરીમાં સૂતેલા બાવાએ ભારે ચમત્કાર સર્જ્યો. એણે સૂતા સૂતા પોતાનાં ચરણ લાંબા કર્યાં અને જોતજોતામાં એ ચરણ પીપળાના થડે પહોંચ્યા.

વજીબાઈના આશ્ચર્ય વચ્ચે બાવાએ થડને સહેજ ધક્કો માર્યો, તો પીપળો પાંચેક હાથ જેટલો દૂર ખસી ગયો. આ ચમત્કાર જોઈને વજીબાઈ આશ્ચર્યચકિત થઈ ગયા, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણમાં એમનો નિશ્ચય અડગ હતો. એમણે મનોમન નક્કી કર્યું કે 'આ બાવો ગમે એટલા પરચા-ચમત્કાર દેખાડે, પણ મારાં મનને ચલાયમાન નહીં કરી શકે.'

(રાગ – ઉપજાતિ)

અનન્ય હું શ્રીહરિની જ એક, બીજા તણો ભાર ગણું ન છેક |
કદી ચમત્કાર ઘણા બતાવે, તથાપિ મારા મનમાં ન આવે ||૭૪||
જો કોઈ વૈરાટ સ્વરૂપધારી, ભૂલાવવાને મનવૃત્તિ મારી |
માયા રચે જો મુજ પાસ મોટી, તથાપિ હું જાણું ખચિત ખોટી ||૭૫||
આકાશમાં જો અતિ ઊડી જાય, તે સૂર્યમાં કે શશીમાં સમાય |
હું ભાર એનો ઉરમાં ન આણું, માયા તણો તેહ ગુલામ જાણું ||૭૬||
શ્રી સ્વામિનારાયણ એક સાચા, બીજા બધા જોગી જરૂર કાચા |
સિદ્ધાઈ પોતે શતધા બતાવે, એનો મને ભાર જરી ન આવે ||૭૭||

(હરિલીલામૃત, ક–૭,વિ–૧૭)

એક બાજુ આટલાં આટલાં ચમત્કારો વચ્ચે પણ વજીબાઈનું મન ચલાયમાન ન થયું. તેઓ નિરાંતે નિદ્રાધીન થયા. બીજી બાજુ વહેલી સવારે કોઈ ન જાણે એમ મહારાજ ત્યાંથી નીકળી ગયા. થોડા સમય પછી વજીબાઈ મહારાજનાં દર્શને ગઢપુર આવ્યા અને દૂરથી વંદન કર્યાં. મહારાજે પોતાનાં ચરણારવિંદ લાંબા કરી હસતાં હસતાં પૂછ્યું, "વજીબાઈ! આ ચરણારવિંદને ઓળખો છો?"

વજીબાઈએ કહ્યું, "મહારાજ! આ ચરણારવિંદ તો પુરુષોત્તમ નારાયણના છે. મોટા મોટા અક્ષરમુક્તોને પણ આ ચરણની સેવા દુર્લભ છે."

મહારાજે પીપળાના પ્રસંગને યાદ કરીને કહ્યું, "વજીબાઈ! આ એ ચરણારવિંદ છે, જેણે તમારાં આંગણાના પીપળાને પાંચ હાથ છેટો ધકેલી દીધો હતો."

હવે વજીબાઈને ખબર પડી, કે બાવાના વેશમાં પધારેલા સ્વયં મહારાજ હતા! સાચી વાતની ખબર પડતાં વજીબાઈ દુઃખી દુઃખી થઈ ગયા અને બોલ્યા, "મહારાજ! આ અભાગણીએ તમને કેટલી ગાળો દીધી!"

મહારાજ હસીને કહે, "વજીબાઈ! તમારા એ મે'ણાં તો અમને અમૃતથી પણ મીઠાં લાગતાં હતાં. તમારા જેવા અડગ નિશ્ચયવાળા ભક્તોને જોઈને અમારાં અંતરમાં અપાર આનંદ થાય છે." મહારાજે સભામાં વજીબાઈની વાત વિસ્તારથી કહી અને બોલ્યા, "ભક્તના અંતરમાં ભગવાનનો નિશ્ચય આવો અડગ જોઈએ."

"પોતાનું મન તર્ક-વિતર્ક કરે, બ્રહ્મા જેવો બુદ્ધિશાળી નિશ્ચયથી ડોલાવવા મથે, અરે... ખુદ ભગવાન પણ નિશ્ચયથી પાડવા આવે, તો પણ જે નિશ્ચય ડગે નહીં એને નિર્વિકલ્પ નિશ્ચય જાણવો."

"આવો નિર્વિકલ્પ નિશ્ચય એ નિર્વિકલ્પ સમાધિથી પણ શ્રેષ્ઠ છે. સમાધિમાં જતો હોય, પણ નિશ્ચયમાં ડગમગાટ હોય તો એવી સમાધિથી અર્થ સરતો નથી."

આટલું કહી મહારાજ બોલ્યા, "આવો નિશ્ચય તો આ વજીબાઈનો છે. અમે ખુદ એના નિશ્ચયની પરીક્ષા કરી, છતાં એમનો નિશ્ચય ડગ્યો ન હતો."

સૂબો કંસ હોય તો અમે કૃષ્ણ!

અમદાવાદની બાજુમાં વિસનગર ગામ આવેલું છે. વિસનગરનો સૂબો લાલુદાસ ભગવાન શ્રી સ્વામિનારાયણનો દ્વેષી હતો; પણ નવાઈની વાત એ હતી કે એમના બહેન ઉદયકુંવરબા અને ભાણેજ બળદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા.

લાલુદાસ સત્સંગીઓને ભારે પજવતો, ના'ત-બહાર મૂકતો અને વગર કારણે દંડ દેતો. એક વાર એમણે સત્સંગીઓને તડકે ઊભા રાખ્યા. લાલુદાસના બહેન ઉદયકુંવરબાને આ વાતની ખબર પડી, એટલે તેઓ પણ પોતાના પુત્ર બળદેવની સાથે તડકે ઊભા રહ્યા.

સિપાહીઓએ લાલુદાસને જાણ કરી કે, 'બહેન અને ભાણેજ પણ તડકે ઊભાં છે.'

સાંભળીને લાલુદાસ આવ્યો. એમણે કહ્યું, "બહેન! આ સજા સત્સંગીઓ માટે છે, તમારા માટે નથી."

ઉદયકુંવરબાએ કહ્યું, "અમે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત છીએ, માટે અમે પણ આ સજા સત્સંગીઓની સાથે જ ભોગવશું!"

બહેનની વાત સાંભળી સૂબો શરમાયો અને સત્સંગીઓને છોડી મૂક્યા.

વિસનગરમાં લાલુદાસ સૂબો હરિભક્તોને હેરાન કરે છે, તે સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ વિસનગર જવા તૈયાર થયા. સંતો-હરિભક્તોએ મહારાજને વાર્યા, પણ મહારાજ રોકાયા નહિ.

મહારાજ સીધા બળદેવને ઘેર આવ્યા. મહારાજને પધારેલા જોઈ ઉદયકુંવરબાના અંતરમાં આનંદ થયો. તેઓ ઘણા સમયથી મહારાજનાં દર્શન ઝંખી રહ્યા હતા.

મહારાજે બળદેવને કહ્યું, "બળદેવ! તું લાલુદાસની કચેરીમાં જા અને અમે આવ્યા છીએ એની જાણ કર."

બળદેવ બોલ્યો, "મહારાજ! આવી જાણ કરવા જેવી નથી. મારો મામો કંસ જેવો છે. એ ક્યારનોય તમને પકડવા માગે છે!"

મહારાજ હસીને કહે, "બળદેવ! તારો મામો જો કંસ હોય, તો અમે કૃષ્ણ છીએ! માટે કોઈ જાતનો ભય રાખ્યા સિવાય અમારા આગમનની જાણ કર."

ભગવાન શ્રી સ્વામિનારાયણ આવ્યા છે, એવી જાણ થતાં લાલુદાસે આરબ જમાદારને આજ્ઞા કરી, "સિપાહીઓને લઈને જાઓ અને સ્વામિનારાયણને પકડી કચેરીમાં હાજર કરો." આરબ જમાદાર ભગવાન શ્રી સ્વામિનારાયણને પકડવા આવ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની પ્રેમભરી નજરે આરબ જમાદારની સામે જોયું.

આરબ જમાદારને કોણ જાણે શું અલૌકિક અનુભવ થયો! એ ભગવાન શ્રી સ્વામિનારાયણના પગમાં જ પડી ગયો અને બોલ્યો, "મહારાજ! મારો અપરાધ ક્ષમા કરજો. અમારા સૂબામાં અક્કલ નથી, જો હોત તો એણે તમારા જેવા ઓલિયાને પકડવા માટે મને મોકલ્યો ન હોત!"

આરબ જમાદારની વાત સાંભળી મહારાજ હસ્યા. આરબ જમાદારે કચેરીમાં આવી સૂબાને કહ્યું, "સૂબા! સ્વામિનારાયણ તો ઓલિયા છે, ઓલિયા! એવા ઓલિયાને મારાથી હાથ નહિ અડાડાય. તારે નોકરીએ રાખવો હોય તો રાખ્ય, નહિતર હું બીજું સ્થાન શોધી લઈશ."

આરબ જમાદારની વાત સાંભળી સૂબો સમસમી રહ્યો. માથા ફરેલા જમાદારને શત્રુ બનાવવાની એની હિંમત ન હતી.

સૂબા અને જમાદાર વચ્ચે આ સંવાદ ચાલે છે, ત્યાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણ સૂબાની કચેરીમાં પધાર્યા. મહારાજે પ્રભાવશાળી સ્વરે કહ્યું, "લાલુદાસ! અમને પકડવા માટે બીજા કોઈને પરેશાન કરવાની જરૂર નથી, હિંમત હોય તો અમને પકડી લ્યો."

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રતાપી નજરનો ભાર સૂબાથી સહન થતો ન હતો. મહારાજે કહ્યું, "લાલુદાસ! અમારા સત્સંગીઓએ તમારું શું બગાડ્યું છે? તમે શા માટે એને પરેશાન કરો છો? તમારે દંડ દેવો જ હોય તો અમને આપો, નિર્દોષ ભક્તોને રંજાડવાથી તમને કશું નહિ મળે!"

કોણ જાણે શું થયું! સૂબો ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે હતપ્રભ થયો. પોતાનાં આસનેથી ઊભો થયો, મહારાજને વંદન કર્યાં અને બોલ્યો, "ના, ના, મહારાજ! મારે એવું કાંઈ નથી. મારે તમને પકડવા નથી અને આજથી હરિભક્તોને હેરાન નહિ કરું."

સૂબાના અંતરમાં સદ્‌બુદ્ધિની લહેર ઊઠી રહી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણની નિર્ભિકતા તથા લોકોત્તર પ્રભાવ સામે સૂબો ઝૂકી ગયો હતો અને આખરે ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત થયો હતો. બહેન ઉદયકુંવરબાઈની ભક્તિ ફળી હતી.

વિસનગરનો શોભારામ શાસ્રી

વિસનગરમાં એક શોભારામ શાસ્રી હતો. ભણેલો-ગણેલો અને વિદ્વાન હતો, પણ એ ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે ભારે દ્વેષ રાખતો હતો. સત્સંગીઓને નાતબહાર કરાવવામાં તે અગ્રેસર રહેતો.

એક વાર એણે સૂબાના ભાણેજ બળદેવને કહ્યું, "બળદેવ! તારા ભગવાન શ્રી સ્વામિનારાયણ સાચા હોય, તો મને આઠ દિ'માં આંધળો કરે."

બળદેવે કહ્યું, "શોભારામ! ભગવાન શ્રી સ્વામિનારાયણ તો કલ્પવૃક્ષ જેવા છે. કલ્પવૃક્ષની નીચે જેવા સંકલ્પ કરો, એવા ફળે છે. તમે આવા ખોટા સંકલ્પ કરો મા, સારા સંકલ્પ કરો." શોભારામ માન્યો નહિ. એણે કહ્યું, "સ્વામિનારાયણ ભગવાન છે એ વાત તૂત અને પાખંડ છે. એ મારે સિદ્ધ કરવું છે "

હવે બન્યું એવું કે શોભારામ આઠ દિ'ને બદલે ચાર દિ'માં આંધળો થયો. લોકો કહેવા લાગ્યા, શોભારામને એનાં કરમનું ફળ મળ્યું.

બળદેવે કહ્યું, "બાપા! હવે તો માનશો ને કે સ્વામિનારાયણ ભગવાન છે."

શોભારામની મતિ વિપરિત થઈ ચૂકી હતી. એ બોલ્યો, "હું સ્વામિનારાયણને લીધે અંધ નથી થયો, મારી વૃદ્ધાવસ્થાને લીધે અંધ થયો છું." ભગવાન શ્રી સ્વામિનારાયણ વિસનગર પધાર્યા, ત્યારે એમને આ વાતની ખબર પડી. મહારાજનું હૃદય કરુણાથી ઊભરાઈ આવ્યું. તેઓ સામે ચાલીને શોભારામને મળવા ગયા, પરંતુ અભિમાની શોભારામે ભગવાન શ્રી સ્વામિનારાયણને મળવાની ઘસીને ના પાડી દીધી.

શોભારામ શાસ્ત્રી સૂબા લાલુદાસ જેવો ભાગ્યશાળી ન હતો. એની બહારની આંખો તો ફૂટી ચૂકી હતી, અભિમાનને લીધે અંદરની આંખો પણ અંધ થઈ ગઈ હતી. ધૃતરાષ્ટ્રને તો ક્યારેક થોડીક પણ સદ્‌બુદ્ધિ જાગતી હતી, જ્યારે શોભારામને સદ્‌બુદ્ધિ જાગવાનો અવસર જ ન હતો.

ધોધમાર વરસાદ વરસે પણ ઊંધા ઘડામાં પાણીનો છાંટો ન પડે, એમ મહારાજની કરુણાનો વરસાદ વરસ્યો પણ શોભારામનો ઘડો કોરોધાકોર રહ્યો.

શિંગડિયા વછનાગને ઠાકોરજીના થાળમાં ધરવામાં આવે, છતાં એનો ઝેરી સ્વભાવ બદલાતો નથી. ગમે તેવો પતિત કે અધમ હોય, પણ જો તે ભગવાનને શરણે આવે તો તત્કાળ તરી જાય છે, પરંતુ જેનો જીવ કપટ, માન અને ઈર્ષાને લીધે આસુરભાવને પામ્યો હોય, એનો ક્યારેય ઉદ્ધાર થતો નથી.

દેવળાના હરખશાનું દારિદ્રય ટાળ્યું

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ વિસનગર બાજુના દેવળા ગામે પધાર્યા હતા. દેવળામાં હરખશા નામે હરિભક્ત હતા. તેમના પત્ની પણ અત્યંત ભક્તિમતી હતા. હરખશા વ્યવહારે દૂબળા હતા, પણ એમની ભક્તિની સમૃદ્ધિ ભારે જબરી હતી.

દેવળાના ભાવિક ભક્તજનો મહારાજને રોજ ભાવથી પોતપોતાને ઘરે થાળ જમવા લઈ જતા હતા. હરખશાએ પણ મહારાજને પોતાને ઘરે જમવા પધારવાનું નિમંત્રણ આપ્યું. 'હરખશા વ્યવહારે ગરીબ છે' એ વાત મહારાજ જાણતા હતા. એમણે હરખશાને કહ્યું, "અમે તમારે ત્યાં જમવા આવીયે પણ અમારી આજ્ઞા તમને મંજૂર હોય તો આવીયે."

હરખશાએ કહ્યું, "બોલો મહારાજ! શી આજ્ઞા છે?"

મહારાજ કહે, "તમે રોટલા અને દાળની સાવ સાદી રસોઈ કરાવો તો અમે જમવા આવીયે, નહિતર નહીં." વાણિયાના દીકરાએ વાતને વધાવી લીધી અને કહ્યું, "મહારાજ! ભલે, હું રસોઈમાં દાળ-રોટલી જ કરાવીશ."

ભગવાન શ્રી સ્વામિનારાયણ કોઈ પણ હરિભક્તને વ્યવહારે કઠણ પડે એવું કરતા નહિ. એમણે પોતાના સંતોને પણ આદેશ આપ્યો હતો કે, 'ગૃહસ્થના ઘરમાં જેવો વરો હોય એવી જ રસોઈ લેવી, ગરીબ હરિભક્તોને કઠણ પડે તેવું ન કરવું.'

'રોજ એક જ ઘરેથી ભિક્ષા ન લેવી; મધુકર જેમ અલગ અલગ ફૂલોનો રસ ચૂસે છે, તેમ જુદાં જુદાં ઘરેથી માધુકરી માગવી.'

ગરીબ હરખશાને થાળ માટે રૂપિયાની તાણ્ય પડે એવું મહારાજ ઇચ્છતા ન હતા, એટલે મહારાજે સાદી રસોઈની આજ્ઞા કરી હતી.

વાણિયાના દીકરાએ હા એ હા કરીને મહારાજની વાતને હરખભેર વધાવી તો લીધી, પણ એનું હૈયું તો કંઈક જુદું જ ધારતું હતું.

હરખશાએ ઘરે આવીને ઘરવાળાને વાત કરી, “મહારાજ આવતી કાલે આપણા ઘરે જમવા પધારશે, પણ સાવ સાદી રસોઈ કરાવવાનું કહ્યું છે.”

ઘરવાળા બોલ્યા, “મહારાજ જમવા પધારે અને સાદી રસોઈ કેમ થાય? આપણે તો દૂધપાક, માલપૂડા, ખાંડના લાડુ અને ભજિયાંની રસોઈ કરવી છે. તમે મોદીખાને જાઓ અને ઉધાર-ઉછીનું સીધું લઈ આવો.”

આમ, ઉધારે આણેલી સામગ્રીથી અન્નકૂટ જેવી રસોઈ તૈયાર થઈ. હરખશાના ઘરવાળાએ ભારે હેતથી દૂધપાક-માલપૂડાની સાથોસાથ ભાતભાતનાં ભોજન તૈયાર કરાવડાવ્યાં. મહારાજ જમવા પધાર્યા. મોટા થાળમાં ભાતભાતની સામગ્રી પીરસવામાં આવી.

મહારાજ આ બધું જોઈને બોલ્યા, “હરખશા! આપણે તો સાદી રસોઈનો ઠરાવ હતો, તમે આ દૂધપાક-માલપૂડા અને પકવાન કેમ કરાવ્યાં?”

હરખશા હસીને બોલ્યા, “મહારાજ! અમારે ગુજરાતમાં દૂધપાકને ‘ધોળી દાળ’ કહેવાય અને માલપૂડાને ‘કાળી રોટલી’ કહેવાય અને પકવાન તો અથાણા-પાપડમાં ગણાય, માટે આપ પ્રેમથી જમો.”

હરખશાના ઘરવાળા બોલ્યા, “મહારાજ! અનંતકોટિ બ્રહ્માંડનું ભરણ-પોષણ કરનારો ભગવાન અમારે ઘરે ભોજન કરવા આવે, ત્યારે અમારા હૈયાની હોંશ પૂરી ન કરીએ તો ક્યારે કરીએ?”

પ્રેમી દંપતીની વાત સાંભળી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. એમણે મનોમન આ વાણિયાની ગરીબીને દૂર કરવાનો સંકલ્પ કર્યો.

જમતાં જમતાં મહારાજ બોલ્યા, “હરખશા! અમે તો તમને ગરીબ ધાર્યા’તા, પણ આ રસોઈ ઉપરથી લાગે છે કે, તમે ગરીબ નથી!”

હરખશાએ હાયે હા કરી ઉત્તર દીધો, “મહારાજ! અમે તો ગરીબ જ હતા, પણ તમે મળ્યા ત્યારથી લખેશરી શાહુકાર થયા છીએ.”

થોડી વાર બાદ મહારાજે ફરીથી કહ્યું, “હરખશાહ! તમે તો ભારે પૈસાદાર લાગો છો!”

હરખશાએ પણ હરખથી કહ્યું, “હા મહારાજ! તમારી કૃપાથી ખૂબ સુખી છીએ.”

ઘરમાં ખાવા ધાન ન હતું, ઘરની દીવાલો પડું પડું થાતી હતી, ચોમાસામાં ઘર ઉપરના છાજમાંથી પાણીની ધારાઓ પડતી હતી! આવી ગરીબી વચ્ચે પણ આ વણિક બેલડીના અંતરનો આનંદ અદ્‌ભુત હતો. બહારથી ગરીબ હતાં, પણ ભીતરમાં ભક્તિની મૂડી ભરપૂર ભરી હતી!

ભગવાન શ્રી સ્વામિનારાયણે જમતાં જમતાં ત્રીજી વાર કહ્યું, “હરખશા! અમારી ધારણા ખોટી પડી! તમે તો ભારે શ્રીમંત નીકળ્યા!”

હવે હરખશાને મનમાં થયું, 'મહારાજ મને વારંવાર 'શાહુકાર' કહે છે, એટલે જરૂર મહારાજને મારી પાસેથી કંઈક સેવા જોઈતી હશે, મારે એ સેવા કરવી.' આમ વિચારી એણે હાથ જોડીને કહ્યું, "મહારાજ! તમારી કૃપાથી શ્રીમંત જ છીએ, અમારે લાયક કંઈ સેવા હોય તો ફરમાવો!"

મહારાજ કહે, "કરશો?"

હરખશાએ કહ્યું, "હા, મહારાજ! આપ જે કહેશો તે કરીશ."

મહારાજે કહ્યું, "હરખશા! અમારે ત્રણસો રૂપિયાની જરૂર છે, આપશો?"

હરખશાએ એક પળનો પણ વિચાર કર્યા વગર કહ્યું, "હા, મહારાજ! હું સાંજ સુધીમાં ઉતારે ત્રણસો રૂપિયા પહોંચાડી દઈશ."

હરખશાની અંતરની ઉદારતાની વાત સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થયા અને હસીને મનોમન બોલ્યા, 'જોઉં છું, હવે આ વાણિયો ત્રણસો રૂપિયા ક્યાંથી અને કઈ રીતે લાવે છે?'

થાળ જમીને મહારાજ ઉતારે પધાર્યા. હરખશાએ ત્રણસો રૂપિયા આપવાનું વચન તો આપી દીધું, પણ સવાલ એ હતો કે રૂપિયા લાવવા ક્યાંથી? ઘરમાં ફૂટી બદામ પણ ન હતી. થાળની સામગ્રી પણ ઉધાર-ઉછીનું કરીને લાવ્યા હતા.

હરખશાને મનમાં મૂંઝવણ થઈ કે, 'મહારાજને કહેતા તો કહેવાઈ ગયું, પણ ત્રણસો રૂપિયા કાઢીશ ક્યાંથી?'

પતિની મૂંઝવણ સતી પારખી ગયા અનો બોલ્યા, "શેઠ! મૂંઝાવાનું ન હોય! આપણું આ ઘર ગીરવે મૂકો, આપણે પરણ્યા ત્યારનું થોડું ઘરેણું પડ્યું છે, એ પણ ગીરવે મૂકો, પણ મહારાજને ત્રણસો રૂપિયા પહોંચાડો."

પત્નીની વાત સાંભળી હરખશાની મૂંઝવણ ધુમ્મસની જેમ ઓગળી ગઈ. શેઠે ઘર-ઘરેણું ગીરવે મૂકી ત્રણસો રૂપિયા ભેગા કર્યા અને સાંજ પડતાં પહેલા મહારાજને ચરણે ધરી દીધા.

આ સુદામાનું સમર્પણ જોઈને મહારાજ અંતરથી હલી ગયા! મહારાજનું હૃદય ગદ્ગદ્ થઈ ગયું! પોતાની આંખના આંસુ મહારાજે માંડ ખાળ્યાં! ગરીબનવાઝ મહારાજે આ વાણિયાનું દારિદ્રય ટાળવા માટે એક અનોખો નિર્ણય કર્યો.

મહારાજે કહ્યું, "હરખશા! આ રૂપિયા અમે ભેળા ક્યાં ફેરવીયે? અમને થાય છે કે આ રૂપિયા ક્યાંક વેપાર-ધંધામાં રોકીએ." આમ કહી મહારાજે હરિભક્તોને પૂછ્યું, "અહીંયા બરકત થાય એવો ધંધો ક્યો છે?"

ભક્તોએ કહ્યું, "મહારાજ! આ દેશમાં તુવેરદાળનો ધંધો સારો ચાલે છે."

મહારાજે કહ્યું, "શું ભાવ ચાલતો હશે?"

ભક્તોએ કહ્યું, "મહારાજ! ચાર આને મણ તુવેર મળે છે."

મહારાજ કહે, "તો એમ કરો, આ રૂપિયાની તુવેરદાળ લઈ લ્યો, સારા કોઠારિયા ભાડે રાખી એમાં ભરાવી દીયો, સારો ભાવ આવે ત્યારે આપણે વેચી નાખીશું."

મહારાજ ભલે ભગવાન હતા, પણ સાધુ રૂપે હતા. સાધુ થઈને મહારાજે વેપાર-ધંધાની વાત કરી એ ઘણાને અજુગતી લાગી, વેપારની વાત સાંભળીને સભામાં બેઠેલા ઘણા કાચા-પોચા ભક્તોનાં અંતરમાં સંશયનાં સાપોલિયાં સળવળવાં લાગ્યાં કે, 'ભગવાન થઈને ગરીબ વાણિયાને પૈસે કેવી વેપારની વાત માંડી રહ્યા છે?'

નવાઈની વાત એ હતી કે હરખશાના હૈયામાં મહારાજનો નિશ્ચય અડગ હતો. એના અંતરમાં સ્હેજ પણ સંશય ન ઊઠ્યો. એણે કહ્યું, "ભલે, મહારાજ! જેવી આપની આજ્ઞા."

ત્રણસો રૂપિયાની તુવેર લેવામાં આવી, ભાડાના કોઠારિયામાં ભરવામાં આવી. કામ પૂરું કરાવી મહારાજ બોલ્યા, "હરખશા! હવે અમે નીકળીશું; સારો ભાવ આવે ત્યારે અમને જણાવજો." આટલું કહી મહારાજ રવાના થયા.

સમય વીતતો ચાલ્યો. અચાનક તુવેરના ભાવ ઊંચકાયા. ચાર આનાની મણ તુવેર રૂપિયે મણ પહોંચી.

હરખશાએ મહારાજને સમાચાર મોકલ્યા, "મહારાજ! તુવેર માટે બજારભાવ ખૂબ સારા છે, માટે તુવેર વેચી નાખીએ તો સારું."

મહારાજે કહેવડાવ્યું, "ભલે, સારો ભાવ હોય તો વેચી નાખો. રૂપિયા તમારી પાસે રાખજો. અમે એ બાજુ આવીશું ત્યારે હિસાબ સમજી લઈશું."

હરખશાએ તુવેરદાળ વેચી. રૂપિયા બારસો આવ્યા. મહારાજ વિચરણ કરતાં કરતાં દેવળા પધાર્યા. હરખશાએ રૂપિયાની કોથળીઓ મહારાજનાં ચરણમાં મૂકી અને કહ્યું, "મહારાજ! આપણે તુવેરદાળ વેચી, એના આ રૂપિયા ઊપજ્યા છે."

ગરીબનવાઝ મહારાજ ઠાવકું મુખ રાખીને બોલ્યા, "હરખશા! અમે તો સાધુ છીએ, વેપારી થોડાં છીએ કે વેપાર કરીએ?"

મહારાજની વાતમાં હરખશા કાંઈ સમજ્યા નહિ એટલે બાઘાની જેમ મહારાજની સામે જોઈ રહ્યા.

મહારાજે હસીને કહ્યું, "હરખશા! આ તુવેર અમે અમારા માટે નો'તી લેવડાવી. આ બધું તો તમારા માટે હતું! અમારા ભગત ગરીબ રહે એ અમને પોસાય નહીં. જાઓ, આ રૂપિયા લઈ જાઓ, ગીરવે મૂકેલું ઘર-ઘરેણું છોડાવો. બાકીની રકમ વેપારમાં રોકો, સુખી થશો. અમારો ભગત દેવાદાર રહે એ અમને ન પોસાય!"

હરખશાએ ભારે આનાકાની કરી, પણ મહારાજ પાસે એનું કાંઈ ચાલ્યું નહીં. હરિભક્તોને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે ફોડ પડ્યો કે, 'મહારાજે ગરીબ વાણિયાને રૂપિયે વેપાર શા માટે માંડ્યો હતો!'

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે ગરીબ સુદામા જેવા હરખશાનું દારિદ્ર ટાળી

નાખ્યું. હરખશાને હકીકતમાં શાહુકાર બનાવી દીધા.

ઘણી વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ઝેન ફકીરો જેવું વિચિત્ર આચરણ કરતા. ભલભલા બુદ્ધિશાળી પણ આ રહસ્યમય આચરણનો તાગ મેળવી શક્યા નહીં. એ તો જ્યારે પરિણામ સામે આવે, ત્યારે જ લોકોને યથાર્થ વાત સમજાતી. હરખશાના રૂપિયે માંડેલા વેપારની વાત પણ આવી જ હતી.

ખરાખરીનો ખેલ

ભગવાન શ્રી સ્વામિનારાયણ વિચરણ કરતાં કરતાં ખોખરા-મહેમદાવાદ પધાર્યા હતા. ખોખરા-મહેમદાવાદમાં ખરાખરીનો ખેલ જામવાનો હતો.

અમદાવાદના કેટલાક ખાખી વૈરાગીઓથી ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉત્કર્ષ સહન થતો ન હતો. એમણે સાથે મળીને 'જીવનમુક્તા'ને મારી નાખવાનો નિર્ધાર કર્યો હતો. વૈરાગીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને 'જીવનમુક્તા' તરીકે ઓળખતા હતા.

મહારાજ હાથમાં આવતા ન હતા, એટલે એ ખાખીઓ પોતાનાં મનની દાઝ મહારાજના સંતો ઉપર ઉતારતા હતા. અમદાવાદમાં મહારાજના કેટલાંક સંતો ભિક્ષા માગવા માટે નીકળેલા, વૈરાગીઓએ એ સંતો ઉપર આક્રમણ કર્યું. બે સાધુઓને પકડી લીધા, ઢોર માર માર્યો, લોહી-લુહાણ કર્યા અને અંધારિયા ઓરડામાં પૂરી દીધા.

મહારાજને આ વાતની ખબર પડી એટલે મહારાજે શેઠ લાલુદાસ ગોરાને તેડાવ્યા અને કહ્યું, "તમે કોઈ પણ રીતે એ સાધુઓને જમના હાથમાંથી છોડાવો."

લાલુદાસ ગોરા વૈરાગીઓની જગ્યામાં ગયા, જગ્યાના મુખ્ય મહંતને મળ્યા. અમદાવાદના પ્રતિષ્ઠિત શેઠને આવેલા જોઈ મહંતે મીઠો આવકારો દીધો.

શેઠ લાલુદાસ ગોરાએ કહ્યું, "મારે જગ્યામાં 'કાલી રોટી' અને 'સફેદ દાળ'ની રસોઈ દેવી છે અને બધા મહાત્માઓને જમાડવા છે."

શેઠનો પ્રસ્તાવ સાંભળી મહંત અને વૈરાગીઓ રાજી રાજી થઈ ગયા. લાલુદાસ ગોરાએ ચારે તરફ દૃષ્ટિ ફેરવી, તો દૂર અંધારિયા ખૂણામાં પડેલા બે સાધુઓને જોયા. લાલુદાસ ગોરાએ અજાણ્યા થઈને પૂછ્યું, "આ કોણ છે?"

મહંતે કહ્યું, "એ તો નવા પંથના મૂંડિયા છે, માંડ લાગમાં આવ્યા છે; અમે એને માર્યા વગર છોડવાના નથી."

લાલુદાસ ગોરાએ કહ્યું, "આ બિચારા બાવલિયા તમારું શું બગાડશે? ખરો વાંક તો સ્વામિનારાયણનો છે, તમે એમને પકડો અને આને છોડી દ્યો."

કાલી રોટી અને સફેદ દાળની લાલચમાં મહંતે સાધુઓને ધાકધમકી આપી છોડી મૂક્યા. રાક્ષસોની કેદમાંથી છૂટેલા બંને સંતો મહારાજ પાસે આવ્યા. એમની હાલત અધમૂવા જેવી થઈ ગઈ હતી. એમની દયનીય દશા જોઈને મહારાજની આંખોમાંથી

પાણી વરસવા માંડ્યાં.

એવામાં બીજી ઘટના ઘટી. કેટલાક વૈરાગીઓએ સરળ મૂર્તિ સંત મુક્તાનંદસ્વામીને પકડ્યા અને ચીપિયાના માર મારી લોહી-લુહાણ કરી મૂક્યા. કેટલાક લોકોએ વચ્ચે પડીને સ્વામીને માંડ છોડાવ્યા.

એક બાજુ વૈરાગીઓનો ત્રાસ માઝા મૂકી રહ્યો હતો, બીજી બાજુ ક્ષમામૂર્તિ સંતો 'સ્વામિનારાયણ! સ્વામિનારાયણ!' મહામંત્રનું રટણ કરતાં કરતાં હસતે મુખે મારપીટ સહન કરતા હતા.

સંતો તો સહન કરતા હતા, પરંતુ સંતોની આ પીડા હવે ભગવાન શ્રી સ્વામિનારાયણથી સહન થતી ન હતી. મહારાજના શૂરવીર પાર્ષદોને હવે પોતાનાં ક્ષમાવ્રત આકરાં લાગતાં હતાં, કારણ કે મહારાજના ક્ષમાશીલ સંતો આવો ત્રાસ વર્ષોથી વેઠી રહ્યા હતા.

મહારાજના મનમાં થયું, 'આપણે આ વૈરાગીઓનું કાંઈ બગાડ્યું નથી, છતાં આ અનાડીઓ અમારા નિર્દોષ સાધુઓને ઢોર માર મારે છે. આ વૈરાગીઓનાં મન રાગ-દ્વેષથી ઘેરાયેલાં છે. એમની વૃત્તિ આસુરી થઈ ચૂકી છે. આ વૈરાગીઓ સમજાવ્યા સમજે એમ નથી. હવે આનો રસ્તો વિચારવો જ પડે.'

આમ વિચારતાં વિચારતાં મહારાજ રુદ્રરૂપ ધરવા લાગ્યા. મહારાજને પોતાનો કૃષ્ણાવતાર યાદ આવ્યો, એમની ભ્રૂકુટિ ત્રાંસી થઈ, એમણે ઉદ્દંડ વૈરાગીઓને દંડ દેવાનો નિર્ધાર કર્યો.

આ બાજુ અમદાવાદનું વાતાવરણ ભારે ગરમાવો પકડી રહ્યું હતું. વૈરાગીઓનું લક્ષ્ય હવે ભગવાન શ્રી સ્વામિનારાયણ હતા. સમય પારખીને મહારાજે થોડા સંતો અને પોતાના શૂરવીર પાર્ષદોને પાસે રાખ્યા અને અન્ય સર્વ સંતોને દૂર સુરત તરફ જવાનો આદેશ કર્યો.

સંતોએ કહ્યું, "મહારાજ! અમે આવી પરિસ્થિતિમાં આપને છોડીને દૂર નહીં જઈએ."

મહારાજે કહ્યું, "અમારી ચિંતા છોડી દ્યો અને અમારા આદેશને અનુસરો. વૈરાગીઓ અમારું કાંઈ બગાડી શકવાના નથી." ભયને પીઠ દેવાનું મહારાજના સ્વભાવમાં ન હતું.

મહારાજના આદેશથી સંતોનાં વૃંદોએ સુરત તરફ પ્રયાણ કર્યું. આખરે કટોકટીની પળ આવી પહોંચી. વૈરાગીઓનું હથિયારબંધ ટોળું મહારાજને મારવા ધસ્યું. મહારાજના શૂરવીર પાર્ષદોએ કહ્યું, "મહારાજ! આજે અમને રોકશો નહીં."

મહારાજે પણ મૌન ઈશારે પોતાના પાર્ષદોને છૂટો દોર આપ્યો. પટ્ટાબાજીમાં કુશળ પાર્ષદોએ વળતા વાર કર્યા. ચાર મુખ્ય વૈરાગીઓ ચોકમાં જ મરાયા. મોવડીઓને મરાયેલા જોઈને બીજા બાવાઓ ભયના માર્યા ભાગી ગયા.

વાતાવરણ શાંત થયું. મહારાજે હોળી રમીને આવેલા ઘેરૈયા જેવા પોતાના પાર્ષદોની

સામે દૃષ્ટિ કરી. સર્વના મુખ ઉપર વિજયનો ઉલ્લાસ વર્તતો હતો. સર્વના હૈયામાં વર્ષોથી અત્યાચાર કરી રહેલા અનાડીઓને દંડ દેવાનો આનંદ હતો.

એવામાં મહારાજની દૃષ્ટિ પરમાનંદસ્વામી ઉપર પડી. પરમાનંદસ્વામીના હાથમાં તલવાર હતી, કાન કપાયેલો હતો. એમના ગૈરિક વસ્ત્ર ઉપર રુધિરની ધારાઓ વરસી રહી હતી.

હકીકત એ હતી કે પરમાનંદસ્વામી પૂર્વાશ્રમમાં ક્ષત્રિય હતા, સ્વભાવે શૂરવીર હતા. વેરાજી નામ હતું, ઉપલેટાના વતની હતા, વૈરાગ્ય થવાથી મહારાજે એમને સાધુ કર્યા હતા.

વૈરાગીઓ સાથેની લડાઈ વખતે હાકલા-પડકારા સાંભળીને પરમાનંદસ્વામીનો ક્ષત્રિય સ્વભાવ જાગી ગયો. 'હું સાધુ છું' એ ભૂલી ગયા અને કો'કની તલવાર લઈને યુદ્ધે ચઢ્યા. આ લડાઈમાં પરમાનંદસ્વામીનો કાન કપાઈ ગયો પણ એનું સ્વામીને ભાન ન હતું.

મહારાજે પરમાનંદસ્વામીના કાનમાંથી લોહી નીકળતું જોયું એટલે મહારાજે ઠપકાના સ્વરે કહ્યું, "સ્વામી! આ શું છે? તમારા હાથમાં તલવાર ક્યાંથી?" હવે સ્વામીને પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. એણે શરમથી નીચાં નેણ ઢાળી સર્વ હકીકત જણાવી.

મહારાજે કહ્યું, "સ્વામી! અમારા પાર્ષદોની વાત નોખી છે અને અમારા સાધુઓની વાત નોખી છે. પાર્ષદોના હાથમાં હથિયાર શોભે, પણ સાધુઓના હાથમાં નહીં. સાધુઓના હાથમાં તો માળા જ શોભે. અમે અમારા સાધુઓને હથિયાર ધારણ કરવાની મનાઈ ફરમાવી છે, છતાં તમે સાધુ થઈને હથિયાર ધાર્યાં, તમે સાધુતાનો માર્ગ ચૂક્યા!"

મહારાજના ઠપકાંના વેણ સાંભળી સ્વામીની આંખમાંથી પશ્ચાત્તાપના આંસુ ખરવાં લાગ્યાં અને બોલ્યા, "મહારાજ! મને પ્રાયશ્ચિત્ત આપો."

મહારાજે કહ્યું, "સ્વામી! તમે સંસારમાં પાછા જાઓ. અમારી મૂર્તિનું ધ્યાન-ભજન કરો અને અંતરના આવેગોને વશ કરવાનો પ્રયાસ કરો." ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ પ્રસંગ હિંસા અને અહિંસાનો વિવેક તેમ જ વીરતા અને ક્ષમાના સંગમ સમાન છે.

ભારતીય મનીષીઓએ અને શાસ્ત્રોએ અહિંસાવ્રતનો પૂર્ણ આદર કર્યો છે, પરંતુ સાથે સાથે રાષ્ટ્રદ્રોહ કરનાર, નિર્દોષને રંજાડનાર, ત્રાસવાદ વર્તાવનાર લોકોને આતતાયીઓ ગણીને દંડ દેવાની પણ અનુમતિ આપેલી છે.

ડભાણમાં મહાવિષ્ણુયાગ

વિક્રમ સંવત ૧૮૬૬ ની સાલ હતી, પોષ મહિનો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સમયમાં ડભાણ ખાતે મોટા પાયા ઉપર અહિંસામય મહાવિષ્ણુયાગ કર્યો હતો. આ યજ્ઞ અઢાર દિવસ સુધી ચાલ્યો હતો.

આ યજ્ઞ પ્રસંગે કેટલીક મહત્ત્વની ઘટનાઓ ઘટી હતી. એક તો ગુજરાતનો મહાભારાડી જોબન વડતાલો ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત થયો હતો. બીજું સંપ્રદાયના બે મહાન સંતો સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી તથા સદ્‌ગુરુ શતાનંદસ્વામીને મહારાજે આ પ્રસંગે દીક્ષા આપી હતી. ત્રીજું રણુ ગામના મા તુલજાભવાની મંદિરના મહંત શ્રી પ્રભાતગરજી આ પ્રસંગે ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ અનુભવી મહારાજના આશ્રિત થયા હતા અને ચોથું સદ્‌ગુરુ શુકાનંદસ્વામીએ પોતાનું જીવન મહારાજને ચરણે સમર્પિત કર્યું હતું.

જોબન વડતાલો ભારે લૂંટારો હતો અને કાચા ચીભડાંની જેમ માણસોને કાપી નાખતો. ગુજરાતથી માંડી સૌરાષ્ટ્ર સુધી તેની ટોળીઓની હાક વાગતી. ગાયકવાડ સરકાર કે અંગ્રેજો પણ એને જેર કરી શક્યા ન હતા. જોબનપગી "જોબન વડતાલો" કે "જોબનભાયા" નામે ઓળખાતો.

જોબનભાયાનાં નામનાં તીર ચાલતાં, અર્થાત્ કોઈ સંઘ જાત્રાએ જતો હોય કે કોઈ જાન જતી હોય ત્યારે લોકો વળાવિયા તરીકે સાથે ચાલવા જોબનપગીને વિનંતી કરતા.

જોબનપગી સાથે જવાને બદલે પોતાનું નામ લખેલું તીર આપતા અને કહેતા, "મારે આવવાની જરૂર નથી, આ તીર તમારી રક્ષા કરશે. કોઈ પણ તમને લૂંટવા આવે, તો મારા નામવાળું આ તીર બતાવજો. કોઈની મજાલ નથી કે તમને લૂંટી શકે!"

તેમ છતાંય ક્યાંક કોઈ લૂંટારું ટોળી અટકચાળો કરતી, તો જોબનપગી એને પાતાળમાંથી પણ શોધી કાઢતો અને ભારે દંડ સાથે લૂંટનો માલ પાછો અપાવતો. આ લૂંટારો ગજબનો હતો, લૂંટ પણ ચલાવતો અને રક્ષા પણ કરતો.

એક વખત એક ડોશીએ જોબનપગીને મે'ણું માર્યું, "જોબન! દેડકાં ડાંભ્યે શું થાય? મણિધર નાથે તો ખરો!" અર્થાત "ગરીબ માણસોને લૂંટવાથી તારું કાંઈ નહિ વળે, કોઈ મોટાને પકડ."

"આ સ્વામિનારાયણ બહુ મોટા કહેવાય છે. તારા વડતાલથી નજીક ડભાણમાં બહુ મોટો જગન કરી રહ્યા છે. કાઠિયાવાડની જાત-જાતની ઘોડીઓ ભેળી થઈ છે. એમાંય ભગવાન શ્રી સ્વામિનારાયણની માણેકવર્ણી માણકીની તો વાત જ જુદી છે! એ માણકી જો તું ચોરી શકે, તો જોબનભાયો સાચો!"

જોબનપગીને આ વાત પડકાર જેવી લાગી અને એ પડકારને એણે ઝીલી લીધો. એકબાજુ જોબનપગી મહારાજની માણેકવર્ણી માણકીને ચોરવાનું આયોજન કરી રહ્યો હતો, બીજી બાજુ ડભાણનો યજ્ઞ મહોત્સવ પૂરજોશમાં ચાલી રહ્યો હતો.

દેશ-પરદેશના હજારો માણસો એકઠા થયા હતા. દૂર દૂરથી આવેલા સંઘોની રક્ષા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે ઘોડાસરના ભીલ રાજા જાલમસિંહજીને આજ્ઞા કરી હતી.

ઘોડાસરના જાલમસિંહજી અને હાથરોલીના ભગુ ખાંટ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ અવાન-નવાર ઘોડાસર અને હાથરોલી પધારતા અને આ ભક્તોને ત્યાં ઊતરતા.

જાલમસિંહજીના હાથ નીચે હજારો ભીલો હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંતોના પ્રભાવથી સેંકડો ભીલો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા અને પંચ વર્તમાનનું પાલન કરતા હતા. આ ભીલોના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. તેઓ મહારાજને 'બાપા' કહીને બોલાવતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉદાર હૈયાનાં પ્રેમ અને કરુણાએ આ વનવાસી ભીલોને વશ કરી લીધાં હતાં.

યજ્ઞની રક્ષા માટે મહારાજનો આદેશ થતાં જાલમસિંહજીએ નગારે દાંડી પીટાવી સેંકડો ભીલ એકઠા કર્યાં હતા.

જાલમસિંહે એમને ગામડે ગામડેથી આવતા સંઘોની રક્ષાની જવાબદારી સોંપી હતી. આ ભીલો હાથમાં તીરકામઠાં લઈને રાત્રિભર જાગતાં રહેતાં હતાં અને ચોકીપહેરો કરતાં રહેતાં હતાં.

આશ્ચર્યની વાત એ હતી કે જે વનવાસીઓની ટોળીઓ ચોરી-લૂંટફાટમાં વ્યસ્ત હતી, એ જ વનવાસીઓ આજે રક્ષણકાર્યમાં જોડાયેલા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રભાવે એમની મનોવૃત્તિઓ બદલાવી નાખી હતી.

લૂંટારો લૂંટાઈ ગયો!

આ બાજુ જોબનપગી અને એના સાગરિતોએ યાત્રાળુઓનો વેશ લીધો. હથિયારો વસ્ત્રોમાં છુપાવી દીધાં અને ભીલોની ચોકી ભેદીને જ્યાં જાતવંત ઘોડા બંધાયા હતા, ત્યાં પહોંચી ગયા. આંબલીઓનાં ઘેઘૂર વૃક્ષો નીચે કાઠિયાવાડના જાતવંત અશ્વો બાંધ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની માણેકવર્ણી માણકી પણ ત્યાં જ હતી. સર્વ અશ્વોમાં માણકી નોખી તરી આવતી હતી.

માણકીના રૂપરંગ જોઈને જોબન દંગ રહી ગયો. ડોશીમાના મેણાંનાં શબ્દો એના કાનમાં ઘૂમરાવા માંડ્યા. આજે રાત્રે જ માણકીને ઉપાડી લેવાનો એણે મજબૂત નિર્ધાર કર્યો.

સાંજનો સમય થયો હતો. અંધકારના ઓળા ધરતી પર ઊતરી રહ્યા હતા. જોબનભાયાએ પોતાના સાગરિતોને સંઘમાં ભળી જવાનો અને સંકેતની રાહ જોવાનો આદેશ કર્યો. પોતે ચોરપગલે આંબલીના વૃક્ષ ઉપર ઘાટી ઘટામાં છુપાઈ ગયો.

મધ્યરાત્રિના સુમારે જોબન વડતાલો લપાતો-છુપાતો થોડો નીચે ઊતર્યો ત્યાં એના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે માણેકવર્ણી માણકીની પાસે સહજાનંદસ્વામીને દીઠા.

તેઓ માણકીને ડીલે હાથ ફેરવી પંપાળી રહ્યા હતા; જોબને ચારે તરફ નજર કરી, તો એની આંખો ચાર થઈ ગઈ! એણે ઘોડે ઘોડે સહજાનંદસ્વામીને જોયા. મહારાજ કોઈને માથે હાથ ફેરવતા હતા; કોઈને ખરેરો કરતા હતા; કોઈને જોગાણ આપતા હતા; કોઈને ચારો નીરતા હતા!

જોબન વડતાલાને ભારે આશ્ચર્ય થયું, 'મને આ કેવી ભ્રમણા થઈ રહી છે?' તે મનમાં વિચારોના ચકરાવે ચડ્યો. જોબન એ રાત્રે ઘોડા ચોરી શક્યો નહિ. આમને આમ બીજી બે રાત્રિ વીતી, પણ જોબનની કારી ફાવી નહિ. ત્રણ-ત્રણ રાત સુધી એને ઘોડે ઘોડે સહજાનંદસ્વામીનાં દર્શન થતાં રહ્યાં.

નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિમાં લખે છે,

"ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા, નયણે નિદ્રા નવ્ય કરી ||૧૩||" (ભ.ચિં.પ્ર–૪૯)

જોબન વડતાલાની આ દશા હતી.

ત્રીજી રાત્રિએ આંબલીઓની ઘટામાં સંતાયેલા જોબન વડતાલાના અંતરમાંથી અવાજ ઊઠ્યો, "ચેતી જા, જોબન! ચેતી જા. જ્યાં ગુના છૂટવાના હોય, ત્યાં જ તું ગુના આચરી રહ્યો છે!"

જોબનનો આત્મા જાગી ગયો. એણે મહારાજને શરણે થવાનો નિર્ધાર કર્યો. વહેલી સવારે જોબન આંબલીઓની ઘટામાંથી નીચે ઊતર્યો.

સૂર્યોદય થઈ ચૂક્યો હતો. બ્રાહ્મણો યજ્ઞના આરંભની તૈયારીઓ કરી રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તોની વિશાળ સભા ભરી હતી. દૂર દૂરથી આવેલા ભક્તજનો ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂજા કરવા માટે તત્પર થયા હતા.

એવામાં જોબન વડતાલો સભામાં આવ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણે દૂરથી સાદ કર્યો, "જોબન! ઓરો આવ."

એક બાજુ પોતાનું નામ સાંભળતાં જ જોબન વડતાલો ચમક્યો! બીજી બાજુ મહારાજનાં મુખારવિંદમાંથી જોબનનું નામ સાંભળતા સભાજનોમાં ભયની લેરખી પ્રસરી, લોકોમાં ગણગણાટ શરૂ થયો, 'ગુજરાતનો નામી લૂંટારો અહીં ક્યાંથી?'

મહારાજે હાથના ઈશારે સભામાં માર્ગ કર્યો. લોહચુંબકથી લોખંડ ખેંચાય એમ જોબન વડતાલો મહારાજ પાસે પહોંચ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારે પ્રેમ છતાં પ્રભાવશાળી સ્વરે કહ્યું, "જોબન! હવે આવા ધંધા તારે ક્યાં સુધી કરવા છે?"

જોબન વડતાલો કાંઈ બોલી શક્યો નહીં. ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રતાપ એણે ત્રણ ત્રણ રાત્રિ સુધી નજરે નિહાળ્યો હતો.

જોબન વડતાલાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં પોતાનાં હથિયારોનો ઢગલો કર્યો, શીશ ઝુકાવ્યું અને બે હાથ જોડીને બોલ્યો, "મહારાજ! મારા ગુના માફ

કરો, મેં બહુ અપરાધ કર્યા છે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે અભય વચન આપતાં કહ્યું, "જોબન! જે કોઈ અમારે શરણે આવે છે, તેના બધા જ ગુના અમે માફ કરીએ છીએ."

જોબનની આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહી રહી હતી. એક મહાભારાડી લૂંટારો આજે ભગવાનને શરણે થઈ રહ્યો હતો, લૂંટારો આજે સ્વયં લૂંટાઈ રહ્યો હતો. સમસ્ત સભા ન માની શકાય એવી આ ઘટનાને સ્તબ્ધ બનીને જોઈ રહી હતી.

તારા બધા ગુના માફ!

જોબનભાયા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત તો થયો, પરંતુ એણે કરેલાં પાપ તેને કોરી ખાતાં હતાં.

એક સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પધાર્યા હતા અને જોબનપગીની મેડીએ ઊતર્યા હતા. જોબનભાયાએ ભગવાન શ્રી સ્વામિનારાયણની પાસે પિત્તળની એક નાની પેટી મૂકી.

અંતર્યામી મહારાજે જાણતા છતાં અજાણ્યા થઈને પૂછ્યું, "જોબન આમાં શું છે?"

જોબનનું હૃદય ભરાઈ આવ્યું અને કહ્યું, "મહારાજ! આ પેટીમાં મારા પાપ ભર્યાં છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે પેટી ખોલી, તો પેટી ઠસોઠસ દોરાથી ભરાયેલી હતી. જોબનપગીના મુખે જ એના પાપનો એકરાર કરાવવા માટે મહારાજે પૂછ્યું, "જોબન! આ શું છે?"

જોબને કહ્યું, "મહારાજ આ બ્રાહ્મણોની જનોઈઓ છે, આટલા તો મેં બ્રાહ્મણ માર્યા છે! મારાં બીજાં પાપ તો માથાના મોવાળા જેટલાં છે, ગણ્યા ગણાય એમ નથી!" બોલતાં-બોલતાં જોબન વરતાલો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો અને બોલ્યો, "મહારાજ! ખરેખર આ બ્રહ્મહત્યારાનું કલ્યાણ થશે?"

મહારાજે કરુણાસભર નયને જોબન સામે જોયું અને પોતાનો અભયવરદ હાથ જોબનભાયાને માથે મૂક્યો અને બોલ્યા, "જોબન! તેં ખરા હૃદયથી પશ્ચાતાપ કર્યો છે અને અમારે શરણે થયો છો, માટે આજથી તારાં સર્વ પાપ બળીને ખાખ થયાં છે."

"શરણાગતોને સર્વ પાપથી છોડાવવાં તે અમારું અનાદિનું વ્રત છે, માટે તું હવે નિર્ભય બની 'સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ કર્ય અને અમારી ભક્તિ કર્ય."

જબરા ભારાડી જોબનભાયાનું જીવન ભગવાન શ્રી સ્વામિનારાયણે પળવારમાં પલટાવી નાખ્યું અને જોબન મહાભક્તોની પંક્તિમાં ગણાયો.

ગધેડો ગાય થયો અને થોરે કેળાં ઊગ્યાં!

એક સમયની વાત છે, જોબનભાયા પેટલાદ પધાર્યા હતા. પેટલાદના ગરાસદાર કસિયાજી બાપુ કચેરી ભરીને બેઠા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ ખાતે મોટો સમૈયો કરી રહ્યા હતા. દૂર દૂરથી હજારો માણસો ભેગા થવાના હતા. જોબનભાયા કસિયાજી બાપુની પાસે નીચે ઘણા માણસો બેસી શકે એવી મોટી ચંદની, વાસણો વગેરે સર-સામાનની સહાયતા માગવા આવ્યા હતા. કસિયાજી બાપુએ જોબનભાયાને ભારે આદર-સત્કાર સાથે પોતાની બાજુના આસને બેસાડ્યા.

વાતમાંથી વાત નીકળી. કસિયાજી બાપુએ કહ્યું, “જોબન! તમે તો ભારે ભગત થઈ ગયા ! તમારો તિલક-ચાંદલો, કંઠી અને માળા એની સાક્ષી પૂરે છે.”

જોબનભાયાએ કહ્યું, “હા બાપુ! આ બધો સ્વામિનારાયણ બાપાનો પ્રતાપ છે.”

કસિયાજીએ કહ્યું, “જોબનભાયા! ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે જાત-જાતની વાતો સંભળાય છે. એમાં એક વાત એવી સાંભળી છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ ભારે જાદુગરા છે. ‘ગધેડાની ગાય કરે છે’ અને ‘થોરે કેળાં ઉગાડે છે!’ જોબન! આ વાત સાચી છે?”

જોબનભાયાએ હસતાં હસતાં કહ્યું, “બાપુ! એ વાત સાવ સાચી છે. લ્યો હું એનું પ્રમાણ આપને આપું. એક સમયે આ જોબન કાંટાળા થોર જેવો હતો. ગધેડાની જેમ એને મોક્ષમાર્ગમાં કશી જ ગતાગમ પડતી ન હતી.”

“તમારા પેટલાદને મેં ત્રણ વખત લૂંટ્યું હતું. બાપુ! જ્યારે હું પેટલાદ આવતો, ત્યારે આપને દરબારગઢની માઢ-મેડીએ સંતાઈ જવું પડતું! આવી મારી હાક વાગતી હતી! એ જ જોબન આજે તમારી પાસે બેઠો છે, તમારી છાતીમાં સહેજ પણ થડકારો થાય છે?”

કસિયાજી બાપુએ કહ્યું, “ના જોબનભાયા! આજે તમારી જરાય બીક લાગતી નથી.”

જોબનભાયા બોલ્યા, “બાપુ! આનો જ અર્થ છે; ગધેડો ગાય થયો અને થોરે કેળાં ઊગ્યાં! ખરેખર, ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રતાપી છે. મારા જેવા ગધેડાને ગાય કરે છે અને લોકોના કાંટાળા થોર જેવા સ્વભાવ બદલાવી મીઠાં મધુર કેળાં જેવાં કરે છે.”

કસિયાજી બાપુએ કહ્યું, “જોબનભાયા! આ ચમત્કારિક વાતનો મર્મ આજે સમજાયો. ધન્ય છે તમને અને ધન્ય છે ભગવાન શ્રી સ્વામિનારાયણને!”

જોબને મહારાજની મોજડી ચોરી!

જોબનભાયાને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અસાધારણ ભક્તિ હતી.

ઊર્જાવંત લોકો જે ક્ષેત્ર અપનાવે છે, એમાં ભારે નામના મેળવે છે. જો એ સારો રાહ અપનાવે, તો ઉત્તમ-સજ્જન થાય છે અને નરસો રાહ અપનાવે, તો દુર્જન શિરોમણિ બની જાય છે.

શક્તિહીન માણસો ક્યાંય સફળ થતા નથી. નિર્બળ અને નિર્માલ્ય લોકો ભક્તિ કરે, તો પણ એની ભક્તિમાં કાંઈ દમ નથી હોતો અને વ્યવહાર કરે તો વ્યવહારમાં પણ કાંઈ ભલીવાર હોતો નથી.

જોબનપગી ઊર્જાવંત હતા એટલે જ તેઓ જેવા ભારાડી હતા, તેવા જ ભક્ત થયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે વડતાલ પધારે, ત્યારે જોબનભાયાના દિવસો આનંદમાં ને આનંદમાં આંખના પલકારાની જેમ વીતી જતા હતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે કાઠિયાવાડ તરફ પ્રયાણ કરે, ત્યારે પોતાનાં પ્રાણપ્રિય પરમાત્માના વિયોગમાં જોબન વડતાલાને એક એક પળ જુગ જેવી લાગતી હતી. જોબનભાયા વિરહના દિવસોમાં જીવન ગુજારવાનો આધાર શોધી રહ્યા હતા.

આખરે એમનાં ફળદ્રુપ દિમાગમાં એક યુક્તિ સૂઝી આવી. એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પધાર્યા હતા અને જોબનપગીની મેડીએ ઊતર્યા હતા.

દરરોજ બપોરના સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ જોબનપગીની મેડીએથી નીકળી, પગે ચાલીને સંતો-ભક્તોના સંઘ સાથે કીર્તન કરતાં કરતાં ધારુ તળાવ એટલે કે ગોમતી તળાવે સ્નાન કરવા જતા.

એક દિવસ શ્રીજી મહારાજ સ્નાન કરવા તૈયાર થયા. મેડીથી નીચેના માર્ગમાં સંતો-ભક્તો કીર્તન કરતાં કરતાં 'મહારાજ મેડીએથી ક્યારે ઊતરે' એની રાહ જોઈ રહ્યા હતા.

હવે બન્યું એવું કે મહારાજની મોજડીઓ મળતી નહોતી. નાજા જોગિયા અને પાર્ષદો મોજડીની શોધાશોધ કરી રહ્યા હતા પણ મોજડી હાથમાં આવતી નહોતી. બધાને થતું હતું કે, "મહારાજની મોજડી કોણ લઈ ગયું?"

મહારાજ મામલો પામી ગયા અને એમણે સૂચક નજરે જોબનભાયાની સામે જોયું અને બોલ્યા, "એલા ચોર! બધેય ચોરી સંભવે, પણ ચોરને ત્યાં ચોરી કેમ થાય? બોલ મોજડી ક્યાં સંતાડી છે?"

જોબનભાયાએ મંદ હાસ્ય સાથે કહ્યું, "મહારાજ! તમે તો અંતર્યામી ભગવાન એટલે ચોરને પકડી પાડો એમાં નવાઈ નથી. તમારી મોજડી મેં જ સંતાડી છે!"

"મહારાજ! આપ જાણો છો કે મારો સંતાડેલો માલ ગાયકવાડ પણ ન ગોતી શકે, તો આ પાર્ષદોનું શું ગજું!"

મહારાજ હસીને કહે, "એ બધી વાત સાચી. હવે મોજડી પાછી આપ, નીચે બધા રાહ જુએ છે."

જોબનભાયાએ મહારાજને કહ્યું, "મહારાજ! મારી એક વાત માનો તો મોજડી પાછી મળે!"

મહારાજ કહે," બોલ, શું છે?"

જોબનભાયાએ કહ્યું, "મહારાજ! હું તો અપરાધનો ડુંગર છું. મારો એક વધારે અપરાધ તમે ક્ષમા કરજો."

મહારાજ બોલ્યા, "જોબન! જલદી બોલ તારે શું કહેવું છે?"

જોબને કહ્યું, "મહારાજ! મારી વિનંતી છે કે આજ તમે ધારુ તળાવ સુધી ઉઘાડે પગે ચાલો. આમ બોલતાં બોલતાં જોબનપગીએ પોતાનાં શરીર ઉપરની શાલ દૂર કરી, બગલમાં સંતાડેલી મોજડીઓ બહાર કાઢી, માથે ચડાવી, જમીન ઉપર પધરાવી!"

મહારાજના સેવકો તો આભા બનીને જોઈ જ રહ્યા. ગમે એટલું ગોતે, તો પણ બગલમાં સંતાડેલી મોજડી ક્યાંથી મળે! બીજી બાજુ ગદ્‌ગદ્‌ હૃદયવાળા જોબનપગી અશ્રુભીની આંખોથી મહારાજની સામે જોઈ રહ્યા.

મહારાજે પ્રેમ અને કરુણાસભર નયને જોબનભાયાની સામે જોયું અને કહ્યું,"જોબન! આજ તેં આવું કેમ કર્યું?"

જોબનભાયાએ બે હાથ જોડીને કહ્યું, "મહારાજ! તમે જ્યારે વડતાલથી કાઠિયાવાડ પાછા પધારો છો, ત્યારે આપનો વિરહ મારાથી સહેવાતો નથી. મારે જીવનના આધાર સમી આપની ચરણરજ જોઈએ."

"મહારાજ! ઉઘાડે પગે ચાલતાં આપને કષ્ટ પડશે, પણ મને મારી જિંદગીનો આધાર મળી જશે!" બોલતાં બોલતાં જોબનપગીથી ધ્રુસકું મુકાઈ ગયું.

પ્રેમને આધીન પરમાત્માએ જોબનની વાતને સ્વીકારી લીધી.

જોબનપગીનો મનોરથ પૂર્ણ કરવા માટે તેઓ ધગેલી ધરતી ઉપર ધારુ તળાવ સુધી ઉઘાડે પગે ચાલ્યા.

જોબનપગી મહારાજની પાછળ ને પાછળ ચાલે, મહારાજ જેવાં ચરણ ઉપાડે કે જોબનભાયો ચરણની છાપમાંથી ધૂળની મૂઠી ભરી ખોઈમાં નાખે! આમને આમ એણે ચરણરજથી ખોઈ ભરી.

મહારાજ પ્રસન્ન વદને આ ભાવિક ભક્તને જોઈ રહ્યા અને પૂછ્યું, "જોબન! આટલી બધી ચરણરજનું શું કરીશ?"

જોબનપગીએ કહ્યુ, "મહારાજ! આ રજને ચાળીને ડાબલામાં ભરીશ, જમવા બેસીશ ત્યારે ચપટી ભરીને ભોજનમાં ભેળવીશ અને મારાં પાપોનું પ્રાયશ્ચિત કરીશ."

જોબનની વાત સાંભળી મહારાજ અત્યંત રાજી થયા

આ રજ ખૂટે ત્યારે ધામમાં તેડી જજો

જોબનપગીએ ફરીથી હાથ જોડી યાચક નજરે મહારાજની સામે જોયું. મહારાજ જોબનપગીના અંતરનો ભાવ કળી ગયા અને બોલ્યા, "બોલ જોબન! હવે તારે શું જોઈએ છે?"

જોબનપગીએ કહ્યું, "મહારાજ! આ દાસની વિનંતી છે, કે આ રજ ખૂટી જાય ત્યારે મને ધામમાં તેડી જજો."

જોબનનો ભાવ જોઈ મહારાજ પણ ગદ્‌ગદ્ થઈ ગયા અને બોલ્યા, "ભલે જોબન! તારો મનોરથ સત્ય થશે."

દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા, મહિનાઓ અને વર્ષો વીત્યાં. જોબનપગીએ ભેગી કરેલી ચરણરજ ખૂટવા આવી.

એક સમયે જમવા બેઠેલા જોબનભાયાએ પોતાના દીકરાને કહ્યું, "બેટા! ડાબલામાંથી ચરણરજ લાવો."

છોકરાએ ડાબલો ખોલીને જોયું તો ચરણરજ ખૂટી ગઈ હતી. છોકરાએ કહ્યું, "બાપા! રજ તો ખૂટી ગઈ છે!"

છોકરાની વાત સાંભળી જોબનપગી સાવધાન થઈ ગયા અને ખાતરી કરવા ફરીથી પૂછ્યું, "બેટા! શું કીધું?"

છોકરો બોલ્યો, "બાપા! ચરણરજ ખૂટી ગઈ છે."

જોબનપગીએ કહ્યું, "બેટા! ચરણરજ નથી ખૂટી, તારા બાપની આવરદા ખૂટી ગઈ છે!" આટલું બોલી જોબનપગી ભર્યે ભાણેથી ઊભા થઈ ગયા; અન્ન-જળ હરામ કર્યાં અને હાથમાં માળા લઈ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ!' મહામંત્રનું રટણ કરવા લાગ્યા.

જોબનના મનનો એકતારો મહારાજની મૂર્તિ સાથે જોડાઈ ગયો. આમને આમ અન્નજળ વિના ત્રણ-ત્રણ દિવસ પસાર થયા અને આખરે એ ધન્ય ઘડી આવી પહોંચી, કે જેની જોબનભાયા રાહ જોઈ રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જોબનપગીને દિવ્ય રૂપે દર્શન દીધાં અને કહ્યું, "જોબન! તમારો મનોરથ સત્ય કરવા અમે આવ્યા છીએ, ચાલો અમારાં ધામમાં!"

જોબનભાયાના અંતરમાં આનંદ મા'તો નો'તો. એમણે ઉપસ્થિત સર્વને "જય સ્વામિનારાયણ" કહ્યા અને અક્ષરધામમાં સીધાવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના પવિત્ર સંતોના પ્રભાવથી આવા એક

જોબન નહિ, અનેક જોબનના જીવન પલટાઈ ગયા હતા. સેંકડો લોકો ભારાડીમાંથી ભગત બન્યા હતા. પાપના પહાડ કહેવાતા હતા, તે પુણ્યના હિમાલયમાં ફેરવાઈ ગયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્રભાવથી કાઠિયાવાડના શૂરવીર કાઠીઓ તેમ જ ગિરાસદારોને વશ કર્યાં હતા, આ સિંહ સમાન ક્ષત્રિયો ભગવાન શ્રી સ્વામિનારાયણની પાછળને પાછળ પડછાયાની જેમ ભમતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવતરણ અસુરોને મારવાનું નહોતું, અસુરોને તારવાનું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે તલવાર અને તીર-કામઠાંને બદલે માળાને સહારે આસુરી વૃત્તિઓનો સંહાર કર્યો હતો.

મારવાં સહેલાં છે, તારવાં કઠણ છે. અસુરોને મારી શકાય છે. અસુરોને અસુર બનાવનાર આસુરીવૃત્તિઓનો સંહાર વધારે કઠણ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે એ કઠિન કામ ભારે સરળતાથી પૂર્ણ કર્યું હતું. એમણે અનેક આસુરી જીવોને દૈવી બનાવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વ્યક્તિત્વનો જબરો પ્રભાવ હતો. એમના હૈયાનું હેત ભલભલાને વશ કરી લેતું હતું. એમના યોગમાં આવેલા અનેક ચોર-લૂંટારાઓ, હત્યારાઓ મહાન ભક્તો બન્યા હતા. જે હાથમાં તલવારો અને ભાલા રહેતાં, એ હાથમાં માળાઓ ફરવા લાગી હતી. જે લોકો સત્તા કે શક્તિને જોરે ભક્ષક બન્યા હતા, એ જ લોકો સમાજના રક્ષકો થયા હતા. પરિણામે આમજનતામાં સુખ-શાંતિ અને નિર્ભયતાનું વાતાવરણ સર્જાયું હતું.

કોઈ પણ રીતે આમજનતાનું હિત સાધવું અને જીવોનું આત્યંતિક કલ્યાણ કરવું એ ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતરણનું શ્રેષ્ઠ કાર્ય હતું.

જે ઓઢ્યું છે ઈ ઓઢાડે, તો ભગવાન ખરા!

ભગવાન શ્રી સ્વામિનારાયણ ડભાણમાં યજ્ઞ કરી રહ્યા હતા, એ સમયે એક બીજી અલૌકિક ઘટના ઘટી.

વડોદરા પાસેના રણુ ગામે મા તુલજાભવાનીનું પ્રાચીન મંદિર છે. વર્ષો પહેલાં શિવાજી મહારાજે જે ‘મા તુલજાભવાની’ની પૂજા કરી હતી, એ જ માતાજીની જ્યોત આ મંદિરે લાવવામાં આવેલી, પરિણામે રણુ ગામ તીર્થધામ બનેલું છે. આસપાસના ગામડાંઓના હજારો લોકો આ મંદિરમાં આસ્થા ધરાવે છે.

તુલજાભવાનીના મહંતો ભારે સાત્ત્વિક રહ્યા છે એટલે માતાજીની પૂજા કરવા છતાં, અહીંયા શક્તિપંથીઓ જેવી વિકૃતિઓ પ્રવેશી શકી નથી.

પ્રભાતગર બાવાજી મા તુલજાભવાનીના મંદિરના મહંત હતા, સાત્ત્વિક પ્રકૃતિના હતા, ભારે સાધક અને વચનસિદ્ધ મહાપુરુષ હતા. તેઓ પોતાના શિષ્યોની સાથે ડભાણ

પાસેથી પસાર થઈ રહ્યા હતા અને યજ્ઞભૂમિથી થોડે દૂર તંબુ નાખીને ઊતર્યા હતા.

પ્રભાતગરજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની કીર્તિ સાંભળી હતી, પરંતુ ક્યારેય દર્શન કર્યાં ન હતા. એમના મનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષા કરવાનું મન થયું. એમણે બે સંકલ્પ કર્યાં, એક તો 'ભગવાન શ્રી સ્વામિનારાયણ મને સામેથી એમની પાસે તેડાવે' અને બીજું 'એમણે જે ઓઢ્યું હોય તે મને ઓઢાડે, તો હું એમને ભગવાન માનું.'

આશ્ચર્યની વાત એ હતી, પ્રભાતગરજીએ જેવો આ સંકલ્પ કર્યો, ત્યાં થોડી વારમાં જ મહારાજના પાર્ષદોએ આવીને કહ્યું, "મહંતજી! આપને ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલાવે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણ આટલીવારમાં પોતાનો સંકલ્પ જાણી ગયા, તે જોઈને પ્રભાતગરજીના હૃદયમાં આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ મહારાજનાં દર્શને આવ્યા. મહારાજનાં દર્શન થતાં જ એમનાં અંતરમાં ભારે આકર્ષણ અનુભવાયું. એમના અંતરમાંથી અવાજ ઊઠ્યો, 'પ્રભાતગર! આ સ્વામિનારાયણ કોઈ સાધારણ નથી, સ્વયં ભગવાન છે.'

મહારાજે અત્યંત ભાવથી પ્રભાતગરજીની મહંતાઈને છાજે એ રીતે આદર-સત્કાર કર્યો. સુંદર આસન ઉપર બેસાડ્યા, પરસ્પર કુશળ–પ્રશ્ન થયા.

શિયાળાની ઋતુ હતી, સવારનો કૂણો કૂણો તડકો ધરતીને હૂંફાળી બનાવી રહ્યો હતો. આ સમયે મહારાજે એક સુંદર, પાતળી, રૂ ભરેલી, રેશમની રજાઈ ઓઢી હતી. મહારાજે હસીને કહ્યું, "પ્રભાતગરજી! લ્યો તમને 'અમે જે ઓઢ્યું છે તે ઓઢાડીએ.' ઠંડી પડે છે, માટે આ રજાઈ તમને કામ લાગશે." આમ કહી મહારાજે પોતે ઓઢેલી રજાઈ પ્રભાતગરજીને ઓઢાડી દીધી.

મહારાજના શબ્દોમાં પ્રભાતગરજીના અંતરનાં સંકલ્પના પડઘા પડી રહ્યા હતા. પોતાના બેય સંકલ્પ પૂર્ણ થયા એટલે પ્રભાતગરજીના મનમાં 'શ્રી સ્વામિનારાયણ ભગવાન છે', એવો નિશ્ચય થયો અને તેઓ મહારાજના આશ્રિત થયા.

સામાન્ય રીતે મઠ-મંદિરોના મહંતો પોતાનાં શિષ્ય-મંડળને વધારવા મથતા હોય છે, તેઓ કોઈના શિષ્ય થાય એવું ઓછું બને છે. પ્રભાતગરજી એમાં અપવાદ હતા અને એ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપનું પરિણામ હતું.

રણુના મા તુલજાભવાનીના ઉત્તરોત્તર જે જે મહંતો થયા, તે બધા જ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા ધરાવનારા થયા.

આજે મંદિરના મહંત તરીકે આદરણીય શ્રી રાજેન્દ્રગિરિજી મહારાજ બિરાજે છે.

તેઓ ખૂબ જ જ્ઞાની છે અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે આસ્થા ધરાવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી રજાઈ આજે પણ મા તુલજાભવાનીના મંદિરમાં જીવની જેમ જળવાયેલી છે.

સદ્‌ગુરુ શુકાનંદસ્વામી

ડભાણના આ મહાવિષ્ણુયાગના પ્રસંગે એક ત્રીજો પણ ઇતિહાસ રચાયો અને એ એ, કે ભગવાન શ્રી સ્વામિનારાયણના જમણા હાથ સમાન સદ્‌ગુરુ શુકાનંદસ્વામી મહારાજને સમર્પિત થયા.

સદ્‌ગુરુ શુકાનંદસ્વામીનો જન્મ યજ્ઞસ્થળ ડભાણ ગામે જ થયો હતો. એમના પિતાશ્રીનું નામ 'પ્રભાશંકરભાઈ' હતું અને માતાનું નામ 'સદાબા' હતું. એમને ત્યાં કોઈ સંતાન ન હતું.

સદાબા ભારે શ્રદ્ધાવાન હતા. સાધુ-સંતો, અભ્યાગતોની ભાવથી સેવા કરતા. એક દિવસ વહેલી સવારે સદાબાને સ્વપ્નમાં કોઈ તેજસ્વી યોગીએ દર્શન દઈને કહ્યું, "દીકરી! તારી સંતાનકામના પૂર્ણ થશે, તારે ત્યાં શુકદેવજી સમાન મહાન પુત્રનો જન્મ થશે, સમય આવ્યે કોઈ મહાપુરુષ તારો એ દીકરો સામેથી માગી લેશે."

સમય જતાં યોગીનું વચન સત્ય થયું. વિક્રમ સંવત ૧૮૫૨ શ્રાવણ સુદ પૂનમ, રક્ષાબંધનના દિવસે મધ્યાહ્ને એમને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. નામ રાખવામાં આવ્યું, 'જગન્નાથ.'

વિક્રમ સંવત ૧૮૬૬, પોષ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ડભાણ ગામે યજ્ઞ કરી રહ્યા હતા. એ સમયે જગન્નાથ વિપ્ર યજ્ઞમાં ઋત્વિક તરીકે વરાયા હતા, ઉંમર હતી માત્ર ચૌદ વર્ષ.

ભગવાન શ્રી સ્વામિનારાયણ યજ્ઞશાળામાં પધાર્યા, સર્વ બ્રાહ્મણો તરફ પ્રેમભરી દૃષ્ટિ ફેરવી. ચારે તરફ ફરતી ફરતી મહારાજની એ કામણગારી નજર જગન્નાથ વિપ્ર ઉપર સ્થિર થઈ. જગન્નાથનું મન પણ જુગ જૂની ઓળખાણ હોય તેમ મહારાજમાં જોડાઈ ગયું.

મહારાજે કહ્યું, "જગન્નાથ! તમે તો સ્વયં શુકજી છો, અમારા માટે જ તમે અવતાર ધારણ કર્યો છે. તમે ક્યાં સુધી ઘરમાં રોકાઈ રહેશો?"

એ જ વખતે ચૌદ વર્ષના જગન્નાથ બોલ્યા, "મહારાજ! હું આપની સેવામાં રહેવા તૈયાર છું." મહારાજે હસીને કહ્યું, "જગન્નાથ! એ માટે તો તમારે માની રજા લેવી પડે, પણ ચિંતા નહિ, માની રજા અમે લઈ દઈશું. તમે અમને ગઢપુર મળજો."

મહારાજ યજ્ઞમંડપથી નીકળીને ગામમાં પધાર્યા અને સીધા સદાબાના ઘરના આંગણામાં ઊભા રહ્યા. મહારાજનાં દર્શન કરતાં સદાબા હરખઘેલા થઈ ગયા અને

મહારાજને પગે લાગ્યા.

મહારાજે હસીને કહ્યું, "મા! અમને ઓળખો છો?"

સદાબા બોલ્યા, "અરે મહારાજ! તમને કોણ ન ઓળખે? તમે તો ભગવાન છો."

મહારાજે કહ્યું, "મા! એમ નહિ, વર્ષો પહેલા તમારા સ્વપ્નમાં કોઈ યોગી આવ્યા હતા? તમને દીકરાનું વરદાન દીધું હતું? "

સદાબાના અંતરમાં વર્ષો પહેલાનો દિવ્ય અનુભવ તાજો થયો. મહારાજે કહ્યું, "સદાબા! એ જ યોગી અમે છીએ અને તમારા દીકરા જગન્નાથે તો અમારી સેવા માટે જ દેહ ધર્યો છે, માટે એ અમારો છે, અમને આપી દ્યો."

ધન્ય છે, સદાબાને, કે એમણે કાંઈ પણ આનાકાની કર્યા સિવાય પોતાના એકના એક દીકરાને ભગવાનના ખોળે અર્પી દીધો. શુકદેવજીએ સોળ વર્ષની ઉંમરે સંસાર છોડ્યો હતો, જગન્નાથે ચૌદ વર્ષની ઉંમરે સંસાર છોડી મહારાજનું શરણ સ્વીકાર્યું.

વિક્રમ સંવત ૧૮૭૨ની સાલમાં મહારાજે એમને સાધુ કર્યા હતા અને 'શુકાનંદસ્વામી' નામ પાડ્યું. મહારાજની આજ્ઞાથી એમણે સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામી પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો અને પરમ વિદ્વાન થયા હતા.

એમના અંતરની ઇચ્છા મહારાજના લહિયા થવાની હતી, કારણ કે એમનું મન નિરંતર મહારાજના સહવાસને ઝંખતું હતું.

મહારાજે શુકાનંદસ્વામીનો મનોરથ પૂર્ણ કર્યો હતો. તેઓ વર્ષો સુધી મહારાજના સામીપ્યમાં લહિયા તરીકેની સેવા બજાવતા રહ્યા.

એ જમાનામાં મહારાજના પત્રલેખનની તમામ જવાબદારી શુકાનંદસ્વામીએ સંભાળી હતી. એમના અક્ષર મોતીના દાણા જેવા હતા. જૂના ગ્રંથોની હસ્તપ્રતો કરવામાં એ ભારે કુશળ હતા. સાધુતામાં તો એ શિરમોર હતા.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "આ શુકસ્વામી બહુ મોટા સાધુ છે અને અમારાં કામમાં બહુ આવે છે. આ શુકસ્વામી જે દિવસથી અમારી સેવામાં રહ્યા છે, તે દિવસથી સત્સંગમાં એમનો ચડતો ને ચડતો રંગ છે."

એ જમાનામાં લખવાનું કામ આજના જેવું સરળ ન હતું. આખી જિંદગી લખવાનું કામ કરતાં કરતાં સ્વામીની આંગળી ઠરડાઈ ગઈ હતી.

શુકસ્વામીએ કરેલી સાહિત્ય લેખનની સેવા મહારાજના હૃદયને સ્પર્શી ગઈ હતી. એક વાર મહારાજે સભામાં શુકસ્વામીનો ઠરડાઈ ગયેલી આંગળીવાળો હાથ બતાવીને કહ્યું, "પરમહંસો! કોઈ ચાંદ્રાયણ કરે, કોઈ ધારણા-પારણા કરે, કોઈ અન્ય વ્રતો કરે, પણ આ શુકસ્વામી જેવો કોઈ ન થાય. કેમ કે, અમારા કાગળો લખવા અને અમારા ગ્રંથો લખવાની સેવા કરવાથી એમના હાથની આંગળીઓ ઠરડાઈ ગઈ છે, આ શુકમુનિ તો અમારો હાથ છે."

એક વાર મહારાજે સભામાં વાત કરી કે, "આ ડભાણિયો આંબો, ડભાણના બળદ અને આ ડભાણિયા શુકસ્વામી અમારા બહુ ઉપયોગમાં આવ્યાં છે. હવે આ આંબાને માથેથી લખચોરાશી રહેશે નહિ, આ બળદના અંત સમયે અમે એને અમારા ધામમાં તેડી જઈશું અને આ શુકસ્વામી તો પહેલેથી જ અમારા મુક્ત છે."

અને ખરેખર ડભાણિયો આંબો સુકાયો અને વૃક્ષના દેહમાંથી સીધો અક્ષરધામને પામ્યો. એ જ રીતે ડભાણિયા બળદનો દેહ છૂટ્યો ત્યારે મહારાજ દિવ્ય રૂપે એને તેડવા આવ્યા હતા. અનેક લોકોએ આ દૃશ્ય નજરે નિહાળ્યું હતું.

ધર્મજગતના ઇતિહાસમાં પશુને અંત સમયે પરમાત્મા તેડવા આવ્યા હોય, એવું ક્યાંય સાંભળવામાં આવ્યું નથી.

સામાન્ય રીતે લખચોરાશી યોનિમાં ફરતા જીવને મનુષ્યનો દેહ મળે છે અને એમાં પણ સત્સંગનો જોગ થાય છે, ત્યારે જ મોક્ષનો માર્ગ હાથમાં આવે છે. પશુ-પંખી અને વૃક્ષ-વેલીના દેહમાંથી સીધી મુક્તિ મળી હોય, એવા દાખલા ધર્મજગતના ઇતિહાસમાં જોવા મળતા નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તોના તો કલ્યાણ કર્યાં જ છે, પરંતુ સાથે સાથે વૃક્ષ, વેલી અને પશુઓનાં પણ કલ્યાણ કર્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેકાનેક સભાઓમાં સંતો-ભક્તો આગળ સદ્‌ગુરુ શુકાનંદસ્વામીની ઘણીવાર પ્રશંસા કરતાં, પણ મહારાજની કૃપાથી શુકસ્વામીના મનમાં ક્યારેય અહંકારના બીજ રોપાયાં ન હતાં.

તમને તપસ્વીના વેષે ભગવાન મળશે

ભગવાન શ્રી સ્વામિનારાયણે સાબરમતી, મહીસાગર અને નર્મદા નદીને કિનારે આવેલ મધ્યગુજરાતની ધરતીને પોતાની પદરજથી ભારે પાવન કરેલી છે. પ્રાચીન સમયમાં આ ભૂભાગમાં વાકળ, કાનમ, ચરોતર વગેરે અનેક નાના નાના પ્રદેશો આવેલા હતા.

આ પ્રદેશોમાં ખેડા જિલ્લામાં અંગ્રેજોની આણ વર્તતી હતી; વડોદરા ગાયકવાડી રાજસત્તાનું કેન્દ્ર હતું, જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલને ધર્મસત્તાનું મુખ્ય મથક બનાવ્યું હતું.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ આ પ્રદેશોના ભક્તોને બિરદાવતા કહ્યું છે કે,

વડા ભક્ત વાકળમાં, અતિ મા'તમી મન ઉદાર ।
હરિ હરિજન ઉપરે, જેના પ્રેમનો નહીં પાર ॥૧॥ (ભ.ચિં.પ્ર–૧૨૪)

જપ તપ જોગે કરી, વળી નાવે ધ્યાને નાથ |
તેહ હરિ નયણાં ભરી, નિરખી થયા સનાથ ||૨||

પળે પળે થાય પરચા વળી, આવે અંત્યે અવિનાશ |
સરવે જન તે જાણતા, થાય બ્રહ્મ નગરે નિવાસ ||૩|| (ભ.ચિં.પ્ર–૧૨૫)

ચવું જન ચડોતરના, જેના ઉજ્જવળ અંતઃકરણ |
તન મન ધન અર્પણ કરી, થયા સ્વામી શ્રીજીને શરણ ||૧|| (ભ.ચિં.પ્ર–૧૨૨)
બહુ ભક્ત બારા મધ્યે, જન જાણે સરવે રીત |
સત્ય અસત્યને ઓળખી, કરી પુરુષોત્તમ શું પ્રીત ||૧|| (ભ.ચિં.પ્ર–૧૨૩)

સંપ્રદાયનો ઉદયકાળ હતો, ભગવાન શ્રી સ્વામિનારાયણની યુવાન ઉંમર હતી. તેઓશ્રી મધ્ય ગુજરાતમાં ચરોતરની ધરતીને પાવન કરતાં કરતાં ઉમરેઠ પધાર્યા હતા.

વર્ષો પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠવર્ણીના વેષે આ જ ઉમરેઠમાં સુંદર સરોવરને કિનારે આવેલા જાગનાથ મહાદેવજીનાં મંદિરને ઓટલે વિસામો લીધો હતો.

પ્રાચીન કાળમાં ઉમરેઠ સમૃદ્ધિ અને સરસ્વતીની સંગમભૂમિ હતું. અહીં શ્રેષ્ઠીઓ પણ હતા અને પંડિત-પુરાણીઓનો પણ પાર ન હતો.

કોઈ કોઈ ભૂમિ અને એની આબોહવા ગજબની ઉર્વરક હોય છે. કોઈ સ્થળે હીરાની ખાણ નીકળે છે; કોઈ સ્થળે કુશળ કારીગરો પાકે છે, કોઈ સ્થળે સારા સંગીતકારો નીપજે છે, કોઈ સ્થળે સારા ઉદ્યોગકારો ઊપજે છે તો કોઈ સ્થાન વિદ્વાનોની ખાણ સમાન હોય છે.

મધ્ય ગુજરાતનું ઉમરેઠ ગામ આવું જ વિદ્વાનોની ખાણ સમાન રહ્યું છે. સમય જતાં શહેરની સમૃદ્ધિ ઝાંખી થઈ, પણ સરસ્વતીનો ચળકાટ એવોને એવો જ રહ્યો. નગરના વિશાળ કોટ અને દરવાજા આજે પણ ઉમરેઠના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરી રહ્યા છે.

ઉમરેઠમાં મોટા ભાગે બાજ ખેડાવાળ બ્રાહ્મણોની વસ્તી છે. મોટા ભાગના બ્રાહ્મણો કાં તો શિવ ઉપાસક, કાં તો શક્તિપંથીઓ રહ્યા છે.

ઉમરેઠમાં સુપ્રસિદ્ધ મૂળેશ્વર મહાદેવજી તથા જાગનાથ મહાદેવજીનાં રમણીય અને પ્રાચીન શિવાલયો આવેલાં છે.

અહીં ત્રણ મિત્રો વસતા હતા. ત્રણેય બાજ ખેડાવાળ બ્રાહ્મણો હતા. રૂપરામ ઠાકર, નરભેરામ દવે અને દયારામ શુક્લ એમનાં નામ હતાં. ત્રણેય મિત્રો શિવજીના પ્રખર ઉપાસક હતા. ત્રણેયના અંતરમાં આ ને આ દેહે મોક્ષ મેળવી લેવાની તમેટા હતી.

એક દિવસ બ્રાહ્મમુહૂર્તના સમયે રૂપરામ ઠાકરને મૂળેશ્વર મહાદેવે દર્શન દઈને કહ્યું કે, 'રૂપરામ! તમારા ત્રણેય મિત્રોની મોક્ષકામના આ જન્મે જ પૂર્ણ થશે. પૃથ્વી

ઉપર સ્વયં ભગવાન પ્રગટ થયા છે; તપસ્વીના વેષે પૃથ્વી ઉપર વિચરણ કરી રહ્યા છે; પ્રથમ તમને તપસ્વીના રૂપમાં પ્રત્યક્ષ ભગવાન મળશે પણ તમે તેમને ઓળખી નહીં શકો. સમય જતાં એ જ પ્રત્યક્ષ ભગવાનના સંત શ્રી દેવાનંદસ્વામી તમને પ્રગટ પુરુષોત્તમ નારાયણની ઓળખાણ કરાવશે; તમે એમના આશ્રિત બનશો અને આ ને આ જન્મે આત્યંતિક કલ્યાણને પામશો.'

રૂપરામ ઠાકરને પોતાનાં આ સ્વપ્ન ઉપર ભારે આશ્ચર્ય થઈ રહ્યું હતું. એમણે પોતાના બંને મિત્રોને પોતાનાં સ્વપ્નની વાત કરી. રૂપરામ ઠાકરની વાત સાંભળી બંને મિત્રોને પણ ભારે આશ્ચર્ય થયું. મૂળેશ્વર મહાદેવજીનાં વચનમાં વિશ્વાસ રાખી, ત્રણેય મિત્રો પ્રત્યક્ષ ભગવાન ક્યારે મળે? એની રાહ જોઈ રહ્યા હતા.

આખરે એ ધન્ય ઘડી આવી પહોંચી. વિ. સં. ૧૮૫૫ ફાગણ સુદ એકાદશીનો પરમ પવિત્ર દિવસ હતો. સાંજનો સમય હતો, ત્રણેય મિત્રો જાગનાથ મહાદેવજીનાં મંદિરે દર્શને ગયા. સંધ્યા આરતીના સમયને થોડી વાર હતી એટલે બધા મિત્રો બહારના ઓટલે બેસી ચર્ચા કરવા લાગ્યા કે, 'મહાદેવજીએ સ્વપ્નમાં જે વાત કરી છે, શું તે ખરેખર સત્ય હશે?'

બરાબર એ જ સમયે અવાજ આવ્યો, 'શંકા ક્યોં કરતે હો? મહાદેવજીને જૈસા કહા હૈ વૈસા હિ હોગા?'

અવાજ સાંભળીને ત્રણેય મિત્રો ચારે તરફ જોવા લાગ્યા, તો સમીપમાં એક તેજસ્વી સૂકલકડા બ્રહ્મચારી બેઠા હતા. તેજસ્વી બ્રહ્મચારીના દર્શન કરતાં જ ત્રણેય મિત્રોનાં ચિત્ત આકર્ષાયાં.

હકીકત એ હતી કે, બરાબર એ જ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્ણીવેષે વિચરણ કરતાં કરતાં ઉમરેઠ પધાર્યા હતા અને જાગનાથ મહાદેવજીનાં મંદિરનાં ઓટલે બિરાજમાન થયાં હતાં.

ત્રણેય મિત્રોએ બ્રહ્મચારીને વંદન કર્યા અને પૂછ્યું, "આપ કહાં સે આતે હો?"

બ્રહ્મચારીએ ટૂંકો જવાબ આપ્યો, "અનિર્દેશસે!"

નવતર શબ્દ સાંભળીને ત્રણેય મિત્રોને આશ્ચર્ય થયું અને પૂછ્યું, "અનિર્દેશ કહાં હૈ?"

બ્રહ્મચારીએ કહ્યું, "ઈસકા પતા અભી નહીં ચલેગા!"

મિત્રોએ પૂછ્યું, "ભોજન કરેંગે?"

બ્રહ્મચારીએ કહ્યું, "હમ દિનમેં સિર્ફ એક બાર ભોજન કરતે હૈં. થોડા દૂધ મિલે તો લે આઓ."

દયારામ દોડીને લોટીમાં દૂધ સાથે કેળાં અને ખજૂર લઈ આવ્યાં. બ્રહ્મચારીએ થોડો ફલાહાર કરી દૂધપાન કર્યું.

સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો, ધરતી ઉપર અંધકારના ઓળા પથરાઈ રહ્યા હતા. રૂપરામે પૂછ્યું, "બ્રહ્મચારીજી! ક્યા હમારા સ્વપ્ન સત્ય હોગા?"

બ્રહ્મચારીએ મંદ મંદ હસીને વાતને ટાળતા કહ્યું, "તુમ મહાદેવજી કે દર્શન કે લિયે આયે હો, દર્શન તો કિયા નહિ, જાઓ ભીતર જાગનાથજી કા દર્શન કરો, સંધ્યા આરતી હોનેવાલી હૈ."

ત્રણેય જણા મંદિરમાં ગયા અને ભાવથી મહાદેવજીનાં દર્શન કરવા લાગ્યા. પૂજારી મહાદેવજીની આરતી ઉતારી રહ્યા હતા ત્યાં અચાનક શિવલિંગમાંથી તેજ પ્રગટ્યું, શિવલિંગ અદશ્ય થયું, શિવલિંગને સ્થાને બહાર ઓટલે બેઠેલા તેજસ્વી બ્રહ્મચારી દેખાયા. બાજુમાં પૂજારીના પાટલે પણ એ જ બ્રહ્મચારી બિરાજમાન હતા.

ત્રણેય મિત્રો આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયા. પછી તો તેઓ જ્યાં જ્યાં દષ્ટિ કરતા હતા ત્યાં ત્યાં તપસ્વી બ્રહ્મચારીના દર્શન થઈ રહ્યા હતા. જાગનાથજીનું સમગ્ર મંદિર બ્રહ્મચારીમય બની ગયું હતું. ત્રણેય મિત્રોને કશું જ સમજાતું ન હતું. ત્રણેય જણા આશ્ચર્યના સાગરમાં ગરકાવ હતા.

થોડી વારમાં આરતી પૂરી થઈ. હવે બ્રહ્મચારી અદશ્ય થઈ ગયા હતા અને ફરીથી શિવલિંગનાં દર્શન થઈ રહ્યાં હતાં. આ શું થઈ રહ્યું છે? તે ત્રણમાંથી એકેયને સમજાયું નહિ. તેઓ દર્શન કરીને બહાર આવ્યા, ત્યાં મંદિરને ઓટલે એ જ તેજસ્વી બ્રહ્મચારી વજ્રાસને બિરાજમાન હતા.

ત્રણેયના મન ચકડોળે ચડ્યાં, 'આપણે મંદિરમાં જોયું એ શું હતું? આ બ્રહ્મચારી કોણ હશે? કોઈ જાદુગરા હશે? સિદ્ધ યોગી હશે? કે શિવજીએ કહ્યું છે એ પ્રમાણે સ્વયં ભગવાન તો નહીં હોયને? ખાતરી કઈ રીતે કરવી? એ કોઈને કાંઈ સૂઝતું ન હતું.'

રૂપરામ ઠાકરે બ્રહ્મચારીને વિનંતી કરતાં કહ્યું, "બ્રહ્મચારીજી! હમારે ઘર ચલો, કલ ભોજન કરકે જાના."

બ્રહ્મચારીએ ખુમારીથી કહ્યું, "હમ ન કિસીકે ઘર જાતે હૈ ઔર ન કલકી ચિન્તા કરતે હૈ. કલકી બાત કલ દેખી જાયેગી." આટલું કહીને બ્રહ્મચારી ધ્યાનસ્થ થયા.

ત્રણેય મિત્રો ઘેર ગયા. ત્રણેય મિત્રોની આખી રાત અસમંજસમાં વીતી. તેઓ પ્રાતઃકાળે બ્રહ્મચારીને શોધવા જાગનાથ મંદિરે આવ્યા, પરંતુ બ્રહ્મચારી તો વહેલી સવારે પોતાના માર્ગે પ્રયાણ કરી ચૂક્યા હતા.

મૂરખ હરિરામ પાસે વેદ બોલાવ્યા

ઉપરની વાતને થોડાં વર્ષો વીત્યાં. એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના લાડીલા સંત શ્રી દેવાનંદસ્વામીને કહ્યું, "સ્વામી! તમે ઉમરેઠ જાઓ. ત્યાં અમારા કેટલાક મુમુક્ષુઓ અમારી રાહ જોઈ રહ્યા છે."

મહારાજની આજ્ઞાથી દેવાનંદસ્વામી ઉમરેઠ પધાર્યા. ઉમરેઠમાં રૂપરામ ઠાકર, દયારામ શુક્લ અને નરભેરામ દવે ભગવાન ભોળાનાથની વાણીમાં વિશ્વાસ રાખીને સ્વામી દેવાનંદજી જેવા સંતની જ રાહ જોઈ રહ્યા હતા.

દેવાનંદસ્વામીએ ત્રણેય મિત્રોને ભગવાન શ્રી સ્વામિનારાયણનો નિશ્ચય કરાવ્યો. ત્રણેય જણા મહારાજના અનન્ય આશ્રિત થયા. આ રીતે શિવપંથી ઉમરેઠમાં વૈષ્ણવપંથનો પ્રવેશ થયો.

ત્રણેય ભક્તોની વિનંતી સ્વીકારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉમરેઠ પધાર્યા. ઉમરેઠવાસી ભક્તજનોએ મહારાજનું ભાવથી સ્વાગત કર્યું. મહારાજ જાગનાથ મંદિરમાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરી મંદિરની બહાર ઓટા ઉપર વિરાજમાન થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને આવેલા સાંભળીને ઉમરેઠવાસીઓ કંઈક ભાવથી અને કંઈક કૌતુકથી એમનાં દર્શન માટે એકઠાં થયાં.

ઉમરેઠના વિદ્વાન બ્રાહ્મણો ભગવાન શ્રી સ્વામિનારાયણના ભગવાનપણાની પરીક્ષા કરવા માગતા હતા. ગામના આગેવાન વિદ્વાનો સાથે મળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે આવ્યા અને કહ્યું, "સ્વામિનારાયણ! તમે જો ભગવાન હો તો અમને તમારો પ્રતાપ દેખાડો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે હસીને કહ્યું, "વિદ્વાનો બોલો, તમારે અમારો કેવો પ્રતાપ જોવો છે?"

વિદ્વાનોએ કહ્યું, "સ્વામિનારાયણ! ભગવદ્‌પાદ શંકરાચાર્યજીએ પાડાને મુખે વેદ બોલાવ્યા હતા, એ જ રીતે તમે જો પાડાને મુખે વેદ બોલાવો તો અમે તમને ભગવાન માનીએ."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "વિદ્વાનો! વેદ પવિત્ર છે, તે બ્રાહ્મણના મુખે શોભે પરંતુ પાડાને મુખે ન શોભે!"

"ઘણીવાર લોકો પ્રાચીન કથાઓના મર્મને સમજી શકતા નથી અને એ કથાઓને અક્ષરશઃ લઈને અર્થનો અનર્થ કરે છે."

"શંકરાચાર્યજી મહાજ્ઞાની હતા. વેદધર્મના પુનરોદ્ધારક હતા. 'એમણે પાડાને મુખે વેદ બોલાવ્યા હતા' એનો અર્થ એ થાય કે પાડા જેવા જડ અને મૂઢ માણસોને પણ વેદગાન કરતા કરી દીધા હતા."

"તમે કોઈ એવો મૂરખ બ્રાહ્મણ અમારી પાસે લઈ આવો; અમે એમના મુખે વેદ બોલાવી તમારો મનોરથ પૂરો કરીશું."

ઉમરેઠમાં એક 'હરિરામ શુક્લ' નામનો એક છોકરો હતો. ઉંમર માત્ર આઠ-દશ વર્ષની હતી. છોકરો સાવ મૂઢ હતો; ઝાઝી ગતાગમ પડતી ન હતી; ભાષા પણ તોતડી હતી. કોઈ નામ પૂછે તો 'હરિરામ'ને બદલે 'હ..લિ..લા..મ' બોલતો!

બ્રાહ્મણોએ આ હરિરામને મહારાજની સામે ઊભો રાખ્યો અને કહ્યું, "આ છોકરાને મોઢે વેદ બોલાવો, તો તમે ભગવાન ખરા!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ મૂઢ બાળક પ્રત્યે કરુણાસભર નજરે જોયું અને કહ્યું, "હરિરામ! તમે તો વિપ્ર કુમાર છો, વેદ બોલો." અને એ જ સમયે અદ્ભુત ચમત્કાર થયો! ધ્રુવજીના ગાલે ભગવાન વિષ્ણુના શંખનો સ્પર્શ થતા, ધ્રુવજીના મુખેથી સરસ્વતી વહેવા લાગી હતી, એ જ રીતે મહારાજની દૃષ્ટિ પડતાં જ હરિરામના મુખેથી વેદગાન વહેવા લાગ્યું. હરિરામ સસ્વર વેદગાન કરવા લાગ્યો.

ઉમરેઠના વિદ્વાન બ્રાહ્મણો દિગ્મૂઢ થઈ ઘડીક હરિરામ સામે તો ઘડીક મહારાજ સામે જોવા લાગ્યા. ગામના લોકોની પણ સારી એવી ભીડ આ કૌતુક જોવા એકઠી થઈ ગઈ હતી.

મહારાજે બ્રાહ્મણોને કહ્યું, "બ્રાહ્મણો! તમે તો વેદના જ્ઞાતા છો. તમે આ હરિરામની પરીક્ષા કરો. તમારે ચારેય વેદમાંથી જે મંત્રો સાંભળવા હોય, તે આ હરિરામ તમને સંભળાવશે."

બ્રાહ્મણોએ હરિરામની પરીક્ષા લેવા ચારેય વેદોના વિવિધ મંત્રો બોલાવ્યા. હરિરામે તે તે મંત્રોનું સસ્વર ગાન કરી બતાવ્યું. એટલું જ નહીં, વેદગાનની કઠિન પ્રક્રિયાઓમાં જેની ગણના થાય છે એવા ઘનપાઠ, જટાપાઠ અને વિકૃતિઓ પણ ગાઈ બતાવી.

ઉમરેઠના બ્રાહ્મણોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને વંદન કર્યાં અને કહ્યું, "મહારાજ! આ હરિરામ નથી બોલતો, પરંતુ એમની જિહ્વા ઉપર રહીને આપ જ વેદગાન કરી રહ્યા છો." વિદ્વાનોની વાત સાંભળી મહારાજ માત્ર મંદ મંદ હસી રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ પ્રભાવ જોઈને ઉમરેઠના બ્રાહ્મણોને એમના ભગવાનપણાનો નિશ્ચય થયો અને તેઓ સત્સંગી થયા. જાગનાથ મંદિરની બહારના ઓટલાની આસપાસ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કરવા માટે મનુષ્યોની ભીડ જામી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સરોવરમાંથી ઘડો ભરીને જળ મંગાવ્યું. ઓટા ઉપર ઊભાં ઊભાં એમણે મનુષ્યોની ભીડ ઉપર જળ છાંટ્યું અને કહ્યું, "જેને આ છાંટો અડે તે આજથી અમારા આશ્રિત થયા. હવે તમે અમારા પંચ વ્રતોનું પાલન કરજો. તમે આ લોકમાં સુખી થશો અને અંત સમયે અમે તમને અમારા ધામમાં તેડી જશું."

આ રીતે ઉમરેઠ સત્સંગનું ધામ બન્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી હરિરામ શુક્લનું મૂઢપણું અને તોતડાપણું કાયમને માટે ગાયબ થઈ ગયું, એટલું જ નહિ, એમના વંશવારસો પણ મહાન વિદ્વાનો થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલ મંદિરના દેવોની પ્રતિષ્ઠા હરિરામ શુક્લ વગેરે ઉમરેઠના વિદ્વાન બ્રાહ્મણો પાસે કરાવી હતી.

હરિરામ શુક્લના વંશજો આજે પણ વડતાલ મંદિરના મુખ્ય પુરોહિત તરીકે સેવા બજાવે છે.

ક્રાંતિકારી શુભ શરૂઆત

સમય જતાં શ્રી દયારામભાઈ શુક્લને ત્યાં ભક્તરાજ ઇચ્છારામ શુક્લનો જન્મ થયો. ઇચ્છારામભાઈને ત્યાં એક મહામુક્તે જન્મ ધારણ કર્યો, જેમનું નામ નાથજીભાઈ શુક્લ હતું. તેઓ 'દયાળુશ્રી'ના ઉપનામથી પ્રસિદ્ધ હતા.

શ્રી નાથજીભાઈને સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીના કૃપાપાત્ર શિષ્ય સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સાથે ખૂબ જ હેત હતું અને બંને વચ્ચે ગુરુ-શિષ્ય જેવો સંબંધ હતો.

શ્રી નાથજીભાઈ સંપ્રદાયના ગણમાન્ય હરિભક્ત હતા. સંપ્રદાયના બંને દેશમાં એમનો શબ્દ કોઈ ઉથાપતું નહીં.

એક વાર વડતાલ ગાદીના આચાર્ય મહારાજ શ્રી વિહારીલાલજી મહારાજે દયાળુશ્રીને ભલામણ કરી હતી કે, 'તમે વિદ્વાન છો, માટે અંગ્રેજી ભણેલાઓને સત્સંગ કરાવો.'

એ જ રીતે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજે દયાળુશ્રીને સાક્ષાત્ દર્શન દીધાં હતાં અને ભણેલા-ગણેલા યુવાનોને આત્યંતિક કલ્યાણના માર્ગે દોરવાનો આદેશ આપ્યો હતો.

શ્રી નાથજીભાઈની વાણી અને વર્તનનો પ્રભાવ જબરો હતો. એમણે શિક્ષિતવર્ગમાં મોટે પાયે સત્સંગ કરાવ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સત્સંગના પ્રચાર-પ્રસાર માટે શ્રી નાથજીભાઈએ 'શ્રી સ્વામિનારાયણ ભગવદ્ ઉપાસક મંડળ'ની સ્થાપના કરી હતી. જે 'સત્સંગ મંડળ' તરીકે આજે પણ ઓળખાય છે. આ મંડળ દ્વારા સત્સંગની સારી એવી સેવાઓ થઈ રહી છે.

એક વાર વિ.સં. ૧૯૮૦ ના ચૈત્રી સમૈયા ઉપર ભક્તરાજ શ્રી નાથજીભાઈ વડતાલ પધાર્યા હતા. વડતાલમાં દેવદર્શન કરી દયાળુશ્રી આચાર્ય મહારાજનાં દર્શને આવ્યા. એ સમયે વડતાલ દેશના અગ્રણી સંત પુરાણી શ્રી રઘુવીરચરણદાસજી અને કેટલાંક સદ્‌ગુરુ સંતો મહારાજશ્રી પાસે બિરાજમાન હતા.

પુરાણી સ્વામી સમય-સંજોગને પારખનારા સંત હતા. એમણે શ્રી નાથજીભાઈને આગ્રહ કર્યો કે, "નાથજીભાઈ! ભણેલાં-ગણેલાં યુવાનોમાં સત્સંગના સંસ્કારોનું સિંચન થાય તે ખૂબ જરૂરી છે. તમે વિદ્વાન્ છો, ભણેલાં-ગણેલાંઓને સત્સંગ કરાવી શકો તેમ છો, માટે તમે સદ્‌વિદ્યાના કેન્દ્ર સમાન 'વિદ્યાર્થી આશ્રમ'ની પ્રવૃત્તિ શરૂ કરો."

ભક્તરાજ શ્રી નાથજીભાઈએ વિનમ્ર સ્વરે કહ્યું, "વિચાર તો મને પણ થાય છે, પરંતુ આ કાર્યમાં અનેક અવરોધો છે અને મહારાજે શિક્ષાપત્રીમાં સદ્‌વિદ્યા પ્રવર્તનની આજ્ઞા આચાર્યશ્રીને આપેલી છે, માટે આવી પ્રવૃત્તિ મુખ્ય મંદિર અથવા તો આચાર્યશ્રી

દ્વારા ગાદીસ્થાનેથી થાય એ જરૂરી છે.”

પુરાણી શ્રી રઘુવીરચરણદાસજીએ કહ્યું, “હાલના સંજોગોમાં મહારાજશ્રી કે મંદિર આ કાર્યની જવાબદારી લઈ શકે એમ નથી, માટે આ કાર્ય તમારે જ શરૂ કરવું જોઈએ.”

શ્રી નાથજીભાઈએ સૂચક નજરે શ્રી વિહારીલાલજી મહારાજની સામે જોયું. આચાર્ય મહારાજ એ દૃષ્ટિનો સંકેત સમજી ગયા અને બોલ્યા, “નાથજીભાઈ! પુરાણીની વાત સાચી છે, અમે પણ તમને આગ્રહપૂર્વક કહીએ છીએ કે તમે વિદ્યાર્થીઆશ્રમની પ્રવૃત્તિ શરૂ કરો. એમાં અમે ખૂબ જ રાજી છીએ. આ માટે હરિભક્તો જે ધનની સેવા કરે તે તમે સ્વીકારજો. અમે એને દેવસેવા જ માનીશું.”

આ રીતે વડતાલ ગાદીના આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ તેમ જ સદ્‌ગુરુ સંતોના આગ્રહથી ભક્તરાજ શ્રી નાથજીભાઈએ સદ્‌વિદ્યા પ્રવર્તનના કેન્દ્ર સમાન ‘શ્રી સત્સંગ વિદ્યાર્થી આશ્રમ’ ની સ્થાપના કરી હતી.

સંપ્રદાયના વિકાસ માટેની આ ક્રાંતિકારી શુભ શરૂઆત હતી. જેને લીધે અનેક યુવાનોના અંતરમાં સત્સંગ દૃઢ થયો હતો. પરિણામે કેટલાય વિદ્વાન સત્સંગીઓએ હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટના જજ થઈને ભારતીય ન્યાયતંત્ર તથા સત્સંગની શાન વધારી હતી.

પરમ ભક્તરાજ શ્રી નાથજીભાઈના બે મહાન શિષ્યો થયા. ભક્તરાજ શ્રી ઈશ્વરભાઈ પંડ્યા તથા મણિલાલભાઈ ભાલજા. આ બંને ભક્તોએ પણ શ્રી નાથજીભાઈનાં પગલે ચાલીને શિક્ષિત વર્ગમાં સત્સંગનો સારો એવો પ્રચાર કરીને સત્સંગનું ગૌરવ વધારેલું છે.

આજ ઈડરિયો ગઢ જીત્યા!

વિક્રમ સંવત ૧૮૭૪ની સાલ હતી. જેઠ માસ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉમરેઠથી સામરખા પધાર્યા હતા. અહીં આણંદના ભાવિક ભક્તજનો ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને આવ્યા અને મહારાજને આણંદ પધારવા વિનંતી કરી.

પરિસ્થિતિ એવી હતી કે, કેટલાક મતપંથીઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે અનેક પ્રકારે ગેરસમજો ફેલાવી લોકોનો ઉશ્કેર્યા હતા. આવા માહોલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આણંદ પધારે, તો પરિસ્થિતિ વણસે તેમ હતું.

મહારાજ આ બધું જાણતા હતા એટલે એમણે હરિભક્તોને કહ્યું, “હમણાં અમને આણંદ આવવાનો આગ્રહ ન કરો તો સારું.”

આણંદના હરિભક્તો મહારાજનો સંકેત સમજ્યા નહીં. એમણે આગ્રહ ચાલુ રાખ્યો એટલે ભક્તવત્સલ મહારાજે હા પાડી.

‘ભગવાન શ્રી સ્વામિનારાયણ આણંદ પધારી રહ્યા છે’ એ વાત વાયુવેગે નગરમાં પ્રસરી ગઈ. આ સમાચાર સાંભળીને કેટલાક તેજોદ્વેષી મતપંથી ગુરુઓ અકળાઈ

ઊઠ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણ આણંદ પધારે એ એમને ઈષ્ટ ન હતું. એમણે પોતાના રૂઢિચુસ્ત અનુયાયીઓને ઉશ્કેરવાનું શરૂ કર્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આણંદ આગમનથી આ કહેવાતા ધર્મગુરુઓને પોતાની ઈજારાશાહી તૂટી જાય એવું લાગતું હતું. તેઓએ આજ સુધી જાતજાતની કપોળકલ્પિત વાતો કરીને આણંદવાસીઓને ભરમાવ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું આગમન આ અસત્યનો ફુગ્ગો ફોડી નાખે તેમ હતું.

આ તેજોદ્વેષીઓએ કોઈ પણ ભોગે ભગવાન શ્રી સ્વામિનારાયણનું અપમાન કરી તેમને ગામ બહાર કાઢવાનો નિર્ણય કર્યો. આણંદવાસીઓને ઉશ્કેર્યા અને પરિસ્થિતિ ભારેલા અગ્નિ જેવી બનાવી દીધી.

એકબાજુ આણંદના સત્સંગીઓએ મહારાજના સ્વાગતની તૈયારીઓ કરી, બીજીબાજુ વિરોધીઓએ વિરોધની તૈયારીઓ કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્ષમાસાગર સંતો અને સિંહ સમાન શૂરવીર પાર્ષદો સાથે સામરખાથી આણંદ જવા નીકળ્યા. મહારાજ આણંદને સીમાડે પહોંચ્યા ત્યારે એમણે બધાને એકઠાં કર્યાં અને હસતાં હસતાં કહ્યું, "સંતો! પાર્ષદો! આજે આણંદમાં જુદી રીતે જ સ્વાગત થવાનું છે! ફૂલમાળાઓને બદલે ઈંટો અને પથરાઓ વરસવાના છે! ચંદનને બદલે ગારાનું લેપન થવાનું છે! મંગળ ગીતોને બદલે હોળીના ફાગથી આપણું સ્તવન થવાનું છે!

આટલું કહી મહારાજે પોતાના પાર્ષદોને સત્તાવાહી સ્વરે કહ્યું, "પાર્ષદો! આજે આપણી ધીરજ અને ક્ષમાની કસોટી થવાની છે. અમારી તમને આજ્ઞા છે, કોઈએ ઉતાવળુ થવાનું નથી; હથિયારો ઉઠાવવાનાં નથી. જો તમે હથિયારો ઉઠાવશો તો ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશો." ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પાર્ષદોને વચનની આણ્યમાં બાંધી લીધા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આણંદમાં પ્રવેશ કર્યો. શહેરમાં ખરેખર પરિસ્થિતિ વણસેલી હતી. મતપંથીઓએ ઉશ્કેરેલા લોકોના ટોળાઓ ભગવાન શ્રી સ્વામિનારાયણનો હુરિયો બોલાવી ગાળ્યો દેવા લાગ્યા, ધૂળ-ઢેખાળાં અને ગોબર ફેંકવાં લાગ્યાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મુખારવિંદ ઉપર આની કોઈ અસર વર્તાતી નહોતી. આટલાં આટલાં અપમાન વચ્ચે પણ એમનાં મુખ ઉપર હિમાલય જેવી શાંતિ રમી રહી હતી. એમને આ અજ્ઞાની જીવો ઉપર દયા આવતી હતી.

મુક્તાનંદસ્વામી જેવા ક્ષમાસાગર સંતો ઉપર પણ આ ઘોર અપમાનની અસર વર્તાતી ન હતી. તેઓ પોતાની આગવી મસ્તીથી કીર્તનગાન કરી રહ્યા હતા, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાર્ષદોની વાત જુદી હતી. પોતાના પ્રાણપ્રિય ઈષ્ટદેવ ઉપર આ રીતે ગાળ્યો અને ગાર્ય માટીનો વરસાદ વરસતો જોઈ શૂરવીર ક્ષત્રિયોથી

સહન ન થયું. એમણે વીજળીના ઝબકારાની જેમ ઝબોઝબ પોતાની તલવારો મ્યાનમાંથી બહાર કાઢી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બધા ઉપર વેધક નજર ફેરવી અને સત્તાવાહી સ્વરે હાકલ કરી, "ખબરદાર! અમારી આજ્ઞા લોપી છે તો, હથિયારો મ્યાન કરો." મંત્રથી રૂંધાયેલા સર્પની જેમ બધા સમસમી રહ્યા.

પાર્ષદોનું વિફરેલું રૂપ જોઈ અનાડી લોકોના ટોળાં આઘાં-પાછાં થવાં લાગ્યાં અને દૂર ઊભાં રહી ગારો અને ગોબર ફેંકવા લાગ્યાં.

કોઈ અજુગતું ન કરી બેસે, એવા આશયથી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પાર્ષદો તરફ નજર ફેરવી. એવામાં એમની નજર જોબનપગી ઉપર પડી.

જોબનપગી પોતાનાં તીર-કામઠાં સાથે ધીમે ધીમે પાછળ સરકી રહ્યા હતા. 'મહારાજ આણંદ બહાર નીકળી જાય પછી આ આણંદને ભરી પીવાનો' એમનો આશય હતો. મહારાજ એનો આશય સમજી ગયા. મહારાજે એકદમ જોબનભાયાની પાસે જઈ એનો હાથ પકડી પોતાની સાથે લઈ લીધા.

ભોળાનાથની જેમ આ ભયંકર અપમાનરૂપી વિષનું હસતે મોંઢે પાન કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો અને પાર્ષદોની સાથે આણંદની બજારમાંથી પસાર થઈ ગયા. પોતાના ઈષ્ટદેવના અપમાનથી આણંદના સત્સંગીઓને ભારે સંતાપ થયો, પણ પરિસ્થિતિ એમની કાબૂ બહારની હતી.

આ બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણ નગરથી થોડે દૂર પધાર્યા. એક નાનકડું સુંદર સરોવર આવ્યું. સરોવરને કિનારે ઘટાદાર વૃક્ષોની છાયા હતી.

મહારાજ સરોવરના કિનારે ઊભા રહ્યા અને પોતાના પાર્ષદો ઉપર પ્રેમભરી નજર કરી. પાર્ષદોનાં શરીર ક્રોધથી તાંબાવરણાં બન્યાં હતાં, આંખ્યોમાંથી અંગારા વરસી રહ્યા હતા, 'કોઈ કાંઈ ન કરી શક્યા' એની લજ્જાના ભારથી નેણ નીચાં ઢળેલાં હતાં. જિંદગીમાં આ રીતે અપમાન સહન કરવાની તેમની આદત ન હતી.

એમાંય જોબન વડતાલાની તો વાત જ જુદી હતી. એની કાયામાં કોપનો કંપ હજુ પણ શમ્યો નો'તો. એક સમયે આ જ આણંદને એણે ત્રણવાર લૂંટ્યું હતું, પરંતુ આજે ઈષ્ટદેવની આજ્ઞાથી બંધાયેલા હોવાથી તેઓ કાંઈ કરી શક્યા નો'તા!

મહારાજે ગોબર અને ગારાથી ખરડાયેલાં વસ્ત્રોવાળાં પોતાના સંતો-પાર્ષદોને જોઈ મંદ મંદ હસ્યા અને બોલ્યા, "ભક્તો! આ આણંદના લોકોએ આજે આપણી અનોખા ચંદનથી પૂજા કરી છે. હવે આ સરોવરમાં સ્નાન કરી એ ચંદનને ધોઈ નાખો."

આવી વિષમ પરિસ્થિતિમાં પણ સુરા ખાચર પોતાના હાસ્યરસને રોકી ના શક્યા. એમણે કહ્યું, "મહારાજ! આ ચંદન તો ભારે નોખી ભાત્યનું છે. ચંદનમાં આવી માથું ફાડી નાખે એવી ગંધ હોય એની તો આજ ખબર પડી!"

સુરા ખાચરના વેણે વાતાવરણ સહેજ હળવું થયું. મહારાજ સહિત સર્વેએ સરોવરમાં સ્નાન કર્યું. સરોવરના કિનારે એક ઘટાદાર વૃક્ષની નીચે મહારાજ વિરાજમાન થયા. એમણે સર્વ ઉપર પોતાની અમીભરી નજર ફેરવી. એ શીતળ શાંત નજર સર્વના સંતાપને હરનારી અને હૈયાને શાંત કરનારી હતી.

એટલામાં કોઈ ભાવિક ભક્ત કેરીનો ટોપલો લઈને આવ્યા. મહારાજે પોતાના હાથે બધા જ સંત-પાર્ષદોને બબ્બે કેરીઓ આપી. પછી મુક્તાનંદસ્વામી સામે જોઈને બોલ્યા, "સ્વામી! આજે તો આપણે ઈડરિયો ગઢ જીત્યા છીએ. આજે આમ્રોત્સવ કરીને આપણે વિજયોત્સવ મનાવવાનો છે."

મહારાજ અને સંતો તો પ્રેમથી કેરી જમવા લાગ્યા, પરંતુ પાર્ષદોના હાથમાં કેરી જેમની તેમ હતી. તેમના કોઈના અંતરમાં આમ્રોત્સવનો ઉત્સાહ ન હતો.

પાર્ષદોમાંથી કોઈ બોલ્યું, "મહારાજ! આ તે કેવો ઈડરિયો ગઢ જીત્યા? આજે તો અમારે મરવા જેવું થયું. અમારા ઈષ્ટદેવનું અપમાન અમારે નજરે જોવું પડ્યું. આજે તો અમારે ખોખરા-મહેમદાવાદવાળી કરવી હતી."

મહારાજે હસીને કહ્યું, "ભક્તો! અમે તો સાધુ ધર્મને આશર્યા છીએ. સાધુને વળી માન-અપમાન કેવાં!"

"પાર્ષદો! અમે તમને રોજ જ્ઞાનવાર્તા કરીએ છીએ કે, બહારના શત્રુઓ કરતાંય મનુષ્યના અંતરના શત્રુ મોટા છે. મનુષ્યના સાચા શત્રુઓ તો મનમાં રહેલા કામ, ક્રોધ, લોભ વગેરે આસુરી વૃત્તિઓ છે. મોટા મોટા ઋષિઓ પણ એની પાસે હારી ગયા છે."

"આજે આપણે ધીરજરૂપી ઢાલ અને ક્ષમારૂપી શસ્ત્રથી આપણા ક્રોધ જેવા અંતઃશત્રુ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે, એટલે જ અમે કહીએ છીએ કે, આજે તો આપણે ઈડરિયો ગઢ જીત્યા છીએ!"

"પાર્ષદો! એક બીજી વાત સાંભળો. આણંદની વાતમાં અને ખોખરા-મહેમદાવાદની વાતમાં ફરક છે. આણંદમાં જે લોકો આપણને ગાળ્યો દઈને ગોબર ફેંકતા હતા એ તો બિચારા નિર્દોષ હતા. ખરા ગુનેગાર તો પડદા પાછળ રહીને દોરીસંચાર કરનારાઓ હતા. તમે જો ઉતાવળા થઈને કોઈને માર્યા હોત, તો એ તો પાડાને વાંકે પખાલીને ડામ દેવા જેવું થાત! આવા ટોળાંઓ તો ગાડરિયા પ્રવાહ જેવા હોય છે એને તો જેમ કોઈ દોરે એમ દોરાય, માટે આવે સમયે તો આપણે ધીરજ જ રાખવી જોઈએ."

આ રીતે મહારાજે ધીરે ધીરે હળવી વાતો કરીને સર્વનાં હૈયાં શાંત કર્યાં.

આ બાજુ આણંદમાં કેટલાક આગેવાન શાણા માણસોને જે થયું તે ગમ્યું નહોતું. મતપંથી ગુરુઓની અવળાઈ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની ધીરજ અને ક્ષમા એમણે નજરે નીહાળ્યા હતા. મતપંથી ગુરુઓના છાના ભ્રષ્ટાચારો અને સ્વાર્થવૃત્તિથી તેઓ પરિચિત હતા.

આ સજ્જન માણસોએ શેહશરમ છોડી મતપંથી ગુરુઓને કહ્યું, "તમે જે કરી રહ્યા છો, તે ધર્મની વિરુદ્ધ છે. તમારા સ્વાર્થને પોષવા માટે તમે નિર્દોષ માણસોને ઢાલ બનાવી રહ્યા છો. "

મતપંથી ધર્મગુરુઓ આ આગેવાનોનો અનાદર કરી શકે તેમ ન હતા, કારણ કે આ લોકો દ્વારા તો એમની આજીવિકા ચાલતી હતી એટલે એમણે ભારે લુચ્ચાઈ સાથે હા એ હા કરીને આગેવાનોની વાત એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખી. આ ધર્મગુરુઓમાં પરિવર્તનની સંભાવના મરી પરવારી હતી.

બીજીબાજુ આ આગેવાનોએ તોફાની ટોળાઓના મોવડીઓને બોલાવી ભારે ઠપકો આપ્યો. આવેગના ઉભરા શાંત થતા આમજનતાને પોતાની ભૂલ સમજાણી, તેઓ ભારે પસ્તાયા.

મતપંથી ગુરુઓની અવળાઈ ઉઘાડી થવાથી એમનો પ્રભાવ ઓસરવા લાગ્યો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે સદ્‌ભાવ વધવા લાગ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે દાખવેલી ક્ષમાના પરિણામે આખરે આણંદનો ઈડરિયો ગઢ જીતાઈ ગયો! જે આણંદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઘોર અપમાન થયું હતું, એ જ આણંદ સ્વામિનારાયણ સંપ્રદાયનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવનો કોઠાર ગણાયું.

હાથી-ઘોડા મારું ખેતર ખૂંદી નાખશે!

મધ્ય ગુજરાતનો, વડોદરાથી ચાણોદ-કરનાળી તરફનો, નર્મદાને કિનારે વિસ્તરેલો પ્રદેશ કાનમ તરીકે પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના પરમહંસો આ પ્રદેશમાં ખૂબ જ વિચર્યા હતા. પરિણામે કાનમના મંડાળા, પારીખા, કંડારી, ભદામ, આમોદ, બુવા, ડભોઈ વગેરે ગામોમાં સત્સંગના મૂળ મજબૂત થયાં હતાં. કાનમના સત્સંગીઓ દૃઢ શ્રદ્ધાવાન અને સેવાભાવી તરીકે પ્રખ્યાત છે.

આ કાનમ પ્રદેશમાં કેલોદ નામના ગામે એકે પાક દિલના મુસલમાન રહેતા હતા. એમનું નામ શેખ વલીભાઈ હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો કાનમ પ્રદેશમાં વિચરણ કરતાં કરતાં કેલોદ પધાર્યા હતા. સંતોના પવિત્ર જીવન જોઈને વલીભાઈના અંતરમાં ભારે ગુણ આવ્યો હતો.

પવિત્ર સંતોના જોગથી વલીભાઈએ ભગવાન શ્રી સ્વામિનારાયણની કંઠી બાંધી હતી, પંચ વર્તમાન ધાર્યા હતા અને નિર્વ્યસની સદાચારી જીવન જીવતા થયા હતા.

વલીભાઈ સત્સંગી થયા એને લીધે મુસ્લિમ બિરાદરોમાં ભારે ઊહાપોહ થયો હતો. નાતીલાઓએ સત્સંગ છોડાવવા માટે ભારે ધમપછાડા કર્યા હતા, પરંતુ અનેક

ઉપાધિઓ વચ્ચે પણ વલીભાઈ અડગ રહ્યા હતા.

મુસ્લિમોએ એમને ચાર વર્ષ નાતબહાર રાખ્યા, પરંતુ વલીભાઈની સજ્જનતાએ શત્રુઓને પણ મિત્ર બનાવી દીધા. આખરે નાતે એમને નાતમાં પાછા લઈ લીધા.

વલીભાઈ નિયમિત સંતોનો સત્સંગ કરતા હતા, સાત્ત્વિક જીવન જીવતા હતા. એમનો મોટા ભાગનો સમય મહારાજની બંદગીમાં વીતતો હતો; તેઓ એકાંતિક ભક્તની સ્થિતિને પામ્યા હતા.

ધીમે ધીમે સમય પસાર થતો રહ્યો. એમનો અંત સમય નજીક આવ્યો ત્યારે એક અલૌકિક ઘટના બની. ભગવાન શ્રી સ્વામિનારાયણ દિવ્ય વેલ્ય, દિવ્ય રથ, દિવ્ય ઘોડા, દિવ્ય બળદ અને દિવ્ય અક્ષરમુક્તો સાથે એમને તેડવાં આવ્યાં.

કેલોદ ગામના પાદરમાં કોઈનું ખેતર હતું; ખેતરમાં લીલો રજકો ઊભો હતો; ખેડૂત ખેતરનું રખોપું કરતો હતો. એણે ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ બધો રસાલો પોતાના ખેતરમાં ઊતરતો ભાળ્યો.

એણે સાદ કરીને કહ્યું કે, “એ સ્વામિનારાયણ! આ તમારા હાથી, ઘોડા, બળદ મારા ખેતરને ખૂંદી નાખશે! રજકો ખાઈ જશે, માટે આ બધું ખેતરથી બહાર રાખો.”

ભગવાન શ્રી સ્વામિનારાયણે હસતાં હસતાં કહ્યું, “ચિંતા કરીશ નહિ, આ અમારા હાથી-ઘોડા અક્ષરધામના છે, એ તારો રજકો ખાય એવા નથી! એનો ખોરાક તને સમજાય નહિ એવો છે. અમે અમારા ભક્ત વલીભાઈને અક્ષરધામમાં તેડવા આવ્યા છીએ, થોડી વારમાં અમે નીકળી જશું.”

ભક્તચિંતામણિમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી આ પ્રસંગનું રોચક વર્ણન કરતાં લખે છે....

આવી વાડીમાં ઊતર્યા નાથ, બહુ સખા છે પોતાને સાથ ।
દીઠું વાડીવાળે તે પ્રસિદ્ધ, રથ વેલ્ય, વિમાન બહુવિદ્ધ ॥૨૧॥

ઘણાં ઘોડા બળદ અપાર, બોલ્યો રખવાળો તેહ વાર ।
મારી ખેતી આ જાશે ખવાઈ, અમારે છે આટલી જીવાઈ ॥૨૨॥

ત્યારે બોલીયા દીનદયાળ, ચિંતા મ કર તું રખવાળ ।
આ બળદને ઘોડાં અમારાં, તારી ખેતીના નહિ ખાનારાં ॥૨૩॥

અમે આવ્યા છીએ આંહી આજ, વલીભાઈને તેડવા કાજ ॥૨૪॥

(ભ.ચિં.પ્ર–૧૫૧)

આ રીતે પ્રૌઢ પ્રતાપ જણાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણ વલીભાઈને અક્ષરધામમાં તેડી ગયા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી આગળ લખે છે...

દીઠા સત્સંગી કુસંગી સહુએ, માન્યું આશ્ચર્ય મનમાં બહુએ |
કહે ધન્ય ધન્ય સત્સંગ, જીતી ગયા વલીભાઈ જંગ ||૨૭||
(ભ.ચિં.પ્ર–૧૫૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ભક્તજનોને અંતસમયે ધામમાં તેડી જવાનું વરદાન આપેલું છે. આજ સુધી એમણે એ વરદાન સત્ય કર્યું છે, જેના સેંકડો પ્રસંગો ઉપલબ્ધ છે.

વિશ્વામિત્રીના વાઘરીનો ઉદ્ધાર

વિક્રમ સંવત ૧૮૮૨, પોષ વદી સાતમનો દિવસ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલમાં વિરાજમાન હતા. શોભારામ શાસ્ત્રી, વૈદ્યરાજ રામચંદ્ર વાઘમોડિયા, નારુપંત નાના અને ચીમનરાવજી વગેરે વડોદરાના સુપ્રતિષ્ઠિત ભક્તજનો મહારાજની સન્મુખ બેઠા હતા.

શોભારામ શાસ્ત્રી વડોદરાના શ્રેષ્ઠ વિદ્વાન હતા અને શ્રીમંત સયાજીરાવ સરકારના રાજપુરોહિત હતા. વાઘમોડિયા રામચંદ્રજી વડોદરાના સુપ્રસિદ્ધ રાજવૈદ્ય હતા. નારુપંત નાના ગાયકવાડના ખાનગી દીવાન હતા. ચીમનરાવજી ગાયકવાડ સરકારના આગેવાન રાજપુરુષ હતા.

એ સમયે વડોદરાનો એક વાઘરી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને આવ્યો. મહારાજના દર્શન કરતાં જ એને સમાધિ લાગી ગઈ.

વડોદરાવાસી ભક્તજનો આ વાઘરીને ઓળખતા હતા. આ વાઘરી અતિ પતિત જીવ હતો. મૂળ તો એ બ્રાહ્મણ હતો, પરણેલો હતો, ઘરમાં સદ્‌ગુણી સ્ત્રી હતી.

એવામાં એક વાર એવું બન્યું, એક યુવાન વાઘરણ બાઈ રોજ દાતણ વેચવા માટે આવતી. બાઈ ખૂબ રૂપાળી હતી; કર્મસંજોગે નાની ઉંમરે વિધવા થઈ હતી.

બ્રાહ્મણ આ વાઘરણનું રૂપ જોઈને મોહાંધ બન્યો. વાઘરણને પણ આ બ્રાહ્મણ મનમાં વસ્યો. બ્રાહ્મણ અને વાઘરણ વચ્ચે અનૈતિક સંબંધો વિકસ્યા, બ્રાહ્મણ ધર્મભ્રષ્ટ થયો. પરણેલી સ્ત્રીને પડતી મેલીને એ વાઘરણની પાછળ ભમવા માંડ્યો.

બ્રાહ્મણોની નાત્યમાં આ વાતની ખબર પડી. નાત્યના આગેવાનોએ એને ખૂબ સમજાવ્યો, પણ મોહાંધ બ્રાહ્મણ માન્યો નહીં એટલે એને નાત્ય બા'ર કરવામાં આવ્યો.

મોહાંધ બ્રાહ્મણ વાઘરણ બાઈની સાથે વડોદરાથી થોડે દૂર વિશ્વામિત્રી નદીને કિનારે નાનકડો કૂબો બાંધીને રહેવા લાગ્યો. એના સંધ્યાવંદન છૂટી ગયા, આહાર-વિહારનું કાંઈ ઠેકાણું રહ્યું નહીં. આ પતિત જીવ શાસ્ત્રોનો સ્વાધ્યાય છોડીને બજરના અર્થાત્ તમાકુના વાડા વાવતો થયો અને માછલાં મારીને પેટ ભરતો થયો.

ભાગવતજીના અજામિલમાં અને આ બ્રાહ્મણમાં કોઈ ફરક રહ્યો ન હતો. આવા

પતિત જીવને સમાધિ થયેલી જોઈને સૌને ભારે આશ્ચર્ય થયું.

વાઘમોડિયા રામચંદ્રજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન કર્યો, “મહારાજ! સુપાત્ર જીવને સમાધિ થાય એ તો સમજી શકાય છે, પરંતુ આવા કુપાત્ર જીવને સમાધિ થાય તે સમજમાં નથી આવતું.”

ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, “વૈદ્યરાજ! તમે આ પતિત જીવનો આગળનો ઇતિહાસ જાણો છો, પણ એનો પાછલો ઇતિહાસ જાણતા નથી.” આટલું કહી મહારાજે વાઘરીનો પાછલો ઇતિહાસ કહ્યો.

એક સમયની વાત છે. શિયાળાની ઋતુ હતી; મહા મહિનાનો સમય હતો; ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો વડોદરા પાસેની વિશ્વામિત્રી નદીને કિનારે વિચરી રહ્યા હતા. એવામાં માવઠાનો મેહ વરસ્યો. આભને ઓથે ફરનારા સંતો વરસાદથી પલળવા લાગ્યા અને ટાઢ્યથી ધ્રૂજવા લાગ્યા. એક ઘેઘૂર વૃક્ષના થડ પાસે સંતોએ બેઠક લીધી. એવામાં એક વૃદ્ધ સંત અતિ ઠંડીને લીધે અચેતન થઈ ગયા.

થોડે દૂર આ વાઘરીનો કૂબો હતો. એણે દૂરથી આ દૃશ્ય જોયું. એ એકદમ દોડતો આવ્યો અને આગ્રહ કરી સંતોને કૂબામાં લઈ ગયો. સુકાયેલા કરગઠિયાનો તાપ કરી પેલા અચેતન સંતને તપાડ્યા. સંતના શરીરમાં ચેતના આવી.

વાઘરીની સમયસરની આ સેવાથી સંતો ખૂબ જ રાજી થયા. વાઘરીના અંતરમાં પણ આ સંતદર્શનથી અતિ આનંદ થયો એના જૂના સંસ્કારો જાગી ઊઠ્યા. આજ વર્ષો પછી સંત સેવાનો અવસર મળ્યો એટલે વાઘરી પોતાની જાતને ધન્યભાગી માનવા માંડ્યો.

સાધુઓએ વાઘરીને પરિચય પૂછ્યો. વાઘરી બોલ્યો, “મા’રાજ! આ પાપિયાનો પરિચય સાંભળવા જેવો નથી. બાપા! હું તો અજામિલ જેવો મહાપાપી છું.”

આટલું કહી એણે ખુલ્લા દિલે પોતાનો બધો ઇતિહાસ કહ્યો. સાધુઓએ કહ્યું, “ભાઈ! ભૂલ તો બધાથી થાય, માણસમાત્ર ભૂલને પાત્ર. થયેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરી ભૂલ સુધારી લ્યે, એ જ માણસ કહેવાય. અજામિલનો ઉદ્ધાર પણ થયો જ હતો ને!”

વાઘરી હાથ જોડીને બોલ્યો, “મહારાજ! આપ જ મારો ઉદ્ધાર કરો.”

સંતો બોલ્યા, “આજે બોલતાં-ચાલતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ થયા છે. અનેક પતિતોને પાવન કરે છે, અધમનો ઉદ્ધાર કરે છે. તમે એનું શરણું સ્વીકારો, એ તમારા બધા જ ગુના માફ કરશે.”

આજ સુધી આ બ્રાહ્મણે નાત્યના અને ગામના તિરસ્કારો જ સહન કર્યા હતા. એને કોઈના હૈયાની હૂંફ કે લાગણી મળ્યા નહોતા. સાધુઓના પ્રેમ અને કરુણાથી આ પતિત પણ સંતપ્ત જીવને શાતા વળી.

સાધુઓએ વાઘરીને મનુષ્યદેહનો મહિમા સમજાવ્યો; પાપને રસ્તેથી પાછા વળવાનો અને પુણ્યનો માર્ગે આગળ વધવાનો પ્રબોધ કર્યો.

પવિત્ર સંતોના પ્રેમભરેલાં વચનો વાઘરીના અંતરની આરપાર ઊતરી ગયાં. આખી જિંદગીના પાપનો બોજ એના હૃદયમાં ધરબાયેલો હતો એ આ સાધુઓના વેણે વેણે ઓગળવા લાગ્યો. એની આંખમાંથી પશ્ચાતાપના આંસુડાં વહેવાં લાગ્યાં.

એણે હાથ જોડીને પૂછ્યું, "સંતો! ખરેખર ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા જેવા પાપિયાનો ઉદ્ધાર કરશે?"

સંતોએ કહ્યું, "ભગવાન શ્રી સ્વામિનારાયણ કરુણાનો સાગર છે. એણે તારા જેવા સેંકડો પાપી જીવોને તારી દીધા છે, માટે અવશ્ય તારો પણ ઉદ્ધાર કરશે."

"તું વડતાલ આવજે, અમને મળજે. અમારા ગુરુ બ્રહ્માનંદસ્વામી વડતાલમાં મોટું મંદિર બંધાવી રહ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર વડતાલ પધારે છે. અમે તને એ બેયનાં દર્શન કરાવીશું અને તારું જીવન ધન્ય થઈ જશે."

આમને આમ ઘણીવાર સુધી સત્સંગ ચાલતો રહ્યો. પેલી વાઘરણ બાઈ કૂબાની બહાર દૂર ઊભી ઊભી આ બધો સંવાદ સાંભળી રહી હતી. એનું મન પણ ધન્યતા અનુભવી રહ્યું હતું. એણે હાથ જોડીને કહ્યું, "મા'રાજ! એની હાર્યે મનેય ગણી લેજો. સ્વામિનારાયણ બાપાને કહેજો કે એની હાર્યે આ અભાગણીનો પણ ઉદ્ધાર કરે."

પ્રભાતનો ઉજાસ પથરાય અને ઘોર અંધારી રાત દૂર થાય, એ જ રીતે આ દેવીપૂજક દંપતીના અંતરનાં અંધારાં ઉલેચાઈ ગયાં. શ્રદ્ધા અને વિશ્વાસની જ્યોતિ પ્રગટી ગઈ.

ધીરે ધીરે વરસાદી વાતવારણ હળવું થયું હતું. સૂરજનો તાપ ધરતીને હૂંફાળી બનાવી રહ્યો હતો. પાપનાં ભારથી હળવાં બનેલાં વાઘરી દંપતીના હૈયાં પણ હળવાશ અનુભવી રહ્યાં હતાં.

સંતોએ વાઘરીના કૂબેથી વિદાય લીધી, પણ જતાં જતાં બેય જીવને તારતાં ગયાં.

કુપાત્ર જીવને સમાધિ કેમ થાય?

થોડા દિવસ પસાર થયા. સંતોના વચનોને યાદ રાખી વાઘરી વડતાલ આવ્યો. યોગાનુયોગ એ જ પરિચિત સંતોને મળ્યો.

સંતોએ ભારે હેતથી મીઠો આવકારો દીધો અને કહ્યું, "તું ભારે ભાગ્યશાળી છો. ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલમાં જ બિરાજે છે. હાલ્ય, અમે તને એનાં દર્શન કરાવીએ." સંતોએ વાઘરીને સાથે લીધો. વડતાલ મંદિરનું કામ ચાલી રહ્યું હતું. ચણતર માટેનો ચૂનો પીસાઈ રહ્યો હતો અને સ્વયં સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી ચૂનો પીસવાનો એકો હાંકી રહ્યા હતા. સ્વામીનું શરીર ચૂનાથી શ્વેતવર્ણું બનેલું હતું.

સંતોએ વાઘરીને સ્વામીની ઓળખાણ કરાવી. વાઘરીને સ્વામીનો ભારે ગુણ આવ્યો. એના મનમાં થયું, "ઓ હો હો! આવા મોટા મંદિરના મહંત આવી નીચી ટેલચાકરી કરે છે!"

વાઘરી સ્વામીને પગે લાગ્યો. સ્વામીએ એના માથા ઉપર હાથ મેલી આશીર્વાદ આપ્યા. પછી સંતો એને મહારાજ પાસે લઈ ગયા. મહારાજનાં દર્શન કરતાં જ વાઘરી 'અહો અહો' કરવા લાગ્યો અને ધૂળમાં આળોટતાં આળોટતાં મહારાજનાં ચરણ પકડી હાથ જોડી બોલ્યો, "મહારાજ! મારો ઉદ્ધાર કરો, મેં બહુ જ પાપ કર્યાં છે."

મહારાજે મંદ મંદ હસીને વાઘરી ઉપર કરુણાભરી નજર કરી. એ પાવનકારી નજરોએ આ પતિતનાં પાપમાત્ર હરી લીધાં. બે હાથ જોડી અશ્રુભીની આંખે વાઘરી મહારાજનાં દર્શન કરવા લાગ્યો. એ જ સમયે એને લક્ષ્ય થઈ ગયો. એના મનની વૃત્તિ મહારાજની મૂર્તિમાં ખેંચાઈ ગઈ અને સમાધિ થઈ ગઈ.

મહારાજના મુખેથી દેવીપૂજકના પાછલા પ્રસંગને જાણીને બધાને ખૂબ જ આશ્ચર્ય થઈ રહ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, "વૈદ્યરાજ! સાંભળો. ગમે તેવા વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હોય, ગમે તેવો પાપી હોય, પણ જો તે ભગવાન કે સત્પુરુષનો આશરો કરે તો એ જ ક્ષણે અતિ પવિત્ર થઈ જાય છે ને એને સમાધિ થઈ જાય છે."

"વૈદ્યરાજ! બીજી વાત એ પણ જાણવા જેવી છે, કે વર્ણાશ્રના ધર્મ પાળીને ગમે તેવો ધર્મવાળો જણાતો હોય પણ જો એ સત્પુરુષનો દ્રોહી હોય, તો એ મહાપાપી છે. એના હૃદયમાં કોઈ કાળે ભગવાનનાં દર્શન થતાં નથી."

"માટે જગતના વિમુખ જીવ જેને પાપી જાણે છે તે પાપી નથી અને ધર્મી જાણે છે તે ધર્મી નથી." (વચનામૃત વડતાલ – ૧૪નો સાર)

ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં આ જ વાત કરી છે,

'अपिचेत् सुदुराचारो भजते मामनन्यभाक्' (भगवद् गीता, अ–९, श्लोक–३०)

'ગમે તેવા દુરાચાર કર્યા હોય, પરંતુ જો એ જીવ અનન્ય ભાવે મારે શરણે આવે તો એ જ ઘડીએ એ સાધુ જેવો જ પવિત્ર થઈ જાય છે.'

પેલો વાઘરી સમાધિમાંથી જાગ્યો, સમાધિની દિવ્ય અનુભૂતિનો આનંદ એના રોમે રોમમાં રમતો હતો. એણે મહારાજને હાથ જોડીને કહ્યું, "મા'રાજ! મારો ઉદ્ધાર કરો."

મહારાજે અભય વચન આપતા કહ્યું, "તારો અને તારી ઘરવાળીનો બેયનો આજથી ઉદ્ધાર થયો. તમે બેય જણ હવેથી નવાં પાપ કરતાં નહીં. અમારા પાંચ વ્રતનું પાલન કરજો. અમે અંત સમયે તમને બેયને અમારાં ધામમાં તેડી જઈશું." મહારાજનું અભય વચન સાંભળી બ્રાહ્મણ ધન્ય ધન્ય થઈ ગયો.

આ દેવીપૂજક દંપતી ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થયું, પતિત મટીને પવિત્ર થયું. એણે પાપના ધંધા છોડી દીધા, માછલાં પકડવાનું માંડી વાળ્યું, બજર વાવવાનું બંધ કર્યું, શાક-બકાલું વાવીને જીવનનિર્વાહ કરવાં લાગ્યાં. બંને જણ આજીવન

સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરતાં રહ્યાં અને ભવસાગર તરી ગયાં!

આ પ્રસંગના સાક્ષી શોભારામ શાસ્ત્રીએ ભગવાન શ્રી સ્વામિનારાયણને કહ્યું, "મહારાજ! આપ જો કોઈ મોટા માણસને આવો ચમત્કાર જણાવો, તો સત્સંગમાં ઘણો સમાસ થાય."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "શોભારામ! મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહીં. શા માટે જે, એને રાજ્યનો અને ધનનો મદ હોય અને અમારે ત્યાગનો અને ભક્તિનો મદ હોય. માટે કોઈ કેને નમી દે એવું કામ નથી અને કોઈ મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કાંઈક ગામ-ગરાસ આપે, તેની અમારા હૃદયમાં લાલચ નથી, કારણ કે અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ એમાં જેવું સુખ છે, તેવું ચૌદ લોકના રાજ્યને વિશે પણ નથી." (વચનામૃત વડતાલ-૧૬)

આ વચનામૃત એ વાતનું પ્રમાણ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્યનો વરસાદ માત્ર કરુણા કે અંતરની મોજથી વરસતો હતો. કોઈ સ્વાર્થ કે માન-મોટાઈ મેળવવા માટે નહીં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દીનબંધુ, દયાસિંધુ, પતિતપાવક અને અધમ ઉદ્ધારક હતા. એમણે પોતાને શરણે આવેલા વિશ્વામિત્રીના વાઘરી જેવા અનેક પતિત અને અધમ જીવોને પાવન કર્યા હતા અને એમને ભવસાગર પાર ઉતાર્યા હતા. ન માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરંતુ એમના પાવનકારી પરમહંસોએ પણ પોતાના પ્રસંગથી હજારો પાપી જીવોને પુણ્યશાળી બનાવી દીધા હતા.

કાઠી, કોળી, કણબી, સઈ, સુથાર, વાણંદ, વાઘરી, મોચી, હરિજન, ભંગી વગેરે કોમોમાંથી હજારો લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. કેટલાય મુસલમાનોએ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કર્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કર્યા પછી આ બધી જ કોમો બ્રાહ્મણો જેવા ઉજળા આચાર પાળનારી બની હતી.

ભાગવતજીના દ્વિતીય સ્કન્ધમાં શુકદેવજી મહારાજે **'प्रभविष्णवे नमः'** (ભાગવત–૨–૪–૧૮)કહીને ભવિષ્યમાં પ્રગટ થનારા ભગવાનને વંદના કરી છે. શુકદેવજી કહે છે, "એ ભગવાન કેવા હશે? તો એમના આશ્રયથી તો ઠીક એમના પરમહંસોનો પણ આશ્રય કરવાથી પાપીમાં પાપી જીવો પવિત્ર બનશે; ઊતરતામાં ઊતરતા લોકોનો ઉદ્ધાર થશે; આ ઊતરતી કોમોના આચાર વિચાર ઉત્તમ વર્ણ જેવા ઉજ્જ્વળ બનશે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે જાણે આ ભવિષ્યવાણી સત્ય કરી હતી.

ધરમપુરના રાજમાતા કુશળકુંવરબાનું નિમંત્રણ

વિક્રમ સંવત ૧૮૭૨ની સાલનો આરંભ થઈ રહ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા એ સમયે દક્ષિણ ગુજરાતને સીમાડે આવેલા, વનવાસી વિસ્તારના, ધરમપુર રાજ્યના રાજમાતા કુશળકુંવરબાઈએ રાજ્યના સંદેશવાહક દ્વારા મહારાજને ધરમપુર પધારવા આગ્રહભરી વિનંતી કરી હતી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધરમપુરના રાજમાતા કુશળકુંવરબાનું નામ ભારે આદરથી લેવાય છે. રાજમાતા કુશળકુંવરબાના પૂર્વભવનો ઈતિહાસ અદ્ભુત છે. ગુજરાતમાં અમદાવાદની બાજુમાં પ્રસિદ્ધ પુરાતની અડાલજની વાવ આવેલી છે. સાત માળની આ ભવ્ય વાવનું બાંધકામ વાઘેલા મહારાણી રૂડાબાઈએ કરાવેલું છે.

રૂડાબાઈનું મૂળ નામ લાલબા હતું, પરંતુ પરોપકારના બહુ રૂડાં કામ કરતાં, તેથી તેઓ લોકમાં રૂડાબાઈના નામે ઓળખાતા હતા.

રૂડાબાઈની ભાવના હતી કે, 'એક તો આ વાવના પાણીથી જીવ-પ્રાણીમાત્ર સુખી થાય અને બીજું આ વાવમાં કોઈ મહાન સત્પુરુષો સ્નાન કરે, તો મારા જીવનું કલ્યાણ થાય.' ભગવાન શ્રી સ્વામિનારાયણે સંત-પાર્ષદો સાથે આ વાવમાં સ્નાન કરી રૂડાબાઈના આત્માના કલ્યાણનો સંકલ્પ કર્યો હતો.

બરાબર આ જ અરસામાં મહારાણી રૂડાબાઈનો આત્મા કુશળકુંવરબા રૂપે જન્મ ધારણ કરી ચૂક્યો હતો.

કુશળકુંવરબાનો જન્મ પેટલાદ પાસે ધર્મજ ગામે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ કેસરીસિંહ હતું. કેસરીસિંહ મહીડા રાજપૂત હતા. કુશળકુંવરબાના ભાઈનું નામ ઉમેદસિંહ હતું.

કુશળકુંવરબાના લગ્ન ધરમપુરના મહારાજા સોમદેવ સાથે કરવામાં આવ્યા હતા. સોમદેવ સૂર્યવંશી સિસોદિયા ક્ષત્રિય હતા.

એ જમાનામાં ધરમપુરની ગણના મોટા રાજ્યોમાં થતી હતી. ધરમપુર રાજ્યનો વિસ્તાર સમૃદ્ધ જંગલોથી ભરપૂર હતો. મોટા ભાગે વનવાસીઓની વસ્તી હતી.

કુશળકુંવરબાઈને ત્યાં રૂપદેવજી નામે પુત્ર હતા અને રૂપદેવજીને ત્યાં વિજયદેવ નામે કુંવર થયા હતા. દૈવવશાત્ સોમદેવજીનો સ્વર્ગવાસ થયો અને રૂપદેવજી પણ નાની વયે પરલોક સિધાવ્યા. વિજયદેવની ઉંમર નાની હતી, તેથી રાજમાતા કુશળકુંવરબા સમસ્ત રાજ્યકારોબાર કુશળતાપૂર્વક ચલાવતા હતા અને પ્રજાનું પુત્રની પેઠે પાલન કરતા હતા.

મોટે ભાગે રાજસત્તા કાવા-દાવા અને કંઈક પ્રકારના રાજસી ઠાઠથી ભરપૂર હોય છે. રાજમહેલોમાં અનેક જાતના રંગ-રાગ અને વિષય-વિલાસ ચાલતા હોય છે, પરંતુ ધરમપુર રાજ્ય આમાં અપવાદરૂપ હતું.

રાજમાતા કુશળકુંવરબા યોગભ્રષ્ટ જીવ હતા. તેઓ ભારે સાત્ત્વિકતાપૂર્વક પવિત્ર જીવન જીવતા હતા. એમના જીવનની પવિત્રતાની સુગંધ સમસ્ત રાજ્યમાં પથરાયેલી હતી. રાજ્યના ભાયાતો, કારભારીઓ, શ્રેષ્ઠીઓ અને પ્રજાજનો રાજમાતા પ્રત્યે ભારે આદર અને શ્રદ્ધા ધરાવતાં હતાં.

રાજમાતાની ઉંમર આશરે એંશી વર્ષની થવા આવી હતી. એમનાં પુણ્યો પાકી ચૂક્યાં હતાં અને મોક્ષની મંગલ ઘડી નજીક આવી રહી હતી.

બન્યું એવું કે ભગવાન શ્રી સ્વામિનારાયણના સંત પરમચૈતન્યાનંદસ્વામી વિચરણ કરતાં કરતાં ધરમપુર પધાર્યા હતા. સ્વામી જેવા પવિત્ર સંતનો જોગ થવાથી કુમાર વિજયદેવ અને રાજમાતા કુશળકુંવરબાના અંતરમાં સત્સંગ દઢ થયો હતો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અપાર સ્નેહ બંધાયો હતો.

પરમચૈતન્યાનંદસ્વામી જેવા સંતના ઉપદેશથી ધરમપુર રાજ્યના અનેક કારભારીઓ, શ્રેષ્ઠીઓ, પ્રજાજનો અને વનવાસીઓના જીવન પણ સત્સંગના રંગથી રંગાઈ ચૂક્યા હતા. ધીરે ધીરે પરમચૈતન્યાનંદસ્વામી રાજગુરુ તરીકે પ્રતિષ્ઠિત થયા હતા.

'ચૈતન્યાનંદસ્વામીએ ધરમપુરના રાજમાતાને સત્સંગ કરાવ્યો છે' એ સમાચાર ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે પહોંચ્યા.

મહારાજે સભામાં મુક્તાનંદસ્વામીની સામે જોઈને કહ્યું, "સ્વામી! ચૈતન્યાનંદસ્વામીએ તો જબરું કામ કર્યું! એ વિદ્વાન છે, પણ માની સ્વભાવને લીધે અમારી કસોટી સહન કરી ન શક્યા. પોતાના સ્વભાવને લીધે તેઓ અમારાથી દૂર થયા, છતાં એમને અમારો અભાવ ન આવ્યો. એમણે પોતાના સ્વભાવનો જ અભાવ લીધો. એમના અંતરમાંથી અમારો નિશ્ચય ડગ્યો નહિ, માટે એ સંતને ધન્ય છે."

આટલું કહી મહારાજ મંદ મંદ હસીને બોલ્યા, "સ્વામી! ચૈતન્યાનંદસ્વામીએ રાજમાતા કુશળકુંવરબાને સત્સંગ તો કરાવ્યો, પરંતુ પોતે રાજસન્માનમાં ખૂંતી ગયા છે. અમારો સાધુ આ રીતે માનસન્માનમાં ખોવાઈ જાય, એ અમને ન પોષાય."

"સ્વામી! અમને લાગે છે કે તમારે ધરમપુર જવું પડશે. એક તો આપણે કુશળકુંવરબાનું કલ્યાણ કરવું છે, બીજું 'હાથી ખૂંતે એને હાથી જ કાઢે' એમ રાજસન્માનમાં ખૂંતેલા ચૈતન્યાનંદસ્વામીને તમે જ સચેત કરી શકશો."

મહારાજની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી ધરમપુર પધાર્યા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી વગેરે ચાર-પાંચ સંતોનું મંડળ એમની સાથે હતું.

ચૈતન્યાનંદસ્વામી મુક્તાનંદસ્વામીને પોતાના ગુરુ માનતા હતા. 'સ્વામી પધારી રહ્યા છે' એ જાણીને એમના અંતરમાં અત્યંત આનંદ થયો. એમણે રાજમાતા કુશળકુંવરબાને સ્વામીના મહિમાની વાત કરી.

રાજમાતાએ કુંવર વિજયદેવજી દ્વારા મુક્તાનંદસ્વામીનું ભાવપૂર્ણ સ્વાગત કરાવ્યું.

સ્વામી જેવા સંતના દર્શન કરતાં કુશળકુંવરબાના અંતરના બધા જ ઘાટ-સંકલ્પો શમી ગયા. સોનામાં સુગંધ ભળે એમ કુશળકુંવરબાના સત્સંગનો રંગ સવાયો થયો.

રાજદરબારમાં મુક્તાનંદસ્વામી કથાવાર્તા કરતા. રાજમાતા પડદા પાછળ બેસીને સ્વામીની વાતોનું શ્રવણ કરતા. રાજ્યના મોટા મોટા અધિકારીઓ, ભાયાતો અને પ્રજાજનો પણ મુક્તાનંદસ્વામીની કથાવાર્તાનું શ્રવણ કરવા માટે એકઠા થતા હતા.

નદીમાં જેમ પૂર આવે, એમ સ્વામીના મુખેથી મહારાજનો મહિમા સાંભળીને રાજમાતાના મનમાં મહારાજ પ્રત્યેનો સ્નેહ ઉત્તરોત્તર વધી રહ્યો હતો. મહારાજનાં દર્શન માટેની એમની ઝંખના તીવ્ર બની રહી હતી.

મુક્તાનંદસ્વામીએ ચૈતન્યાનંદસ્વામીને એકાંતમાં બેસાડી પ્રબોધ કર્યો, “સ્વામી! આપે રાજમાતાને સત્સંગ કરાવ્યો એથી મહારાજ ખૂબ જ રાજી થયા છે, પરંતુ આપ જેવા સંત રાજના માનપાનમાં બંધાઈ જાય, એ કેમ ચાલે? અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ મહારાજ આપણને મળ્યા છે. અક્ષરધામની આગળ ધર્મપુર શી વિસાતમાં? માટે મનમાંથી આસક્તિને ખંખેરી નાખો. ગઢપુરમાં મહારાજ તમારી રાહ જુએ છે.”

વાત્સલ્યથી ભરપૂર સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીના ઉપદેશથી ચૈતન્યાનંદસ્વામી જાગી ગયા. સૂર્યના પ્રકાશે ઝાકળ ઊડી જાય એમ એમના મનમાંથી માનપાનનો મોહ ઊડી ગયો. તેઓ ધર્મપુર છોડી સ્વામીની સાથે જ ગઢપુર જવા તૈયાર થઈ ગયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સોંપેલું કાર્ય પૂર્ણ કરી સ્વામી જ્યારે ગઢપુર જવા રવાના થયા, ત્યારે રાજમાતાએ સેવક દ્વારા સ્વામીને કહેડાવ્યું, “સ્વામી! મારા વતી મહારાજને વિનંતી કરજો કે હવે મારાથી મહારાજનાં દર્શન વિના રહેવાતું નથી. મારું શરીર હવે ખર્યું પાન છે. જો મને મહારાજનાં દર્શન નહિ થાય, તો મારો જન્મારો એળે જશે.” આટલું બોલતાં બોલતાં રાજમાતા રડી પડ્યાં.

સ્વામીએ રાજમાતાને સંદેશ આપતા કહ્યું, “રાજમાતાને કહેજો કે ધીરજ રાખે. ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ અવશ્ય ધરમપુર પધારશે”

કુશળકુંવરબાને આશ્વાસન આપી સ્વામીએ ગઢપુર તરફ પ્રયાણ કર્યું.

થોડા દિવસે સ્વામી ગઢપુર પહોંચ્યા, મહારાજને મળ્યા. રાજમાતાએ મહારાજ માટે જે ભેટ મોકલી હતી તે મહારાજને ચરણે ધરી. સ્વામીએ કુશળકુંવરબાના ભક્તિભાવની વાત મહારાજને જણાવી અને સવિનય કહ્યું, “મહારાજ! આપે રાજમાતા કુશળકુંવરબાનો ભાવ પૂર્ણ કરવા માટે વહેલાસર ધરમપુર પધારવું જોઈએ. પાણી વગરની માછલી તડપે એમ રાજમાતા આપનાં દર્શન માટે તડપી રહ્યાં છે.”

મહારાજે કહ્યું, “સ્વામી! અમે રાજમાતાનો ભાવ જાણીએ છીએ. વારાફરતી એમના બે-ત્રણ સંદેશવાહકો પણ આવી ચૂક્યા છે. હવે તમે ભલામણ કરી, એટલે અમે રાજમાતાનો સંકલ્પ અવશ્ય પૂરો કરીશું.”

અણીશુદ્ધ ચોખા

કુશળકુંવરબાએ મહારાજના થાળ માટે આશરે બશેર જેટલા ચોખા મોકલ્યા હતા. ચોખા હાથથી ફોલેલા હોવાથી અણિશુદ્ધ હતા.

જુના જમાનામાં બહેનો સાંબેલાથી કમોદને હળવે હાથે ખાંડતા. કમોદના ફોતરાં અને ચોખા અલગ કરતાં, પરંતુ આ રીતે ખાંડવાથી ચોખાના ખૂણા ખંડિત થઈ જાય તે સહજ હતું.

કુશળકુંવરબાનો ભક્તિભાવ અનોખો હતો. તેઓ દરરોજ પોતાના હાથે કમોદ ફોલતા અને અણિશુદ્ધ ચોખા તૈયાર કરતા હતા. આ કાંઈ મગફળી કે ચોળાફળી ફોલવા જેવી સાધારણ વાત નહોતી. હાથથી કમોદના ફોતરાંને દૂર કરવા, એ તો ધીરજ અને મહેનત માગી લે તેવું કામ ગણાય!

કુશળકુંવરબાની ભક્તિ અનોખી હતી. તેઓ ભારે પ્રેમ અને શ્રદ્ધાથી મહારાજને સંભારતાં સંભારતાં ચોખા ફોલીને તૈયાર કરતા.

સંસ્કૃતમાં ચોખાને 'અક્ષત' કહે છે. અક્ષતનો અર્થ છે, અખંડિત અથવા અણિશુદ્ધ.

કુશળકુંવરબાએ મોકલેલા ચોખા સાચા અર્થમાં 'અક્ષત' હતા. આ અક્ષતમાં કુશળકુંવરબાનો અણિશુદ્ધ પ્રેમ છલકતો હતો!

જાતવાન ચોખામાં સુગંધ હોય તે સહજ છે, પરંતુ અહીં તો એક એક ચોખાના દાણામાંથી કુશળકુંવરબાના નિર્મળ, નિર્દોષ પ્રેમની સુગંધ પ્રસરી રહી હતી.

આવા અણિશુદ્ધ ચોખા જોઈને મહારાજ અત્યંત રાજી થયા. મહારાજે ચોખા હાથમાં લઈ મુક્તાનંદસ્વામીને પ્રશ્ન કર્યો, "સ્વામી! આને શું કહેવાય? "

મુક્તાનંદસ્વામીએ કહ્યું, "મહારાજ! ચોખા કહેવાય."

થોડી વાર પછી ફરીથી મહારાજે પૂછ્યું, "સ્વામી! આને શું કહેવાય?"

સ્વામી બોલ્યા, "મહારાજ! ચોખા કહેવાય."

મહારાજે ત્રીજી વાર પૂછ્યું, "આને શું કહેવાય?"

સભામાં બેઠેલાના મનમાં થયું, "મહારાજ વારંવાર આવો પ્રશ્ન શા માટે કરતા હશે?"

મુક્તાનંદસ્વામી સમજી ગયા કે 'મહારાજ કંઈક કહેવા માગે છે' એટલે તેઓ હસીને બોલ્યા, "મહારાજ! આપ શું કહેવા માગો છો?"

મહારાજે કહ્યું, "સ્વામી! આ માત્ર ચોખા નથી, આ અણિશુદ્ધ ચોખા છે. આ એક એક ચોખામાં રાજમાતાનો પ્રેમ ભર્યો છે!"

આટલું કહી મહારાજ બોલ્યા, "સ્વામી! જ્યારે આવા અણિશુદ્ધ ચોખા થવાશે, ત્યારે અમારા અક્ષરધામમાં અવાશે."

સભામાં બેઠેલા સર્વને હવે સમજાયું કે મહારાજ વારંવાર એક જ પ્રશ્ન શા માટે કરી રહ્યા હતા. રાજમાતા કુશળકુંવરબાનો અણિશુદ્ધ ચોખા જેવો નિર્મળ પ્રેમ જોઈને મહારાજ અત્યંત ભાવવિભોર થઈ ગયા હતા.

સુરતના કોટવાળ અરદેશરજી

રાજમાતા કુશળકુંવરબાઈના મનોરથને પૂર્ણ કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો અને ભક્તોના સંઘ સાથે ધરમપુર જવા નીકળ્યા.

કાઠિયાવાડની ધરતીને પાવન કરતાં કરતાં મહારાજ સાબરમતી, મહીસાગર, નર્મદા અને તાપી વગેરે નદીઓને પાર કરીને સુરત પહોંચ્યા.

દક્ષિણ ગુજરાતમાં તાપી નદીનો કિનારો અત્યંત પવિત્ર રહ્યો છે અને એમાંય સુરત તો દાનેશ્વરી મહારાજ કર્ણની અંતિમ વિશ્રામ ભૂમિ ગણાય છે.

જેમ વડોદરામાં સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીના પ્રભાવથી સત્સંગ થયો, એ જ રીતે સુરતમાં સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીના પ્રભાવથી સત્સંગ વિસ્તર્યો.

સુરતના સત્સંગીઓમાં કર્ણરાજાની ઉદારતાનો ગુણ સહજ ઊતરેલો રહ્યો છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ સુરતના સત્સંગને બિરદાવતા કહ્યું છે કે,

સુંદર ભક્ત સુરતના, અતિ હોંશીલા હરિજન |
સ્વામી સેવામાં સમર્પ્યા, જેણે તન મન અને ધન ||૨૫||
તને કરી રહ્યા વચને, મને કર્યું મૂરતિ મનન |૨૬| (ભ.ચિં.પ્ર–૧૨૫)

સુરતમાં સત્સંગીઓનો બહુ મોટો સમુદાય વસતો હતો. સુરતના નગરશેઠ ગણાતા ભાલચંદ્ર શેઠ, મહાજ્ઞાની મુનિબાવા, શૂરવીર પારસી અરદેશરજી કોટવાળ વગેરે આગેવાન ભક્તજનો ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં સુરત ધીકતું અને સમૃદ્ધ બંદર હતું. અહીંયા મુસલમાન બાદશાહનું રાજ્ય હતું. અહીંના વેપારીઓ અને વહાણવટીઓ દેશ-પરદેશ સાથે વેપાર ખેડી રહ્યા હતા, પરિણામે સુરત ખૂબ જ સમૃદ્ધ થયું હતું અને લોકમાં કહેવત પડી હતી કે, 'સુરત સોનાની મૂરત.'

મધ્ય એશિયાથી પારસી વેપારીઓ અહીંયા વેપાર અર્થે આવ્યા હતા અને દૂધમાં સાકરની જેમ ભળી ગયા હતા.

આ પારસીઓ મૂળ તો સૂર્યવંશીઓ હતા. તેઓ ભારતથી સ્થળાંતરિત થતા થતા પર્શિયામાં વસ્યા હતા, પછી એમણે નાઈલ નદીને કિનારે ઈજિપ્તમાં પોતાની રાજધાની સ્થાપી હતી.

પ્રાચીન સમયમાં આજનું ઇજિપ્ત 'મિશ્ર' તરીકે પ્રસિદ્ધ હતું. ઇજિપ્તની જાહોજલાલી આજે પણ ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. ઇજિપ્તના પિરામિડો વિશ્વની અજાયબીઓ ગણાય છે.

આ સૂર્યવંશીઓ સમય જતાં પારસી તરીકે પ્રસિદ્ધ થયા. દેશકાળના પરિવર્તનને લીધે એમના આચાર-વિચારમાં પણ કેટલાક પરિવર્તન આવ્યાં, પારસી ધર્મનો ઉદય થયો; જે વિશ્વના દસ મહાન ધર્મો માંહેનો એક છે.

આ પારસીઓ અગ્નિ પૂજક પ્રજા છે. આ અગ્નિપૂજા ભારતીય યજ્ઞ પરંપરા સાથે મળતી આવે છે. પારસી ધર્મનો મૂળ ગ્રંથ 'જન્દઅવેસ્તા' છે. જન્દઅવેસ્તાની ભાષા સંસ્કૃત ભાષા સાથે ઘણું સામ્ય ધરાવે છે. જન્દઅવેસ્તાના બોધ વચનો, ભાષા અને ભાવની દૃષ્ટિએ ઉપનિષદોના બોધ વચનોને મળતા આવે છે. આ બધી બાબતો પારસી ધર્મનો હિંદુધર્મ સાથેનો પ્રાચીન સંબંધ ઉજાગર કરે છે.

ઈસ્લામિક કટ્ટરવાદીઓના ત્રાસને લીધે પારસીઓ પોતાના પ્રાચીન મિશ્ર પ્રદેશને છોડવા મજબૂર બન્યા. તેઓ પાછા પોતાની મૂળ માતૃભૂમિ ભારતમાં આવીને વસ્યા, ભારતને પોતાનું વતન માન્યું, એમની ભારત પ્રત્યેની વફાદારી સુપ્રસિદ્ધ છે.

પારસી કોમ ખૂબ શાણી, દૂરંદેશી અને વ્યાપારિક સૂઝબૂજવાળી પ્રજા છે; સાથે સાથે આ કોમ ભારે શૂરવીર પણ છે.

સર જમશેદજી તાતા અને ભારતના પ્રથમ ફિલ્ડ માર્શલ જનરલ માણેકશા આ બાબતના જ્વલંત ઉદાહરણો છે.

સુરત શહેર સમૃદ્ધ હોવાથી ચોર-લૂંટારાઓની આંખે ચડ્યું હતું. તેઓ વારંવાર સુરતને લૂંટતા રહેતા હતા. નિર્બળ મુસલમાન બાદશાહના સમયમાં આ અંધાધૂંધી અને ત્રાસ વધારે વકર્યાં હતાં.

સુરતમાં અંગ્રેજોએ કોઠી સ્થાપી હતી અને સુરતના બાદશાહને નામના બાદશાહ બનાવી દીધા હતા. અંગ્રેજોએ સુરતની સત્તા હાથમાં લીધા પછી એમણે પહેલું કામ સુરતને સુરક્ષિત બનાવવાનું કર્યું હતું.

એ સમયે અરદેશરજી નામના શૂરવીર પારસી હતા. અંગ્રેજોએ એમને યુવાન વયે સુરતના કોટવાળ એટલે કે નગરપતિ તરીકે નિમ્યા હતા.

અરદેશરજીના દાદા સોરાબજી કુશળ કારીગર અને દિલાવર દિલના હતા. એમણે બનાવેલી ઘડિયાળો એ સમયમાં ભારે વિખ્યાત હતી. અરદેશરજીના પિતા ધનજીશા ભારે શૂરવીર હતા, બળવાખોરો સાથે સામી છાતીએ લડતાં લડતાં તેઓ મરાયા હતા.

આવા શૂરવીર પિતાને ત્યાં તા. ૨૯/૬/૧૭૯૭ના રોજ અરદેશરજીનો જન્મ થયો હતો. દાદાની દિલાવરી અને પિતાજીની શૂરવીરતા અરદેશરજીને જન્મજાત વારસામાં મળ્યા હતા.

અરદેશરજીએ નગરપતિ તરીકેની પોતાની ફરજ નિષ્ઠાથી બજાવી હતી. તેઓએ ભારે કુનેહ અને શૂરવીરતાથી ચોર-લૂંટારાઓને જેર કર્યાં હતા અને નગરમાં શાંતિ સ્થાપી હતી.

અરદેશરજીની ધાકને લીધે ચોર-લૂંટારાઓ માથું ઊંચકી શકતા ન હતા. તેઓ સ્વયં વેશપલટો કરીને રાત્રે નગરચર્યા જોવા નીકળતા અને કંઈ પણ અયોગ્ય જણાય, તો તાત્કાલિક પગલાં ભરીને તેનો નિકાલ કરતા હતા.

અરદેશરજીની છત્રછાયામાં સુરત સમૃદ્ધ અને સુરક્ષિત થયું હતું. પ્રજામાં અરદેશરજી ખૂબ જ પ્રિય થઈ પડ્યા હતા. અંગ્રેજ સરકારે આ શૂરવીર અને ઉદાર પારસીનું અનેક વખત બહુમાન કર્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી ધાર્મિક તેમ જ સામાજિક ક્રાંતિ અરદેશરજીના હૃદયને સ્પર્શી ગઈ હતી, પરિણામે તેઓ તથા એમના ભાઈ પિલુશા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. તેઓએ ભારે ભાવપૂર્વક ભગવાન શ્રી સ્વામિનારાયણને અનેકવાર સુરતમાં પધરાવ્યા હતા.

અરદેશરજી કોટવાળ, સુરતના નગરશેઠ ભાલચંદ્ર, પ્રસિદ્ધ આત્મજ્ઞાની મુનિબાવા વગેરે ભાવિક ભક્તજનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને ત્રણ-ત્રણવાર સુરત તેડાવ્યા હતા અને વાજતેગાજતે રાજસવારી સાથે સમસ્ત નગરમાં પધરાવ્યા હતા.

સુરતમાં તાપીગંગાને કિનારે ત્રણ પાંદડાનો વડ છે. આ ભૂમિ કર્ણરાજાની 'અગ્નિ સંસ્કાર ભૂમિ' કહેવાય છે. અહીંયા રૂસ્તમબાગ નામની જગ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં અહીંયા વિશાળ રાજબાગ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ઉપવનમાં ઊતરતા.

અરદેશરજીની શૂરવીરતા, શ્રદ્ધા, ભક્તિ અને દાતારી જોઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા હતા. એમણે પોતાના માથે બાંધેલી પાઘ ઉતારી અરદેશજીના મસ્તક પર પહેરાવી હતી.

સ્વયં ભગવાને કરેલા આ સન્માનથી અરદેશરજી ભાવવિભોર થયા હતા. શ્રીહરિલીલામૃત ગ્રંથમાં આ પ્રસંગનું રોચક વર્ણન કરતાં કવીશ્વર દલપતરામ લખે છે કે...

આપી ઉત્તમ પાદુકા ભરતને, શ્રી રામે રાજી થઈ,
આપી તેલ કટોરી વાયુસુતને, સીતાની સુદ્ધી લઈ;
મે'તા શ્રીનરસિંહને કુસુમની, માળા જ આપી ખરી,
આ અર્દેશરને સ્વમસ્તક તણી, તે પાગ આપી હરી ||૧૦||

(હરિલીલામૃત–ક–૮, વિ–૩૫)

નગરપતિ અરદેશરજીને શ્રીજીએ આપેલી પાઘને જીવનભર જીવની જેમ જાળવી હતી. આ ઐતિહાસિક વીર પુરુષનો ૬૦ વર્ષની વયે તા. ૧૫/૨/૧૮૫૭ના રોજ અક્ષરવાસ થયો હતો.

અરદેશરજીના અંત સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને દિવ્યરૂપે દર્શન દીધાં હતાં અને ધામમાં તેડી ગયા હતા.

શ્રી અરદેશરજીના વંશજોએ આ પ્રસાદીની પવિત્ર પાઘને આજ સુધી ભારે આદર સાથે સાચવેલી છે. દર વર્ષે ભાઈબીજના રોજ આ પાઘનાં દર્શન માટે સમૈયો ભરાય છે. હજારો લોકો આ પાઘના દર્શન માટે આવે છે.

જે રૂસ્તમબાગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ઊતરતા, એ જગ્યાએ આજે સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશાળ શિખરબદ્ધ મંદિર નિર્માણ થઈ રહ્યું છે.

નોંધઃ પારસી અરદેશરજીને પાઘ આપવાનો પ્રસંગ વિક્રમ સંવત ૧૮૮૧, કાર્તિક વદી સાતમના રોજ બન્યો હતો.

મુનિબાવા સત્સંગથી રંગાયા

સુરતના મુનિબાવા મહા આત્મજ્ઞાની હતા. સુરતના કુબેરનગરમાં એમનો આશ્રમ હતો. આશ્રમમાં રોજ જ્ઞાન-ગોષ્ઠીઓ થતી રહેતી, એમના સેંકડો અનુયાયીઓ હતા, જે મુનિબાવાને ભગવાનની જેમ માનતા હતા અને પૂજતા હતા.

મુનિબાવાના હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે પૂર્વગ્રહ હતો. તેઓ સ્વામિનારાયણ ભગવાનને દંભી અને પાખંડી માનતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બ્રહ્માનંદસ્વામીને આજ્ઞા કરી કે, 'તમે સુરત જાઓ અને મુનિબાવાને સત્સંગી બનાવો.'

મહારાજની આજ્ઞાથી બ્રહ્માનંદસ્વામીએ સંન્યાસી જેવો વેશ ધારણ કર્યો. વેદાંતનો અભ્યાસ કરવાના નિમિત્તે મુનિબાવાના શિષ્ય થઈને રહ્યા.

બ્રહ્માનંદસ્વામીની લોકોત્તર પ્રતિભાએ મુનિબાવાને વશ કરી લીધા. એક વખત સમય પારખીને બ્રહ્માનંદસ્વામીએ પોતાની સાચી ઓળખાણ આપી.

મુનિબાવા ભડક્યા અને બોલ્યા, "એલા બ્રહ્માનંદ! તારા જેવો પ્રતિભાશાળી પુરુષ આવા પાખંડમાં કેમ ભરાયો?"

સ્વામીએ કહ્યું, "મુનિબાવા! તમે ક્યારેય સ્વામિનારાયણને મળ્યા છો?"

મુનિબાવા બોલ્યા, "ના, બ્રહ્માનંદ!"

સ્વામી કહે, "તમે જેને મળ્યા નથી, એના પ્રત્યે માત્ર કર્ણોપકર્ણ સાંભળેલી વાતોથી નિર્ણય કરવો યોગ્ય નથી. આપ એક વાર એમને મળો, પારખાં કરો, પછી પાંખડ છે કે સત્ય તે નિર્ણય કરો!" બ્રહ્માનંદસ્વામીએ મુનિબાવાની ભ્રમણાઓ દૂર કરવાનો

પ્રયત્ન કર્યો. જ્ઞાનીને જ્ઞાનીની વાત મનાય એમ બ્રહ્માનંદસ્વામીના વચનમાં મુનિબાવાને વિશ્વાસ બેઠો. તેઓ સત્ય-અસત્યના પારખાં કરવા ગઢપુર આવ્યા.

ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકોત્તર ચરિત્ર કર્યું. બ્રહ્માનંદસ્વામી મુનિબાવાને લઈને જેવા મહારાજ પાસે આવ્યા, એ જ સમયે મહારાજ અઘોરીની જેમ અડધી હજામતે દહીં અને રોટલો જમવા લાગ્યા. મુનિબાવા આવા અઘોરી જેવા સહજાનંદને જોઈને ભડક્યા અને બોલ્યા, "બ્રહ્માનંદ! તું આને ભગવાન કહે છે? તું મને આ અઘોરીના દર્શન માટે સુરતથી અહીં લાવ્યો? મારે હમણાં ને હમણાં સુરત જવું છે."

બ્રહ્માનંદસ્વામીને થયું કે, એક તો આને હું માંડ માંડ મનાવીને લાવ્યો છું અને મહારાજે અત્યારે જ આવી અઘોરલીલા કેમ આદરી?

બ્રહ્માનંદસ્વામીએ મુનિબાવાને માંડ મનાવીને રોક્યા. પછી મહારાજ પાસે જઈને ઠપકાના સ્વરે બોલ્યા, "મહારાજ! તમને આવા ટાણે આવી લીલા કરવાનું શું સૂઝ્યું? હું કેટલી મહેનતે આને આહીં લાવ્યો છું!"

મહારાજ હસીને કહે, "સ્વામી! હું તો તમારી પરીક્ષા કરતો હતો કે તમે કાચું માટલું લાવ્યાં છો કે પાકું? તમારી ફરજ આ ઘડાને પાકો કરીને મારી પાસે લાવવાની હતી. કાચો ઘડો શા માટો લાવ્યા?"

સ્વામી કહે, "કાચાં-પાકાંની વાત છોડો, હવે મારે શું કરવાનું છે એ કહો!"

મહારાજ કહે, "સાંજે એમને સભામાં લઈ આવજો, તમારું અધૂરું કામ અમે પૂરું કરીશું."

સ્વામી ખોટી ખોટી રીસ કરી બોલ્યા, "આવશે તો લાવીશ, એ તો સુરત જવાની તૈયારી કરીને બેઠા છે. તમને પણ કટાણે નખરાં કરવાનું સૂઝે છે."

મહારાજ હસીને બોલ્યા, "પ્રયાસ કરજો, આવશે."

બ્રહ્માનંદસ્વામી મુનિબાવાને જેમતેમ કરી મનાવી સભામાં લાવ્યા.

સાંજનો સમય હતો. મુનિબાવા દાદાના દરબારગઢના ચોકમાં પ્રવેશ્યા. એ જ સમયે મહારાજે એમને તેજોમય કૃષ્ણરૂપે દર્શન દીધાં!

મુનિબાવા આભા બની ગયા અને દોડીને મહારાજનાં ચરણોમાં ઢગલો થઈ ગયા અને બોલ્યા, "સવારે જોયા હતા એ સહજાનંદ સાચા કે અત્યારે જોઉં છું એ સાચા?"

મહારાજ હસીને કહે, "મુનિબાવા! જ્યાં સવાર અને સાંજના રૂપ એકાકાર થઈ જાય, એ સહજાનંદ સાચા. દિવ્ય માનુષરૂપની એકતા કરવામાં જ જ્ઞાનનો મર્મ સમાયેલો છે."

"દિવ્ય માનુષરૂપ એક કરી દિન્હા અલખ ભયો હૈ બાત નવીના!"

ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રભાવ નજરે નિહાળ્યા પછી મુનિબાવાની ભ્રમણાઓ દૂર થઈ ગઈ. તેઓ પોતાનાં આત્મજ્ઞાનનું અભિમાન છોડીને ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થયા.

કુબેરનગરમાં મુનિબાવાનો આશ્રમ આજે પણ વિદ્યમાન છે અને એ સ્થળે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સુંદર મંદિર છે.

ભાલચંદ્ર શેઠની ભાજીનાં ડાળખાં

સુરતમાં ભાલચંદ્ર શેઠ હતા. નગરના અગ્રણીઓમાં એની ગણના થતી. ભાલચંદ્ર શેઠને ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે અકારણ દ્વેષ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો ભિક્ષા માગવા નીકળે, શેઠની દુકાન પાસેથી પસાર થાય. સંતોને જોઈ શેઠ જોખી જોખીને ગાળો દ્યે, અધૂરામાં પૂરું હાથમાં જે આવે તે છૂટું મારે! સંતો હસતે મોંઢે શેઠનું સારું થાય, એવા સંકલ્પ સાથે આગળ વધે!

એક સમયે શેઠ દુકાનને થડે બેઠા હતા. એમણે ઘર માટે મેથીની ભાજી લીધેલી. નોકરે ભાજી વીણી ડાળખાંની પૂણીઓ જેમના તેમ પડી રહેવા દીધેલી.

એવામાં સંતો ભિક્ષા માગવા નીકળ્યા. શેઠે રોજનો ક્રમ શરૂ કર્યો! મારવા માટે હાથમાં કાંઈ ન આવ્યું, તે પેલી ભાજીના ડાળખાંની પૂણીઓ ઉપાડી સંતો ઉપર ફેંકી. ભાજીના ડાળખાં મારગમાં વેરાઈ ગયાં.

સંતોએ નીચા નમી ડાળખાં વીણી લીધાં અને મંડળના મુખિયા સંત મુક્તાનંદસ્વામી પાસે મૂક્યા! સ્વામીએ પૂછ્યું, "સંતો! આ શું છે?"

સંતોએ હસતાં હસતાં કહ્યું, "સ્વામી! આજે તો ભાલચંદ્ર શેઠે ભિક્ષામાં આ ભાજીના ડાળખાં આપ્યાં!" સ્વામી સમજી ગયા અને હસવા માંડ્યા.

એ સમયે સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે ભિક્ષામાં જે મળે તે કપડાંની ઝોળીમાં ભરી, તાપીના જળમાં ઝબોળી, રસકસ નીચોવી, પછી ગોળા વાળીને જમતા. સ્વામીએ ભાજીના ડાળખાંના ઝીણા ઝીણા ટૂકડા કરાવ્યા, ભિક્ષામાં ભેળવ્યા અને બોલ્યા, "પરમહંસો! ભાલચંદ્ર શેઠના જીવનું ભલું થાય, એવા સંકલ્પ સાથે આ ગોળા જમો."

સ્વામીની આજ્ઞાથી સંતો જમ્યા. પવિત્ર સંતોના ઉદરમાં ભાલચંદ્ર શેઠની ભાજીના ડાળખાં ગયાં. સંતોની સાધુતાથી શેઠનો હૃદયપલટો થયો. એમનાં અંતરમાં 'સંતોને અકારણ દૂભવું છું' એવો પસ્તાવો થયો. સંતોની ક્ષમા માગી.

મુક્તાનંદસ્વામી જેવા સંતના સમાગમથી એનો અંતરાત્મા જાગી ગયો, હૃદયના પૂર્વગ્રહો નાશ પામ્યા, ધીરે ધીરે ઉત્તમ એકાંતિક ભક્ત થયા.

સત્સંગિજીવન ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભાલચંદ્ર શેઠનો સુંદર સંવાદ છે. વિષય છે 'ભક્તિ સ્વરૂપ નિરૂપણ.'

સુરતના ભાવિક ભક્તજનોના પ્રેમને આધીન થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર સુરત પધારતા રહેતા.

ધરમપુરમાં પધરામણી

સુરતના પ્રેમી ભક્તજનોની વિદાય લઈ, નદીઓ અને જંગલોને પાર કરતાં કરતાં મહારાજ ધરમપુર પધાર્યા.

વિક્રમ સંવત ૧૮૭૨ની સાલ હતી, શિયાળાનો સમય હતો, પોષ મહિનાના પડવાનો દિવસ હતો. ધરમપુરમાં આજે સોનાનો સૂરજ ઊગી રહ્યો હતો.

રાજમાતા કુશળકુંવરબાએ ભવ્ય રાજસવારી સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વાગત કર્યું. રાજમાતા પ્રેમને આધીન થઈને લગભગ એક માસ સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણ ધરમપુરમાં રોકાયા. રોજ દરબાર ભરાતો હતો, જ્ઞાનવાર્તાઓ થતી હતી, મહારાજની સાથેના ગવૈયા સંતો ગાવણું કરી સંગીતનો દિવ્ય રસ રેલાવતા રહેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ગવૈયા સંતોની અદ્‌ભુત સંગીતકળા જોઈને રાજના ગવૈયાઓ પણ આફરીન પોકારી ઊઠતા હતા. સ્વયં મહારાજ કથાવાર્તાનું અમૃત વરસાવી સર્વને સંતૃપ્ત કરતા હતા.

રાજમાતાના આગ્રહથી મહારાજે ગઢપુરથી જીવુબા, લાડુબા વગેરે સ્ત્રી-ભક્તોને પણ તેડાવી લીધા હતા. આ મુક્તાત્મા બહેનોના સત્સંગથી રાજમાતાની રહી સહી ઉણપ દૂર થઈ હતી.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશેષ પૂજન કરવાના આશયથી રાજમાતા કુશળકુંવરબાએ રાજદરબાર ભર્યો. રાજ્યના ભાયાતો, આગેવાન અધિકારીઓ, શ્રીમંત-શાહુકારો અને વિશિષ્ટ પ્રજાજનો સર્વને આમંત્રણ આપવામાં આવ્યું.

વિદ્વાન બ્રાહ્મણોએ વેદોનું ગાન કર્યું. ગવૈયા સંતોએ સંકીર્તન રસ વરસાવ્યો. રાજમાતાએ કુંવર વિજયદેવજી દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની વિશેષ પૂજા કરાવી. રાજમાતાની આજ્ઞા પ્રમાણે કુંવર વિજયદેવજીએ મહારાજને ભાતભાતના જરિયાની પોશાકો ધરાવ્યાં, મહામૂલા હીરા-માણેક-મોતી જડિત સુવર્ણ અલંકારો અર્પણ કર્યાં, મહારાજના ભાલમાં કેસર-ચંદનની અર્ચા કરી સુગંધી પુષ્પોની માળા પહેરાવી, પછી સુવર્ણમહોર અને રૂપિયાના થાળ ભરી મહારાજની સન્મુખ મૂક્યા.

કુશળકુંવરબાએ સુરતના કુશળ કારીગરો દ્વારા એક અતિસુંદર નંગજડિત મુગટ તૈયાર કરાવ્યો હતો. કુંવર વિજયદેવજીએ એ રાજમુગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના મસ્તક ઉપર ધરાવ્યો, પછી આરતી ઉતારી. ચારે બાજુ દિવ્ય-મંગલ વાતાવરણ સર્જાયું.

એક બાજુ કુંવર વિજયદેવ મહારાજનું પૂજન કરી રહ્યા હતા, બીજી બાજુ કુશળકુંવરબા મહારાજની મૂર્તિનું ધારી ધારીને દર્શન કરી રહ્યા હતા. રાજામાતાની ભક્તિ અનુપમ હતી. તેઓને મહારાજની મૂર્તિમાં અસાધારણ સ્નેહ હતો.

વેદો કહે છે કે, 'શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવાથી આત્માનો સાક્ષાત્કાર થાય છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં સમજાવ્યું છે કે, 'જેમ કથાવાર્તાનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવા જોઈએ, એ જ રીતે ભગવાનની મૂર્તિના દર્શનનાં પણ મનન અને નિદિધ્યાસ કરવા જોઈએ, તો એ દર્શન ધીરે ધીરે સાક્ષાત્કારમાં પરિણામ પામે છે.'

કુશળકુંવરબાની દર્શન કરવાની રીત અનોખી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં એની નોંધ લેતા કહ્યું છે કે, 'દર્શન કરતાં તો કુશળકુંવરબાને આવડતું. તેઓ એકાગ્ર દૃષ્ટિથી અમારાં દર્શન કરતાં અને દૃષ્ટિ પલટાવીને અમારી મૂર્તિને અંતરમાં ઉતારતા. બીજા દર્શન કરે છે, એ તો ફાટેલ દૃષ્ટિથી કરે છે. જેમ ખિસકોલી બોલે અને હાર્યે પૂંછડું ઊંચું કરે એમ દર્શન કરે, પણ મનની વૃત્તિ તો ક્યાંય બીજે ફરતી હોય!'

કુંવર વિજયદેવજીએ પૂજન પૂર્ણ કર્યું, ત્યાર પછી રાજ્યના ભાયાતોએ તેમ જ શ્રેષ્ઠી-શ્રીમંતોએ પણ મહારાજનું યથાશક્તિ પૂજન કર્યું.

પૂજન પૂર્ણ થયા બાદ કરુણાસિંધુ અને ગરીબનવાઝ મહારાજે પોતાનાં ચરણમાં જે સુવર્ણમહોરો અને રૂપિયા અર્પણ કરવામાં આવ્યાં હતાં, તે રાજસેવકો અને ગરીબ-ગુરબાઓને વહેંચી દીધાં.

નોંધ – કુશળકુંવરબાએ નંગજડિત મુગટ અર્પણ કર્યો હતો તે આજે પણ વડતાલના સંગ્રહસ્થાનમાં સચવાયેલો છે.

આ રાજસમૃદ્ધિ આપને અર્પણ!

એક દિવસ રાજમાતાએ રાજભવનના વિવિધ વિભાગોમાં મહારાજની પધરામણી કરાવી. તેઓએ મહારાજને ગજશાળા, અશ્વશાળા તેમ જ શસ્ત્રોનો ભંડાર બતાવ્યો. રાજમાતાના અંતરનો આશય હતો, 'આ બધા ઉપર મહારાજની દૃષ્ટિ પડે, તો બધું પાવન થઈ જાય.'

ફરતાં ફરતાં રાજમાતા મહારાજને જ્યાં રાજ્યનો ગુપ્ત ધન-ભંડાર રહેતો હતો, ત્યાં લઈ ગયા. વિશ્વાસુ કારભારી દ્વારા ખજાનાનાં દ્વાર ખોલાવ્યાં. ખજાનો અઢળક હતો. સોનું-ચાંદી, હીરા-માણેક-મોતીનો પાર ન હતો.

કુશળકુંવરબાએ મહારાજને હાથ જોડીને કહ્યું, "મહારાજ! આપ પધાર્યા, અમને પાવન કર્યાં. અમારું જે કંઈ છે તે આપની કૃપાથી છે માટે આપનું છે, એથી આ સમસ્ત ધન-ભંડાર હું આપને અર્પણ કરું છું; આનો આપ જે રીતે ઉપયોગ કરવો હોય તે રીતે કરો."

કુશળકુંવરબાનું આ સર્વસ્વ સમર્પણ જોઈને સર્વનાં નેત્રોમાં આંસુ આવી ગયાં અને ધન્ય ધન્ય કહેવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ઘેરે મધુરે સ્વરે બોલ્યા, "મા! આપની ભાવનાનો અમે

આદર કરીએ છીએ, પણ અમે તો સાધુ છીએ, આ ધનસમૃદ્ધિ લઈને અમે શું કરીએ?

"અમે જ્યારે વનમાં ફરતા ત્યારે પણ અમને રાજપાટ, ધન-સમૃદ્ધિ અને રાજકુંવરીઓ દેનારાં ઘણાં મળ્યાં હતાં, પણ અમે એનો સ્વીકાર કર્યો ન હતો."

"ધરમપુરની રાજસમૃદ્ધિ તો ઠીક, ત્રિલોકીનો વૈભવ મળે તોપણ એમાં અમારી રુચિ નથી. આ સોનું-ચાંદી, હીરા-મોતી વગેરે અમારે મન ધૂળ સમાન છે."

"અમે જ્યારે અમારા આત્મા સામે દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે એ આત્માના વૈભવ સામે અનંતકોટિ બ્રહ્માંડનો વૈભવ અમને તણખલાં જેવો લાગે છે!"

"કીડીઓની હાર્ય હાલી જતી હોય એમાં કોણ પુરુષ - કોણ સ્ત્રી? કોણ રાજા – કોણ રંક? બધા એક સમાન ભાસે, એ જ રીતે અમારા મનમાં અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિઓની પણ ગણતરી નથી."

"તમે પૂર્વના મુક્ત છો. તમારો ભાવ પૂરો કરવા માટે અમે અહીં પધાર્યા છીએ, તમારી રાજસમૃદ્ધિ લેવા માટે અમે અહીં આવ્યા નથી."

મહારાણી કુશળકુંવરબાનું સમર્પણ અજોડ હતું, તો સામે ભગવાન શ્રી સ્વામિનારાયણની નિઃસ્પૃહિતા એથી પણ અજોડ હતી.

મહારાજે કુશળકુંવરબા તેમ જ ઉપસ્થિત સર્વને રાજધર્મનો ઉપદેશ કરતાં કહ્યું, "મા! રાજની સંપત્તિ રાજની નથી, પ્રજાની છે, માટે આ સંપત્તિનો ઉપયોગ પ્રજાના કલ્યાણ માટે કરવો જોઈએ. પ્રજાના સુખમાં જ રાજાનું સુખ સમાયેલું છે. પોતાની પ્રજાનું પુત્રની પેઠે પાલન-પોષણ કરવું, એ ખરો રાજધર્મ છે. આ બધી સમૃદ્ધિ ગરીબ વનવાસીઓના કલ્યાણ માટે વાપરજો."

કુશળકુંવરબાએ મહારાજની આજ્ઞા મસ્તક પર ચઢાવી, દાનપુણ્યનો પ્રવાહ વહાવ્યો.

વાંસદામાં પધરામણી

ધરમપુરની બાજુમાં વાંસદા રાજ્ય આવેલું હતું. વાંસદાના રાજા રાયસિંહજી કુશળકુંવરબાના ભત્રીજી જીતબાના પુત્ર હતા.

કુશળકુંવરબાના જોગથી રાયસિંહજીના સમસ્ત પરિવારનું હૃદય સત્સંગના રંગથી રંગાઈ ચૂક્યું હતું. એમાંય રાયસિંહજીના પત્નીની તો વાત જ ન્યારી હતી. કુશળકુંવરબાના જોગથી એના અંતરમાં ઉત્તમ એકાંતિકી ભક્તિના બીજ અંકુરિત થયાં હતાં.

આ રાજપરિવારે ભારે આગ્રહ કરીને મહારાજને વાંસદા પધરાવ્યા. એમના ભક્તિભાવથી પ્રસન્ન થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "માગો રાયસિંહજી! તમારો જે મનોરથ હોય તે અમે પૂર્ણ કરીશું."

'શું માગવું?' તે રાયસિંહજીને સૂઝયું નહિ ત્યારે એમના યુવાન રાણી બોલ્યા, "મહારાજ! આપની કૃપાથી અમારે ત્યાં ધન-સમૃદ્ધિની કોઈ ખામી નથી. આપ જેવા

પરમાત્માની પ્રાપ્તિ થતા અમારા સર્વ મનોરથ પૂર્ણ થયા છે, માટે અમારે બીજું કાંઈ જોઈતું નથી, પણ મનમાં એક મનોરથ છે તે પૂર્ણ કરવા કૃપા કરો."

રાણીની ઇચ્છા જાણવા સર્વના મન ઉત્સુક થયાં હતાં. મહારાજે હસીને કહ્યું, "બોલો, દીકરી! શું ઇચ્છા છે? "

રાણી બોલ્યા, "મહારાજ! આપ વાંસદા પધાર્યા એની યાદી રૂપે આપનાં ચરણારવિંદની છાપો અમને આપો."

રાણીની આવી અનોખી માગણી સાંભળીને સર્વને આશ્ચર્ય થયું. મહારાજ પણ રાણીની બુદ્ધિ, પ્રેમ અને ભક્તિ જોઈને રાજી થયાં.

મહારાજે કહ્યું, "દરબાર! લાવો વસ્ત્ર, અમે ચરણારવિંદની છાપો પાડી તમારો ભાવ પૂરો કરીએ."

પાસે કોઈ વસ્ત્ર ન હોવાથી રાયસિંહજી મૂંઝાયા ત્યારે ફરીથી રાણી બોલ્યા, "તમારા માથા ઉપરનો સાફો પૃથ્વી ઉપર પાથરી દ્યો, મહારાજ એમાં છાપો આપશે."

રાણીનો ભક્તિભાવ ફરીથી મેદાન મારી ગયો! મહારાજે પ્રસન્ન થઈને સાફાના વસ્ત્ર ઉપર કુંકુમવર્ણા ચરણારવિંદની છાપો પાડી આપી.

શ્રીજી મહારાજે વાંસદામાં પાડી આપેલ ચરણારવિંદની છાપો આજે પણ સંપ્રદાયના સંગ્રહ સ્થાનમાં વિદ્યમાન છે.

વિજયદેવજીની ઘોડેસ્વારી

ધરમપુરમાં મહારાણી કુશળકુંવરબા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સાથેના સંતો-ભક્તોને પ્રસન્ન કરવા માટે અવનવાં આયોજન કરતાં હતાં.

કુંવર વિજયદેવજીની ઉંમર નાની હતી, પરંતુ તેઓ ઘોડેસ્વારી અને તીરંદાજીમાં ભારે કુશળ હતા. માતુશ્રીની આજ્ઞાથી એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કરવા માટે ઘોડેસ્વારીના વિવિધ દાવો રજૂ કર્યા અને સર્વને આશ્ચર્યચકિત કર્યાં.

એમાંય એમણે શરીરનું સંતુલન અને તીરંદાજીના એવા અદ્ભુત દાવ રજૂ કર્યા કે જેની કલ્પના પણ ન થઈ શકે. બે જાતવાન દોડતા અશ્વો ઉપર વિજયદેવજીએ એક એક પગ રાખ્યો અને સ્થિર ઊભા રહ્યા. એમના શરીર સંતુલનની કુશળતા કલ્પનાતીત હતી. એમાં પણ એમણે જ્યારે મારતે અશ્વે હાથમાં તીર અને કમાન લઈને નિશાન વીંધ્યું, ત્યારે એમની આ કળા અર્જુનના મત્સ્યવેધની યાદ અપાવી ગઈ.

કુંવરની આ અદ્ભુત કળા જોઈને મહારાજ ખૂબ જ રાજી થયા. મહારાજ સાથેના કાઠી દરબારો મોંઢામાં આંગળા નાખી ગયા. ઘોડા તો એય ખેલવી જાણતા હતા, પરંતુ આવી કળા કોઈમાં ન હતી. સાંજના સમયે રોજિંદા ક્રમ પ્રમાણે સંતો-ભક્તોની સભા થઈ. સભામાં મહારાજે વિજયદેવજીની કળાના વખાણ કર્યાં અને કહ્યું, "સંતો! તમારે

સર્વેએ મન રૂપી માતેલા અશ્વને જીતવા માટે વિજયદેવજી જેવી કળા શીખવી પડશે!"

"મન રૂપી વેગવાન અશ્વ અનેક દિશામાં આડોઅવળો દોડે છે. કુશળ ઘોડેસ્વાર જેમ અશ્વને વશ કરે, એ જ રીતે સાધુઓએ પોતાનાં મનને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવો જોઈએ."

"સંતો! એક બાજુ દેહભાવનો અશ્વ છે, બીજી બાજુ બ્રહ્મભાવનો અશ્વ છે. અમારી મૂર્તિ રૂપી લક્ષ્ય છે. સંતો! તમારે દેહની ક્રિયા કરતાં કરતાં પણ બ્રહ્મભાવનું અનુસંધાન રાખી, અમારી મૂર્તિ રૂપી લક્ષ્ય સિદ્ધ કરવાનું છે."

આટલું કહી મહારાજ હરિભક્તો સામે દષ્ટિ કરી બોલ્યા, "ભક્તો! તમારે પણ વ્યવહારની ક્રિયા કરતાં કરતાં અમારી મૂર્તિનું અનુસંધાન ભૂલવાનું નથી. વિજયદેવજી કુશળતાથી બે અશ્વો ઉપર સવારી કરી શકે છે, તો તમે પણ મનરૂપી અશ્વ ઉપર સવારી કેમ ન કરી શકો!"

યોગના ગહન સૂત્રનું રહસ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણે ઘોડેસ્વારીના દષ્ટાંત દ્વારા સરળતાથી સમજાવી દીધું.

ધરમપુરમાં વસંતઉત્સવ

કુશળકુંવરબાના ભાવને પૂર્ણ કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે ધરમપુરમાં વસંતઉત્સવ કર્યો. રાજભવનની આગળના વિશાળ ચોકમાં સમૈયો ભરાયો. સંતો-ભક્તોની ભીડ સમાતી ન હતી. રાજમાતાએ આસપાસના ભાયાતોને પણ તેડાવી લીધા હતા. આ ઉત્સવ રાજપરિવાર પૂરતો સીમિત ન હતો, નગરની આમજનતા અને વનવાસી ભીલો પણ આ સમૈયામાં મોટી સંખ્યામાં એકઠા થયાં હતાં.

રંગબેરંગી ફૂલો તેમ જ આંબાનાં પાનનો સુંદર હીંડોળો તૈયાર કરવામાં આવ્યો. રાજમાતાના ભાવને પૂર્ણ કરવા માટે મહારાજ હીંડોળે બિરાજમાન થયા.

રાજમાતાની આજ્ઞાથી કુંવર વિજયદેવજીએ ભારે ભાવથી મહારાજનું પૂજન કર્યું. સંતો-ભક્તો મહારાજને ઝુલાવવા લાગ્યા. ગવૈયા સંતો વસંતની વધાઈનાં પદો ગાવાં લાગ્યાં. કુશળકુંવરબા દૂર બહેનોના વિભાગમાં ઊભા રહીને આ દર્શન કરી રહ્યા હતા.

આખરે મહારાજે રંગોત્સવની શરૂઆત કરી. કેસરિયા રંગના માટ અને અબીલ, ગુલાલ, કંકુ તેમ જ કેસરવરણાં કેસૂડાંના ફૂલોનાં ગાડેગાડાં ભર્યાં હતાં.

કેસૂડાંના ફૂલોમાં વનવાસી ભીલોના પ્રેમની કેસરવરણી ભાત્યું ભરી હતી.

કેસૂડાંના ફૂલોને ઉકાળીને કેસરિયા રંગના માટ ભરવામાં આવી રહ્યાં હતાં.

મહારાજ ખોબા ભરીભરીને સર્વ ઉપર અબીલ-ગુલાલ ઉડાડવા લાગ્યાં. પછી હાથમાં પિચકારી લઈ સર્વ ઉપર કેસરિયા રંગની ઝડી વરસાવી.

સંતો-હરિભક્તો પણ પિચકારીઓ લઈને એકાબીજા ઉપર રંગની ઝડીઓ વરસાવવા

લાગ્યા. આખા આકાશમાં ભાતભાતના રંગોની ભાતો ભરાઈ ગઈ! આ મેઘધનુષી દૃશ્ય સર્વનાં મનને મોહ પમાડનારું હતું.

ઉત્સવના આ અલૌકિક આનંદના ઘોડાપૂરમાં કોણ રાજા – કોણ રંક? કોણ નાનું – કોણ મોટું? કોણ નગરવાસી – કોણ વનવાસી? બધા જ ભેદ તણખલાંની જેમ તણાઈ ગયા. સમરસતાનું સુંદર વાતાવરણ સહજ રીતે સર્જાયું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રેમભરી નજર પામીને ભોળાં વનવાસીઓ ધન્ય થયાં હતાં અને 'સ્વામિનારાયણ બાપા'નો જયઘોષ કરી રહ્યા હતા. વનવાસીઓ માટે આ પ્રસંગ અત્યંત દુર્લભ હતો. મહારાજના પ્રેમસાગરે સર્વને પોતામાં સમાવી લીધા હતા.

વસંતઉત્સવ ધામધૂમથી પૂર્ણ થયા બાદ શ્રીહરિને ગઢપુર પધારવું હતું, પરંતુ રાજમાતા રજા દેતા નહોતા. આખરે મહારાજે જેમતેમ કરી કુશળકુંવરબાને મનાવ્યા.

ભગવાનને ભાવભરી વિદાય આપતી વખતે રાજમાતાએ બે હાથ જોડીને મહારાજને કહ્યું, "મહારાજ! હવે મને શું આજ્ઞા છે?"

મહારાજે કહ્યું, "રાજમાતા! તમે વૃદ્ધ થયા છો. કાયા તો કાચી માટીનો કુંભ છે, એ ક્યારે ફૂટી જાય એનો કોઈ ભરોસો નથી! માટે તમે દેહભાવથી મુક્ત થઈ, બ્રહ્મભાવે અમારી મૂર્તિનું ધ્યાન કરતાં રહેજો. સમય આવ્યે અમે તમને અમારા ધામમાં તેડી જઈશું." રાજમાતાએ મહારાજનાં વચનોને અંતરમાં ધારી લીધાં. કુશળકુંવરબાની વિરહભરી વિદાય લઈને મહારાજ ગઢપુર પધાર્યા.

વનવાસી શબરીમાતા જેમ રામદર્શન માટે જ જીવી રહ્યા હતા એમ કુશળકુંવરબા પણ માત્ર ભગવાન શ્રીહરિનાં દર્શન માટે જ જીવી રહ્યા હતા. એમના જીવવાનું પ્રયોજન હવે પૂર્ણ થયું હતું. મહારાજનો વિરહ એમનાથી સહેવાયો ન હતો. એમણે અન્નજળ છોડી દીધાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર પધાર્યા બાદ બરાબર પંદર દિવસે એમણે પોતાનું શરીર પાણીવિછોયા માછલાની પેઠે છોડી દીધું હતું.

મહારાજને ગઢપુરમાં સમાચાર મળ્યા કે કુશળકુંવરબાએ દેહ છોડી દીધો છે. મહારાજે કુશળકુંવરબાની યાદમાં વિશાળ સભા ભરીને કહ્યું, "કુશળકુંવરબાનો જીવ અતિ ઉચ્ચ કોટિનો હતો. એમણે કરેલાં સત્કાર્યોનાં ફળરૂપે એમને અમારી પ્રાપ્તિ થઈ હતી. એ જીવ અમારો હતો અને અમે એને અક્ષરધામમાં અમારી મૂર્તિના સુખે સુખિયા કરી દીધાં છે."

કુશળકુંવરબાનું શરીર ભલે નાશ પામ્યું, પરંતુ એમની અમરગાથાને કાળ પણ ખાઈ નહિ શકે. ભક્તિમાર્ગમાં આવા ભક્તોની ગાથાઓ દુર્લભ હોય છે.

નોંધ – ધરમપુરના આ પ્રસંગનો ઉલ્લેખ 'હિસ્ટરી ઍન્ડ એડમિનિસ્ટ્રેશન ઑફ ધરમપુર સ્ટેટ' ઈ. સ.૧૮૬૨ થી ૧૯૩૭ માં મળી આવે છે. મૂળ ઉલ્લેખ અંગ્રેજીમાં છે.

તેનો ગુજરાતી અનુવાદ અત્રે આપ્યો છે, — ‘કુશળકુંવરબા મહીડા રાજકુટુંબની દીકરી હતા. ખૂબ મુત્સદ્દી અને શક્તિશાળી હતા.’(પા.૨૬) – ‘ધરમપુરના રાણા સોમદેવના લગ્ન મહીડા રાજકુંવરી કુશળકુંવરબા સાથે થયાં હતાં. (પા.૨૮) તેઓ ધાર્મિકવૃત્તિનાં હતાં અને રાજ્ય કારભાર કુશળ રીતે ચલાવી શકે તેવી શક્તિ ધરાવતાં હતાં. તેમના રાજ્યકારભાર દરમ્યાન સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક અને એક સાચા ધાર્મિક સુધારક ભગવાન શ્રી સ્વામિનારાયણની ધરમપુરમાં તેમણે પધરામણી કરાવી હતી અને તેમના મોભાને શોભે એવું તેમનું સન્માન તેમણે તથા ધરમપુરના પ્રજાજનોએ કર્યું હતું. તેઓ ધરમપુરમાં રહ્યા, ત્યારે ત્યાં વસંતનો ઉત્સવ તેમણે ઉજવ્યો હતો. કુશળકુંવરબાના પુત્ર રૂપદેવ ચોવીસ વર્ષે ધામમાં ગયા. ત્યારબાદ તેમના પુત્ર વિજયદેવ પહેલા રાજગાદી ઉપર આવ્યા, પરંતુ સગીર હોવાથી રાજકારભાર રાજમાતા કુશળકુંવરબા ચલાવતાં હતાં.’ (પુસ્તક ‘ભગવાન શ્રી સ્વામિનારાયણ’ માંથી – લેખક – હર્ષદ દવે – સાભાર)

સુરા ખાચર માનતા પૂરી કરવા ગઢપુર આવ્યા

વિક્રમ સંવત ૧૮૭૭ની સાલ હતી. કારતક માસ લગભગ પૂરો થવા આવ્યો હતો. શિયાળાના દિવસો શરૂ થઈ રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા.

દરબાર સુરા ખાચર મહારાજને લોયા તેડી જવા માટે ગઢપુર આવ્યા. સુરા ખાચરના ધર્મપત્ની શાંતાબાએ સુરા ખાચરને ભારપૂર્વક કહ્યું હતુ કે, ‘મહારાજને લીધા સિવાય લોયા પાછા આવતા નહીં.’

સુરા ખાચરે હાથ જોડી મહારાજને વિનંતી કરી, “મહારાજ! લોયા પધારો. મનગમતા ઉત્સવ કરો. ઉત્સવમાં સાધુસંતો અને હરિભક્તોને તેડાવો એવી મારી વિનંતી છે.”

મહારાજે કહ્યું, “સુરા ખાચર! ઉત્સવમાં તો ખર્ચ બહુ થાય, ખર્ચમાં તમારાથી પહોંચી વળાશે?”

સુરા ખાચરે કહ્યું, “મહારાજ! એક સમય હતો. હું ગામધણી દરબાર કહેવાઉં, પણ ગઢમાં ગરીબાઈ આંટો લઈ ગઈ હતી. માથે મોવાળા જેટલું કરજ રહેતું. ક્યારેક દાણા ખૂટી જતા ત્યારે વાણિયાને ત્યાંથી દાણા કઢાવે અર્થાત્ ઉધાર લાવવા પડતા અને માંડ રોટલા ભેળા થતા. ક્યારેક ક્યારેક મેલીકારુ અર્થાત્ લૂંટફાટ પણ કરી લેતા, પણ બધી આવક વ્યસન અને ફેલમાં તણાઈ જતી.”

“આપનો આશરો કર્યા પછી આપની દયાથી ફેલમાત્ર છૂટી ગયા, પરિણામે વ્યવહાર સારો થયો.” આજે ઘોડશાળમાં હજાર-હજાર રૂપિયાની દશ ઘોડીયું છે. પટારો ભરીને રૂપિયા છે. કોઠારમાં કણ મા’તા નથી, માટે આપ ખરચની ચિંતા કર્યા સિવાય પ્રેમથી પધારો અને અમારો સંકલ્પ પૂરો કરો. એમાંય, હે મહારાજ! આ વખતે તો મેં એક

માનતા માની છે, તે તમારે દયા કરીને પૂરી કરવી પડશે.”

મહારાજ કહે, “દરબાર! શેની માનતા માની છે?”

સુરા ખાચર ઠાવકું મોઢું રાખીને બોલ્યા, “મહારાજ! ઈ વાત તો થોડી લાંબી છે.”

મહારાજ કહે, “પણ કહો તો ખરા!”

સુરા ખાચર થોડા ગંભીર બનીને બોલ્યા, “મહારાજ! થોડા દિવસ પહેલા ‘ગધના’ ચોર મારા ઘરમાં ચોરી કરવા આવ્યા, ઘરની પાછલી દીવાલ તોડી અંદર પેઠા. અંદરના ઓરડામાં પટારો પડ્યો હતો. પટારામાં રૂપિયા અને જર-ઝવેરાત વગેરે માલમત્તા ભરી હતી. મારા દીકરા આખેઆખો પટારો ઉઠાવીને ભાગ્યા.”

સુરા ખાચરની વાત સાંભળી મહારાજ થોડા ગંભીર બની ગયા અને બોલ્યા, “પણ ચોર ચોરી કરવા આવ્યા ત્યારે તમે શું કરતા હતા?”

સુરા ખાચર બોલ્યા, “મહારાજ! અમે બધાય તો ગાઢ ઊંઘમાં ઘારોડતાં હતાં અને ચોર પટારો લઈને ભાગી ગયા!” ગંભીર વાતને પણ હળવી કરવાની સુરા ખાચરની રીત ગજબની હતી.

મહારાજે મંદ મંદ હસીને કહ્યું, “સુરા ખાચર! ચોરની હિંમતને દાદ દેવી પડે, કે એણે તો એક વખતના ધાડપાડુના ઘરમાં જ ધાડ પાડી! પણ પછી શું થયું?”

સુરા ખાચરે કહ્યું, “મહારાજ! અમે સવારે જાગ્યાં ત્યાં ખબર પડી કે ઘરમાં ખાતર પડ્યું છે અને ચોર પટારો લઈને ભાગી ગયા છે. ચોરીની વાત સાંભળી મારા મનમાં ફાળ પડી! મેં મનોમન માનતા માની કે, હે મહારાજ! જો પટારો હેમખેમ મળી જાય તો એમાંની અડધી સંપત્તિ તમે રાજી થાઓ એવા કાર્યમાં વાપરવી.”

મહારાજે પૂછ્યું, “દરબાર! પછી ચોર પકડાયા કે નહીં?”

સુરા ખાચરે કહ્યું, “મહારાજ! ચોર તો ન પકડાયા, પણ ચારે બાજુ શોધખોળ કરતા ગામથી થોડે દૂર પટારો મળી આવ્યો.”

સભામાં બેઠેલા ભક્તજનો અદ્ધર શ્વાસે સુરા ખાચરની વાત સાંભળી રહ્યા હતા. વાતને આગળ વધારતા સુરા ખાચર બોલ્યા, “મહારાજ! બન્યું એવું કે ચોર ગામથી થોડે દૂર ગયા હશે, પટારો તોડવા મહેનત કરી હશે, પરંતુ પટારો તૂટ્યો નહીં હોય એટલે બીકના માર્યા મારા દીકરા પટારો પડતો મેલી ઊભી પૂંછડીએ ભાગ્યા હશે.”

“મહારાજ! તમારી દયાથી પટારો અકબંધ હતો. અંદરના રૂપિયા, ઘરેણાં, જર-ઝવેરાત સલામત હતાં! મેં ઘરે આવી નાથિયાની માને કહ્યું, મહારાજની કૃપાથી પટારામાંથી એક રૂપિયોય આઘોપાછો થયો નથી! મેં માનતા માની છે કે, આમાંથી અડધી સંપત્તિ મહારાજ કહે તેમ સારાં કામમાં વાપરવી, તો એમાં તમે રાજી છોને?”

“મારી વાત સાંભળીને નાથિયાની મા બોલ્યા, “દરબાર! જો ચોર લોકોથી પટારો તૂટ્યો હોત તો શું એ અડધી સંપત્તિ તમારા માટે રાખી મેલત? આ બધું હેમખેમ

રહ્યું એ મહારાજની કૃપાથી જ રહ્યું છે, માટે અડધી નહિ પૂરેપૂરી સંપત્તિ મહારાજ કહે એમ વાપરો! સંતો-ભક્તોને તેડાવો અને ઉત્સવ-સમૈયા કરાવો.”

વાતનું સમાપન કરતાં સુરા ખાચર બોલ્યા, “મહારાજ! નાથિયાની માએ કહ્યું છે કે મહારાજને લીધા સિવાય લોયા આવતા નહીં. હવે જો તમે લોયા નહીં પધારો, તો નાથિયાની મા મને ઘરમાં પેહવા નહીં દ્યે!”

સુરા ખાચરની વાત સાંભળી બધા હસી પડ્યા. ભક્તવત્સલ ભગવાને સુરા ખાચરની રક્ષા કરી; શાંતાબાએ સર્વસ્વ સમર્પણનો સંકલ્પ કર્યો, એ વાત સાંભળીને સર્વના અંતરમાં આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.

મહારાજ ધર્મસંકટમાં મુકાયા

આમ એક બાજુ સુરા ખાચર મહારાજને લોયા પધારવા આગ્રહ કરી રહ્યા હતા. યોગાનુયોગ એ જ સમયે પંચાળાથી દરબાર ઝીણાભાઈ પણ મહારાજને તેડવા માટે ગઢપુર આવ્યા હતા.

પંચાળા દરબાર ઝીણાભાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. તેઓનું નામ હેમંતસિંહજી હતું, પરંતુ તેઓ ઝીણાભાઈના હુલામણા નામે પ્રસિદ્ધ હતા. ગઢપુરના જેવા દાદા ખાચર હતા, એવા જ પંચાળાના ઝીણાભાઈ હતા.

ઝીણાભાઈ મહારાજને પંચાળા પધારવા આગ્રહ કરી રહ્યા હતા. દાદા ખાચરની ઇચ્છા હતી કે મહારાજ ગઢપુર છોડીને દૂર ન જાય, કારણ કે મહારાજનો વિરહ સહેવો એમના માટે મુશ્કેલ હતું.

એક બાજુ લોયા દરબાર સુરા ખાચર, બીજી બાજુ પંચાળા દરબાર ઝીણાભાઈ અને ત્રીજી બાજુ ગઢપુર દરબાર દાદા ખાચર. આમ, ત્રણેય પ્રેમી ભક્તોના આગ્રહથી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રેમના તરભેટે ઊભા હતા.

શું કરવું? એનો નિર્ણય કરવો કપરો હતો. ભક્તોના ભાવને આધીન મહારાજ ભારે ધર્મસંકટમાં મુકાયા હતા.

આખરે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે મોટા સંતો સાથે વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે પ્રથમ લોયા જઈ સુરા ખાચરના મનોરથ પૂર્ણ કરવા, પછી પંચાળા જવું અને દાદા ખાચરને સહ પરિવાર સાથે લેવાં.

સંતોએ વિવેકપૂર્ણ માર્ગ કાઢ્યો, એથી મહારાજ અત્યંત રાજી થયા. મહારાજ સંતો-પાર્ષદોને સાથે લઈ લોયા પધાર્યા.

ઉત્સવપ્રિય ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયામાં ક્યારેય જોયો ન હોય, ક્યારેય સાંભળ્યો ન હોય, એવા એક અનોખા ઉત્સવના મંડાણ લોયામાં કરવાના હતા.

ગધના બધાય ખૂંતી ગયા!

લોયામાં સુરા ખાચરના દરબારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ રોજ સભાઓ ભરતા હતા. સુરા ખાચરની હાજરી હાસ્યરસનો ઉમેરો કરીને સભાના ભારેખમ વાતાવરણને હળવુંફૂલ બનાવી દેતી હતી.

એક વાર મહારાજે સુરા ખાચરને કહ્યું, "સુરા ખાચર! આજે તો તમારા બાપદાદાઓ કેવા પ્રતાપી હતા? એની વાતો કરો."

સુરા ખાચર ભારે ગંભીર થઈ ગયા. એની નકલી ગંભીરતા પણ બધાને હાસ્ય ઉપજાવનારી હતી. કૃત્રિમ ગંભીરતા સાથે સુરા ખાચર બોલ્યા, "મહારાજ! અમારા બાપદાદાના પ્રતાપની વાત જ જવા દો. ઈ તો મારા દીકરા બધાય ધાડપાડુનો ધંધો કરતા."

'મારા દીકરા' શબ્દ સાંભળતાં જ સભા ખડખડાટ હસવા માંડી. મહારાજ હસતાં હસતાં બોલ્યા, "સુરા ખાચર! તમે વાત તમારા બાપદાદાની કરો છો અને એને 'મારા દીકરા' કહો છો!"

સુરા ખાચર કહે, "મહારાજ! તમારે એવું ઝીણું ઝીણું ન જોવું. અમે તો જાડા માણસો કહેવાય. અમારી બોલી પણ એવી જાડી જ હોય. લ્યો હવે મૂળ વાત સાંભળો."

"એક દિ અમારા બાપદાદા ધાડ પાડવા ગયા. પચીસ-ત્રીસ અસ્વારો સાથે હતા. ધાડ પાડી માલમત્તા ભેગી કરી નીકળ્યા, ત્યાં વાંહે વા'ર ચડી."

"અમારા બાપદાદા ઘોડા ખેલાવવામાં ભારે કુશળ, એણે એવા ઘોડા દોડાવ્યા કે ગધેડીના વા'રવાળા વાંહે રહી ગયા."

સુરા ખાચરને વેણે વેણે હાસ્યરસ વરસી રહ્યો હતો. સુરા ખાચર બોલ્યા,"મહારાજ! અમારા બાપદાદા ઘોડા દોડાવ્યે જતા હતા, સાંજનું ટાણું થવા આવ્યું હતું. એવામાં ભોગાવા જેવી નદી આડી આવી. નદીમાં પાણી સાવ ઓછું અને કાદવ વધારે. સંધ્યાને અજવાળે કાદવમાં પાણીનો ભાસ થતો હતો. આગલા અસ્વારે કાદવને પાણી માની ઘોડાને નદીમાં નાખ્યો. ત્યાં તો ઘોડો કાદવમાં ગોઠણ સુધી ખૂંતી ગયો."

"ઘોડાને ખૂંતેલા જોઈ ઈ આડા કાઠીના દીકરાને થયું, 'ભારે કરી! પાણી છે નહિ અને ઘોડું તો કાદવમાં ખૂંત્યું. હવે વાંહ્યલા અસવારો મારી મજાક કરશે."

આમ વિચારતા વિચારતા એને એક યુક્તિ સૂઝી આવી અને નિર્ધાર કર્યો કે, 'હવે જો હું બધાયના ઘોડા ન ખૂંતાડું તો કાઠીનો દીકરો નહિ."

આટલું કહી સુરા ખાચર બોલ્યા, "મહારાજ! પછી તો માળો ઈ આપો ઘોડા ઉપર બેઠો બેઠો ત્રો... ત્રો... કરવા માંડ્યો." પશુઓને પાણી પાતા હોય ત્યારે ગામડાના લોકો ત્રો...ત્રો..શબ્દ વાપરતા હોય છે. "ત્રો.....ત્રો....! સાંભળીને વાંહ્યલા અસ્વારોને

થયું કે, 'આપા ઘોડી પાય છે.' એમ ધારીને વાંહ્યલા અસ્વારે ઘોડુ નાંખ્યું તો એનુંય ઘોડુ ખૂંત્યું!"

"પેલા આપાએ સાનમાં સમજાવ્યું, તુંય ત્રો....ત્રો.. .! કરવા માંડ્ય, નહિતર બેયની રેવડી થશે! કાઠીનો દીકરો સાનમાં સમજી ગયો અને એય પણ ત્રો...ત્રો...! કરવા માંડ્યો!" "પછી તો મહારાજ! એક પછી એક બધા આવતા ગયા, ઘોડા ખૂંતતા ગયા તોય બધા ત્રો...ત્રો...! કરતા ગયા અને 'ગધના' બધાય ખૂંતી ગયા!"

એક તો રમૂજ ભરેલી વાત અને એમાં પાછો 'ગધનો' શબ્દ આવ્યો એટલે આખી સભા હસી હસીને લોટપોટ થઈ ગઈ.

મહારાજ પણ મોંઢા આડો રૂમાલ દઈને ખડખડાટ હસતાં હસતાં બોલ્યા, "સુરા ખાચર! તમે તો ભારે કરી. તમે વાત તમારા બાપદાદાની કરો છો, એક વાર તમે એને 'દીકરા' કીધા અને હવે 'ગધના' સુધી પહોંચ્યા! તમારા બાપદાદા 'ગધના' તો તમે કેવા?" સભામાં પાછો હાસ્યરસ રેલાઈ રહ્યો.

સુરા ખાચર પાછુ ઠાવકું મોંઢું રાખીને બોલ્યા, "મહારાજ! તમે ભગવાન સાચા, પણ અમારી કાઠીની ભાષાનો મરમ તમને ન સમજાય!"

"મહારાજ! અમારી કાઠીની નાતમાં 'ગધનો' કહેતા આવડી જાય, એટલે ઈ સોળેય સોપારા ભણી ગયો કહેવાય! પછી એને ભણવા માટે કાશીએ ન જવું પડે."

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના દરબારમાં સુરા ખાચરની હાજરી હાસ્યરસ રેલાવતી રહેતી. સુરા ખાચરની ત્રો..ત્રો...! ની વાત સાંભળી મહારાજે સંતો અને ભક્તોને કહ્યું, "ભક્તજનો! સુરા ખાચરની વાત ભલે રમૂજની હોય, પણ એનો મર્મ ભારે છે. આ સંસારમાં સર્વે ત્રો..ત્રો..! કરતાં કરતાં જ માયાના કાદવમાં ખૂંતે છે. બાપો પરણ્યા પછી દુઃખી દુઃખી થઈ જાય છતાંય ત્રો...ત્રો...! કરીને એના છોકરાને પરણાવે!"

"ઈ છોકરો પાછો ત્રો...ત્રો...! કરીને એના છોકરાને પરણાવે! આમ આ ત્રો...ત્રો...!ની પરંપરામાં જે ફસાય તે બધા જ ખૂંતતા જાય! કોઈ વિરલ વ્યક્તિ જ એવી હોય છે કે જે આવા ત્રો..ત્રો...માં ફસાતા નથી અને એના જીવનનું ઘોડું માયાના કાદવમાં ખૂંતતું નથી. માયામય સંસારમાં રહેવા છતાંય માયાના બંધન જેને બાંધી શકે નહિ, એવા એકાંતિક ભક્તો અને સંતો અમને ખૂબ વ્હાલા છે."

સુરા ખાચરની રમૂજભરી વાત ઉત્તમ ઉપદેશ માટેનું નિમિત્ત બની ગઈ.

અભૂતપૂર્વ શાકોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ સુરા ખાચરના દરબાર ગઢમાં રોજ સભાઓ ભરી જ્ઞાનવાર્તા કરતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન લોયાના વચનામૃતોમાં વણાયેલું છે.

શિયાળાની ઋતુ હતી. સુરા ખાચરના દરબારમાં જ્ઞાનરસ વરસતો હતો, સાથે સાથે હાસ્યરસની હેલી પણ વરસતી હતી. હવે એમાં અદ્‌ભુત ઉત્સવ-રસ ઘોળાવાની તૈયારી થઈ ચૂકી હતી.

ભારતીય સંસ્કૃતિમાં અનેક ઉત્સવો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમાં એક નવા ઉત્સવનો ઉમેરો કર્યો અને એ છે, 'શાકોત્સવ.'

આજ સુધી ક્યાંય થયો ન હોય, કોઈએ સાંભળ્યો ન હોય! એવો આ ઉત્સવ છે. આ ઉત્સવનો આરંભ લોયા ગામથી થયો. ઉત્સવનું નિમિત્ત એક નાનકડો પણ પ્રેરક પ્રસંગ બન્યો.

મહારાજ સભામાં બિરાજમાન હતા. એવામાં એક ગરીબ ખેડૂત મહારાજનાં દર્શને આવ્યો. ખેડૂતની વાડીમાં સુંદર રીંગણાં પાક્યાં હતાં. એના મનમાં થયું, 'હું થોડાં રીંગણાં મહારાજના થાળ માટે લઈ જાઉં.' એણે સારાં જોઈને રીંગણાં ઉતાર્યાં, ફાટેલાં પનિયાનાં છેડે બાંધ્યાં અને મહારાજ પાસે આવ્યો પણ સંકોચનો માર્યો સભાની પાછળ બેસી ગયો. એના ફાટેલા પનિયાની પોટલીમાંથી રીંગણાંનાં ડિટીંયાં બહાર ડોકાઈ રહ્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિ દૂર બેઠેલા એ ગરીબ ખેડૂત ઉપર પડી. એમણે ખેડૂતને નજીક બોલાવ્યો અને પૂછ્યું, "ભગત! અમારા માટે શું ભેટ લાવ્યાં છો?"

મહારાજે સામે ચાલીને બોલાવ્યો એટલે ખેડૂત રાજી રાજી થઈ ગયો. એણે સુદામાની તાંદુલની પોટલી જેવી રીંગણાંની પોટલી મહારાજ સન્મુખ મૂકી.

મહારાજે પોટલી ખોલી રીંગણાં હાથમાં લીધા. સુંદર ચળકતા એરંડિયા રીંગણાં જોઈ મહારાજ અત્યંત રાજી થયા. મહારાજે સુરા ખાચરને કહ્યું, "દરબાર! આ રીંગણાં તો બહુ સુંદર છે."

સુરા ખાચર બોલ્યા, "હા, મહારાજ! સુખભાદર નદીના પાણીનાં પ્રતાપે ખેડૂતોની વાડીમાં રીંગણાં સારાં થાય છે અને આ વર્ષે તો મબલક પાક આવ્યો છે."

સુરા ખાચરની વાત સાંભળતા જ મહારાજના મનમાં અચાનક એક અનોખો ઉત્સવ સ્ફૂર્યો; મહારાજ બોલ્યા, "સુરા ખાચર! તમારે ઉત્સવ કરાવવો છે ને?"

સુરા ખાચરે કહ્યું, "હા, મહારાજ! એટલા માટે તો મેં આપને અહીં તેડાવ્યા છે!"

મહારાજ કહે, "દરબાર! આપણે બ્રહ્માંડમાં ક્યારેય ન થયો હોય એવો ઉત્સવ કરવો છે."

સુરા ખાચર બોલ્યા, "મહારાજ! ક્યો ઉત્સવ કરીશું?"

મહારાજ હસીને કહે, "શાકોત્સવ!"

સુરા ખાચર કહે, "મહારાજ! આ વળી કઈ ભાતનો ઉત્સવ!"

મહારાજ કહે, "શાકોત્સવ એટલે રીંગણાંના શાકનો ઉત્સવ. શાકોત્સવ એટલે નાનામાં નાનો ગરીબ માણસ પણ ભાગ લઈ શકે એવો ઉત્સવ. આ ઉત્સવમાં રોટલા-

રોટલી, પકવાન્ન જે બનાવવું હોય તે ભલે બનાવડાવો, પરંતુ મુખ્ય તો રીંગણાંનું શાક જ રહેશે." મહારાજની વાત સાંભળીને સર્વને આશ્ચર્ય થયું. આજ સુધી કોઈએ રીંગણાંના શાકનો ઉત્સવ થાય, એવું તો સાંભળ્યું જ નહોતું.

મહારાજે કહ્યું, "દરબાર! વાડીએ-વાડીએથી રીંગણાં મગાવો. પણ જોજ્યો હોં, તમારી જૂની રીત પ્રમાણે રીંગણાં મફત ન પડાવતાં! પૂરેપૂરું મૂલ ચૂકવીને લેજો, ગરીબ ખેડૂતોને અન્યાય ન થાવો જોઈએ. તમારી પવિત્ર સંપત્તિ અમારે શાકોત્સવમાં વાપરવી છે, કોઈને કોચવીને લાવેલું અમને ન ખપે!"

સુરા ખાચરે હાથ જોડીને કહ્યું, "ભલે, મહારાજ! એમ જ થશે."

આમ એક ગરીબ માણસના રીંગણાંમાંથી શાકોત્સવની શરૂઆત થઈ, જે સંતો-ભક્તોને આનંદ ઉપજાવનારી અને અનેક ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ વધારનારી બની.

સામાન્ય રીતે શાકભાજી વધારે પાકે, ત્યારે એના ભાવ તળિયે જાય, પરંતુ શાકોત્સવને લીધે રીંગણાંના ભાવ વધ્યા અને પુરુષાર્થ કરી પેટ ભરનારા ખેડૂતોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ન્યાલ કર્યાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સુરા ખાચરના યજમાનપદે ભવ્ય શાકોત્સવ ઊજવ્યો. મહારાજે પાંચસો પરમહંસોને તેડાવ્યા, દૂર દૂર દેશાંતરથી ભક્તજનોના સંઘો પણ આવ્યા.

ગાડાં ભરીભરીને રીંગણાં આવવાં માંડ્યાં. મોટા મોટા મંગાળા મંડાયા, એના ઉપર મોટી મોટી દેગો ચડાવવામાં આવી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ રીંગણાંની ચાર ચીરો કરાવતા, તેમાં હવેજ ભરાવતા; મીઠું, મરચું, હળદી વગેરે તમામ મસાલા પોતાને હાથે નાખતાં. આખી દેગ રીંગણાંથી ભરાય જાય પછી ઉપરથી ખૂબ ઘી પધરાવતાં; રીંગણાં ઘીથી તરબતર થઈ જતાં. આ રીતે મહારાજ સ્વયં શાક વઘારતા; મોટા હાથાવાળા તાવીથાથી હલાવીને શાકને એકરસ કરતા.

સમકાલીન સંતોએ નોંધ કરી છે કે શાકોત્સવની શરૂઆત મણ ઘીના વઘારથી થઈ હતી, જે છેવટે બાર મણ ઘી અને સાંઈઠ મણ રીંગણાં સુધી પહોંચી હતી! આના ઉપરથી જ શાકોત્સવ કેટલો ભવ્ય હશે! અને કેટલા માણસો ભેગા થયા હશે! એનું અનુમાન આવી શકે છે.

શાક ઘીથી રસબસ રહેતું; આ શાક જૂના જમાનાના માણસોના જઠર જ પચાવી શકે, એવું આ શાક હતું. આજનો તકલાદી માણસ તો આટલાં ઘીવાળા શાકને જોઈને જ માંદો પડી જાય!

રીંગણાંના શાકની સાથે રોટલી તથા અન્ય પકવાન્નો તો ખરા જ, પરંતુ બીજી બધી વાનગીઓ કરતા રીંગણાંના શાકનો જ ઉપાડ વિશેષ થતો હતો, કારણ કે આ

શાક સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે વઘારેલું હતું!

એવામાં એક પ્રસંગ બન્યો. બોચાસણના કાશીદાસ સંઘ લઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને આવેલા. આ જ સમયે મહારાજે અસલ રસોઇયાનું રૂપ ધર્યું હતું. તેઓ શાક વઘારતા હતા, હળદીવાળા હાથ ધોતિયે લૂછતા જતા હતા, હાથમાં મોટો તાવીથો હતો, ખંભે રસોયા મહારાજ જેવો જ લાલ કલરનો ગમછો હતો, મસ્તક ઉપર પ્રસ્વેદ બિંદુઓ જામેલાં હતાં.

સંઘના ભક્તોએ દૂરથી મહારાજને રસોઇયાના વેશમાં જોયા એટલે મનમાં થયું, 'અરે! આને તે કાંઈ ભગવાન કહેવાતા હશે! આપણો ફેરો નકામો ગયો, આપણે પાછા વળી જઈએ.' અંતર્યામી મહારાજે હસીને સાદ કર્યો, 'કાશીદાસ! સંઘના માણસોને લઈને નજીક આવો.'

કાશીદાસ અને બધા ભક્તજનો નજીક આવ્યા એટલે મહારાજે કહ્યું, "ભક્તો! કોઈ કાશી કે હરિદ્વાર જાત્રા કરવા જાય, ચોમાસાનો સમય હોય, વરસાદને લીધે ગંગાજીનું પાણી ડહોળું થઈ ગયું હોય, ડહોળું પાણી જોઈને કોઈ નાહ્યા વગર પાછો આવે એ ડાહ્યો કહેવાય?"

સંઘના ભક્તો એકબીજાની સામે જોવા લાગ્યા. એમને થયું, 'અરે! આ તો મહારાજ આપણા જ મનની વાત કરી રહ્યા છે. સ્વામિનારાયણ તો ભારે અંતર્યામી લાગે છે!'

એ જ વખતે મહારાજનાં શરીરમાંથી દિવ્ય પ્રકાશ નીકળવા લાગ્યો. મહારાજનાં દિવ્ય તેજસ્વી રૂપનાં દર્શન કરીને ભક્તજનો ધન્ય થઈ ગયા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા.

લોયાનો આ શાકોત્સવ આશરે એક મહિના સુધી ચાલ્યો હતો. આમ, ભારતની ભાતીગળ અને ઉત્સવપ્રિય સંસ્કૃતિને એક અદ્‌ભુત ઉત્સવની ભેટ મળી. આજે શહેરે-શહેરે અને ગામડે- ગામડે આ શાકોત્સવ ભવ્ય રીતે ઊજવાઈ રહ્યા છે. બીજા ઉત્સવો માટે તિથિ, વાર, નક્ષત્ર નિશ્ચિત હોય, જ્યારે આ શાકોત્સવ માટે કોઈ નિશ્ચિત તિથિ હોતી નથી. શિયાળો શરૂ થાય કે તુર્ત જ ઠેર ઠેર શાકોત્સવો શરૂ થઈ જાય. આ શાકોત્સવો આખો શિયાળો ચાલે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલ આ શાકોત્સવને લીધે રીંગણું શાકનું રાજા બની ગયું!

ચાવીને ખાય એ વિમુખ!

લોયાનો શાકોત્સવ પૂર્ણ થયા બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળા દરબાર શ્રી ઝીણાભાઈનો મનોરથ પૂર્ણ કરવા માટે પચીસ-ત્રીસ કાઠી સ્વારોને સાથે લઈને પંચાળા તરફ પ્રયાણ કર્યું.

મહારાજે પરમહંસોને આજ્ઞા કરી કે 'તમે બધા તમારી રીતે પંચાળા તરફ પ્રયાણ કરો, અમે પાર્ષદો સાથે અમારી રીતે પંચાળા પહોંચીશું.'

મહારાજ પંચાળા પધારી રહ્યા હતા, રસ્તામાં માણાવદર ગામ આવ્યું. માણાવદરના મયારામ ભટ્ટ અત્યંત પવિત્ર બ્રાહ્મણ હતા. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અને સહજાનંદસ્વામી બેયની એમના ઉપર પૂર્ણ કૃપા હતી. મયારામ ભટ્ટે મહારાજ તેમ જ કાઠી દરબારો માટે જમવામાં ખીચડી રાંધી હતી.

મહારાજ પ્રથમ થાળ જમવા બેઠા તો ખ્યાલ આવ્યો કે, 'ખીચડીમાં કાંકરા ખૂબ જ છે.' મહારાજને થયું, 'આ કાંકરાવાળી ખીચડી કાઠીઓ જમશે, તો આ ગરીબ બ્રાહ્મણની ઠેકડી ઉડાવશે.' આવું ન થાય માટે મહારાજે એક અનોખો ઉપાય વિચાર્યો.

બધા કાઠી દરબારો જમવા બેઠા, પાત્રમાં ભોજનસામગ્રી પીરસાઈ ગઈ. બરાબર એ જ સમયે મહારાજ પંક્તિમાં પધાર્યા અને બોલ્યા, "દરબારો! આજે પ્રકરણ ફરે છે. "

'પ્રકરણ' શબ્દ સાંભળે એટલે બધાના કાન ચમકે! બધાને થાય કે, 'આજે મહારાજ આપણને નવા નિયમની બેડીયે બાંધશે. આજે મહારાજ કયું પ્રકરણ ફેરવેશે?' એ સાંભળવા માટે સર્વેએ કાન સરવા કર્યાં.

મહારાજ બોલ્યા, "આજે જમતા જમતા જે ચાવે એ વિમુખ!"

આ નવતર પ્રકરણ સાંભળી બધાને આશ્ચર્ય થયું પણ જ્યારે ખીચડી ખાવા બેઠા ત્યારે ખ્યાલ આવ્યો કે, 'મહારાજે આવું પ્રકરણ શા માટે ફેરવ્યું છે?'

કાઠીઓ ખીચડી જમતા જાય, દાંતમાં કાંકરા કચડ કચડ થાતા જાય, પણ જો બોલે તો વિમુખ થાય.

વિમુખ થવું એટલે મહારાજથી દૂર થવું, સત્સંગીઓના સમૂહમાંથી બહિષ્કૃત થવું. મહારાજના કુરાજીપાનું પાત્ર થવું. પછી તો ન મહારાજના દર્શન થાય, ન પૂજન થાય, ન મહારાજની વાતો સાંભળવા મળે, એટલું જ નહીં સત્સંગમાં સર્વત્ર અનાદરના પાત્ર થવું પડે. ભક્તો માટે વિમુખ થવું એ મોટી સજા ગણાય!

મહારાજના ભક્તોને બધુંય પોસાય એમ હતું, પણ મહારાજથી વિમુખ થવું કોઈ રીતે પરવડે તેમ ન હતું; કારણ કે મહારાજ તો એમના જીવનપ્રાણ હતા.

કાઠી દરબારો ખીચડી ખાતા જાય, આંખથી સનકારા કરતા જાય, મૂછોમાં હસતા જાય, પણ 'ખીચડીમાં કાંકરા છે,' એવું તો બોલી શક્યા નહિ, કારણ કે જો બોલે તો વિમુખ ગણાય.

આ બાજુ આટલા બધા કાંકરાવાળી ખીચડી ખાવી કેમ? અને આજે તો મહારાજ પણ આગ્રહ કરી કરી ખીચડી પીરસાવ્યે જતા હતા અને ખીચડીમાં ઘી છલકાવ્યે જતા હતા.

ખીચડીના કાંકરાઓ કાઠીઓની ભોજનની મજા મારી નાખતા હતા. કહેવાય નહિ અને સહેવાય નહિ, એવી આ વાત હતી! આખરે સુરા ખાચરે મારગ શોધ્યો અને બોલ્યા, “મહારાજ! અમારે દરબારોમાં ખીચડી હાર્યે છાશ ખાવાનો રિવાજ છે, ઘી ઘણુંય થયું હવે છાશ પીરસાવો!”

સુરા ખાચરની વાત સાંભળી રમૂજની લહેર પ્રસરી. મહારાજે હસતાં હસતાં બધાને ખીચડી ભરેલી તાંસળીમાં છાશ પીરસાવી. સુરા ખાચરે સાનથી ખીચડીમાં હાથ ફેરવી રાબડું કરવાનો ઈશારો કર્યો અને ‘સ્વામિનારાયણ’ મંત્રની ધૂન બોલવા લાગ્યા.

દરબારોએ છાશ અને ખીચડીનું રાબડું કર્યું, રાબડામાં કાંકરા ધીરે ધીરે તળિયે બેઠા, દરબારોએ માંડ માંડ ભોજન પૂરું કર્યું પણ વાત આટલેથી પૂરી ન થઈ. ભગવાન શ્રી સ્વામિનારાયણે આજે હજુ પણ પોતાના પાર્ષદોની વધારે ને વધારે કસોટી કરવાનો સંકલ્પ કર્યો હતો. જે કસોટીનો આરંભ પંચાળામાં થવાનો હતો.

મહારાજ માણાવદરથી પંચાળા તરફ પ્રયાણ કરી રહ્યા હતા. રસ્તામાં મહારાજના મનમાં ઝીણાભાઈના પ્રેમ અને સદ્‌ગુણોનું સ્મરણ થયાં કરતું હતું.

જિતેન્દ્રિય દરબાર ઝીણાભાઈ

પંચાળા દરબાર ઝીણાભાઈ ઉપર મહારાજનો અત્યંત રાજીપો હતો, કારણ કે ઝીણાભાઈના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અત્યંત પ્રેમ હતો અને સાથે સાથે એમનું સમજણનું અંગ હતું.

સમજણ વગરનો પ્રેમ આંધળો હોય છે. એ ક્યારે ગોથા ખાઈ જાય? તેનો કોઈ ભરોસો નહીં. પ્રેમ વગરની સમજણ રેતીના કોરા રણ જેવી હોય છે. આવી શુષ્ક સમજણ ભગવાન શ્રી સ્વામિનારાયણને પસંદ નથી.

દરબાર શ્રી ઝીણાભાઈ મહારાજની બાંધેલી પંચવર્તમાનની મર્યાદા દઢતાથી પાળતા હતા. સૌથી વિશેષ વાત એ હતી, કે તેઓ ગામધણી દરબાર હોવા છતાં નાનામાં નાના માંદા હરિભક્તની સેવા ભારે ભાવથી કરતા હતા. આ બધી બાબતોને લીધે ઝીણાભાઈ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણનો અપાર રાજીપો રહેતો.

પંચાળાની વાટમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના મનમાં ઝીણાભાઈના કેટલાક પ્રસંગો યાદ આવી રહ્યા હતા.

પંચાળા ગામ જૂનાગઢ રાજ્ય નીચે આવતું હતું. ઝીણાભાઈ દરબાર જૂનાગઢ નવાબના માનીતા દરબારી હતા. એક વાર કંઈક રાજકાર્ય પ્રસંગે ઝીણાભાઈ જૂનાગઢ આવ્યા હતા. એ સમયે જૂનાગઢ નવાબે રાજદરબારમાં મહેફિલ યોજી હતી.

મહેફિલમાં અનેક નાનામોટા ખંડિયા રાજાઓ, અમીર-ઉમરાવો, ભાટ-ચારણો અને કવિઓ એકઠા થયા હતા. અફીણના કસૂંબા અને દારૂની રેલમછેલ ઊડતી હતી. સાથે

મુજરો કરનારી બાઈઓના નાચગાન પણ થઈ રહ્યા હતા. આખી સભા મહેફિલમાં મશગૂલ હતી.

આવા વિષયી વાતાવરણમાં એક સિંહ સમાન શૂરવીર ક્ષત્રિય યોગીની જેમ અલિપ્ત બેઠો હતો. આ મહેફિલની એના ઉપર કોઈ અસર વર્તાતી ન હતી. એ હતા દરબાર ઝીણાભાઈ. આવા દૂષિત વાતાવરણમાં પણ જેમ કાદવમાં કમળ ખીલ્યું હોય, તેમ ઝીણાભાઈ અંતરવૃત્તિ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ ધારીને ધ્યાનમુદ્રામાં શાંતિથી બેઠા હતા.

ચતુર નવાબની દૃષ્ટિથી આ અજાણ્યું ન રહ્યું. તેઓ વારંવાર ઝીણાભાઈ ઉપર દૃષ્ટિ ફેરવી રહ્યા હતા. ઝીણાભાઈની નિર્વિકાર સ્થિતિમાં એમણે કોઈ ફેરફાર ન જોયો.

નવાબને થયું 'ખરેખર આ ઝીણાભાઈ સાધારણ માણસ નથી, કોઈ મહાપુરુષ છે!'

મહેફિલ પૂરી થઈ ન થઈ ત્યાં નવાબ ઊભા થયા. ઝીણાભાઈને બાથમાં લઈ ભેટ્યા અને બોલ્યા, "ઝીણાભાઈ! તમે ખુદાના ખરેખરા આશિક છો, નહીંતર આવા વાતાવરણમાં ભલભલા યોગીઓનાં મન પણ ચલાયમાન થઈ જાય!"

આ પ્રસંગ પછી નવાબસાહેબ ઝીણાભાઈની ખુરશી કાયમ પોતાનાં સિંહાસનની પાસે રખાવતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને જ્યારે ગઢપુરમાં આ વાતની ખબર પડી, ત્યારે મહારાજ અત્યંત રાજી થયા અને ઝીણાભાઈને બિરદાવતા કહ્યું, "અમારા ભક્ત હોય તો આવા હોય! ઠાકોર ઝીણાભાઈને અમારી મૂર્તિ સિવાય બીજે ક્યાંય બંધન ન થઈ જાય એની સતત જાગૃતિ રહે છે!"

ઝીણાભાઈ રાજકાજ કરતા હતા, પણ એનું મન રાજર્ષિ જનક અને મોટા મોટા યોગેશ્વરો જેવું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં મનમાં દરબાર શ્રી ઝીણાભાઈનો બીજો એક પ્રસંગ પણ નજર સમક્ષ આબેહૂબ રમી રહ્યો હતો.

માંદાનો ખાટલો ખભે ઉપાડ્યો

માંગરોળમાં કમળશીભાઈ વાંઝા બહુ જ સારા સત્સંગી હતા. તેઓ વૃદ્ધાવસ્થામાં બીમાર થયા. માંદગી લાંબી ચાલી. દુર્ભાગ્યે કમળશીભાઈના ઘરના સભ્યો કમળશીભાઈની ભારે ઉપેક્ષા કરી રહ્યા હતા.

ઝીણાભાઈને આ વાતની ખબર પડી. તેઓ બધાં કામકાજ છોડી તત્કાળ કમળશીભાઈને ઘેર ગયા. જોયું તો કમળશીભાઈની માંદગી ખૂબ ગંભીર હતી. ઘરના સભ્યોને સેવામાં કોઈ રસ ન હતો.

સ્વાર્થી સંસારની રીત જોઈ ઝીણાભાઈને ભારે દુઃખ થયું. એમણે કમળશીભાઈના

પરિવારજનોને કહ્યું, "જો તમને વાંધો ન હોય, તો હું કમળશીભાઈને પંચાળા લઈ જાઉં અને ત્યાં એમની સેવા-ચાકરી કરીશ."

પરિવારના સભ્યોએ મીઠી ભાષામાં કહ્યું, "લઈ જાઓ બાપુ! તમને અમારાથી થોડી ના પડાય! અમારે કાંઈ વાંધો નથી."

કમળશીભાઈના શરીરની સ્થિતિ એવી નાજૂક હતી કે તેઓ ન તો ઘોડા ઉપર બેસી શકે તેમ હતા કે ન ગાડામાં, ખાટલામાં સૂવડાવીને એમને લઈ જવા પડે એમ હતા. પરિવારનો કોઈ સભ્ય ખાટલો ઉપાડી પંચાળા આવવા તૈયાર ન હતો. ખાટલો ઉપાડવા માટે મજૂરો શોધ્યા, તો માત્ર ત્રણ મજૂર મળ્યા. ઝીણાભાઈએ નિર્ણય કર્યો, 'ખાટલાનો ચોથો પાયો હું મારે ખંભે રાખીશ.'

ત્રણ મજૂર અને ચોથા ઝીણાભાઈ પોતે, માંદાનો ખાટલો ખંભે લઈને ચાલતા થયા. ઝીણાભાઈના એક હાથમાં ઘોડીની લગામ હતી અને ખંભા ઉપર માંદાનો ખાટલો હતો.

રસ્તામાં કોઈ ગામ આવ્યું. જાણીતા પટેલ સામા મળ્યા. એણે ભારે આશ્ચર્ય સાથે ઝીણાભાઈને કહ્યું, 'અરે ઠાકોરસાહેબ! આ શું કહેવાય? આપ ગામધણી થઈને ખાટલો ઉપાડો એ કાંઈ સારું લાગે?'

ઝીણાભાઈ કહે, 'ભગવાનના ભક્તની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે, મારાં ધન્ય ભાગ્ય કે આ સેવા મારા ભાગમાં આવી.'

પટેલ કહે, 'ઠાકોરસાહેબ! આપ થોડી વાર અહીં બેસો, હું હમણા જ મજૂર ખોળીને આવું છું.' પટેલ તરત જ ગામમાં ગયા. મજૂર શોધીને લઈ આવ્યા. આ રીતે ઝીણાભાઈ ભારે સંભાળપૂર્વક કમળશીભાઈને પંચાળા લઈ આવ્યા અને ખૂબ સેવાચાકરી કરી. થોડા સમય બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણ કમળશીભાઈને પોતાના ધામમાં તેડી ગયા હતા.

ઝીણાભાઈના પ્રસંગોને મનોમન વાગોળતાં વાગોળતાં ભારે ભાવવિભોર થયેલા મહારાજ પંચાળા પધાર્યા.

દરબાર ઝીણાભાઈ તથા એમના ભાઈ શ્રી દાદાભાઈ વગેરે ભક્તજનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું વાજતેગાજતે સામૈયું કર્યું અને દરબારગઢમાં ઉતારા કરાવ્યા.

ખોરી જારના રોટલા ખવડાવ્યા

સૌરાષ્ટ્રના સિંહ સમાન ક્ષત્રિયોને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્રેમના જાદુથી વશ કર્યા હતા. તેઓ ઘરબાર, ગામ-ગરાસ છોડીને ભગવાન શ્રી સ્વામિનારાયણની પાછળને પાછળ પડછાયાની જેમ ફરતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાર્ષદ થઈને ફરવું એ સહેલી વાત ન હતી. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા લેવાતી આકરી કસોટીઓમાંથી પસાર થવાનું રહેતું.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે જોયું કે સાથે ફરનારા પાર્ષદોમાં રસાસ્વાદ વધી ગયો છે. પંચાળામાં મહારાજે પોતાના પાર્ષદોની રસાસક્તિને નાથવાનો નિર્ણય કર્યો.

પંચાળામાં સભા ભરી જ્ઞાનવાર્તા કરતાં કરતાં મહારાજ બોલ્યા, "ઝીણાભાઈ! અમે અહીંયા આવ્યા તો છીએ પણ તમારે જો અમને અહીં વધારે રોકવા હોય તો અમારી એક શરત છે!"

ઝીણાભાઈએ હાથ જોડીને પૂછ્યું, "મહારાજ! શી શરત છે?"

મહારાજ બોલ્યા, "આ અમારા કાઠી દરબારો રોજ અમારી સાથે ફરે છે અને મેવા-મીઠાઈ જમી જમીને મોળાટે પડ્યા છે!"

મહારાજની વાતની માંડણી એવી હતી, કે દરબારોના મન ઊંચા થઈ ગયાં. દરેકને મનમાં થયું, 'નક્કી આ બાપો પાછો પ્રકરણ ફેરવવાનો થયો!'

મહારાજે વાત આગળ વધારતા કહ્યું, "ઝીણાભાઈ! હવે અમારા પાર્ષદોને મેવા-મીઠાઈ ભાવે એમ નથી, માટે તમે જો ખોરી જારના રોટલા કરાવો તો જ અમે અહીં રોકાઈએ."

સુરા ખાચરથી બોલાઈ ગયું, "મારી નાખ્યા મારા બાપાએ! આ કેવો ભગવાન ભટકાણો!"

ઝીણાભાઈએ મહારાજને હાથ જોડીને કહ્યું, "મહારાજ! આવા મોંઘેરા મહેમાન મારે ઘરે આવે અને ખોરી જારના રોટલા ખવડાવું તો મારી આબરૂના ધજાગરા થાય."

મહારાજે સહેજ પણ રાહત આપ્યા સિવાય કહ્યું, "ખોરી જારના રોટલા ખવડાવશો, તો જ અમે અહીં રહેશું, નહિતર કાલે ચાલતા થઈ જઈશું!"

ઝીણાભાઈને મને-કમને મહારાજની વાત સ્વીકારવી પડી. દરબારોના મોઢાં લંઘાઈ ગયેલાં રીંગણાં જેવાં થઈ ગયાં! સુરા ખાચર આંખ ઉપર હાથનું નેજવું માંડી ઉપર, નીચે, ચારે બાજુ જોવા માંડ્યા.

મહારાજે મંદ મંદ હસતાં હસતાં પૂછ્યું, "સુરા ખાચર! શું જુઓ છો?"

સુરા ખાચર ઠાવકું મોંઢું રાખી બોલ્યા, "મહારાજ! હું જોઉં છું કે જો કોઈ બીજો ભગવાન હોય તો એની પાસે જતો રહું. આ ખોરી જારના રોટલા ખવડાવે એવા ભગવાનની હાર્યે શું રહેવું?" સુરા ખાચરની વાત સાંભળી બધા હસવા માંડ્યા.

મહારાજ હસીને કહે, "સુરા ખાચર! તો તમને ક્યાંય બીજો ભગવાન દેખાણો?"

સુરા ખાચર કહે, "મહારાજ! એ જ મોટી ઉપાધિ છે ને! ચારે બાજુ જોયું, પણ ક્યાંય બીજો ભગવાન દેખાતો નથી!"

મહારાજ કહે, "તો હવે શું કરશો?"

સુરો ખાચર કહે, "બીજું શું થાય? કલ્યાણનો ખપ છે એટલે ખોરી જાર ખાઈને પણ તમારાં ચરણમાં પડ્યા રહીશું."

સુરા ખાચરને વેણે વેણે સભા હળવી ફૂલ થઈ રહી હતી. મહારાજે ખોરી જારના રોટલા કરાવ્યા અને પંક્તિમાં પોતે જાતે પીરસ્યા.

મહારાજની સાથે ફરનારા આ બધા દરબારો સુખી હતા, ગામધણીઓ હતા, જાગીરદારો હતા. એમણે ખોરી જાર ક્યારેય ખાધી ન હતી. ખોરી જારનો રોટલો એમના મોંઢામાં કેમેય કરીને જાતો ન હતો. બધા પરાણે પરાણે ખાવાનો પ્રયાસ કરતા હતા. કોઈ કોઈ તો રોટલો સૂંઘી સૂંઘીને પાછો થાળીમાં મૂકી દેતા હતા. ત્યાં તો મહારાજ બોલ્યા, "આજ તો અમે પણ તમારી સાથે ખોરી જારનો રોટલો જ જમીશું."

મહારાજે રોટલો મંગાવી પ્રેમથી જમવાનું શરૂ કર્યું, પછી દરબારો ક્યાં જાય? એ પણ મને-કમને ખોરી જારના રોટલા ખાવા લાગ્યા. મહારાજે હસીને પૂછ્યું, "કેમ સુરા ખાચર! રોટલો ભાવે છે ને? "

સુરા ખાચર ઠાવકું મોંઢું રાખીને કહે, "મહારાજ! કાલની ઓલા માણાવદરના બ્રાહ્મણની ખીચડીએ પેટને લોઢાના બાપ જેવું કરી નાખ્યુ છે, હવે આ રોટલો અંદર જશે એટલે બધું સરખું થઈ જશે!"

સુરા ખાચરની વાત સાંભળી પંક્તિમાં બેઠેલા બધા ખડખડાટ હસી પડ્યા.

આમને આમ બે-ચાર દિવસ પસાર થયા. સુરા ખાચરે અલૈયા ખાચરને કહ્યું, "ભણ્યું અલૈયા! કંઈક કાઠી કળા કરવી પડશે, નહિતર તારો આ બાપ જારના રોટલા ખવડાવી ખવડાવીને મારી નાખશે. આપણે તો ધાર્યું'તું પંચાળાના દરબાર ઝીણાભાઈને ત્યાં જઈશું અને મેવા-મીઠાઈની મોજ માણીશું, પણ આ બાપે તો ખોરી જારને રોટલે ચડાવ્યા!"

આમ વાતો કરતાં કરતાં બેય જણાએ યુક્તિ વિચારી લીધી. બીજે દિવસે પંક્તિ થઈ. ખોરી જારના રોટલા પીરસાયા. મહારાજ જાતે માથે ઊભા રહીને પીરસાવી રહ્યા હતા.

એવામાં અલૈયા ખાચરે લાકડાનો નાનો ટૂકડો લઈ મોઢામાં નાખ્યો. પડખે બેઠેલા સુરા ખાચરે મહારાજને સાદ કર્યો, "મહારાજ! આ અલૈયાને વિમુખ કરો."

મહારાજ કહે, "કેમ?"

સુરા ખાચર કહે, "મહારાજ! ભણ્યું અલૈયો સ્વાદ કરતો સાં! રોટલાની હાર્યે લાકડાનું અથાણું ચાવતો સાં!"

મહારાજ હસીને કહે, "અલૈયા ખાચર! કેમ સ્વાદ કરો છો?"

અલૈયો ખાચર મોઢામાં લાકડાનો ટૂકડો નાખતાં નાખતાં બોલ્યા, "મહારાજ! આ રોટલો કેમેય ગળે ઊતરતો નથી, એટલે લાકડાના ટૂકડાથી ધક્કો મારી ગળા હેઠે ઉતારું છું!"

અલૈયા ખાચરની વાત સાંભળી મહારાજ હસવા માંડ્યા. તેઓ કાઠીકળાને સમજી ગયા. એમણે તરત જ ઝીણાભાઈને બોલાવ્યા અને કહ્યું, "ઝીણાભાઈ! હવે જુવારનું પ્રકરણ બંધ થાય છે, આવતી કાલે આપણે સારામાં સારી દૂધપાકની રસોઈ કરીને

બધાયને જમાડવાના છે."

ઝીણાભાઈ તો રાજીના રેડ થઈ ગયા. મહારાજની વાત સાંભળીને દરબારોને પણ આનંદ થયો કે, 'હાશ! આ જાર બલા ગઈ!'

ઝીણાભાઈ ભારે હોંશથી ભાતભાતની રસોઈ કરાવી મહારાજ તેમ જ કાઠી દરબારોને જમાડવા લાગ્યા.

ગાજરડા મારા વેરી રે!

ભગવાન શ્રી સ્વામિનારાયણ હજુ પણ પોતાના સેવકોની વધારે કસોટી કરવા માગતા હતા. બે-ચાર દિવસ મેવા-મીઠાઈ જમવામાં ગયા એટલે મહારાજે ફરીથી પંક્તિ ટાણે કહ્યું, "દરબારો! હવે પાછું પ્રકરણ ફરે છે."

સુરા ખાચરે પાછી રમૂજ કરી, "આ ભગવાનને પ્રકરણ સિવાય કાંઈ સૂઝતું નથી!"

અલૈયા ખાચરે ઠાવકું મોઢું રાખીને પૂછ્યું, "મહારાજ! હવે શું પ્રકરણ ફેરવવાનું છે?"

મહારાજ કહે, "ભોજન ભાતભાતના બનશે, પણ પાત્રમાં થોડાં થોડાં પીરસવામાં આવશે. હવે નિયમ એ છે કે જ્યારે ભોજન પિરસાતું હોય ત્યારે કોઈએ આંખ ખોલવાની નથી. અમે જય બોલાવીએ, ત્યારે બંધ આંખે જ થાળીમાં હાથ નાખવાનો અને જેનો હાથ જે સામગ્રી ઉપર પડે એ એક જ સામગ્રી જમવાની રહેશે! મીઠાઈમાં હાથ પડે તો મીઠાઈ! શાકમાં હાથ પડે તો એકલું શાક! દાળમાં હાથ પડે, તો એકલી દાળ! સંભારામાં હાથ પડે તો માત્ર સંભારો!"

માતરો ધાધલ બોલ્યા, "અલૈયા! મારી નાખ્યા, માંડ મેવા-મીઠાઈનો મેળ પડ્યો, ત્યાં આપણો દિ' ઊઠ્યો, આ બાપાએ પ્રકરણ ફેરવી નાખ્યું!"

ભોજન વખતે આ નવતર પ્રકરણનો ખેલ શરૂ થયો. પંક્તિમાં ભોજન પિરસાય, ત્યારે દરબારો આંખો બંધ રાખે. મહારાજ જય બોલાવે ત્યારે થાળીમાં હાથ નાખે, પછી રમૂજ કરતા જાય અને જે સામગ્રી ઉપર હાથ પડ્યો હોય એ જમતા જાય.

એવામાં એક વાર બન્યું એવું, સુરા ખાચરે આંખ મીંચી થાળીમાં હાથ નાખ્યો, ત્યાં હાથમાં ખાલી ગાજરનું અથાણું આવ્યું. સુરા ખાચરે ગાજરું હાથમાં લીધું અને આમ તેમ ફેરવતાં ફેરવતાં બોલી ઊઠ્યા, "મહારાજ! મારે તમને એક કીર્તન સંભળાવવું છે."

મહારાજ સહિત બધાની દૃષ્ટિ સુરા ખાચર તરફ મંડાણી. મહારાજે કહ્યું, "બોલો સુરા ખાચર!"

સુરા ખાચર અષ્ટમપષ્ટમ કડીઓ જોડી જાડા ધોંસરા જેવા સાદે બોલવા લાગ્યા.

"ગાજરડા મારા વેરી રે, તેં પૂર્વ ભવનું વેર વાળ્યું.

હે ગાજરડા! મેં તારો ક્યો બાપ માર્યો'તો,

હે ગધના ગાજરડા! આટલા બધામાંથી હું જ તને હાથમાં આવ્યો?

હે ગાજરડા! તારું નખ્ખોદ જાજો."

જમવાનું એક બાજુ રહી ગયું અને બધા સુરા ખાચરના આ અદ્‌ભુત કીર્તનના આનંદમાં હસી હસીને બેવડ વળી ગયા. મહારાજ હસતાં હસતાં બોલ્યા, "સુરા ખાચર! તમે તો ભારે કીર્તન જોડ્યું. તમારો કંઠ પણ 'ગધના'ને શરમાવે તેવો છે."

મહારાજે ગધના શબ્દ વાપર્યો એટલે ફરીથી બધા ખડખડાટ હસી પડ્યા.

સુરા ખાચર કહે, "મહારાજ! સાદ જેવો હોય તેવો, પરંતુ સાંભળીને તમે બધા રાજી થયા ને?"

મહારાજ કહે, "અમે ખૂબ રાજી થયા."

સુરા ખાચર કહે, "જો રાજી થયા હો તો હું માગું ઈ આપો."

મહારાજ હસીને કહે, "તમારે આ પ્રકરણ બંધ જ કરાવવું છે ને?"

સુરા ખાચર હસીને કહે, "મહારાજ! હવે તમે ભગવાન ખરા, ભણ્યું તમે મારાં મનની વાત ભણી દીધી."

મહારાજે કહ્યું, "સુરા ખાચરના આ અદ્‌ભુત કીર્તનની મોજમાં આપણે આ પ્રકરણ બંધ કરીએ છીએ! " આમ કહી મહારાજે ઝીણાભાઈને કહ્યું, "ઝીણાભાઈ! હવે તમે આ દરબારોને ભાવતાં ભોજન જમાડો."

આટલું કહી મહારાજ બોલ્યા, "દરબારો! અમારે તમને આ રીતે પ્રકરણો ફેરવીને હેરાન કરવાનો હરખ નથી, પણ તમે બધા ખૂબ સ્વાદિયા છો એટલે અમારે તો તમારો સ્વાદ છોડાવવો છે."

સુરા ખાચર ઠાવકે મોંઢે બોલ્યા, "છોડાવજો બાપા, છોડાવજો! પણ ધીરે ધીરે છોડાવજો. એક હાર્યે નહિ, નહિ તો મરી જાહું." વળી પાછા બધા હસી પડ્યા. મહારાજે આ પ્રકરણ અહીં પૂરું કર્યું.

મહારાજ સેંકડો પરમહંસો સાથે પંચાળા પધાર્યા હતા અને લગભગ એક મહિના સુધી રોકાયા હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ લલાટમાં જે ઊર્ધ્વપુંડ્ર તિલક અને કુમકુમનો ચાંદલો કરે છે, તેની શરૂઆત ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીના લલાટમાં તિલક કરીને કરી હતી.

પંચાળામાં મહારાજ અનેક જીવોને સમાધિઓ કરાવતા, વૃંદાવનની રાસલીલાનું પુનરાવર્તન કરતા હોય તેમ જેટલા સંત એટલા રૂપ ધરીને રોજ સંતો સાથે રાસ રમતા!

મહારાજે અહીં વસંતપંચમીના દિવસે રંગોત્સવ કર્યો હતો. આ પ્રસંગે હજારો હરિભક્તો ભેગા થયા હતા. ગામના લોકોએ આ મહોત્સવમાં દોડીદોડીને ખૂબ જ સેવા કરી હતી.

મહોત્સવમાં પધારેલા હજારો ભક્તજનોના ઉતારા માટે તંબુઓ તૈયાર કરવા, ઝૂંપડીઓ બાંધવી, પાણી તથા પાગરણની વ્યવસ્થા કરવી, સીધાસામગ્રીની તૈયારી કરવી, રસોઈ માટે મોટાં વાસણો લાવવાં અને એને સાફ કરવાં, આસપાસના ગામડાઓમાંથી જોઈતી સામગ્રી એકઠી કરવી, વગેરે અનેક સેવાકાર્યો ગામલોકોએ ભારે ઉત્સાહથી કર્યાં હતાં.

જો તેવડ્ય હોય તો શેલણ પાવ!

ઉત્સવ પૂરો થયા પછી મહારાજે ઝીણાભાઈને કહ્યું, "ઝીણાભાઈ! ગામલોકોએ ખૂબ સેવા કરી છે, આપણે આખા ગામને સાગમટે જમાડવું છે. તો શું રસોઈ કરીશું?"

ઝીણાભાઈએ કહ્યું, "મહારાજ! જો ગામ જમાડવું હોય તો આપણે ગામના આગેવાનોને બોલાવીએ અને એ જે કહે તે રસોઈ કરીએ."

ગામમાં મોટા ભાગે રબારીઓ અને આહીરોની વસ્તી હતી. મહારાજની આજ્ઞાથી ગામના આગેવાનોને બોલાવવામાં આવ્યા.

મહારાજે કહ્યું, "ભક્તો! અમારે ગામ જમાડવું છે, તમે જે કહો તે દૂધપાક-પુરી, મોહનથાળ, ઘેબર, સાટા, જલેબી, ખાંડના લાડુ વગેરે સારામાં સારું જમણ બનાવીએ."

મહારાજની વાત સાંભળીને આગેવાનો એકબીજાના મોંઢાં સામું જોઈ પરસ્પર હસવા લાગ્યા અને બોલ્યા, "સ્વામિનારાયણ! તમે કીધું એવું જમણ અમને ન ફાવે. જો તમે ખરેખર ભગવાન હો, તો અમને શેલણ પાઈ દ્યો."

નવતર શબ્દ સાંભળી મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, "ઝીણાભાઈ! શેલણ એટલે શું?" ઝીણાભાઈ હસીને બોલ્યા, "મહારાજ! ચોખા રાંધી એમાં નાઘેરનો ઢીલો ગોળ નાખવામાં આવે, પછી એમાં તાંબડીની ધારે ઘી પિરસાય એને અમે શેલણ કહીએ. અમારા આ ઘેડ્ય પ્રદેશમાં શેલણ સારામાં સારું જમણ ગણાય."

મહારાજ હસીને બોલ્યા, "ઝીણાભાઈ! આ તો ભારે સહેલું ને સરસ! બધી જ ચીજો ઘરની! વળી કંદોઈને બોલાવવો નહીં. તમે આજે જ ગામમાં સાદ પડાવી દો, કે કાલે દરબાર તરફથી ગામને ધુમાડાબંધ જમણ છે."

બીજે દિવસે શેલણની રસોઈ થઈ. ગોળ અને ચોખામાં મહારાજે તાંબડીની ધારે ઘી પિરસાવી પાત્ર છલકાવી દીધા. રબારીઓ પૂળા પૂળા જેવડી મૂછો સંકોરતા જાય; શેલણ પીતા જાય અને બોલતા જાય, "વાહ સ્વામિનારાયણ વાહ! હવે તમે ભગવાન ખરા!"

શેલણની રસોઈ જમાડીને ભગવાન શ્રી સ્વામિનારાયણે આખા ગામને રાજીના રેડ કરી દીધું.

આખું ગામ જમી રહ્યા પછી મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, "ઝીણાભાઈ! હવે ગામમાં જમવામાં કોઈ બાકી નથી ને?"

ઝીણાભાઈ કહે, "ના, મહારાજ! કોઈ બાકી નથી."

એવામાં મહારાજે નદીના સામે કિનારે કેટલાક માણસોને હરતાફરતા જોયા એટલે મહારાજે પૂછ્યું, "પેલા કોણ છે? એ જમ્યા કે નહિ?"

કોઈએ કહ્યું કે, "મહારાજ! એ તો ગાદલિયા છે, લોકો એને લુવારિયા પણ કહે છે. એ રખડતી પ્રજા છે. સાણસી, તાવેથા વગેરે લોખંડનાં સાધનો વેચે છે, માગી-ભીખીને અથવા તો જીવહિંસા કરી પેટ ભરે છે. અમે એમને જમવા નથી બોલાવ્યા."

કરુણાસિંધુ મહારાજ બોલ્યા, "ભક્તો! આ સૂર્ય રોજ ઊગે છે, પુણ્યવાળાં કે પાપી સર્વને સરખો જ પ્રકાશ આપે છે. વરસાદ આવે છે તે પણ વિના પક્ષપાતે વરસે છે, તો આપણાથી કેમ પક્ષપાત થાય? માટે એમને પણ અહીં બોલાવો, અમે એમને શેલણ જમાડીશું. આજે ગામ તો ઠીક સીમમાં પણ કોઈ ભૂખ્યું રહેવું જોઈએ નહીં."

મહારાજની આજ્ઞા થતા ગાદલિયાઓને બોલાવવામાં આવ્યા. મહારાજે જાતે એમને શેલણ પીરસીને જમાડ્યા. આ ગરીબ લોકોએ આવું ભોજન જિંદગીમાં ભાળ્યું ન હતું. બધા જમીને ખૂબ જ રાજી થયા.

ગરીબ ગાદલિયાઓને ભોજન તો ગમ્યું જ, સાથે સાથે ત્રણ છોગલાંવાળી પાઘ અને સુંદર સુરવાળ પહેરેલી મહારાજની મનોહર મૂર્તિ પણ અંતરમાં વસી ગઈ.

સમય સરતો ચાલ્યો. વરસો પછી ગાદલિયાનો એ જ સમુદાય ફરતો ફરતો પાછો પંચાળા આવ્યો. એ જ સાવળી નદીને કિનારે ઊતર્યો.

સંજોગવશાત્ એમાંથી એક બીમાર થયો. સખત તાવ આવ્યો, એને જમવાનું કાંઈ ભાવતું ન હતું. એની ઘરવાળી રોટલાના ટાઢા ટૂકડા છાસમાં ઉકાળી જમાડવાનો આગ્રહ કરતી હતી, પણ ગાદલિયાને જમવાનું મન થતું ન હતું.

'બે-ત્રણ દિવસથી માંદા પતિએ કાંઈ ખાધું નથી' એ દુઃખથી પીડાતી પત્નીએ જ્યારે જમાડવાનો ખૂબ આગ્રહ કર્યો, ત્યારે અચાનક ગાદલિયાને વર્ષો પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણે શેલણ જમાડેલું તે યાદ આવ્યું. એણે પોતાની પત્નીને કહ્યું, "વર્ષો પહેલા આ જ જગ્યાએ સ્વામિનારાયણ ભગવાને શેલણ પાયું હતું, તેવું શેલણ લાવી દે તો મને ભાવે."

રોટલાના ટાઢા ટૂકડા પણ માગ્યા માંડ મળતા હોય, એવી પરિસ્થિતિમાં ગરીબ બાઈ શેલણ ક્યાંથી કાઢે? બાઈનો જીવ દુઃખી દુઃખી થઈ ગયો.

આ બાજુ પેલો લુવારિયો રઢે ચડ્યો, "તું મને શેલણ પા તો હા, નહીં તો ના."

હવે લુવારિયાને શેલણની સાથોસાથ ભગવાન શ્રી સ્વામિનારાયણની મનોહરમૂર્તિ યાદ આવવા લાગી. યોગાનુયોગ એ જ સમયે એની અંત ઘડી પણ નજીક આવી.

'મારા જનને અંતકાળે જરૂર મારે આવવું' પોતાની આ પ્રતિજ્ઞાને સત્ય કરતા હોય તેમ કરુણાસિંધુ મહારાજે હાથમાં શેલણના પાત્ર સાથે લુવારિયાને દિવ્ય રૂપે દર્શન દીધાં અને બોલ્યા, "તારી પત્ની તને શેલણ નહીં પાય, મારી હાર્યે હાલ્ય, હું તને આજે એવું શેલણ પાઈશ કે તારા રોગમાત્ર કાયમ માટે મટી જશે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિનાં દર્શન કરી લુવારિયો બોલ્યો, "જો, જો, સ્વામિનારાયણ મને શેલણ પાવા આવ્યા છે. હું એમની પાસે શેલણ પીવા જાઉં છું!" આમ બોલતાં બોલતાં લુવારિયાએ દેહત્યાગ કરી દીધો.

ચારેબાજુ વાતાવરણમાં દિવ્ય શબ્દો ગૂંજી ઊઠ્યા... 'अंते या मति सा गतिः' જીવને અંત સમયે જેવી મતિ હોય છે તેવી ગતિ થાય છે.

આ લુવારિયાએ તપ, ત્યાગ વગેરે કોઈ સાધન કર્યાં ન હતાં, છતાં કરુણાસિંધુ મહારાજે આ અધમ જીવનો ઉદ્ધાર કર્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે 'કોઈ પણ જીવને કોઈ પણ રીતે અંત સમયે અમારું સ્મરણ થઈ આવે, તો એ જીવ બહુ મોટી પદવીને પામી જાય છે.'

વહાલામાં વહાલું હોય ઈ આપો!

પંચાળાની બાજુમાં ઓઝત નદીને સામે કિનારે બાલાગામ નામનું નાનકડું ગામ આવેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળાથી બાલાગામે પધરામણી કરી હતી.

આ ગામમાં એક ડોશીમા રહેતા હતા. તેઓ જ્ઞાતિએ કડિયા-કુંભાર હતા, ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. વ્યવહારે સાધારણ હતા, પણ સ્વભાવના ભારે ઉદાર હતા.

ડોશીમા શબરીની જેમ આતુર હૈયે મહારાજના પધારવાની રાહ જોઈ રહ્યા હતા. ગામમાં ઘરે ઘરે પધરામણી કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ડોશીમાને ઘેર પધાર્યા.

મહારાજના આગમનથી ડોશીમા હરખઘેલા થઈ ગયા. એમણે ભાવથી મહારાજનું પૂજન કર્યું. ડોશીમાના અંતરમાં આજે આનંદનો સાગર રેલાઈ રહ્યો હતો. એમના મનમાં થઈ રહ્યું હતું કે, 'હું મહારાજનાં ચરણમાં શું શું ભેટ ધરું?' વળી એને થયું, 'આજે તો મહારાજ જે માગે તે એમને આપી દઉં.'

ડોશીમાએ ભક્તિભાવના કેફથી છલકાતે હૈયે મહારાજને કહ્યું, "મહારાજ! આપ મારે ઘેર પધાર્યા, મને ન્યાલ કરી નાખી. માગો માગો, હું તમને શું આપું?"

ભલાભોળા ડોશીમાની વાત સાંભળી સર્વ આશ્ચર્યચકિત થઈ ગયા. સામાન્ય રીતે

પ્રસન્ન થયેલા ભગવાન ભક્તને પૂછતા હોય છે, “ભગત! માગો હું તમને શું આપું?” જ્યારે આજે ગંગા ઊલટી વહી રહી હતી! અહીં વ્યવહારે દૂબળા પણ ભક્તિથી ભરપૂર એક ડોશીમા ભગવાનને કહી રહ્યા હતા, “માગો, હું તમને શું આપું?”

ડોશીમાની વાત સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા, “મા! તમને જે વહાલામાં વહાલું હોય એ અમને આપો.”

ડોશીમાના આંગણામાં ગાય બાંધી હતી. માને થયું, “મને આ ગાય વહાલી છે, તે મહારાજને આપી દઉં?”

વળી ડોશીમાને વિચાર આવ્યો, ‘મહારાજે વહાલી વસ્તુ નહિ, વહાલામાં વહાલી વસ્તુ માગી છે.’ ‘ઘરમાં પટારામાં મરણમૂડીના રૂપિયા પડ્યા છે, એ મને ગાય કરતાં વહાલા છે. મારી એ મરણમૂડી મહારાજને ચરણે ધરી દઉં?’

આમ જ્યાં ડોશીમા વહાલામાં વહાલી વસ્તુને શોધવા વિચારે ચઢ્યા છે, ત્યાં જ એમના બે વહાલસોયા દીકરાઓ ‘મહારાજ ઘેર પધાર્યા છે’ તે સાંભળીને દોડતા આવ્યા. એમનાં નામ હતાં, દેવજી અને પ્રેમજી.

દીકરાઓને જોતાંવેંત ડોશીમાને થયું, “અરે! આ બે દીકરા મને વહાલામાં વહાલા છે, માટે આ બેય દીકરાઓ જ મહારાજને અર્પણ કરી દઉં.”

એમણે દીકરાઓને કહ્યું, “દીકરાઓ! મહારાજે મારી પાસે વહાલામાં વહાલી વસ્તુ માંગી છે અને આ દુનિયામાં તમારાથી બીજું કોઈ મને વહાલું નથી. તમે બંને મને મારા જીવથીય વ્હાલા છો. હું તમને મહારાજની સેવામાં અર્પણ કરવા માગું છું.”

સિંહના તો સિંહ જ હોય, એમ સંસ્કારી માના દીકરા પણ સંસ્કારી જ હોય. બેય દીકરાઓ હરખથી બોલ્યા, “મા! પૂછવાનું શું હોય? સંસારના વૈતરાં કૂટવા કરતાં મહારાજની સેવામાં જોડાવું એમાં શું ખોટું છે?”

દીકરાઓની વાત સાંભળી ડોશીમા અત્યંત રાજી થયા. એણે બેય દીકરાના હાથ મહારાજના હાથમાં સોંપ્યા અને બોલ્યા, “મહારાજ! આ મારી વહાલામાં વહાલી વસ્તુ આપને અર્પણ કરું છું.”

આ બધી જ ઘટમાળ વીજળીના ઝબકારાની જેમ વેગથી આકાર લઈ રહી હતી અને હવે એ ઘટમાળે દિવ્ય સમર્પણનું રૂપ ધર્યું હતું. આસપાસના ભક્તજનો ડોશીમાનું આવું અદ્‌ભુત સમર્પણ જોઈને આભા બની ગયા. ડોશીમાએ દીધેલા દીકરાનાં દાન સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બંને દીકરાઓને સાધુ કર્યાં. દેવજીનું નામ ‘દહરાનંદ સ્વામી’ રાખ્યું અને પ્રેમજીનું નામ ‘પ્રસાદાનંદસ્વામી’ રાખ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંત-મંડળમાં આ બંને સંતો મોખરાનું સ્થાન પામ્યાં.

ઈતની ભીડમેં ખુદા હી ખા સકતા હૈ!

પંચાળા દરબાર ઝીણાભાઈના આગ્રહથી ભગવાન શ્રી સ્વામિનારાયણ પંચાળાથી જૂનાગઢ પધાર્યા હતા. જૂનાગઢના નવાબને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે આદર અને પ્રેમ હતા, એટલે એમણે નવાબી રાજસન્માન સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભવ્ય સ્વાગત-સામૈયું કર્યું હતું. જૂનાગઢના રાજમાર્ગ ઉપર દર્શનાર્થીઓની ભીડ મા'તી ન હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ રોઝે ઘોડે બિરાજમાન થયા હતા અને પોતાની પ્રેમભરી દૃષ્ટિથી જન-મેદનીને પાવન કરી રહ્યા હતા.

એવામાં એક અજાયબ ઘટના ઘટી. બે નાના કોળીના છોકરા ભીડથી બચવા માગતા હોય, તેમ બજારને ઓટલે ઊભા હતા. એમાંથી એક છોકરાના હાથમાં કૂણી-કૂણી ઉનાળુ કાકડી હતી. છોકરાના મનમાં ભાવ હતો કે 'મારે આ કાકડી બાપાને એટલે કે ભગવાન સ્વામિનારાયણને આપવી, પરંતુ ભીડ ખૂબ હતી, કોઈ રીતે મહારાજ સુધી પહોંચી શકાય એમ હતું નહીં એટલે બિચારા એક બાજુ ઊભાં ઊભાં મહારાજના દર્શન કરી રહ્યા હતા.

મહારાજની સવારી વાજતે-ગાજતે છોકરાઓ પાસેથી પસાર થઈ. હજારો માણસોની ભીડ વચ્ચે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ નાના છોકરાઓ તરફ મીટ માંડી, રોઝા ઘોડાને રોક્યો અને છોકરાઓ સામે જોઈ મંદ-મંદ હસવા લાગ્યા.

મહારાજના એ મંદ સ્મિતે છોકરાઓને ભાવવિભોર કરી દીધા. છોકરાઓ ભારે ગેલમાં આવી ગયા. આનંદથી નાચતાં કૂદતાં પેલા છોકરાએ પોતાના હાથમાં રહેલી કાકડી મહારાજ તરફ ફેંકી અને મહારાજે પણ કુશળ ખેલાડીની જેમ રોઝે ઘોડે બેઠાં-બેઠાં જ કાકડી ઝીલી લીધી અને ભરબજારે હજારો માણસોની વચ્ચે કાકડી ખાવા લાગ્યા.

આ દૃશ્ય જોઈને બંને છોકરાઓ ખુશખુશાલ થઈ ગયા અને તાળીઓ પાડવા લાગ્યા. છોકરાઓને રાજી થતા જોઈ મહારાજ પણ આનંદિત થઈને મંદ મંદ હસવા લાગ્યા. છોકરાઓના હૃદયના ભાવને ઝીલી રહેલા મહારાજ વગર શરમ-સંકોચે કાકડી ખાતા રહ્યા. હજારો ભક્તો આ અજાયબ ઘટનાને નિહાળી રહ્યા.

યોગાનુયોગ એ જ સમયે જૂનાગઢના નવાબ પોતાના નાગર દીવાનની સાથે રાજમહેલના ઝરૂખામાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણની આ અદ્‌ભુત સવારીને નીરખી રહ્યા હતા.

ભરબજારમાં હજારો માણસો જૂએ તેમ ઘોડે બેઠાં-બેઠાં ભગવાન શ્રીહરિને કાકડી જમતા જોઈ નાગર દીવાન બોલ્યો, "નવાબસાહબ! દેખીએ, જીસકો ખાને કા ભી ખ્યાલ નહીં હૈ, ઉસકો ખલક ખુદા કહેતે હૈ!" બ્રાહ્મણ દીવાનની વાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેનો દ્વેષ છલકાઈ રહ્યો હતો.

નાગર દીવાન નવાબના હૃદયમાં રહેલા ભાવ-કટોરામાં વિષના ટીપાં રેડવા માગતો હતો, પરંતુ મુસ્લિમ નવાબની વાત કંઈક ન્યારી હતી! દીવાનની વાત સાંભળી નવાબ સાહેબ બોલ્યા, "દીવાનજી! ઈતની ભીડ મેં ખુદા હી ખા સકતા હૈ, મેરા-તુમ્હારા કામ નહીં હૈ!"

થોડા સમય બાદ નવાબે રાજકચેરી ભરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભવ્ય સન્માન કર્યું. અમીર-ઉમરાવોથી ઉભરાતી કચેરીમાં નવાબસાહેબે કાકડીની વાત કાઢીને કહ્યું, "સ્વામિનારાયણ! તમે તો ભરબજારે હજારોની ભીડમાં કાકડી ખાઈને કમાલ કરી! આનું રહસ્ય સમજાવો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "નવાબસાહેબ! એ નાનકડાં છોકરાંઓના હૃદયનો ભારે પ્રેમ ઊભરાઈને એમની આંખોમાંથી છલકતો હતો. નવાબ! અમે તો પ્રેમને આધીન છીએ. કાકડી તો અમે સવારી પૂરી થયા પછી પણ ખાઈ શક્યા હોત, પરંતુ એ છોકરાઓના મનમાં 'મહારાજે કાકડી ખાધી કે નહિ' તેવો અંદેશો રહી જાત, અમારે તો એ જ સમયે કાકડી ખાઈને છોકરાઓને રાજી કરવા હતા. નવાબસાહેબ! એક બીજી વાત સાંભળી લો. પ્રેમને નિયમના બંધન નડતાં નથી. પ્રેમ વિધિ-વિધાનોથી પર હોય છે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળીને નવાબ આફરીન પોકારી ગયા અને સભામાં પણ 'વાહ! વાહ!'ના પોકાર ઊઠ્યા; માત્ર એક તેજોદ્વેષી દીવાનનું મુખ કાળીશાહી જેવું થઈ ગયું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગરીબનવાઝ, દીનબંધુ, પતિતપાવન અને સ્નેહના સાગર હતા. હજારો માણસો એમને ભગવાન તરીકે માનતા અને પૂજતા, મોટા-મોટા શ્રીમંત-શાહુકારો, રાજા-મહારાજાઓ એમને ચરણે શિશ નમાવતા, પરંતુ એમના દરબારમાં રાજા અને રંકનો ભેદ ન હતો.

નાનામાં નાના અને ઊતરતી ગણાતી જાતિના લોકોને પણ એ પોતાના સ્નેહસાગરમાં સમાવી લેતા. પાપીમાં પાપી લોકો પણ એમના આશ્રયને પામીને પુણ્યશાળી બનતા. પશ્ચાતાપનાં આંસુડાંઓથી એમનાં પાપ ધોવાઈ જતાં.

આષાઢી મેઘ પાત્ર-કુપાત્ર જોયા સિવાય સર્વત્ર વરસે, એમ એમની કરુણા પક્ષપાત વિના વરસ્યા કરતી હતી. નિષ્કુળાનંદસ્વામી પુરુષોત્તમ પ્રકાશમાં લખે છે કે,

"સહુ જનને સુખ આપિયાં રે, દુઃખી રહ્યું નહિ કોય...
પુરુષોત્તમ પ્રગટી રે–
દુર્બળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત્ય કુજાત્ય...
પુરુષોત્તમ પ્રગટી રે– (૫૫–૧૭/૧૮)

ચિંતા ઘરધણીને હોય, ચાકરને નહીં!

ભગવાન શ્રી સ્વામિનારાયણ સોરઠમાં પધારે એટલે અગતરાઈ પર્વતભાઈના ઘરે પધરામણી કર્યા સિવાય ન રહે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર પોતાના પાર્ષદોની પાસે પર્વતભાઈની પ્રશંસા કરતા રહેતા.

પર્વતભાઈની વારંવાર પ્રશંસા સાંભળીને દરબારોના મનમાં પર્વતભાઈ પ્રત્યે મીઠી ઈર્ષ્યા જાગી હતી, એમને થતું હતું કે, 'અમે ગામ-ગરાસ છોડીને મહારાજની પાછળને પાછળ ફરીએ છીએ, મહારાજ કહે એમ કરીએ છીએ, છતાં મહારાજ પ્રશંસા તો પર્વતભાઈની જ કરે છે, ઈ ભણ્યું પર્વત કેવોક હશે?'

એક વાર કાઠી દરબારોએ મર્મમાં મહારાજને કહ્યું, "મહારાજ! અમને તમારા એ પર્વતના દર્શન તો કરાવો."

દરબારોની મીઠી ઈર્ષ્યાને મહારાજ પામી ગયા હતા. એમણે કહ્યું, "દરબારો! ક્યારેક અવસર આવશે, ત્યારે અમે તમને અમારા એ પ્રેમી ભક્તના દર્શન કરાવીશું."

એવામાં એ અવસર આવી પહોંચ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ જૂનાગઢ થઈને વંથલી પધાર્યા હતા. મહારાજે વંથલીથી અગતરાઈ જવાનું નક્કી કર્યું; વહેલી સવારે પ્રયાણ કર્યું, કાઠી-દરબારોને હાર્યે લીધા.

મારગમાં મહારાજે કહ્યું, "દરબારો! આજે આપણે અમારા મહામુક્તરાજ પર્વતભાઈના મહેમાન થવા જઈ રહ્યા છીએ."

કાઠી-દરબારોને પર્વતભાઈની મશ્કરી કરવાનું મન થયું. એમણે મહારાજને પૂછ્યું, "ભણ્યું મહારાજ! તમે વારે ઘડીએ 'પર્વત પર્વત' કરો છો, તે ઈ તમારો પર્વત કેવડોક મોટો છે! ગિરનાર જેવડો?"

મહારાજ હસીને કહે, "અમારો પર્વત તો ગિરનારથી પણ મોટો છે!"

સુરો ખાચર બોલ્યા, "મહારાજ! તઈં ઈ હિમાલય જેવડો છે?"

મહારાજ કહે, "અમારો પર્વત હિમાલય તો શું, મેરુથી પણ મોટો છે!"

કાઠીઓએ આંખોના ઈશારે પરસ્પર સંકેત કર્યો કે, 'આજે આપણે આ પર્વતનાં પારખાં લેવાં છે.'

અંતર્યામી મહારાજ સમજી ગયા હતા કે, 'આજે આ કાઠીઓ નવા-જૂની કર્યા સિવાય નહિ રહે.'

મહારાજ અગતરાઈ પહોંચ્યા. મહારાજનું આગમન સાંભળીને પર્વતભાઈ, ભીમભાઈ વગેરે ભક્તજનો ભાવવિભોર થઈ ગયા. એમણે વાજતે ગાજતે મહારાજનાં સ્વાગત-સામૈયા કર્યાં.

પર્વતભાઈએ કાઠીઓના ઘોડા વાડામાં બંધાવ્યા; ઓસરી-ઉતાર ઓરડાઓમાં સર્વને ઉતારા દીધા. એક વિશાળ ઓરડામાં રંગત ઢોલિયા ઉપર મહારાજને પધરાવ્યા, પછી મહારાજને પગે લાગી ચરણમાં બેસી ગયા.

કાઠીઓ પરસ્પર પર્વતભાઈની મશ્કરી કરતા બોલવા માંડ્યા, "આ ભણ્યું કણબો તો મહારાજ પાસે બેસી ગ્યો. નથી આપણો ભાવેય પૂછતો, નથી આપણા ઘોડાઓના જોગાણ કે ઘાસચારાની વ્યવસ્થા કરતો."

મહારાજે પર્વતભાઈને કહ્યું, "પર્વતભાઈ! તમે તો નિશ્ચિંત થઈને અમારી પાસે બેસી ગયા. આ કાઠીઓને છાશ-પાણી કરાવો, એના ઘોડાઓને જોગાણ અને ઘાસચારાની વ્યવસ્થા કરાવો."

આ સમયે પર્વતભાઈએ જે જવાબ દીધો, એ સાંભળવા જેવો હતો. પર્વતભાઈ કહે, "મહારાજ! ઘરનો ધણી ઘરે આવે ત્યારે ચાકરને ચિંતા ન હોય. આ ઘરના ધણી તમે છો!"

મહારાજ હસીને કહે, "લ્યો, આ પર્વતભાઈએ તો અમને ઘરના ધણી બનાવી દીધા. હવે બધી ચિંતા અમારે કરવી પડશે!"

આમ કહી મહારાજે પર્વતભાઈને પૂછ્યું, "પર્વતભાઈ! ઘરમાં શું શું તૈયારી રાખી છે? એ તો અમને બતાવો!"

પર્વતભાઈ કહે, "મહારાજ! જૂઓ, આ ઘીના કુડલા ભર્યાં છે; આ કોઠીઓમાં ખાંડ-સાકર અને ગોળ છે; આ ઘઉંના લોટના માટ ભર્યાં છે; બ્રાહ્મણો દ્વારા રસોઈ-પાણીની વ્યવસ્થા કરાવી રાખી છે."

"આ કોઠીઓમાં બાજરો ભર્યો છે; સામે વાડામાં કડબની ગંજીઓ છે; દરબારો એમાંથી ઘોડાને જોગાણ તથા ઘાસચારો આપવામાં જેટલું વાપરવું હોય એટલું ભલે વાપરે. મહારાજ! આ જે છે એ તમારું જ છે, એટલે હવે ઘરધણીએ મને ચાકરને પૂછવાની જરૂર નથી."

પર્વતભાઈની વાતમાંથી ગીતાનો અનાસક્તિયોગ અને ભક્તિયોગ બંને સાથે વરસી રહ્યા હતા. સંસારમાં રહેવા છતાંય સંસારની આસક્તિ એમને સ્પર્શી નહોતી. સંસારના કર્તવ્યો બજાવવામાં કોઈ ઓટ ન હતી, છતાં અનુસંધાન કાયમ હતું કે, 'હું જે કરું છું તે મહારાજનો સેવક થઈને કરું છું.'

મહારાજે રસોઈની વ્યવસ્થા નિહાળી, કાઠીઓને જોગાણ–ઘાસચારાની વ્યવસ્થા બતાવી દીધી. કાઠી-દરબારો સખણાં રહ્યા નહિ. એમણે આજે આ પર્વતની ઊંચાઈ માપવાનો મનસૂબો કર્યો હતો.

એમણે પોતાના પચીસ-ત્રીસ ઘોડાઓને કડબની ગંજીઓ ઉપર છૂટા મૂકી દીધા. ઘાસની ગંજીઓ મનફાવે એમ વીંખાવા માંડી. બાજરાની કોઠીઓના સાણાં ખોલી

નાખ્યા, એથી બાજરાના ઢગલે-ઢગલા થયા.

દરબારોએ એમાંથી પાવરા ભરીભરીને ઘોડાને જોગાણ દીધા. તેઓ કોઈ પણ રીતે પર્વતભાઈને અકળાવવા માગતા હતા, પરંતુ પર્વતભાઈના પેટનું પાણી પણ હલતું ન હતું; સાથી એટલે સાથી. 'ચિંતા ઘરધણીને હોય, સાથીને ન હોય!'

મહારાજને ખબર જ હતી કે આ દરબારો આજે નવા-જૂની કરશે. તેઓ ઊભા થયા. એમણે બાજરાનો બગાડ જોયો અને કડબની ગંજીઓને જેમ ફાવે તેમ વીંખાતી-પીંખાતી જોઈ.

મહારાજે તુરત જ કડક સ્વરે કાઠીઓને કહ્યું, "આ શું માંડ્યું છે! તમારે ઘરે તમે ઘોડાઓને આ રીતે પાવરા ભરી ભરીને જોગાણ દીયો છો? આ રીતે જેમ ફાવે તેમ ઘાસચારો આપો છો?"

"દરબારો! પર્વતભાઈએ આ ઘરના ધણી અમને માન્યા છે, માટે જે નુકસાન થાય છે તે અમારું છે. જાઓ, ઘોડા ઠેકાણે બાંધો અને ઘાસની ગંજીઓ સમી કરો. કોઠીઓના સાણાં બંધ કરો અને બાજરો પાછો કોઠીમાં નાખો."

આ બધા કાઠી-દરબારો ગામધણીઓ હતા. આજ સુધી આવાં બધાં કામ એમણે વેઠિયાઓ પાસે કરાવ્યાં હતાં. આજે એ જ કામ વેઠિયાને બદલે એમને ભાગે આવ્યાં હતા!

ભગવાન શ્રી સ્વામિનારાયણમાં કોણ જાણે કેવું કામણ હતું કે સગા બાપનું પણ ન માને એવા આ કાઠી દરબારો પાળેલા સિંહની જેમ એમને વશ વર્તતા હતા અને એમના અડધા વેણે કુરબાન થવા તૈયાર રહેતા હતા.

એમણે કોઠીઓના સાણાં છાંદ્યા, બાજરો પાછો કોઠીઓમાં ભર્યો. બપોરના તાપમાં ઘાસની ગંજીઓ સમી કરી, કામ કરતાં કરતાં કાઠીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા. મહારાજના માનીતા પર્વતને માપવાનું ફળ એમને મળી રહ્યું હતું.

સુરા ખાચર મજાકમાં બોલ્યા, "એલા, સોમલા! ભણ્યું પર્વત તો જબરો નીકળ્યો, આપણે એને માપવા ગયા ત્યાં આપણાં પાણી મપાઈ ગયાં. શરીરે પરસેવા છૂટી ગયો!"

પર્વતભાઈની સમજણ અને પ્રેમ જોઈને કાઠીઓએ હાર માની લીધી અને કહ્યું કે, "પર્વતભાઈ જેવા આપણાથી ન થવાય!"

જે ભક્ત બધો જ ભાર ભગવાનને ચરણે સમર્પિત કરે છે, એની બધી જ જવાબદારી ભગવાન ઉપાડી લે છે. 'શ્વાનની પેઠે ગાડાનો ભાર હું જ ઉપાડું છું', એવી અજ્ઞાનતામાં માણસ બેવડ વળી જાય છે, તૂટી જાય છે, મરી જાય છે; જ્યારે સમર્પણશીલ ભક્ત કર્તૃત્વના ભારથી રહિત થઈને અહર્નિશ આનંદમાં મહાલતો હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો હરિભક્તોના અંતરમાં પર્વતભાઈ જેવી સમજણ દૃઢ થઈ હતી.

ધર્મજગતના ઇતિહાસમાં એક અંબરિષ અને એક જનકની વાત આવે છે, ભગવાન શ્રી સ્વામિનારાયણને ત્યાં આવા સેંકડો અંબરિષ અને સેંકડો જનક હતા.

ઉમરાળીના આપા રાજા ડાંગર

અગતરાઈની બાજુમાં ખોરાસા ગામ આવેલું છે. ખોરાસામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના એક મહાન ભક્ત વસતા હતા; જ્ઞાતિએ આહીર હતા; નામ રાજા ડાંગર હતું.

ખોરાસા ગામે એમનો ગરાસ હતો. આ ગરાસ એમને જૂનાગઢ રાજ્ય તરફથી બક્ષિસ તરીકે મળેલો. સમય જતા તેઓ જસદણ પાસેના ઉમરાળી ગામના જાગીરદાર બન્યા હતા. આપા રાજા ડાંગર વ્યવહારે ખૂબ જ સુખી હતા અને આહીર જ્ઞાતિના આગેવાન હતા.

ઉમરાળીમાં આપા રાજા ડાંગરે ભગવાન શ્રી સ્વામિનારાયણનું નાનકડું મંદિર બનાવ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો અવારનવાર ઉમરાળી પધારતા રહેતા. સંતો પધારે ત્યારે એમના સીધાપાણીની વ્યવસ્થા આપા રાજા ડાંગરને ઘરેથી થતી.

એક વાર સંતો ઉમરાળી પધાર્યા હતા. યોગાનુયોગ એ અરસામાં આપા રાજા ડાંગર કામકાજ વશાત્ બહારગામ ગયા હતા.

મંદિરની પાસે એક વાણિયાની દુકાન હતી. આપા રાજા ડાંગરે એને સૂચના આપી હતી કે 'હું હાજર હોઉં કે ન હોઉં, જ્યારે સાધુ-સંતો ગામમાં પધારે, ત્યારે મારા ઘરેથી સીધું-પાણી લાવવું અને સંતોને જમાડવા.'

આપા રાજા ડાંગરની સૂચના પ્રમાણે વાણિયો એમના ઘરે સીધા-સામગ્રી લેવા ગયો. આપા રાજા ડાંગર ભગવાનના ભક્ત હતા, પરંતુ દુર્ભાગ્યે એમના ઘરવાળા સત્સંગથી વિમુખ અને સ્વભાવે ભારે તેજ હતા. વારેઘડીએ સાધુસંતોને સીધાં દેવાનું એમને રુચતું ન હતું.

આપા રાજા ડાંગરના પ્રભાવથી એ કાંઈ બોલી શકતા ન હતા, પરંતુ આજે એમની ગેરહાજરીમાં પેલો વાણિયો સીધુ લેવા આવ્યો, ત્યારે આહિરાણીએ ઘણા સમયથી એના મનમાં ભરાયેલો ઊભરો ઠાલવી દીધો. સીધુ તો ન આપ્યું, ઊલટાના ન કહેવાનાં કડવાં વેણ સંભળાવ્યાં.

બહારગામથી આવેલા આપા રાજા ડાંગરને આ વાતની ખબર પડી. રાજા ડાંગરના હૃદયમાં ભારે ચોટ લાગી. મનમાં થયું, 'અમે કાળે આંતરે કામીએ અને એ કમાણી ભગવાન જેવા સાધુના અર્થે ન વપરાય, તો આ સંસારનું કૂટણું શું કામનું?'

આપા રાજા ડાંગર મુમુક્ષુ તો હતા જ, એમાં આ એક નાનકડી ચિનગારીએ

એમનાં અંતરમાં વૈરાગ્યનો અગ્નિ પ્રગટાવી દીધો. એમણે પોતાના ઘરવાળાને કળા કરીને પિયર વળાવી દીધા અને પોતે સીધા ગઢપુર ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે ગયા. પોતાનું ધન, ધરા, ધામ બધું જ ભગવાન શ્રી સ્વામિનારાયણને ચરણે ધરી દીધું અને વિનંતી કરી કે, 'મહારાજ! મને સાધુ કરો અને સેવામાં રાખો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "તમારે સાધુ થવું છે કે અમને રાજી કરવા છે?"

આપા રાજા ડાંગર હાથ જોડીને બોલ્યા, "મહારાજ! મારે તો તમને રાજી કરવા છે."

મહારાજ કહે, "તો તમે અગતરાઈ જાઓ, ત્યાં પર્વતભાઈના છોકરાં નાનાં છે; એમની ખેતીવાડીની સંભાળ રાખનાર કોઈ નથી, તો તમે પર્વતભાઈની ખેતીની દેખરેખ રાખો." મહારાજની આજ્ઞા થતાંની સાથે જ એક પળનો પણ વિલંબ કર્યા સિવાય આપા રાજા ડાંગર અગતરાઈ પહોંચ્યા અને પર્વતભાઈની ખેતી સંભાળી લીધી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ ગજબના હતા, જે મુમુક્ષુ સાધુ થાવા આવ્યા એને કો'કની ખેતીમાં વળગાડી દીધા! સામે આપા રાજા ડાંગર પણ એવા જ ગજબના આજ્ઞામૂર્તિ ભક્ત હતા, કે એમણે કોઈ જાતના સંકલ્પ-વિકલ્પ, શંકા-કુશંકા સિવાય મહારાજની આજ્ઞાને શિરોધાર્ય કરી લીધી!

બીજી નવાઈની વાત તો એ હતી, કે પર્વતભાઈના ખેતરથી થોડે જ દૂર ખોરાસામાં એમનું ખેતર હતું, પરંતુ એમણે ક્યારેય પોતાના ખેતરમાં પગ મૂક્યો નહોતો કે ધ્યાન દીધું ન હતું. સગાંસબંધીઓએ એમને સમજાવવા બહુ પ્રયાસ કર્યો, પરંતુ આપા રાજા ડાંગરે એમની એક પણ વાત કાને ધરી ન હતી. આપા રાજા ડાંગરે આ રીતે ચૌદ વર્ષ સુધી પર્વતભાઈની ખેતી સંભાળી હતી.

એક સમયે મહારાજે ગઢપુરમાં સમૈયો કર્યો હતો. અગતરાઈથી પર્વતભાઈ પોતાના પુત્ર સાથે મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા.

પર્વતભાઈના યુવાન પુત્રને જોઈને મહારાજે કહ્યું, "પર્વતભાઈ! તમારો છોકરો હવે મોટો થઈ ગયો છે, માટે રાજા ભગતને અમારી સેવામાં પાછા મોકલી દ્યો."

પર્વતભાઈએ કહ્યું, "મહારાજ! હું પણ આપના આદેશની જ રાહ જોઈ રહ્યો હતો."

મહારાજની આજ્ઞા થઈ એટલે રાજાભાઈ ગઢપુર આવ્યા. મહારાજે એમને પોતાની સેવામાં રાખ્યા.

એ જમાનામાં રાજાભાઈએ અંગ્રેજીનો અભ્યાસ કર્યો હતો. એ સમયની આહીર જ્ઞાતિમાં કોઈ આટલું ભણે એ અજાયબી જ ગણાય. કહેવાય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગવર્નર સર માલ્કમને મળવા રાજકોટ પધાર્યા, ત્યારે એમણે દુભાષિયા તરીકે સેવા બજાવી હતી.

એક વાર મહારાજે રાજાભાઈને કહ્યું, "રાજાભાઈ! તમારે સાધુ થવું છે કે ધામમાં જવું છે?"

રાજાભાઈએ કહ્યું, "મહારાજ! આમ તો આપ રાજી થાવ એમ જ મારે કરવાનું હોય, પરંતુ જો તમે મને ધામમાં લઈ જતાં હો તો મારે સાધુ નથી થાવું."

મહારાજે કહ્યું, "તો તમે અમારી મૂર્તિમાં મન જોડી 'સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન કરો. આવતી કાલે અમે તમને ધામમાં તેડી જશું."

રાજાભાઈ મહારાજનાં વચન પ્રમાણે અન્નજળ છોડી ભજન કરવા લાગ્યા. બીજે દિવસે મહારાજ એમને ધામમાં તેડી ગયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પાસે આવા આજ્ઞાપાલક, વચનમૂર્તિ બાઈઓ-ભાઈઓનો વિશાળ સમુદાય હતો.

શેરગઢનો મૂળજી લુહાણો

સોરઠ પ્રદેશમાં વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સોમનાથ વિસ્તારના માળિયા પાસેના શેરગઢના સીમાડેથી પસાર થયા. એ જ વખતે શેરગઢનો પ્રખ્યાત ધાડપાડુ મૂળજી લુહાણો પોતાના સાગરિતોની સાથે સામે મળ્યો.

મૂળજી નાનપણથી જ ભારે તોફાની અને મસ્તીખોર હતો. ભગવાને એને બુદ્ધિ અને શક્તિ બંને સામટા તેમ જ છૂટે હાથે આપ્યાં હતાં, પણ કુસંગને લીધે મૂળજી અવળે રવાડે ચડ્યો અને સમય જતાં મોટો ધાડપાડુ બન્યો.

મૂળજી દોડવામાં ભારે તેજ હતો, ભલભલા દોડવીરો એને આંબી શકતા નહીં. મૂળજી ઘોડેસ્વારીમાં પણ અવ્વલ નંબર હતો.

એણે ધાડપાડુઓની આગવી ટોળી ઊભી કરી હતી. એ ઊડતાં પંખી પાડતો, લોકોને લૂંટતો અને આડા આવે એને કાચાં ચીભડાંની જેમ કાપી નાખતો.

સોરઠમાં મૂળજીની ભારે ધાક હતી. રાજ્યના અમલદારો પણ એનાથી બીતા રહેતા. લૂંટફાટ ચલાવીને મૂળજી ગાંડી ગીરમાં ગાયબ થઈ જતો, ગોત્યોય જડતો નહિ!

શેરગઢને સીમાડે આજે યોગાનુયોગ એને ભગવાન શ્રીસ્વામિનારાણનો ભેટો થયો અને આ મુલાકાતે મૂળજીના જીવનમાં કલ્પી ન શકાય એવું જબરું પરિવર્તન આણ્યું.

એક બાજુથી ભગવાન શ્રી સ્વામિનારાયણ થોડા અશ્વારોહી પાર્ષદો સાથે આવી રહ્યા હતા, બીજી બાજુથી પોતાના સાથીદારો સાથે મૂળજી આવી રહ્યો હતો. મહારાજ થોડા નજીક આવ્યા એટલે મૂળજીએ પોતાના સાથીદારોને પૂછ્યું, "આ સામેથી કોણ આવે છે?"

એક જણો બોલ્યો, "આ તો સ્વામિનારાયણ લાગે છે. ભારે જાદુગરા છે. એની નજર ભલભલાને વશ કરી લ્યે છે!" સાથીદારને ખબર ન હતી કે આજે એ કામણગારી નજર એના જ મોવડીને વશ કરી લેવાની હતી.

થોડી વારમાં તો મૂળજી અને મહારાજ સામસામે આવી ગયા. મૂળજીએ ભગવાન

શ્રી સ્વામિનારાયણની ખ્યાતિ ખૂબ સાંભળી હતી, પણ નજરે જોયા ન હતા. આજ જ્યાં એની નજર મહારાજની નજર સામે મળી, ત્યાં ગજબનું આશ્ચર્ય સર્જાયું. લોહચુંબકથી લોખંડ ખેંચાય એમ એ ઘોડેથી નીચે ઊતરી ગયો અને જાણ્યે-અજાણ્યે એનાથી હાથ જોડાઈ ગયા.

મહારાજે પણ મંદ મંદ હસી હાથ ઊંચો કરી આશિષ દીધા અને વેધક નજરે મૂળજીની સામે જોયું. મહારાજની નજરનું તેજ ધાડપાડુની નજર ઝીલી શકી નહિ. એણે નેણ નીચા ઢાળી દીધાં.

ધીર-ગંભીર સ્વરે મહારાજ બોલ્યા, "મૂળજી! મનુષ્યદેહ ચિંતામણિ સમાન છે, એને કાંકરાની જેમ ફેંકી ન દેવાય. પાશેર પેટનો ખાડો પૂરવા પાપ ન કરાય! આવાં કાળાં કામ ક્યાં સુધી કરીશ? મૂળજી! સારાં-નરસાં કર્મોનો દંડ ધર્મરાજ અવશ્ય આપે છે, યમયાતના સારી નથી હોતી!"

કુશળ શિલ્પી ટાંકણે ટાંકણે મૂર્તિ કંડારે એમ ભગવાન શ્રી સ્વામિનારાયણ વેણે વેણે મૂળજીનાં જીવનશિલ્પને કંડારી રહ્યાં હતાં. મૂળજી યોગભ્રષ્ટ જીવ હતો. અંગારા ઉપર રાખ વળે, એમ એના આંતરિક સૌંદર્ય ઉપર આસુરી ભાવની રાખ વળી ગઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના શબ્દોની ભૈરવીથી એનો આત્મા જાગી રહ્યો હતો. ભીતર વિચારોનું દ્વન્દ્વ જામ્યું. જમપુરીની વાત સાંભળી એની બુદ્ધિએ બળવો પોકાર્યો, 'નહિ નહિ, સ્વામિનારાયણ કહે છે તે સાચું નથી, પાપથી ડરે એ મૂળજી નહિ, આ બધું તો ભોળા લોકોને ભરમાવાની યુક્તિ છે.'

એણે કહ્યું, "સ્વામિનારાયણ! પાપની બીક ના બતાવશો. આવી વાતોથી ભોળા લોકો ભરમાય, મૂળજી નહિ."

ભગવાન શ્રી સ્વામિનારાયણે વિચાર્યું, 'જાડુ કપડું મેલું થાય તો એ ધોકા સિવાય ધોવાતું નથી. આ ધાડપાડુના જીવનમાં પાપના થર જામ્યા છે, તે ખાલી શબ્દોના સાબુથી નહિ ધોવાય.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અમોઘ સમાધિ ઐશ્વર્યનો ઉપયોગ કર્યો. મૂળજીનાં નાડી-પ્રાણ ખેંચાઈ ગયાં. મૂળજી મડદાં જેવો થઈ ધરણી ઉપર ઢળી પડ્યો.

મૂળજીના સાગરીતોને થયું, 'નક્કી સ્વામિનારાયણે મૂળજી ઉપર કંઈક જાદુ કર્યો છે', તેઓ ભીતરથી ભયભીત થઈ આઘાપાછા થવા માંડ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "ડરશો નહિ! મૂળજી હમણાં જ બેઠો થશે."

આ બાજુ મૂળજીએ યમપુરીમાં જાતજાતની યમયાતના ભોગવતા જીવોને જોયા અને થરથર કંપવા લાગ્યો. એટલામાં તો મૂળજીએ જે જે પાપ કર્યાં હતાં, એ પ્રગટ થયાં. એણે જેને જેને માર્યા હતા, તે જીવાત્માઓ વિકરાળ-બિહામણાં રૂપ ધરી તેને મારવા માંડ્યાં. મૂળજી વેદનાભરી ચીસો પાડવા લાગ્યો અને છૂટવા માટે ફાંફાં મારવા

લાગ્યો, પણ એની કારી ફાવી નહિ.

મૂળજીના શરીરને પરસેવે રેબેઝેબ અને તરફડતું જોઈને બધા આશ્ચર્ય અનુભવી રહ્યા હતા. શું થઈ રહ્યું છે? એની કોઈને ખબર પડતી ન હતી. માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદ મંદ હસતાં હસતાં ચત્તાપાટ પડેલા મૂળજી સામે જોઈ રહ્યા હતા અને ધાડપાડુના જાડી મોદ જેવાં કપડાંને યમયાતના રૂપી ધોકાથી ધોઈ રહ્યાં હતાં!

ભગવાન શ્રી સ્વામિનારાયણે ચપટી વગાડી, એ જ સમયે ચલચિત્રનું દશ્ય બદલાય, એમ મૂળજીની આંખો સામેથી યમપુરીનું દશ્ય ઓઝલ થયું અને અક્ષરધામનું દિવ્ય દશ્ય દેખાયું.

આ અપરિમિત આનંદ-ઉલ્લાસમય ભૂમિકામાં પ્રવેશ કરતાં જ મૂળજી યમયાતનાનો ત્રાસ વીસરી ગયો. અક્ષરધામનો અલૌકિક વૈભવ જોતાં એનો આત્મા 'અહો! અહો!' કરવા લાગ્યો.

થોડી વારે ભગવાન શ્રી સ્વામિનારાયણે એને સમાધિમાંથી જગાડ્યો અને પૂછ્યું, "બોલ્ય, મૂળજી! યમયાતના સાચી કે ખોટી?"

મૂળજી એકદમ ઊભો થયો, મહારાજના પગ પકડી લીધા અને બોલ્યો, "મહારાજ! યમયાતના સાવ સાચી. આજે આપે મારી આંખો ઉઘાડી નાખી!"

મહારાજે મંદ મંદ હસીને પૂછ્યું, "બોલ્ય, મૂળજી! ક્યાં જવું છે? પહેલા જોયું ત્યાં કે પછી જોયું ત્યાં!"

મૂળજીએ કહ્યું, "મહારાજ! મારા ગુના માફ કરો, યમયાતનાથી મારો ઉદ્ધાર કરો, આજથી હું તમારે શરણે છું!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "મૂળજી! ખરા દિલથી તારા પાપનું પ્રાયશ્ચિત કર, 'સ્વામિનારાયણ' મંત્રનો જપ કર, અમારા પાંચ વ્રતોનું પાલન કર. શરણાગતને અભય આપવાનું અમારું કાયમનું વ્રત છે."

મૂળજીએ ખરા દિલથી માફી માગી અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો અનન્ય આશ્રિત થયો. મૂળજીની બુદ્ધિ અને શક્તિને સાચી દિશા મળી, એનો ધાડપાડુનો ધંધો છૂટી ગયો. મૂળજી ભારાડીમાંથી ભગત થયો અને વધારે ને વધારે સમય ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવામાં ગાળવા લાગ્યો.

સ્વભાવના સર્પ સળવળ્યા!

મૂળજી સત્સંગી થયા પછીની વાત છે, ભગવાન શ્રી સ્વામિનારાયણ સોરઠ પધાર્યા હતા. ગામડે ગામડે ફરતા હતા, ભક્તોના મનોરથ પૂર્ણ કરતા હતા, સાથે સાથે ભાગવત ધર્મનું પ્રવર્તન કરતા હતા. મૂળજી લુહાણા પણ મહારાજની સાથે સેવામાં જોડાયા હતા.

ફરતાં ફરતાં મહારાજ કોઈ એક ગામમાં પધાર્યા અને કોઈ ભક્તને ત્યાં ઊતર્યા.

સાંજના સમયે મહારાજે ભક્તના ફળિયામાં સભા ભરી. ગામલોકો મહારાજનાં મુખેથી જ્ઞાનવાર્તા સાંભળવા એકઠા થયા.

એવામાં પાસેના કોઈ ગામમાંથી એક આધેડ ઉંમરના બાઈ પોતાના પરિવાર સાથે મહારાજનાં દર્શને આવ્યા અને દૂરથી વંદન કરી બાઈઓની સભામાં બેઠા. બાઈનો પરિવાર ખાધે-પીધે સુખી હતો. એ બાઈએ ભારે ભાવથી મહારાજને અર્પણ કરવા માટે સુવર્ણનાં ઘરેણાં બનાવ્યાં હતાં અને ડાબલામાં રાખ્યા હતાં. એમણે મહારાજને કહ્યું, “મહારાજ! આ અલંકારો આપ સ્વીકારો.”

મહારાજે મૂળજી લુહાણાની સામે જોયું અને કહ્યું, “જાઓ, મૂળજી! એ ઘરેણાંનો ડાબલો લઈ આવો.”

મૂળજી ગયા, બાઈ પાસેથી ડાબલો લીધો અને મહારાજ પાસે મૂક્યો. મહારાજે ડાબલો ખોલ્યો, તો અંદર શુદ્ધ સોનાનાં વેઢ, વીંટી, ઊતરી વગેરે અલંકારો હતાં.

મૂળજી મહારાજની સમીપે જ ઊભા હતા. ‘સોનું જોઈને મુનિવરનાં મન ચળે’, એ ન્યાયે મૂળજીનું મન પણ ડગમગાટ કરવા લાગ્યું. ભોંયરામાંથી સર્પ મોંઢું કાઢે, એમ એના ધાડપાડુના જૂના સ્વભાવ જાગ્રત થવા લાગ્યા.

અલંકારો નીરખતાં નીરખતાં અંતર્યામી મહારાજે ચતુર નજરે મૂળજીની સામે જોઈ લીધું અને મૂળજીના અંતરનો ભાવ કળી ગયા. કૃપાસિંધુ મહારાજે પોતાના આ ભક્તને ચોખ્ખો કરવા માટે અનોખો નિર્ણય લીધો.

એક બાજુ મહારાજ ઘરેણાં જોઈ રહ્યાં હતાં, બીજી બાજુ મૂળજીની આંખોમાં સાપોલિયા રમી રહ્યાં હતાં, મહારાજે ડાબલો બંધ કર્યો અને ઘેરે મધુર સ્વરે બોલ્યા, “બહેન! આ ઘરેણાં હમણાં તમારી પાસે સાચવીને રાખો, જરૂર પડશે ત્યારે અમે મંગાવી લેશું.” આમ કહી મહારાજે મૂળજીની સામે જોયું અને બોલ્યા, “લે મૂળજી! આ ડાબલો બહેનને પાછો આપી આવ.”

મૂળજી ડાબલો પાછો આપવા ગયા, પરંતુ એ દરમ્યાન તો એનાં જૂના ભૂતે એનાં મનનો કબજો લઈ લીધો હતો. ભાન ભૂલેલા મૂળજીએ કોઈ પણ ભોગે ઘરેણાં હાથ કરવાનો મનસૂબો કર્યો. ડાબલો પાછો આપતી વખતે એણે બહેનનાં નામ-ઠામ-ગામ પૂછી લીધાં.

આ પ્રસંગ પૂરો થયા બાદ બીજા ચાર-પાંચ દિવસ પસાર થયા એટલે મૂળજીએ મહારાજને હાથ જોડીને કહ્યું, “મહારાજ! આપની રજા હોય તો મારે ગામ જઈ આવું અને બૈરાં-છોકરાંની સંભાળ લઈ આવું.” મૂળજીને ખરેખર ક્યાં જવું છે? એ મહારાજ જાણતા હતા, પણ એમણે કળાવા ન દીધું. મંદ મંદ હસીને મહારાજ બોલ્યા, “મૂળજી! સુખેથી જઈ આવો. પરિવારજનોની સાર-સંભાળ લેવી, એ તો અમારા સત્સંગીઓની ફરજનો એક ભાગ છે. વહેલા પાછા આવજો.”

મહારાજની રજા લઈ મૂળજી નીકળ્યા. શેરગઢ એક બાજુ રહ્યું અને પહોંચ્યા પેલા બહેનને ગામ. મહારાજના ભગતને આવેલા જાણી બહેનના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. એણે મૂળજી ભગતની ભારે આગતા-સ્વાગતા કરી.

મૂળજીએ રાત્રે મોડે સુધી મહારાજની વાતો કરી સર્વને સત્સંગ કરાવ્યો. એનાં મનનું કપટ કોઈ જાણી શક્યું નહિ. છૂટા પડતી વખતે મૂળજીએ બીજું કોઈ સાંભળતું નથી, એની ખાતરી કરી બહેનને કહ્યું, "બહેન! ચારે બાજુ ચોર લૂંટારાની બીક બહુ છે, પેલો ડાબલો સાચવીને તો રાખ્યો છે ને?"

આ પ્રશ્ન મૂળજીના અંતરનો ચોર પૂછી રહ્યો છે, એની પેલી નિર્દોષ બાઈને ક્યાંથી ખબર પડે! એણે ભોળે ભાવે કહ્યું, "ભગત! ચિંતા કરશો નહિ. એ ડાબલો તો મહારાજની થાપણ છે, એને તો મેં કોઈને કલ્પના ન આવે, એ રીતે ચૂલાની આગમણમાં દાટી દીધો છે." બસ, બાઈની વાતમાંથી ચોરને સરનામું મળી ગયું.

રાત્રે બધા ઘસઘસાટ સૂતા હતા. મૂળજી ઊભો થયો, અવાજ ન થાય એમ ચોરપગલે રસોડામાં પહોંચ્યો, આગમણમાંથી ડાબલો કાઢી લીધો, ઉપર રાખ હતી એવીને એવી કરી દીધી. કોઈને ખબર ન પડે, એવી રીતે મૂળજી ત્યાંથી નીકળી ગયો, વહેલું આવે શેરગઢ.

ગોરીયો ગમાણે આવ્યો!

સૂર્યોદયને થોડી વાર હતી, અવની ઉપરના અંધારાં ધીરે ધીરે ઓસરી રહ્યાં હતાં; મૂળજી મારગ કાપી રહ્યો હતો. મારગમાં સાંકળી નેળ્ય આવી. મૂળજી નેળ્યમાં આગળ વધ્યો. મોંસૂઝણું થઈ ગયું હતું. ત્યાં તો એણે સામે અશ્વ ઉપર સવાર થયેલા મહારાજને આવતા જોયા.

મૂળજીને આશ્ચર્ય થયું, 'મહારાજ અત્યારે અહીં ક્યાંથી?' મૂળજી ગભરાયો, આછે અંધારે મહારાજની નજરથી બચવા પાછો ફર્યો, ત્યાં તો એણે એ બાજુથી પણ મહારાજને આવતા જોયા.

મૂળજી આશ્ચર્યથી બાઘો બની ગયો! આમથી તેમ જોવા લાગ્યો, પરંતુ હવે તો એને જે બાજુ જુએ એ બાજુ મહારાજ જ દેખાઈ રહ્યા હતા. કઈ તરફ જવું? એની ગતાગમ પડતી ન હતી, ચોર ચારે બાજુથી ઘેરાઈ ચૂક્યો હતો. એટલામાં તો મહારાજ એને આંબી ગયા.

મહારાજે વેધક નજરે મૂળજીની સામે જોયું અને પૂછ્યું, "એલા, મૂળજી! તું તો શેરગઢ જવાનો હતો ને, અહીં ક્યાંથી?"

મૂળજી જવાબ દેવામાં થોથવાયો અને બોલ્યો, "મહારાજ! નજીકના ગામે મારા સંબંધીને મળવા ગયો હતો." એનો અવાજ બોદો હતો, પાંપણો પાપના ભારથી નમેલી

હતી અને એના હૈયામાં મહારાજની સામે જોવાની હિંમત ન હતી.

મહારાજે કઠોર સ્વરે કહ્યું, "બહુ સારું મૂળજી! હવે બોલ્ય, આ તારા ખભા ઉપરના ખડિયામાં શું છે?"

મહારાજના શબ્દોનો તાપ મૂળજીથી જીરવાતો નો'તો. એ લડખડાતે સ્વરે બોલ્યો, "મ..હા..રા..જ..આ...આમાં તો મારી પૂ..પૂ..પૂજા છે!"

મહારાજે સત્તાવાહી સ્વરે કહ્યું, "ખોલ્ય તારો ખડિયો, અમારે તારી પૂજા જોવી છે!"

મૂળજી માટે બીજો રસ્તો રહ્યો ન હતો. એણે ધ્રૂજતા હાથે ખડિયો ખોલ્યો. મહારાજે ખડિયામાંથી ઘરેણાંનો ડાબલો ઉઠાવી લીધો અને ફરીથી આકરા સ્વરે પૂછ્યું, "બોલ્ય, મૂળજી! આ ડાબલામાં શું છે?"

મૂળજીનું પાપ ખુલ્લું પડી ગયું હતું. કબૂલ કર્યા સિવાય બીજો છૂટકો નો'તો. એણે બે હાથ જોડી કહ્યું, "મહારાજ! મારી ભૂલ થઈ."

મહારાજે કહ્યું, "મૂળજી! તેં શું કર્યું છે, એનું તને ભાન છે? એક તો તેં સોનાની ચોરી કરી. બીજું અમારી જ થાપણ ઓળવી ઈષ્ટદેવનો દ્રોહ કર્યો અને ત્રીજું સત્સંગીનો સ્વાંગ લઈને આવું કાળું કામ કરી સંપ્રદાયની ઊજળી કીર્તિમાં કાળું કલંક લગાડ્યું?"

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં એક એક વચન મૂળજીના હૃદયને તીરની જેમ વીંધી રહ્યાં હતાં. વચનના એક એક પ્રહારે મૂળજીનો આસુર ભાવ નાશ પામી રહ્યો હતો. એના જૂના સંસ્કારો ધોવાઈ રહ્યા હતા અને આત્માની ઊજળાશ પ્રગટ થઈ રહી હતી. વચનરૂપી ઔષધથી મહારાજે મૂળજીનો કાયાકલ્પ કર્યો.

મૂળજી મહારાજના પગ પકડીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડ્યો, "મહારાજ! મેં અક્ષમ્ય અપરાધ કર્યો છે, મોઢું દેખાડવા લાયક રહ્યો નથી, માફી માગવાનો અધિકાર પણ ખોઈ નાખ્યો છે!"

મહારાજે પોતાનો અભયપ્રદ હાથ મૂળજીના માથા ઉપર મૂક્યો અને બોલ્યા, "મૂળજી! હવે તારો છેલ્લો કોઠો વીંધાઈ ચૂક્યો છે, પણ એ માટે અમારે ખૂબ જ ધીરજ રાખવી પડી છે અને લાંબી મજલ કાપવી પડી છે. તારા જેવા જીવના ઉદ્ધાર માટે તો અમે પ્રગટ થયા છીએ! પણ એક વાત સાંભળી લે, તારે આ પાપનું પ્રાયશ્ચિત કરવું પડશે."

મૂળજીએ હાથ જોડીને રૂંધાયેલા કંઠે કહ્યું, "મહારાજ! આપ જે કહો તે પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર છું."

મહારાજે કહ્યું, "મૂળજી! અમારી માફી માગવાથી કાંઈ નહિ વળે, જેનો અપરાધ કર્યો છે એ બાઈની પાસે જા, આ ડાબલો એને પાછો આપ અને ખરા દિલથી એની માફી માગ. તેં લાલચમાં અંધ થઈને એ બાઈ ઉપર શું વિતાવ્યું છે, એનું તને ભાન છે? મૂળજી! અમારા અપરાધીને તો અમે છોડી શકીએ, પરંતુ અમારા ભક્તના અપરાધીને

છોડવા માટે અમે સ્વતંત્ર નથી. એ તો ભક્ત માફ કરે તો જ અમારાથી છોડાય.”

મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધ્યા મૈં ન છૂટે રે.

આ બાજુ પેલા બાઈએ સવારે મૂળજીને જોયા નહિ. થોડી વાર તો ધારી લીધું કે ભગત દાતણ-પાણી કરવા બહાર ગયા હશે, હમણાં પાછા આવશે. આમ વિચારતાં વિચારતાં બાઈએ શિરામણીના રોટલા ઘડવા માટે ચૂલો સળગાવ્યો.

બાઈ જેવો ચૂલો સળગાવવા ગયા, ત્યાં એણે આગમણમાં કંઈક આઘુંપાછું થયેલું જોયું. બાઈને કંઈક શંકા પડી, એમણે આગમણમાં તપાસ કરી, તો ઘરેણાંનો ડાબલો ન જોયો. બાઈના દિલમાં ફાળ પડી, અંતરમાં ભારે વલોપાત ઊપડ્યો.

પોતાનાં ઘરેણાંની ચોરી થઈ હોત તો આટલી ચિંતા ન થાત, પણ આ તો ઈષ્ટદેવની થાપણ હતી. એને મૂળજી ઉપર શંકા ગઈ, મૂળજી આવો નીકળશે એવી એમને કલ્પના ન હતી. હવે તો ચોરી જાહેર કરે, તો ગામમાં સત્સંગ વગોવાય. ધીરગંભીર બહેને સમજણથી આ ઘટનારૂપી વિષના ઘૂંટડા પી લીધા અને વેદનાભરેલે હૈયે મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા, કે “મહારાજ! આ પરિસ્થિતિને આપ જ સંભાળી શકો તેમ છો.”

બાઈની પ્રાર્થના મહારાજે સાંભળી લીધી હતી અને બગડેલી બાજીને સંભાળી લીધી હતી. મહારાજની આજ્ઞાથી મૂળજી પાછો બાઈ પાસે આવ્યો, ઘરેણાંનો ડાબલો બાઈને પાછો સોંપ્યો, મોંઢામાં ઘાસનું તરણું લઈ માફી માગી.

બાઈ એટલું જ બોલ્યા, “હાશ! મહારાજે મારી પ્રાર્થના સાંભળી; મારી અને સત્સંગની લાજ રાખી લીધી.”

મૂળજીએ ખરા દિલથી પસ્તાવો કર્યો. મહારાજે આપેલા પ્રાયશ્ચિતો પૂર્ણ કર્યાં. પછી તો મૂળજી મહાન ભક્ત થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી એમને વગર અષ્ટાંગયોગ સાધ્યે સમાધિ સિદ્ધ થઈ. સત્સંગમાં તેઓ સમાધિવાળા મૂળજીના નામે પ્રસિદ્ધ થયા અને એકાંતિક ભક્તોની પંક્તિમાં ભળ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી સોરઠની પ્રજાએ મૂળજીના ત્રાસથી છૂટકારો મેળવ્યો અને મૂળજીએ માયાથી છૂટકારો મેળવ્યો.

લૂંટારા જેમલ મેરનો ઉદ્ધાર

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો અને ભક્તો સાથે જૂનાગઢના દામોદર કુંડે સ્નાન કરવા પધારી રહ્યા હતા. રસ્તામાં નામીચા લૂંટારા જેમલ મેરનો અડ્ડો હતો.

જેમલ મેર જોબનપગી જેવો જ કુખ્યાત લૂંટારો હતો, શરીરે પાંચ હાથ પૂરો અને શૂરવીર હતો. દામોદર કુંડને માર્ગે ગિરનારની ગુફામાં એનાં બેસણાં રહેતાં. ગિરનારના આજુબાજુના જંગલમાં જેમલ મેરની હાક વાગતી.

હરિલીલામૃતમાં વિહારીલાલજી મહારાજ લખે છે...

"ગિરનારનો જેમલ મેર, જેની વાગતી હાંક ચોમેર."

જેમલ મેર કર ઉઘરાવવાને બહાને ગિરનારની યાત્રાએ આવતા યાત્રાળુઓને ધોળે દિવસે લૂંટતો હતો.

જૂનાગઢની નવાબી સત્તા રાજકીય કાવાદાવામાં એનો ઉપયોગ કરતી હતી, એટલે નવાબ સરકારના અધિકારીઓ પણ માથા ફરેલા માણસની ઉઘાડી લૂંટ સામે આંખ આડા કાન કરતા હતા. એટલું જ નહીં, જૂનાગઢ નવાબ તરફથી સડોદર ગામ અને ગિરનારની દક્ષિણ-પશ્ચિમ તરફનો એક વિશાળ ડુંગર પ્રદેશ એને ગરાસમાં પણ મળ્યા હતા.

દામોદરકુંડે પધારી રહેલા મહારાજ રસ્તામાં રાયણનાં વૃક્ષની નીચે થોડી વાર વિશ્રામ કરવા રોકાયા. સાથેના હરિભક્તોએ મહારાજને જેમલ મેરના ત્રાસની વાત કરી. મહારાજે કહ્યું, "આપણે જેમલ મેરને મળવું છે."

હરિભક્તોએ કહ્યું, "મહારાજ! એ ભારે ક્રૂર છે, મળવા જેવો માણસ નથી."

મહારાજે કહ્યું,"એવા ક્રૂરને કોમળ બનાવવા માટે તો અમે અવતાર ધારણ કર્યો છે! માટે આપણે એને મળવું છે."

સંજોગવશાત્ પડખેની ગુફામાં જ જેમલ મેરની બેઠક હતી. મહારાજે સામે ચાલીને જેમલ મેરની ગુફાનો માર્ગ લીધો. જેમલ મેરે દૂરથી મહારાજને જોયા. જેમલ મેરને થયું, "આ સિંહની બોડચમાં સામે ચાલીને શિકાર કોણ આવે છે?"

જેમલ મેરને ખબર ન હતી કે, આજે ખુદ શિકારીનો જ શિકાર થઈ જવાનો હતો. જેવા મહારાજ નજીક પધાર્યા; જેમલ મેર અને મહારાજની ચાર આંખો ભેગી થઈ, ત્યાં તો કોણ જાણે શું ચમત્કાર સર્જાયો! લોહચુંબકમાં લોખંડ ખેંચાય એમ જેમલ મેર મહારાજમાં ખેંચાઈ ગયો.

જેમલ મેરથી મહારાજને હાથ જોડાઈ ગયા અને બોલાઈ ગયું,"આવો મા'રાજ! આવો! આવા પાપીને આંગણે આપ જેવા સાધપુરુષોરૂપી પરોણા ક્યાંથી? અમારે લાયક કાંઈ સેવા હોય તો ફરમાવો."

મહારાજે પ્રભાવક નજરે જેમલ મેરની સામે જોયું અને બોલ્યા, "જેમલ! આજ સુધી તું ઘોર ઊંઘમાં સૂતો છો, અમે તને જગાડવા આવ્યા છીએ. આજ સુધી તેં અનેક વટેમાર્ગુઓને રંજાડ્યા છે, લૂંટ્યા છે, માર્યા છે. આજે અમે તને પાપના માર્ગેથી પાછો વાળવા આવ્યા છીએ."

"પાપી પેટનો ખાડો પૂરવા માટે નિર્દોષને રંજાડવા એ યોગ્ય નથી. એમાંય યાત્રાળુઓને લૂંટવા એ તો મહાપાપ કહેવાય. એમાં પણ આ ગિરનાર તો સિદ્ધોનાં બેસણાં કહેવાય. આવી તીર્થભૂમિમાં કરેલાં પાપ વજ્રલેપ થાય છે અને જમપુરીમાં જાતજાતની યમયાતના ભોગવવી પડે છે, માટે તું આ પાપનો ધંધો છોડી દે."

આ ભયંકર લૂંટારાને આટલી નિર્ભિકતાથી વાત કરનાર કોઈ મળ્યું ન હતું. મહારાજની પ્રતાપી નજર અને ધારદાર વાણીનો માર જેમલ મેરથી સહન થાય એમ ન હતો. જેમલ મેરે કહ્યું, "મા'રાજ! આ બધી જમપુરીની વાત સાચી છે કે ભોળા લોકોને ભરમાવવા માટે ઊભી કરેલી છે?"

મહારાજે વિચાર્યું, આ જાડા લૂગડાંને ધોવા માટે ધોકાની જરૂર પડશે. મહારાજ કાંઈ બોલ્યા નહિ, માત્ર હસ્યા. એ જ વખતે શ્રીહરિની મૂર્તિમાંથી અલૌકિક તેજ નીકળ્યું. આ તેજોમય સ્વરૂપનાં દર્શન કરતાં જેમલ મેરને સમાધિ લાગી ગઈ. સમાધિમાં જેમલ મેરને જમપુરી દેખાણી. ભયંકર જમના દૂતો જુદાં જુદાં પાપ માટે જીવોને જે જાતજાતની યમયાતના આપી રહ્યા હતા, એ ત્રાસ એણે નજરે નિહાળ્યો. મહારાજે ચપટી વગાડી. જેમલ મેર સમાધિમાંથી જાગ્યો, એણે મહારાજના પગ પકડી લીધા.

મહારાજના આ અલૌકિક પ્રભાવથી જેમલ મેરનો આત્મા જાગી ગયો. એના પૂર્વના પુણ્યનો ઉદય થયો. એમણે મહારાજને બે હાથ જોડીને કહ્યું,"મહારાજ! મેં બહુ પાપ કર્યાં છે. મને તમારે શરણે લ્યો, મારો ઉદ્ધાર કરો!"

મહારાજે જેમલ મેરને શરણે લીધો અને તારી દીધો. અનેક પ્રાયશ્ચિત કરવા છતાંય શુદ્ધિ ન થાય એવાં એનાં પાપ હતાં, પરંતુ શ્રીહરિની શરણાગતિથી જેમલ મેર એ પાપના સાગરને પળવારમાં તરી ગયો.

જેમલ મેરે હાથ જોડીને કહ્યું, "મા'રાજ! મારે લાયક કોઈ પણ આજ્ઞા કરો.

મહારાજે જેમલ મેરને આજ્ઞા કરી કે, "જેમલ! આજથી તું દારૂ, માટી, પરસ્ત્રીના સંગનો ત્યાગ કરજે. જંગલના આ ઘોર રસ્તે જે યાત્રાળુઓ આવે એની રક્ષા કરજે. બીજું અમારે જૂનાગઢમાં મોટું મંદિર કરવું છે. આ બ્રહ્માનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી અમારી આજ્ઞાથી મંદિરની જવાબદારી સંભાળી રહ્યા છે. તું એમની આજ્ઞામાં રહેજે અને આ કાર્યમાં મદદ કરજે."

આટલું કહી મહારાજ બોલ્યા, "જેમલ! આ અમારી આજ્ઞા માનીશ તો અમે માત્ર તારું જ નહિ, તારા વંશ-વારસોનું પણ કલ્યાણ કરીશું."

મહારાજની કરુણામય વાણી સાંભળી જેમલ મેર ગદ્‌ગદ્ થઈ ગયો. એની આંખમાંથી આંસુડાંઓ વહેવા લાગ્યાં. એણે કહ્યું, "મહારાજ! આજથી હવે હું આપની આજ્ઞા પ્રમાણે જ જીવન જીવીશ."

સૌરાષ્ટ્રની મેર જ્ઞાતિ સ્વભાવથી શૂરવીર છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી જેમલ મેરની શૂરવીરતાને સાચી દિશા મળી. જેમલ મેર ભક્ષક મટીને રક્ષક થયો. ગિરનારની યાત્રા કરવા આવનારા યાત્રાળુઓ નિર્ભય થયા.

જેમલ મેરને કલ્યાણનો કોલ આપી શ્રીહરિ દામોદરકુંડે પધાર્યા, સ્નાન કર્યું, સભા ભરી જ્ઞાનવાર્તા કરી પછી વાજતેગાજતે જૂનાગઢ પધાર્યા.

મહારાજની આજ્ઞાથી જૂનાગઢ મંદિરની મહંતાઈ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ સંભાળી હતી. જેમલ મેર નિયમિત રીતે ગુણાતીતાનંદસ્વામીના દર્શને આવતા અને સ્વામીનો સમાગમ કરતા. જેમલ મેરે યાત્રાળુ સંતો-હરિભક્તોના સંઘના રખોપિયા તરીકે આજીવન સેવા કરી હતી. નવાબ તરફથી ગરાસમાં મળેલ વીડી એણે મંદિરની ગાયોને ચરવા માટે અર્પણ કરી હતી.

ઝીણાભાઈ સાવ સાજા થઈ ગયા!

વિક્રમ સંવત ૧૮૮૨ની સાલ હતી, માગશર માસ હતો, દરબાર શ્રી ઝીણાભાઈ બીમાર પડ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ ઝીણાભાઈને જોવા માટે ગઢપુરથી મારતે વેગે જૂનાગઢ આવ્યા.

ઝીણાભાઈના મા દીકરાના મંદવાડથી ખૂબ જ દુઃખી અને ચિંતાતુર હતા. એમણે મહારાજને વિનંતી કરી, "મહારાજ! તમે તો ભગવાન છો, માટે મારા ઝીણાને સાજો કરી દ્યો."

મહારાજે ગૂઢ ભાષામાં કહ્યું, "મા! અમે ઝીણાભાઈને સાવ સાજા કરી દેશું." આ રીતે ડોશીમાને આશ્વાસન આપી મહારાજ ઝીણાભાઈની મેડીએ પધાર્યા.

ઝીણાભાઈના ઢોલિયા પાસે મહારાજને બેસવા માટે ખુરશી મૂકવામાં આવી હતી.

મહારાજે ઝીણાભાઈના મસ્તક ઉપર હાથ ફેરવ્યો અને બોલ્યા, "ઝીણાભાઈ! તમારી આવરદા પૂરી થઈ ચૂકી છે. જો તમે રાજી હો, તો આવતી કાલે બપોરે અમે તમને અમારા ધામમાં તેડી જઈએ અને સાજા થવું હોય, તો સાજા કરી દઈએ."

ઝીણાભાઈ બોલ્યા, "મહારાજ! તમારી પ્રાપ્તિથી અમારો આ લોક અને પરલોક બંને સુધરી ગયા છે. 'હાથી તો જીવતા લાખના અને મૂવા સવા લાખના'. જો આપ ધામમાં તેડી જતા હો તો હું તૈયાર છું."

મહારાજે કહ્યું, "ઝીણાભાઈ! તમારા દીકરા હઠીની કાંઈ ભલામણ કરવી છે?"

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તની સમજણની કસોટી કરી રહ્યા હતા. ઝીણાભાઈ પણ આ કસોટીમાં પાછા પડે એમ ન હતા.

એમણે કહ્યું, "મહારાજ! હઠી જો તમારો રહેશે તો મારે ભલામણ કરવાની જરૂર નથી, કારણ કે આપ સ્વયં ભક્તવત્સલ છો અને જો હઠી તમારો ન રહે, તો એવા દીકરાની ભલામણ કરવાનો કોઈ અર્થ નથી."

ઝીણાભાઈની સમજણ જોઈને મહારાજ અત્યંત રાજી થયા. મહારાજે ફરીથી પૂછ્યું, "ઝીણાભાઈ! તમારી બીજી કોઈ ઇચ્છા ખરી?"

ઝીણાભાઈએ કહ્યું, "મહારાજ! એક ઇચ્છા છે. આપ અહીં જૂનાગઢમાં ઘણા સમયથી મંદિર કરાવવાનો સંકલ્પ કરો છો. મારી આ જાયગા એ માટે અર્પણ કરું છું. અહીં

વહેલાસર મંદિર થાય અને સાધુના ઉતારા થાય, મારી આ ઇચ્છાને આપ પૂર્ણ કરજો."

ઝીણાભાઈની વાત સાંભળીને મહારાજ અત્યંત રાજી થયા અને કહ્યું, "ભલે, ઝીણાભાઈ! અમે તમારો સંકલ્પ પૂર્ણ કરીશું. તમે આવતી કાલે બપોરે શરીર છોડવા તૈયાર રહેજો."

ઝીણાભાઈએ કહ્યું, "ભલે, મહારાજ!"

ઝીણાભાઈને ધામમાં તેડી જવાનો કોલ આપી ભગવાન શ્રી સ્વામિનારાયણ માઢ-મેડીએથી નીચે ઊતર્યા. નીચે ઝીણાભાઈના મા આતુર હૈયે રાહ જોઈ રહ્યા હતા.

એમણે મહારાજને પૂછ્યું, "મહારાજ! મારો ઝીણો સાજો થઈ જશેને?"

મહારાજે ફરીથી ગૂઢ ભાષામાં કહ્યું, "મા! આવતી કાલ બપોર સુધીમાં તમારો ઝીણો સાવ સાજો થઈ જશે, એના નખમાંય રોગ નહિ રહે."

બીજે દિવસે બપોરે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાછા પધાર્યા અને પોતાની હાજરીમાં ઝીણાભાઈનો દેહ મેલાવ્યો. ઝીણાભાઈના શરીર ઉપર આછી ચાદર ઓઢાડી મહારાજ માઢ-મેડીએથી નીચે ઊતર્યા. નીચે ઝીણાભાઈના મા રાહ જોઈ રહ્યા હતા. એમણે પૂછ્યું, "મહારાજ! મારા ઝીણાને કેમ છે?"

મહારાજે એ જ ગૂઢ ભાષામાં કહ્યું, "મા! અમે કહ્યું હતું એમ ઝીણાભાઈને હવે નખમાંય રોગ નથી અને રોગ થશે પણ નહિ."

મહારાજની વાતનો મર્મ સમજવો ડોશીમા માટે મુશ્કેલ હતો. મહારાજને થયું કે, 'આ ડોશીમા પોતાના વહાલસોયા દીકરાના અક્ષરવાસનો આઘાત જીરવી નહિ શકે.' મહારાજે ડોશીમાને સમજાવવાની આગવી રીત અપનાવી.

મહારાજે ધીરે રહીને માને પૂછ્યું, "મા! તમારા દીકરાને જૂનાગઢનું રાજ મળે તો તમે રાજી કે નહિ?"

મા બોલ્યા, "મહારાજ! દીકરો જૂનાગઢનો રાજા થાય તો કઈ માને હરખ ન થાય!"

મહારાજ બોલ્યા, "મા! જૂનાગઢ કરતાંય વડોદરાનું રાજ બહુ મોટું છે. તમારો દીકરો વડોદરાનો રાજા થાય તો?"

માએ કહ્યું, "મહારાજ! મારા ઝીણાને વડોદરાનું રાજ મળે, તો તો હું બહુ રાજી થાઉં!"

મહારાજ બોલ્યા, "મા! વડોદરા કરતાંય અંગ્રેજનું રાજ બહુ મોટું છે. તમારા દીકરાને અંગ્રેજનું રાજ મળે તો?"

મા બોલ્યા,"મહારાજ! તો તો મને અત્યંત આનંદ થાય."

મહારાજ બોલ્યા, "મા! તમારા દીકરાને આખી પૃથ્વીનું રાજ મળે તો?"

મા બોલ્યા, "તો તો મારા રાજીપાનો પાર ન રહે! "

મહારાજ બોલ્યા, "મા! તમારા દીકરાને ઇન્દ્રનું રાજ મળે તો?"

મા બોલ્યા, “મહારાજ! તો તો હું બહુ રાજી!”

મહારાજ બોલ્યા, “મા! તમારા દીકરાને આખા બ્રહ્માંડનું રાજ મળે તો?”

મા બોલ્યા, “મહારાજ! તો તો હું એથી પણ વિશેષ રાજી! ”

મહારાજ બોલ્યા, “મા! તમારા દીકરાને અનંતકોટિ બ્રહ્માંડનું રાજ મળે તો?”

મા બોલ્યા, “મહારાજ! તો તો મારો આનંદ મારા હૈયામાં મા’ય નહીં!”

મહારાજ આવા પ્રશ્નોની પરંપરા શા માટે ચલાવી રહ્યા છે? એ ડોશીમા સમજી શક્યા ન હતા. એ તો હા એ હા કરતાં કરતાં રાજી રાજી કહ્યે જતા હતા.

મહારાજ બોલ્યા, “પણ મા! તમારો દીકરો એટલે બધે દૂર રાજ કરતો હોય અને તમે અહીં હો, તમારો દીકરો તમને નજરે તો દેખાય નહીં તોય તમે રાજી રહો?”

મા બોલ્યા, “મહારાજ! મને દેખાય કે ન દેખાય; મારો દીકરો અનંત બ્રહ્માંડનો રાજા છે, એ જાણીને જ મારા હૈયામાં આનંદ આનંદ વર્ત્યા કરે.”

મહારાજ ધીરે રહીને બોલ્યા, “મા! તો અમે તમને ખુશખબર આપીએ છીએ કે તમારો દીકરો અનંતકોટિ બ્રહ્માંડની રાજગાદીએ બેસી ગયો છે.”

મહારાજની વાત ડોશીમા સમજી શક્યા નહિ એટલે બાઘાની જેમ મહારાજની સામે જોઈ રહ્યા અને પૂછ્યું, “મહારાજ! તમે શું કહેવા માગો છો?”

મહારાજ કાંઈ પણ ઉત્તર આપવાને બદલે પોતાની સાથે ચાલવાનો ઈશારો કરી ડોશીમાને મેડી ઉપર લઈ ગયા અને ઝીણાભાઈના શાંત ખોળિયા તરફ આંગળી ચીંધી અને બોલ્યા, “મા! તમારો દીકરો હવે નાશવંત મટીને અવિનાશી થઈ ગયો છે.”

મહારાજની વાતનો મર્મ પામી મા રડવા માંડ્યા અને બોલ્યા, “મહારાજ! આ શું થયું? મારો દીકરો ધામમાં ગયો?”

મહારાજ બોલ્યા, “મા! તમારો દીકરો મરી નથી ગયો, તમારો દીકરો તો અક્ષરધામની ગાદીએ બેઠો છે અને અનંત સુખને પામ્યો છે.”

મહારાજે આ હેતાળ માના હૈયાને પહેલેથી જ પ્રશ્નોત્તરી કરી, આઘાત સહન કરી શકે એવું તો બનાવી જ દીધું હતું, થોડી વિશેષ જ્ઞાનવાર્તા કરી મહારાજે એમનો શોક હળવો કરી નાખ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણે ઝીણાભાઈના અંતિમ સંસ્કારની બધી જ વિધિ માથે ઊભા રહીને કરાવી. ઝીણાભાઈની અંતિમ પાલખી મહારાજે સ્વયં પોતાને ખભે ઉપાડી દામોદરકુંડ સુધી પગપાળા ચાલ્યા.

જૂનાગઢના નવાબ પોતાના ઝરૂખામાં ઊભા રહી પોતાના પ્રિય દરબારી ઝીણાભાઈને છેલ્લી સલામી આપી રહ્યા હતા. એમણે આ દૃશ્ય જોયું, એ આભા બની ગયા. સુવર્ણરેખા નદીને કિનારે મહારાજે સ્વયં ઝીણાભાઈના પાર્થિવ શરીરને અગ્નિદાહ દીધો.

દરબાર શ્રી ઝીણાભાઈ જૂનાગઢ રાજ્યના માનીતા હતા, તેથી જૂનાગઢના નવાબે ઝીણાભાઈને શોકાંજલિ અર્પણ કરવા માટે ખાસ કચેરી ભરી. ભગવાન શ્રી

સ્વામિનારાયણને પણ એમાં તેડાવ્યા.

નવાબ સરકારે શોક વ્યક્ત કર્યો અને મહારાજને પૂછ્યું, “મહારાજ! તમે સ્વયં ઝીણાભાઈની અંતિમ પાલખી તમારે ખભે ઉપાડી તો ઝીણાભાઈ તમારે શું સગા થાય?”

મહારાજે કહ્યું, “ઝીણાભાઈ અમારા અનન્ય ભક્ત હતા. જેવા આ ગઢડાના દાદા ખાચર એવા જ અમારા પંચાળાના ઝીણાભાઈ. દાદા ખાચરે ગોપીનાથજીના મંદિર માટે પોતાનું સર્વસ્વ ધન, ધરા, ધામ અર્પણ કર્યું, એ જ રીતે ઝીણાભાઈએ પણ અહીં જૂનાગઢમાં મંદિર બનાવવા માટે પોતાનાં ધરા-ધામ અર્પણ કર્યાં.”

આટલું કહી મહારાજ બોલ્યા, “નવાબસાહેબ! આ ઝીણાભાઈએ અમારા એક માંદા ભક્તની ખૂબ સેવા કરી હતી. તેમનું નામ કમળશી વાંજા હતું. તેઓ માંગરોળના વતની હતા. એમની તબિયત અત્યંત નાજુક હતી એટલે ખાટલામાં જ એમને પંચાળા લઈ જવા પડ્યા. એ વખતે ઝીણાભાઈએ પોતે ગામધણી છે, એ બાબતની દરકાર કર્યા સિવાય લોકલાજ છોડી કમળશીભાઈના ખાટલાનો એક પાયો પોતાના ખભા ઉપર લીધો હતો અને પંચાળામાં ખૂબ સેવા ચાકરી કરી હતી.”

“આ રીતે કોઈ માંદાની સેવા કરે, એ અમને ખૂબ જ ગમે છે. ઝીણાભાઈએ માંદા ભક્તનો ખાટલો ખભે લીધો હતો, એ વાતને યાદ કરીને અમે ઝીણાભાઈની પાલખી અમારા ખભા ઉપર લીધી હતી.”

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળી નવાબ આફરીન પોકારી ઊઠ્યા અને બોલ્યા, “વાહ! સ્વામિનારાણ વાહ! આપને ઝીણાભાઈ કી રુહ કો તો અપને પાસ બુલા લિયા, લેકિન ઉસ કે શરીર કો ભી પાક બના દિયા!”

સંપ્રદાયનો અભૂતપૂર્વ વિકાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણ પંચાળાથી ગઢપુર પધારી ચૂક્યા હતા. મહારાજ અને એમના પરમહંસોના અવિરત વિચરણને લીધે સ્વામિનારાયણ સંપ્રદાયનો વિકાસ બહોળી માત્રામાં થયો હતો.

એ જમાનામાં વાહનવ્યવહારના સાધનો ઘણાં ઓછા હતાં, છતાં આટલી વિશાળ માત્રામાં થયેલા વિકાસ આપણને આશ્ચર્ય ઉપજાવે એવો છે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી જેવા તત્કાલીન સંતોએ પોતાનાં ગ્રંથોમાં આ અંગેની ઐતિહાસિક નોંધ કરેલી છે.

નિષ્કુળાનંદસ્વામી લખે છે કે, કચ્છ, કાઠિયાવાડ અને મહાગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર સત્સંગના રંગથી રંગાઈ ચૂક્યો હતો.

પંચમહાલના વનવાસી વિસ્તારમાં રજારી, ખરિયા, જતતિ, બરકિસરાઈ, ચિતોરા, બાગબહી, મેના, હરસીમા, હરસિયા, હરિસ, બગરોલી અને મગરોની વગેરે અનેક

ગામોના આદિવાસી ભાઈ-બહેનો સત્સંગના રંગથી રંગાઈ ચૂક્યા હતા. એમના આચાર-વિચાર બદલાઈ ચૂક્યા હતા.

ઉપરાંત, રાજસ્થાન, મધ્યપ્રદેશના નિમાડ અને ખાનદેશ, બુંદેલખંડ, ઉત્તર ભારત ગંગાપાર અને લખનૌનો કેટલોક વિસ્તાર, વત્સઘોષ દેશ, રામેશ્વરમ્, જગન્નાથપુરી, બંગાળ વગેરે ખૂબ દૂરના પ્રદેશોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના હજારો અનુયાયીઓ વસતાં હતાં અને ઉત્સવ-સમૈયાઓમાં દૂર દૂરથી સંઘ લઈને મહારાજનાં દર્શને આવતાં હતાં.

વિશ્વમાં વિવિધ ધર્મોના વિકાસ વિવિધ રીતે થયા છે. કોઈ ધર્મ તલવારને જોરે વિકસ્યો છે, કોઈ ધર્મે રાજસત્તા સાથે મજબૂત ધરી રચી એકબીજાના સ્વાર્થ સાધવા માટે વિસ્તાર સાધ્યો છે.

ઉપનિષદોના ઋષિઓએ પ્રબોધેલો ધર્મ માત્રને માત્ર પ્રેમ અને સમજણથી વિસ્તર્યો છે, જે ધર્મ વૈદિક ધર્મ અને સનાતન ધર્મને નામે પણ ઓળખાય છે. જોકે, સમય જતાં એમાં પણ રાજા અને પુરોહિતોની ધરીઓ રચાણી હતી; પરિણામે જે ધર્મ પ્રેમ, કરુણા અને જ્ઞાનથી લોકોનાં હૃદયનું શાસન કરતો હતો, એ જ ધર્મ ભયથી શાસન કરનારો થયો હતો.

સનાતન ધર્મના એ સદ્ભાગ્ય રહ્યા છે કે એમાં સમયે-સમયે મહાપુરુષો, સંતો અને અવતારો પ્રગટ થતા રહ્યા અને સનાતન ધર્મને ફરીથી મૂળ વિશુદ્ધરૂપે પ્રસ્થાપિત કરતા રહ્યા.

પશ્ચિમના ધર્મોમાં આવું સદ્ભાગ્ય ભાગ્યે જ જોવા મળે છે. મધ્ય એશિયાની ધરતી પર પાંગરેલા ધર્મના અનુયાયીઓ, સ્થાપક પુરુષો સિવાય બીજા પયગંબરોનું પ્રાગટ્ય સહન કરી શકતા નથી.

ભારતના જૈન ધર્મનું પ્રવર્તન પણ મોટે ભાગે રાજશાસનના પ્રભાવથી મુક્ત રહીને થયું છે. જૈન સંતોની આકરી તપશ્ચર્યા અને સંયમની વાડ્યોથી જિનશાસન ઓપતું રહ્યું છે. દાનવીર શ્રેષ્ઠીઓના સમર્પણ અને સખાવતોએ જિનશાસનને ભારે દીપાવ્યું છે.

ભગવાન તથાગત બુદ્ધ રાજસત્તાના પ્રભાવથી મુક્ત હતા અથવા તો એમ કહી શકાય કે, રાજસત્તાઓ ઉપર તથાગત બુદ્ધનો જબરો પ્રભાવ હતો. તથાગત બુદ્ધ ઉપર કોઈ રાજસત્તા પ્રભાવ પાથરી શકી ન હતી, છતાં તથાગત બુદ્ધના નિર્વાણ બાદ બૌદ્ધ ધર્મ રાજસત્તાને સહારે જ વિશ્વમાં વિસ્તર્યો હતો.

સારી વાત એ હતી કે, બૌદ્ધ ધર્મે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખ્યું હતું અને રાજસત્તાઓ ઉપર પંચશીલનો પ્રભાવ જાળવી રાખવા સારો એવો પ્રયાસ કર્યો હતો. દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ વાત એ છે કે વૈશ્વિક ગણાતો બુદ્ધ ધર્મ વાસ્તવમાં ઉદારતાની દૃષ્ટિએ સનાતન ધર્મની તુલનામાં વૈશ્વિક રહી શક્યો ન હતો.

સનાતન ધર્મે 'નાસ્તિક બુદ્ધ'ને અવતાર તરીકે પોતામાં સમાવીને અનોખી ઉદારતા દાખવી હતી, પરંતુ નેપાળ જેવા કેટલાંક પ્રદેશોને બાદ કરતાં બૌદ્ધ ધર્મ શિવ કે વિષ્ણુના સ્વીકાર માટે ઉદારતા દાખવી શક્યો ન હતો.

સેંકડો વર્ષ પહેલા પૂર્વ એશિયાના દેશોમાં હિંદુ ધર્મનો જબરો પ્રભાવ હતો, પરિણામે ત્યાં અંગકોરવાટ જેવા વિશ્વવિખ્યાત હિન્દુ મંદિરો સેંકડોની સંખ્યામાં સર્જાયાં હતાં, પરંતુ એ જ દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ વધ્યો, ત્યારે એ મંદિરો ભારે ઉપેક્ષિત થયાં હતાં અને આખરે જર્જરિત થઈ ખંડેરોમાં પરિણમ્યા હતાં.

ધર્માંધ મુસલમાનોએ બળજબરીથી હિન્દુ મંદિરોને લૂંટ્યા હતાં, બાળ્યાં હતાં અને તોડ્યાં હતાં. અહિંસક ગણાતો બુદ્ધ ધર્મ આવો ત્રાસ ફેલાવી શક્યો ન હતો, પરંતુ એમણે ઉપેક્ષાના ઘોર હથિયારોથી હિન્દુ મંદિરોને કાળના ગર્તમાં ધકેલી દીધાં હતાં.

ઉચ્ચ-નીચના ભેદ અને ઊતરતા વર્ણનો તિરસ્કાર સનાતન ધર્મની નબળાઈ રહી છે. આજનો સનાતન ધર્મ ધીરે ધીરે આ જગચૂડમાંથી મુક્ત થઈ રહ્યો છે અને પોતાના અસલી ગૌરવને પ્રાપ્ત કરી રહ્યો છે.

ધર્મ અને વિજ્ઞાન બંને સ્વરૂપ અને સ્વભાવે શુદ્ધ, કલ્યાણકારક અને પક્ષપાત રહિત હોય છે, પરંતુ એ જ્યારે નાદાન હાથોમાં પડે છે ત્યારે ભારે નુકસાનકારક સિદ્ધ થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મની શુદ્ધતા અને સ્વતંત્રતા જાળવી રાખી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્યારેય કોઈ રાજસત્તાને આધીન થયા ન હતા, ઊલટાનું એમણે પોતાની ધર્મસત્તાના આગવા પ્રભાવથી રાજસત્તાઓને આમજનતાના કલ્યાણ તરફ વાળી હતી. જે શક્તિ ગરીબોનું શોષણ અને સંહાર કરતી હતી, એ જ શક્તિને એમણે પોષણ કરનારી બનાવી હતી. જે શક્તિ સંહારક હતી, એ જ શક્તિને એમણે સંરક્ષક બનાવી હતી. નાનામાં નાના ઊતરતા વર્ણને એમણે પોતાના પ્રેમસાગરમાં સમાવી લીધા હતા.

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા લખે છે કે, 'લગભગ બે લાખ માણસો એ ધર્મના અનુયાયીઓ થયા હતા. આટલા ટૂંકા વખતમાં દુનિયાના કોઈ પણ ધર્મમાં આટલા શિષ્યો ભળ્યા ન હતા. ધર્મની સ્થાપના આટલી તીવ્રપણે કદી પણ જામી ન હતી, છતાં એ ધર્મના અનુયાયી થવું એ કાંઈ સહેલી વાત ન હતી. ત્યાગી અને ગૃહી બંનેને માથે અંદરના કપરા નિયમોનો અંકુશ તો હતો જ. જેમ ત્યાગીને તેમ ગૃહસ્થને પણ આજ્ઞાઓનું બંધન હતું.'

'અંદરના અંકુશ ઉપરાંત બહારનું દુઃખ સહન કરવું પડતું; ત્યાગીઓને વૈરાગીઓ મારતા; ગૃહસ્થોને મહાજનો રિબાવતા; ગામોગામ સત્સંગીઓ મહાજન બહાર અને નાતબહાર મુકાવા લાગ્યા.'

'મહાજન બહાર મૂકવાની પદ્ધતિ એટલે સામાજિક બહિષ્કાર. એમને કોઈ પાણી ન આપે, એમની જોડે કોઈ વેપાર ન કરે, એમને ત્યાં હજામ હજામત કરવા ન આવે, એમને ત્યાં મરણ થાય તો કોઈ મડદું ઉપાડવા પણ ન આવે. કેટલાય સત્સંગીઓને તો વર્ષોનાં વર્ષો સુધી નાતબહાર રહેવું પડેલું.

આટલી આટલી સામાજિક અને આર્થિક અડચણો વેઠી સત્સંગીઓ સંપ્રદાયને વળગી રહ્યા, એમાં જ આ સંપ્રદાયમાં રહેલાં ધર્મબળનું માપ છે.

હજારો મનુષ્યોના જીવનમાં આસમાન-જમીનનો ફરક કરી નાખવામાં, તેમનામાં નવું ચૈતન્ય રેડવામાં, તેમનું જીવન વિચારમય કરવામાં, તેમને બદીઓ અને વ્યસનોમાંથી છોડાવવામાં બુદ્ધ સિવાય કોઈ પણ ધર્મના સ્થાપકે કે સમાજ સુધારકે કે કાયદા ઘડનારે અત્યાર સુધી આટલો યશ મેળવ્યો નથી. ('સહજાનંદસ્વામી' – પૃ–૫૬)

ઉત્કૃષ્ટ સાહિત્ય અને શાસ્રોનું સર્જન

સોરઠ વિચરણ કરીને ગઢપુર પધારેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની અક્ષર ઓરડીમાં એકાકી બિરાજમાન હતા અને પોતે પ્રસ્થાપિત ભાગવતધર્મના મૂળ દીર્ઘકાળ સુધી સુદૃઢ રહે એના ઉપાયો વિચારી રહ્યા હતા. આ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે કલ્યાણકારી ત્રણ સંકલ્પ કર્યાં.

'સંપ્રદાયની પુષ્ટિ માટે સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોની રચના કરવી-કરાવવી.' 'ઉપાસના માર્ગની પુષ્ટિ માટે મંદિરોનાં નિર્માણ કરાવવાં.' 'સંપ્રદાયની એકસૂત્રતા જળવાઈ રહે એ માટે આચાર્યોની સ્થાપના કરવી.' આ સંકલ્પોની પૂર્તિના ભાગ રૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં વિક્રમ સંવત ૧૮૮૨ વસંતપંચમીના દિવસે સર્વ શાસ્રોના સારરૂપ 'શિક્ષાપત્રી' લખી, જે સંપ્રદાયની આચારસંહિતા ગણાય છે. વારાણસીના વિદ્વાનોએ શિક્ષાપત્રીને **'गागर में सागर'** કહીને બિરદાવી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ નિરંતર જ્ઞાનવાર્તા કરતા રહેતા, જે જ્ઞાનવાર્તા ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના રહસ્યને સરળ રીતે ઉજાગર કરનારી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન સદ્‌ગુરુ સંતોએ મહારાજની આ જ્ઞાનવાર્તાઓનું સંકલન કરી એક અજોડ ગ્રંથ ગૂંથ્યો, જે 'વચનામૃત'નાં નામે પ્રસિદ્ધ થયો.

લોયાના સાતમા વચનામૃતમાં ઉલ્લેખ છે કે સદ્‌ગુરુ સંતોએ સંકલિત કરેલ એ વચનામૃત ગ્રંથ સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામીએ લાવીને શ્રીજી મહારાજને બતાવ્યો. ગ્રંથ જોઈને મહારાજે બહુ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી સંપ્રદાયના વિદ્વાન સંતોએ સંસ્કૃત તેમ જ ગુજરાતી ભાષામાં વિશાળ સાહિત્યનું સર્જન કર્યું. સંપ્રદાયના સાહિત્યમાં સંસ્કૃત

ભાષામાં રચાયેલા શિક્ષાપત્રી, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, પ્રસ્થાનત્રયી ઉપરના ભાષ્યો વગેરે મુખ્ય અને પ્રામાણિક ગણાય છે.

ગુજરાતી ભાષામાં શ્રી વચનામૃત, શ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત ભક્તચિંતામણિ તથા નિષ્કુળાનંદ કાવ્ય વગેરે ગ્રંથો મુખ્ય અને પ્રામાણિક ગણાય છે.

સનાતન ધર્મની પરંપરા પ્રમાણે પ્રસ્થાનત્રયી ઉપર આગવાં ભાષ્યો રચે, એ જ 'સંપ્રદાય પ્રવર્તક' બની શકે છે. આ પરંપરાને અનુસરીને સદ્‍ગુરુ મુક્તાનંદસ્વામી અને યોગીરાજ ગોપાળાનંદસ્વામી જેવા સમર્થ વિદ્વાન સંતોએ શ્રીમદ્‍ ભગવદ્‍ ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો રૂપી પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો લખ્યાં છે.

સમાધિનિષ્ઠ સદ્‍ગુરુ શતાનંદસ્વામી દ્વારા શ્રીમદ્‍ સત્સંગિજીવનની રચના કરવામાં આવી છે. શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારીએ સત્સંગિભૂષણ ગ્રંથની રચના કરી છે. પ્રકાંડ પંડિત શ્રી નિત્યાનંદસ્વામીએ શ્રીહરિદિગ્વિજય મહાકાવ્ય ઉપરાંત શાણ્ડિલ્ય ભક્તિસૂત્રો ઉપર ભાષ્યની રચના કરી છે.

શિયાણીના મહાવિદ્વાન શિવરામ વિપ્ર, જેઓ પાછળથી અખંડાનંદ બ્રહ્મચારી નામે પ્રસિદ્ધ થયા, એમણે શ્રીહરિચરિત્રમ્‍ નામના ગ્રંથની રચના કરી છે.

ઉપરાંત, તત્કાલીન નંદ સંતો તેમ જ ઉત્તરકાલીન વિદ્વાનો અને કવિઓ દ્વારા વિપુલ પ્રમાણમાં કાવ્ય-સાહિત્ય, સંસ્કૃત-સાહિત્ય અને ગુજરાતી સાહિત્યનું સર્જન થયેલું છે.

વડતાલ ગાદીના આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની પ્રેરણાથી સંપ્રદાયના ધુરંધર વિદ્વાન અચિંત્યાનંદજી બ્રહ્મચારીએ 'હરિલીલાકલ્પતરુ' નામે મહાકાય ગ્રંથ લખેલો છે. કાલિદાસ વિરચિત 'રઘુવંશ'ની શૈલીને અનુસરીને બ્રહ્મચારી શ્રી અચિંત્યાનંદજીએ 'શ્રીહરિસંભવ મહાકાવ્ય'ની રચના કરેલી છે, જેને ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા શ્રેષ્ઠ મહાકાવ્યનો પુરસ્કાર મળેલો છે.

વડતાલ ગાદીના આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ ભારે શાસ્ત્રપ્રેમી અને સાહિત્યપ્રેમી હતા. એમણે કવીશ્વર શ્રી દલપતરામની હાજરીમાં સંપ્રદાયના વિદ્વાન સદ્‍ગુરુ સંતોનું સંમેલન ભર્યું, જેમાં અનેક સંતો તો ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન હતા.

સંપ્રદાયના જૂનાં જૂનાં સંતો પાસે ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયના ઘણા બધા હસ્તલિખિત ખરડાઓ હતા. વિહારીલાલજી મહારાજે આ ખરડાઓ એકઠા કરી સદ્‍ગુરુ સંતોની હાજરીમાં મોટા પાયા ઉપર સંશોધન કાર્ય શરૂ કરાવ્યું.

ઘણા દિવસ સુધી ચાલેલાં આ સંશોધન કાર્યનાં અર્ક રૂપે શ્રી વિહારીલાલજી મહારાજે ગુજરાતના શ્રેષ્ઠ કવિ દલપતરામ પાસે 'શ્રીહરિલીલામૃત' નામનાં રસાળ અને વિશાળ મહાકાવ્યનું સર્જન કરાવ્યું. આ ગ્રંથમાં કવીશ્વર દલપતરામની અદ્‍ભુત કાવ્યશક્તિના દર્શન થાય છે.

પ્રસંગ વર્ણન, રસ પરિપાક, અલંકારો વગેરેની દૃષ્ટિએ આ ગ્રંથ સાહિત્યનો શણગાર છે. સાહિત્યશાસ્ત્રમાં પ્રચલિત મોટા ભાગના છંદો આમાં ગૂંથાયેલા છે. કેટલાક છંદો ગૂઢ રહસ્યથી ભરેલાં છે.

દલપતરામજીએ સુંદર છંદોમાં ગૂંથેલ છત્રપ્રબંધ, હસ્તિપ્રબંધ, અશ્વપ્રબંધ, રથપ્રબંધ વગેરે તો સાહિત્યનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. આજે તો આ પ્રબંધોને ઉકેલવા પણ મુશ્કેલ છે.

કવીશ્વર દલપતરામજીએ આ ગ્રંથના રચયિતા તરીકે શ્રી વિહારીલાલજી મહારાજનું નામ રાખી, પોતાની ગુરુભક્તિ તેમ જ સમર્પણનું અજોડ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મંદિરોનાં નિર્માણ

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં બીજા સંકલ્પને પૂર્ણ કરવા માટે મંદિરોની રચનાનો આરંભ કરાવ્યો.

મોક્ષમાર્ગમાં તપ-ત્યાગ કરતાંય ઉપાસનાનું વિશેષ મહત્ત્વ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, "અમે વિચારીને જોયું તો, અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે, તેથી ભગવાનની ભક્તિ થાય નહિ. પરિણામે ઉપાસનાનો ભંગ થાય છે. પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે એના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે, માટે અમે પરમેશ્વરની ઉપાસના રહેવા સારું ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનના મંદિરો કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ હશે, તો પણ ઉપાસના રહેશે. તેણે કરીને ઘણા જીવનું કલ્યાણ થશે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉપાસનાની પુષ્ટિ માટે મંદિરો બંધાવ્યાં છે. આ મંદિરો ભારતીય સંસ્કૃતિમાં આગવી ભાત ઉપસાવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બંધાવેલાં મંદિરો સાગર જેવા વિશાળ સનાતન ધર્મના મૂર્તિમંત રૂપ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી અને સર્વ અવતારોના અવતારી ભગવાન હતા. લાખો નરનારીઓ એમને પોતાના ઈષ્ટદેવ માનતા હતા, છતાં પણ એમણે ભારે ધાર્મિક ઉદારતા દાખવીને વિવિધ દેવોને પધરાવ્યા અને સનાતન ધર્મની વિવિધ ધારાઓનો સુભગ સમન્વય સાધ્યો હતો.

સનાતન હિન્દુ ધર્મ પાંચ ધારામાં વહેંચાયેલો જોવા મળે છે. આ પાંચેય ધારાઓમાં વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય આ પાંચની ઉપાસના કરવામાં આવે છે.

ભગવાન વિષ્ણુના વિવિધ સ્વરૂપોની ઉપાસના 'વૈષ્ણવીધારા' ગણાય છે. શિવને વિવિધરૂપે ઉપાસનારાઓની 'શૈવીધારા' છે. શક્તિને વિવિધ રૂપે ઉપાસનારાઓની 'શાક્તધારા' છે. સૂર્યના ઉપાસકોની 'સૌરધારા' ગણાય છે અને ગણપતિના ઉપાસકોની 'ગાણપત્યધારા' છે. આ પાંચ દેવોને 'વિષ્ણુ પંચાયતન' કહેવામાં આવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જેમ ભારતીય દર્શનોની ધારાઓનો સંગમ રચ્યો છે, તેવી જ રીતે આ ભારતીય ઉપાસના ધારાઓનો પણ સુંદર સંગમ રચેલો છે.

સેંકડો વર્ષ પહેલા ભગવત્પાદ શંકરાચાર્યજીએ સમસ્ત હિન્દુધર્મની એકતા સ્થાપવા માટે પંચાયતન પૂજા પ્રવર્તાવેલી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે એ જ પરંપરાને પુષ્ટ કરવા માટે પોતે બાંધેલ મંદિરોમાં વિષ્ણુ પંચાયતન દેવોની પ્રતિષ્ઠા કરેલ છે. વિશેષમાં એમણે પોતાના કુળદેવ હનુમાનજી મહારાજની સ્થાપના કરી ખૂટતી કડી ઉમેરી દીધી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બંધાવેલાં મંદિરો એટલે સનાતન ધર્મની ઉપાસના ધારાઓનો મહાસંગમ!

મૂર્તિપૂજાનું મહત્ત્વ

શાસ્રોમાં પરમાત્માના પાંચ સ્વરૂપોનું વર્ણન છે. પર, વ્યૂહ, વિભવ, અર્ચા અને અંતર્યામી.

સર્વકારણના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ પોતાના અક્ષરધામને વિશે વિરાજમાન છે. સદા દિવ્ય સાકાર મૂર્તિ છે. અનંત અક્ષર મુક્તો એમની ઉપાસના કરે છે. પરમાત્માનું આ સ્વરૂપ અગમ અગોચર હોવાથી ‘પર’ સ્વરૂપ કહેવાય છે.

એ જ પરમાત્મા અનેકવિધ વ્યૂહ સ્વરૂપો ધરીને અનંત કોટી બ્રહ્માંડોનું સુપેરે સંચાલન કરે છે. વ્યૂહ શબ્દનો અર્થ **विशेषेण वहति ईति व्यूहः** અર્થાત્ અનંત કોટી બ્રહ્માંડોનું સારી પેઠે સંચાલન કરનાર.

પંચરાત્રશાસ્ત્ર કહે છે કે, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ‘પર વાસુદેવ’ કહેવાય છે. આ પર વાસુદેવ સર્વાંગ સુંદર તેજોમય મૂર્તિ છે. એમને બે હસ્તારવિંદ છે અને બે ચરણારવિંદ છે. અક્ષરધામમાં અનંતકોટી બ્રહ્મરૂપ આત્માઓ આ પર વાસુદેવની ઉપાસના કરે છે.

અનંત શક્તિઓ પર વાસુદેવમાં લીન હોય છે. પર વાસુદેવ જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિનો સંકલ્પ કરે છે ત્યારે એમાંથી અપર વાસુદેવ અને પરમ શક્તિ સ્વરૂપા મહાલક્ષ્મી પ્રગટે છે. અપર વાસુદેવ ચતુર્ભુજ છે અને અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ વગેરે અનેકવિધ વ્યૂહ સ્વરૂપોના કારણ છે. પંચરાત્રશાસ્ત્રમાં આ વ્યૂહ સ્વરૂપોનું સુંદર વર્ણન જોવા મળે છે.

જે પરમાત્મા સર્વ કારણના કારણ છે, સર્વોપરી છે, એ જ પરમાત્મા સમસ્ત જડ-ચેતન વિશ્વમાં અંતર્યામી સ્વરૂપે વ્યાપીને રહ્યા છે અને સર્વનું નિયમન કરે છે.

એ જ પરમાત્મા સમયે સમયે શ્રીરામ, શ્રીકૃષ્ણ વગેરે અનેકવિધ અવતારો ધારણ કરે છે, આ અવતારો પરમાત્માના વિભવ સ્વરૂપો ગણાય છે.

એ જ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ મંદિરોમાં અર્ચા રૂપે વિરાજમાન થઈને ઉપાસકોને

પૂજન, અર્ચન, ધ્યાન અને ઉપાસનનો આધાર બને છે.

મોક્ષમાર્ગમાં ઉપાસનાનું અત્યંત મહત્ત્વ છે. ઉપાસના દ્વારા જ પરમ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. પરંતુ મુશ્કેલી એ છે કે, જો પરમાત્મા પ્રત્યક્ષ ન હોય તો એમનું ઉપાસન થઈ શકતું નથી.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે કે

'क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ।' (भगवद् गीता–अ–१२,श्लोक–५)

'અગમ અગોચર પરમાત્મામાં મન પરોવનાર માણસોને અતિપરિશ્રમ પડે છે, કારણ કે દેહધારીઓ માટે અગમ અગોચર તત્ત્વનું ઉપાસન દુષ્કર છે.'

પરમાત્માના પર, વ્યૂહ અને અંતર્યામી સ્વરૂપો સામાન્ય મનુષ્યો માટે અગમ અને અગોચર છે એટલે એ સ્વરૂપોનું ઉપાસન અશક્ય છે. પરંતુ એ જ પરમાત્મા જ્યારે અવતાર રૂપે અને અર્ચા રૂપે પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે એમનું ઉપાસન શક્ય બને છે. પૃથ્વી ઉપર અવતાર સ્વરૂપો પ્રત્યક્ષ ન હોય ત્યારે મુમુક્ષુઓ માટે અર્ચા સ્વરૂપ એકમાત્ર આધાર છે.

ભારતીય સનાતન ધર્મમાં મંદિરોનું એક અનોખું શાસ્ત્ર છે. મંદિરો પરમાત્માના દિવ્ય ધામની પ્રતિકૃતિઓ સમાન છે. મંદિરોમાં વિરાજમાન ધાતુ-પાષાણની મૂર્તિઓમાં સાક્ષાત્ પરમાત્માનો વાસ છે.

વિશ્વના અનેક ધર્મો છે જે મૂર્તિપૂજામાં માનતા નથી. સનાતન વૈદિક ધર્મના કેટલાક અનુયાયીઓ પણ મુસલમાનોની પેઠે મૂર્તિ પૂજાનો નિષેધ કરે છે.

મૂર્તિ પૂજાનો નિષેધ કરનારાઓ મોટે ભાગે વેદના એક મંત્રનો ઉલ્લેખ કરતા હોય છે **'न तस्य प्रतिमाऽस्ति'** (यजुर्वेद, अध्याय ३२, मंत्र ३)

આ મંત્રને સમજવામાં ભલભલા થાપ ખાઈ ગયા છે અને સીધોસાદો અર્થ કરી નાખે છે કે, 'પરમાત્માની કોઈ મૂર્તિ નથી.'

વાસ્તવમાં અહીં પ્રતિમા શબ્દનો અર્થ 'સમાન અથવા ઉપમા દેવા લાયક' એવો થાય છે. ભારતવર્ષના મોટા ભાગના વેદોના મર્મજ્ઞ મહાપુરુષો શ્રી શંકરાચાર્યજી, રામાનુજાચાર્યજી, વલ્લભાચાર્યજી વગેરેએ આ જ અર્થનો સ્વીકાર કર્યો છે અને કહ્યું છે કે, જડ ચેતન વિશ્વમાં પરમાત્માને સમાન અથવા પરમાત્માને ઉપમા આપી શકાય એવું કોઈ બીજું તત્ત્વ નથી.

પરમાત્મા સર્વથી શ્રેષ્ઠ અને અજોડ હોવાથી વેદો કહે છે, **एकमेवाऽद्वितीयं ब्रह्म** અર્થાત્ પરમાત્મા જેવા તો એક પરમાત્મા જ છે એના જેવો બીજો કોઈ નથી. આનો અર્થ એ નથી કે બીજા તત્ત્વનું અસ્તિત્વ જ નથી.

'न तस्य प्रतिमाऽस्ति' આ વેદ મંત્રનો અર્થ 'પરમાત્માની કોઈ મૂર્તિ કે પ્રતિક નથી' એવું માની લેવામાં આવે તો ઘણા અનર્થ સર્જાય તેમ છે.

વેદ અને શાસ્રો પ્રતીકોપાસનાથી ભરપૂર છે. વેદોના સેંકડો મંત્રોમાં શિવ, પાર્વતી, વિષ્ણુ, ઈન્દ્ર, અગ્નિ, વરુણ વગેરે વિવિધ દેવતાઓના તેજસ્વી રૂપ, આયુધ અને અલંકારોનું સુંદર વર્ણન છે.

તૈત્તિરીય ઉપનિષદ્‌માં દિવ્ય તેજોમય શરીરધારી ભગવાન નારાયણના સુંદર સાકાર રૂપનું વર્ણન છે,

नीलतोयदमध्यस्था विद्युल्लेखेव भास्वराः
नीवारशुकवत् तन्वी पीताभास्य तनूपमा ॥
तस्याः शिखायाः मध्ये परमात्मा व्यवस्थितः
स ब्रह्म सः शिवः सेन्द्रः सोऽक्षरः परमः स्वराट् ॥

॥ महानारायणोपनिषद्, ४-१३ ॥

પરમાત્મા નારાયણનું દિવ્ય શરીર અત્યંત દેદીપ્યમાન છે. એ તેજોમય શરીર નીલમ વરણી મેઘઘટામાં વીજળી ઝબકારા મારતી હોય એવું ઉજ્જ્વળ છે. ડાંગરના લીલા છોડ અને પોપટના હરિત રંગ સાથે પીળો રંગ ઘૂંટ્યો હોય એવો એનો વર્ણ છે. આવા તેજોમંડળને વિશે પરમાત્મા વિરાજમાન છે. એ પરમાત્મા સર્વવ્યાપી હોવાથી બ્રહ્મ છે; મંગલકારી હોવાથી શિવ છે; સર્વશક્તિમાન હોવાથી ઈન્દ્ર છે; અક્ષરથી પણ પર છે; સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી સ્વરાટ્ છે.

કેનોપનિષદ્‌માં અલંકારોથી સુશોભિત 'મા ઉમા' નું વર્ણન છે,

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम
बहुशोभमानामुमां हैमवतीं ताम्
होवाच किमेतद् यक्षमिति ॥

॥ केनोपनिषद्, ३-१२ ॥

આકાશમાં ભરાયેલી દેવસભામાં અતિ સુશોભિત, સુવર્ણ અલંકારોને ધારણ કરેલ, મા ઉમા પ્રગટ થયા. ઇન્દ્રે મા ઉમાને પ્રશ્ન કર્યો, "મા! એ યક્ષ કોણ હતો?"

ઇન્દ્રદેવતાનું વર્ણન કરતાં વેદ કહે છે, **वज्रहस्तो पुरंदरः ॥** 'અસુરોના નગરોનો નાશ કરનાર ઇન્દ્ર વજ્રધારી છે.'

અહીં સામાન્ય બુદ્ધિ પણ સમજી શકે છે કે ઇન્દ્રના હાથમાં વજ્ર હોય તો એને એકલો હાથ જ ન હોય, હાથની સાથે પગ પણ હોય અને સમસ્ત શરીર પણ હોય.

વેદોમાં શરીરધારી દેવોનું વર્ણન મૂર્તિ પૂજાના મહત્ત્વની સ્થાપના કરે છે.

વેદોના કેટલાંક પ્રતીકો તો અધ્યાત્મના ગૂઢ રહસ્યોને લોકભોગ્ય ભાષામાં રજૂ કરનારા છે. અર્ચા સ્વરૂપ પણ સર્વત્ર વ્યાપ્ત પરમતત્ત્વને વ્યક્ત કરનાર એક શ્રેષ્ઠ અને દિવ્ય પ્રતીક છે.

અધકચરા જ્ઞાનીઓ **'न तस्य प्रतिमास्ति'** આ વેદ વાક્યનો સાચો મર્મ જ સમજ્યા નથી. નવાઈની વાત તો એ છે કે, મૂર્તિનિષેધકો હોય કે મૂર્તિભંજકો હોય, દુનિયાનો કોઈ પણ ધર્મ પ્રતીકોપાસનાથી મુક્ત નથી.

કહેવાતા બૌધિકો કે કહેવાતા ધાર્મિકો સ્વીકારે કે ન સ્વીકારે કોઈને પણ મૂર્તિપૂજા વિના ચાલતું નથી. કોઈ સીધી રીતે મૂર્તિને પૂજે છે તો કોઈ આડકતરી રીતે.

ભારતવર્ષમાં હજારો વર્ષથી મંદિરોના નિર્માણ અને મૂર્તિઓના સ્થાપન થતાં જ રહ્યાં છે. વેદો અને શાસ્ત્રોએ એક સ્વરે મૂર્તિપૂજાનો મહિમા ગાયો છે. વિશ્વના પ્રાચીનતમ કાવ્ય ગ્રંથ શ્રી વાલ્મીકિ રામાયણમાં મંદિરો અને મૂર્તિપૂજાનું વર્ણન મળે છે. અયોધ્યાના રાજભવનના 'વિષ્ણુમંદિરમાં ભગવાન રામચંદ્રજી દરરોજ ભગવાન વિષ્ણુનું પૂજન અર્ચન કરતા' એવું વર્ણન ઉપલબ્ધ છે.

દ્વારિકાના યાદવો વિષ્ણુ પૂજકો હતા. ભગવાન શ્રીકૃષ્ણ દરરોજ રાજભવનના મંદિરમાં ચતુર્ભુજ ભગવાન વિષ્ણુનું પૂજન અર્ચન કરતા. દ્વારિકા જ્યારે સાગરમાં ડૂબવાની થઈ ત્યારે ભગવાન શ્રીકૃષ્ણના આદેશથી ઉદ્ધવજી અને ગુરુ બૃહસ્પતિએ દ્વારિકાના રાજભવનની મૂર્તિનું ઉત્થાપન કરી દક્ષિણ ભારતના 'ગુરુવાયુર' માં એની સ્થાપના કરી છે.'

ભારતના મહાન સંત શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ જેવા અનેક મહાન સંતો પણ મૂર્તિપૂજાનું મહત્ત્વ સ્વીકારે છે.

મૂર્તિ પૂજાનો નિષેધ કરનારાઓ તરફ કટાક્ષ કરતા સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું કે, 'કેટલાક લોકો પરમાત્મા સર્વત્ર વ્યાપક છે એમ કહે છે તો એમને એ સર્વ વ્યાપક પરમાત્માના દર્શન મૂર્તિમાં શા માટે નથી થતા? તેઓ મૂર્તિનો અનાદર શા માટે કરે છે?'

મૂર્તિ-પૂજા અને અવતારવાદનો નિષેધ કરનારા લોકો ગમે એટલા બુદ્ધિમાન ગણાતા હોય, પરંતુ તેઓની પ્રામાણિકતા ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, મહર્ષિ વાલ્મીકિજી, ભગવાન વેદવ્યાસજી અને વિવેકાનંદજી વગેરે જેવા મહાપુરુષોની તોલે ન આવે એમાં પણ મૂર્તિપૂજા અંગે વિવિધ માન્યતા હોય શકે છે પરંતુ પોતાની માન્યતાઓ ખાતર મૂર્તિ તોડવાનો અધિકાર તો કોઈને પણ નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભવ્ય મંદિરો બંધાવી, એમાં મૂર્તિઓની સ્થાપના કરી ઉપાસના માર્ગ અત્યંત સુદૃઢ કર્યો છે.

અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા

આપણે આગળ જોયું છે તેમ, અમદાવાદમાં પેશ્વાઈ સૂબાની સત્તા નાશ પામી હતી અને અંગ્રેજ સત્તાનો ઉદય થયો હતો. અંગ્રેજો ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે આદર ધરાવતા હતા.

અમદાવાદમાં અંગ્રેજ સત્તાના પ્રતિનિધિ શ્રી એરણસાહેબે મહારાજને મંદિર બાંધવા માટે જમીન અર્પણ કરી હતી. મહારાજે સદ્ગુરુ આનંદાનંદસ્વામીને અમદાવાદમાં મંદિર બાંધવાની જવાબદારી સોંપી હતી.

સદ્ગુરુ આનંદાનંદસ્વામીના માર્ગદર્શન નીચે અમદાવાદમાં ભવ્ય મંદિર તૈયાર થયું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ મંદિરમાં વિક્રમ સંવત ૧૮૭૮, ફાગણ સુદી ત્રીજના રોજ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હજારો હરિભક્તો એકઠાં થયાં હતાં અને ભારે ધામધૂમથી પ્રતિષ્ઠાવિધિ થઈ હતી. આ પ્રસંગે મહારાજે કાંકરિયા તળાવને કિનારે બહુ મોટી ચોર્યાશી કરાવી હતી.

શાસ્રોએ શ્રી નરનારાયણદેવને ભરતખંડના રાજા કહ્યાં છે. ભારતભૂમિમાં ભક્તિ, આરાધના કરી રહેલા ભક્તોની ભક્તિની અભિવૃદ્ધિ માટે શ્રી નરનારાયણદેવ બદ્રિકાશ્રમમાં રહીને કઠિન તપ કરે છે. ભગવાન શ્રી નરનારાયણદેવની કથા ભાગવત વગેરે પુરાણોમાં પ્રસિદ્ધ છે. ભારતમાં બદ્રિનાથ તીર્થક્ષેત્રને બાદ કરતા ભગવાન શ્રી નરનારાયણદેવનાં મંદિરો બહુ ઓછાં જ જોવા મળે છે.

ભગવાન શ્રી નરનરાયણદેવનું મંદિર બંધાવી ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદિરોના ક્ષેત્રે અનોખી ભાત પાડી છે અને બદ્રિપતિ શ્રી નરનારાયણદેવ પ્રત્યે પોતાના આદર અને અહોભાવ વ્યક્ત કરેલ છે.

અમદાવાદ શ્રી નરનારાયણ દેવનું મંદિર તો ભવ્ય છે જ, સાથે સાથે ઉત્તર કાળમાં થયેલ આ મંદિરની હવેલી કાષ્ઠ કોતરણી, કલા-કારીગીરીના ઉત્કૃષ્ટ ઉદાહરણ સ્વરૂપ છે. આ કોતરણીમાં ભારતની આઝાદીનો ઇતિહાસ પણ વણાયેલો છે.

અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કર્યા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણે મુમુક્ષુઓને મોક્ષમાર્ગનું માર્ગદર્શન આપવા માટે એક સુંદર ચરિત્ર કર્યું.

અધ્યાત્મ માર્ગે આગળ વધનારા મુમુક્ષુઓ માટે તમોગુણી અને રજોગુણી પ્રવૃત્તિઓ તો બાધક છે જ; સાથેસાથે સાત્વિક પ્રવૃત્તિઓ પણ બાધક છે, માટે મુમુક્ષુઓએ સત્ત્વગુણથી પણ મુક્ત થવું જરૂરી છે. અધ્યાત્મ માર્ગની આ સૂક્ષ્મ વાતને સમજાવવા માટે મહારાજે સ્વયં નિર્ગુણ અને નિર્બાધ હોવા છતાં, લીલારૂપે સાત્ત્વિક પ્રવૃત્તિના શ્રમરૂપી અનોખો મંદવાડ ગ્રહણ કર્યો.

સાત્ત્વિક પ્રવૃત્તિઓના પાશને દૂર કરવા તેઓ કોઠ્ય ગામની બાજુમાં આવેલ

ગણેશ ધોળકાની રાણ્યોમાં રાત રહ્યા. આગળની વાત મહારાજે સ્વમુખે વચનામૃતમાં કહી છે, જે નીચે પ્રમાણે છે.

શ્રીજી મહારાજે પોતાનાં વૃત્તાંતની વાર્તા કરવા માંડી જે, "અમે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસનો મેળો ભરાયો હતો. પછી જ્યારે શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણો ચોરાસી જમી રહ્યા, પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા તે જેતલપુરમાં જઈને રાત રહ્યા."

"પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે, 'જેટલા માણસ દેખ્યાં છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી.' પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશય દુઃખ થયું, તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા."

"પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યાં અને ધોળકાનાં ચાલ્યા તે એ ને એ વિચારમાં ગામ કોઠ્યને પાસે ગણેશધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યાં."

"પછી એવો વિચાર કરવા માંડ્યો જે દેહની સ્મૃતિ ન રહી; વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી ને જેવા અમે કાંકરિયે તળાવ ઊતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો, તેવી રીતે સર્વ ઘાટ ટાળી નાખ્યા અને જ્યારે લૌકિક ઘાટ મટી ગયા, ત્યારે અંતર્દષ્ટિ રહેવા માંડી."

"પછી અલૌકિક આશ્ચર્ય દેખાવા માંડ્યાં અને દેવતા સંબંધી જે ભોગ છે તે દેખાવા માંડ્યા ને અનંત પ્રકારના વિમાન ને અનંત પ્રકારની અપસરા ને અનંત પ્રકારનાં વસ્ત્ર, અનંત પ્રકારનાં અલંકાર તે જેમ અહીં મૃત્યુલોકને વિશે છે તેમ જ ત્યાં દેખાવા લાગ્યાં. પણ અમારા અંતરમાં તો એક ભગવાન વિના બીજું કાંઈ ગમ્યું નહિ ને જેમ અહીંના પંચવિષય તે અમને તુચ્છ ભાસ્યા ને તેમાં અમારું મન લોભાયું નહિ, તેમ જ દેવલોક, બ્રહ્મલોક પર્યંત અમારું મન ક્યાંય લોભાયું નહિ, તેને દેખીને દેવતા સર્વે અમારાં વખાણ કરવા માંડ્યા...."

"પછી તેમનાં વચન સાંભળીને અમારે હૈયાને વિશે સુધી હિંમત આવી; પછી અમે મનને કહ્યું કે; તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું. જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો, તો તારા ભૂકા કરી નાખીશ. તેમ જ બુદ્ધિને કહ્યું જે, ભગવાન વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે; તેમ જ ચિત્તને કહ્યું જે, ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા પણ ભૂકા કરી નાખીશ. તેમ જ અહંકારને કહ્યું જે, ભગવાનનાં દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાખીશ."

"પછી તો અમારે જેમ આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ હતી, તેમ જ દેવલોક-બ્રહ્મલોકના પદાર્થની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો. એવી રીતે ભગવાનનો ભક્ત હોય તેને વર્તવું." (વચનામૃત ગ.મ. ૨૨)

ભુજમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા

કચ્છના હરિભક્તો મહારાજને વારંવાર વિનંતી કરતા હતા કે, “મહારાજ! અમે દૂર દેશમાં રહીએ છીએ, અમારે તમારાં દર્શને આવવું હોય તો પણ અવાતું નથી; વાટ પણ વિકટ છે, કાં રણની ખાડી ઊતરીને આવવું પડે છે અથવા તો માંડવીથી વહાણમાં બેસીને આવવું પડે છે. અહીં કચ્છ દેશમાં મંદિર કરો તો અમને ભજન, સ્મરણ, ઉપાસનાનું સુખ આવે.”

ભગવાન શ્રી સ્વામિનારાયણે કચ્છના ભક્તોનો મનોરથ પૂર્ણ કરવા માટે ભૂજમાં મંદિર-નિર્માણનો સંકલ્પ કર્યો અને એની જવાબદારી સદ્‌ગુર વૈષ્ણવાનંદસ્વામીને સોંપી.

સ્વામીનો જન્મ હળવદ તાલુકાના ધનાળા ગામે થયો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ અંબારામ ત્રિવેદી હતું. નાનપણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન થતાં જ અંબારામના અંતરમાં વૈરાગ્ય ઉદય થયો હતો. એમણે પોતાનું જીવન ભગવાન શ્રી સ્વામિનારાયણને ચરણે અર્પણ કરી દીધું હતું.

મહારાજે એમને વૈષ્ણવી ભાગવતી દીક્ષા આપીને ‘વૈષ્ણવાનંદસ્વામી’ નામ પાડ્યું હતું. સદ્‌ગુરુ વૈષ્ણવાનંદસ્વામી વિદ્વાન હતા, અષ્ટાવધાની સંત હતા, પીંગળશાસ્રમાં પારંગત હતા. એમણે ‘શ્રીહરિલીલાસિંધુ’ નામના કાવ્યગ્રંથની રચના કરેલી છે, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય તેમ જ માનુષી ચરિત્રો વર્ણવવામાં આવ્યાં છે.

વૈષ્ણવાનંદસ્વામીની સર્જનશક્તિ કાવ્ય પૂરતી સીમિત ન હતી, તેઓ ભારે વ્યવહાર કુશળ હતા એટલે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને ભૂજ મંદિરનાં નિર્માણની જવાબદારી સોંપી હતી.

એ સમયે કચ્છ પ્રદેશ આજે દેખાય છે તેવો શ્રીમંત ન હતો. ટૂંકાં સાધનો, ટૂંકી સંપત્તિ વચ્ચે ભવ્ય મંદિરનું નિર્માણ કરવાનું કામ કપરું હતું.

સદ્‌ગુરુ વૈષ્ણવાનંદસ્વામીએ આ કપરી જવાબદારી સમર્પણશીલ અને શ્રદ્ધાવાન કચ્છી ભક્તોના સહકારથી પૂરી રીતે નિભાવી હતી.

ભૂજનું મંદિર તૈયાર થતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ભૂજ પધાર્યા હતા અને વિક્રમ સંવત ૧૮૭૯ વૈશાખ સુદ-પાંચમના રોજ ત્યાં શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા હતાં.

નોંધ: સદ્‌ગુરુ વૈષ્ણવાનંદસ્વામીએ મૂળીના બારોટ બનેસંગને પીંગળશાસ્રનો અભ્યાસ કરાવ્યો હતો. બનેસંગ ભગવાન શ્રી સ્વામિનારાયણના કૃપાપાત્ર હતા.

બનેસંગને ત્યાં ભીમજીભાઈ રત્નુ નામના પુત્રનો જન્મ થયો હતો. સદ્‌ગુરુ વૈષ્ણવાનંદસ્વામીએ ભીમજીભાઈ રત્નુને પીંગળશાસ્રનો અભ્યાસ કરાવ્યો હતો, પરિણામે ભીમજીભાઈ રત્નુ ઉત્તમ કવિ થયા હતા.

સમય જતાં ભીમજીભાઈ રત્નુ જામનગર રાજ્યના રાજકવિ થયા હતા. જામસાહેબે એમને કાલાવડ પાસેનો રાજવડ ગામનો ગરાસ બક્ષિસમાં આપ્યો હતો.

ભીમજીભાઈ રત્નુને સંતાન ન હતું. સંપ્રદાયના મહાન સિદ્ધ સંત મહાપુરુષદાસજી સ્વામીની કૃપાથી એમને બે પુત્રો થયા હતા, કવિરાજ માવદાનજી અને ચતુરદાનજી.

કવિરાજ માવદાનજી જામનગર રાજ્ય અને સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન કવિ હતા. એમની અનેક રચનાઓ લોકહૃદયમાં વસેલી છે અને આજે પણ હોંશે હોંશે ગવાય છે.

'આજ સો સો વર્ષોના વાણાં વહી ગયાં,
તોય જાણે હજુ કાલ સવારની વાત રે...
સહજાનંદસ્વામી, ગઢપુર જોતાં શ્રીજી મને સાંભરે'

રાજકવિ માવદાનજીની આ રચના અતિ પ્રસિદ્ધ છે.

વડતાલમાં મંદિરનું નિર્માણ

ગોકુળ-વૃંદાવન જેમ ભગવાન શ્રીકૃષ્ણની રમણભૂમિ છે, એ જ રીતે ચરોતર દેશ અને વડતાલ ભગવાન શ્રી સ્વામિનારાયણની રમણભૂમિ રહી છે.

વડતાલના ભક્તજનો રણછોડજી, દાજીભાઈ, જોબનપગી, વાસણ સુથાર, નારાયણગર બાવાજી વગેરે ભક્તજનો મહારાજને વારંવાર વિનંતી કરતા હતા કે, "મહારાજ! આપ વડતાલમાં મંદિર બંધાવો. અમે તન, મન, ધન બધી જ રીતે સેવા કરીશું."

ભગવાન શ્રી સ્વામિનારાયણના મનમાં પણ વડતાલમાં મંદિર બંધાવવાની પ્રબળ ઇચ્છા હતી, કારણ કે આ સ્થળ પ્રાચીન તીર્થભૂમિ રહ્યું છે. વર્ષો પહેલા અહીં એક પ્રાચીન બોરડીનું વૃક્ષ હતું. કહેવાય છે કે હજારો વર્ષ પહેલા અહીં લક્ષ્મીજીએ તપ કરેલું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે લક્ષ્મીજીની આ પવિત્ર તપસ્થલી ઉપર મંદિર નિર્માણની જવાબદારી બ્રહ્માનંદસ્વામીને સોંપી હતી.

મહારાજે કહ્યું હતું, "બ્રહ્મમુનિ! એક શિખરનું નાનું મંદિર બંધાવજો."

બ્રહ્મમુનિએ વિચાર કર્યો, "સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું મંદિર નાનું કેમ હોય?" એમણે નવ શિખરવાળા વિશાળ કમળાકાર મંદિરનો પાયો નાખ્યો.

સૌરાષ્ટ્રની ધરતી પથરાળ છે, જ્યારે ગુજરાતની ધરતીમાં માટી જ માટી. પથ્થર ગોત્યા ન જડે. આવી માટીવાળી ધરતીમાં મંદિરનો પાયો ઘણો જ ઊંડો ગયો. કહેવાય છે કે આ પાયામાં નવ લાખ ઈંટો વપરાયેલી છે! બ્રહ્મમુનિએ વિશાળ મંદિર આરંભ્યું છે, એ સાંભળીને મહારાજે મર્મભર્યો પત્ર લખ્યો કે,

"અપની પહોંચ બિચાર કે, કરીએ લંબી દોડ્ય
તાતે પાંવ પસારીએ, જેતી લંબી સોડ્ય"

'બ્રહ્મમુનિ! સોડ્ય પ્રમાણે પગ લાંબા કરાય, શક્તિ પ્રમાણે દોટ દેવાય! આવાં વિશાળ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ કેમ કરશો?'

મહારાજનો પત્ર વાંચી બ્રહ્મમુનિએ સામે એવો જ મર્મ ભરેલો જવાબ લખ્યો,

"સાહેબ સરીખા શેઠિયા, બસે નગર કે માંહી,
તાકો ધન કી ક્યા કમી, જીસકી હૂંડી ચલે નવખંડ માંહી"

'મહારાજ! અમને સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જેવો ધણી મળ્યો છે, જેની હૂંડીઓ ધરતીના નવેય ખંડમાં હાલે છે પછી અમારે ધનની ચિંતા શું કામ કરવી?'

બ્રહ્માનંદસ્વામીનો જવાબ સાંભળી જીવુબા બોલ્યા, "મહારાજ! બ્રહ્મમુનિ જે કરે છે તે કરવા દ્યો. વડતાલનું મંદિર તો સૌથી શ્રેષ્ઠ અને ભવ્ય બનવું જોઈએ."

જીવુબાની વાત સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા, "જીવુબા તો લક્ષ્મી સ્વરૂપ કહેવાય, લક્ષ્મીજીનું તો આપણે માનવું જ પડે, માટે ભલે બ્રહ્મમુનિ મોટું મંદિર બાંધે."

આટલી વાત કરી મહારાજ ફરીથી હસીને બોલ્યા, " પૂરું કરવાની જવાબદારી પણ હવે લક્ષ્મીજીની રહેશે!" મહારાજની વાત સાંભળી સર્વને આનંદ થયો.

વડતાલ મંદિરનાં નિર્માણ સાથે અનેક સેવા પ્રસંગો, સમર્પણ પ્રસંગો અને અલૌકિક પ્રસંગો જોડાયેલા છે, જે વિસ્તારભયથી અહીં લખવા અશક્ય છે.

વડતાલ મંદિર બંધાઈ રહ્યું હતું ત્યારે સ્વયં મહારાજ પોતાનાં માથા ઉપર ઈંટો અને ચૂનાના તગારા ઉપાડીને સેવા કરતા; ચૂનો અને માટીથી ખરડાયેલા સંતો-ભક્તોને ભાવથી ભેટતા; મહારાજ ભેટે એથી મોટો સેવાનો પુરસ્કાર બીજો ક્યો હોઈ શકે!

સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીની દેખરેખમાં જોતજોતામાં ભવ્ય નવ શિખરવાળું મંદિર તૈયાર થઈ ગયું. વિક્રમ સંવત ૧૮૮૧, કાર્તિક સુદી દ્વાદશીના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે મધ્યખંડમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, ઉત્તર ખંડમાં શ્રી ધર્મ, ભક્તિ તથા વાસુદેવનારાયણ પધરાવ્યા, દક્ષિણ ખંડમાં ભગવાન શ્રી રાધાકૃષ્ણદેવની સાથે પોતાનું 'હરિકૃષ્ણ' નામે સુપ્રસિદ્ધ સ્વરૂપ પધરાવ્યું. મંદિરના અન્ય ખંડોમાં પોતાના વિવિધ અવતાર સ્વરૂપો પધરાવ્યાં.

હરિકૃષ્ણ મહારાજ અને અમારામાં અણુમાત્ર ફરક નથી!

ઉપાસના માર્ગમાં એક મહત્ત્વની વાત સમજવા જેવી છે. પ્રત્યેક પંથના અનુયાયીઓના દિલમાં પોતાના ઈષ્ટદેવ પ્રત્યે શ્રદ્ધા અને નિષ્ઠા હોય તે સહજ છે, એટલે પ્રત્યેક સંપ્રદાયના મંદિરોમાં કેન્દ્રસ્થાને પોતાના ઈષ્ટદેવની મૂર્તિઓની સ્થાપના થતી આવી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન હતા. એમનું અવતરણ આકસ્મિક ન હતું, હજારો વર્ષ પૂર્વે વેદવ્યાસજી જેવા મહાપુરુષોએ શાસ્ત્રોમાં એમનાં આગમનની ભવિષ્યવાણીઓ ભાખી હતી. એમનાં લોકોત્તર ઐશ્વર્ય અને પ્રતાપને લાખો લોકોએ અનુભવ્યો હતો અને આજે પણ અનુભવે છે. એમનાં જીવન દરમ્યાન જ લાખો લોકો એમને પોતાના ઈષ્ટદેવ તરીકે ઉપાસતા હતા.

સંપ્રદાયના અનુયાયીઓની માંગ હતી કે, 'પોતાના આરાધ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની મંદિરમાં પ્રતિષ્ઠા થાય, જેથી સત્સંગીઓની ઉપાસનાને મજબૂત આધાર મળે.' પોતાના આશ્રિતોના અંતરની લાગણીને પૂર્ણ કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે જ વડતાલમાં પોતાનાં અન્ય અવતાર સ્વરૂપોની સાથે પોતાનાં જ સ્વરૂપ 'શ્રીહરિકૃષ્ણ મહારાજ'ની પ્રતિષ્ઠા કરી હતી.

સમસ્ત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલમાં વિરાજમાન 'શ્રીહરિકૃષ્ણ મહારાજ' ઉપાસ્ય ઈષ્ટદેવ તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરતી વખતે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું હતું કે, 'વેદાદિ સત્શાસ્ત્રો જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અને અક્ષરાધિપતિ કહે છે, એ જ આ હરિકૃષ્ણ મહારાજ છે. આ અર્ચા સ્વરૂપ, અક્ષરધામમાં વિરાજમાન પરસ્વરૂપ અને અમારું પ્રત્યક્ષ સ્વરૂપ આ ત્રણેયમાં અણુમાત્ર ભેદ નથી.'

'આ અર્ચા સ્વરૂપનું પૂજન, અર્ચન અને ઉપાસન અમારું જ પૂજન, અર્ચન અને ઉપાસન છે.'

'અમારો આ લીલામય દેહ પૃથ્વી પર નહિ હોય, ત્યારે પણ અમે આ મૂર્તિમાં અખંડ બિરાજમાન રહેશું અને આ મૂર્તિના માધ્યમથી અમારા ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરીશું, માટે તમે બધા આ સ્વરૂપની ઉપાસના કરજો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલી આ પરંપરાને અનુસરીને સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં અવતાર સ્વરૂપોની સાથોસાથ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાની પરંપરા આજપર્યંત ચાલુ છે.

ભરી સભામાં ભૂધરજી તમે, માડી થયા છો મારી રે...

સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીએ મહારાજની આજ્ઞાથી સાધન-સંપત્તિની ભારે તાણય હોવા છતાં પોતાની આગવી સૂઝથી વડતાલના વિશાળ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું, પરિણામે મહારાજ સ્વામી ઉપર અત્યંત રાજી થયા હતા.

જગતનો ક્રમ છે કે ઈર્ષાળુ લોકો અન્યનો ઉત્કર્ષ સહી શકતા નથી, એ જ રીતે કેટલાક લોકોથી બ્રહ્માનંદસ્વામીનો ઉત્કર્ષ સહન થઈ શક્યો ન હતો.

એક વાર આવા ઈર્ષ્યાખોર તત્ત્વોએ એકાંતમાં શ્રીજી મહારાજને કહ્યું, 'મહારાજ!

આ બ્રહ્માનંદસ્વામી અહીં કાયમ ધણી ન થઈ જાય એ જોજો.'

ખાબોચિયા જેવા મનવાળા માણસોની વાત સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણના હૈયામાં ભારે દુઃખ થયું. એમણે મનોમન નિર્ણય કર્યો કે, 'અમારા બ્રહ્મમુનિ કેટલા નિર્બંધ છે, એ અમારે આ બધાને દેખાડી દેવું જોઈએ.'

પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ થયા બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર જવા તૈયાર થયા અને બ્રહ્મમુનિને આજ્ઞા કરી, "સ્વામી! તમે શિલ્પોની રચના બહુ કરી, પરંતુ આ બધું કરવામાં કાવ્યનો રસ સુકાઈ ગયો, માટે હવે તમે અમારી સાથે ગઢપુર ચાલો અને ત્યાં રહીને કાવ્યોની રચના કરો."

શ્રીજી મહારાજની આ અણધારી આજ્ઞાથી સ્વામી ચોંકી ગયા. એમના મનમાં થયું, 'આમ કેમ? મારાથી જાણે-અજાણે અપરાધ થયો લાગે છે, નહિતર આવી આજ્ઞા ન હોય.'

સ્વામીને મંદિર છોડવાનું જરાય દુઃખ ન હતું, પરંતુ 'ક્યાંક શરતચૂકથી મહારાજની આજ્ઞા લોપાણી નથીને?' એવી ચિંતાથી સ્વામી દુઃખી હતા. પદ અને પ્રતિષ્ઠાના મોહ ભલભલાને જકડી રાખે છે અને જાતજાતના સંઘર્ષ કરાવે છે, પરંતુ બ્રહ્મમુનિની વાત ન્યારી હતી. આ સંત પદ-પ્રતિષ્ઠાના મોહમાં જકડાય તેવા ન હતા. મહારાજની આજ્ઞા થતાં વેંત મંદિરના વહીવટ કે વ્યવસ્થાની કોઈ ભલ-ભલામણ કર્યા સિવાય એ નિઃસ્પૃહી અને નિર્બંધ સંત પોતાની પૂજાની ઝોળી લઈને મહારાજની સાથે ચાલી નીકળ્યા!

'મહારાજ શા માટે નારાજ છે?' એ અજંપો સ્વામીના ચિત્તને ઘેરી વળ્યો હતો. અધૂરામાં પૂરું સ્વામી મહારાજના શિગરામ પાછળ પાછળ ચાલતા હતા, પરંતુ મહારાજ જાણી જાણીને સ્વામીની ઉપેક્ષા કરી રહ્યા હતા. બોલાવતા પણ ન હતા અને સામું પણ જોતાં ન હતા. આમને આમ સંઘ સીંજીવાડા પહોંચ્યો.

સ્વામીને આખી રાત ઊંઘ ન આવી. એમના અંતરમાં મહારાજના વર્ષો પહેલાના શબ્દો ગૂંજવા લાગ્યા. 'તમારા લાડુદાનની મા અમે થઈશું.' સ્વામીનું વેદનાસભર હૈયું રાતભર વલોવાતું રહ્યું અને એ વલોણાના પરિપાક રૂપે વેદનાભર્યું કીર્તન પ્રગટ થયું. વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં બ્રહ્મમુનિ ઘેરા સ્વરે અને વલોવાતા હૈયે પ્રભાતી ગાવા લાગ્યા,

અધમ ઉધારણ અવિનાશી તારા બિરૂદની બલિહારી રે,
ગ્રહી બાંય છોડો નહીં ગિરધર, અવિચળ ટેક તમારી રે...
અધમ ઉધારણ અવિનાશી... ૧
ભરી સભામાં ભૂધરજી તમે, માડી થયા છો મારી રે,
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસરાવીરે...
અધમ ઉધારણ અવિનાશી...૨

વહેલી સવારના વિરહી મોરલા જેવા કંઠમાંથી નીકળેલાં આ કીર્તનના કેકારવે શ્રીજી મહારાજની ઊંઘ ઊડાડી દીધી. વર્ષો પહેલા લાલુબાને આપેલ વચન મહારાજને યાદ આવ્યું. શબ્દે શબ્દે આર્તનાદથી ભરેલ કીર્તન પૂરું થયું ન થયું, ત્યાં તો મહારાજ દોડતા આવ્યા, બ્રહ્મમુનિને બાહુપાશમાં ઉઠાવી લીધા.

બ્રહ્માનંદસ્વામીના હૃદયનાં બંધ ખુલી ગયાં. એમની આંખોમાંથી ચોધાર આંસુડાં વરસતાં હતાં, તો સામે મહારાજની પણ એ જ ભાવદશા હતી. આ ચાર ચાર આંખોમાંથી વહેતાં આંસુઓની ધારાઓમાં ઈર્ષ્યાળુઓની ઈર્ષ્યાનો જવાબ હતો.

સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણના સખા ગણાતા. બ્રહ્મમુનિને લાડ લડાવવામાં કાંઈ મણા રાખી ન હતી. એમણે લાલુમાને 'આ લાડુદાનને લાડ અમે લડાવીશું.' એવું જે વચન આપ્યું હતું એને પરિપૂર્ણ કરવામાં મહારાજે કોઈ કસર રાખી ન હતી.

ધોલેરામાં શ્રી મદનમોહન મહારાજ

ધોલેરાના દરબાર પૂંજાજી અને ભાલના ભક્તોએ મહારાજને વિનંતી કરી કે, "મહારાજ! કૃપા કરી આપ ધોલેરામાં મંદિર બંધાવો અને અમારા સૂકા ભાલ પ્રદેશને ભક્તિરસથી તરબોળ કરો."

મહારાજે ભાલના ભક્તોની વિનંતી માન્ય રાખી ધોલેરામાં મંદિર બંધાવવાનો નિર્ણય કર્યો.

સેંકડો વર્ષ પહેલા ધોલેરા ધીકતું બંદર હતું. અહીં ભારતની શ્રેષ્ઠ સંસ્કૃતિ ખીલી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે ધોલેરાની પસંદગી ભારે દીર્ઘદષ્ટિથી કરી હતી. એક તો ધોલેરા પ્રાચીન અને સમૃદ્ધ ભારતનું કેન્દ્ર હતું, બીજું મધ્ય ગુજરાતના ભાલબારા અને સૌરાષ્ટ્રના ભાલ પ્રદેશના કેન્દ્રસ્થાને હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ગઢપુરથી ગુજરાત જવાનો માર્ગ ભાલ પ્રદેશમાંથી પસાર થતો હતો. મહારાજે સમસ્ત ભાલ પ્રદેશને પોતાની પદરજથી પાવન કર્યો હતો.

મહારાજે સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીને આજ્ઞા કરી કે, "તમે ધોલેરામાં મંદિરનું નિર્માણ કરાવો." અને સદ્‌ગુરુ આત્માનંદસ્વામી, સદ્‌ગુરુ અખંડાનંદસ્વામી અને સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદસ્વામી વગેરે સંતોને આજ્ઞા કરી કે, "તમે સ્વામીની સહાયતા માટે ધોલેરા જાઓ."

મહારાજની આજ્ઞા થઈ એટલે સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી સંત-મંડળ સાથે ધોલેરા પધાર્યા. ધોલેરામાં મંદિરનું નિર્માણ કરવું સરળ ન હતું. એક તો ભાલની સૂકી ધરતી, વરસાદ આધારિત ખેતી, પાણી ખારાં, વિશેષ સાધન-સામગ્રી કે સગવડતા મળે નહિ.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથમાં લખ્યું છે કે,

નાનો દેશ નીરસ અતિ, દેહાભિમાનીને દુઃખરૂપ |
ત્યાં ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટ રૂપ ||૩||
(પુરુષોત્તમ પ્રકાશ–૩૬)

ભાલની ધરતી સૂકી હતી પરંતુ હરિભક્તોના હૈયાનાં હેતની સરિતાઓના નીર અખૂટ હતાં. દરબાર પૂંજાભાઈએ ધોલેરામાં મંદિર કરવા માટે જોઈએ એટલાં ધન,ધરા,ધામ અર્પણ કર્યાં હતાં.

મહાન ત્યાગી, વૈરાગી અને કવિ એવા સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીનું જન્મજાત કલાકૌશલ્ય ધોલેરા મંદિરના નિર્માણમાં સોળે કળાએ ખીલ્યું હતું.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી ઉત્તમ કવિ હતા, એટલા જ ઉત્તમ કારીગર હતા. એક સમયે કોઈ અંગ્રેજ સાહેબ સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીની કાવ્યકીર્તિ સાંભળીને સ્વામીના દર્શને આવ્યા. આ જ સમયે સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી મંદિરના પથ્થર ઘડી રહ્યા હતા. સ્વામીનું શરીર ચૂનાની રજથી ખરડાયેલું હતું.

આટલા મોટા કવિરાજને ચૂનાથી ખરડાયેલા જોઈને આશ્ચર્યચકિત થયેલો એ અંગ્રેજ બોલી ઊઠ્યો, ‘ વાહ! મણિ તો છે, પણ રજે ખરડાયેલો છે!’

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ મંદિરની સ્વહસ્તે કોતરેલી કમાન આજે પણ સર્વના દિલને આકર્ષે છે.

ધોલેરાનું મંદિર તૈયાર થતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ધોલેરા પધાર્યા અને વિક્રમ સંવત ૧૮૮૨ વૈશાખ સુદ-૧૩ ના રોજ મંદિરમાં શ્રી મદનમોહનજી મહારાજની ધામધૂમથી પ્રતિષ્ઠા કરી.

જૂનાગઢમાં શ્રી રાધારમણ દેવ

ભગવાન શ્રી સ્વામિનારાયણે જૂનાગઢ ખાતે મંદિર બંધાવવાનો નિર્ણય કર્યો હતો, કારણ કે એક તો જૂનાગઢ સમગ્ર સોરઠ પ્રદેશનું કેન્દ્ર હતું, બીજું ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળા દરબાર શ્રી ઝીણાભાઈને જૂનાગઢ ખાતે મંદિર નિર્માણનો કોલ આપ્યો હતો. મહારાજે જૂનાગઢ મંદિરનાં નિર્માણની જવાબદારી સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીને સોંપી હતી.

જૂનાગઢ નાગર બ્રાહ્મણોનો ગઢ ગણાતું. મોટા ભાગના નાગરો ‘જૂનાગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિર થાય’ એની વિરુદ્ધમાં હતા. તેઓના તરફથી જાતજાતની ઉપાધિઓ આવ્યા જ કરતી હતી, પરંતુ જૂનાગઢના નવાબ સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીના મિત્ર હતા એટલે કોઈનું કાંઈ ચાલતું ન હતું. અનેક સંઘર્ષો વચ્ચે પણ મંદિરનું નિર્માણ કાર્ય અવિરત ગતિથી ચાલી રહ્યું હતું.

વિક્રમ સંવત ૧૮૮૪ વૈશાખ વદ-૨ ના રોજ મહારાજે જૂનાગઢ મંદિરમાં શ્રી રાધારમણ દેવ, શ્રી રણછોડ ત્રિકમરાય અને સિદ્ધેશ્વર મહાદેવજીની પ્રતિષ્ઠા ધામધૂમથી કરી હતી.

આ એ સમય હતો, કે જ્યારે શૈવો અને વૈષ્ણવો વચ્ચે ભારે સંઘર્ષ ચાલતો હતો. આવા સમયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી રાધારમણદેવ અને શિવજીને એક જ મંદિરમાં એક સાથે પધરાવીને ધાર્મિક ક્રાંતિ સર્જી હતી.

જૂનાગઢની આસપાસની ભૂમિ વામન ભગવાનની તપોભૂમિ હોવાથી વામનાસ્થલી કહેવાય છે. કોઈ લોકો આ ભૂમિને વનસ્થલી પણ કહે છે. અહીં વસેલું વંથલી ગામ આ વાતની સાક્ષી પૂરે છે.

વંથલીના પાદરમાં વામનકુંડ છે, જે આજે પણ વામન ભગવાનના હજારો વર્ષ જૂના ઇતિહાસની યાદી અપાવે છે. વેદોમાં ભગવાન વામનજીનું વિષ્ણુ રૂપે અથવા તો ત્રિવિક્રમ રૂપે સ્તવન કરવામાં આવ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જૂનાગઢ મંદિરના મધ્યખંડમાં ભગવાન શ્રી ત્રિવિક્રમરાય રૂપે ભગવાન વામનજીની સ્થાપના કરેલી છે.

વેદપ્રસિદ્ધ ત્રિવિક્રમ ભગવાન વામનજીનાં મંદિરો પણ ભારતમાં બહુ ઓછા જોવા મળે છે. ભગવાન ત્રિવિક્રમરાયને પધરાવી ભગવાન શ્રી સ્વામિનારાયણે એ ક્ષતિની પૂર્તિ કરી છે. ઉપરાંત, પુરાણ પ્રસિદ્ધ વામનાસ્થલીનું મહાત્મ્ય વધાર્યું છે.

ગરવા ગિરનારનો વિસ્તાર ભગવાન શ્રીકૃષ્ણની પદરજથી પાવન થયેલો છે. પુરાણ પ્રસિદ્ધ કથા છે કે કાલયવન સાથેના યુદ્ધ પ્રસંગે જાણે ભયભીત હોય એમ ભગવાન શ્રીકૃષ્ણ રણ છોડીને ભાગ્યા હતા અને ગિરનારની મુચકુંદ ગુફામાં સંતાયા હતા.

આ પલાયનલીલાથી ભગવાન શ્રીકૃષ્ણે એક કાંકરે બે પક્ષી માર્યાં હતાં. એક તો સતયુગી રાજા મુચકુંદનો ઉદ્ધાર કર્યો હતો અને બીજું મહારાજ મુચકુંદ દ્વારા કાલયવનનો સંહાર કરાવ્યો હતો. રણ છોડીને ભાગ્યા માટે ભગવાન શ્રીકૃષ્ણ 'રણછોડ' કહેવાયા. આ લીલાને લક્ષ્યમાં રાખીને ભગવાન શ્રી સ્વામિનારાયણે જૂનાગઢમાં શ્રી રણછોડરાયજી પધરાવેલા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જૂનાગઢ મંદિરની મહંતાઈ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીને સોંપી હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ આ સેવા એકધારા ચાલીશ વર્ષ સુધી બજાવી હતી. સ્વામીએ જૂનાગઢ મંદિરને કથાવાર્તાનો અખાડો બનાવ્યું હતું અને સમસ્ત સોરઠ પ્રદેશને સર્વોપરી ઉપાસનાના રંગથી રંગી દીધો હતો.

સંપ્રદાયમાં કહેવત છે કે, 'સોરઠનો સત્સંગ એટલે સમજણનો સત્સંગ.'

ગઢપુરમાં મંદિરનું નિર્માણ

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની કાયમી નિવાસભૂમિ ગઢપુરમાં મંદિર નિર્માણનો આરંભ કરાવ્યો. આ મંદિર સ્વયં મહારાજની દેખરેખમાં બંધાયું.

દાદા ખાચરના દક્ષિણાદા બારના ઓરડા પડાવી, એ ભૂમિ ઉપર મંદિરનો પાયો નંખાયો. મંદિરનિર્માણ પ્રસંગે ભારે શ્રમયજ્ઞ ચાલતો. મહારાજે પ્રકરણ ચલાવ્યું કે, 'સવારે અને બપોરે ઘેલા નદીએ નાહીને પાછા વળવું, ત્યારે જેનાથી જેવડો ઉપડે એવડો પથ્થર માથે લેતો આવવો અને એ પથ્થર આ શ્રી ગોપીનાથજીના મંદિરના પાયામાં નાખવો.'

આમ સંતો-હરિભક્તો રોજેરોજ પથ્થર લાવવા લાગ્યા. સ્વયં મહારાજ પણ પોતાનાં માથા ઉપર પથ્થર લેતા. મહારાજે ઘોષણા કરી હતી કે, 'મંદિરના આ પાયામાં એક પથ્થર નાખશે એને પણ અમે અમારાં ધામમાં તેડી જઈશું.' ગઢપુરના એક મુસલમાને આ વાત સાંભળી. એણે મહારાજના દેખતા એક પથ્થર પાયામાં નાખ્યો અને બોલ્યો, "સ્વામિનારાયણ! સુના હૈ તુમ ખુદા હો, મેરા કલ્યાણ કરના."

મહારાજ હસીને બોલ્યા, "બડે મિયાં! હમ તુમ્હારા કલ્યાણ કરેંગે."

કહેવાય છે કે એ મુસલમાનનું શરીર છૂટ્યું, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે એને દર્શન દીધાં હતાં અને ધામમાં તેડી ગયા હતા.

ગઢપુર મંદિર થઈ રહ્યું છે, એ જાણીને સમસ્ત સત્સંગમાં આનંદ-ઉત્સાહનો પાર ન હતો. દૂર દૂરથી ભક્તજનો સેવા કરવા માટે આવતા હતા. ક્યારેક ક્યારેક પૈસાની ભારે ખેંચ પડતી; કડિયાને પગાર ચૂકવવામાં પણ વિલંબ થતો; આવા પ્રસંગે કોઈ રસોઈ દેવા આવે તો મહારાજ પૂછતા, "તારે રસોઈ દેવી છે કે અમે રાજી થઈએ એમ કરવું છે?"

સમજુ હરિભક્તો કહેતા કે, "મહારાજ! અમારે તો તમને રાજી કરવા છે." મહારાજ એ રકમ કડિયાને રોજગારી ચૂકવવામાં વાપરતા હતા.

આજે ગોપીનાથજીનાં શિખર પૂર્ણ થયાં!

મંદિરનું કામ ચાલી રહ્યું હતું એ દરમ્યાન એક પ્રેરક પ્રસંગ બન્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ લીલુડા લીમડા નીચે વિરાજમાન હતા. એવામાં અમરેલી પાસેના ચાંદગઢ ગામનાં દુબળી ભટ્ટ મહારાજનાં દર્શને આવ્યા.

આમ તો એમનું નામ રણછોડ મહારાજ હતું, પરંતુ વ્યવહારે સુદામાની જેમ ભારે દુબળા હતા એટલે બધા એને દુબળી ભટ્ટ કહીને બોલાવતા. દુબળી ભટ્ટ સ્વભાવે ભલાભોળા હતા. જેમ તેમ કરી લોટ માગી ગુજરાન ચલાવતા હતા.

દુબળી ભટ્ટના અંતરમાં થતું હતું કે, 'મારો ભગવાન ગઢપુરમાં ગોપીનાથજીનું મંદિર બંધાવે છે, તો મારે એમાં સેવા કરવી, પણ પાસે પૈસો-ટકો હતો નહીં. આખરે

પોતાની મનોકામના પૂર્ણ કરવા એ ગરીબ બ્રાહ્મણે પોતાની લોટ માગવાની તાંબડી વેચી નાખી, એનો માંડ માંડ અડધો રૂપિયો આવ્યો. દુબળી ભટ્ટે પોતાના માથા ઉપર બાંધેલા ફાટેલા ફાળિયાને છેડે અડધો રૂપિયો બાંધ્યો અને આ સુદામો ગઢપુર પહોંચ્યો.

મહારાજનાં દર્શન કરી દુબળી ભટ્ટ ધન્ય થઈ ગયા. આ જ સમયે મહારાજ પાસે ગોપીનાથજી મહારાજના મંદિર માટે ફાળો નોંધાઈ રહ્યો હતો. સભામાં બેઠેલા સૌ કોઈ સો, બસો, પાંચસો, હજાર, બે હજાર, જેવી જેની શક્તિ, એ પ્રમાણે ફાળો મંડાવી રહ્યા હતા.

દુબળી ભટ્ટ ફાળાની મોટી મોટી રકમો સાંભળીને ભારે સંકોચાઈ રહ્યા હતા. એમના મનમાં થતું હતું કે, 'આ ભક્તો કેટલી મોટી સેવા કરી રહ્યા છે, એમાં મારો અડધો રૂપિયો ક્યાં દેખાશે?'

દુબળી ભટ્ટ આવી અવઢવમાં હતા, ત્યાં તો મહારાજની દૃષ્ટિ દુબળી ભટ્ટ ઉપર પડી.

મહારાજે મીઠા સ્વરે દુબળી ભટ્ટને આવકાર્યા, 'પધારો ભટ્ટજી, પધારો.'

દુબળી ભટ્ટે મહારાજને વંદન કરી મહારાજનાં ચરણમાં અડધો રૂપિયો મૂક્યો અને કહ્યું, "મહારાજ! આ ગરીબ બ્રાહ્મણની સેવા ગોપીનાથજીનાં મંદિર માટે વાપરજો." દુબળી ભટ્ટના એક એક શબ્દમાંથી ભક્તિભાવ નીતરતો હતો.

અંતર્યામી મહારાજ દુબળી ભટ્ટે મૂકેલા અડધા રૂપિયાની સામે જોઈ રહ્યા. ગરીબ બ્રાહ્મણે આ અડધો રૂપિયો કેમ પેદા કર્યો છે? એની મહારાજને ખબર હતી. મહારાજે કહ્યું, "ભટ્ટજી! આ અડધો રૂપિયો અમને આપી દ્યો છો એના કરતાં આ તમારી પાઘડી ફાટીને લીરા લીરા થઈ ગઈ છે એ નવી લઈ લ્યોને!"

દુબળી ભટ્ટ સરળ ભાવે બોલ્યા, "મહારાજ! જો પાઘડી લઉં તો તમને શું આપું? પાઘડી તો ગમે ત્યારે લેવાશે, પણ આ ગોપીનાથજીનાં મંદિરમાં સેવા કરવાનો અવસર પાછો ક્યારે આવે?"

મહારાજની આંખમાંથી પાણી છલકાયા. મહારાજે સર્વે સભાજનોની સામે જોયું અને બોલ્યા, "આ દુબળી ભટ્ટના દાનથી અમારાં ગોપીનાથજીનાં શિખર પૂર્ણ થઈ ચૂક્યાં!"

વાત આટલેથી અટકી નહીં. મહારાજ આગળ બોલ્યા, "ભક્તજનો! આજ સુધી આ દુબળી ભટ્ટ જેવો દાનેશ્વરી પૃથ્વી ઉપર પાક્યો નથી. આ દુબળી ભટ્ટ તો કર્ણ અને બલી રાજા કરતાં પણ શ્રેષ્ઠ દાનેશ્વરી છે!"

વાત કરતાં કરતાં મહારાજની આંખમાંથી છલકાતાં આંસુડાઓ સાક્ષી પૂરતા હતા કે, મહારાજ આ ગરીબ બ્રાહ્મણની મજાક નો'તા કરતા.

સભામાં ઘણા સુખી-શ્રીમંત સદ્‌ગૃહસ્થો બેઠા હતા. એમણે ગોપીનાથજીના મંદિર માટેના ફાળામાં મોટી મોટી રકમ મંડાવી હતી. એમાંથી કોઈના મનમાં વિચાર ઊઠ્યો કે, 'મહારાજ વધારે પડતા વખાણ કરી રહ્યા છે.'

અંતર્યામી મહારાજે આ વિચારવમળોને પારખી લીધાં અને બોલ્યાં, "ભક્તો! તમારામાંથી ઘણાયે ગોપીનાથજીનાં મંદિર માટે બસો, પાંચસો, હજાર, બે હજાર રૂપિયા, જેવી જેની શક્તિ એવી સેવા કરેલી છે."

"તમારામાંથી કેટલાકનાં અંતરમાં એવા ઘાટ ઊઠે છે કે આ બ્રાહ્મણના અડધા રૂપિયાના આટલા બધા વખાણ! તમે સહેજ અંતરવૃત્તિ કરશો તો તમને ખ્યાલ આવશે, કે તમને ભગવાને કૃપા કરીને પાંચ હજાર, દસ હજાર, લાખ રૂપિયા આપ્યા ત્યારે તમે એમાંથી અમને બસો, પાંચસો કે હજાર રૂપરડી અર્પણ કરી છે."

"ભગવાને તમને જે આપ્યું એની ગણતરીએ તમે જે દાન કર્યું એ કાંઈ વિસાતમાં નથી, જ્યારે આ ગરીબ બ્રાહ્મણે તો પોતાની આજીવિકાનું એકમાત્ર સાધન, લોટ માગવાની તાંબડી વેચીને આ અડધો રૂપિયો મેળવ્યો છે. દુબળી ભટ્ટનું દાન તો સર્વસ્વ સમર્પણ છે. આ દુબળી ભટ્ટ જેવું દાન તો કર્ણ રાજા કે બલિ રાજાએ પણ કર્યું નથી! એ રાજાઓએ દાનના બદલામાં પૃથ્વી અને પાતાળના મોટાં મોટાં રાજ્ય મેળવ્યાં હતાં, જ્યારે આ દુબળી ભટ્ટની સેવા તો નિષ્કામ સેવા છે." "એ રાજાઓએ તો જ્યારે ભગવાને માગ્યું ત્યારે આપ્યું હતું, આ દુબળી ભટ્ટે તો વગર માગ્યે અમને અડધો રૂપિયો અર્પણ કર્યો, પાછું કાંઈ બદલાની આશા રાખ્યા વગર અર્પણ કર્યો. માટે કહીએ છીએ કે આવા નિષ્કામ ભક્ત જેવો દાનેશ્વરી હજી સુધી પાક્યો નથી."

"આવા સમર્પણશીલ ભક્તોની ભાવનાથી જ ભગવાનનાં સાચાં મંદિરો સર્જાતાં હોય છે, એટલે જ અમે કહીએ છીએ કે, આજે ગોપીનાથજીનાં શિખર પૂરાં થયાં!"

મહારાજનાં વચનોમાં ધર્મનો સાચો મર્મ સમાયેલો હતો. મહારાજનાં એક એક વેણ હરિભક્તોની અંતરની આંખને ઉઘાડનારા હતા. મહારાજને સ્થાવર-જંગમ સંપત્તિ કરતાંય હૃદયનાં સ્નેહની મૂડી વધારે પસંદ હતી. આકાશ જેવા વિશાળ દિલના મહારાજનાં હૃદયમાં રાજા અને રંકનો ભેદ નહોતો.

મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવ

ગઢપુરમાં એક બાજુ મંદિર નિર્માણનું કાર્ય ચાલુ હતું, તો બીજી બાજુ શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિ ઘડવાનું કામ પણ ચાલુ હતું.

નારાયણજી સુથાર મૂર્તિ ઘડવાનું કાર્ય કરતા અને મહારાજ સ્વયં બાજુમાં બેસીને દેખરેખ રાખતા. નારાયણજી સુથાર મહારાજનાં ચરણારવિંદ, હસ્તારવિંદ, મુખારવિંદ અને વક્ષઃસ્થળ વગેરે એક એક અંગનું માપ લેતા જતા હતા અને મૂર્તિ ઘડતા જતા હતા.

મહારાજની ઊંચાઈ સવા ચોસઠ તસુ અર્થાત્ આશરે પાંચ ફુટ, ચાર ઈંચ હતી. શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિ પણ એટલી જ ઊંચી, સાંગોપાંગ સપ્રમાણ અને રમણીય થઈ હતી. આ આદમકદ અને નખશિખ સુંદર મૂર્તિ નિહાળીને મહારાજ નારાયણજી

સુથાર ઉપર ખૂબ જ રાજી થયા, સરપાવ આપ્યો અને બોલ્યા, "આ મૂર્તિમાં અમે અખંડ નિવાસ કરીને રહીશું અને ભક્તોના મનોરથ પૂર્ણ કરીશું."

આખરે મંદિરનું કાર્ય પૂર્ણ થયું. વિક્રમ સંવત ૧૮૮૪ આસો સુદ-૧૨ના રોજ મહારાજે હજારો સંતો-ભક્તોની હાજરીમાં ભારે ધામધૂમ સાથે શ્રી ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી હતી.

પંચરાત્રશાસ્ત્રના પ્રધાન દેવ ભગવાન વાસુદેવ-નારાયણ છે. ભગવાન વાસુદેવ નારાયણ સંકર્ષણાદિક વ્યૂહરૂપો ધરીને સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલયનું કાર્ય કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વ પ્રથમ ગઢપુરમાં નાનકડા ઓરડામાં વિક્રમ સંવત ૧૮૬૨, ફાગણ વદી બીજના મંગલ દિવસે ભગવાન શ્રી વાસુદેવનારાયણ પધરાવ્યા હતા અને ભારતની પ્રાચીનતમ ઉપાસના-પદ્ધતિ પ્રત્યે પોતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. ભગવાન શ્રી વાસુદેવ નારાયણની એ મૂર્તિ આજે ગોપીનાથજી મહારાજના મંદિરના આથમણા ખંડમાં બિરાજે છે.

ભારત સૂર્યપૂજકોનો દેશ છે. સૂર્યને સાક્ષાત્ નારાયણ માનવામાં આવે છે. દરરોજ સવારે ભારતીયો જલાંજલિ અર્પીને સૂર્યનારાયણનું પૂજન કરે છે.

એક સમયે ભારતવર્ષમાં ઠેરઠેર સૂર્યમંદિરો હતાં. ઓરિસ્સામાં કોણાર્ક અને ગુજરાતમાં મોઢેરાનાં ભવ્ય સૂર્યમંદિરો સુપ્રસિદ્ધ હતાં, પરંતુ વિધર્મીઓએ એનો નાશ કરીને એ મંદિરોને આજે ભગ્નાવશેષ બનાવી દીધાં છે. ભગ્ન અવસ્થામાં પણ આ મંદિરો ભારતનાં પ્રાચીન અને અદ્ભુત જ્ઞાન-વિજ્ઞાનની ઝાંખી કરાવે છે.

ગઢપુરની ચારે બાજુનો પાંચાળ પ્રદેશ કાઠી-દરબારોનો પ્રદેશ ગણાય છે. કાઠી-દરબારોનો સૂર્યવંશ સાથે સંબંધ છે. તેઓ પ્રાચીનકાળથી સૂર્યની પૂજા કરતા રહ્યા છે.

ભગવાન સ્વામિનારાયણે ગઢપુરમાં બંધાવેલ ગોપીનાથજી મહારાજનાં મંદિરનાં ઊગમણા ખંડમાં સૂર્યનારાયણ પધરાવીને સૂર્ય-પૂજા પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કર્યો છે.

પ્રાચીન સમયમાં ગઢપુર દ્વારિકાનું શાખાનગર ગણાતું. બળદેવજીની સાથે ભગવાન શ્રીકૃષ્ણ અનેકવાર આ સ્થળે વિહાર માટે પધારતા. આ વાતને લક્ષ્યમાં રાખીને ભગવાન શ્રી સ્વામિનારાયણે સૂર્યનારાયણની સાથોસાથ શ્રીકૃષ્ણ, બળદેવજી અને રેવતીજી પધરાવ્યાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે બંધાવેલાં મંદિરો શિલ્પ-સ્થાપત્યકલાના શ્રેષ્ઠ નમૂનારૂપ છે. આ એક-એક મંદિરનાં નિર્માણ પાછળ સેવા અને સમર્પણની ભવ્ય ગાથાઓ રહેલી છે.

આ મંદિરોના મોટા ભાગના બાંધકામ સંતો અને ભક્તોના શ્રમયજ્ઞથી થયેલાં છે. ખુદ ભગવાન શ્રી સ્વામિનારાયણ માથે ઈંટો અને ચૂનાના તગારા લેતા હતા અને કારસેવા કરી ભક્તિમાર્ગનું પોષણ કરતા હતા. ચૂના તથા ગારાથી ભરેલાં શરીરવાળા

સંતો-ભક્તોને ભેટી, એમનું બહુમાન કરી, સેવાભાવને પ્રોત્સાહિત કરતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર મંદિરો નથી બંધાવ્યાં, મંદિરોની સાથોસાથ ભવ્ય સભામંડપો પણ બંધાવ્યા છે. 'સભામંડપો સાથે મંદિરોની રચના' એ ભગવાન શ્રી સ્વામિનારાયણની આગવી વિશિષ્ટતા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દેવદર્શનની સાથોસાથ સત્સંગ ઉપર વિશેષ ભાર મૂકતા હતા, કારણ કે સત્સંગ સિવાય મંદિર કે મૂર્તિનો મહિમા સમજાતો નથી, મહિમા સિવાય દર્શન અધૂરાં રહે છે.

ધર્મોમાં ઉત્તરાધિકારી નીમવાની રીત

સ્વામિનારાયણ સંપ્રદાયનો વ્યાપ ખૂબ જ વધ્યો હતો. સંપ્રદાયના સંતો અને હરિભક્તો ઇચ્છતા હતા કે, 'હવે મહારાજ સંપ્રદાયની વ્યવસ્થા માટે ઉત્તરાધિકારી નીમે તો સારું, જેથી સાંપ્રદાયિક વ્યવસ્થા ભવિષ્યમાં સારી રીતે ચાલતી રહે.'

વિવિધ પંથોમાં સંપ્રદાયના ઉત્તરાધિકારી નીમવાની અલગ-અલગ પ્રથાઓ છે.

ઈસાઈ ધર્મની કૅથલિક શાખામાં વાટિકન ખાતે દુનિયાભરના કૅથલિક ધર્મગુરુઓ ભેગા થઈને વડા ધર્મગુરુ પોપની વરણી કરે છે.

ખ્રિસ્તી ધર્મ વિશ્વમાં ફેલાયેલ છે અને 'કોઈ નાત-જાતના ભેદ સિવાય વિશ્વબંધુત્વની વાત કરનારો ધર્મ ગણાય છે' પરંતુ આશ્ચર્ય એ છે, કે અત્યાર સુધીમાં કાળી ચામડીવાળા એક પણ ખ્રિસ્તી ધર્મગુરુ પોપ તરીકે ચુંટાયા નથી. આ એક કોયડો છે.

યહૂદી ધર્મમાં બે ચીફ રબાઈઓ હોય છે. કોઈ ઐતિહાસિક કારણવશાત્ યહૂદીઓમાં બે ચીફ રબાઈઓની પરંપરા ચાલી આવે છે. આ ચીફ રબાઈઓની વરણી યહૂદી ધર્મના રબાઈઓ કરે છે. યહૂદી ધર્મનો ઉપદેશ કરનારા ધર્મગુરુને 'રબાઈ' કહેવામાં આવે છે. સિનેગોગમાં પૂજન-વિધિ કરનાર અને કરાવનાર પૂજારીને 'પ્રીસ્ટ' કહેવામાં આવે છે. પ્રત્યેક ચીફ રબાઈનો કાર્યકાળ દશ વર્ષનો હોય છે.

શીખ ધર્મમાં ગુરુદેવ નાનકના સમયથી ગુરુપરંપરા ચાલી આવતી હતી. શીખોના દસમા ગુરુ ગોવિંદસિંહજીએ એક અતિ ક્રાંતિકારી પગલું ભર્યું અને ગુરુને સ્થાને ગ્રંથ સાહેબની સ્થાપના કરી, ગુરુગાદીને વ્યક્તિ-પૂજાથી મુક્ત કરી દીધી!

શંકરાચાર્યજીએ ભારતવર્ષના ચાર ખૂણે ચાર પીઠ સ્થાપી. એમાં ઉત્તરાધિકારી તરીકે ચોક્કસ નિયમો બાંધ્યા અને બદ્રિનાથ વગેરે ધામમાં નાંબુદ્રિપાદ બ્રાહ્મણોને પ્રાધાન્ય આપ્યું. ખ્યાલ રહે કે, શંકરાચાર્યજીનો જન્મ નામ્બુદ્રિપાદ્ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીએ સ્થાપેલ વૈષ્ણવ સંપ્રદાયમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર વિઠ્ઠલનાથજી થયા. એમના સાત પુત્રો વલ્લભકુળ તરીકે પ્રસિદ્ધ

છે. વૈષ્ણવ સંપ્રદાયની મુખ્ય સાત હવેલીઓ છે. વલ્લભ કુળના ઉત્તરોત્તર વંશજોને હવેલીઓ તેમ જ સંપ્રદાયની મિલકતોના માલિક માનવામાં આવે છે. જેમ જેમ પુત્રોની સંખ્યા વધતી રહે છે, તેમ તેમ સ્થાનોની સંખ્યા પણ વધતી રહે છે.

ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા કોણ સ્વીકારે?

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મધુરાના સંવાહકની સ્થાપનામાં કોઈ અનોખો જ માર્ગ અપનાવ્યો હતો.

ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામીએ સ્થાપેલ અને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોષેલ આ વિશાળ સંપ્રદાયની ધર્મધુરા કોણ સ્વીકારે? એ યક્ષપ્રશ્ન હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે સેંકડો સમર્થ સંતો હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ એમાંથી કોઈ એકને ધર્મગુરુ બનાવી શક્યા હોત, પરંતુ આ બધા વિતરાગી સંતો ધર્મધુરા સાથે સંકળાયેલા વ્યવહારો તેમ જ ધન અને સ્રીના જોગથી સર્વથા અલિપ્ત અને અલગારી જ રહેવા માગતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ ત્યાગી-વૈરાગી સંતો વ્યવહારમાં ન જોડાય એવું જ ઇચ્છતા હતા; કારણ કે ધન-સ્રીના જોગથી સંતોના તપ, ત્યાગ, વૈરાગ્ય અને સ્વધર્મના તેજ ઝાંખાં પડે; એ મહારાજને પોસાય એવી વાત ન હતી.

આવી પરિસ્થિતિમાં મોટા ભાગના સંતો અને હરિભક્તોનાં મન 'ધર્મકુળ' ઉપર સ્થિર થતાં હતાં. ધર્મકુળ એટલે સરયૂને કિનારે વસનારા સરયૂપારિણ અને સામવેદી વિપ્ર 'ધર્મદેવનું' કુળ.

જેમ ભગવાન રામચંદ્રજીનું કુળ 'રઘુકુળ' નામે પ્રસિદ્ધ છે, ભગવાન શ્રીકૃષ્ણનું કુળ 'યદુકુળ' ગણાય છે, એ જ રીતે આ સામવેદી બ્રાહ્મણ કુળ ભગવાન શ્રી સ્વામિનારાયણના પિતા ધર્મદેવની મહાનતાને લીધે 'ધર્મકુળ' તરીકે પ્રસિદ્ધ છે.

ભાગવતના ચતુર્થ સ્કન્ધમાં ધર્મપ્રજાપતિ અને મૂર્તિદેવીની પાવનકારી કથા આવેલી છે. બદરિકાશ્રમમાં આ ધર્મ પ્રજાપતિ અને મૂર્તિદેવીને ત્યાં ભગવાન સ્વયં શ્રી નરનારાયણ સ્વરૂપે પ્રગટ્યા હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયની કથા પ્રમાણે એ જ ધર્મદેવ અને મૂર્તિદેવી દુર્વાસા ઋષિના શાપથી પૃથ્વી ઉપર ધર્મદેવ અને ભક્તિમાતા રૂપે પ્રગટ્યા હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ધર્મદેવને ત્યાં પ્રગટ થયા હોવાથી સંપ્રદાયના સર્વ આબાલ-વૃદ્ધ, સંતો-હરિભક્તો 'ધર્મકુળ' પ્રત્યે ભારે શ્રદ્ધા-આદર અને પ્રેમ ધરાવતાં હતાં. સર્વના અંતરની ઇચ્છા હતી કે સંપ્રદાયની ધર્મધુરા ધર્મકુળમાંથી જ કોઈને સોંપાય.

આખરે મુક્તાનંદસ્વામી, ભાઈ રામદાસજી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે આગેવાન સંતો તેમ જ મયારામ ભટ્ટ, પર્વતભાઈ, જીવા ખાચર વગેરે ભક્તોએ સાથે

મળીને ભગવાન સ્વામિનારાયણને વિનંતી કરી કે, "મહારાજ! આપ ઉત્તમ ધર્મવંશી કુળમાં પ્રગટ્યા છો એટલે અમારા સર્વના અંતરની ઇચ્છા છે, કે આ મહાન સંપ્રદાયની ધર્મધુરા કોઈ ધર્મવંશીને સોંપો."

ભગવાન સ્વામિનારાયણે આ વાત ઉપર કોઈ લક્ષ્ય ન આપ્યું. "અમે સાધુરૂપે પ્રગટ્યા છીએ. સાધુ-સંતોએ પૂર્વાશ્રમના કુળ, સંબંધી કે પરિવાર સાથે કોઈ સાંધો ન રખાય." એમ કહીને વાત ઉડાવી દીધી.

થોડા સમય બાદ બધા જ આગેવાનો ફરીથી ભગવાન શ્રી સ્વામિનારાયણને મનાવવા ગયા, પરંતુ આ વખતે પણ મહારાજે એમની વિનંતી પ્રત્યે લક્ષ્ય ન આપ્યું.

સંપ્રદાયના આગેવાન સંતો અને હરિભક્તો મહારાજને વારંવાર વિનંતી કરતા રહ્યા અને આખરે બધાના આગ્રહથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મકુળને તેડાવવાનો નિર્ણય કર્યો.

આચાર્યોની સ્થાપના

ધર્મવંશીઓના આગમનથી એક બાજુ ગાદીનો પ્રશ્ન હલ થઈ રહ્યો હતો, બીજી બાજુ એક બીજી સમસ્યાનું પણ સમાધાન થઈ રહ્યું હતું.

વાત એમ હતી કે ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રગતિથી કેટલાક ઈર્ષાળુ લોકો બળી મરતા હતા અને 'સ્વામિનારાયણ તો ઐન્દ્રજાલિક છે, બાબરો ભૂત વશ કર્યો છે, કામરુ દેશની વિદ્યા જાણે છે અને સર્વને વશ કરે છે, કામણ ટૂમણિયા છે, એના કુળ-ગોત્રના કાંઈ ઠેકાણા નથી, ઊતરતા કુળના છે' આવી કંઈક જાતની એલફેલ વાતો કરતા હતા.

એમનો આશય એ સમયના રૂઢિચુસ્ત જમાનાને લીધે, લોકો સ્વામિનારાયણ ભગવાન પાસે જતાં અટકે એવું વાતાવરણ સર્જવાનો હતો. ધર્મકુળના આગમનથી ભગવાન શ્રી સ્વામિનારાયણના કુળ વિશેની મનઘડંત વાતનો છેદ ઊડી ગયો હતો.

વિક્રમ સંવત ૧૮૮૨ કાર્તિક સુદી એકાદશીના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વ સંતો-હરિભક્તોની સંમતિથી સંપ્રદાયની બે ગાદીઓની સ્થાપના કરી.

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના આચાર્ય તરીકે શ્રીરઘુવીરજી મહારાજ અને અમદાવાદ શ્રી નરનારાયણ દેવની ગાદીના આચાર્ય તરીકે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની નિમણૂક કરી.

ધર્મની રક્ષા અને સંપ્રદાયપ્રાપ્ત જ્ઞાનમાર્ગનું પ્રવર્તન ધર્મની ગાદીનો મુખ્ય હેતુ છે. ધર્મક્ષેત્રમાં ધન-સંપત્તિના વ્યવહાર ગૌણ છે.

ધર્મક્ષેત્રમાં જ્યારે ધર્મને બદલે સત્તા અને સંપત્તિનો પ્રભાવ વધે ત્યારે ધર્મના તેજ ઝાંખાં થાય છે અને કળીયુગને પ્રવેશવાનો માર્ગ મોકળો બને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ અંગે ભારે સાવધાન હતા. એમણે બંને આચાર્યોને ભલામણ કરતા કહ્યું, "આ ગાદી ધર્મની રક્ષા માટે છે, તમે આશ્રિત નરનારીઓને ધર્મમાં વર્તાવજો અને મુમુક્ષુઓને દીક્ષા આપજો."

એમણે શિક્ષાપત્રીમાં આદેશ કર્યો છે કે,

मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।
गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥ (शिक्षापत्री–१२८)

"અમારા સર્વ આશ્રિતોના ધર્મની રક્ષા માટે અમે બે આચાર્યોને સર્વના ગુરુપદે સ્થાપ્યા છે. એમણે મુમુક્ષુઓને દીક્ષા આપવી."

ભગવાન શ્રી સ્વામિનારાયણે બે ગાદીની સ્થાપના દ્વારા ધર્મસત્તાને વિકેન્દ્રિત કરી હતી. સાથોસાથ બંને ગાદીઓ વચ્ચે સમન્વય પણ સાધ્યો હતો. એ માટે કોઈ સમર્થ મધ્યસ્થિની જરૂર હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના બે હજાર સંતોમાં સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી સમર્થ હતા અને સર્વમાન્ય હતા. માટે ભગવાન શ્રી સ્વામિનારાણે સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીને મધ્યસ્થી તરીકે બંને ગાદીઓની દેખરેખ રાખવાની ભલામણ કરી અને કહ્યું,

સાધુ વર્ણી પાળા સુણી લેજો રે, ગોપાળ સ્વામીની આજ્ઞામાં રહે જ્યો રે!

(ભક્તચિંતામણિ પ્ર. ૧૬૧,૪૯)

ધર્મની ગાદીઓની સ્થાપના પાછળ ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારે દીર્ઘ દષ્ટિ વાપરી હતી.

સંપ્રદાયના સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથમાં બે આચાર્યોની સ્થાપના પાછળના આશયનું ઉદ્‌ઘાટન કરતા કહ્યું છે કે,

કદિ એક જ ગાદિ સ્થપાય, અને આચાર્ય ઉન્મત્ત થાવ |
તેહ ધર્મ વિશે નવ રહે, શિષ્યો ક્યાં જઈને દુઃખ કહે ||૧૭||
માટે આચાર્ય સ્થાપવા બેય, અન્યોઅન્યને દાબે રહેય |
ધર્મવંશી છે વિપ્ર પવિત્ર, ધર્મવંત છે સર્વના મિત્ર ||૧૮||

(હરિલીલામૃત–ક–૮,વિ–૪૬)

ઘણા લોકો એવું માને છે કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંપ્રદાયની તમામ સંપત્તિ પોતાના વંશ-વારસોને સોંપી દીધી.' આવું માનનારા મિત્રોએ સંપ્રદાયની વ્યવસ્થાનો તલસ્પર્શી અભ્યાસ કરવો જોઈએ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંપ્રદાયની જે કંઈ સ્થાવર-જંગમ સંપત્તિ છે તેના માલિક દેવ છે, આચાર્યો નહિ. આચાર્યોની આજીવિકા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે અલગથી દક્ષિણાની વ્યવસ્થા કરેલી છે. આચાર્યોએ એમાંથી જ પોતાનો નિર્વાહ કરવાનો

હોય છે, એ સિવાય હરિભક્તો જે કંઈ દાન-ધર્માદો આપે તે તમામ સ્થાવર-જંગમ મિલકત દેવની જ ગણાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણને જો કોઈ નિહિત સ્વાર્થ હોત, તો એમણે સંપ્રદાયની તમામ સંપત્તિના માલિક પોતાના વંશ-વારસોને ઠરાવ્યા હોત, પરંતુ એમણે એવું કર્યું નથી. સંપ્રદાયની સ્થાવર-જંગમ મિલકતનો વહીવટ પરંપરાથી આચાર્ય, સંતો, હરિભક્તોની સમિતિઓ કરતી રહી છે.

બીજું, ગાદીપતિ આચાર્યના પુત્ર જ ગાદીએ આવે એવું નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્પષ્ટ આદેશ કર્યો છે કે, 'સંપ્રદાયના આગેવાન સંતો-ભક્તોએ વિચારણા કરીને ધર્મકુળમાંથી જે કોઈ ધર્મવાન હોય, સદ્‌ગુણી હોય, સત્સંગનું પોષણ અને ધર્મરક્ષા કરવા માટે સમર્થ હોય, એને જ ગાદીએ બેસાડવા, બીજાને નહિ.'

સંતો અને આચાર્યો વચ્ચે સંકલનસૂત્ર

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની બંને ગાદીના આચાર્યો સંપ્રદાયના મુખ્ય ધર્મગુરુ ગણાય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેમ આચાર્ય પરંપરા છે, એ જ રીતે સંત-ગુરુપરંપરા પણ છે. જેમાં મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી, યોગાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી વગેરે મહાન સંતોની પરંપરા આજે પણ સુપ્રસિદ્ધ છે. આ બધી સંત-ગુરુપરંપરાઓ સંપ્રદાયની બંને મુખ્ય પીઠો સાથે જોડાયેલી રહે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્ય અને સંતોને એક સૂત્રથી જોડનારી એક અનોખી અને અનુપમ પરંપરા છે. સંપ્રદાયના આચાર્ય આચાર્યપદે આરૂઢ થતાં પહેલા કોઈ જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ સંત પાસેથી સત્સંગની સામાન્ય દીક્ષા સ્વીકારી ભગવાનના આશ્રિત થાય છે, પછી આચાર્યપદ ઉપર વિરાજમાન થાય છે.

આચાર્ય સંતોને દીક્ષા આપતા હોવાથી તો એ દીક્ષાગુરુ ગણાય છે અને સંત મુમુક્ષુઓને જ્ઞાન આપતા હોવાથી જ્ઞાનગુરુ ગણાય છે. જ્ઞાનગુરુ જીવનભર મુમુક્ષુઓનું પોષણ કરે છે. મુમુક્ષુઓની સાધના જ્ઞાનગુરુની છત્રછાયામાં પરિપક્વ બને છે.

ગાદીવાળા અર્થાત્ આચાર્ય પત્નીઓ

ભગવાન શ્રી સ્વામિનારાયણે નીમેલા આચાર્યોના પત્નીઓ 'ગાદીવાળા' નામે ઓળખાય છે. સ્ત્રીઓને મંત્રદીક્ષા આપવાનું કાર્ય ગાદીવાળા સંભાળે છે.

જગતના વિવિધ ધર્મોમાં સ્ત્રીઓની શું દશા હતી અને છે, એ અંગે વિવિધ ધર્મોનો નિખાલસ અભ્યાસ કરવાની જરૂર છે.

કોઈ ધર્મમાં સ્રી ભારે તિરસ્કરણીય છે; આવા ધર્મમાં સ્રીઓને કેમ મારવી અને પીટવી? એની વિધિઓના પુસ્તકો બહાર પડે છે!

કોઈ કોઈ ધર્મમાં 'સ્રીઓને ક્યારેય મોક્ષ ન મળી શકે' એવાં વિધાનો છે.

ખ્રિસ્તી ધર્મના વડામથક વાટિકનમાં આજ સુધી ક્યારેય વડા ધર્મગુરુ અર્થાત્ પોપ તરીકે કોઈ સ્રીની નિમણૂક થયેલી જોવા મળતી નથી.

એક યહૂદી ધર્મ એવો છે, કે જેમાં સ્રીઓને પૂર્ણ આદર અને સન્માન આપવામાં આવ્યાં છે. યહૂદી ધર્મમાં પિતા કરતાં માતાનું પ્રાધાન્ય છે. 'યહૂદી માતાનો પુત્ર યહૂદી ગણાય' એવી ધાર્મિક ઘોષણા કરવામાં આવી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સમયગાળો વિવિધ રૂઢિઓથી ભરેલો હતો. આવા સમયમાં સ્રીઓને દીક્ષા આપવાનો અધિકાર આપવો, એ એમનું પગલું ક્રાંતિકારી જ ગણી શકાય. કોઈ સંપ્રદાયમાં ધર્મગુરુ તરીકે સ્રીઓની નિમણૂક થઈ હોય તેવો આ વિરલ પ્રસંગ છે.આ રીતે ગૃહસ્થ આચાર્ય પરંપરાની સ્થાપનાને લીધે સ્રીઓની દીક્ષાનો પ્રશ્ન હલ થયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આચાર્યો અને એમના ધર્મ-પત્નીઓ માટે કડક નિયમો બનાવેલા છે. આચાર્યો અને એમના પત્નીઓએ ગૃહસ્થ હોવા છતાંય લગભગ ત્યાગીઓ જેવું જીવન જીવવાનું હોય છે. આચાર્યો અને એમની પત્નીઓ સમીપ સંબંધ વિનાના સ્રી-પુરુષોની સાથે સંબંધ રાખી શકતા નથી.

આચાર્ય અને ગાદીવાળાના પદની ગૃહસ્થ કમ સંન્યાસ જેવી જ ગરિમા, પવિત્રતા અને ઉજ્જવળતા જળવાઈ રહે એ જરૂરી છે. કારણ કે ધર્મનો સાચો પ્રસાર પદથી નથી થતો, શાસ્રરક્ષા અને આચાર-વિચારની પવિત્રતાથી થાય છે.

શિક્ષાપત્રી ભાષ્યની અર્થદીપિકા ટીકામાં આચાર્ય શબ્દની વ્યાખ્યા કરતા સદ્‌ગુરુ શતાનંદસ્વામીએ લીંગ પુરાણના પ્રમાણ સાથે લખ્યું છે કે,

'आचिनोति शास्त्रार्थान्, आचारे स्थापयत्यपि'

"જે શાસ્રોનાં રહસ્યને જાણતા હોય, શાસ્ર પ્રતિપાદિત સદાચારનું પાલન કરતા હોય અને કરાવતા હોય, એને આચાર્ય કહેવાય છે."

આમાં સ્વામિનારાયણિયા કોણ?

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયની વ્યવસ્થા માટે બે ગાદીઓનું સ્થાપન કર્યું પણ બન્યું એવું, કે જે તે સ્થાનમાં રહેલા સંતોના મનમાં સ્થાનનો અભિનિવેશ બંધાયો.

કેટલાકને લક્ષ્મીનારાયણ દેવના દેશનો અભિનિવેશ થયો, કેટલાકને નરનારાયણ દેવના દેશનો અભિનિવેશ થયો. કેટલાકને ગઢપુરમાં વિરાજમાન વાસુદેવ નારાયણ સાથે

વિશેષ મમત્વ બંધાયું, એટલે પરસ્પર એકબીજાને 'લક્ષ્મીનારાયણિયા', 'નરનારાયણિયા' અને 'વાસુદેવિયા' કહીને સંબોધવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને આ વાતની ખબર પડી. એમને સંતોનો આવો સ્થાનગત અભિનિવેશ પસંદ ન આવ્યો. એમણે તુરત જ સંતોની સભા કરી.

મહારાજ બોલ્યા, "જે લક્ષ્મીનારાયણિયા હો તે જમણી બાજુ બેસો, નરનારાયણિયા હો તે ડાબી બાજુ બેસો અને વાસુદેવિયા વચમાં બેસો!"

ભગવાન શ્રી સ્વામિનારાયણ શું કહેવા માગે છે? તે કોઈને સમજાયું નહિ અને સભા ત્રણ વિભાગમાં વિભાજિત થઈ.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સભાની સામે હાથ લાંબો કરી મર્મમાં બોલ્યા, "આ લક્ષ્મીનારાયણિયા, આ નરનારાયણિયા અને આ વચલા વાસુદેવિયા, આમાં સ્વામિનારાયણિયો તો કોઈ દેખાતો નથી!"

મહારાજની વાત સાંભળતા જ માથે વીજળી પડી હોય એમ સ્તબ્ધતા છવાઈ ગઈ. મહારાજના કહેવાનો મર્મ સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી સમજી ગયા. એકદમ ઊભા થઈ મહારાજ પાસે પધાર્યા અને બાજુમાં બેસી ગયા અને બોલ્યા, "મહારાજ! હું સ્વામિનારાયણિયો!"

મહારાજે ફરીથી મર્મ કર્યો, "સ્વામી! આપણે બે અને આ ટોળું તો મોટું. આ બધા ભેળા થઈને આપણું કેમ ચાલવા દેશે!"

મહારાજની વાત સાંભળી બધા શરમાઈ ગયા. મહારાજનાં વચનરૂપી કટાક્ષબાણથી સર્વના અભિનિવેશ તૂટી ગયા.

સંતોએ મહારાજની માફી માગીને કહ્યું, "મહારાજ! હવેથી અમે આવી ભૂલ નહિ કરીએ."

મહારાજે કહ્યું, "સંતો! આપણે દેહ, દેશ અને કાળના બંધનમાં બંધાવા નથી આવ્યા. આપણે તો આ બધા બંધનો તોડી, બ્રહ્મરૂપ થઈ અને અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા આવ્યા છીએ. બ્રહ્મને દેહ અને દેશના બંધન હોય નહિ.

"અમે જે દેશવિભાગ કરેલો છે તે વ્યવહારિક વ્યવસ્થા માટે છે, મોક્ષની વ્યવસ્થા માટે નહિ."

"તમે સાધુઓ જ જો દેહ અને દેશના બંધનમાં બંધાઈ જશો, તો જીવોને બ્રહ્મરૂપ કોણ કરશે?"

"પોતપોતાનાં સ્થાનમાં રહીને સત્સંગની સેવા કરવી, પણ સ્થાનનો અભિનિવેશ થવા દેવો નહિ; કારણ કે આવો અભિનિવેશ અહં-મમત્વ, પક્ષાપક્ષી અને રાગ-દ્વેષનું કારણ બને છે."

"આ અભિનિવેશમાંથી કજિયા અને કંકાસનો જન્મ થાય છે અને પરિણામે સત્સંગ વિક્ષેપ અને કાવાદાવાથી કલુષિત થાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વેણે વેણે સંતોના અંતરમાં અજવાળાં પથરાઈ રહ્યાં હતાં. સર્વને પોતાની ભૂલનો અહેસાસ થઈ રહ્યો હતો. સર્વે શરમથી નીચા મુખ રાખી ભોંય ખોતરી રહ્યા હતા.

મહારાજે કહ્યું, "સંતો! સાવધાન ન રહીએ, તો માયા ધર્મને નામે પણ બંધન ઊભા કરે એવી છે. આજથી તમારી આ ભેદબુદ્ધિ અમારે મટાડી દેવી છે."

"હવેથી તમે લક્ષ્મીનારાયણિયા નથી, નરનારાયણિયા નથી, વાસુદેવિયા નથી; તમે તો સ્વામિનારાયણના છો; 'અચ્યુતગોત્રી' પરમહંસો છો."

"કાળના ઝપાટામાં દેહ અને દેશ બચવાના નથી, પણ તમે જો અચ્યુતગોત્રી થઈને રહેશો તો તમને દેશ, કાળ અને માયાના બંધન નડી નહિ શકે."

મનુષ્યનો સ્વભાવ નાના નાના ખંડોમાં રમવાનો છે, કોઈ વિરલા જ અખંડમાં રમી શકે છે. ઉપનિષદો કહે છે,

'યો વૈ ભૂમા તદમૃતમથ, યદલ્પં તન્મર્ત્યમ્ ।' (છાન્દોગ્યોપનિષદ્–૭–૨૩–૧)

દેહ અને દેશના અભિમાનથી સર્જાયેલા નાશવંત ટૂકડાઓમાં રચ્યાપચ્યા રહેવું, એ અલ્પતા છે અને અલ્પતા જ દુઃખ અને સંઘર્ષનું કારણ છે.

અનંત, અસીમ અને અખંડમાં રમવું એ જ શાંતિ, સમરસતા અને આનંદનું કારણ છે. અધ્યાત્મ માર્ગના યાત્રીએ ભૂલવું ન જોઈએ કે જેમ સાંકડો દરવાજો અનંત અને અસીમ આકાશને પામવાનું સાધન છે એ જ રીતે પ્રત્યેક સંપ્રદાય અનંત અને અસીમ પરમાત્માને પામવાનું સાધન છે.

જેમ કોઈ અજ્ઞાની માણસ દરવાજો પકડીને બેસી રહે અને અનંત ગગનની ભવ્યતાને માણવાનું ભૂલી જાય છે, એ જ રીતે ઘણા સાધકો સાધનને પ્રેમ કરે છે અને સાધ્યને ભૂલી જાય છે.

ધર્મના મૂળ સંસ્થાપક મહાન પુરુષોનો આશય ઘણો ઊંચો હોય છે, પણ પછીના અનુયાયીઓ પોતાની અલ્પતાને લીધે નાના નાના ટૂકડાઓમાં વહેંચાતા જાય છે.

માયાના મોહ દૂર કરવા સહેલા છે, પરંતુ ધર્મને નામે સર્જાયેલી મૂઢતા દૂર કરવી મુશ્કેલ છે. એમાં પણ જ્યારે લોભ, સ્વાર્થ, રાગદ્વેષ, ઈર્ષા, અહંકાર ભળે છે ત્યારે આ રોગ અસાધ્ય બની જાય છે.

આવી મૂઢતાથી ઘેરાયેલા અનુયાયીઓ નામ માત્રના જ અનુયાયીઓ હોય છે. વાસ્તવમાં તેઓ મૂળ લક્ષ્યથી હજારો જોજન દૂર ભટકી ગયેલા હોય છે.

ઘણીવાર તો જેમ વેપાર-ધંધામાં બને છે, એ જ રીતે ધર્મક્ષેત્રમાં બનતું હોય છે.

ધર્મક્ષેત્રને પોતાનો ઈજારો માનનારા લોકો ભારે કાબેલ હોય છે. તેઓ ધર્મ પ્રવર્તક એવા મૂળ મહાપુરુષની શાખનો 'બ્રાન્ડનેમ' તરીકે ઉપયોગ કરે છે અને પોતાનો ગુણવત્તા વિનાનો હલકો માલ આમજનતાને પધરાવી દે છે.

આશ્ચર્ય તો એ છે, ધાર્મિક મૂઢતાથી ઘેરાયેલા લોકો છેતરાવામાં પણ આનંદ માણતા હોય છે! ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉપરનો પ્રસંગ આવી ધાર્મિક મૂઢતાને દૂર કરનારો છે.

વડોદરાનો ઐતિહાસિક શાસ્રાર્થ

વિક્રમ સંવત ૧૮૮૧ની સાલ હતી, કાર્તિક માસ હતો, વડતાલના મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા થઈ ચૂકી હતી, આચાર્યોની સ્થાપનાનું કાર્ય પણ પૂર્ણ થયું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલમાં બિરાજમાન હતા. એ સમયે એક ઐતિહાસિક પ્રસંગના બીજ રોપાયાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં વડોદરા ગાયકવાડી રાજ્યનું કેન્દ્ર હતું. વડોદરાની જાહોજલાલી આંખને આકર્ષે એવી હતી. મહાગુજરાતમાં ગાયકવાડ સરકારની ભારે બોલબાલા હતી.

વડોદરા રાજકીય રીતે મહત્વપૂર્ણ હતું, સાથોસાથ વિદ્યાનું પણ શ્રેષ્ઠ કેન્દ્ર હતું. આ મહાનગરમાં એક એકથી ચઢિયાતા વિદ્વાનો વસતા હતા, તેથી વડોદરા છોટી કાશી કહેવાતું.

વડોદરા ધર્મનું પણ કેન્દ્ર હતું. વડોદરામાં વિવિધ પંથોના મઠો-મંદિરો અને અખાડાઓનો પાર ન હતો. વડોદરામાં વામમાર્ગીઓનું જોર જબરું હતું. વડોદરાના માથાભારે દીવાન બાબાસાહેબનો આ વામમાર્ગને ઓથ અને આધાર હતો.

વડોદરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના નવા પંથ માટે ભારે ઊહાપોહ જાગ્યો હતો. આ ઊહાપોહથી રાજ્યની શાંતિને અસર પહોંચતી હતી, પરિણામે આ ઊહાપોહને શાંત કરવા માટે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાન છે કે નહિ? ભગવાન શ્રી સ્વામિનારાયણનો ધર્મ વૈદિક ધર્મ છે કે નહિ?' આ વિષયનો નિર્ણય કરવા માટે શાસ્રાર્થ આવશ્યક હતો.

ગાયકવાડ સરકાર તરફથી ગાયકવાડ સરકારના ખાનગી દીવાન નારુપંત નાના શાસ્રાર્થ માટેનો વિનંતી પત્ર લઈને મહારાજ પાસે આવ્યા હતા.

મહારાજે પત્ર વાંચી પરમહંસોની સભા સામે દૃષ્ટિ કરી અને શાસ્રાર્થ માટે વડોદરા જવા સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની પસંદગી કરી.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી સંસ્કૃતના વિદ્વાન હતા, એમણે પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો રચ્યાં હતાં. સર્વથી શ્રેષ્ઠ અને મહત્ત્વની બાબત એ હતી, કે તેઓ માત્ર શાસ્રોમાં પ્રવીણ

જ ન હતા, તેઓ અધ્યાત્મમાર્ગના પૂરા અનુભવી શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સંત હતા.

મહારાજની આજ્ઞાથી સ્વામી પચાસ સાધુઓ સાથે વડોદરા પધાર્યા હતા. ગાયકવાડ સરકાર વતી વડોદરાના યુવરાજ ગણપતરાવે સ્વામીનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું.

સરકારશ્રીની સંમતિથી હાલ જૂના રાજમહેલની બાજુમાં આવેલ વિઠ્ઠલનાથજીના મંદિરમાં શાસ્ત્રાર્થનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરમાં વડોદરાના શ્રેષ્ઠ વિદ્વાનો એકઠા થયા હતા. મહાવિદ્વાન ભાવપુરાણીની મધ્યસ્થી તરીકે વરણી થઈ હતી.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી સભામાં પધાર્યા. સ્વામી અજાતશત્રુ સંત હતા. એમની વાણીમાં ભારોભાર માધુર્ય, વિનય અને પ્રેમ ભરેલાં રહેતાં. આ શીતળ-શાંત તેજસ્વી સંતના દર્શન કરતાં જ વિદ્વાનોના અડધા દિલ જીતાઈ ગયાં હતાં.

સામાન્ય રીતે બુદ્ધિવાનને બુદ્ધિવાન મળે ત્યારે તર્કની ધારો તીક્ષ્ણ થતી હોય છે. પરંતુ અનુભવસિદ્ધ મહાપુરુષોની પાસે બુદ્ધિની ધારાઓ બુઠ્ઠી થઈ જતી હોય છે! સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની પાસે વડોદરાના વિદ્વાનોની બુદ્ધિ પણ આવી ધારહીન બનવા લાગી હતી.

ભાવપુરાણીએ શાસ્ત્રાર્થની શરૂઆત કરાવી. પંડિતોનો પહેલો પ્રશ્ન હતો, 'મોક્ષનું અસાધારણ સાધન શું?'

દેખીતી રીતે પ્રશ્ન સરળ હતો, પરંતુ એની પાછળ ગહન રહસ્ય છુપાયું હતું, જે આગળ જતાં વ્યક્ત થવાનું હતું.

કુશળ મહારથી પ્રતિસ્પર્ધીની શક્તિનો તાગ લે તેમ સ્વામીએ કહ્યું, "પંડિતો! તમે તો શાસ્ત્રોના જાણકાર છો. તમે બધાએ મોક્ષનું સાધન શું માન્યું છે?"

પંડિતો બોલ્યા, "મુક્તમુનિ! કળિયુગમાં કલ્યાણનું અસાધારણ સાધન નામજપ છે."

પંડિતોની વાત સરળ હતી, પણ આશય ગૂઢ હતો. તેઓ કોઈ પણ રીતે કળિયુગમાં પરમાત્મા પ્રત્યક્ષ હોય, એ સિદ્ધ થવા દેવા માગતા ન હતા, એમનું લક્ષ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણ હતા.

મુક્તમુનિએ કહ્યું, "પંડિતો! કેવળ નામજપથી આત્યંતિક કલ્યાણ શક્ય નથી. આત્યંતિક કલ્યાણ તો પ્રત્યક્ષ પરમાત્માના આશ્રયથી થાય છે."

પંડિતોએ કહ્યું, "મુક્તમુનિ! આપની વાત શાસ્ત્રવિરુદ્ધ છે. ભાગવતજીમાં નામજપથી અજામિલનો ઉદ્ધાર થયો હતો, એ વાત પ્રસિદ્ધ છે."

મુક્તમુનિએ કહ્યું, "પંડિતો! કલ્યાણના અનેક પ્રકાર છે. આત્યંતિક કલ્યાણનો અર્થ છે, 'ભવપાશથી સર્વથા મુક્ત થવું.' નામજપથી જો અજામિલનો આવો મોક્ષ થયો હોય, તો પછી એને ગંગાદ્વારે તપ કરવાની શી જરૂર હતી?"

"પંડિતો! ક્ષમા કરજો, તમે શાસ્ત્રોનો મર્મ સમજ્યા નથી. અજામિલે નામજપથી યમપાશથી મુક્તિ મેળવી હતી. પછી ગંગાદ્વારે તપ કરી, પરમાત્માનો સાક્ષાત્કાર કરી,

પરમાત્માની કૃપાથી ભવપાશથી મુક્તિ મેળવી હતી, માટે આત્યંતિક મુક્તિ જોઈતી હોય, તો નામજપની સાથે નામી એવા પ્રત્યક્ષ પરમાત્માનો આશ્રય અત્યંત આવશ્યક છે."

પંડિતોએ કહ્યું, "મુક્તમુનિ! માની લઈએ કે નામજપની સાથે નામી પરમાત્માની આવશ્યકતા છે, પરંતુ નામી પ્રત્યક્ષ જ હોય એ જરૂરી નથી."

મુક્તમુનિએ કહ્યું, "એવું કયાં શાસ્ત્રને આધારે કહો છો?"

પંડિતોએ કહ્યું, "મુક્તમુનિ! વેદ કહે છે, 'तमेव विदित्वातिमृत्युमेति' (श्वेताश्वतरोपनिषद्–अ–६,मन्त्र–१५) પરમાત્માને જાણે તો મૃત્યુપાશથી મુક્ત થાય છે."

"મુક્તમુનિ! જ્ઞાન બે પ્રકારના છે, પરોક્ષ અને અપરોક્ષ. પરોક્ષપણે પરમાત્માને જાણી લ્યે તોપણ જીવની મુક્તિ થઈ જાય છે, તો પ્રત્યક્ષ પરમાત્માની શી જરૂર છે?"

પંડિતોની વાત સાંભળી મુક્તમુનિ હસવા માંડ્યા અને બોલ્યા, "પંડિતો! ચીતરેલાં સૂરજથી અજવાળાં થતાં નથી, પ્રત્યક્ષ સૂરજથી થાય છે. સો વર્ષ સાકર, સાકર બોલવાથી મોંઢું ગળ્યું થતું નથી, પ્રત્યક્ષ સાકરથી જ મોઢું ગળ્યું થાય છે. લાકડાંમાં અગ્નિ છે, પરંતુ તે પ્રગટે નહિ ત્યાં સુધી રસોઈ થતી નથી. એ જ રીતે પરોક્ષથી મુક્તિ સંભવતી નથી. મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ પણ આ જ વાત કરી છે, માટે ભવપાશથી છૂટવું હોય તો પ્રત્યક્ષ પરમાત્માનો આશ્રય જરૂરી છે."

પંડિતોએ કહ્યું, "મુક્તમુનિ! જો 'પ્રત્યક્ષ પરમાત્માના આશ્રયથી જ આત્યંતિક કલ્યાણ થાય' એમ કહેશો, તો કળિયુગમાં કોઈનું કલ્યાણ નહિ થાય."

મુક્તાનંદસ્વામીએ પૂછ્યું, "શા માટે?"

પંડિતોએ કહ્યું, "મુક્તમુનિ! ભાગવતજીના પંચમ સ્કન્ધમાં **'त्रियुगाय ते नमस्ते'** કહીને ભગવાનને ત્રિયુગી કહ્યા છે. કળિયુગમાં ભગવાનનો અવતાર થતો જ નથી, તો મનુષ્યોના કલ્યાણ કેમ થશે?"

મુક્તમુનિએ કહ્યું, "પંડિતો! આપ ધુરંધર વિદ્વાનો છો, છતાં 'ત્રિયુગી' શબ્દનો અર્થ સમજ્યા નથી. 'ત્રિયુગી' શબ્દનો અર્થ છે, ત્રણ યુગ્મ અર્થાત્ ત્રણ જોડલાં."

"શાસ્ત્રોએ ભગવાનને ષડૈશ્વર્યસંપન્ન કહ્યા છે. આ ષડ્ ઐશ્વર્યના ત્રણ યુગ્મ અર્થાત્ જોડલાં છે. જ્ઞાન અને શક્તિ; બલ અને ઐશ્વર્ય; વીર્ય અને તેજ. ઐશ્વર્યના આ ત્રણ જોડલાં ભગવાનમાં રહ્યાં છે, માટે ભગવાનને 'ત્રિયુગી' કહ્યા છે, માટે ત્રિયુગીનો અર્થ એ નથી કે કળિયુગમાં ભગવાન અવતરતા નથી."

"પંડિતો! શાસ્ત્રો કહે છે કે, 'જ્યારે અધર્મ વધે, ત્યારે ભગવાનના અવતારો થાય છે.' કળિયુગમાં તો અધર્મનો ઘોર વધારો હોય, માટે આ સમયે તો ભગવાન અવશ્ય અવતરે."

"પંડિતો! તમે દુરાગ્રહથી યુગ શબ્દનો અર્થ સમયપરક જ લેવા માગતા હો તો સાંભળો, જેમ બહાર ચાર યુગના ધર્મો પ્રવર્તે છે, એ જ રીતે મનુષ્યના અંતરમાં પણ

ચાર યુગના ધર્મો પ્રવર્તતા હોય છે."

"મનુષ્યના અંતરમાં જ્યારે ઘોર કલિકાલ વર્તતો હોય, ત્યારે એના અંતરમાં હરિદર્શન થતાં નથી. એ અર્થમાં આપ ભગવાનને ત્રિયુગી કહી શકો છો, પરંતુ કળિયુગમાં ભગવાનનો અવતાર થતો નથી, એવું કહી શકાય નહીં."

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની ધીરગંભીર વાણી પંડિતોના અંતરમાં પ્રભાવ પાથરી રહી હતી. સ્વામીએ કરેલો ત્રિયુગી શબ્દનો અર્થ એમણે સ્વીકાર્યા સિવાય છૂટકો ન હતો.

હવે પંડિતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉપર આડકતરો વાક્‌પ્રહાર કરતા કહ્યું, "મુક્તમુનિ! માની લઈએ કે ભગવાન કળિયુગમાં પણ અવતાર ધારણ કરે છે, પરંતુ આજે એ ક્યાંય હોય, એવું જણાતું નથી."

મુક્તાનંદસ્વામીએ હસીને કહ્યું, "પંડિતો! તમને ન દેખાય એટલે ભગવાન ન હોય, એમ ન કહી શકાય. સૂરજ ઊગે ત્યારે ચારે બાજુ અજવાળાં પથરાય છે, પરંતુ ઘુવડ અને ચામાચીડિયાની આખી નાત્ય સૂરજના અસ્તિત્વનો સ્વીકાર કરતી નથી."

સ્વામીની વાત સાંભળી ભાવપુરાણી હસવા માંડ્યા, પંડિતો ઓજપાઈ ગયા. સ્વામી બોલ્યા, "પંડિતો! ભારતવર્ષની ધરતી ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપી સૂરજનો ઉદય થઈ ચૂક્યો છે, તમારા અસ્વીકારથી સૂરજનું અસ્તિત્વ મટી જવાનું નથી."

પંડિતોએ કહ્યું, "મુક્તમુનિ! સ્વામિનારાયણ તમારા ગુરુ છે. ઘણા લોકો પોતાના ગુરુને ભગવાન કહેતા હોય છે, એ જ રીતે તમે તમારા 'ગુરુ' ને જો 'ભગવાન' કહેતા હો તો એ તમારી અંગત માન્યતા છે, તમે તમારા ગુરુને ભગવાન કહો એટલે એ ભગવાન થઈ જતા નથી."

"મુક્તમુનિ! આ તો શાસ્રાર્થ છે, જો એ ભગવાન હોય તો તમારે પ્રમાણોથી સિદ્ધ કરવું જોઈએ, અંગત માન્યતાથી નહિ."

મુક્તાનંદસ્વામીએ કહ્યું, "પંડિતો! અમે પણ વિદ્વાનોની સભામાં અપ્રામાણિક વાત કરીએ એવા નાદાન નથી. 'ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાન છે' , આ વાત શાસ્રોની ભવિષ્યવાણી સિદ્ધ કરે છે." આમ કહીને સ્વામીએ શાસ્રોના પ્રમાણો ટાંક્યા. (આ પ્રમાણો આ ગ્રંથના પરિશિષ્ટમાં અપાયેલા છે.)

"સામુદ્રિક શાસ્રને પ્રમાણ માનીએ, તો ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણના સોળ ચિન્હો, હસ્તારવિંદની રેખાઓ અને મુખારવિંદના લક્ષણો દર્શાવે છે કે, 'સ્વામિનારાયણ ભગવાન છે."

"ન્યાયશાસ્રના **यत्र धूमः तत्र अग्निः** એ ન્યાયે જો વાત કરીએ, તો ભગવાન શ્રી સ્વામિનારાયણના જે અલૌકિક અસાધારણ ઐશ્વર્યો છે, એ એમનું ભગવાનપણું સિદ્ધ કરે છે."

"ભગવાન શ્રી સ્વામિનારાયણ હજારો નરનારીઓને સમાધિ કરાવે છે."

"ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અનેક ભક્તોને નિરાવરણ સ્થિતિ, નિરાવરણ દૃષ્ટિ અને સંકલ્પસિદ્ધિઓની પ્રાપ્તિ થઈ છે."

"ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી મોટા મોટા યોગીઓ, સિદ્ધો, જ્ઞાનીઓ, કવિઓ એમના સાધુ થયા છે!"

"ભગવાન શ્રી સ્વામિનારાયણે આ અવતારમાં અસુરોને નથી માર્યા, આસુરી વૃત્તિઓને મારી છે. હજારો આસુરી લોકોનો આસુરીભાવ ટાળી દૈવી બનાવ્યા છે."

"આજે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેક ભક્તોને, અનેક જગ્યાએ, અનેક રૂપે દર્શન આપે છે."

"ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તજનોને અંત સમયે દિવ્ય દર્શન આપી ધામમાં તેડી જાય છે."

"પંડિતો! આવું અલૌકિક ઐશ્વર્ય સાધારણ મનુષ્ય કે સંતમાં સંભવે નહીં."

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીના મુખારવિંદમાંથી ગંગધારા જેવો વાણીનો પ્રવાહ વહી રહ્યો હતો. સભામાં નીરવ શાંતિ પથરાઈ ચૂકી હતી. સમસ્ત પંડિત સભા દેશકાળનું ભાન ભૂલી, સ્તબ્ધ બની, સ્વામીની વાણી સાંભળી રહી હતી.

વાતનું સમાપન કરતાં મુક્તાનંદસ્વામીએ કહ્યું, "પંડિતો! આ બધા પ્રમાણો સિદ્ધ કરે છે કે, 'શ્રી સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે."

સ્વામીની અનુભવસિદ્ધ વાણીથી વડોદરાના વિદ્વાનો ભારે પ્રભાવિત થયા હતા. મધ્યસ્થી ભાવપુરાણીએ શાસ્રાર્થમાં સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીના વિજયની ઘોષણા કરી હતી.

આ ઐતિહાસિક વિજયનો દિવસ હતો, વિક્રમ સંવત ૧૮૮૧ અને મહા સુદી ત્રીજ.

કાચા ચણા અને શેકેલા ચણા

વડોદરાના વિજયમાં સ્વામીની વિદ્વતા કરતાંય અનુભવસિદ્ધ સાધુતા મુખ્ય કારણભૂત હતી. ગુજરાતના શ્રેષ્ઠ કવિ સાંઈ મકરંદે આ અંગે મુક્તાનંદસ્વામીનો એક પ્રસંગ કહેલો, તે અહીં નોંધવાનું મન થાય છે.

વડોદરાના વિદ્વાનોએ એક વાર મુક્તાનંદસ્વામીને પૂછ્યું, "સ્વામી! અમે ગમે એટલી શાસ્ત્રોની વાતો કરીએ છીએ, પણ લોકોના હૃદયમાં ઊતરતી નથી; જ્યારે તમારી વાતો લોકહૃદયમાં આરપાર ઊતરી જાય છે એનું રહસ્ય શું હશે?"

સ્વામીએ મંદ મંદ હસતાં કહ્યું, "વિદ્વાનો! માઠું ન લાગે તો કહું."

વિદ્વાનો કહે, 'સ્વામી! સંકોચ વગર કહો.'

સ્વામી કહે, "તમારી વાતો શેકેલા ચણા જેવી છે અને અમારી વાતો કાચા ચણા જેવી છે. શેકેલા ચણા ખાવામાં સારા અને ફરસા લાગે, પણ વાવે તો ઊગે નહીં.

કાચા ચણા ચાવવા કઠણ પડે પણ વાવે તો ઊગીને એકમાંથી એક હજાર થાય."

આટલું કહી સ્વામી મર્મમાં બોલ્યા, "પંડિતો! કોરા શબ્દો અને અનુભવ વચ્ચેનો ભેદ સમજાય, તો જ આ વાત સમજાય."

સ્વામીની વાત સાંભળી વિદ્વાનોએ સ્વામીને વંદન કર્યાં અને બોલ્યા, "સ્વામી! અમને રહસ્ય સમજાઈ ગયું. અમારી માત્ર વાણી બોલે છે, જ્યારે તમારું વર્તન વાતો કરે છે."

સાચો વિજય આજ થયો!

વડોદરાના શાસ્ત્રીઓ અને પુરાણીઓએ મુક્તમુનિના તર્ક અને શાસ્ત્રસંમત પ્રતિપાદનને સ્વીકારી લીધું હતું, પરંતુ વડોદરાના કેટલાક મઠ-મંદિરોના માથાભારે મહંતોને આ વાત સ્વીકાર્ય ન હતી. એમણે નિર્ણય કર્યો, 'સ્વામિનારાયણના સાધુને શાસ્ત્રથી ન જીતી શક્યા, તો હવે શસ્ત્રથી જીતીશું.'

આવા નિર્ણય સાથે કેટલાંક તોફાની લોકો હથિયારો સાથે વિઠ્ઠલનાથજીની હવેલી તરફ ધસી ગયા હતા. ગાયકવાડ સરકારને આની ગંધ આવી જતા આરબ સૈનિકોની બેરખ મોકલીને આ તોફાનીઓને જેર કરી જેલ ભેગા કર્યા હતા.

એ સમયે વડોદરાના મોટા ભાગના મઠ-મંદિરોમાં સીધાં-સામગ્રી રાજના મોદીખાનેથી જતી હતી. આ તોફાની ઘટનાથી નારાજ થયેલા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે મઠ-મંદિરોનાં સીધાંપાણી બંધ કરાવ્યાં હતાં.

બીજા દિવસે એમણે ભારે ભાવ સાથે મુક્તાનંદસ્વામીને સંત મંડળ સાથે પોતાનાં રાજભવનમાં પધરાવી ભાવ-પૂજન કર્યું હતું.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની વિદ્વત્તા સાથેની સાધુતા અને સૌમ્યતા સયાજીરાવ સરકારના દિલને સ્પર્શી ગઈ હતી. એમણે મુક્તમુનિને હાથ જોડી વિનમ્રભાવે કહ્યું, "સ્વામી! આપના આગમનથી વડોદરા અને રાજભવન પાવન થયા છે. બોલો, આપની શું સેવા કરું? આપ જે કહો તે આપને ચરણે ધરવા મારું મન ઉત્સુક છે."

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી હસીને મર્મસભર વાણી બોલ્યા, "નરેશ! આપની ભાવનાનો આદર કરું છું, પરંતુ અમારી કોઈ અપેક્ષા નથી. તમે જે કંઈ આપશો એની અમારે જરૂર નથી અને અમારે જેની જરૂર છે એ વસ્તુ આપની પાસે છે નહિ! અમારે જે જોઈએ છે, એ પરમ પદાર્થની પ્રાપ્તિ તો અમને ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં થઈ ચૂકી છે!"

મુક્તમુનિની નિસ્પૃહિતાએ ગાયકવાડનું મન વિશેષ જીતી લીધું. એમણે નિખાલસ દિલે સ્વામીની વાતનો સ્વીકાર કરતા કહ્યું, "સ્વામી! આપની વાત સાચી છે. અમે સંસારીઓ આપી-આપીને શું આપીએ? થોડાં ધન-સંપત્તિ કે ગામ-ગરાસ આપીએ. તમારા જેવા વિતરાગી સાધુઓને એની કોઈ આવશ્યકતા ન હોય તે સમજી શકું છું,

પરંતુ અમારી થોડી સેવા અંગીકાર કરો, તો અમે કૃતાર્થ થઈએ.”

ગાયકવાડના વિનય-વચન સાંભળી સ્વામી ખૂબ જ રાજી થયા અને બોલ્યા, “નરેશ! તો અમે કહીએ તેમ કરશો?”

શ્રીમંત સરકાર સયાજીરાવ બોલ્યા, “હા, સ્વામી! આપ જે કહેશો તે વચનને શિરોધાર્ય કરીશ.”

સ્વામીએ કહ્યું, “નરેશ! અમે સાંભળ્યું છે કે આપે મઠ-મંદિરોનાં સીધાં-પાણી ગઈ કાલે બંધ કરાવ્યાં છે, એ સીધાં ફરીથી ચાલુ કરાવી દો. સમસ્ત વડોદરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયઘોષ થઈ રહ્યો હોય ત્યારે મઠ-મંદિરોનાં સીધાં-પાણી બંધ થાય તો અમારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ રાજી ન થાય. ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વભાવ ભારે કરુણામય છે. જીવ તો અજ્ઞાની જ હોય, એમને ક્ષમા કરવી એ આપણો ધર્મ છે.”

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની વાત સાંભળીને ગાયકવાડ સરકારની આંખો સહેજ ભીની થઈ. મુક્તાનંદસ્વામીના હૃદયની સાગર જેવી ઉદારતા જોઈને ગાયકવાડના મનમાં ભારે અહોભાવ પેદા થયો. એમણે કહ્યું, “સ્વામી! આપે જે આજ્ઞા કરી છે, એ જ પ્રમાણે થશે.”

આટલું કહી વડોદરા નરેશ આગળ બોલ્યા, “સ્વામી! ગઈ કાલે આપે આપની અનુભવસિદ્ધ દલીલોથી વડોદરાના વિદ્વાનોના દિમાગ જીત્યા હતાં, પણ આજ આપની આ ઉદારતાએ વડોદરાવાસીઓના દિલ જીતી લીધાં છે. વડોદરામાં ખરો વિજય તો આજ થયો છે!”

ગાયકવાડની વાત સાંભળી મુક્તાનંદસ્વામી મંદ સ્મિત સાથે બોલ્યા, “આ બધો તો ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ પ્રતાપ છે, હું તો એમનો એક નાનામાં નાનો સેવક સાધુ છું. મારાં કરતાં ચઢિયાતા અનેક સંતો એમની પાસે છે.”

ગાયકવાડ નરેશ બોલ્યા. “ સ્વામી! મને તો મનમાં એમ થાય છે કે જેના સંત આટલા મહાન છે, એના ઈષ્ટદેવ કેટલા મહાન હશે!”

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીના સત્સંગથી ગાયકવાડ સરકારના હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે પ્રેમ અને શ્રદ્ધા પ્રગટ્યાં હતાં.

ગાયકવાડ સરકાર શ્રીમાન સયાજીરાવની ભાવભરી વિનંતીને માન્ય રાખી ભગવાન શ્રી સ્વામિનારાયણ વિક્રમ સંવત ૧૮૮૨, કાર્તિક વદી તૃતીયાને દિવસે વડોદરા પધાર્યા હતા. શ્રીમાન સયાજીરાવ ગાયકવાડે ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભવ્ય સ્વાગત કર્યું અને રાજમહેલમાં પધરાવ્યા હતા, જેનું સુંદર વર્ણન સંપ્રદાયના સાહિત્યમાં ઉપલબ્ધ છે.

ગાયકવાડ સરકારે વડતાલ મંદિરને માટે તમામ સુવિધાઓ પૂરી પાડી હતી, દાણ માફ કર્યાં હતા અને કાયમી વર્ષાસન બાંધી આપ્યું હતું.

મજાની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે શ્રીમંત સરકાર સયાજીરાવનો રાજમહેલ હોય, કે સગરામા વાઘરીની ઝૂંપડી હોય, બંને સમાન હતાં.

બિશપ હેબર અને ભગવાન શ્રી સ્વામિનારાયણ

પશ્ચિમના મોટા ભાગના ધર્મો રાજસત્તાને આધારે ટક્યા છે, ફૂલ્યા છે, ફાલ્યા છે અને વિસ્તર્યા છે.

પૂર્વના બૌદ્ધ ધર્મના વિકાસમાં પણ રાજસત્તાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, જ્યારે સનાતન ધર્મ મોટા ભાગે આત્માશ્રિત રહ્યો છે, રાજ્યાશ્રિત નહિ.

સનાતન વૈદિક ધર્મનો વ્યાપ ઉપનિષદોના ઋષિઓના સમુદ્ર જેવા અગાધ અને આકાશ જેવા અનંત જ્ઞાન અને પ્રેમને લીધે થયેલો છે, લોભ-લાલચ કે બળજબરીથી થયેલ વટાળપ્રવૃત્તિથી નહિ.

પશ્ચિમના ધર્મોના મોટા ભાગના ધર્મગુરુઓની ઘોર અજ્ઞાનતા રહી છે કે તેઓ હંમેશાં પોતાના ધર્મને જ સર્વોપરી અને શ્રેષ્ઠ માને છે અને અન્ય ધર્મોની અવગણના કરે છે.

ભારતવર્ષના મહાન યુગપુરુષ સ્વામી વિવેકાનંદજીએ પોતાનાં પ્રવચનોનાં માધ્યમથી આ અજ્ઞાનની ચાદરને ચીરી નાખી હતી.

પશ્ચિમના ધર્મગુરુઓ જાણે જગતના અજ્ઞાનને દૂર કરવાનો ઈજારો લીધો હોય, એ રીતે વર્ત્યા છે અને વટાળ પ્રવૃત્તિને ધર્મનું અંગ માનેલ છે.

'મારો જ ધર્મ શ્રેષ્ઠ છે' એવો અહંકાર ધર્મને છીછરા ખાબોચિયા જેવો બનાવી દે છે.

ધર્મ એ બજારની ચીજ નથી કે તમે એને ગમે તે ભાવે ખરીદી શકો અને વેચી શકો.

લોભ-લાલચથી વિકસેલી ધાર્મિકતા માત્ર ધર્મનો આભાસ હોય છે, ધર્મ નહિ.

વટાળ પ્રવૃત્તિ એક વેપાર-ધંધા જેવી છે, જેનાથી પ્રછેટ રાજકીય અને આર્થિક હિતોનું પોષણ અને રક્ષણ થઈ શકે છે.

અંગ્રેજો ભારત આવ્યા અને પોતાની સાથે ખ્રિસ્તી ધર્મ પણ લાવ્યા. અંગ્રેજ સત્તા ભારતમાં ખ્રિસ્તી ધર્મના મૂળ મજબૂત કરવા માગતી હતી. બિશપ હેબરને મહાગુજરાતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારની જવાબદારી સોંપવામાં આવી હતી.

બિશપ હેબરે ગુજરાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કીર્તિ સાંભળી હતી. એના મનમાં થયું કે, 'જો સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મના પ્રભાવ તળે લાવી શકાય, તો ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારનો માર્ગ મોકળો થાય.'

બિશપ હેબર છેક બંગાળથી ભગવાન શ્રી સ્વામિનારાયણને મળવા માટે ગુજરાત આવ્યા હતા.

વિક્રમ સંવત ૧૮૮૧ ની સાલ હતી, ચૈત્ર વદી સાતમનો દિવસ હતો, ગુજરાતની ધરામાં વિચરણ કરતાં કરતાં મહારાજ નડિયાદ પધાર્યા હતા.

વડોદરા ગાયકવાડ સરકારના ખાનગી દીવાન નારુપંત નાનાના સહકારથી નડિયાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બિશપ હેબરની મુલાકાત ગોઠવાઈ હતી. દુભાષિયાના માધ્યમથી બંને વચ્ચે સંવાદો થયા હતા.

બિશપ હેબરનો પ્રથમ પ્રશ્ન હતો. "જાતિભેદ વિશે તમે શું માનો છો?"

ભગવાન સ્વામિનારાયણે કહ્યું, "સર્વત્ર એક જ બ્રહ્મ વિલસે છે, માટે સર્વે એક જ જાત છે." બિશપના મગજમાં બ્રહ્મની વાત બેસવી કઠણ હતી.

આ રીતે બીજા પણ અનેક નાના-મોટા પ્રશ્નોત્તર થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે એ પ્રશ્નોના પ્રભાવક જવાબો આપ્યા હતા.

હવે બનેલું એવું, કે ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે પાર્ષદ તરીકે અનેક કાઠી-દરબારો હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવામાં ચોવીસે કલાક ખડે પગે રહેનારા આ બધા સેવકો પાર્ષદ તરીકે ઓળખાતા.

આ બધાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને ચરણે પોતાનાં જીવનને સમર્પિત કરી દીધાં હતાં. પોતાનાં ગામ-ગરાસ છોડી ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે વિચરણ કરતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી તેઓના જીવન નિર્મળ, સદાચારી અને ભક્તિમય બન્યા હતા. બિશપ હેબર સાથેની મુલાકાત સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણના આ સમર્પિત સેવકો સાથે હતા.

બિશપ હેબર રાજકીય ઠાઠ-માઠ સાથે અને રાજકીય અંગરક્ષકો સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણને મળ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે રહેલા સમર્પિત પાર્ષદોને બિશપ હેબરે પગારદાર અંગરક્ષકો ધારી લીધા હતા. એણે ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન કર્યો, "સ્વામિનારાયણ! તમે આ તમારા અંગરક્ષકોને શું પગાર આપો છો?"

ભગવાન શ્રી સ્વામિનારાયણ મર્મમાં હસીને બોલ્યા, "બિશપ! અમે કોઈને વર્ષે એક હજાર રૂપિયા; કોઈને બે હજાર, તો કોઈને ત્રણ હજારનો પગાર આપીએ છીએ."

બિશપે બીજો પ્રશ્ન કર્યો, "સ્વામિનારાયણ! તમે તો સાધુ-સંન્યાસી છો! સાંભળ્યું છે કે ભારતના સંન્યાસીઓ ધન-સંપત્તિનો સંગ્રહ કરતા નથી, તો તમે આટલા બધા પગારના પૈસા ક્યાંથી લાવો છો?"

બિશપના પ્રશ્નમાં થોડો કટાક્ષ ભળેલો હતો, સાથે અંગ્રેજી વેપારીની શિયાળ જેવી ચાલાકવૃત્તિ પણ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના એ જ મંદ હાસ્ય સાથે કહ્યું, "બિશપ! એનો જવાબ તો અમારા આ અંગરક્ષકો જ આપશે." આટલું કહી મહારાજે પાર્ષદોની સામે જોયું અને કહ્યું, "પાર્ષદો! બિશપને સમજાવો કે અમે તમને પગાર કઈ રીતે આપીએ છીએ!"

એક પછી એક દરબારોએ પોતાને મળતા પગારની વાત માંડી. બધાની વાતનો સૂર એકસરખો હતો. દરબારોએ કહ્યું, "બિશપ! ભગવાન શ્રી સ્વામિનારાયણ નો'તા મળ્યા ત્યારે અમે વ્યસનોમાં ગળાડૂબ હતા. વર્ષોવર્ષ અમારે ત્યાં કોઈને હજાર રૂપિયા, બે હજાર રૂપિયા, ત્રણ હજાર રૂપિયા વ્યસનોમાં વેડફાઈ જતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા પછી અમે એ બધાં વ્યસનોનો ત્યાગ કર્યો છે, માટે જે રૂપિયા બચ્યા એ અમારો પગાર છે!" ભગવાન શ્રી સ્વામિનારાયણના પાર્ષદોની વાત સાંભળી બિશપ હેબર દંગ રહી ગયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આડકતરો સંકેત હતો, "બિશપ! પગારદાર નોકરોથી અને પગારદાર ધર્મગુરુઓથી રાજકીય સ્વાર્થ સાધી શકાય, અનુયાયીઓની સંખ્યા વધારી શકાય, પણ ધર્મનો સાચો વિકાસ સાધી ન શકાય. ધર્મનો સાચો વિકાસ તો પ્રેમ અને જ્ઞાનથી જ થઈ શકે!

બિશપ હેબર ભગવાન શ્રી સ્વામિનારાયણથી ભારે પ્રભાવિત થયા, પરંતુ એમના અંગ્રેજપણાના અભિમાને અને ધાર્મિક પૂર્વગ્રહોએ એને અંતરથી ઝૂકવા ન દીધા.

એક તો ભાષાનો પ્રશ્ન, બીજું પશ્ચિમની બુદ્ધિએ કદી કલ્પના પણ ન કરી હોય એવી ભારતીય બ્રહ્મદર્શનની ગહેરાઈ, ત્રીજું સ્વયં બિશપનું પૂર્વગ્રહથી ગ્રસ્ત રૂઢિચૂસ્ત માનસ. આ બધાને લીધે બિશપ ભગવાન શ્રી સ્વામિનારાયણનું તથ્ય પામી શક્યા ન હતા.

બિશપ ભગવાન શ્રી સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મથી પ્રભાવિત કરવાના સ્વપ્ન સેવતાં સેવતાં આવેલાં, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ જોતાં બિશપને ઊંડો ઊંડો ડર લાગ્યો હતો કે 'સ્વામિનારાયણ તો ખ્રિસ્તી બનતા બનશે, પરંતુ જો હું એના સંગમાં વધારે સમય રહીશ તો એ મને એનો અનુયાયી બનાવી દેશે.'

બિશપની મહત્વકાંક્ષા ઉપર પાણી ફરી વળ્યું હતું. ખુલ્લા દિલથી કહેવું હોય તો કહી શકાય, કે એ સમયે ખ્રિસ્તીઓની વટાળ પ્રવૃત્તિમાંથી ગુજરાતને કોઈએ બચાવ્યું હોય તો ભગવાન શ્રી સ્વામિનારાયણે બચાવ્યું હતું અને મહત્ત્વની વાત તો એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે ખ્રિસ્તીઓ સાથે કોઈ વેર, વિરોધ કે રાગદ્વેષ સેવ્યાં ન હતાં. એમનાં દિલની વિશાળતા અને કાર્યો જ એવાં હતાં કે એમાં ખ્રિસ્તીઓનો ગજ વાગે એમ ન હતો.

સામાન્ય રીતે જાતિગત વિષમતા અને આર્થિક રીતે પછાતપણું વટાળપ્રવૃત્તિના મૂળમાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની ધર્મપ્રચારની આગવી રીતે ઉપરના બંને હથિયારો ધાર વગરનાં બૂઠ્ઠા બનાવી દીધાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે નાતજાતના ભેદ જોયા સિવાય સર્વને પ્રેમ આપ્યો હતો. વ્યસન રહિત જીવન અને સદાચારના પાલનથી લોકો આર્થિક રીતે સુખી થયા

હતા, પરિણામે વટાળપ્રવૃત્તિનો ગજ વાગે એમ ન હતો.

વટાળપ્રવૃત્તિ એક પ્રકારના વેપાર-ધંધા જેવી છે, જેનાથી રાજકીય અને આર્થિક હિતોનું પોષણ થઈ શકે છે, પરંતુ અધ્યાત્મના ઉચ્ચ શિખરો સર થઈ શકતાં નથી.

'મારો જ ધર્મ શ્રેષ્ઠ છે', એવો અહંકાર ધર્મને છીછરાં ખાબોચિયાં જેવો બનાવી દે છે.

ધર્મ બજારની ચીજ નથી કે એને ગમે તે ભાવે ખરીદી શકાય કે વેચી શકાય. લોભ-લાલચથી વિકસેલી ધાર્મિકતા એ ધર્મ નથી, ધર્મનો આભાસ છે.

ઉપનિષદોના ઋષિઓએ પ્રબોધેલ ધર્મ પ્રેમ અને જ્ઞાનના પાયા ઉપર વિસ્તર્યો છે, લોભ-લાલચ કે બળજબરીથી નહીં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મ પ્રવર્તન માટે ભારતીય ઋષિમુનિઓની રીત અપનાવી હતી.

નોંધ: આ મુલાકાતની નોંધ અંગ્રેજી ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલી છે. તે જોતાં એવું જણાય છે, કે બિશપ હેબર ધાર્મિક પૂર્વગ્રહને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા હિન્દુ ધર્મને જોઈએ તેવા સમજી શક્યા ન હતા.

ગવર્નર સર માલ્કમ સાથે મિલન

ભગવાન શ્રી સ્વામિનારાયણના સીધા-સાદા ઉપદેશોએ હજારો લોકોમાં જાદુઈ અસર કરી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે આમજનતામાં આણેલા અદ્‌ભુત પરિવર્તનથી તત્કાલીન અંગ્રેજ સત્તા ભારે પ્રભાવિત થઈ હતી.

મુંબઈના અંગ્રેજ ગવર્નર સર માલ્કમ આ શાંત-સામાજિક ક્રાંતિના પ્રણેતા ભગવાન શ્રી સ્વામિનારાયણને મળવા આતુર હતા.

સર માલ્કમ જ્યારે રાજકોટ પધાર્યા, ત્યારે એમણે બે વાર પત્ર લખીને આગ્રહપૂર્વક વિનંતી કરી હતી કે, 'આપ મને દર્શન દેવા રાજકોટ પધારો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રથમ તો ગવર્નરના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો, પરંતુ આખરે ગવર્નરની પ્રેમભરી લાગણીને માન આપી વિ. સં.૧૮૮૬ ફાગણ સુદ પંચમીના રોજ રાજકોટ પધાર્યા હતા.

રાજકોટમાં હાલ ભૂપેન્દ્ર રોડ ઉપર જ્યાં કાંટા વગરની બોરડી અને સ્વામિનારાયણ મંદિર છે, એ જગ્યાએ વિશાળ તંબુમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ઊતર્યા હતા.

ગવર્નર સર માલ્કમ પોતાના અંગ્રેજ અફસરો સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વાગત કરવા સામે પધાર્યા હતા. અંગ્રેજી બેન્ડવાજા સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણને સલામી આપી હતી અને વાજતેગાજતે ભારે આદર સાથે પોતાના ગવર્નર હાઉસમાં પધરામણી કરાવી હતી.

ગવર્નર સર માલ્કમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો હાથ પોતાના હાથમાં લઈ

ગવર્નર હાઉસના ભવ્ય બેઠક ખંડમાં દોરી ગયા હતા અને સુંદર સજાવેલા આસન ઉપર બેસાડી ભારે ભાવથી પૂજન-અર્ચન કર્યું હતું.

ગવર્નરે ભગવાન શ્રી સ્વામિનારાયણને વિનય સાથે પૂછ્યું હતું કે, "અમારા રાજ્યમાં તમને કોઈ તકલીફ તો પડતી નથી ને?"

મહારાજે કહ્યું હતું કે, "અમને કોઈ તકલીફ નથી, અમારે કોઈ સાથે રાગ-દ્વેષ નથી, અમારે તો પ્રજા સુખી, સંસ્કારી અને સમૃદ્ધ રહે એમાં આનંદ છે. તમે ઉદ્દંડ રાજાઓને નાથીને પ્રજાનું ભલું કરો છો, એનાથી અમે રાજી છીએ."

ગવર્નર સર માલ્કમે મહારાજને વિનમ્રભાવે ફરીથી પૂછ્યું, "સ્વામિનારાયણ! તમારી પાસે એવો કયો ઈલમ અર્થાત્ જાદુ છે કે જેને લીધે અંગ્રેજ સત્તા પણ જેને વશ નથી કરી શકતી, એવા કરોડો લોકોને તમે વશ કરો છો અને એના જીવનને બદલાવી નાખો છો?"

ગવર્નરનો પ્રશ્ન સાંભળી મંદ-મંદ સ્મિત કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણે ગવર્નરની સમક્ષ શિક્ષાપત્રી અને માળા મૂક્યાં હતાં અને કહ્યું હતું, "આ નાનકડી શિક્ષાપત્રીમાં અમારા જાદૂઈ મંત્રો છે અને આ માળા અમારી જાદૂઈ છડી છે, જે લોકોના હૃદયનું પરિવર્તન કરે છે અને સદાચારી બનાવે છે! આ શિક્ષાપત્રીનું જે પાલન કરે છે તે સુખી થાય છે."

ગવર્નરના દિલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણીનો ગજબનો જાદૂ પથરાઈ રહ્યો હતો. ગવર્નરે ભગવાન શ્રી સ્વામિનારાયણની શિક્ષાપત્રીને આદર સાથે મસ્તક ઉપર ચડાવી હતી. આ શિક્ષાપત્રી આજે પણ ઑક્સફોર્ડ યુનિવર્સિટીમાં સચવાયેલી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગવર્નર સર માલ્કમની મુલાકાત આશરે એક કલાક ચાલી હતી. આ રીતે ધર્મસત્તા અને રાજસત્તાના પરસ્પર સહકારથી સામાજિક શાંતિ સુલભ થઈ હતી.

આ ઐતિહાસિક મિલનનું સ્થળ આજે રાજકોટમાં 'કોઠી કંપાઉન્ડ' તરીકે પ્રસિદ્ધ છે.

કાંટા વગરની બોરડી!

એક સમયની વાત છે. સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી ફરતાં ફરતાં રાજકોટ પધાર્યા હતા અને જે બોરડી નીચે ભગવાન શ્રી સ્વામિનારાયણ ઊતર્યા હતા, એ જ બોરડીની નીચે તેઓ પણ ઊતર્યા હતા.

સ્વામી ઊભા થવા ગયા, ત્યારે બોરડીના કાંટા સ્વામીએ માથે બાંધેલા રૂમાલમાં અર્થાત્ પાઘમાં ભરાયા. મહાયોગી ગોપાળાનંદસ્વામીએ બોરડી સામે નજર કરી, હસ્યા અને બોલ્યા, "અલી બોરડી! ભગવાન જેવા ભગવાન તારી નીચે બેઠાં, છતાં તારા કરડવાના સ્વભાવ ન ગયા!"

સ્વામીના આ વેણ સાંભળતાંની સાથે જ બોરડીના તમામ કાંટાઓ ખરી ગયા.

આજે પણ રાજકોટમાં ભૂપેન્દ્ર રોડ ઉપર આવેલા સ્વામિનારાયણ મંદિરના ચોકમાં આ કાંટા વગરની બોરડી હયાત છે અને મહાન સંતના અલૌકિક પ્રતાપની સાક્ષી પૂરે છે.

આશ્ચર્યની વાત એ છે, કે આજે પણ આ બોરડીને પ્રથમ ઝીણા ઝીણા કાંટા બેસે છે અને પછી બેસતાની સાથે જ ખરી જાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોએ ખાલી બોરડીના જ કાંટાઓ નો'તા ખેરવ્યાં. એમના ઉપદેશોએ અનેક ખૂંખાર કંટા લોકોના કાંટાળા સ્વભાવો પણ ખેરવી નાખ્યા હતા અને એમના જીવન ભક્તિરસથી ભરપૂર બનાવી દીધાં હતાં, જેના સેંકડો પ્રસંગો સંપ્રદાયના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે.

નાના કાંટાને કાઢવા મોટો કાંટો!

ભગવાન શ્રી સ્વામિનારાયણના અંગ્રેજો સાથેના સંબંધને સમજવા માટે એક પ્રસંગ જાણવા જેવો છે.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ વિચરણ કરતાં-કરતાં કરમડ ગામે પધાર્યા અને અહીં ફૂલીબાના દરબારગઢમાં ઊતર્યા હતા. એવામાં ગામ ચાસકાના દરબાર નારસંગજી કરમડ આવ્યા.

નારસંગજીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે પૂર્વગ્રહ હતો. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને કટાક્ષમાં પ્રશ્ન કર્યો, “સ્વામિનારાયણ! તમે ભગવાન છો?”

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રભાવશાળી સ્વરે કહ્યું, “હા દરબાર! અમે ભગવાન છીએ, બોલો તમારે શું કહેવું છે?”

દરબારે મર્મમાં બીજો સવાલ કર્યો, “સ્વામિનારાયણ! તમે જેતલપુરમાં યજ્ઞ માંડ્યો હતો. મોટા પ્રમાણમાં સામગ્રી એકઠી કરી હતી, પરંતુ અમદાવાદના સૂબાએ તમારો યજ્ઞ પૂરો થવા ન દીધો અને તમારે અંગ્રેજોની ઓથે ખેડા જિલ્લાના ડભાણ ગામે યજ્ઞ કરવો પડ્યો. ભગવાન હોય એ તો થઈ-થાવાનું જાણતા હોય. જો તમે ભગવાન હો તો તમે પહેલેથી કેમ જાણી ન શક્યા કે અહીં યજ્ઞ પૂરો નહિ થાય!”

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, “દરબાર! અમારી વાત છોડો, ભગવાન રામચંદ્રજી તો ભગવાન ખરાં ને?

દરબાર બોલ્યા, “હા સ્વામિનારાયણ! રામચન્દ્રજી ભગવાન છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી.”

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, “દરબાર! તમે ભગવાન રામચંદ્રજીના રાજ્યાભિષેકની કથા તો સાંભળી જ હશે ને?”

દરબારે કહ્યું, "હા સ્વામિનારાયણ! એ કથા તો અમે અનેકવાર સાંભળી છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "તો દરબાર! તમે એ કથા બરાબર યાદ કરો. રાજ્યાભિષેકની ઘોષણા થઈ ચૂકી હતી, તાબડતોબ બધી સામગ્રી એકઠી કરવામાં આવી હતી અને અચાનક બીજા દિવસે ભગવાન રામને રાજને બદલે વન મળ્યું, તો શું રામ જાણતા નો'તા કે આવતી કાલે વનમાં જવાનું છે! એમણે સામગ્રી ભેગી કરવાની ના કેમ ન પાડી?"

દરબારે કહ્યું, "સ્વામિનારાયણ! એ તો ભગવાનની લીલા કહેવાય."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "તો દરબાર! જેતલપુરનો યજ્ઞ અધૂરો છોડ્યો, એ પણ અમારી લીલા છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળી દરબાર ઓજપાઈ ગયા, પણ એમની વમળે ચડેલી બુદ્ધિ સત્યને સ્વીકારી શકે તેમ ન હતી. એમણે બીજો પ્રશ્ન કર્યો, "સ્વામિનારાયણ! તમે ભગવાન છો તો આ ટોપીવાળાને અર્થાત્ અંગ્રેજોને ભારતમાંથી બાહેર કેમ કાઢી મૂકતા નથી?"

દરબારના અંતરમાં કાંઈ આઝાદીની ચિનગારી પ્રગટી નો'તી, પણ અંગ્રેજ સત્તા આ દરબારોને મનમાન્યું કરવા દેતી ન હતી, એ વાંધો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે નિધડકપણે કહ્યું, "દરબાર! સાંભળો, કાંટો કાંટાથી જાય. આ ભારતમાતાની છાતીમાં તમારા જેવા કંઈક અનાડી રાજાઓના કાંટા લાગ્યા છે. એ કાંટાઓને કાઢવા માટે અમે આ ટોપીવાળાને વિલાયતથી તેડાવ્યો છે, એ મોટો કાંટો છે. જ્યારે તમારા કાંટા નીકળી જશે ત્યારે એ કાંટો પણ દૂર થઈ જશે." ભગવાન શ્રી સ્વામિનારાયણની તીખી ટકોર સાંભળી દરબાર ઝંખવાઈ ગયા અને મૌન થઈ ગયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ પ્રસંગ ઘણું બધું સૂચવી જાય છે. સમયના પ્રવાહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણી સત્ય થઈ. ભારતની ધરતીમાં ઊગેલા અનેક કાંટાઓ દૂર થયા એટલે એ મોટો કાંટો પણ આપોઆપ દૂર થયો એનો ઇતિહાસ સાક્ષી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કોઈ રાજકીય ક્રાંતિના પ્રણેતા ન હતા. ભારતવર્ષની સંત પરંપરાએ ભારતીય ચેતનાની રક્ષા કરવા માટે જે રાહ અપનાવ્યો હતો, એ જ રાહ ભગવાન શ્રી સ્વામિનારાયણનો હતો.

વિષમ પરિસ્થિતિમાં પણ ભારતીય વૈદિક ધર્મ અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરવું અને કરાવવું એ એમનું લક્ષ્ય હતું. એમની પાસેથી રાજકીય ક્રાંતિની અપેક્ષા રાખવી એ વાત જ વ્યર્થ છે.

અંગ્રેજો અને મહારાજ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવતરણ રાજકીય ક્રાંતિ માટે ન હતું, એમનું અવતરણ સામાજિક અને ધાર્મિક ક્રાંતિ માટે હતું.

આ સંદર્ભમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અંગ્રજોના સંબંધો મધુર રહ્યા હતા.

અંગ્રેજોને એમનો પોતાનો ઉદ્દેશ્ય હતો, તો ભગવાન શ્રી સ્વામિનારાયણને એમનો પોતાનો ઉદ્દેશ્ય હતો. ગુજરાત, સૌરાષ્ટ્રની ભૂમિ નાનાં નાનાં રજવાડાઓનાં ટુકડાઓમાં વહેંચાયેલી હતી. ઘંટીના બે પડ વચ્ચે કણ પીસાય એમ રાજાઓના અંદરોઅંદરના સંઘર્ષોમાં જનતા પીસાઈ રહી હતી.

મહારાજ આમજનતામાં સુરક્ષા, શાંતિ અને ન્યાયનું વાતાવરણ સ્થાપવા માગતા હતા. ઉદ્દંડ રાજા-મહારાજાઓને નાથ્યા સિવાય આ કાર્ય શક્ય નહોતું. 'પારકી મા કાન વીંધે' એ ન્યાયે અંગ્રેજ સત્તાએ આ કાર્ય મહદંશે પૂર્ણ કર્યું હતું.

જ્યાં જ્યાં અંગ્રજ સત્તા હતી, ત્યાં ત્યાં અંગ્રેજોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને ભારે સહયોગ આપ્યો હતો.

ખ્રિસ્તી ધર્મ હંમેશાં રાજસત્તાને ઓથે વિસ્તર્યો છે; એટલે અંગ્રેજો જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ખ્રિસ્તી પાદરીઓ અચૂક પહોંચી જતા અને વટાળપ્રવૃત્તિઓ શરૂ કરી દેતા.

આશ્ચર્યની વાત એ રહી છે કે જ્યાં જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ હતો, ત્યાં ત્યાં ખ્રિસ્તી મિશનરીઓની વટાળપ્રવૃત્તિ વિસ્તરી શકી ન હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કુનેહ જબરી હતી. એક બાજુ એમણે નાનામાં નાના ઊતરતા વર્ગને પણ પ્રેમ આપ્યો હતો, પરિણામે જાતિગત વિષમતા ઘટી હતી; નાના ઊતરતા વર્ણને ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપે પોતાના તારણહાર મળી ચૂક્યા હતા, એટલે એમને નવો ધર્મ શોધવાની જરૂર ન હતી.

બીજી બાજુ એમણે દારૂ-માંસ વગેરે ફેલ છોડાવ્યા હતા. વ્યસનો અને વહેમ છૂટી જવાથી લોકો આર્થિક દૃષ્ટિએ આબાદ થયા હતા, પરિણામે ખ્રિસ્તીઓની વટાળપ્રવૃત્તિને વિસ્તરવા માટેનો અવકાશ અત્યંત પાતળો થઈ ગયો હતો.

સ્નેહસાગર મહારાજ

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્નેહનો અનુપમ સાગર હતા. હજારો હરિભક્તોને એમણે પોતાનાં હેતના દરિયામાં સમાવી લીધા હતા. સમાધિના ઐશ્વર્ય કરતાંય ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્નેહનું ઐશ્વર્ય ચઢિયાતું હતું.

ભાગવતજીમાં કથા છે કે, ભગવાન શ્રીકૃષ્ણ કૌશલ દેશ પધાર્યા હતા. અહીંના મહારાજા નગ્નજીતની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે એમણે માતેલા સાત સાંઢ વશ કર્યા હતા અને રાજકુમારી સત્યા સાથે લગ્ન કર્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્રેમ ભરેલાં નેણાંના જાદુથી સેંકડો અનાડી લોકોને વશ કરી ઉત્તમ ભક્ત બનાવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થવું એ સરળ વાત ન હતી. એકબાજુ મહારાજ પોતાના આશ્રિત સંતો-ભક્તોની આકરી કસોટીઓ લેતા. બીજી બાજુ એ સંતો-ભક્તોને બાહ્ય કસોટીઓનો પણ પાર ન હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોને ગામડે ગામડે અપમાન સહેવાં પડતાં, બાવા-સાધુઓની લાકડીઓના ઢોરમાર ખાવા પડતા.

ગૃહસ્થ ભક્તોને નાત્ય બહાર રહેવું પડતું, એમનાં દીકરા-દીકરીઓને વરાવવા-પરણાવવાના વ્યવહારો અટકી જતા, સત્સંગની દીકરીઓને સાસરિયામાં ભયંકર ત્રાસ સહેવા પડતા. પ્રગટ પરમાત્માના પ્રેમને આધીન થયેલા આ સંતો-ભક્તો તમામ કસોટીઓ કે મુશ્કેલીઓને હસતે મુખે સ્વીકારી લેતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને સંતો ખૂબ જ વહાલા હતા. સંતોનાં કષ્ટો સાંભળી એમની આંખોમાં પાણી આવી જતાં. તેઓ સંતોને ભાવથી ભેટતાં, મસ્તક ઉપર અને વાંસામાં વહાલથી હાથ ફેરવી હેતની વર્ષા કરતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણની આ હેતની અમીવર્ષા એમનાં તમામ દુઃખ-દર્દને ભૂલાવી દેતી. ગમે તેવી મુશ્કેલીઓ પડે, તો પણ આ સંતો-ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણથી રંચમાત્ર પણ દૂર થતાં ન હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રાપ્ત થતાં પ્રેમના જાદુનું આ પરિણામ હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાનાં સંતો-ભક્તો કેટલાં વહાલા હતા એનું એક ઉદાહરણ માણવા જેવું છે.

એક સમયની વાત છે, ચાતુર્માસનો આરંભ થઈ રહ્યો હતો. સર્વે સંતો-ભક્તો વિશેષ નિયમ લઈ રહ્યાં હતાં ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, "આજે અમારે પણ વિશેષ નિયમ લેવા છે."

સર્વને ઉત્કંઠા જાગી, 'મહારાજ શું નિયમ લેશે?'

મહારાજ બોલ્યા, "આજથી અમે નિયમ લઈએ છીએ, કે "સંતો દૂરથી અમારાં દર્શને આવે ત્યારે એમને સત્કારવા અમારે સામે જવું. સંતો પંક્તિમાં જમવા બેસે ત્યારે અમારે જાતે પીરસવું. અમારાં આશ્રિતને અંત સમયે અમારા ધામમાં તેડી જવાં."

ભગવાન શ્રી સ્વામિનારાયણના નિયમોમાં સંતો અને ભક્તો ઉપર વહાલ વરસી રહ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની આ પ્રતિજ્ઞાઓ જીવનભર પાળી હતી અને છેલ્લી પ્રતિજ્ઞા તો આજે પણ પાળી રહ્યા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની મોટામાં મોટી વિશિષ્ટતા હોય તો એ છે કે, 'આજે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના આશ્રિતને અંતકાળે દર્શન દઈને ધામમાં તેડી જાય છે.'

સુપ્રસિદ્ધ સાહિત્યકાર મનુભાઈ પંચોળી 'દર્શકે' પોતાની 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથામાં પણ આ વાતની નોંધ લીધી છે.

ઉત્સવ-સમૈયામાં સંતોના સંઘો દર્શને આવે, ત્યારે મહારાજ ભાવથી એમની સામે જતા. દૂરથી સંતોને જોઈને સ્વયં ભગવાન હતા, છતાં સંતોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા. સંતો દોડીને મહારાજને ઉઠાવી લેતા અને બાહુપાશમાં લઈને મળતા.

મહારાજ એક બાજુ સંતોને ઉપવાસ કરાવતા, કાચા લોટના ગોળા ખાવાની આજ્ઞા કરતા; બીજી બાજુ સમય આવ્યે જાતે રસોઈ કરી સંતોને જમાડતા, ભોજનની પંક્તિમાં પોતાના હાથે સંતોને પીરસતા. એમના મોંઢામાં ભાવથી કોળિયા મૂકતા, આગ્રહ કરી કરીને જમાડતા, છાતીમાં ચરણારવિંદ આપવાની લાલચ આપી લાડુ પીરસતા, માથે હાથ મૂકવાની લાલચ આપી દૂધપાકથી પાત્ર છલકાવી દેતા. નિષ્કુળાનંદસ્વામી લખે છે કે,

'ના ના પાડે ઠામ સંતાડે, તેને તે રેડે માથડે ||૨૧||' (ભ.ચિં.પ્ર–૬૮)

જમનારા સંતો ના પાડે, પાત્ર સંતાડી દીયે, તો મહારાજ દૂધપાકના માટ એમના માથા ઉપર રેડી દેતા.

એક દિવસ તો પીરસતાં પીરસતાં મહારાજે હદ કરી. બ્રહ્માનંદસ્વામીએ દૂધપાક લેવાની ના પાડી, તો મહારાજે દૂધપાકનું પાત્ર બ્રહ્માનંદસ્વામીના માથા ઉપર રેડી દીધું; અધૂરામાં પૂરું ઉપરથી સાકર ભભરાવી. ભોજન પંક્તિમાં હાસ્યની છોળો ઊછળી.

મહારાજની જમવાની અને જમાડવાની રીત અલૌકિક હતી. પોતે જ્યારે જમવા બેસતા, ત્યારે કોઈ ભોજન સ્વાદિષ્ટ લાગે તો તુરત જ સેવકોને આપી દેતા.

મહારાજને માંદાની સેવા ખૂબ જ ગમતી. માંદા હરિભક્તોની જાતે સેવા કરતા અને બીજા પાસે પણ સાર-સંભાળ રખાવતા.

મહારાજનું હેત સર્વને ભીંજવી દેતું હતું અને મહારાજ સાથે એકરસ કરી દેતું હતું. બ્રહ્માનંદસ્વામીએ લખ્યું છે કે,

'સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી.
રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પયમાંહી ભળી...
આજ એકાદશી સુફળ ફળી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પાસે રાજા અને રંકનો કોઈ ભેદ ન હતો. મહારાજ અત્યંત સહજ અને સરળ સ્વભાવે રહેતા. નાનામાં નાનો માણસ ગમે ત્યારે એમનાં દર્શન માટે આવી શકતો.

નાનામાં નાના ભક્તની સેવા તેઓ ભાવથી અંગીકાર કરતા; ઊતરતાં વરણનાં લોકોને પણ ભાવથી ભીંજવી દેતાં; એમનાં ઝૂંપડાઓમાં પધરામણી કરતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે હેતની હીરદોરથી સર્વને બાંધી લીધાં હતાં. બ્રહ્માનંદસ્વામી લખે છે કે,

તેલે પલાળીને વાળી ગાંઠ્ય, રૂડી હીરની રે લોલ...

હીરની ગાંઠ્ય આમેય મજબૂત હોય, એમાંય જો હીરને તેલમાં પલાળીને ગાંઠ્ય વાળવામાં આવે, તો એ ગાંઠ્ય કેમેય કરીને છૂટી શકતી નથી; એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમનાં આશ્રિતો પરસ્પર પ્રેમથી બંધાઈ ચૂક્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્નેહનો સાગર હતા, તો સામે સંતો અને હરિભક્તો પણ એવા જ સ્નેહની સરિતાઓ સમાન હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સ્નેહ-સરિતાઓને પોતામાં સમાવી લીધી હતી.

જેમ ચકોર ચંદ્રને જોઈ રહે, એ રીતે આ સંતો અપલક નયને મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં રહેતાં, એમની આંખોમાંથી આનંદના અશ્રુઓનો પ્રવાહ વહેતો. આ ભાવસમાધિમાં કેટલો સમય વીત્યો એનું પણ કોઈને ભાન ન રહેતું.

એમના સંયોગ–શ્રૃંગારની રચનાઓમાં સહજાનંદનો આનંદસાગર છલકાય છે, તો એમનાં વિરહના પદો પાષાણહૃદયને પણ પીગળાવે એવાં છે. માછલું જેમ પાણી માટે તરફડે એમ મોટા મોટા સમર્થ સિદ્ધો, યોગીઓ, જ્ઞાનીઓ, કવિઓ મહારાજનાં દર્શન માટે તડપતાં રહેતાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્નેહે સર્વને પરવશ બનાવી દીધાં હતાં. પ્રેમની આ પરવશતાએ પ્રગટ પરમાત્મા પ્રત્યે ઉત્તમ એકાંતિકી ભક્તિનું રૂપ ધર્યું હતું.

પ્રેમની નિશાની પ્રસાદીની વસ્તુઓ

એક મા પોતાના પ્રિય પુત્ર પ્રત્યેના પ્રેમની નિશાનીઓ સાચવે, એક સોહાગણ સુંદરી પોતાનાં સૌભાગ્યનાં સ્વામીની નાની નાની વસ્તુઓને જતનથી જાળવી રાખે, એ જ રીતે આ સંતો શ્રીજી મહારાજના સંબંધમાં આવેલી નાનામાં નાની વસ્તુઓનો સંગ્રહ કરતા રહેતા હતા.

મહારાજે દાતણ કર્યું, તો દાતણ સાચવી રાખ્યું! શેરડી જમ્યા, તો છોતાં સાચવી રાખ્યા! નખ-કેશ ઉતાર્યાં, તો નખ-કેશ સાચવી રાખ્યાં! કંઠી-માળા ધારી, તો કંઠી-માળા જાળવી રાખી! વસ્ત્રો પહેર્યાં એ વસ્ત્ર જાળવી રાખ્યાં!

અસાધારણ સ્નેહ સિવાય આવો સંગ્રહ સંભવતો નથી.

ભરતજી માટે ભગવાન શ્રીરામની પાદુકાઓ જીવનના આધાર સમાન હતી, એ જ રીતે સ્નેહની નિશાનીઓ સમાન આ નાના-મોટા પદાર્થો સંતો-ભક્તો માટે જીવનના આધાર સમાન હતા.

સંપ્રદાયમાં આ બધી વસ્તુઓ 'પ્રસાદીની વસ્તુઓ' તરીકે પ્રસિદ્ધ છે. આ એક એક વસ્તુમાંથી સંતો અને ભક્તોનો શ્રીહરિ પ્રત્યેનો અનુપમ સ્નેહ નીતરે છે.

સંપ્રદાયના સંગ્રહસ્થાનોમાં આ બધી જ પ્રસાદીની વસ્તુઓ જતનથી જાળવી રાખેલી છે. કોઈ ધર્મના ઇતિહાસમાં સ્થાપક-પુરુષની પ્રસાદીની વસ્તુઓનો આટલા પ્રમાણમાં સંગ્રહ થયેલો જોવા મળતો નથી.

ધન્ય ધન્ય તોય ધોતલી!

પ્રસાદીના ઘણા પદાર્થો સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઐતિહાસિક લીલાઓ સંકળાયેલી છે.

સોરઠમાં અગતરાઈ પાસે મઢડા ગામ છે. આ ગામ 'માતાજીના મઢડા' તરીકે ઓળખાય છે.

મઢડા ગામે ભક્તરાજ જેઠા મેર રહેતા હતા. જેઠા મેર અને એમનાં પત્ની પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતાં. સંસારમાં રહેવા છતાં પણ એમણે છેડાવ્રત રાખ્યું હતું, અર્થાત્ બંને જણા સંસારમાં રહેવા છતાં બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતાં હતાં. સંન્યાસીઓને પણ શરમાવે એવા એમનાં જીવન હતાં. વનવિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠવર્ણીના વેષે મઢડા પધાર્યા હતા અને જેઠા મેરને ત્યાં એક રાત રહ્યા હતા.

સમય જતાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીના વચને આ મેર દંપતીને નિશ્ચય થયો હતો કે આ નીલકંઠ સાધારણ નથી, સ્વયં ભગવાન છે. જેઠા મેરના પત્નીએ ભારે ભાવથી પોતાનાં હાથે ઝીણું સૂતર કાંત્યું હતું; એમાંથી ગામના વણકર પાસે પાતળી ધોતલી વણાવી હતી અને કુશળ રંગરેજ પાસે એ ધોતલી ઉપર સુંદર છાપો છપાવી હતી.

જેઠા મેરના પત્નીના મનનો મનોરથ હતો કે આ ધોતલી મારે મહારાજને આપવી.

એક સમયે મેર દંપતીનો મનોરથ પૂર્ણ કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણ જેઠા મેરને ત્યાં પધાર્યા હતા. જેઠા મેરના પત્નીએ અત્યંત ભાવથી મહારાજનું પૂજન કરી એ ખાદીની ધોતલી મહારાજને અર્પણ કરી હતી. જેઠા મેરની પત્નીના હૃદયનો શુદ્ધ ભાવ અને સ્વદેશી શુદ્ધ ખાદીની ધોતલી મહારાજનાં મનમાં વસી ગઈ હતી.

મહારાજ દરરોજ સવારે સ્નાન કરીને એ ધોતલી ઓઢતા અને પોતાનું પ્રાતઃકાલીન નિત્ય કર્મ કરતાં. બુટ્ટાદાર ધોતલી મહારાજનાં શ્રીવિગ્રહ પર અત્યંત શોભતી હતી.

એક દિવસ સવારનો સમય હતો, મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી મહારાજ પાસે ગાવણું કરી રહ્યા હતા.

એ જ સમયે બ્રહ્માનંદસ્વામી પણ ત્યાં પધાર્યા. બ્રહ્માનંદસ્વામીના મનમાં થયું કે, 'મહારાજે ઓઢેલી આ ધોતલી પ્રસાદી તરીકે મને મળે તો સારું.'

મહારાજ બ્રહ્માનંદસ્વામીના મનનો ભાવ કળી ગયા હતા. બ્રહ્માનંદસ્વામીને જોયા એટલે મહારાજ ધોતલી માથે ઓઢી ધ્યાનમુદ્રામાં બેસી ગયા.

બ્રહ્માનંદસ્વામી જાતજાતનો હાસ્યવિનોદ કરવા લાગ્યા, પરંતુ મહારાજ કૃત્રિમ ગંભીરતા સાથે ધ્યાન કરતા જ રહ્યા. આખરે આ શીઘ્રકવિએ ધોતલીની પ્રશંસા કરતું કવિત રચ્યું અને ઘેરે સ્વરે બોલવા લાગ્યા :

ધન્ય ધન્ય તેરો સૂત, ધન્ય તોય કાંતણ હારી,
ધન્ય તોય વણકર વણી, ધન્ય તોય છાપ સમારી
ચતુર હસ્ત પરમાણ, ધ્યાન સંતન મન ભાઈ,
અનંત કોટિ બ્રહ્માંડ, તેહ કર નેક ઢંકાઈ
વ્રજ ત્રિયા હરખ વિલસી ફિરે, નિશદિન જાવત જોતલી,
કહે બ્રહ્મમુનિ ઓઢત કૃષ્ણ, ધન્ય ધન્ય તોય ધોતલી

– બ્રહ્મસંહિતા

'હે ધોતલી! તારાં સુતરને ધન્ય છે, તારાં સુતરને કાંતનારીને ધન્ય છે, તારાં સૂતરના વણનારા વણકરને ધન્ય છે, તારી ઉપર સુંદર ભાત્ય ભરનારા રંગરેજને ધન્ય છે.'

'હે ધોતલી! તારો મહિમા શું વખાણું? મોટા મોટા મુનિવરો મહારાજની હાર્યે તારું પણ ધ્યાન ધરે છે.'

'હે ચાર હાથની ધોતલી! તેં તો કમાલ કરી! તેં તો અનંતકોટિ બ્રહ્માંડને ઢાંકી દીધાં! કારણ કે અનંતકોટિ બ્રહ્માંડ જેના અણુએ અણુએ ઊડતા ફરે છે, એવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણે તને ઓઢી છે.'

'હે ધોતલી! વ્રજની સુંદરીઓ તને જોવા માટે હરખઘેલી થઈને દોડે છે.'

'ભગવાન પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જેને નિત્ય ઓઢે છે, એવી હે ધોતલી! તને ધન્ય છે, ધન્ય છે.'

બ્રહ્માનંદસ્વામીના મુખેથી કવિત સાંભળતાં મહારાજે મુખ ઉપરથી ધોતલી અળગી કરી હસતાં હસતાં બોલ્યા, "કેમ, કવિરાજ! ધોતલી જોઈને દાનત બગડી લાગે છે!"

બ્રહ્માનંદસ્વામીએ હસીને કહ્યું, "મહારાજ! આ ધોતલીને જોઈને તો ભલભલાની દાઢ્યું ડળકે એમ છે. જુઓને આ પ્રેમસખી પણ ધોતલી સામે કેવી ટાંપી રહી છે!"

મહારાજે હસીને કહ્યું, "સ્વામી! અમે આ ધોતલી તમને મોજથી આપીએ, પણ તમારું શરીર તો અતિ સ્થૂળ છે, આ ધોતી તો તમને સાવ ટૂંકી પડશે!"

બ્રહ્માનંદસ્વામી બોલ્યા, "મહારાજ! આ ધોતલી મારે ક્યાં ઓઢવી કે પહેરવી છે! આ ધોતલી તો હું કાયમ પૂજામાં રાખીશ, રોજ સવારે દર્શન કરીશ અને તમને મળ્યાનો આનંદ માણીશ."

મહારાજે અત્યંત પ્રસન્ન થઈને એ ધોતલી બ્રહ્મમુનિને આપી દીધી. બ્રહ્માનંદસ્વામી દરરોજ સવારમાં પૂજા કરી, એ ધોતલીનાં દર્શન કરતા ત્યારે સ્વામીની આંખો આનંદના અશ્રુઓથી છલકાઈ જતી હતી.

એમાંય ભગવાન શ્રી સ્વામિનારાયણ ધામમાં ગયા પછી તો બબ્બે વર્ષ સુધી આ ધોતલીએ દરરોજ સવારે સ્વામીને રડાવ્યા હતા. ધોતલીને જોતાં જ સ્વામીના અંતરમાં વિરહનો સાગર માઝા મેલતો હતો.

સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીએ ધામમાં જતાં પહેલાં આ પ્રસાદીની ધોતલી પોતાના પ્રિય શિષ્ય સદ્‌ગુરુ દેવાનંદસ્વામીને આપી હતી.

કવીશ્વર દલપતરામ જ્યારે પીંગલશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે દેવાનંદસ્વામી પાસે પધાર્યા, ત્યારે દેવાનંદસ્વામી અવારનવાર કવીશ્વર દલપતરામને એ ધોતલીનાં દર્શન કરાવતા, ધોતલીનો મહિમા કહેતા અને સ્વામીએ રચેલ કવિત પણ સંભળાવતાં. હાલ આ ધોતલી મૂળી મંદિરની સુખશૈયામાં સચવાયેલી છે.

મહાન સંત મૂળદાસે રચેલું પદ 'પ્રીતમવરની ચૂંદડી, મહાસંત ઓઢવાને મળ્યા....' જેવું પ્રસિદ્ધ છે, એ જ રીતે જેઠા મેરના પત્નીએ જાતે વણેલી ધોતલી અને બ્રહ્માનંદસ્વામીએ રચેલ કવિત ઇતિહાસમાં અમર થઈ ગઈ ગયાં.

અમને ભગવાન શા માટે કહો છો?

ભગવાન શ્રી સ્વામિનારાયણને કોઈ જાદુગરા માનતા હતા, કોઈ સંત કે સદ્‌ગુરુ માનતા હતા, કોઈ ધર્મપ્રવર્તક કે સમાજસુધારક માનતા હતા, તો કોઈ એમને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ માનતા હતા.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સંતોની વિશાળ સભામાં બિરાજમાન હતા.

સંતોએ સમૂહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્તવન કર્યું. એ સ્તવનનો ભાવ હતો કે, "મહારાજ! આપ પુરુષોત્તમ નારાયણ છો. આપે સમયે સમયે અનેક અવતારો ધરીને ધર્મની રક્ષા અને અધર્મનો નાશ કરેલો છે."

સંતોએ કરેલી સ્તુતિ સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણે એમની સમજણની કસોટી કરવા માટે સવાલ કર્યો, "હે પરમહંસો! તમે અમને ભગવાન શા માટે કહો છો?"

"અમે ભગવાનપણું સિદ્ધ થાય એવા કોઈ અલૌકિક કાર્યો કર્યાં નથી."

"ભગવાન હયગ્રીવની પેઠે વેદ વાળ્યા નથી."

"ભગવાન કૂર્મની પેઠે પીઠ ઉપર મંદરાચલ ધાર્યો નથી."

"ભગવાન વામનની પેઠે ત્રણ પગલાંમાં પૃથ્વી માપી નથી."

"ભગવાન વરાહની પેઠે હિરણ્યાક્ષ માર્યો નથી."

"ભગવાન નૃસિંહની પેઠે હિરણ્યકશિપુ માર્યો નથી."

"ભગવાન રામની પેઠે રાવણ, કુંભકર્ણ માર્યા નથી."

"ભગવાન કૃષ્ણની પેઠે કંસ, જરાસંધ વગેરે દુષ્ટોનો સંહાર કર્યો નથી, ટચલી આંગળીએ ગિરિરાજ તોળ્યો નથી. તો તમે અમારી મિથ્યા સ્તુતિ શા માટે કરો છો?"

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં કથનનો મર્મ હતો કે, 'આગળ મોટા મોટા અસુરો થયા, એ બધા માનવો અને દેવતાઓથી પણ જીતી શકાય તેવા ન હતા. આ અજેય અસુરોએ અનેક પ્રકારની શક્તિઓ અને વરદાનો પ્રાપ્ત કર્યાં હતાં, માટે એ સર્વનો સંહાર કરવો એ કોઈ સાધારણ વાત ન હતી. આ કાર્ય પરમ ઐશ્વર્યશાળી પરમાત્મા સિવાય બીજા કોઈથી શક્ય ન હતું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવનમાં આવું અસુરોના સંહાર કરવા જેવું કોઈ કાર્ય દેખાતું ન હતું, માટે એ 'ભગવાન શા માટે કહેવાય?' એ પ્રશ્ન સ્વાભાવિક હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રશ્ન ગહન અને ગંભીર હતો, સામે સંતોનો જવાબ એટલો જ મહાન હતો. સંતોએ મંદ હાસ્ય સાથે કહ્યું, "મહારાજ! સાગર કહે હું સાગર નથી, સૂર્ય કહે હું સૂર્ય નથી, પૃથ્વી કહે હું પૃથ્વી નથી, પાણી કહે હું પાણી નથી, અગ્નિ કહે હું અગ્નિ નથી, પવન કહે હું પવન નથી, આકાશ કહે હું આકાશ નથી, તો એમની એ વાત કેમ માન્યામાં આવે?!"

"મહારાજ! અમે તો એવું સમજીએ છીએ કે જો પર્વત ઉપાડવાથી ભગવાન કહેવાય, તો હનુમાનજીને પણ ભગવાન કહેવા જોઈએ, કારણ કે તેઓ દ્રોણાચલ પર્વત ઉઠાવી હજારો જોજન દૂર લઈ ગયા હતા. આ દ્રોણાચલ પર્વત ગિરિરાજ કરતાં અનેકગણો મોટો હતો. સમુદ્રમંથન વખતે ગરુડજીએ પોતાની પાંખમાં મંદરાચલ ઉઠાવ્યો હતો, પણ ગરુડજી ભગવાન કહેવાયા નથી."

"જો અસુરોને મારવાથી ભગવાન કહેવાતા હોય તો હનુમાનજી, લક્ષ્મણજી તથા અર્જુન વગેરેને પણ ભગવાન કહેવા જોઈએ, કારણ કે એ વીર પુરુષોએ પણ કોઈથી ન મરે તેવા અસુરોને માર્યાં છે. માટે હે મહારાજ! માત્ર અસુરોને મારવાથી જ ભગવાનનું ભગવાનપણું સિદ્ધ થતું નથી."

"અસુરો કરતાંય કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, માન, રાગ, દ્વેષ, વેરઝેર વગેરે આસુરીવૃત્તિઓ વિશેષ બળવાન છે. આગળના મોટા મોટા અસુરો આસુરી વૃત્તિઓથી મરી ચૂક્યા હતા. મરેલાંને મારવામાં મોટાઈ નથી. અસુરો જેનાથી પરાભવ પામ્યા, એવી આસુરી વૃત્તિઓને મારવી એ જ ખરી મોટાઈ છે."

"મહારાજ! આપે અસુરો નથી માર્યાં, પરંતુ આસુરી વૃત્તિઓ મારી છે અને

પોતાનું અભૂતપૂર્વ સામર્થ્ય દર્શાવ્યું છે. આપના પ્રતાપથી અનેક મુમુક્ષુઓએ પોતાનાં અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવેલો છે.” “મહારાજ! દુનિયામાં મારવિજેતા અર્થાત્ કામવિજેતા અને મનોવિજેતા મહાપુરુષો વિરલ હોય છે. માર પાસે અને મન પાસે મોટા મોટા મહાત્માઓ રાંક થઈને હારી ગયાં છે. એમના હજારો વર્ષનાં તપ પાણીમાં ગયાં છે, જ્યારે હે મહારાજ! સત્સંગમાં આપની કૃપાથી સેંકડો મુમુક્ષુઓ મારવિજેતા અને મનોવિજેતા બન્યા છે.” સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિમાં લખે છે....

ઈશ અજ અમરાદિ આપે યોગી મન જીતે નહીં |
તેહ તમારા પ્રતાપથી નિજજન મન જીત્યાં કહીં ||૨૩|| (ભ.ચિં.પ્ર-૧)

“મહારાજ! આપનું સેંકડો નરનારીઓને સમાધિ કરાવવાનું ઐશ્વર્ય તો મન જીતવા કરતાં પણ અતિ મોટું છે. ભલભલા મનોવિજેતા યોગીઓને પણ આવું ઐશ્વર્ય દુર્લભ છે.”

“આપે પાત્ર-કુપાત્ર જોયા સિવાય હજારો જીવોને સમાધિઓ કરાવી છે. અરે! નાનાં બાળકો અને પશુ-પંખીઓને પણ સમાધિ કરાવી છે. સમાધિમાં જેનાં જેનાં જે-જે ઈષ્ટદેવો હતા, તેમણે પોતાનાં આશ્રિતોને દિવ્ય દર્શન આપી આપનાં પૂર્ણ પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો છે.”

“આપની કૃપાથી અનેક સમાધિનિષ્ઠ ભક્તો થયા છે, જેઓ ધારે ત્યારે સમાધિ કરી શકે છે અને બીજાને સમાધિ કરાવી શકે છે. વધારે આશ્ચર્યની વાત તો એ છે કે આપે અનેક સાધારણ મનુષ્યને પણ સમાધિ કરાવવાનું ઐશ્વર્ય આપ્યું છે અને પાછું લઈ લીધું છે. આવું તો ક્યારેય જોયું પણ નથી અને સાંભળ્યું પણ નથી.”

“હે મહારાજ! ગર્ગસંહિતામાં નારદ અને જનકના સંવાદમાં કહ્યું છે કે,

यस्मिन् सर्वाणि तेजांसि विलीयन्ते स्वतेजसि ।
तं वदन्ति परे साक्षात् परिपूर्णतमः स्वयम् ॥

“જેમ સૂરજના તેજમાં ચંદ્ર, નક્ષત્રો વગેરે સર્વનાં તેજ વિલીન થઈ જાય છે, એ જ રીતે જેના ઉત્કૃષ્ટ તેજમાં આગળનાં સર્વ અવતારોનાં તેજ વિલીન થઈ જાય, તે સ્વયં પરિપૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.”

“મહારાજ! આપે અનેકવાર પોતાનાં સ્વરૂપમાંથી પૂર્વના સર્વ અવતારોને પ્રગટ કરી પાછાં પોતામાં લીન કરી દેખાડ્યાં છે. આવા અનેક દિવ્યપ્રસંગોના અમે સાક્ષી છીએ, માટે અમે આપને સર્વ કારણના કારણ, સર્વોપરિ, સર્વ અવતારના અવતારી, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ જાણીએ છીએ.”

ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદ મંદ હાસ્ય સાથે પરમહંસોના પ્રત્યુત્તરને સાંભળી રહ્યા હતા અને સંતોની ઉત્કૃષ્ટ સમજણ જોઈને અંતરનો રાજીપો વરસાવી રહ્યા હતા.

શ્રીમદ્ ભાગવતજીના ચતુર્થ સ્કન્ધમાં પૃથ્વી અને પૃથુ ભગવાનના સંવાદમાં કહ્યું છે કે, 'ભગવાન ક્યારેક રાજારૂપે અવતરે છે, ક્યારેક સાધુરૂપે અવતરે છે.'

'ભગવાન જ્યારે રાજારૂપે અવતરે ત્યારે ઓગણચાલીશ લક્ષણે યુક્ત હોય છે.'

'ભગવાન જ્યારે સાધુરૂપે અવતરે ત્યારે ત્રીસ લક્ષણે યુક્ત હોય છે.'

ભગવાન જ્યારે રાજારૂપે અવતરે ત્યારે રાજધર્મને અનુસરી અસુરોનો સંહાર કરે છે.

ભગવાન જ્યારે સાધુરૂપે અવતરે ત્યારે સંતધર્મને અનુસરી આસુરી વૃત્તિઓનો સંહાર કરે છે. અજ્ઞાની મનુષ્યોને બંને અવતાર-સ્વરૂપમાં મોહ થાય છે અને ભગવાનને કાં તો રાજા માની બેસે છે, કાં તો સાધુ માની બેસી છે, પરંતુ જ્ઞાની પરમહંસોને આવો મોહ થતો નથી, કારણ કે તેઓ પરમાત્માના અવતારનાં રહસ્યને યથાર્થ જાણતા હોય છે.

રાજાઓ અને રાજારૂપ ભગવાન વચ્ચે આકાશ-પાતાળનું અંતર છે; સાધુઓ અને સાધુરૂપ ભગવાન વચ્ચે પણ આકાશ-પાતાળનું અંતર છે.

ભગવાન ધારે તો રામકૃષ્ણાદિ રાજારૂપ ધરી શકે છે, પરંતુ હજારો રાજા-મહારાજાઓ ભેગા થાય, તો પણ ભગવાન શ્રીરામકૃષ્ણાદિકની તોલે આવી શકતા નથી.

એ જ રીતે ભગવાન ધારે તો સંતરૂપ ધરી શકે છે, પરંતુ હજારો સિદ્ધ સંતો ભેગાં થાય, તો પણ ભગવાનની તોલે આવી શકતા નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતરૂપે અવતરેલા ભગવાન હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસો આ રહસ્યને જાણતા હતા, એટલે સ્વયં મહારાજ પરીક્ષા કરે તો પણ એમના નિશ્ચયના બીજમાં તિરાડ સંભવે તેમ ન હતી.

મહારાજ! ગાળ્યો દેવાનું બંધ કરો!

ઉપરની વાતને પ્રમાણિત કરતો હોય એવો એક પ્રસંગ જાણવા જેવો છે.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ સભામાં વક્રોક્તિ અલંકારની ભાષામાં સંતોની પ્રશંસા કરવા લાગ્યા અને બોલ્યા, "સંતો! તમે તો બહુ મોટા છો. ભવબ્રહ્માદિક દેવતાઓ જેવા છો!"

મહારાજની વાત સાંભળીને બ્રહ્માનંદસ્વામી બોલ્યા,"મહારાજ! ગાળ્યો દેવાનું બંધ કરો."મહારાજ હસીને બોલ્યા, "સ્વામી! અમે તો તમારા વખાણ કરીએ છીએ, ગાળ્યો ક્યાં દઈએ છીએ? "

બ્રહ્માનંદસ્વામીએ કહ્યુ, "મહારાજ! તમારાં વખાણને ન સમજીએ એવા અમે ભોટ નથી! તમે જે દેવતાઓની સાથે અમને સરખાવો છો, એની કથાઓ તો પુરાણોમાં છાપરે ચડેલી છે! કોઈ દીકરી પાછળ દોડ્યા છે; કોઈ પરાઈ નારી પાછળ પાગલ થયા છે. અમે આવું ક્યારે કર્યું?"

બોલતાં બોલતાં બ્રહ્માનંદસ્વામી ભારે રંગમાં આવી ગયા અને ભગવાન શ્રી

સ્વામિનારાયણને પડકારની ભાષામાં કહ્યું, “મહારાજ! તમે ભગવાન છો, અંતર્યામીપણે ઘટ-ઘટમાં વિરાજમાન છો, સર્વનાં મનને જાણો છો, તો કહી દ્યો અમારા અંતરમાં કોઈ દિવસ વિષયના ઘાટ થયા છે? અમે તમારી મૂર્તિ સિવાય બીજા સુખની કામના કરી છે?”

બ્રહ્માનંદસ્વામીની વાત સાંભળીને મહારાજ હસવા લાગ્યા અને બોલ્યા, “સ્વામી! ખરેખર તમારી વાત સાચી છે. તમે બધા તો મનના માલિક થઈને બેઠા છો. તમારાં અંતરમાંથી અમારી મૂર્તિ સિવાયના બધા જ ઘાટ વિરામ પામ્યા છે. તમારાં દર્શન તો ભવબ્રહ્માદિક દેવતાઓને દુર્લભ છે.”

“અમારી મિથ્યા પ્રશંસામાં તમે લેવાયા નહિ, માટે તમને ધન્ય છે.”

મહારાજની વાત સાંભળી બ્રહ્માનંદસ્વામીએ બે હાથ જોડીને કહ્યું, “મહારાજ! મહત્ત્વની વાત તો એ છે કે, અમને જે આ સ્થિતિ પ્રાપ્ત થઈ છે તે અમારા પુરુષાર્થથી કે સાધનથી નહિ, પરંતુ આપની કૃપાદૃષ્ટિના પ્રતાપથી પ્રાપ્ત થઈ છે.”

બ્રહ્માનંદસ્વામીની વાત સાંભળી મહારાજ પોતાનાં આસનેથી ઊભા થઈ ગયા અને બ્રહ્મમુનિને બાથમાં લઈને મળ્યા.

શ્રીહરિ અને બ્રહ્મમુનિનો આ સંવાદ સાંભળીને સભાજનો ભારે ધન્યતા અનુભવવા લાગ્યા.

ખબરદાર! જો સંકલ્પ કર્યા છે તો

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તો મુમુક્ષુના અંતર માયાના ભાવથી મુક્ત થતા જ હતા, પરંતુ એમના મહાન સંત પણ મુમુક્ષુના ઘાટસંકલ્પો ઉપર નિયમન કરાવી શકતા હતા.

આ અંગે સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીનો એક પ્રસંગ જાણવા જેવો છે.

ગુજરાતના એક સત્સંગી હતા. એમનાં મનમાં ખૂબ અશાંતિ રહ્યા કરતી હતી. એમણે ઘણા ઉપાય કર્યાં, પણ એમનું વિચારવાયુ શાંત થયું નહીં.

કોઈ હરિભક્તે એ ભાઈને કહ્યું, “તમે જૂનાગઢ જાઓ, જૂનાગઢમાં મહાસમર્થ સંત ગુણાતીતાનંદસ્વામી રહે છે. એમનાં દર્શન-સમાગમ કરશો, તો તમારા હૈયામાં શાંતિ થશે.”

પેલા ભાઈ જૂનાગઢ આવ્યા, સ્વામીને મળ્યા અને પોતાનાં મનની અશાંતિની વાત કરી.

સ્વામીએ કહ્યું, “તમે એક મહિનો અહીં રોકાવ, અમારી કથાવાર્તા સાંભળો, તમારી ખામી ટળી જશે.” સ્વામીનાં વચને પેલા હરિભગત જૂનાગઢ રોકાયા.

સ્વામીનાં દર્શન, કથા-વાર્તાનું સેવન કરતાં કરતાં એક અઠવાડિયું વીત્યું પણ એના અંતરનો વિક્ષેપ મટ્યો નહિ, એટલે એને થયું કે, હું છેક ગુજરાતથી કોઈની

વાત સાંભળીને અહીં આવ્યો પણ અહીં મારું કામ થાય એવું લાગતું નથી, એટલે હવે અહીં સમય બગાડવાનો અર્થ નથી.'

વળી એના મનમાં થયું કે, 'સ્વામીએ મને એક મહિનો રોકાવાનું કહ્યું છે તો વચ્ચેથી રજા પણ કેમ લેવી?'

આવી ગડમથલ કરતાં કરતાં એણે ચતુરાઈપૂર્વક માર્ગ કાઢ્યો. 'હું અહીં સુધી આવ્યો જ છું, તો સોરઠની પંચતીર્થી કરી આવું, એટલામાં એક મહિનો થઈ જશે.'

આમ વિચારી એ હરિભગત સ્વામી પાસે આવ્યા અને બોલ્યા, "સ્વામી! મારે સોરઠની પંચતીર્થી કરવાનો વિચાર થાય છે. માટે મને રજા આપો, હું પંચતીર્થી કરીને પાછો આવી જઈશ."

ભગવાન જેવા પ્રતાપી સંત એના મનની વાત જાણી ગયા હતા પણ કાંઈ કળાવા ન દીધું.

સ્વામીએ એ હરિભગતને ખૂબ સમજાવ્યા પણ એ માન્યા નહિ, એટલે સ્વામીએ કહ્યું, "ભલે, જેવી તમારી મરજી."

એ હરિભગત જૂનાગઢથી વંથલી આવ્યા. વંથલીમાં એમને કલ્યાણભાઈનો ભેટો થયો.

કલ્યાણભાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન ભક્ત હતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીના કૃપાપાત્ર હતા. નિરાવરણ સ્થિતિવાળા હતા.

કલ્યાણભાઈ એ હરિભગતના મનની વાત કળી ગયા અને બોલ્યા, "ભગત! તમે સ્વામીનો સમાગમ મેલી પંચતીર્થી કરવા નીકળ્યા, તે ઠીક ન થયું. તમે ગમે એટલાં તીર્થ કરશો, પરંતુ સ્વામી જેવા સત્પુરુષનો સમાગમ નહિ હોય તો તમને અંતરમાં શાંતિ નહિ થાય; માટે સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખી થોડા દિવસ જૂનાગઢમાં જ રહો, એમાં જ તમારું હિત છે."

કલ્યાણભાઈએ સ્વામીનો ખૂબ જ મહિમા સમજાવ્યો એટલે એ હરિભગત વંથલીથી જ પાછા જૂનાગઢ આવ્યા.

સ્વામીએ હસીને પૂછ્યું, "કેમ, ભગત! આટલીવારમાં પંચતીર્થી પૂર્ણ થઈ ગઈ."

પેલા ભાઈએ મર્મમાં કહ્યું, "હા, સ્વામી! મને વંથલીમાં કલ્યાણભાઈ મળ્યા, એણે મારા બધાં તીર્થ પૂરા કરાવી દીધાં. કલ્યાણજીભાઈના સમાગમથી મને સમજાયું કે, તીર્થમાત્ર તો અહીં જૂનાગઢમાં તમારા ચરણમાં રહ્યાં છે!"

હરિભગતની વાત સાંભળી સ્વામી મંદ મંદ હસવા લાગ્યા અને મનોમન કલ્યાણજીભાઈની સમજણને વખાણવા લાગ્યા.

સ્વામીએ એ હરિભગતને ઉદ્દેશીને સભામાં વાત કરી, "લાખ મણ લોઢાની લોઢી ધગી હોય, તેના ઉપર એક-બે ઘડા પાણીના ઢોળીયે, તેણે કરીને ઠરે નહિ; એને ઠારવી

હોય તો ગંગા જેવી નદીના ઊંડા ધરામાં નાખીયે, તોય દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે, ત્યારે માંડ ઠરે.”

“એમ પંચવિષયે કરીને જીવનું હૈયું ધગી ગયું છે અને તે એમ માને જે, એક-બે દિવસ સ્વામી પાસે રહીને ટાઢો થઈ જાઉં, એમ ટાઢો થાય નહિ.”

પેલા હરિભગતને થયું, “આ તો સ્વામી મારાં જ મનની વાત કરી રહ્યા છે.” એના અંતરમાં સ્વામી પ્રત્યે અહોભાવ જાગ્યો. આમને આમ થોડા દિવસ પસાર થયા.

એક દિવસની વાત છે. મંગળા આરતી પછીની કથા પૂરી થઈ હતી. શણગાર આરતીનાં દર્શન માટે સ્વામી, સંતો અને હરિભક્તો મંદિરનાં પગથિયાં ચડી રહ્યાં હતાં. એ જ સમયે પેલા ગુજરાતના હરિભગત સ્વામીની સાથે થયા.

સ્વામીએ તેના સામું જોઈને અચાનક એનો હાથ પકડી લીધો અને બોલ્યા, “ખબરદાર! જો સંકલ્પ કર્યા છે તો!”

વેગવાન વાહનને બ્રૅક લાગે અને વાહન ઊભું રહી જાય, એ જ રીતે સ્વામીના શબ્દોની સાથે જ એ હરિભગતના સંકલ્પ-વિકલ્પની ઘટમાળ થંભી ગઈ. એનું મન વાદળાં વિનાનાં આકાશ જેવું અત્યંત નિર્મળ થઈ ગયું, પરિણામે એ ભક્ત પરમ શાંતિ અનુભવવા લાગ્યા.

કાંડું પકડીને મનની અશાંતિને હરી લેનારા આ જૂનાગઢના જોગીને જેટલાં વંદન કરીએ, એટલાં ઓછાં છે.

ભાગવતજીમાં કહે છે, યોગીઓ વર્ષો સુધી સાધના કરે છે, તોય એના અંતરમાં વાસનાના ધૂમાડાના ગોટા શાંત થતા નથી, જ્યારે સ્વામી જેવા ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો કાંડું પકડીને વાસનાના વંટોળને શાંત કરી દેતા હતા.

આ જ જૂનાગઢની અંદર ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંત કવીશ્વર બ્રહ્માનંદસ્વામીએ નવાબસાહેબના વાડી-ઘોડાની પીઠ થાબડીને ઘોડાની કામવાસના હરી લીધી હતી, જે પ્રસંગ સંપ્રદાયના ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે.

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણની હયાતીમાં જ લાખો નરનારીઓ એમને પોતાનાં ઈષ્ટદેવ માનીને ઉપાસના કરતાં હતાં.

‘વેદો જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે, એ જ ભગવાન અમને ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપે પ્રગટ મળ્યા છે,’ એવી એમની દૃઢ શ્રદ્ધા હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે લાખો નરનારીઓની શ્રદ્ધા અકારણ ન હતી. આ શ્રદ્ધાને પુષ્ટ કરનારાં અનેક કારણો હતાં.

એક તો હજારો વર્ષ પહેલાં શાસ્ત્રોએ ભવિષ્યવાણી દ્વારા ઘોષણા કરી હતી કે,

'પરબ્રહ્મ પરમાત્મા સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપે અવતાર ધારણ કરશે.'

બીજું કારણ, સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં શરીરનાં અસાધારણ દિવ્ય ચિન્હો સાક્ષી પૂરતાં હતાં કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ સાધારણ માનવ નથી, પરંતુ ભગવાન છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણનો શ્રીવિગ્રહ અન્ય મનુષ્યોના શરીરથી અનોખો અને અલૌકિક હતો. એમનાં ચરણોમાં રહેલાં સોળ ચિન્હો એમનાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણપણાનાં દર્શન કરાવતાં હતાં. મહારાજનાં સમકાલીન નંદ સંતોએ પોતાનાં કાવ્ય તથા ગ્રંથોમાં આ ચિન્હોનું ખૂબ સુંદર વર્ણન કર્યું છે. આજે પણ હજારો ઘરોમાં આ સોળ ચિન્હ સાથેનાં ચરણારવિંદની પૂજા થાય છે. ભગવાન સિવાય સાધારણ માનવના ચરણમાં આવાં ચિન્હો સંભવે નહીં.

ત્રીજું કારણ, એમણે મોટા પાયે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણ હતું. કોઈ સદ્‌ગુરુ અતિ સમર્થ હોય તો પણ એકાદ શિષ્યને સમાધિ કે સાક્ષાત્કાર કરાવી શકે છે, જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે હજારો લોકોને સમાધિઓ કરાવી હતી અને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં હતાં અને અન્યને પણ સમાધિ કરાવવાનું ઐશ્વર્ય આપ્યું હતું.

ચોથું કારણ, ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો ચોર-લૂંટારાઓનાં હૃદય પરિવર્તન થયાં હતાં. જે હાથમાં તીર-કામઠાં, તલવારો અને ભાલા રમતાં હતાં, એ જ હાથમાં માળાઓ ફરવા લાગી હતી.

પાંચમું કારણ, ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો મુમુક્ષુઓએ પોતાના અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવ્યો હતો.

છઠ્ઠું કારણ, જગતમાં એક જીવનમુક્તા મળવા દુર્લભ છે જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકને છતે દેહે બ્રહ્મરૂપ કર્યાં હતા.

સાતમું કારણ, શ્રીમદ્‌ભગવદ્‌ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે,

'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्' (भगवद् गीता–अ–६,श्लोक–४५)

"અનેક જન્મની સાધના પછી સાધક સિદ્ધ દશાને પામે છે." આશ્ચર્યની વાત એ છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો ભક્તો વિના સાધને, આ ને આ દેહે સિદ્ધદશાને પામ્યા હતા અને પરમ ઐશ્વર્યશાળી થયા હતા.

આઠમું કારણ, ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિના ધ્યાન-ભજન, સ્મરણના પ્રભાવથી અનેક સંતો-ભક્તોનાં મન વાદળાં વિનાનાં આકાશ જેવાં નિર્વિકાર અને નિર્મળ થયાં હતાં અને તેઓને સ્હેજે સ્હેજે નિરાવરણ સ્થિતિ અને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થયાં હતાં.

નવમું કારણ, ભગવાન શ્રી સ્વામિનારાયણ તો ઠીક પણ તેમના આ પરમહંસોના

સંપર્કમાં આવનાર મુમુક્ષુઓનાં મન પણ શાંત સરોવર જેવા બની જતાં હતાં.

દશમું કારણ, ભગવાન શ્રી સ્વામિનારાયણે આગળની સર્વ વિભૂતિને પોતાનાં સ્વરૂપમાંથી પ્રગટ કરી પછી લીન કરી દેખાડી હતી.

અગિયારમું કારણ, ભગવાન શ્રી સ્વામિનારાયણનો વિશાળ પરમહંસ સમુદાય હતો. આ સંતો સાધારણ ન હતા, તેઓ મહાન સમર્થ અને સિદ્ધ હતા. ઉત્તમ પ્રતિભાસંપન્ન વિદ્વાનો અને કવિઓ હતા. તેઓનાં જીવન પંચ વર્તમાનથી પૂર્ણ હતાં. તેઓ સાધુતાની સાક્ષાત્ મૂર્તિ હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ થવું એ હાલતાં ભગવાં કપડાં પહેરી લેવા જેવી સરળ વાત ન હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સંતોને આકરી કસોટીઓથી તાવતા હતા અને આ સંતો પણ એ તમામ કસોટીઓને હસતે મુખે પાર કરતા હતા. આ બધા મહાન સંતો સમર્થ હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દાસભાવે ઉપાસના કરતા હતા.

હજારો ગૃહસ્થોનું નિયમન સરળ છે, પરંતુ આટલા વિશાળ સંત-સમુદાયનું નિયમન કરવું એ ભારે કપરું કામ છે. આ સમર્થ પરમહંસો ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચને ટૂક ટૂક થઈ જતા હતા, એ જ દર્શાવે છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ અસાધારણ ઐશ્વર્યથી યુક્ત હતાં.

બારમું કારણ, ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલ અલૌકિક વરદાન છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આશ્રિતોને વરદાન આપ્યું છે કે, 'આશ્રિતોના દેહાવસાન સમયે તેઓ સ્વયં પોતાના ભક્તને અક્ષરધામમાં તેડી જશે.'

આ વરદાનની નોંધ લેતાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિમાં લખે છે કે,

મારા જનને અંતકાળે જરૂર મારે આવવું |
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું ||૩|| (ભ.ચિં.પ્ર–૬૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા પછી આજે પણ પોતાના ભક્તને અંતસમયે દર્શન આપી ધામમાં તેડી જતા હોય, એવી દિવ્ય ઘટનાઓ બનતી જ રહે છે.

આવા અનેક કારણોને લીધે સિદ્ધ થાય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ માત્ર સમાજસુધારક, ધર્મપ્રવર્તક, સંત કે મહાપુરુષ નથી, પરંતુ સ્વયં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.

વચનામૃતમાં ભગવાનપણાની ઘોષણાઓ

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પોતાનાં પુરુષોત્તમપણાની ઘોષણા કરી એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ વચનામૃતમાં અનેક વખત જાહેર કર્યું છે કે, 'અમે સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છીએ.' જેમાંના કેટલાક સંદર્ભ નીચે પ્રમાણે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે,

"અક્ષર બ્રહ્માત્મક તેજને વિશે જે ભગવાનની મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો. અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિશે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તો પણ તમારે મારે વિશે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે." (વચ.ગ.મ.૧૩)

"આ તમે સર્વ છો તે મને ભગવાન જાણો છો, તે અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યાં હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય, એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય, તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે. માટે એવાં જે અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે. અને આવી રીતે અમે સ્વરૂપાનંદસ્વામીને વાર્તા કરી હતી, તે વાર્તાને ધારી, ત્યારે દેહમાં જે મંદવાડનું ઘણું દુઃખ હતું તે સર્વે નિવૃત્તિ પામી ગયું ને પરમ શાંતિ થઈ." (વચ.ગ.મ. ૩૫)

" આજ જે સર્વે હરિભક્ત છે તે એમ સમજે છે જે, 'અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યાં છે અને અમે કૃતાર્થ થયાં છીએ." (વચ.ગ.પ્ર. ૩૧)

"તમને પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે." (વચ.કા. ૮)

"આ અવતાર સર્વોત્કૃષ્ટપણે વર્તે છે, એવી રીતે જેની પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનાં સ્વરૂપમાં અચળ મતિ હોય, એનું કલ્યાણ જ થાય." (વચ.પં–૬)

"ભગવાનનું ધામ, તેને વિશે જે પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે ને તે આકૃતિમાંથી એ પોતે ભગવાન અવતાર ધારે છે. અને એ ભગવાન કેવા છે, તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વ કારણનાં પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંતકોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવાં છે; અને એવા જે એ ભગવાન તે જ પોતે દયાએ કરીને જીવનાં પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી સર્વેની દષ્ટિગોચર સાક્ષાત્‌પણે વર્તે છે. માટે, તે જે ધામમાં રહી મૂર્તિ ને આ પ્રગટ શ્રીકૃષ્ણની મૂર્તિ તેમાં અધિકપણે સાદશ્યપણું છે." (વચ.ગ.અં. ૩૧)

"ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિશે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે." (વચ.ગ.અં. ૩૧)

"અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન, તે જ દયાએ કરીને જીવના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિશે પ્રગટ થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ

છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરુપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે, અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.” (વચ.ગ. અં. ૩૮)

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં અનેક વખત પોતાનાં અવતારીપણાની ઘોષણાઓ કરેલી છે.

ભગવાન શ્રીકૃષ્ણ હોય કે ભગવાન શ્રી સ્વામિનારાયણ, એમની આ ઘોષણાઓ રાજકારણીઓના ભાષણ જેવી ખોખલી ન હતી. એમણે પોતાનાં અસાધારણ ઐશ્વર્યથી ભરપૂર ચરિત્રો દ્વારા આ ઘોષણાઓને સિદ્ધ કરી હતી.

અમારું અવતાર કાર્ય પૂર્ણ થયું

ભગવદ્‌પાદ્ શંકરાચાર્યજીએ બહુ ટૂંક સમયમાં વૈદિક ધર્મનું પુનઃ સ્થાપન કર્યું હતું, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર ત્રીસ વર્ષના ટૂંકા ગાળામાં ભાગવત ધર્મના સ્થાપનનું ભગીરથ કાર્ય પૂર્ણ કર્યું હતું. અનેક અવરોધો, વિરોધો અને જીવલેણ હુમલાઓ વચ્ચે પણ એમણે નિર્ભયતાથી ધર્મપ્રચાર કર્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલ પંચ-વર્તમાનના પ્રભાવથી આમજનતા સુખી-સદાચારી અને નિર્વ્યસની બની હતી.

હિંસામય યજ્ઞોનું સ્થાન અહિંસામય યજ્ઞોએ લીધું હતું . મદ્ય-માંસ વગેરે પંચ મકારનું સેવન કરનારા વામમાર્ગીઓનો પ્રભાવ ઓસરી ગયો હતો.

લોકો ઉપર ત્રાસ વર્તાવનારા સેંકડો લોકોની મનોવૃત્તિઓ પરિવર્તન પામી હતી. જે હાથમાં તીરકામઠાં, તલવારો અને ભાલા રમતાં એ જ હાથમાં માળા ફરતી થઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વિચરણને પ્રભાવે આમજનતામાં ધર્મ વિશે ભારે જાગૃતિ આવી હતી. લોકો વહેમ, વ્યસનો અને અંધશ્રદ્ધાની નાગચૂડમાંથી મુક્ત થયાં હતાં. સમાજનો નાનામાં નાનો ઊતરતો ગણાતો વર્ગ પણ નિર્વ્યસની, સદાચારી બની બ્રાહ્મણ જેવા ઉજળા આચારને પાળનારો થયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રયને પ્રભાવે લોકોમાં ધાર્મિક રીતે નિર્ભયતા પ્રગટી હતી. તેઓ ધર્મને નામે થતી છેતરપિંડી તેમ જ શોષણખોરીથી બચ્યા હતા. ભક્તિના નામે ચાલતા ભ્રષ્ટાચારથી મુક્ત થયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પવિત્ર સંતોનો પ્રભાવ વધ્યો હતો અને અખાડિયન વૈરાગીઓની જમાતોના જોર નબળાં પડ્યાં હતાં.

ધરતીમાં જેનો જોટો મળવો મુશ્કેલ છે એવા નિર્માન, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિષ્કામ એ પંચ-વર્તમાન પાળનારો સંતોનો વિશાળ સમુદાય તૈયાર થયો હતો, જેમણે મહાગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ધરતીને સત્સંગના રંગે રંગી નાખી હતી. જ્યારે કોઈ યાતાયાતનાં સાધન ન હતાં એવા સમયમાં આ કાર્ય આશ્ચર્યકારક રીતે વિસ્તર્યું હતું. ભાગવત ધર્મનું પોષણ કરનારું ગુજરાતી અને સંસ્કૃત સાહિત્ય વિપુલ માત્રામાં તૈયાર થયું હતું.

ભારતીય સંસ્કૃતિના સંગમ સમા ભવ્ય મંદિરોનાં નિર્માણ થયાં હતાં.

ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરાનું સ્થાપન ધર્મકુળમાં થઈ ચૂક્યું હતું, એટલે સંપ્રદાયના ભવિષ્યની ચિંતા દૂર થઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણને હવે લાગી રહ્યું હતું કે, ‘મારું અવતાર કાર્ય પૂર્ણ થયું છે.’ હવે એમણે આ લોક છોડીને સ્વધામ-ગમનનો સંકલ્પ કર્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી બિરાજમાન હતા. શરીર છોડતાં પહેલા પોતાનાં અંતરનું રહસ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીને જણાવવા માગતા હતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી એ સમયે વડોદરા બિરાજતા હતા. મહારાજે એમને વડોદરાથી તેડાવ્યા.

સ્વામી પધાર્યા એટલે મહારાજ એમની સામે ગયા અને સ્વામીને ભાવથી ભેટ્યા, પછી સ્વામીનો હાથ પકડી કારિયાણીની સુપ્રસિદ્ધ અક્ષરઓરડીએ પધાર્યા. અક્ષર ઓરડીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીનો દિવ્ય સંવાદ શરૂ થયો.

મહારાજ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીને પોતાનાં અવતરણનાં હેતુઓ કહેવા લાગ્યા,

મહારાજ બોલ્યા, “સ્વામી! અમે છ હેતુ માટે અક્ષરધામમાંથી અહીં અવતાર ધર્યો હતો. ”

“જગતના હજારો જીવો વેદ-ઉપનિષદ્‌ પ્રતિપાદિત સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસના ભૂલીને દેવી-દેવતાઓના જંગલમાં અટવાઈ ગયાં હતાં, માટે અમારાં અવતરણનો પ્રથમ હેતુ પૃથ્વી ઉપર સર્વોપરી પુરુષોત્તમ નારાયણની ઉપાસના પ્રવર્તાવવાનો હતો.”

“બીજો હેતુ વિવિધ ધામોનાં મુક્તોને અક્ષરધામમાં લઈ જવાનો હતો.”

“ત્રીજો હેતુ પૃથ્વી ઉપર એકાંતિક ભાગવતધર્મની સ્થાપનાનો હતો.”

“ચોથો હેતુ ધર્મસહિત ભક્તિને સુખ દેવાનો હતો.”

"પાંચમો હેતુ હજારો વર્ષથી સાધના કરી રહેલા યોગીઓ તથા યોગભ્રષ્ટ જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરવાનો હતો."

"છઠ્ઠો હેતુ અમને આશરીને રહેલા તમારા જેવા સંતો-ભક્તોના સંબંધથી અનંત જીવોનું કલ્યાણ કરવાનો હતો."

સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી ભારે આશ્ચર્ય સાથે મહારાજની વાત સાંભળી રહ્યા હતા. વાતનું સમાપન કરી મહારાજે કહ્યું, "સ્વામી! અમને લાગે છે કે, અમારાં અવતરણનાં સર્વ પ્રયોજન હવે પૂર્ણ થયાં છે." મહારાજની વાતમાં શરીર છોડવાનો સ્પષ્ટ સંકેત હતો. વીજળી પડવાથી ભવનમાં તિરાડ પડે, એમ મહારાજનાં વચનો ગોપાળાનંદસ્વામી વગેરે સંતોના અંતરમાં વજ્રઘાત જેવા ભાસતા હતા.

બ્રહ્માનંદસ્વામીને જૂનાગઢ મોકલ્યા

અવતારો અને વિભૂતિઓની શરીર છોડવાની રીત વૈવિધ્યથી ભરેલી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની શરીર છોડવાની રીત ભારે અલૌકિક અને સ્વતંત્ર હતી.

વિશાળ ભક્ત-સમુદાય માટે ભગવાન શ્રી સ્વામિનારાયણનો વિરહ સહેવો આકરો હતો. આ બધા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વસ્વ અને જીવનપ્રાણ હતાં.

કેટલાક સમર્થ સંતોની ઉપસ્થિતિ એમને સ્વધામગમનમાં બાધા ઊભી કરે તેવી હતી. એમાંના એક હતા બ્રહ્માનંદસ્વામી.

બ્રહ્માનંદસ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રિય સખા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બ્રહ્માનંદસ્વામી વચ્ચે પ્રગાઢ પ્રીતિ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે વિચાર્યું, 'આ બ્રહ્માનંદ મારી પાસે હશે, તો મને ધામમાં નહિ જવા દીયે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે યુક્તિપૂર્વક એમને દૂર કરવા માટે કહ્યું, "સ્વામી! જૂનાગઢ મંદિરનાં શિખરોનું કામ અધૂરું છે, તે પૂર્ણ કરાવવા માટે આપ જૂનાગઢ જાઓ અને જૂનાગઢથી જોગી ગુણાતીતને અહીં મોકલો."

મહાપ્રતિભા સંપન્ન બ્રહ્માનંદસ્વામી પોતાને જૂનાગઢ મોકલવાનો શ્રીજી મહારાજનો આશય પારખી ગયા હતા કે, 'આ કપટી! મને દૂર મોકલવાનો કારસો કરી રહ્યા છે.'

એમણે કેટલાંય બહાનાં કાઢીને જૂનાગઢ નહિ જવા માટે પ્રયાસ કર્યો, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના આદેશમાં અટલ રહ્યા. આખરે બ્રહ્માનંદસ્વામીએ મનમાં વિચાર કર્યો, "લાડુદાન મટીને બ્રહ્માનંદ થયા પછી મેં મહારાજની નાનામાં નાની આજ્ઞાને શિરોધાર્ય કરી છે. એને અરધે વેણે લોટના ગોળા ખાધા છે, બાવા-સાધુઓની લાકડીઓના માર ખાધા છે, કોથળા પહેર્યા છે અને હવે જો આ છેલ્લો આદેશ નહિ માનું તો મને પાછળથી જીવનભર વસવસો રહેશે."

આમ વિચારીને બ્રહ્માનંદસ્વામીએ ભારે હૈયે જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું, પણ જતાં

જતાં મોટા મોટા સદ્‌ગુરુ સંતોને કહેતા ગયા, “પરમહંસો! મને જૂનાગઢ મોકલવા પાછળ મહારાજનો આશય સારો નથી. આ કાળિયો નક્કી કપટ કરીને આપણને છેતરી જશે, માટે સાવધાન રહેજો અને મને જાણ કરજો.”

લગ્નના માંડવેથી સાધુ થયેલા અદ્‌ભુતાનંદસ્વામીને મહારાજે આજ્ઞા કરી ‘તમે ધોલેરા જાઓ.’ અદ્‌ભુતાનંદસ્વામી પણ આજ્ઞાનો આશય પામી ગયા હતા, પરંતુ તેઓ આજ્ઞા ઉવેખી ન શક્યા. તેઓ ધોલેરા તો ગયા, પરંતુ શ્રીજી મહારાજનાં છેલ્લાં દર્શનની તીવ્ર ઇચ્છાને લીધે તુરંત પાછા આવી ગયા.

મહારાજે પાછા આવવાનું કારણ પૂછ્યું તો કહ્યું, “મહારાજ, ધોલેરાનું કામ પતી ગયું એટલે પાછો આવ્યો.” સાધુનો સ્નેહ જોઈને મહારાજ મંદમંદ હસ્યા.

હવે અમે અમારા ધામમાં જઈશું

ભગવાન શ્રી સ્વામિનારાયણે હવે શરીરે મંદવાડ ધારણ કર્યો હતો. મહારાજની માંદગી સાંભળીને ઘણો મોટો સમુદાય દર્શન માટે ઊમટ્યો હતો.

મહારાજને લાગી રહ્યું હતું કે, ‘ભક્તજનોના આ વિશાળ સમુદાયની ઉપસ્થિતિ મારા સ્વધામગમનમાં બાધા પેદા કરશે,’ એટલે મહારાજે પોતે સ્વસ્થ છે એવો દેખાવ કર્યો અને કહ્યું, “હવે અમારે શરીરે કોઈ મંદવાડ નથી, માટે સૌ પોતપોતાને સ્થાને પાછા જાઓ.”

મહારાજની વાત સાંભળીને દાદા ખાચર અત્યંત રાજી રાજી થઈ ગયા અને ખોબે ખોબે સાકર વહેંચાવી.

મહારાજની સ્વસ્થતાની વાત સાંભળવા છતાં પણ ઘણાં પ્રેમી ભક્તો મહારાજથી દૂર જવા માગતા ન હતા. આ બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વધામગમનનો નિર્ધાર પણ અટલ હતો.

ધામમાં જતાં પહેલા મહારાજ સૌના હૈયામાં ધીરજ બંધાવવા માગતા હતા. એમણે સંતો-ભક્તોની વિશાળ સભા ભરી. આ સભાનો આંખે દેખ્યો અહેવાલ તત્કાલીન સંત અવિનાશાનંદસ્વામીએ કીર્તનમાં વણ્યો છે.

એક દિન સભા કરી શ્રીહરિ, બોલ્યા વાણી પોતે બલવીર થઈ દિલગીર.. શ્રીજી કહે..
સર્વે સંત હરિજન સાંભળો, મારે કે'વાની છે એક વાત, સાચી સાક્ષાત્.. શ્રીજી કહે..
સર્વે કરવાનું કામ કરી રહ્યો, નથી બાકી રહ્યું લવલેશ, સુણો ઉપદેશ.. શ્રીજી કહે..
શિક્ષાપત્રી જાણો મારી મૂરતિ, વાંચી વર્તજો સહુ નરનાર, લોપો મા લગાર.. શ્રીજી કહે..
મોટા મોટા ગયા તજી દેહને, રામ-કૃષ્ણાદિક અવતાર, અનંત અપાર.. શ્રીજી કહે..
તમ હું પણ આ તન ત્યાગીને, જાણો જાઈશ અક્ષરધામ, તજીને આ ઠામ.. શ્રીજી કહે..

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "હે ભક્તો! આ ધરતી ઉપર કોઈ કાયમ રહેતું નથી. મોટા મોટા રામ-કૃષ્ણાદિક જેવા ભગવાનના અવતારો પણ અવતારકાર્ય પૂર્ણ થયે પોતાપોતાનાં ધામમાં પધાર્યાં છે. અમે પણ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે જે કરવું ઘટે તે બધું પૂર્ણ કરી લીધું છે, માટે અમે પણ અમારા અક્ષરધામમાં જશું."

"અમે લખેલી શિક્ષાપત્રી અમારું વાઙ્મય રૂપ છે. તમે બધા એને અનુસારે વર્તજો. સત્સંગમાં સંપ રાખીને રહેજો. અમે બે ગાદીઓની સ્થાપના કરી છે, એને આશરીને રહેજો. આચાર્યોની મર્યાદાનું પાલન કરજો."

"ઉપરાંત ગોપાળાનંદસ્વામી મહાયોગેશ્વર છે અને સર્વ સંતોમાં અગ્રેસર છે; અમે બંને આચાર્યોના હાથ પણ એમના હાથમાં સોંપ્યા છે, માટે તમે સર્વ એમની આજ્ઞામાં રહેજો." આ વાતની નોંધ લેતા નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિમાં લખે છે કે..

વર્ણી સાધુ પાળા સુણી લેજ્યો રે, ગોપાળ સ્વામીની આજ્ઞામાં રહેજ્યો રે |૪૯|

(ભ.ચિં.પ્ર–૧૬૦)

મહારાજ બોલ્યા, 'ભક્તો! અમે પધરાવેલી મૂર્તિઓનું ભાવથી પૂજન-અર્ચન કરજો, એ મૂર્તિઓમાં રહીને અમે તમારાં સર્વ મનોરથને પૂર્ણ કરીશું.'

'એમાં પણ વડતાલમાં અમે જે અમારી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી છે, તે દ્વારા અમે પૃથ્વી ઉપર સદૈવ પ્રગટ રહીશું. અક્ષરધામમાં વિરાજમાન પરસ્વરૂપ, હરિકૃષ્ણ મહારાજરૂપે બિરાજમાન અર્ચાસ્વરૂપ અને તમારી સન્મુખ બિરાજમાન અમારું આ પ્રગટ સ્વરૂપ એ ત્રણેયમાં રોમ જેટલો પણ ભેદ માનશો નહિ. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને અમારું જ પ્રગટ સ્વરૂપ માનીને એનું પતિવ્રતાભાવે ધ્યાન-ઉપાસના કરજો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતોનો મંગલ વરસાદ વરસાવી રહ્યા હતા અને સામે બેઠેલા સર્વ ભક્તજનો ધીરજ ખોઈ રહ્યા હતા. સૌનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ વહી રહી હતી. કેટલાક તો બેશુદ્ધ થઈ ગયા હતા. અવિનાશાનંદસ્વામી લખે છે કે,

'એમ અવિનાશાનંદનો નાથજી, બોલ્યા વાણી તે વજ્ર સમાન,

ભૂલ્યા સુણી ભાન...શ્રીજી.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની અંતર્યામી શક્તિથી સર્વના હૈયામાં ધીરજ પ્રેરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અંતરમાં થઈ રહ્યું હતું કે, 'આ બધા ભક્તજનો હેતના દરિયા જેવા છે, મારા વિરહમાં આમાંથી ઘણા જીવી નહીં શકે, અને આત્મહત્યાઓ કરશે.' આવું ન થાય માટે મહારાજે કહ્યું, "ભક્તો! સાંભળો! અમારી પાછળ જે કોઈ શરીર ત્યાગશે, તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે, એને હું અક્ષરધામમાં પ્રવેશવા નહીં દઉં."

"તમે બધા એક પછી એક આવીને અમારાં ચરણને સ્પર્શ કરી સમ ખાઓ, કે તમે અમારી પાછળ આત્મહત્યા નહિ કરો."

બધા જ સંતો-હરિભક્તોએ શ્રીજી મહારાજનાં ચરણ સ્પર્શ કરી સોગંદ ખાધા અને બોલ્યા, "મહારાજ! અમે વિરહની વેદના વેઠતા રહીશું, પણ તમારી મરજી નહીં લોપીએ. અમારી વિનંતી એટલી જ છે કે, અમને તમારી પાછળ બહુ વધારે સમય જીવતા રાખશો નહિ."

ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, "સમય આવ્યે અમે તમને અમારી પાસે બોલાવી લઈશું, માટે ધીરજ રાખજો, શોકાતુર થશો નહીં."

ભગવાન શ્રી સ્વામિનારાયણે સાંત્વનાના શબ્દોથી સંતો-ભક્તોને મહાપરાણે ધૈર્ય ધરાવ્યું.

બિસર ન જાજો મોરે મીત

શ્રીહરિની આ લોકમાંથી વિદાયની વાત સાંભળીને પ્રેમસખી પ્રેમાનંદસ્વામીની ભાવદશા અનોખી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે છેલ્લી સભા કરી અને ધામમાં જવાનો સંકલ્પ જાહેર કર્યો, ત્યારે પ્રેમસખીએ શ્રીહરિની સમક્ષ વિરહાતુર સ્વરે છેલ્લું કીર્તન ગાયું હતું,

બિસર ન જાજો મેરે મીત, યહ વર માગું નીત... બિસર૦

મેં મતિમંદ કછુ નહીં જાનું, નહીં કછું તુમસે હીત,
બાંય ગ્રહે કી લાજ હે તુમકું, તુમ સંગ મેરી જીત... બિસર૦

તુમ રીઝો એસો ગુન નાહીં, અવગુન કી હું ભીંત,
અવગુન જાની બિસારોગે જીવન, હોવહું બહુત ફજિત... બિસર૦

મેરો દૃઢ ભરોસો જીય મેં, તજી હો ન મોહન પ્રીત,
જન અવગુન પ્રભુ માનત નાહીં, યે હી પૂરવ કી રીત... બિસર૦

દીનબંધુ અતિ મૃદુલ સુભાઉં, ગાઉં નિશદિન ગીત,
પ્રેમસખી સમજુ નહીં ઊંડી, એક ભરોસો ચિત્ત... બિસર૦

સ્વામી જ્યારે આ કીર્તન ગાઈ રહ્યા હતા, ત્યારે એમના સરોદમાં અને સ્વરમાં અંતરનો આર્તનાદ અને વસમા વિરહની વેદના વરસી રહ્યાં હતાં. આ વેદનાએ સર્વને ધ્રુસકે ધ્રુસકે રડાવ્યા હતા.

ભગવાન શ્રીકૃષ્ણે શરીર છોડતી વખતે મૈત્રેય ઋષિને વિદુરજીની ભલામણ કરી હતી, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે શરીર છોડતાં પહેલા જીવુબાને પ્રેમસખીની

ભલામણ કરતાં કહ્યું હતું કે, “આજ સુધી આ પ્રેમસખીને અમે સાચવ્યા છે, હવે તમે એને સાચવજો.”

શ્રીજી મહારાજનાં આ વચનનું જીવુબાએ યથાર્થ પાલન કર્યું હતું.

મહાપ્રયાણ

વિક્રમ સંવત ૧૮૮૬ જેઠ સુદી દશમીનો દિવસ હતો. સવારના લગભગ સાડા દસ વાગ્યાનો સુમાર હતો. શ્રીજી મહારાજની અક્ષર ઓરડીએ સંતો-હરિભક્તો ભારે અને ભાંગેલાં હૈયે ભેગાં થયાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધરતીને ગાયના છાણથી લીંપાવી ઉપર દર્ભ પથરાવ્યા, પછી એ લીંપેલી ધરતી ઉપર પોતે સ્વસ્તિક આસને વિરાજમાન થયા. નેત્રો મીંચી સ્વ-સ્વરૂપમાં વૃત્તિ જોડી દીધી. એ જ સમયે એમનાં શરીરમાંથી દિવ્ય પ્રકાશ રેલાયો.

સેંકડો સંતો-હરિભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય દેહોત્સર્ગ લીલા નજરોનજર નિહાળી રહ્યા હતા. અવકાશમાં અનંત અક્ષરમુક્તો શ્રીહરિનું સ્વાગત કરી રહ્યા હતા.

શ્રીહરિએ સ્વતંત્રપણે અંતર્ધાનલીલા સ્વીકારી હતી. ગઢપુરમાં કરુણ વિરહસાગરે માઝા મૂકી હતી. ચારે બાજુ હૈયાફાટ આક્રંદ થઈ રહ્યાં હતાં.

યોગીરાજ ગોપાળાનંદસ્વામી ભારે ધૈર્યપૂર્વક અંતિમ વિધિની તૈયારીઓ કરાવી રહ્યા હતા. ગઢપુરની લક્ષ્મીવાડીએ ભગવાન શ્રીહરિનાં લીલામય શ્રીવિગ્રહને અગ્નિસંસ્કાર કરવામાં આવી રહ્યો હતો.

ગોપાળાનંદસ્વામીએ ચિતાથી થોડે દૂર ફરતા વાંસડાની મજબૂત વાડ્ય કરાવી હતી અને મજબૂત પાર્ષદોને ફરતા ગોઠવી દીધા હતા, કે જેથી કોઈ ચિતામાં ન પડે.

દાદા ખાચરથી મહારાજનો આ વિરહ સહેવાય તેમ નહોતો. એ દોડીને ચિતામાં પડવા ગયા.

ગોપાળાનંદસ્વામીએ જોરથી દાદા ખાચરનો હાથ પકડી લીધો અને બોલ્યા, “હાં! હાં! દાદા શું કરે છે? મહારાજને મૂવા માને છે? સામે આંબાની બેઠકે જા, મહારાજ તારી રાહ જુએ છે.”

સ્વામીએ બે સંતોને આજ્ઞા કરી, “દાદાનો હાથ પકડી બેઠકે લઈ જાઓ.”

લક્ષ્મીવાડીની આ બેઠકે આંબાના ઝાડ નીચે ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર સભા ભરીને બેસતા.

જેવા દાદા ખાચર બેઠકે આવ્યા, એ જ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ દિવ્ય સ્વરૂપે સભા ભરીને બિરાજમાન હતા. મહારાજનાં દર્શન કરતાં જ દાદા ખાચરના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મહારાજે વ્હાલથી મીઠા સ્વરે દાદા ને આવકરતાં કહ્યું, "દાદા! અમને મૂવા માનીશ નહિ. અમારું આવવું અને જવું એ તો લીલામાત્ર છે. અમે ભક્તોને માટે સત્સંગમાં સદૈવ પ્રગટ છીએ." આટલું કહી મહારાજ દાદાને ભેટ્યા, ગુલાબનો હાર પહેરાવી ધીરજ બંધાવી.

ક્યારે હવે દેખું રે હરિ હસતાં...

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં લીલામય શ્રીવિગ્રહનો અગ્નિસંસ્કાર થઈ ચૂક્યો હતો. કેટલાક વિરહાતુર સંતો ચિતાથી થોડે દૂર બેસી વિરહાતુર હૃદયે મહારાજને સંભારી રુદન કરી રહ્યા હતા. સમય વીતતો જતો હતો, પરંતુ સંતોનું રુદન શાંત થતું ન હતું.

ધીરે ધીરે અંધકારના ઓળા ધરતી ઉપર ઊતરી રહ્યા હતા. ભક્તોની આંખમાંથી આજે નિદ્રા હરામ થઈ ચૂકી હતી.

ગઢપુરમાં જીવુબા, લાડુબા વગેરે ભક્તનો સમુદાય વિરહસાગરમાં ડૂબેલો હતો. દાદાના દરબારમાંથી ઊઠી રહેલા વિરહભર્યા રુદનનાં સ્વરો રાત્રિના સૂમસામ વાતાવરણને ભેદી રહ્યા હતા.

મધરાત થવા આવી હતી, જેઠ સુદી દશમીનો ચંદ્રમા નિસ્તેજ ભાસતો હતો. આકાશના દેવતાઓની આંખોમાંથી આંસુડાં ખરતાં હોય એમ તારલિયાઓ ખરી રહ્યા હતા.

મહારાજની ચિતાની અગ્નિજ્વાળાઓ શાંત થઈ ચૂકી હતી, પરંતુ ચિતાની સામે બેઠેલા સંતોના હૃદયની વિરહજ્વાળાઓ શાંત થવાનું નામ લેતી ન હતી.

એક બાજુ અંગારાઓ રાખમાં પલટાઈ રહ્યા હતા, બીજી બાજુ રાખમાં પલટાતી ચિતાને સંતો અપલક નયને નીરખી રહ્યા હતા. અહીં એમના પ્રાણપ્રિય મહારાજ અગનપછેડી ઓઢીને સૂતા હતા.

આ એ સંતો હતા, જેમના અંતરની વૈરાગ્યમયી ઉર્વરક ધરામાં ભક્તિના પારિજાત પાંગર્યાં હતાં. આ એ સંતો હતા, જેમના જ્ઞાનના હિમાલયમાંથી ભક્તિની ભાગીરથીઓ પ્રગટી હતી. આ એ સંતો હતા, જેમના ઉપર મહારાજનું હેત અષાઢી મેઘની જેમ મન મૂકીને વરસ્યું હતું. ચિતાસ્થળીને એકીટશે નિહાળી રહેલા સંતોના અંતરની સારંગીના સૂરો સાથે પ્રેમસખીના વિરહી સ્વરો ઊઠી રહ્યા હતા.

ક્યારે હવે દેખું રે હરિ હસતાં,
મારા મન મંદિરીયામાં વસતાં.
ક્યારે હવે દેખું રે હરિ હસતાં

એવામાં અચાનક ચિતાસ્થળે તેજનો પુંજ પ્રગટ્યો અને એ શીતળ-શાંત તેજમાં મંદ મંદ હસતાં હસતાં મહારાજ ઊભા હતા. મહારાજનાં દર્શન કરતાં જ સંતોના

આશ્ચર્યનો પાર ન રહ્યો.

મહારાજ સંતોની સમીપે આવ્યા. મહારાજને જોઈને સર્વે સંતો એકદમ ઊભા થઈ ગયા. મહારાજ એક એક સંતને બાથમાં ઘાલીને મળ્યા અને કહ્યું, "સંતો! અમને મરેલા માનો છો? અમે સદૈવ પ્રગટ જ છીએ. આવાગમન તો અમારી લીલામાત્ર છે, માટે અમારી પાછળ શોક છોડો. જાઓ સ્નાન કરો, અમારી મૂર્તિનું ધ્યાન ધરો. જ્યારે જરૂર જણાશે ત્યારે અમે તમારી સામે આ જ રીતે પ્રગટ થતા રહીશું."

આ રીતે સંતોને સાંત્વના આપી દિવ્ય મૂર્તિ મહારાજ અદૃશ્ય થઈ ગયા!

મહારાજનાં દર્શનથી સંતોનો વિરહસાગર આનંદ અને આશ્ચર્યના સાગરમાં પલટાઈ ગયો. સંતો ઘેલા નદીએ ગયા; સ્નાન કર્યું અને પ્રાતઃક્રિયામાં પરોવાયા.

રાત્રે પોતાને થયેલા અનુભવની વાત કોને કહેવી? કોને ન કહેવી? કોઈ માને! કોઈ ન માને! આવી અવઢવમાં સંતો ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા અને બધી વાત કરી.

સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ કહ્યું, "સંતો! મહારાજ તો સત્સંગમાં સદા સર્વદા પ્રગટ જ છે. સામાન્ય સંસારી જેવા જન્મ-મરણ એમને સ્પર્શતા નથી. તમે ભાગ્યશાળી છો. તમને મહારાજે એમના દિવ્ય ભાવની પ્રતીતિ કરાવી છે. હવે તમે સદૈવ એ દિવ્ય રૂપનું ધ્યાન-ભજન કરતાં રહેજો."

ગોપાળાનંદસ્વામીની વાત સાંભળી સર્વ સંતોના હૈયામાં ભારે શાતા વળી.

તમે ગઢપુર જાવ...અમે આવીએ છીએ!

એક બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા હતા, બીજી બાજુ એ જ સમયે અનેક દિવ્ય ઘટનાઓ ઘટી રહી હતી. જે દિવસે મહારાજ ધામમાં ગયા, એ જ દિવસે વડનગરના બે બ્રાહ્મણો દાન-દક્ષિણાની આશાથી મહારાજનાં દર્શને નીકળ્યા હતા. રસ્તામાં પાર્ષદોથી ઘેરાયેલા મહારાજ એમને સામે મળ્યા.

મહારાજને જોતાં જ બ્રાહ્મણો મહારાજને દંડવત કરવા લાગ્યા અને બોલ્યા, "મહારાજ! અમે તમારાં દર્શન કરવા માટે ગઢપુર આવતા હતા અને અમને તો અહીં માર્ગમાં જ તમારાં દર્શન થઈ ગયાં."

મહારાજે હસીને કહ્યું, "તમે ગઢપુર પહોંચો અમે થોડી વારમાં ગઢપુર આવીએ છીએ." બ્રાહ્મણો જ્યારે ગઢપુર પહોંચ્યા ત્યારે એમને ખબર પડી કે, "અરે! મહારાજ તો અંતર્ધાન થઈ ચૂક્યા છે! મહારાજે માર્ગમાં દર્શન દીધાં એ તો એમનું દિવ્યરૂપ હતું."

આ ચમત્કાર જોઈને બંને બ્રાહ્મણોએ વડનગર પાછા જવાનું માંડી વાળ્યું, તેઓ બ્રહ્મચારી થયા. એમનાં નામ 'હરિકૃષ્ણાનંદ સ્વામી' અને 'રામચંદ્રાનંદ સ્વામી' રાખવામાં આવ્યાં. તેઓએ જીવનભર અમદાવાદ મંદિરમાં રહીને શ્રી નરનારાયણ દેવની સેવા કરી હતી.

હવે અમે સાવ સાજા થઈ ગયા!

મહારાજ જે દિવસે ધામમાં ગયા, એ જ દિવસે એક બીજી અલૌકિક ઘટના બની.

ભગવાન શ્રી સ્વામિનારાયણ બીમાર છે એમ સાંભળીને વડોદરાના સુપ્રસિદ્ધ રામચંદ્ર વૈદ્ય મહારાજનાં દર્શન અને ઔષધ-ઉપચાર કરવા માટે ગઢપુર આવી રહ્યા હતા.

તેઓ જેવા ગઢપુરના સીમાડામાં પ્રવેશ્યા, એ જ વખતે મહારાજ કાઠી સવારોની સાથે એમને સામે મળ્યા. મહારાજનાં દર્શન કરતાં જ રામચંદ્ર વૈદ્યના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મહારાજને દંડવત કરતાં કરતાં રામચંદ્ર વૈદ્ય બોલ્યા, “અરે મહારાજ! તમે તો બીમાર હતા ને?”

મહારાજ હસીને બોલ્યા, “વૈદ્યરાજ! અમે તો હવે સાવ સાજા થઈ ગયા છીએ. લ્યો, અમારી નાડી તપાસો, હવે તો અમારા નખમાંય રોગ નથી.”

રામચંદ્ર વૈદ્યે મહારાજની નાડી જોઈ તો જણાયું કે, ‘મહારાજનું શરીર અત્યંત નીરોગી છે!’

મહારાજે હસીને કહ્યું, “વૈદ્યરાજ! તમે ગઢપુર પહોંચો, અમે હમણાં જ તમારી પાછળ પાછળ ગઢપુર આવીએ છીએ.”

જ્યારે રામચંદ્ર વૈદ્ય ગઢપુર પહોંચ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે, ‘અરે! મહારાજ તો અંતર્ધાન થઈ ચૂક્યા છે!’

મહારાજના દિવ્ય દર્શન પામીને રામચંદ્ર વૈદ્ય ધન્ય ધન્ય થઈ ગયા.

તારા હાથનો થાળ જમવો છે!

પીપલાણામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત નરસિંહ મહેતા રહેતા હતા. એમની દીકરી લાડકીબાઈને આખા ગામે પરણાવેલા હતા.

લાડકીબાઈ સમાધિનિષ્ઠ હતા. એમનું હૃદય ભક્તિભાવથી પરિપૂર્ણ હતું. લાડકીબાઈના અંતરમાં મનોરથ હતો કે, ‘હું થાળ કરી મહારાજને જમાડું.’

મહારાજ ધામમાં ગયા, એ જ દિવસે એમણે દિવ્યરૂપે લાડકીબાઈને દર્શન દીધાં.

મહારાજનાં દર્શન કરતાં જ લાડકીબાઈ ભાવવિભોર થઈ ગયા અને બોલ્યા, “અરે મહારાજ! અમે તો સાંભળ્યું હતું કે તમે તો બીમાર છો અને આમ અચાનક અહીં ક્યાંથી?”

મહારાજે કહ્યું, “અરે લાડકી! અમે તો સાવ સાજા છીએ. જો અમારાં શરીરમાં હવે જરાય કસર નથી. અમને ખૂબ ભૂખ લાગી છે, જલદી થાળ તૈયાર કર અને અમને જમાડ.”

લાડકીબાઈ બોલ્યા, "મહારાજ! મારાં મનમાં ઘણા સમયથી મનોરથ હતો કે હું તમને જમાડું." મહારાજે કહ્યું, "ગાંડી! તારા હૃદયનો મનોરથ પૂર્ણ કરવા માટે જ અમે અહીં આવ્યા છીએ."

લાડકીબાઈએ અત્યંત ભાવપૂર્વક રસોઈ બનાવીને મહારાજને જમાડ્યા. લાડકીબાઈના હાથે થાળ જમીને મહારાજ વીજળીના ઝબકારાની જેમ એકાએક અદૃશ્ય થઈ ગયા.

લાડકીબાઈના આશ્ચર્યનો પાર ન રહ્યો. સમાધિનિષ્ઠ લાડકીબાઈ ધ્યાનમાં બેઠા તો જણાયું કે, 'અરે! મહારાજ તો ગઈકાલે અંતર્ધાન થઈ ચૂક્યા છે!'

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા પછી આવી તો અનેક અલૌકિક દિવ્ય ઘટનાઓ બની હતી.

વિરહનો ગહેરો આઘાત

ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરવાસનો આઘાત સહેવો અઘરો હતો. મહારાજના અક્ષરવાસના સમાચાર સાંભળી પાણવીના પૂંજા ડોડિયાને એટલો વસમો આઘાત લાગ્યો, કે એમનો ઘાંટો જ બેસી ગયો; અન્ન-જળ ગળે ઊતરવાનું બંધ થઈ ગયું! મહારાજના વિરહમાં ઝૂરતા પૂંજા ડોડિયાએ એક અઠવાડિયામાં શરીર છોડી દીધું.

ગુણાતીતાનંદસ્વામી લક્ષ્મીવાડીએ હાથમાં જળપાત્ર લઈને બહિર્ભૂમિ જઈ રહ્યા હતા. એમણે ધોરિયાને કાંઠે લીલીછમ ધ્રો જોઈ. એમના હૃદયમાં મહારાજના વિરહે માઝા મૂકી. સ્વામીને થયું, 'અરે! આ ધ્રોનું જીવન જળ છે તો કેવી કલવલિયા કરે છે અને આપણું જીવન મહારાજ તો ગયા!'

આટલા વિચાર માત્રથી સ્વામી બેભાન થઈ ઢળી પડ્યા. એ જ વખતે મહારાજ દિવ્ય રૂપે પ્રગટ થયા, સ્વામીનો હાથ પકડીને બેઠા કર્યા અને બોલ્યા, "સ્વામી! તમે તો જબરા જ્ઞાની છો, છતાંય અમને મરેલા માનો છો? અમે તો તમારા જેવા સંતોના હૈયામાં અખંડ બિરાજમાન છીએ."

મનુષ્ય તો ઠીક, મહારાજની માણકી ઘોડી ઉપર પણ આ ઘટનાની ઘેરી અસર પડી હતી. માણકીને મહારાજ પર અસાધારણ પ્રીતિ હતી. માણકી મહારાજને ઇશારે ચાલતી હતી એટલે તો એ મહારાજનું મન ગણાતી હતી. કોઈ એકાંતિક ભક્ત સાથે ભગવાનનો નાતો હોય એવો જ અનુપમ નાતો માણકી અને મહારાજ વચ્ચે હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરવાસ બાદ માણકી ઘોડીએ ઘાસ અને પાણી ત્યજી દીધાં હતાં. એની આંખોમાંથી સતત અશ્રુધારા વહ્યા કરતી હતી અને બરાબર તેરમાને દિવસે મહારાજના વિરહમાં વલખતી વલખતી માણકીએ શરીર છોડી દીધું હતું.

માણકીનું શરીર ભલે છૂટ્યું, પણ એના પ્રેમને કાળ પણ કાંઈ કરી શકે તેમ નથી. મહારાજ અને માણકીનો પ્રેમ સદૈવ અમર રહેશે.

પ્રાતઃ ભયો પ્રાણપ્યારે...

ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરવાસ બાદ પ્રેમસખીના વિરહનું વર્ણન કરવું અશક્ય છે. પ્રેમસખી રોજ પ્રાતઃકાળે અક્ષર ઓરડીની ઓસરીમાં બેસી પ્રભાતિયાં કીર્તન બોલતાં. પ્રેમસખી સારંગીના સૂરે ભગવાન શ્રી સ્વામિનારાયણને જગાડતા.

મહારાજનાં અંતર્ધાન થયા બાદ બીજા જ દિવસે પ્રેમસખી પોતાની સારંગી લઈને અક્ષરઓરડીની ઓસરીએ પધાર્યા અને કીર્તન શરૂ કર્યું. પ્રેમઘેલા પ્રેમસખી વિસરી ગયા હતા કે, 'હું જેને જગાડવા માગું છું, તે શ્રીહરિ તો અંતર્ધાન થઈ ચૂક્યા છે.'

કોઈ સંતે આવી પ્રેમસખીને સચેત કર્યાં અને કહ્યું, "સ્વામી! તમે જેને જગાડવા માટે કીર્તન ગાવ છો, એ શ્રીહરિ હવે આ લોકમાં નથી રહ્યા." પ્રેમસખીને વાસ્તવિકતાનું ભાન થયું અને એ જ સમયે બેભાન થઈને ધરણી ઉપર ઢળી પડ્યા. પેલા સંતે દોડતા જઈને ગોપાળાનંદસ્વામીને ખબર કરી. સ્વામી દોડતા આવ્યા; અન્ય સંતો પણ ભેગા થઈ ગયા. ગોપાળાનંદસ્વામીએ બેશુદ્ધ થયેલા પ્રેમસખીને ભાનમાં આણ્યા અને ખૂબ ધીરજ આપી. પ્રેમમૂર્તિની ધીરજ લાંબી ટકી શકે તેમ નહતી. એમણે ફરીથી વિરહનું પદ ઉપાડ્યું...

દોહરાઃ–

આવું નો'તું કરવું નાથજી રે, ચાલ્યા મારગડામાં મેલી નાથ...
અમને છળ કરીને તમે છેતર્યાં રે, નાખ્યાં દુઃખને દરિયે ઠેલી નાથ.
આવું નો'તું કરવું.૧

હવે અમે કે સામું જોઈ જીવશું રે, કેને પાસે જઈને બેસશું નાથ...
કેની વાતો સુણી શાંતિ વળે રે, કેને આગળ દુઃખડાં કહેશું નાથ...
આવું નો'તું કરવું. ૨

દુઃખના ડુંગર તો તૂટી પડ્યા રે, દુઃખના દરિયા ઊલટ્યા આજ...
અમારી દૃષ્ટિથી અળગા થયા રે, સહજાનંદજી મહારાજ...
આવું નો'તું કરવું. ૩

પુણ્ય અમારાં સહુ આવી રહ્યાં રે, તમ વિના ઊગ્યાં દુઃખનાં ડાભ...
હવે અમે અભાગિયા થઈને રહ્યાં રે, હરિ અમે હાર્યા સર્વે લાભ...
આવું નો'તું કરવું. ૪

દુ:ખના દિવસ વાંસે ક્યાં હતા રે, અમે પે'લું નોતું જાણ્યું નાથ...
અમે શું જાણું જે તમે મેલશો રે, મહા વનમાંહી અમારો સાથ...
આવું નો'તું કરવું. ૫

આકાશ તૂટી કેમ પડતું નથી રે, પૃથ્વી કેમ નથી દેતી માગ...
પાપી પીંડ તે કેમ પડતો નથી રે, ડસતો કેમ નથી કાળો નાગ...
આવું નો'તું કરવું. ૬

કઠણ છાતી કેમ ફાટતી નથી રે, ચાલ્યા મેલી શ્યામ સુજાણ...
શું સુખ લેવાને વાંસે રહ્યા રે, જાતા કેમ નથી પાપી પ્રાણ...
આવું નો'તું કરવું. ૭

દુ:ખની સીમા તે આવી રહી રે, એથી દુ:ખ બીજું ન કહેવાય..
દુ:ખિયો પ્રેમાનંદ વિનંતી કરે રે, સ્વામી કરજો અમારી સહાય...
આવું નો'તું કરવું. ૮

પ્રેમસખીની સારંગીમાંથી ઊઠતા વિરહના સ્વરો પાષાણને પણ પીગળાવે તેવા હતા. પ્રેમસખીનું આ છાતીફાટ રૂદન સાંભળીને ઉપસ્થિત સર્વ સમુદાય પણ વિરહસાગરમાં ડૂબી ગયો.

પાતળિયે હર્યા પ્રાણ...

જૂનાગઢ મંદિરનું શિખરકામ કરી રહેલા બ્રહ્માનંદસ્વામીને પાર્ષદ ભગુજી દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરવાસના આઘાતજનક સમાચાર મળ્યા.

સ્વામી વેગવંતી સાંઢણી ઉપર બેસીને પવનવેગે ગઢપુર પધાર્યા. ગઢપુરમાં શ્રીજી મહારાજનો અગ્નિસંસ્કાર થઈ ચૂક્યો હતો.

બ્રહ્મમુનિએ ગોપાળાનંદસ્વામી વગેરે સંતોને કહ્યું, “તમારે આ કાળિયાના શરીરને અગ્નિદાહ દેતા પહેલાં મારી રાહ જોવાની જરૂર હતી. આ બ્રહ્માનંદ એને ધામમાંથી પણ એક વાર આ દેહમાં પાછો લાવત!”

બ્રહ્માનંદસ્વામી મંદિરમાં પધાર્યા અને ગોપીનાથજી મહારાજની મૂર્તિની સામે ઊભા રહીને હૈયાફાટ કલ્પાંત કરતાં કરતાં કીર્તનો બોલવા લાગ્યા,

“પાતળિયે હર્યા પ્રાણ રે બહેની મારા... પાતળિયે હર્યા પ્રાણ.”
“પ્રાણ સ્નેહી ઘર આવો પિયરા...જિયરા ધીર ધરત નહીં મોરા”

સ્વામીની આંખોમાંથી આંસુડાંઓની ધારાઓ વહી રહી હતી અને મુખમાંથી વિરહની વેદના ભરેલાં કીર્તનોની ધારાઓ પ્રગટતી હતી અને વિરહી મયૂરના કેકારવ જેવા પડઘા મંદિરના ઘુંમટમાં પડઘાઈ રહ્યા હતા.

સ્વામીના અંતરમાં વિરહસાગરે માઝા મૂકી હતી. એમના વિરહની વેદનાથી મંદિરના પથ્થરો પણ પીગળવા લાગ્યા હતા. સાંભળનારા સર્વે સંતો-હરિભક્તો ધીરજ ખોઈ બેઠા.

સ્વામીનો વિરહ શ્રીજીમહારાજથી પણ સહેવાયો નહિ. તેઓ ગોપીનાથજી મહારાજની મૂર્તિમાંથી પ્રગટ થયા. ચારે બાજુ અલૌકિક દિવ્ય પ્રકાશ પથરાયો.

મૂર્તિમાંથી પ્રગટેલાં શ્રીહરિ ગર્ભગૃહના ઉંબરે ઊભા રહ્યા, લાંબો હાથ કર્યો, બ્રહ્મમુનિને ગુલાબનો હાર પહેરાવ્યો, બાથમાં લઈને મળ્યા અને મીઠે સ્વરે ઠપકો દીધો,

"સ્વામી! તમે પણ અમને પ્રાકૃત જીવની પેઠે મરેલાં માનીને રુદન કરો છો? સ્વામી! અમે ક્યાંય ગયા નથી. અમારે આવાગમન છે જ નહિ. આવાગમન તો અમારી લીલામાત્ર છે."

"સ્વામી! અમે કોલ દીધો છે એ પ્રમાણે અમે સત્સંગમાં સદૈવ પ્રગટ છીએ. તમે જ્યારે યાદ કરશો, ત્યારે અમે તમને દર્શન દઈશું." આટલું કહી શ્રીહરિ પાછા મૂર્તિમાં સમાઈ ગયા. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય તેજસ્વી મુખમાંથી વહેતી દિવ્ય વાણીને ન માત્ર બ્રહ્મમુનિ, ઉપસ્થિત સર્વે સમુદાય પણ સાંભળી રહ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ સત્સંગમાં સદૈવ પ્રગટ છે, એવી બ્રહ્મમુનિને પ્રતીતિ થઈ.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીનો અક્ષરવાસ

મુક્તાનંદસ્વામીનું શરીર વૃદ્ધ થયું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને જીવનભર ઉદ્ધવ સંપ્રદાયની પુષ્ટિ થાય એવા સાહિત્યનું સર્જન કરતાં રહેવાની આજ્ઞા કરી હતી. મુક્તાનંદસ્વામીએ જીવનભર આ આજ્ઞા પાળી હતી.

શ્રીજી મહારાજ અંતર્ધાન થયા પછી એમના વિરહની વેદના સ્વામીનાં અંતરને કોરી ખાતી હતી. શરીર અતિ વૃદ્ધ થયું હતું. લખતાં લખતાં હાથ ધ્રૂજતો હતો, કલમ ચાલતી ન હતી. સ્વામીથી હવે લખી શકાય તેમ ન હતું, છતાં પણ શ્રીજી મહારાજના વચનોને યાદ કરીને લખવાનું ચાલુ રાખતા હતા.

સ્વામી ધર્માખ્યાન નામનો ગ્રંથ રચી રહ્યા હતા અને ધ્રૂજતે હાથે લખી રહ્યા હતા. એ જોઈને ગોપાળાનંદસ્વામીએ કહ્યું, "સ્વામી! હવે તમે નિવૃત્તિ લ્યો."

મુક્તાનંદસ્વામી બોલ્યા, "પણ મારાથી મહારાજની આજ્ઞા કેમ ઉથાપાય? આ ધર્માખ્યાન ગ્રંથ અધૂરો છે."

નિત્યાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું, "સ્વામી! આ અધૂરા ગ્રંથને હું પૂર્ણ કરીશ."

આમ વાત થાય છે ત્યાં સ્વામીના ધ્રૂજતા હાથમાંથી કલમ નીચે પડી ગઈ. નિત્યાનંદસ્વામીએ કલમ ઉઠાવી લીધી.

મુક્તાનંદસ્વામી બોલ્યા, "સંતો! કલમ નથી પડી પરંતુ મારું આયખું પૂરું થયું છે. હવે અમારાથી મહારાજનો વિરહ સ્હેવાતો નથી, માટે હવે અમારે આ લોકમાં નથી રહેવું." મુક્તાનંદસ્વામીની વાત સાંભળીને સર્વે સંતો ઉદાસ થઈ ગયા.

વિ. સં. ૧૮૮૬ અષાઢ વદી એકાદશીનો દિવસ હતો. સ્વામીએ ગોપીનાથજી મહારાજની મૂર્તિ સામે બેસીને પ્રાર્થના કરી, 'હે મહારાજ! હવે મને તમારી પાસે બોલાવી લ્યો.'

શ્રીહરિએ દર્શન દઈને કહ્યું, "સ્વામી! આજે મધ્યાહ્ને અમે તમને ધામમાં તેડી જઈશું."

અને બન્યું પણ એમ જ, શ્રીજીમહારાજ ધામમાં ગયા પછી બરાબર દોઢ મહિને મુક્તાનંદસ્વામીએ પણ સ્વતંત્ર થકા જીવનલીલા સંકેલી લીધી.

મુક્તાનંદસ્વામી સત્સંગની મા ગણાતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને મુક્તાનંદસ્વામીના ટૂંક સમયમાં અક્ષરવાસને લીધે સમસ્ત સત્સંગ માવતર ગુમાવ્યા હોય એવી વેદના અનુભવી રહ્યો હતો.

સજની શ્રીજી મુજને સાંભર્યા રે...

કહેવાય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વધામગમન બાદ પ્રેમસખી પ્રેમાનંદસ્વામીએ સારંગી નીચે મૂકી દીધી અને ગાવાનું બંધ કર્યું. સ્વામીના મનમાં થયું કે 'હવે કોને રીઝવવા ગાવું?'

મોટા મોટા સંતોએ પ્રેમસખીને વિનંતી કરી કે, 'સ્વામી! આવું ન કરો. તમારાં કીર્તનોની પ્રેમધારા તો હજારો દિલને શાંતિ આપનારી છે. આપ કીર્તન ગાતા રહેશો, તો આપનાં અંતરમાં પણ શ્રીહરિની સ્મૃતિ સચવાઈ રહેશે.' મોટા સંતોની વિનંતીથી સ્વામીએ સારંગી પાછી હાથમાં લીધી.

પ્રેમસખી રાત્રિ-દિવસ વિરહમાં ઝૂરતા રહ્યા, વિરહના પદો રચતા રહ્યા, રડતાં રડતાં ગાતા રહ્યા અને સર્વને વિરહના સાગરમાં ડુબાડતા રહ્યા.

પ્રેમસખીએ શ્રીજી મહારાજનાં વિરહમાં રચેલાં નીચેનાં ચાર પદો અતિ પ્રસિદ્ધ છે,

પદ–૧ સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઊભરાય... સજની૦

પદ–૨ મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે, ચિંતવન કરવા ચિત્ત આતુર... મનડું

પદ–૩ સજની નિમખ ન વિસરે નાથજી રે, નિત્ય નવા તરુણપણાના ખેલ...સજની

પદ–૪ લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટકે ઊંડાં અંતરમાંય...લટકાં૦

આ ચારેય પદોમાં પ્રેમસખીએ શ્રીજીમહારાજની લીલા તથા પ્રસાદીના સ્થાન અને પદાર્થોનું ભાવવાહી વર્ણન કરેલું છે.

પ્રેમસખીની ભાવદશા

કવીશ્વર દલપતરામ નોંધે છે કે, “એક વાર ગઢપુર ખાતે વિશાળ સમૈયો ભરાયો હતો. બંને આચાર્યો અને સંતો-હરિભક્તોનો વિશાળ સમુદાય હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણની ગેરહાજરીથી બધાંને સૂનું-સૂનું લાગતું હતું.”

આ સભામાં આચાર્ય મહારાજે પ્રેમસખીને કીર્તનો બોલવા વિનંતી કરી. પ્રેમસખી પ્રેમાનંદસ્વામીએ પોતાની સારંગી ઉપર વિરહના સૂર છેડ્યા.

સભામાં ટાંચણી પડે તોય સંભળાય એવી સ્તબ્ધતા અને શાંતિ પથરાયા હતા. પ્રેમાનંદસ્વામીના કંઠેથી ગઢપુર લીલાના...“સજની શ્રીજી મુજને સાંભર્યા...” એ પદો ગવાઈ રહ્યાં હતાં.

એ સભામાં એક પણ આંખ એવી ન હતી, કે જેની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસતા ન હોય. સમસ્ત સભા વિરહસાગરમાં ડૂબી ચૂકી હતી.

આશ્ચર્યની વાત એ હતી, કે કીર્તન બોલતાં બોલતાં પ્રેમસખીનો કંઠ રૂંધાઈ ગયો, હાથમાંથી સારંગી વગાડવાની કામઠી હેઠી પડી ગઈ અને પ્રેમસખી બેભાન થઈ ઢળી પડ્યા!

કવીશ્વર દલપતરામ લખે છે કે, ‘આ પ્રસંગનો હું સાક્ષી હતો.’

શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી અમદાવાદ ને સુરતમાં પણ વિશાળ સમૈયા ભરાયા હતા. એ સમયે પણ પ્રેમસખીના વિલાપની આ ગરબીઓના ગાને હજારો સત્સંગીઓને વિરહસાગરમાં ડુબાડી દીધા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી લાડુબા અને જીવુબાએ પ્રેમાનંદસ્વામીની જીવનભર સારસંભાળ લીધી હતી. આખરે આ વિરહાતુર સંતના વિરહસાગરે માઝા મૂકી હતી. સહજાનંદસ્વામી વગર જીવવું એમને હવે દુ:સહ લાગતું હતું.

વિ. સંવત ૧૯૧૧માં ભગવાન શ્રી સ્વામિનારાયણ અમને દિવ્ય દર્શન આપીને ધામમાં તેડી ગયા હતા. પ્રેમી ભક્તોના ઇતિહાસમાં પ્રેમસખીનું જીવન અજોડ છે. એમનો અમરપ્રેમ આજે પણ કીર્તનોની પાવનકારી ધારાઓમાં વહી રહ્યો છે.

ઉપસંહાર

ભગવાન શ્રી સ્વામિનારાયણની અંતર્ધાન લીલા હજારો સંતો-હરિભક્તોના હૈયામાં વિરહનો મહાસાગર રેલાવી ગઈ.

કોઈ પણ અવતારી મહાપુરુષે આ લોકમાંથી વિદાય લીધી હોય અને આ રીતે આટલા મોટા પ્રમાણમાં વિરહસાગરે માઝા મૂકી હોય એવાં ઉદાહરણો ઓછાં જોવાં મળશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે લાખો નરનારીઓની શ્રદ્ધા અજોડ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અંતર્ધાન થતા પહેલા ભક્તોને કોલ દીધો હતો કે, 'અમે સત્સંગમાં સદૈવ પ્રગટ રહીશું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાનું આ વચન અંતર્ધાન થયા બાદ આજે પણ પૂર્ણ કરી રહ્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આજે પણ હજારો નરનારીઓને પોતાના દિવ્ય દર્શન આપે છે, એમના મનોરથોને પૂર્ણ કરે છે અને અંત સમયે એમને પોતાનાં ધામમાં તેડી જાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભલે અંતર્ધાન થયા, પરંતુ... એમણે બંધાવેલાં સનાતન ધર્મનાં સંગમસમા મંદિરો અનેકતામાં એકતાનો સંદેશ ગાતાં રહેશે અને શુદ્ધ વૈદિક ઉપાસનાનો માર્ગ મજબૂત કરતાં રહેશે. મંદિરોનાં શિખર ઉપરની ધજાઓ સનાતન વૈદિક ધર્મની યશોગાથા લહેરાવતી રહેશે.

મંદિરોમાં પધરાવેલા દેવો ભક્તોના મનોરથોને પૂર્ણ કરતાં રહેશે.

પરમાત્માની પરાવાણી સમાન એમનાં વચનામૃતો શાસ્ત્રોનાં રહસ્યો સમજાવતાં રહેશે, ભાગવત ધર્મના મૂળ મજબૂત કરતાં રહેશે; હજારો મુમુક્ષુઓને મોક્ષમાર્ગે નડતી ગૂંચોનો ઉકેલ કરતા રહેશે; જ્ઞાનમાર્ગની આંટીઘૂંટીઓના જંગલમાં ભોમિયાની ગરજ સારતા રહેશે.

એમણે લખેલી શિક્ષાપત્રી સદૈવ સદાચારથી ઊજળા ધર્મનું પ્રવર્તન કરતી રહેશે.

એમણે સાધુઓ માટે પ્રવર્તાવેલા પંચવર્તમાન 'ઉત્તમ સંત કોને કહેવાય?' તે સમજાવતા રહેશે.

એમણે ગૃહસ્થોને આપેલાં પાંચ વ્રતો 'આદર્શ ગૃહસ્થ કોને કહેવાય?' તેનો પ્રબોધ કરતા રહેશે.

એમના સર્વજીવહિતાવહ સંદેશાઓ રૂપી ગંગોત્રીમાંથી જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ અને કરુણાની ગંગધારાઓ વહેતી રહેશે.

ભૌતિક અને અભૌતિક, પ્રાચીન અને અર્વાચીન વિદ્યાઓના સંગમ સમાન એમના સદ્‌વિદ્યા પ્રવર્તનનો સંદેશ વિશ્વમાં સંસ્કારયુક્ત જ્ઞાનની સુગંધ પ્રસરાવતો રહેશે.

ભાગવતજીના દશમ સ્કંધમાં બ્રહ્મસ્તુતિનાં અધ્યાયમાં બ્રહ્માજીએ પરમાત્માની સ્તુતિ કરતાં કહ્યું છે કે, 'ધરતીના રજકણો ગણી શકાય છે, સાગરના જળબિંદુઓ ગણી શકાય છે, આકાશના તારાઓ ગણી શકાય છે, પરંતુ હે ભગવન્! તમારા ગુણોની ગણના થઈ શકે તેમ નથી.'

શાસ્ત્રકારોએ કહ્યું છે,

असितगिरीसमं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमूर्वी ।
लिखति यदि गृहित्वा शारदा सर्वकालम्
तदपि तवगुणानामीश! पारं न याति ॥

'કાળા પર્વતો જેટલું કાજળ ઘોળી સમુદ્રના પાણીની સાહી બનાવી હોય, કલ્પતરુની કલમ હોય, પૃથ્વીનો કાગળ હોય, સ્વયં શારદા રાત-દિવસ લખતાં હોય, છતાં પણ હે પરમેશ્વર! તમારા ગુણોનો પાર પામી શકાતો નથી.'

અતિશયોક્તિ લાગે તો ક્ષમા કરશો, પરંતુ ઉપરની બધી જ વાત ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્ર રૂપી મહાસાગરને લાગુ પડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આકાશ જેવા અસીમ અને અમાપ છે. એમને બુદ્ધિના માપદંડથી માપી શકાય એમ નથી, તર્કના ત્રાજવે તોળી શકાય એમ નથી.

અમાપ અને અગાધ સાગર સમાન ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનને ગ્રંથરૂપી ગાગરમાં સમાવી શકાય એમ નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું જીવન મીઠાં મહેરામણ જેવું છે. એમાંથી આ ગ્રંથરૂપી અલ્પ આચમન કરવાનું અને કરાવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, એથી મારાં જીવનને કૃતાર્થ માનું છું.

●●●

પરિશિષ્ટ–૧

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વદર્શન

ભારતીય દર્શનધારાઓ

વિશ્વના કોઈ પણ ધર્મના બે અંગો હોય છે, આચાર અને દર્શન.

આચાર અને દર્શન પરસ્પર એકબીજાના પૂરક છે. આચાર વિના દર્શન અને દર્શન વિના આચાર અધૂરાં છે.

આચાર એટલે સદાચાર, સદાચારથી ચિત્ત શુદ્ધ થાય છે અને ચિત્તશુદ્ધિથી જ જ્ઞાન સિદ્ધ થાય છે. જ્ઞાનની ગમે એટલી ઊંચી વાતો કરે પણ જીવનમાં સદાચાર ન હોય તો ફૂટેલા ઘડામાંથી પાણી સ્રવી જાય એમ આચારભ્રષ્ટના જીવનમાંથી જ્ઞાન સ્રવી જાય છે.

વેદ પ્રતિપાદિત આ આચાર અને દર્શન ભારતીય સંસ્કૃતિનો આધાર છે. એક સમયે આચાર અને દર્શન બંને ગાઢ રીતે સંકળાયેલાં હતાં અને પરસ્પર પૂરક હતાં, પરંતુ સમય જતાં આ પ્રવાહોએ અલગ-અલગ રૂપ ધારણ કર્યાં અને અલગ અલગ સંપ્રદાયો રચાયા!

વૈદિક આચાર અને દર્શનની છ ધારાઓ પ્રસિદ્ધ છે. જેનાં નામ છે, પૂર્વ મીમાંસા-ઉત્તર મીમાંસા, સાંખ્ય-યોગ અને ન્યાય-વૈશેષિક.

વેદોના યજ્ઞાયાગાદિક પ્રધાન કર્મકાંડ ભાગને પૂર્વ મીમાંસા કહેવાય છે. ભગવાન વેદવ્યાસજીના શિષ્ય જૈમિનીજી પૂર્વ મીમાંસાના આચાર્ય ગણાય છે. પૂર્વ મીમાંસાને ભારતીય આચારોનો પાયો કહી શકાય. જેમાં જાતજાતના યજ્ઞો, વિધિવિધાનોનું નિરૂપણ છે. ભારતીય આચાર ગ્રંથો અને સ્મૃતિ ગ્રંથોનું મળ પૂર્વ મીમાંસા છે.

વેદોના અંતભાગે આવેલ ઉપનિષદોના અજોડ તત્ત્વજ્ઞાનને ઉત્તર મીમાંસા કહેવામાં આવે છે. એમના આચાર્ય ભગવાન વેદ વ્યાસ છે.

ઉત્તર મીમાંસા વેદાંત તરીકે પ્રસિદ્ધ છે. એ વેદાંત પણ અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, અચિંત્ય દ્વૈતાદ્વૈત વગેરે અનેક શાખાઓમાં વિભાજિત થયું છે.

સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક ભગવાન કપિલ નારાયણ છે. યોગશાસ્ત્રના પ્રવર્તક ભગવાન પતંજલિ છે. ન્યાય અને વૈશેષિકના પ્રવર્તક મહર્ષિ કણાદ અને ગૌતમ ગણાય છે.

મોટા ભાગના દર્શનાચાર્યોએ પ્રમેયસિદ્ધિ માટે ન્યાય અને વૈશેષિક દર્શનોનો અભ્યાસ આવશ્યક માન્યો છે. આ બંને દર્શનો તત્ત્વશાસ્ત્ર કરતાંય તર્કશાસ્ત્ર વિશેષ છે.

વેદાંત દર્શનના પાંચ પ્રયાગ

ભારતીય દર્શનશાસ્ત્રની છ ધારાઓમાં આજે વેદાંતદર્શન વિશેષ પ્રસિદ્ધ છે. ભગવદ્‌પાદ્ શંકરાચાર્યજીએ અદ્વૈત સિદ્ધાંતની સ્થાપના કરી છે. તેઓ સાક્ષાત્ શિવજીનો અવતાર મનાય છે. એમણે નિર્ગુણ નિરાકાર અદ્વૈતવાદનો વ્યાપક પ્રચાર કર્યો, પરિણામે 'વેદાંત' શબ્દ મોટા ભાગે અદ્વૈત સિદ્ધાંત માટે લોકોમાં પ્રસિદ્ધ થયો છે. વાસ્તવમાં વેદાંત દર્શનની અનેક ધારાઓ છે.

ઋષિકેશથી બદ્રીનાથને મારગે પંચ પ્રયાગો છે, એ જ રીતે વેદાંત દર્શનના પણ પાંચ પ્રયાગો છે. એક પ્રયાગ અદ્વૈત વેદાંત અર્થાત્ શાંકર વેદાંતનો છે. બીજા ચાર પ્રયાગ વૈષ્ણવ વેદાંતના છે, જેના નામ છે, શ્રી સંપ્રદાય, બ્રહ્મ સંપ્રદાય, શ્રીકુમાર સંપ્રદાય, શ્રીરુદ્ર સંપ્રદાય.

વેદાંતમાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા એ ત્રણ મુખ્ય ગ્રંથો છે. જેને પ્રસ્થાનત્રયી કહેવામાં આવે છે. ભારતવર્ષના તમામ સંપ્રદાયોમાં પ્રસ્થાનત્રયીનો પ્રમાણ ગ્રંથ તરીકે સ્વીકાર થયેલો છે. તમામ સંપ્રદાય પ્રવર્તક આચાર્યોએ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો રચીને પોતાના સિદ્ધાંતોની પુષ્ટિ કરી છે.

ભગવદ્‌પાદ્ શંકરાચાર્યજી પછીના લગભગ બધા જ મહાન આચાર્યોએ એક અવાજે શંકરાચાર્યજીના નિર્ગુણ નિરાકાર બ્રહ્મવાદના સિદ્ધાંતનો અસ્વીકાર કર્યો છે. એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ નિર્ગુણ, નિરાકાર બ્રહ્મનો અસ્વીકાર કર્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણને શંકરાચાર્યજી સાથે સૈદ્ધાંતિક વિરોધ હોવા છતાંય, એમનાં અંતરમાં શંકરાચાર્યજી પ્રત્યે ભારે આદર જોવા મળે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતોમાં અનેક સ્થળે આ વાત સ્પષ્ટ થયેલી છે. આ બાબતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અન્ય આચાર્યોથી અલગ પડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે, "ભગવદ્‌પાદ્ શંકરાચાર્યજી અદ્વૈતવાદના સમર્થક હતા, છતાં પણ એમણે રચેલાં 'ભજગોવિંદમ્' જેવા સ્તોત્રોથી જણાય છે કે એમનું અંતર ભક્તિથી ભરપૂર હતું."

ઉત્તરવર્તી અદ્વૈત પરંપરામાં ગુપ્ત રીતે વહેતી આ ભક્તિની ધારા પાતળી બની અને ક્યાંક ક્યાંક તો એ જ્ઞાન સાવ સૂકાં રણ જેવું બન્યું. આવા ભક્તિહીન વેદાંતીઓને ભગવાન શ્રી સ્વામિનારાયણ 'શુષ્ક જ્ઞાનીઓ' કહે છે.

વૈષ્ણવ વેદાંતની આઠ ધારાઓ

ભગવતી ભાગીરથી અનેક ધારાઓમાં વહે છે, એજ રીતે વૈષ્ણવ વેદાંતની મુખ્ય ચાર ધારાઓ ઉત્તરવર્તી કાળમાં આઠ ધારાએ વહેલી છે, જે નીચે પ્રમાણે છે,

શ્રી સંપ્રદાયના પ્રવર્તક આચાર્ય શ્રી ભગવદ્‌પાદ રામાનુજાચાર્યજી છે. તેઓ શેષનારાયણ અથવા તો લક્ષ્મણજી અવતાર મનાય છે. ભગવાન વિષ્ણુએ પોતાનું દિવ્યજ્ઞાન શ્રીદેવી અર્થાત લક્ષ્મીજીને આપ્યું હતું, એ જ્ઞાન ઉત્તરોત્તર પરંપરામાં શ્રી રામાનુજાચાર્યજીને પ્રાપ્ત થયું હતું, તેથી આ સંપ્રદાય 'શ્રી સંપ્રદાય' કહેવાય છે. શ્રી સંપ્રદાયનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સુપ્રસિદ્ધ છે.

સમય જતાં શ્રી સંપ્રદાયના ત્રણ પ્રવાહો થયા, રામાનુજ સંપ્રદાય, રામાનંદ સંપ્રદાય અને ઉદ્ધવ સંપ્રદાય. રામાનંદીય પ્રવાહના પ્રવર્તક જગદ્‌ગુરુ રામાનંદાચાર્યજી હતા. રામાનંદ સંપ્રદાયના અનુયાયીઓ તેમને શ્રી રામચંદ્રજીનો અવતાર માને છે. જગદ્‌ગુરુ રામાનંદાચાર્યજી રામાનુજીય પરંપરામાં દીક્ષિત હતા. એમણે વિશિષ્ટાદ્વૈતનો સ્વીકાર કર્યો હતો, પરંતુ શ્રી લક્ષ્મીનારાયણ દેવને બદલે સીતારામજીની ઉપાસના પ્રવર્તાવી હતી.

જગદ્‌ગુરુ રામાનંદજીના કબીરજી, તુલસીદાસજી વગેરે બાર શિષ્યો ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. રામાનંદ સંપ્રદાયના ત્રણ અખાડાઓ પ્રસિદ્ધ છે. આસ્થાનધારી, ખાલસા અને અખાડમલિયા. આ અખાડાઓમાં અનેક નાના-મોટા વિભાગો છે. જેવા કે દિગંબરી, નિર્મોહી, નિર્વાણી વગેરે.

ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ કરી હતી. રામાનંદસ્વામીના ઉત્તરાધિકારી ભગવાન શ્રી સ્વામિનારાયણ હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રભાવને લીધે ઉદ્ધવ સંપ્રદાય જ 'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય' તરીકે પ્રસિદ્ધ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે, પરંતુ મંત્ર, દીક્ષા, ઉપાસના વગેરે બાબતોમાં કેટલાક પાયાના ભેદ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાનનાં યુગલ સ્વરૂપો પ્રત્યે આદર છે, પરંતુ ઉપાસના યુગલ સ્વરૂપને બદલે એક માત્ર વેદ પ્રતિપાદિત પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની થાય છે. પંચરાત્રશાસ્ત્ર આ જ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને 'પર વસુદેવ' કહે છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ અનાદિ તેમ જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ આ સંપ્રદાયની આગવી વિશિષ્ટતા છે.

વૈષ્ણવ પરંપરાના બ્રહ્મ સંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ્ મધ્વાચાર્યજી છે. મધ્વાચાર્યજી હનુમત્ તત્ત્વનો અવતાર મનાય છે. તેઓ દ્વૈતવાદના પુરસ્કર્તા છે. સમય જતાં બ્રહ્મ સંપ્રદાય બે ધારામાં વિભાજિત થયો. બીજી ધારાને ગૌડીય સંપ્રદાય કહેવામાં આવે છે. જેના પ્રવર્તક મહાપ્રભુ શ્રી ચૈતન્યજી છે.

વૈષ્ણવ પરંપરાના કુમાર સંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ્ નિમ્બાર્કાચાર્યજી છે. નિમ્બાર્કજી સુદર્શનના અવતાર મનાય છે. તેઓ દ્વૈતાદ્વૈતવાદના પુરસ્કર્તા છે. કુમાર સંપ્રદાયનું બીજું નામ હંસ સંપ્રદાય પણ છે. ભગવાન શ્રી વિષ્ણુએ હંસરૂપ ધરીને સનત્કુમારોને દિવ્ય જ્ઞાન આપેલું હોવાથી આ સંપ્રદાયનનું હંસ સંપ્રદાય એવું નામ પડેલું છે.

વૈષ્ણવ પરંપરાના રુદ્ર સંપ્રદાયના પ્રવર્તક શ્રીવિષ્ણુ સ્વામી છે. તેઓ પરમાત્માના અંશાવતાર ગણાય છે.

શ્રીમદ્ ભાગવતજી જેવા શાસ્રોને અનુસારે શિવજી સર્વ વૈષ્ણવોમાં શ્રેષ્ઠ છે. ભગવાન શ્રી વિષ્ણુએ પોતાનું દિવ્ય જ્ઞાન વૈષ્ણવ શિરોમણિ શિવજીને આપેલું એટલે આ સંપ્રદાય રુદ્ર સંપ્રદાય કહેવાય છે. સમય જતાં રુદ્ર સંપ્રદાય પણ બે પ્રવાહો થયા. એક શ્રી વિષ્ણુ સ્વામીનો પ્રવાહ અને બીજો પુષ્ટિ સંપ્રદાયનો પ્રવાહ. પુષ્ટિમાર્ગના પ્રવર્તક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી છે. તેઓ પણ પરમાત્માના અંશાવતાર મનાય છે. કોઈ એમને અગ્નિદેવનો અવતાર પણ કહે છે. તેઓ શુદ્ધાદ્વૈત સિદ્ધાંતના પુરસ્કર્તા છે.

શ્રી રુદ્ર સંપ્રદાયના પુરસ્કર્તા વિષ્ણુ સ્વામી પછી બારમા આચાર્ય શ્રી બિલ્વમંગલ થયા. તેરમા આચાર્ય શ્રી મહાપ્રભુજી થયા. વિષ્ણુ સ્વામીની પરંપરા સંન્યાસ પરંપરા હતી, પરંતુ મહાપ્રભુજીએ ઠાકોરજીના સાક્ષાત્ આદેશથી ગૃહસ્થ પરંપરા શરૂ કરી, પુષ્ટિમાર્ગ પ્રવર્તાવ્યો અને શ્રી સંપ્રદાયથી સ્વતંત્ર પુષ્ટિમાર્ગ પ્રવર્તાવ્યો.

કેટલાંક આચાર્યોના મતે ભગવાન શ્રી વિષ્ણુએ પોતાનું જ્ઞાન શિવજીને નહીં પરંતુ નારદજીને આપ્યું હતું અને ઉત્તરવર્તી કાળમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ એ જ્ઞાનને પુષ્ટિમાર્ગ રૂપે પ્રવર્તાવ્યું હતું.

સર્વ વૈષ્ણવ સંપ્રદાયોના આદિ પ્રવર્તક ભગવાન શ્રી નારાયણ અર્થાત્ ભગવાન વિષ્ણુ છે. એટલે આ બધા શ્રી વૈષ્ણવ સંપ્રદાય કહેવાય છે. આ બધા જ સંપ્રદાયોમાં એક યા બીજા રૂપે ભગવાન શ્રી વિષ્ણુના જ વિવિધ રૂપોની ઉપાસના થાય છે. ભક્તિ તત્ત્વ સર્વ વૈષ્ણવ સંપ્રદાયોનું હાર્દ છે.

એક સમયે દક્ષિણ ભારતમાં શૈવો અને વૈષ્ણવો વચ્ચે તીવ્ર સંઘર્ષ હતો. એને બાદ કરતા મોટા ભાગના સર્વ આચાર્યો વચ્ચે પરસ્પર સૌહાર્દનો નાતો રહ્યો છે. શ્રી મહાપ્રભુજી, ચૈતન્યજી વગેરે વિવિધ પરંપરાના આચાર્યોના અનેક જીવન પ્રસંગો આ બાબતની સાક્ષી પૂરે છે. આચાર્યો વચ્ચે પરસ્પર શાસ્રાર્થ અવશ્ય થાય છે પરંતુ શાસ્રાર્થને અંતે થયેલા નિર્ણયને ખેલદિલીથી સ્વીકારવામાં આવે છે. સર્વે આચાર્યો વેદધર્મનું પોષણ કરવામાં ગૌરવ અનુભવે છે.

ભારતીય વેદાંત દર્શનના બાહ્ય રૂપને સમજવા માટે આટલી વાત માર્ગદર્શનરૂપ છે.

આઠ સત્શાસ્ર

કોઈ પણ સંપ્રદાયમાં પ્રમાણ, પ્રમેય અને સાધન આ ત્રણ વિભાગ અવશ્ય હોય છે. પ્રમેય એટલે પ્રમાણસિદ્ધ પદાર્થ. જેમ કે જીવ, માયા, ઈશ્વર.

પ્રમાણ એટલે પ્રમેયને સિદ્ધ કરનાર પરિબળ. જેમ કે પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ અથવા શાસ્ર વગેરે.. સાધન એટલે શ્રેષ્ઠ પ્રમેય રૂપ પરમાત્માને પ્રાપ્ત કરવાના ઉપાય. જેવા કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, શરણાગતિ.

ભારતીય દર્શનોમાં શાસ્રને શ્રેષ્ઠ પ્રમાણ માનવામાં આવે છે. વ્યાસસૂત્રમાં ભગવાન વેદવ્યાસ લખે છે, 'शास्त्रयोनित्वात्' (ब्रह्मसूत्र-१-१-३) પરમાત્માની સિદ્ધિ પ્રત્યક્ષ કે અનુમાનથી નથી થતી, શાસ્રોથી થાય છે.

શાસ્ત્રો અસંખ્ય છે, ઉપરાંત ભારે વિરોધાભાસથી ભરેલાં છે. કોઈ ગમે એટલો બુદ્ધિશાળી હોય, તો પણ શાસ્ત્રોના સાગરના પારને પામી શકતો નથી તેમ જ શાસ્રોની ગૂંચોને ઉકેલી શકતો નથી.

જિજ્ઞાસુઓને સરળ પડે એ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે આઠ સત્શાસ્ત્રોની પસંદગી કરી છે. શિક્ષાપત્રીમાં તેઓ કહે છે કે,

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम् ॥९३॥

तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥९४॥

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥९५॥

"ચાર વેદ, વ્યાસસૂત્ર, શ્રીમદ્‌ભાગવત નામે પુરાણ, મહાભારતને વિશે શ્રી વિષ્ણુસહસ્ત્રનામ, શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા, વિદુરજીએ કહેલી નીતિ, સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહ્યું એવું જે વાસુદેવમાહાત્મ્ય. અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ આ આઠ સત્શાસ્ત્ર અમને ઈષ્ટ છે."

પ્રમાણ પ્રકરણની વિશેષ સ્પષ્ટતા કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે, 'આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતનો નિર્ણય યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિને અનુસારે કરવો.' (શિક્ષાપત્રી શ્લો. ૯૭)

'ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે ભાગવતજીના દશમ અને પંચમ સ્કન્ધને સર્વથી અધિક જાણવા.' (શિક્ષાપત્રી શ્લો. ૯૮)

'દશમ સ્કંધ અમારું ભક્તિશાસ્ત્ર છે, પંચમ સ્કંધ અમારું યોગશાસ્ત્ર છે, યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ અમારું ધર્મશાસ્ત્ર છે.' (શિક્ષાપત્રી શ્લો. ૯૯)

'ભગવદ્‌પાદ્ રામાનુજાચાર્યજીએ વ્યાસસૂત્ર ઉપર કરેલું શ્રીભાષ્ય અને શ્રીમદ્-ભગવદ્‌ગીતા ભાષ્ય અમારું અધ્યાત્મશાસ્ત્ર છે.' (શિક્ષાપત્રી શ્લો. ૧૦૦)

પંચરાત્રશાસ્ત્ર

આઠ સત્શાસ્ત્રો ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં વચનામૃતોમાં પંચરાત્રશાસ્ત્રનો વારંવાર ઉલ્લેખ કરેલો છે.

ભગવાન વાસુદેવ નારાયણે પંચરાત્રશાસ્ત્રનું જ્ઞાન સંકર્ષણને આપ્યું હતું. સંકર્ષણ દ્વારા આ જ્ઞાન નારદજીને પ્રાપ્ત થયું હતું.

આચાર્યોએ પંચરાત્ર શબ્દની વિવિધ પરિભાષા આપેલી છે. નારદ પંચરાત્રના પ્રથમ અધ્યાયમાં 'પંચરાત્ર' શબ્દની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે,

रात्रं च ज्ञानवचनं ज्ञानं पञ्चविधं स्मृतम् ।
तेनेदं पंचरात्रं च प्रवदन्ति मनीषिणः ॥ ४४ ॥ (नारद पंचरात्र–अ–१)

રાત્ર શબ્દનો પારિભાષિક અર્થ છે, 'रात्रियन्ते प्रलीयन्ते अज्ञानं यत्र तत् रात्रम् ज्ञानम्'

અજ્ઞાનને વિલીન કરનાર હોવાથી જ્ઞાનને 'રાત્ર' કહેવાય છે. પાંચ પ્રકારના જ્ઞાનને 'પંચરાત્ર' કહેવાય છે.

આચાર્યોએ પંચરાત્રના અનેક અર્થો કર્યા છે, જેમાંનો એક અર્થ છે, પરમાત્મસ્વરૂપનું જ્ઞાન, અર્ચા સ્વરૂપનું જ્ઞાન, મંત્રવિજ્ઞાન, સદાચારનું જ્ઞાન અને પ્રાયશ્ચિતનું જ્ઞાન; આ પાંચ પ્રકારનું જ્ઞાન જેમાં હોય, તેને 'પંચરાત્રશાસ્ત્ર' કહેવાય.

પંચરાત્ર શબ્દનો બીજો અર્થ છે; પરમાત્માના પર, વ્યૂહ, વિભવ, અર્ચા અને અંતર્યામી આ પાંચ સ્વરૂપોનું જ્ઞાન જેમાં નિરૂપાયેલું હોય, એને પંચરાત્રશાસ્ત્ર કહેવાય છે.

પંચરાત્ર શબ્દનો ત્રીજો અર્થ છે; વેદ, વેદાંત, પુરાણ, સાંખ્ય અને યોગ; આ પાંચ શાસ્ત્રોના રહસ્યનું નિરૂપણ કરે એ પંચરાત્રશાસ્ત્ર છે.

પંચરાત્ર શબ્દનો ચોથો અર્થ છે, રાત્ર એટલે રાત્રિ. ભગવાન નારાયણે પાંચ રાત્રિ પર્યંત સંકર્ષણ, ગરુડ, વિશ્વકસેન, શિવ અને બ્રહ્મા, આ પાંચેય દેવોને પોતાનું જ્ઞાન આપ્યું હતું, માટે આ શાસ્ત્ર પંચરાત્રશાસ્ત્ર કહેવાય છે.

પંચરાત્રશાસ્ત્રનો પાંચમો અર્થ છે; પંચ એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ વિષયો અને પાંચ ભૂતોનો સમુદાય. 'રા' શબ્દનો અર્થ છે, ગ્રહણ કરનાર. 'ત્ર' શબ્દનો અર્થ છે, રક્ષણ કરનાર.

મનુષ્યો પોતાના પાંચ જ્ઞાનેન્દ્રિયોથી પંચભૂત અને પંચવિષયને ગ્રહણ કરી પોતાનો વ્યવહાર ચલાવે છે, માટે મનુષ્યોને 'पंचराः' કહેવાય છે. પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ વિષયો અને પંચ ભૂતો ભક્ત દ્વારા થતી ઉપાસનામાં જાતજાતના વિઘ્નો અને દૂષણો પેદા કરે છે. પંચરાત્રશાસ્ત્ર દ્વારા ભક્તની રક્ષા થાય છે અને ભક્તિમાર્ગ નિર્વિઘ્ન બને છે, માટે આ શાસ્ત્ર પંચરાત્રશાસ્ત્ર કહેવાય છે.

આ રીતે જુદા જુદા આચાર્યોએ પંચરાત્ર શબ્દની વિવિધ વ્યાખ્યાઓ કરેલી છે.

પંચરાત્રશાસ્ત્રની ગણના આગમ શાસ્ત્રોમાં થાય છે. પંચરાત્રશાસ્ત્રના ભાગવત સંહિતા, સાત્ત્વતસંહિતા, એકાયનસંહિતા વગેરે અનેક નામો છે.

પંચરાત્રશાસ્ત્રની અહિર્બુધ્ન્યસંહિતા, પાદ્મસંહિતા, વિશ્વકસેનસંહિતા, વિષ્ણુસંહિતા, પરમસંહિતા, સાત્ત્વતસંહિતા, લક્ષ્મીતંત્રસંહિતા વગેરે અનેક સંહિતાઓ ઉપલબ્ધ છે; જેને લઈને સમય જતાં પંચરાત્રશાસ્ત્રની અનેક શાખાઓ થઈ હતી.

દેવર્ષિ નારદજીએ એ તમામ સંહિતાઓનું ફરીથી સંકલન કર્યું હતું, પરિણામે પંચરાત્રશાસ્ત્ર 'નારદ પંચરાત્ર' નામથી વિશેષ પ્રસિદ્ધ છે. પંચરાત્રશાસ્ત્રનો મર્મ શ્રીમદ્ ભાગવતમાં સારી રીતે નિરૂપાયો છે.

ઉપરના પંચરાત્ર વગેરે સર્વ સત્શાસ્ત્રોમાં અનેક પ્રકારના કથાનકો, ઉપદેશો અને તત્વનિરૂપણ છે. ઉપરાંત, અનેક પ્રકારના વિરોધાભાસી વિધાનો પણ છે. અનેક ઋષિમુનિઓએ પોતાની રુચિ અને સમજણ પ્રમાણે વિધાનો કરેલાં છે. આ ભાતભાતનાં નિરૂપણો મુમુક્ષુઓને મૂંઝવે એવાં છે. એ મૂંઝવણનો માર્ગ કાઢતા ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે કે,

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।
अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥ १०१ ॥

मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।
धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥ १०२ ॥ –शिक्षापत्री

'આવાં વૈવિધ્ય ભરેલાં આ સત્શાસ્ત્રોમાં જે વચનો શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ, ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય એ ચારના ઉત્કૃષ્ટપણાનું પ્રતિપાદન કરતા હોય, એવાં વચનોને બીજાં વચનો કરતાં વિશેષ પ્રમાણરૂપ માનવાં. શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ધર્મે સહિત જ કરવી, એ સર્વ સત્શાસ્ત્રોનું રહસ્ય છે.'

દર્શનશાસ્ત્રોની પરસ્પર પૂરકતા

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઝીણી નજરે જોયું હતું, કે ભારતીય દર્શનની વિવિધ શાખાઓ એક જ વડલાની વડવાઈઓ હોવા છતાં પરસ્પર પૂરક રહેવાને બદલે સ્વતંત્ર

રૂપ ધારણ કર્યાં હતાં. પરિણામે તત્ત્વને સમજવામાં કોઈને કોઈ કચાશ રહી જતી હતી અને પરમતત્ત્વની પ્રાપ્તિમાં પણ ઊણપ રહેતી હતી.

જો આ દર્શન ધારાઓનો સંગમ રચાય તો પરસ્પરની સહાયતાથી પરસ્પરની ખામીઓ દૂર થઈ શકે તેમ છે અને પરમાત્મતત્ત્વને વ્યાપક અર્થમાં સમજવામાં અને પામવામાં ભારે અનુકૂળતા રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં વચનામૃતોમાં વેદાંત, સાંખ્ય, યોગ અને પંચરાત્ર વગેરે સર્વ દર્શનોનો સુંદર સંગમ રચ્યો છે અને દર્શનશાસ્રોની પરસ્પર પૂરકતા સારી રીતે સમજાવી છે.

વેદાંતશાસ્ર બહુધા 'પરમાત્મા સર્વત્ર વ્યાપક છે' એવું નિરૂપણ કરે છે. સાંખ્ય શાસ્ર પચીસ તત્ત્વોનો સ્વીકાર કરે છે. ચોવીશ તત્ત્વો પ્રકૃતિના અને પચીસમો આત્મા. પ્રકૃતિ ક્ષણિક અને દુઃખદાયી છે, આત્મા અવિનાશી અને પ્રકૃતિનો દ્દષ્ટા છે.

યોગશાસ્ર પ્રકૃતિના ચોવીશ તત્ત્વો, પચીશમો આત્મા અને છવ્વીસમા પરમાત્મા એમ છવ્વીસ તત્ત્વોનો સ્વીકાર કરે છે. ઉપરાંત, યોગશાસ્ર કહે છે કે, 'પ્રકૃતિ અને આત્માથી પર રહેલા પરમાત્મા 'પુરુષવિશેષ' છે, અર્થાત્ સાકાર સ્વરૂપ છે, નિરાકાર નથી.'

પંચરાત્રશાસ્ત્ર કહે છે કે, 'પોતાનાં દિવ્ય અક્ષરધામમાં ભગવાન પર વાસુદેવ સ્વરૂપે બિરાજે છે. તેઓ સદા દ્વિભુજ છે અને દ્વિચરણારવિંદે સહિત છે.' એ જ ભગવાન પર વાસુદેવ ચતુર્ભુજ વાસુદેવ નારાયણનું રૂપ ધરે છે, જે 'અપર વાસુદેવ' તરીકે ઓળખાય છે. એ જ ભગવાન શ્રીવાસુદેવ નારાયણ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ વગેરે વ્યૂહ સ્વરૂપોને ધારે છે.

એ જ પરમાત્મા રામ-કૃષ્ણાદિક અવતારો ધારણ કરે છે.

એ જ પરમાત્મા મંદિરોમાં અર્ચા સ્વરૂપે બિરાજે છે.

એ જ પરમાત્મા અંતર્યામી સ્વરૂપે જીવ-પ્રાણીમાત્રનું નિયમન કરે છે.

આટલી ભૂમિકા સાથે આગળનો વિચાર કરીએ...

જો માત્ર વેદાંત દર્શનથી જ પરમતત્ત્વને સમજવાનો પ્રયાસ કરવામાં આવે, તો 'ભગવાન નિરાકાર અને નિર્ધર્મક છે', એવી ભ્રાન્તિ સર્જાય છે. પરિણામે અનેક પ્રશ્નો ઊભા થાય છે, જેનું સમાધાન અદ્વૈતવાદીઓ માટે દુષ્કર છે.

વેદાંતશાસ્રથી ઉત્પન્ન થતી ભ્રાન્તિને દૂર કરવા માટે સાંખ્યાદિક ત્રણ શાસ્રોનો સહારો આવશ્યક છે.

સાંખ્ય અને યોગ પ્રસિદ્ધ દર્શનશાસ્રો છે. એક સમયે બંને પરસ્પર પૂરક હતા, પરંતુ સમય જતાં બંને ધારાઓએ સ્વતન્ત્ર રૂપ ધર્યાં.

ઘણા લોકો માને છે કે સાંખ્યદર્શન નાસ્તિક દર્શન છે, પરંતુ આ વાત પ્રામાણિક નથી. સાંખ્યદર્શન સંપૂર્ણપણે આસ્તિક દર્શન છે.

ભગવાન કપિલ નારાયણ સાંખ્યજ્ઞાનના પ્રવર્તક છે. ભગવાન વેદવ્યાસે મહાભારતમાં સાંખ્યદર્શનનું સુંદર નિરૂપણ કર્યું છે. આ બંને મહાપુરુષોમાં નાસ્તિકતાની કલ્પના જ અસંભવ છે.

સમય જતાં વેદાંતીઓનું જ્ઞાન જેમ શુષ્ક બન્યું, એમ સાંખ્યદર્શનમાં પણ ઉત્તરવર્તી આચાર્યોમાં નાસ્તિકતાનો ભેગ ભળેલો જોવા મળે છે.

ભગવાન બુદ્ધે દુઃખ છે; દુઃખનું કારણ છે; દુઃખનું નિદાન છે અને દુઃખ-નિવૃત્તિ છે. આ વિશ્વપ્રસિદ્ધ ચાર આર્ય-સત્યો આપ્યાં છે. કદાચ ઘણા લોકોને ખ્યાલ નહીં હોય, કે તથાગત બુદ્ધે પણ પ્રારંભે સાંખ્યદર્શનનો અભ્યાસ કર્યો હતો. એમણે આપેલા ચાર આર્ય સત્યોનાં મૂળ સાંખ્યદર્શનમાં છે.

ભગવાન કપિલજીએ ભગવાન બુદ્ધ કરતાં પણ ભવરોગનું નિદાન વધારે સારી રીતે કરેલું છે.

સાંખ્યદર્શનનો સાર છે, દુઃખથી ભરેલાં સંસારનું મૂળ આત્મા અને અનાત્માનો અવિવેક અર્થાત્ અજ્ઞાન છે. આ જ અવિવેક કે અજ્ઞાનમાંથી આ દુઃખમય સંસાર સર્જાયો છે.

આત્મા અને અનાત્માનું જ્ઞાન થાય છે, ત્યારે પ્રકૃતિ અને પ્રકૃતિના કાર્યનો લય થઈ જાય છે અને વિશુદ્ધ આત્મ-ચૈતન્ય બચે છે.

સાંખ્યશબ્દનો અર્થ જ છે કે, ‘આત્મા અને અનાત્માનો વિવેક કે વિજ્ઞાન.’

સાંખ્યદર્શન આત્મા અને અનાત્માનો વિવેક શીખવે છે, પરંતુ પરમાત્મ તત્ત્વ વિશે મોટે ભાગે મૌન રહે છે. આ ઊણપનું સમાધાન યોગદર્શનથી થાય છે.

પ્રકૃતિથી મુક્તિ એ સાંખ્યદર્શનનું ધ્યેય છે. પ્રકૃતિથી મુક્ત થયેલા આત્માને પરમાત્માની સાથે જોડવો એ યોગદર્શનનું લક્ષ્ય છે.

જો માત્ર સાંખ્યદર્શનથી જ પરમતત્ત્વને સમજવાનો પ્રયાસ કરવામાં આવે, તો સાંખ્યદર્શનમાં પચીસ તત્ત્વોનો સ્વીકાર હોવાથી ‘આત્મા અને પરમાત્મા બંને એક છે’, એવી ભ્રાન્તિ સર્જાય છે.

આ ભ્રાન્તિને દૂર કરવા માટે યોગદર્શનનો સહારો આવશ્યક છે, કારણ કે યોગદર્શન છવ્વીસ તત્ત્વોનો સ્વીકાર કરે છે, જેથી આત્મા-પરમાત્માનો ભેદ સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

યોગશાસ્ત્ર પરમાત્માને પુરુષોત્તમ નારાયણ રૂપે વર્ણવે છે. ભગવાન પતંજલિનું સૂત્ર છે, ‘पुरुषविशेष ईश्वरः ।’ ‘પરમાત્મા નિર્ગુણ-નિરાકાર નથી, પરંતુ સદા સાકાર છે.’ (पातंजल योगसूत्र, प्रथमोध्याय, समाधिपाद–२४)

માત્ર યોગશાસ્ત્રથી જ પરમતત્ત્વને સમજવાનો પ્રયાસ કરવામાં આવે, તો પરમાત્મા 'પુરુષવિશેષ' હોવાથી એ 'એક દેશસ્થ' છે, એવી ભ્રાન્તિ સર્જાય છે. એ ભ્રાન્તિને દૂર કરવા માટે વેદાંતનો સહારો આવશ્યક છે, કારણ કે વેદાંત ભગવાનને સર્વવ્યાપી કહે છે.

પરમાત્માનું પર સ્વરૂપ આપણાં ઇન્દ્રિયો-અંતઃકરણથી અગોચર છે, એટલે સાધકો માટે એમનું ધ્યાન-ઉપાસન લગભગ અશક્ય થઈ જાય છે. આ અશક્યતાને દૂર કરવા માટે પચંરાત્રશાસ્ત્રનો સહારો આવશ્યક છે.

પંચરાત્રશાસ્ત્ર પ્રતિપાદન કરે છે કે પર અને અગોચર એવા પરમાત્મા જ્યારે અવતાર સ્વરૂપો અને અર્ચા સ્વરૂપો ધારણ કરે છે, ત્યારે મનુષ્યના ઇન્દ્રિયો-અંતઃકરણને ગોચર બને છે અને ધ્યાન-ઉપાસન સુલભ થાય છે.

પંચરાત્રશાસ્ત્રમાં દિવ્ય ધામને વિશે બિરાજમાન પરમાત્મા જ્યારે પૃથ્વી ઉપર અર્ચા સ્વરૂપે બિરાજે, ત્યારે એમનાં મંદિરો કેવાં દિવ્ય અને ભવ્ય હોય? મંદિરોનું નિર્માણ કઈ રીતે કરવું? મંદિરોમાં બિરાજમાન અર્ચા સ્વરૂપનું અર્ચન-પૂજન કઈ રીતે કરવું? નવધા ભક્તિ કઈ રીતે કરવી? વગેરે અનેક વિષયો ઉપર અપૂર્વ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

માત્ર પંચરાત્રશાસ્ત્રને સહારે જ પરમતત્ત્વને સમજવાનો પ્રયાસ કરવામાં આવે, તો અવતાર સ્વરૂપોમાં અને અર્ચા સ્વરૂપોમાં માયિક ભાવનાની ભ્રાન્તિ થવાની સંભાવના છે. આ ભ્રાન્તિને દૂર કરવા માટે ઉપરનાં ત્રણ શાસ્ત્રોનો સહારો આવશ્યક છે.

આ ચારેય શાસ્ત્રોની પરસ્પર પૂરકતાને ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં દૂધના દૃષ્ટાંતે કરીને સમજાવી છે. મહારાજ કહે છે, 'જેમ દૂધને નેત્રે જુએ ત્યારે ધોળું દેખાય, નાકે સૂંઘે ત્યારે સુગંધવાન જણાય, આંગળીયે અડે ત્યારે ટાઢું-ઊનું જણાય, જિહ્વાએ ચાખે ત્યારે સ્વાદુ જણાય, પણ એક ઇન્દ્રિયે કરીને દૂધનાં સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન ન થાય અને સર્વ ઇન્દ્રિયે કરીને તપાસીને જુએ ત્યારે સંપૂર્ણ જ્ઞાન થાય છે, તેમ વેદાદિક ચાર શાસ્ત્રે કરીને ભગવાનનાં સ્વરૂપને સમજે, ત્યારે સંપૂર્ણ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થાય છે અને એમ જાણવું તેને સંપૂર્ણ જ્ઞાન કહીએ.'(વચ.વ.–૨)

પરાવાણી – વચનામૃત

વિશ્વના કોઈ પણ ધર્મમાં આચાર અને વિચાર એમ બે વિભાગ હોય છે. ભારતીય દર્શનગ્રંથો જ્ઞાનનું નિરૂપણ કરે છે. સ્મૃતિગ્રંથો કર્મોનું અર્થાત્ આચારનું પ્રતિપાદન કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતો દર્શનશાસ્ત્ર ગણાય છે અને એમણે લખેલી શિક્ષાપત્રીમાં વિશેષપણે આચારનું નિરૂપણ કર્યું હોવાથી તે સ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતા ગણાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષાપત્રી અને વચનામૃતને લીધે આચાર અને દર્શનનો અનેરો સંગમ જોવા મળે છે. આ બંને ગ્રંથોના સ્વાધ્યાય અને અનુશીલનથી ભગવાન

શ્રી સ્વામિનારાયણના આશ્રિતો આચારમાં ઊજળાં અને જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ બન્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતોમાં ભારતીય દર્શનશાસ્ત્ર સુંદર રીતે નિરૂપાયું છે અને એમણે સ્વહસ્તે લખેલી નાનકડી શિક્ષાપત્રીમાં ગાગરમાં સાગરની પેઠે આચારગ્રંથોનો સાર ભર્યો છે.

'વચનામૃત' શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રધાન ગ્રંથ છે. આ વચનામૃત ગ્રંથ ભારતીય દર્શનશાસ્ત્રની વિવિધ શાખાઓના સંગમ સમાન છે.

કોઈ સવાલ કરે કે 'ભગવાન શ્રીકૃષ્ણનું દર્શનશાસ્ત્ર કયું?' તો આંખો મીંચીને કહી શકાય, "શ્રીમદ્ ભગવદ્ગીતા."

એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણનું 'દર્શનશાસ્ત્ર' કયું? આ પ્રશ્નના સમાધાનમાં કહી શકાય કે 'વચનામૃત.'

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો અદ્ભુત છે. ભારતીય દર્શનમાં પ્રસિદ્ધ પ્રસ્થાનત્રયી એટલે કે ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ગીતાજીનું આટલું સરળ અને સર્વાંગી નિરૂપણ મળવું મુશ્કેલ છે અને એ પણ સીધી સાદી, સરળ ગુજરાતી ભાષામાં!

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્ઞાનનો અગાધ સાગર હતા, જેની અનુભૂતિ આપણને એમનાં વચનામૃતોમાં થાય છે.

એમની પ્રશ્નોત્તર શૈલીથી સમજાવવાની રીત અલૌકિક હતી. એમના ઉપદેશો અભણ માણસો માટે સરળ અને વિદ્વાનો માટે ગહન રહ્યા છે.

અધ્યાત્મની ગહન વાત તેઓ સીધાંસાદાં દૃષ્ટાંતોથી સરળ રીતે સમજાવી દેતાં હતાં. મહત્ત્વની વાત એ હતી કે એમની જ્ઞાનવાર્તાઓ અનુભૂતિથી પરિપૂર્ણ રહેતી.

સંપ્રદાયના શ્રેષ્ઠ સંતો શ્રી મુક્તાનંદસ્વામી, યોગીરાજ શ્રી ગોપાળાનંદસ્વામી, પરમ વિદ્વાન શ્રી નિત્યાનંદસ્વામી તેમ જ શ્રી શુકાનંદસ્વામી આ ચાર સદ્ગુરુ સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રવચનોનો સંગ્રહ કર્યો, સંકલન કર્યું અને એક અદ્ભુત ગ્રંથ બનાવ્યો જેનું નામ છે, 'વચનામૃત.'

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ આ ગ્રંથને જોઈને ખૂબ પ્રસન્ન થયાં અને આ ગ્રંથને પ્રમાણિત કર્યો હતો.

વેદ જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે, તે જ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં રૂપમાં અવતર્યાં છે. વેદ જેમ ભગવાનની પરાવાણી છે, તેમ વચનામૃત પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કોઈ અલૌકિક દિવ્ય 'બ્રાહ્મી' વ્યાસપીઠેથી આ વચનામૃતરૂપી બ્રહ્મરસ વરસાવ્યો છે.

ગ.મ.પ્ર.–૧૩ના વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, "અમારા હૃદયાકાશને વિશે અતિશય તેજ દેખાય છે અને એ તેજને વિશે એક ભગવાનની

મૂર્તિ દેખાય છે. તે મૂર્તિ ઘનશ્યામ છે પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશય શ્વેત જણાય છે.”

“એ મૂર્તિને ચારેકોર મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે. અમે બોલીએ છીએ, તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો, એમ હું દેખું છું. પણ આ ગઢડુ શહેર કે ઓસરી એ કાંઈ દેખાતું નથી.”

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે કોઈને પત્ર લખતાં, ત્યારે પત્રની શરૂઆતમાં ‘અનિર્દેશથી લિખાવિંત સ્વામી સહજાનંદજીના જય સચ્ચિદાનંદ વાંચજો’ આમ લખતાં.

અહીં ‘અનિર્દેશ’ શબ્દ મહત્ત્વનો છે. આંગળી ચીંધીને બતાવી શકાય એને નિર્દેશ કહેવાય. જે પદાર્થ ઇન્દ્રિયો–અંતઃકરણથી અનુભવી શકાય, એનો જ નિર્દેશ થઈ શકે છે, પરંતુ જે પદાર્થો ઇન્દ્રિયો અંતઃકરણને અગોચર છે, એનો નિર્દેશ થઈ શકતો નથી. માટે આવા ઇન્દ્રિયાતીત પદાર્થોને અનિર્દેશ કહેવાય.

પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, આકાશ વગેરે સર્વ પંચભૂતમય પદાર્થોનો ઇન્દ્રિયો–અંતઃકરણથી અનુભવ થાય છે, માટે એનો નિર્દેશ થઈ શકે છે પણ પરમાત્માનું દિવ્ય અક્ષરધામ ઇન્દ્રિયાતીત છે. એને આંગળી ચીંધીને દર્શાવી શકાતું નથી, માટે એ અનિર્દેશ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મનુષ્યદેહે વિચરણ કરતાં હોવા છતાંય અખંડ અનિર્દેશમાં જ બિરાજમાન રહેતાં. એમનું ખાવું, પીવું, ઊઠવું, બેસવું, બોલવું, ચાલવું વગેરે સર્વ ક્રિયાઓ મનુષ્યની જેમ જ થયા કરતી, પરંતુ તેઓ અખંડ બ્રાહ્મી સ્થિતિએ જ બિરાજમાન રહેતાં. માટે આ વચનામૃતો અનિર્દેશથી વરસ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલાં વચનામૃતોની સંખ્યા ૨૬૨ છે. વચનામૃત ગુજરાતી ભાષાનો આદ્ય અને અજોડ ગ્રંથ ગણાય છે. આ ગ્રંથ પ્રશ્નોત્તર શૈલીમાં સંકલિત થયો છે.

વિવિધ પ્રસંગોએ નંદ સંતોએ અને ભક્તોએ પોતાના અંતરના પ્રશ્નો પૂછ્યા છે અને ભગવાન શ્રી સ્વામિનારાયણે એના અદ્ભુત સમાધાનો આપ્યાં છે. સેંકડો મુમુક્ષુઓને મોક્ષમાર્ગે મૂંઝવતા સેંકડો પ્રશ્નોનું આમાં સરળ નિરાકરણ છે. અધ્યાત્મ માર્ગની અનેક સૂક્ષ્મ આંટીઘૂંટીઓમાં વચનામૃતમાંથી સરળ માર્ગદર્શન મળે છે.

વચનામૃતની ભાષા વિદ્વાનો માટે અર્થગંભીર અને ગામડાંના અભણ લોકો માટે સીધી, સાદી અને સરળતાથી સમજાય એવી છે. તત્ત્વજ્ઞાનની ગહનમાં ગહન વાતને સરળ ઉદાહરણો સાથે સમજાવવાની ભગવાન શ્રી સ્વામિનારાયણની કુશળતા અનુપમ છે.

આ ગ્રંથમાં વેદ-ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ગીતાજીનાં દર્શનનું સરળ ભાષામાં વ્યાખ્યાન જોવાં મળે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતોમાં ભાગવતજીના એકાદશ સ્કન્ધમાં નિરૂપાયેલા ભાગવતધર્મની પોતાની આગવી રીતે અદ્‌ભુત છણાવટ કરી છે.

ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય સહિત એકાંતિકી ભક્તિ, ઉપાસના તથા ભગવાનના દૃઢ આશ્રયને ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાગવત-ધર્મ કહે છે.

કુસંગથી ભાગવતધર્મની સિદ્ધિમાં ઓટ આવે છે, માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં ભાર દઈને કહે છે, "કુસંગ તજવો અને સત્સંગ કરવો." આ ભાગવત ધર્મનું પોષણ એકાંતિક ભાગવત પરમહંસના સમાગમથી જ થાય છે.

મોક્ષમાર્ગી મુમુક્ષુઓએ સાંપ્રદાયિક અહં-મમત્વના પૂર્વગ્રહોને છોડીને આ વચનામૃત ગ્રંથ અવશ્ય માણવા જેવો છે.

સદ્‌ગુરુ શતાનંદસ્વામીએ વચનામૃતનું સંસ્કૃત ભાષામાં રૂપાંતર કરીને "હરિવાક્યસુધાસિંધુ" નામનો સુંદર ગ્રંથ રચ્યો છે, જેના ઉપર ભાષ્યો પણ લખાયાં છે.

સુપ્રસિદ્ધ ચિંતક સ્વામી સચ્ચિદાનંદજીએ ઈ. સ. ૧૯૯૨માં બાપુનગર ખાતે પોતાનાં પ્રવચનમાં કહ્યું હતું કે, "વચનામૃત વાંચતા એવી તૂર્ત જ પ્રતીતિ થાય છે કે, 'આ પરાવાણી છે' અને બોલનાર કોઈ સાધારણ નથી."

શિક્ષાપત્રી : ગાગરમાં સાગર

ભગવાન શ્રી સ્વામિનારાયણે કળિયુગના મનુષ્યની ટૂંકી બુદ્ધિ અને ટૂંકી આયુષ્યને અનુલક્ષીને સર્વ શાસ્રોના સારરૂપ શિક્ષાપત્રી લખેલી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવનનું આ મહત્ત્વપૂર્ણ કાર્ય રહ્યું છે.

એમણે લખેલી શિક્ષાપત્રીમાં માત્ર ૨૧૨ શ્લોક છે. આટલા નાના ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આશરે સાડા ત્રણસો શાસ્રોનો સાર ભર્યો છે.

માત્ર ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રીમાં સેંકડો શાસ્રોનો સાર ભરવો એ આસાન કાર્ય નથી, એટલે જ ભારતના શ્રેષ્ઠ વિદ્વાનોએ શિક્ષાપત્રીને 'ગાગરમાં સાગર' કહીને નવાજી છે. આ શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશાળ હૃદય અને સર્વજીવહિતાવહ ભાવનાનો પરિચય મળે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે, 'આ શિક્ષાપત્રીનું જે પાલન કરશે એને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થો સિદ્ધ થશે અને એ આ લોકમાં અને પરલોકમાં સુખી થશે.'જીવન તો બધાને મળ્યું છે, તેને સફળ બનાવવાની કળા શિક્ષાપત્રી શીખવે છે.

ગુજરાતી સાહિત્યના મહાકવિ નાન્હાલાલે પોતાની આગવી રમણીય શૈલીમાં શિક્ષાપત્રીનો 'સમશ્લોકી' ભાવાનુવાદ કરેલો છે.

શિક્ષાપત્રીના સર્વજીવ હિતાવહ સંદેશ

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે કે "દેવતા, પિતૃ અને યજ્ઞો માટે પણ ક્યારેય, ક્યાંય, કોઈ પણ જીવની હિંસા ન કરવી, કેમ કે અહિંસા એ જ મોટો ધર્મ છે."

"સ્રી, સંપત્તિ અને રાજ્યની પ્રાપ્તિ માટે પણ ક્યારેય કોઈ મનુષ્યની હિંસા ન કરવી."

–શિક્ષાપત્રી ૧૨–૧૩

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ આદેશ વિશ્વમાં અહિંસા અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા માટે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં પોતાનાં આશ્રિતોને આદેશ આપ્યો છે કે,

"अर्प्यो दशांशः कृष्णाय विंशोऽस्त्विह दुर्बलैः ।" –शिक्षापत्री–१४७

"આવકનો દસમો ભાગ અથવા આર્થિક દૃષ્ટિથી દુર્બળ હોય તેમણે વીસમો ભાગ ભગવાન શ્રીકૃષ્ણને અર્પણ કરવો."

આ આદેશમાં ધર્મદ્રવ્ય કોઈ વ્યક્તિને નહીં, પણ દેવને અર્પણ કરવાનો આદેશ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધર્મના દ્રવ્યનો ઉપયોગ ક્યાં કરવો? આ માટે પણ શિક્ષાપત્રીમાં અનેક સ્થળે નિર્દેશો કર્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ લખે છે કે "ધર્મદ્રવ્યનો ઉપયોગ મંદિરમાં બિરાજમાન દેવોની યથાવિધિ સેવા કરવામાં કરવો." શિક્ષાપત્રી–૧૩૦

ભગવાન શ્રી સ્વામિનારાયણ બીજો આદેશ આપે છે કે "ભગવાનનાં મંદિરમાં આવનાર હરકોઈ અન્નાર્થીની આદરપૂર્વક અન્નદાનથી સંભાવના કરવી." શિક્ષાપત્રી–૧૩૧

અહીં 'હરકોઈ' શબ્દ મહત્ત્વનો છે. હરકોઈનો અર્થ છે, જેમાં જાત-પાત, સત્સંગી-બિનસત્સંગી વગેરે કોઈ ભેદભાવ ન હોય તેવા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્રીજો આદેશ આપ્યો છે કે "પૃથ્વીમાં સદ્‌વિદ્યાનું પ્રવર્તન કરવું, કેમ કે વિદ્યાદાન બધાથી શ્રેષ્ઠ પુણ્યકાર્ય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં અનેક 'સર્વજીવહિતાવહ' આદેશો આપ્યા છે, જેમ કે :

भाव्यं दीनेषु वत्सलैः ॥ –शिक्षापत्री–८३–

દીનદુખિયાંઓ પ્રતિ દયાવાન બનવું.

दैव्यामपि कष्टायां मनुष्यां वा गदादिषु ।
यथा स्वपररक्षा स्यात्तथा वृत्यं न चान्यथा ॥ –शिक्षापत्री–११९

"દૈવી અથવા માનવીય આપત્તિના સમયમાં અથવા રોગાદિક આપત્તિમાં પોતાની

અને બીજાની રક્ષા થાય તેવું આચરણ કરવું, અન્ય આચરણ ન કરવું."

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, મહામારી આદિ રોગ દૈવી આપત્તિ છે. યુદ્ધ, દંગા-ફસાદ આદિ માનવીય આપત્તિ છે. આવા દુઃખદ સમયે કોઈ જાતના ભેદભાવ વિના વિવિધ પ્રકારે મનુષ્ય, પશુ-પંખીઓની રક્ષા અને સેવા કરવી, એ આ આદેશનું હાર્દ છે.

"માતા-પિતા, ગુરુ અને રોગાતુર મનુષ્યોની આજીવન સેવા કરવી." – શિક્ષાપત્રી–૧૩૯

આજના સમયમાં આ આદેશના માધ્યમથી રોગાતુરોની સેવા માટે અનેક સેવાકાર્યોનો વિસ્તાર થઈ શકે તેમ છે.

પ્રવર્તનીયા સદ્‌વિદ્યા

આજના વિશ્વની બધી સમસ્યાનું મૂળ મૂલ્યનિષ્ઠ શિક્ષણનો અભાવ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે કે,

"प्रवर्तनीया सद्‌विद्या भुवि यत्सुकृतं महत् ।"–शिक्षापत्री–१३२

"પૃથ્વી પર સદ્‌વિદ્યાનું પ્રવર્તન કરવું એ સર્વથી શ્રેષ્ઠ પુણ્યકાર્ય છે."

સદ્‌વિદ્યાનો અર્થ છે – વિજ્ઞાન અને અધ્યાત્મનો સંગમ.

સદ્‌વિદ્યા એટલે – શરીર, મન અને આત્માનો સર્વાંગી વિકાસ કરનારી શિક્ષા.

સદ્‌વિદ્યા એટલે સંસ્કારયુક્ત શિક્ષા અથવા મૂલ્યનિષ્ઠ શિક્ષા.

સમસ્ત વિશ્વને સત્યમ્-શિવમ્-સુન્દરમ્ બનાવવાનો મંત્ર છે સદ્‌વિદ્યા.

સદ્‌વિદ્યા પ્રાચીન ગુરુકુલોની આત્મા હતી. આ સદ્‌વિદ્યાના અમૃતસિંચનથી જ ભારતમાં અનેક મહાપુરુષો પ્રગટ્યા હતા.

સમસ્ત વિશ્વનું મંગળ કરનારા આ 'સર્વજીવહિતાવહ' આદેશો ભગવાન શ્રી સ્વામિનારાયણનાં હૃદયની વિશાળતાના દ્યોતક છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ સદ્‌વિદ્યા પ્રવર્તન તેમ જ સર્વજીવહિતાવહ આદેશોને મૂર્તિમંત કરતા ગુરુદેવ શાસ્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ આઝાદીના ઉદયકાળમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલનો પાયો નાખ્યો હતો. ગુરુદેવે ગુરુકુલની સ્થાપના દ્વારા શિક્ષણ જગતમાં નવી ક્રાંતિ કરીને ભારતવર્ષને નવો રાહ બતાવ્યો છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્-છારોડી દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોમાં સદ્‌વિદ્યા પ્રવર્તન આદિ જે સેવા પ્રવૃત્તિઓ ચાલે છે, તે ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વજીવહિતાવહ આદેશોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

પર્યાવરણ અને શિક્ષાપત્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં આજના જેવું શિક્ષણ ન હતું. મોટા ભાગે લોકો અભણ હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને ના'તાં-ધોતાં અને પવિત્રપણે રહેતા કર્યાં હતા. ઊતરતા ગણાતા વર્ણો પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતો

બની બ્રાહ્મણોની જેમ ઊજળો સદાચાર પાળતા હતા.

જ્યારે આજના જેવી 'હાઈજીન'ની કલ્પના પણ ન હતી, ત્યારે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુયાયીઓ ઘી, દૂધ, તેલ વગેરે પદાર્થોને કપડાંથી ગાળીને જ વાપરતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણે પવિત્રતા અને સ્વચ્છતાને જીવનનું અંગ બનાવી દીધાં હતાં.

આજના કહેવાતા સુધરેલા સભ્ય લોકોએ નદીઓ, તળાવો અને જાહેર જગ્યાઓને ગંદકીનાં ઘર બનાવી દીધાં છે, જ્યારે એ જૂનાં જમાનામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકોને નદી-તળાવના આરાઓ ગંદા ન થાય એ માટે જાગ્રત કર્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો હતો કે,

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ॥ शिक्षापत्री–३२

'લોક અને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જિત કરેલાં એવાં સ્થાનક જે, જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, માર્ગ, વાવેલું ખેતર, વૃક્ષની છાયા, ફૂલવાડી તથા બાગ-બગીચા આદિક સ્થાનકને વિશે ક્યારેય પણ મળમૂત્ર ન કરવું અને થૂંકવું પણ નહિ.'

ઈ. સ. ૧૯૭૮માં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સાથે અમારે અમેરિકા જવાનું થયું હતું. તે વખતે અમેરિકાના ઈરી શહેરના મેયરે પૂજ્ય ગુરુદેવનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને ઈરી શહેરના એક દિવસના મેયર તરીકેનું બહુમાન કર્યું હતું.

ગુરુદેવે એમને શિક્ષાપત્રીના સ્વચ્છતા અને પવિત્રતા વિશેના શ્લોકો વાંચી સંભળાવ્યા, ત્યારે ઈરીના મેયર બોલી ઊઠ્યા હતા કે, 'શિક્ષાપત્રીના આ આદેશોના પાલનથી જ અમારો દેશ સુખી અને સ્વચ્છ છે.'

ઘણીવાર મનમાં થાય છે કે આપણે બધાં 'મેરા ભારત મહાન'ના નારા લગાવીએ છીએ, પરંતુ દેશને, દેશની નદીઓને, દેશના તળાવોને આપણે ગટરોથી ભરી દીધાં છે.

એક દિવસ જે દેશ દેવતાઓનો દેશ કહેવાતો, એ જ દેશ આજે ગટર અને ભ્રષ્ટાચાર બંને પ્રકારની ગંદકીથી ઉકરડા જેવો બની રહ્યો છે.

આ ગંદકીમાંથી દેશ ક્યારે બહાર આવશે, એ તો રામ જાણે!

શિક્ષાપત્રી અને અર્થવ્યવસ્થા

આજે આખું વિશ્વ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. આ સમયે શિક્ષાપત્રીના અમુક આદેશો સંકટમોચનનું કાર્ય કરી શકે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે કે,

"આવકથી વધારે ખર્ચ ન કરવો."

"આવક-જાવકનો નિયમિત હિસાબ રાખવો."

"કોઈથી કોઈ પ્રકારનું કરજ ન લેવું."

"સ્થાવર-જંગમ સંપત્તિની લેતી-દેતી સાક્ષીએ સહિત લખાણ વિના ન કરવી."

"પોતાના સેવક વર્ગનો અન્ન-વસ્ત્રથી યથાયોગ્ય નિભાવ કરવો."

"મજૂર વર્ગને નક્કી કરેલી મજૂરીથી ઓછી મજૂરી ન આપવી."

"એક વર્ષ ચાલે એટલા ધાન્ય-ઘાસચારાનો સંગ્રહ કરવો."

આરોગ્ય અને આર્થિક સમૃદ્ધિનો આધાર છે, વ્યસનમુક્ત જીવન. ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં આદેશ આપે છે કે "મદ્ય, માંસ, ગાંજો, અફીણ, બીડી, તમાકુ આદિ તમામ પ્રકારના વ્યસનોનો સર્વથા ત્યાગ કરવો."

ભગવાન શ્રી સ્વામિનારાયણ લિખિત શિક્ષાપત્રી સનાતન ધર્મનું આધુનિક સ્વરૂપ છે. આધુનિક યુગ માટે શિક્ષાપત્રી શ્રેષ્ઠ પથદર્શક છે.

પ્રમેય પ્રકરણ

પાંચ અનાદિ ભેદ નિરૂપણ

પ્રમાણોથી સિદ્ધ થયેલ તત્ત્વોને 'પ્રમેય' કહેવામાં આવે છે.

પ્રમેયની દૃષ્ટિએ ભગવાન શ્રી સ્વામિનારાયણે શંકરાચાર્યજીની પેઠે એક અદ્વૈત બ્રહ્મ સ્વીકારવાને બદલે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ અનાદિ ભેદનો વિશિષ્ટ સિદ્ધાંત સ્વીકારેલો છે.

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવ, ઈશ્વર અને માયા આ ત્રણ તત્ત્વોનું નિરૂપણ કર્યું છે.

એનો જ વિસ્તાર કરીને તેઓએ વચનામૃતમાં ઉપર્યુક્ત પાંચ અનાદિ ભેદનું પ્રતિપાદન કર્યું છે.

મૂળ તો એક જ આત્મતત્ત્વ અનાદિ કાળથી જીવકોટિ, ઈશ્વરકોટિ અને બ્રહ્મકોટિમાં વિભાજિત છે. કોટિનો અર્થ છે પ્રકાર, વિભાગ અથવા સમુદાય.

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચેયમાં પરસ્પર સ્વરૂપ કે સ્વભાવગત ભેદ અનાદિ કાળથી રહેલા છે, માટે તે પાંચ અનાદિ ભેદ કહેવાય છે.

જીવ સ્વરૂપ નિરૂપણ

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહને વિશે અભિમાને યુક્ત આત્માને 'જીવ' કહેવાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં જીવની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે,

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रुपः ज्ञाता व्याप्याखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥ –शिक्षापत्री–१०५

જીવ હૃદયમાં રહ્યો છે, અણુ સરખો સૂક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે, જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર દેહને વિશે વ્યાપીને રહ્યો છે. અછેદ્ય, અભેદ્ય, અજર, અમર વગેરે એનાં લક્ષણો છે.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ જીવની અવસ્થાઓ છે. જીવ જ્યારે નેત્રોમાં રહીને જાગ્રત અવસ્થાને ભોગવે છે, ત્યારે તે વૈશ્વ કહેવાય છે. કંઠમાં રહીને સ્વપ્ન અવસ્થાને ભોગવે છે ત્યારે તે તૈજસ કહેવાય છે. હૃદયમાં રહીને સુષુપ્તિ અવસ્થાને ભોગવે છે, ત્યારે તે પ્રાજ્ઞ કહેવાય છે. પ્રાજ્ઞનો અર્થ છે, ઘોર અજ્ઞાન.

જીવ અનાદિ અને અવિનાશી છે. જીવોની સંખ્યા અનંત છે, તેઓ સ્વતંત્ર નથી, જીવમાત્ર પરમાત્માને આધીન છે.

ઇન્દ્રાદિક દેવતાઓ, મનુષ્યો, પશુ-પંખીઓ, વૃક્ષ-વેલીઓ, કીટ-પતંગ વગેરે સર્વ જીવકોટિ ગણાય છે.

શુભાશુભ કર્મને લીધે આ જીવ સમુદાય ઊંચ-નીચ યોનિઓમાં ભમ્યા કરે છે, ક્યારેક તે ઇન્દ્ર થાય છે તો ક્યારેક એ જ જીવ પાછો કીડી-મંકોડી પણ થાય છે.

ઈશ્વર સ્વરૂપ નિરૂપણ

સત્સંગિજીવનમાં ઈશ્વર સ્વરૂપનું લક્ષણ જણાવતાં કહ્યું છે કે,

देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान् ।
करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः ॥२९॥ (सत्सङ्गिजीवन–प्र–१, अ–५१)

'ઈશ્વર વિરાટાદિ ત્રણ દેહમાં વ્યાપીને રહે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે અને સર્વજ્ઞ છે.'

બ્રહ્માંડ અભિમાની જીવાત્માને ઈશ્વર કહેવાય છે. ઈશ્વરનું બીજું નામ વૈરાજ નારાયણ છે. શાસ્રોમાં કોઈ કોઈ જગ્યાએ એમને 'હિરણ્યગર્ભ' પણ કહ્યા છે. જીવના જેમ ત્રણ દેહ છે, એ જ રીતે ઈશ્વરના પણ વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ દેહ છે.

ચૌદેય લોક સહિત આ અનંત બ્રહ્માંડ ઈશ્વરનો વિરાટ દેહ છે.

આ વિરાટ દેહના કારણરૂપ ચોવીશ તત્ત્વો વિરાટનો સૂત્રાત્મ દેહ કહેવાય છે.

વડલાના બીજમાં જેમ વડલો સમાયો હોય, તે જ રીતે ઈશ્વરના સૂત્રાત્મ અને વિરાટ દેહ ઈશ્વરના અવ્યાકૃત દેહમાં સમાયેલા છે.

જીવને ત્રણ અવસ્થાઓ છે, એ જ રીતે ઈશ્વરને પણ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ત્રણ અવસ્થાઓ છે.

વૈરાજ નારાયણને 'સર્વજ્ઞ' કહ્યા છે, પરંતુ એમની સર્વજ્ઞતા એક બ્રહ્માંડ પૂરતી સીમિત છે.

બ્રહ્માંડો અનંતકોટિ છે, એથી એના સર્જક અને નિયામક ઈશ્વરો પણ અનંતકોટિ છે.

શ્રીમદ્ ભાગવત વગેરે પુરાણોમાં વિરાટ નારાયણરૂપ ઈશ્વરોનું વિસ્તારથી વર્ણન જોવા મળે છે.

જીવ–ઈશ્વર, પરમેશ્વર ભેદ નિરૂપણ

જીવ કોટિ અને ઈશ્વર કોટિ વચ્ચેનો ભેદ અનાદિ છે.

જીવ દેહાભિમાની છે, ઈશ્વર બ્રહ્માંડાભિમાની છે.

જીવનું શરીર અલ્પ પંચભૂતોથી બનેલું છે, ઈશ્વરનું શરીર પંચ મહાભૂતોથી બનેલું છે.

જીવનું જ્ઞાન એક શરીર પૂરતું સીમિત છે, તેથી જીવ અલ્પજ્ઞ છે, ઈશ્વરને સંપૂર્ણ બ્રહ્માંડનું જ્ઞાન છે, માટે એટલા પૂરતા એ સર્વજ્ઞ ગણાય છે.

જીવ એક શરીરને વિશે વ્યાપક છે, જ્યારે ઈશ્વર સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપક છે.

જીવ એક શરીરનું નિયમન કરે છે, જ્યારે ઈશ્વર સંપૂર્ણ બ્રહ્માંડનું નિયમન કરે છે.

જીવ ક્યારેક કાળ, કર્મ અને માયાના પ્રભાવે ઊર્ધ્વગતિને પામી ઇન્દ્રાદિકના દેહ ધરે છે, ક્યારેક અધોગતિને પામી કીડી-મંકોડીના દેહ ધરે છે. જ્યારે ઈશ્વર માયાથી બદ્ધ હોવા છતાંય એની અધોગતિ ક્યારેય થતી નથી. કાં તો એ ઊર્ધ્વગતિને પામીને પરમાત્માનાં ધામને પામે છે, અથવા તો એમનો આયુષ્યકાળ પૂરો થાય છે ત્યારે પરમેશ્વર એમને બીજો ઈશ્વરનો દેહ આપે છે અર્થાત્ બીજા બ્રહ્માંડના અધિપતિ બનાવે છે.

પંચરાત્રશાસ્ત્રમાં કહે છે કે, “ભગવાન વાસુદેવ નારાયણના ત્રણ સગુણ સ્વરૂપો છે- અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ. જ્યાં સુધી ઈશ્વરો આ સગુણ સ્વરૂપોનું ઉપાસન કરે છે, ત્યાં સુધી બ્રહ્માંડના ઈશ્વર તરીકેનું કર્તવ્ય બજાવે છે.”

“જ્યારે એ ઈશ્વરો નિર્ગુણ એવા વાસુદેવ નારાયણની ઉપાસના કરે છે, ત્યારે ગુણાતીત થઈને પરમેશ્વરના નિર્ગુણ ધામને પામે છે.”

જેમ જીવ અને ઈશ્વર વચ્ચે ભેદ છે, એમ ઈશ્વર અને પરમેશ્વર વચ્ચે પણ ભારે ભેદ છે.

ઈશ્વરો અનંત છે, પરમેશ્વર એક છે. ઈશ્વર એક બ્રહ્માંડના સર્જક, વ્યાપક અને નિયામક છે જ્યારે પરમેશ્વર અનંતકોટિ બ્રહ્માંડના સર્જક, વ્યાપક અને નિયામક છે.

જીવો જેમ પરમાત્માને આધીન છે, એ જ રીતે ઈશ્વરો પણ પરમાત્માને આધીન છે.

શ્રુતિ કહે છે,

‘तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमं च दैवतम् ।
पतिं पतीनां परमं परस्ताद्विदाम देवं भुवनेशमीड्यम् ॥’ (श्वे.उ.–६–७)

‘પરમાત્માની કૃપાથી અમને બોધ થયો છે કે, પરમાત્મા સર્વે ઈશ્વરો અર્થાત્

વિરાટનારાયણ, મહાપુરુષ, મહામાયા, મહાકાળ, અક્ષરબ્રહ્મ વગેરે સર્વના ઈશ્વર છે, એ પરમાત્મા સર્વ દેવોના અધિપતિ હોવાથી પરમદેવતા છે, સર્વ પતિઓના પરમપતિ છે(અર્થાત્ પાલક, પોષક અને રક્ષક છે.), ક્ષર-અક્ષર સર્વથી પર છે, સર્વના પ્રેરક છે, સર્વના નિયામક છે, ચાર વેદ અને સર્વ શાસ્રો એમનું સ્તવન કરે છે.'

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની અંતર્યામી શક્તિના પ્રભાવે જ ઈશ્વરો પોતાનું કાર્ય કરવા સમર્થ થાય છે. અન્યથા નહીં. શ્રુતિ કહે છે

'अनेन जीवेनात्मनानुप्रविश्य'(छान्दोग्योपनिषद् ६–३)

પરમાત્માએ પોતાની અતંર્યામી શક્તિથી વિરાટના જીવમાં પ્રવેશ કર્યો ત્યારે જ વિરાટનારાયણ નામરૂપાત્મક વિશ્વનું સર્જન કરવા સમર્થ બન્યા.

માયાસ્વરૂપ નિરૂપણ

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં માયાની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે,

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहं ममताहेतुर्मायावगम्यताम् ॥ –शिक्षापत्री–१०६

'માયા ત્રિગુણાત્મિકા છે, અંધકારરૂપ છે, શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, જીવાત્માને દેહ અને દેહના સંબંધીને વિશે અહંમમત્વની કરાવનારી છે.'

માયામાં સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો રહેલા છે, માટે તે ત્રિગુણાત્મિકા કહેવાય છે.

માયા અજ્ઞાનમય હોવાથી અંધકારરૂપ કહેવાય છે. માયામાં બે શક્તિઓ રહેલી છે, આવરણશક્તિ અને વિક્ષેપશક્તિ.

માયા અજ્ઞાનરૂપી આવરણશક્તિથી જીવના મૂળ સ્વરૂપને ઢાંકી દે છે અને વિક્ષેપ શક્તિથી જીવને દેહને વિશે અહંબુદ્ધિ અને દેહ સંબંધી પદાર્થોને વિશે મમત્વ બુદ્ધિ કરાવે છે.

માયા – કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે અનેક વિકારોની જનની છે; જીવના જન્મ-મરણની હેતુ છે; પરમેશ્વરને આધીન છે અને પરમેશ્વરની શક્તિ છે.

જીવ ગમે તેટલાં સાધન કરે, પરંતુ સ્વપુરુષાર્થના બળે માયારૂપી મહાસાગર તરી શકાતો નથી. માત્ર ને માત્ર પરમાત્માના આશ્રયથી જ માયાના મહાસાગરને તરી શકાય છે એટલે જ ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે,

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ (भगवद् गीता–अ–७, श्लोक–१४)

"હે અર્જુન! આ મારી દૈવી અને ત્રિગુણી માયા તરવી દુષ્કર છે, જે મારે શરણે આવે છે, એ જ એને તરી શકે છે."

માયા કારણરૂપે ચેતન છે અને કાર્યરૂપે જડ છે, માટે જડ-ચિદાત્મક કહેવાય છે. માયાનું બીજું નામ પ્રકૃતિ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે માયાની દાર્શનિક વ્યાખ્યા તો કરી જ છે સાથે સાથે સર્વને જલદીથી સમજાય એવી અનોખી સીધી, સાદી અને સરળ વ્યાખ્યા કરી છે. વચનામૃતમાં મહારાજ કહે છે,

'ભગવાનનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે, તેને માયા જાણવી.'

આ વ્યાખ્યાનો મર્મ મોટો છે. ભગવાનનાં ધ્યાનમાં જે પદાર્થ આડા આવે તે પદાર્થ માયા છે, અર્થાત્ માત્ર માયિક પદાર્થો નહીં, આપણો આત્મા આડો આવે તો આત્મા પણ માયા છે અને ગુરુ આડા આવે તો ગુરુ પણ માયા છે.

માયાના ચોવીસ તત્ત્વો

સર્વ કારણના કારણ એવા પરમાત્માની પ્રેરકશક્તિથી ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો ચોવીસ તત્ત્વરૂપે વિસ્તાર થાય છે. જેમ બીજમાંથી અંકુરો ઊઠે, એમ આ પ્રકૃતિમાંથી ચોવીસ તત્ત્વો પ્રગટે છે. ચોવીસ તત્ત્વોમાંથી પીંડ અને બ્રહ્માંડ સર્જાય છે.

આ ચોવીસ તત્ત્વ એટલે ચાર અંતઃકરણ, પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો, પંચ તન્માત્રાઓ અને પંચભૂતો.

ચાર અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.

પંચ જ્ઞાનેન્દ્રિયો એટલે શ્રોત્ર(કાન), ત્વક્(ત્વચા), ચક્ષુ(નેત્ર), રસના(જીભ), અને ઘ્રાણ(નાસિકા)

પંચ કર્મેન્દ્રિયો એટલે વાક્, પાણી, પાદ, પાયુ, ઉપસ્થ.

પંચ તન્માત્રા એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ. (પંચભૂતો જેમાંથી ઊપજે છે એવા પરમાણુરૂપ સૂક્ષ્મ અંશોને તન્માત્રા કહેવાય છે.)

પંચ ભૂતો એટલે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ.

આ ચોવીસ મહાતત્ત્વોમાંથી ઈશ્વરો એટલે કે વિરાટનારાયણના દેહ બંધાય છે. ચોવીસ અલ્પ તત્ત્વોમાંથી જીવોના દેહ બંધાય છે.

શાસ્ત્રોમાં તત્ત્વોની સંખ્યા અંગે ભારે વૈવિધ્ય અને વિરોધાભાસ જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણે એકાદશ સ્કન્ધમાં આ વિરોધાભાસનું સમાધાન શીખવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'જો ક્યાંય તત્ત્વોની ઓછી સંખ્યાનું નિરૂપણ હોય તો તત્ત્વોનો એકબીજામાં અંતર્ભાવ કરીને વિરોધાભાસ દૂર કરવો. વધારે સંખ્યા દર્શાવી હોય તો તત્ત્વોનો વિસ્તાર કરીને વિરોધાભાસ દૂર કરવો.'

બ્રહ્મસ્વરૂપ નિરૂપણ

સત્સંગિજીવનમાં બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરતાં કહેવામાં આવ્યું છે કે,

सत्यज्ञानमनन्तं च पूर्णं चाखण्डमक्षरम् ।
धाम यद्वासुदेवस्य मूर्तं चामूर्तमुच्यते ॥३२॥
शुद्धं नित्यं चाविकारी मायादीनां प्रकाशकम् ।
तद्ब्रह्मेति विजानिहि सर्वाधारतया मतम् ॥३३॥

(सत्सङ्गिजीवन–प्र–१, अ–५१)

'બ્રહ્મ સત્ય સ્વરૂપ છે, જ્ઞાનરૂપ છે, સ્વરૂપ અને સ્વભાવથી અનંત છે, સર્વત્ર પરિપૂર્ણ છે, અખંડ છે, અવિનાશી હોવાથી અક્ષર કહેવાય છે, આ અક્ષર પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી વાસુદેવ નારાયણ અને અનંતકોટિ મુક્તોને રહેવાનું ધામ છે. આ અક્ષરબ્રહ્મ મૂર્તિમાન પણ છે અને અમૂર્ત પણ છે.'

આ અક્ષરબ્રહ્મ મૂર્તરૂપે પુરુષોત્તમ નારાયણની સેવા કરે છે અને અમૂર્તરૂપે સર્વત્ર વ્યાપક છે.

આ અક્ષરબ્રહ્મ શુદ્ધ છે, નિત્ય છે, અવિકારી છે, જીવ, ઈશ્વર, માયાનું પ્રકાશક અર્થાત્ પ્રેરક છે અને સર્વનો આધાર છે.

આ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એને અક્ષરધામ અને ચિદાકાશ પણ કહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, 'અક્ષરબ્રહ્મ સનાતન, નિત્ય, અપ્રાકૃત, સચ્ચિદાનંદ, અનંત અને અખંડ છે.'

આ અક્ષરબ્રહ્મ અનંતકોટિ સૂર્ય-ચંદ્ર કરતાં પણ વિશેષ પ્રકાશિત છે. અહીં કાળ, કર્મ, માયાનો કોઈ પ્રભાવ નથી.

આ અક્ષરધામનાં સુખની તુલનામાં બીજા સર્વ લોકના સુખ અતિ અલ્પ અને તુચ્છ છે.

વચનામૃતમાં બ્રહ્મ શબ્દનો પ્રયોગ ચાર તત્ત્વો માટે થયો છે – મૂર્તિનું તેજ, અક્ષરધામ, અક્ષરધામમાં રહેલા નિત્યમુક્તો અને અક્ષરાત્મક મહાપુરુષ, માટે સંદર્ભ જોઈને બ્રહ્મ શબ્દનો અર્થ કરવો જરૂરી છે.

વેદસ્તુતિની વ્યાખ્યામાં સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ અક્ષરબ્રહ્મ, અક્ષરાત્મક મુક્તો, અક્ષરાત્મક મહાપુરુષને બ્રહ્મકોટિમાં ગણ્યા છે. આ બ્રહ્મકોટિ અનાદિ છે.

પરમાત્માના અક્ષરબ્રહ્માત્મક દિવ્ય ધામનું વર્ણન કરતા વેદો કહે છે કે,

'ते ह नाकं सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ।' (पुरुषसूक्त)

'યજ્ઞ વગેરે સાધનોથી પરમાત્માનું આરાધન કરનારા ઉપાસકો આનંદથી પરિપૂર્ણ

એવા ધામને પામે છે. જે ધામને વિશે અનાદિ સિદ્ધ આત્માઓ વિરાજે છે.' **'यत्रर्षयः प्रथमजाः ये पुराणाः ।'** (તૈ. સંહિતા ૪–૭–૧૩–૨)

પ્રલય સમયે જ્યારે નામરૂપાત્મક વિશ્વ પ્રકૃતિના ગર્ભમાં લીન હતું, પ્રકૃતિ પણ અક્ષરબ્રહ્મના એક દેશમાં લીન હતી, ત્યારે પ્રકૃતિથી પર પરમાત્માના દિવ્ય ધામને વિશે નિત્ય સિદ્ધ, ત્રિકાળજ્ઞ આત્માઓ વિરાજમાન હતા.

'तद् विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः' (सुबालोपनिषद्–६)

'સર્વવ્યાપી ભગવાન વિષ્ણુના એ સર્વશ્રેષ્ઠ ધામને સૂરીજનો નિત્ય અનુભવે છે.'

'तद् विप्रासो विपन्यवो जागृवांसः समिन्धते विष्णोर्यत्परमं पदम् ।'

(सुबालोपनिषद्–६)

'ભગવાન વિષ્ણુના સર્વશ્રેષ્ઠ ધામને વિશે રહેલા મેધાવી, સર્વજ્ઞ અને અખંડ બ્રહ્મ અનુભવ સંપન્ન દિવ્ય આત્માઓ ભગવાન વિષ્ણુનું સ્તવન કરે છે.'

'तदक्षरे परमेव्योमन् ।' (तै.ना.उ. १–२)

'માયાથી પર અક્ષરરૂપ પરમ વ્યોમમાં પરમાત્મા વિરાજમાન છે.'

બ્રહ્મ અને પરબ્રહ્મનો ભેદ

કેટલાય પંથોમાં 'બ્રહ્મ અને પરબ્રહ્મ એક જ છે' એવી ભ્રમણા પ્રવર્તે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ભ્રમણાને દૂર કરી છે.

એમણે પ્રતિપાદન કર્યું છે કે, 'જેમ જીવ અને ઈશ્વરમાં ભેદ છે, જેમ ઈશ્વર અને બ્રહ્મમાં ભેદ છે, એ જ રીતે બ્રહ્મ અને પરબ્રહ્મમાં ભેદ છે.'

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ બ્રહ્મ વગેરે સર્વ તત્ત્વોથી પર છે, સર્વના સ્વામી છે, સર્વના ઉપાસ્ય છે, સર્વ કારણનાં કારણ છે.

અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મ મહાસમર્થ હોવા છતાંય, પુરુષોત્તમ નારાયણ જેવા થઈ શકતા નથી. શ્રુતિ કહે છે,

'न तत्समश्चाभ्यधिकश्च दृश्यते' (श्वेताश्वतरोपनिषद्–अ–६,मन्त्र–८)

'પુરુષોત્તમ નારાયણને સમાન કોઈ નથી અને એનાથી અધિક પણ કોઈ નથી.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંત સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી કહેતા, અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમ નારાયણની મોજડી ઉપાડીને આગળ ને આગળ ચાલે છે, અર્થાત્ પરબ્રહ્મ પાસે તેઓ અત્યંત દીન અને દાસભાવે વર્તે છે. માટે ઉપાસના અને ધ્યાન પરબ્રહ્મનું જ થાય છે, બ્રહ્મનું નહીં.

શ્રુતિ કહે છે કે, **'अक्षरात् परतो परः ।'**

'પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ માયાથી પર જે અક્ષર તેનાથી પણ પર છે.'

'योऽक्षरमन्तरे संचरन् यस्याक्षरं शरीरं यमक्षरं नवेद ।' (सुबालोपनिषद् –७)

'પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અક્ષરમાં પણ અંતર્યામી શક્તિથી વિરાજમાન છે. એટલે અક્ષર પરમાત્માનું શરીર છે. અક્ષરબ્રહ્મ મહાન હોવા છતાં, પરમાત્માના મહિમાને યથાર્થ જાણી શકતું નથી.'

પરબ્રહ્મ સ્વરૂપ નિરૂપણ

શિક્ષાપત્રીમાં પરબ્રહ્મનું લક્ષણ કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ જણાવે છે કે,

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।
ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥ (शिक्षापत्री–१०७)

'જેમ હૃદયને વિશે જીવ રહ્યો છે તેમ પરમેશ્વર જીવને વિશે અંતર્યામીપણે કરીને રહ્યા છે. પરમેશ્વર સ્વતન્ત્ર છે અને સર્વ જીવને કર્મફળના આપનારા છે.'

સત્સંગિજીવનમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના મહિમાનું વર્ણન કરતાં લખે છે કે,

नारायणो वासुदेवः स्वतन्त्र स्वप्रकाशकः ।
अनादिदिव्यमूर्तिश्च विभुः कृष्णोऽच्युतोऽव्ययः ॥३४॥

सर्वज्ञः सत्यसंकल्प सर्वकर्मफलप्रदः ।
अंतर्यामी स्वंशक्तिसेवितः परमेश्वरः ॥३५॥

सर्वत्रैवान्वितः शक्त्या व्यतिरिक्त स्वत स्थितः ।
नियन्ता कालमायादेस्सर्वकारणकारणम् ॥३६॥
परमात्मेति यत्प्राहुस्तत्परंब्रह्म कथ्यते ।
उपासनीयं सर्वेषामेतदेव मुमुक्षुणाम् ॥३७॥

(सत्सङ्गिजीवन–प्र–१,अ–५१)

'પરબ્રહ્મ પુરુષોત્તમ એવા શ્રીવાસુદેવ નારાયણ સ્વતન્ત્ર છે, સ્વયં પ્રકાશિત છે, સદા દિવ્ય સાકાર મૂર્તિ છે, સર્વત્ર વ્યાપક છે, આનંદસાગર છે, અચ્યુત છે, અવ્યય છે, સર્વજ્ઞ છે, સત્યસંકલ્પ છે, સર્વકર્મફળપ્રદાતા છે, અંતર્યામી છે, સર્વ શક્તિઓથી સેવાયેલા છે, ઈશ્વરોના પણ ઈશ્વર છે, કાળ-માયા વગેરે સર્વના નિયંતા છે, સર્વ કારણનાં કારણ છે, વેદાદિ સત્શાસ્રો એને પરમાત્મા અને પરબ્રહ્મ કહે છે, સર્વ મુમુક્ષુઓ માટે એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ ઉપાસ્ય છે, પરંતુ જીવ, ઈશ્વર, માયા, કાળ, બ્રહ્મ વગેરે કોઈ

ઉપાસ્ય નથી.' પરબ્રહ્મનાં સ્વરૂપનું નિરૂપણ કરવું વેદો માટે પણ દુષ્કર છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનાં રૂપ, ગુણ, ઐશ્વર્ય અનંત-અપાર છે.

પૃથ્વીના પરમાણુઓ, સાગરનાં જળબિંદુઓ અને આકાશના તારાઓ ગણી શકાય, પરંતુ પરબ્રહ્મના રૂપ, ગુણ અને ઐશ્વર્યનું વર્ણન શક્ય નથી.

એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પરમ આનંદમય છે, સર્વના સ્વામી છે, માટે એ જ પ્રાપ્ય, ઉપાસ્ય અને ધ્યેય છે.

અનંત-અપાર આનંદનો સાગર હોવાથી એ પરબ્રહ્મ 'શ્રીકૃષ્ણ' કહેવાય છે.

સમસ્ત જડચેતન વિશ્વમાં એમનો વાસ છે, માટે 'વાસુદેવ' કહેવાય છે.

જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ આ ષડૈશ્વર્યથી સંપન્ન હોવાથી 'ભગવાન' કહેવાય છે.

જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મ એ સર્વથી પર હોવાથી 'પરબ્રહ્મ' કહેવાય છે.

મહાસાગરમાંથી અનેક નદીઓ પ્રગટે તેમ અનેકાનેક અવતારો અને વિભૂતિઓ એમના તેજમાંથી પ્રગટે છે અને એમાં લીન થાય છે, માટે **'सर्वाविर्भावकारणम्'** અર્થાત્ 'સર્વ અવતારોના અવતારી' કહેવાય છે. એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ વ્યાપક સ્વરૂપે સમસ્ત જડચેતન વિશ્વના આધાર છે; અંતર્યામી સ્વરૂપે સર્વનું નિયમન કરે છે.

એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદા સાકાર સ્વરૂપે અક્ષરધામમાં વિરાજમાન છે.

પરમાત્માનું આ સુંદર રૂપ અમાયિક અને દિવ્ય છે; કાળ, કર્મના પ્રભાવથી રહિત છે.

પરમાત્માના એ સુંદર રૂપનું વર્ણન મોટા મોટા ત્રિકાળદર્શી ઋષિમુનિઓ કે કવિઓ પણ કરી શકે તેમ નથી, માટે વેદો એમને **'यतो वाचो निवर्तन्ते' (तै.उ.–ब्रह्मवल्ली–४)** કહે છે.

પરમાત્માના રૂપમાં માયિક કરચરણાદિકનો નિષેધ કરવા માટે વેદો એમને 'નિરાકાર' કહે છે.

પરમાત્માના સ્વરૂપમાં માયાના સત્ત્વ, રજ, તમ એ કોઈ ગુણો નહીં હોવાથી વેદો એને 'નિર્ગુણ' કહે છે.

એ પરમાત્મામાં અનંત કલ્યાણકારી દિવ્ય ગુણો રહેલા છે, માટે તે સગુણ પણ કહેવાય છે.

પરમાત્માનું આ દિવ્ય સ્વરૂપ મહાતેજોમય હોવાથી વેદો તેમને જ્યોતિર્મય અથવા તો જ્યોતિના પુંજરૂપ કહે છે.

એ પરમેશ્વર અક્ષરાદિક સર્વના સ્વામી છે. અક્ષરબ્રહ્મ અને અનંત અક્ષરમુક્તો દાસભાવે એમની ઉપાસના કરે છે.

ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને સર્વ કારણનાં કારણ કહ્યાં છે.

વેદોની શ્રુતિ છે, **'यतो वा ईमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यत्प्रयन्ति अभिसंविशन्ति, तत् विजिज्ञासस्व तत् ब्रह्म ।'** (तै.उ.–भृगुवल्ली–१)

'જે પરમ તત્ત્વમાંથી આ જડ-ચેતન વિશ્વ જન્મે છે, પોષણ પામે છે અને પ્રલય કાળે જેમાં લીન થાય છે, જે સર્વનો પરમ વિશ્રામ છે, એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી.'

બ્રહ્મસૂત્રમાં પણ ભગવાન વેદવ્યાસજીએ **'जन्माद्यस्य यतः' (ब्रह्मसूत्र–अ–१,१,२)** વગેરે સૂત્રો દ્વારા પ્રતિપાદિત કર્યું છે કે, જડ-ચેતન વિશ્વનું એક માત્ર અસાધારણ કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. એ સિવાય કાળ, કર્મ, માયા, સ્વભાવ વગેરે કોઈ જગતનું અસાધારણ કારણ નથી.

આ બધાં તત્ત્વો સૃષ્ટિસર્જનના સહયોગી કારણો હોઈ શકે છે, પરંતુ અસાધારણ કારણ તો ભગવાન નારાયણ જ છે.

વેદોમાં અનેક જગ્યાએ સૃષ્ટિના કારણરૂપે 'અક્ષર' અથવા 'બ્રહ્મ' શબ્દનો ઉપયોગ થયેલો જોવા મળે છે. ભગવાન વેદવ્યાસજી, ભારતના મહાન આચાર્યો અને યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી જેવા મહાપુરુષોએ સ્પષ્ટપણે નિરૂપણ કર્યું છે કે, અહીં 'અક્ષર' અથવા 'બ્રહ્મ' શબ્દનો પ્રયોગ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ માટે છે, અક્ષરબ્રહ્મ માટે નહીં. અક્ષરતત્ત્વ **'अक्षरात् परतः परः'** એવા પુરુષોત્તમ નારાયણનું દાસ છે.

એ જ ન્યાયે ઉપનિષદોમાં સૃષ્ટિના કારણ તરીકે વિવિધ દેવતાવાચી શબ્દોનો પ્રયોગ થયો છે. એથી એવો આભાસ થાય છે કે, તે તે દેવતાઓ સૃષ્ટિના કારણ છે. પરંતુ ભગવાન વેદવ્યાસજીએ બ્રહ્મસૂત્રોના પ્રથમ અધ્યાયમાં સમજાવ્યું છે કે, આ સર્વ શબ્દો દેવતાવાચી નથી, પરંતુ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો બોધ કરાવનાર છે.

ભગવાન શબ્દનો અર્થ

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને શાસ્ત્રો 'ભગવાન' કહે છે. વિષ્ણુ પુરાણમાં 'ભગવાન' શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું છે,

'ज्ञानशक्ति बलैश्वर्य वीर्यतेजांस्यशेषतः ।
भगवच्छब्द वाच्यानि विना हेयैर्गुणादिभिः ॥' (वि.पु. ६–५–७९)

'જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ આ છ ઐશ્વર્ય જેમાં સંપૂર્ણપણે હોય તેને ભગવાન કહેવાય છે.'

જ્ઞાનનો અર્થ છે અટપટી સૃષ્ટિ રચવાનું સંપૂર્ણ વિજ્ઞાન.

શક્તિનો અર્થ છે રચના સામર્થ્ય. ઘણા પાસે જ્ઞાન હોય છે, પરંતુ એ જ્ઞાન સર્જનશીલ હોતું નથી. આવું જ્ઞાન વિફળ છે. પરમાત્માનું જ્ઞાન શક્તિ સંપન્ન છે.

બલનો અર્થ છે ધારણ સામર્થ્ય. સર્જન કરવું સહેલું છે, પણ સર્જનને ટકાવી રાખવું મુશ્કેલ છે. પરમાત્મા સર્જનશીલ છે, સાથે સાથે ધારણશીલ પણ છે.

ભગવાનને વિશે રહેલા સ્વામીત્વભાવ, નિયમન સામર્થ્યને ઐશ્વર્ય કહે છે. અનંત બ્રહ્માંડોના એકમાત્ર પ્રશાસનને ઐશ્વર્ય કહે છે. આ નિયમન સામર્થ્યને લીધે શાસ્ત્રો ભગવાનને નિયંતા, સર્વેશ્વર પરમેશ્વર તથા સ્વામી વગેરે અનેક શબ્દોથી વર્ણવ્યા છે.

વીર્યનો અર્થ છે, વિકારો વચ્ચે પણ નિર્વિકાર રહેવું. પરમાત્મા જડ-ચેતન વિશ્વમાં વ્યાપીને રહ્યા છે, પરંતુ માયાના કોઈ વિકારો તેમને સ્પર્શી શકતા નથી.

તેજનો અર્થ છે, કોઈથી પરાભૂત ન થાય તેવું અને સ્વયં પ્રકાશિત. જેમ કે ચન્દ્ર અને નક્ષત્રોના તેજ સૂર્યના તેજ પાસે પરાભૂત બને છે અને ઝાંખા થઈ જાય છે પરંતુ સૂર્યના તેજને કોઈ પરાભૂત કરી શકતું નથી. એ જ રીતે પરમાત્માના તેજમાં બધા જ તેજસ્વી પદાર્થો લીન થઈ જાય છે પરંતુ પરમાત્માના તેજને કોઈ લીન કરી શકતું નથી. વિશ્વમાં જેટલાં પ્રકાશિત પદાર્થો છે એ બધા જ પરમાત્માના પ્રકાશથી પ્રકાશિત છે પરંતુ પરમાત્મા સ્વયં પ્રકાશિત છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણમાં આ છ ઐશ્વર્યો સંપૂર્ણપણે રહ્યા છે, જ્યારે અન્યત્ર દેવી-દેવતાઓ, ઈશ્વરોમાં આ ઐશ્વર્યો અલ્પ અંશે હોય છે. પરમાત્મા સિવાય જ્યાં જ્યાં ષડૈશ્વર્ય દેખાય છે, ત્યાં ત્યાં એ ઐશ્વર્ય મર્યાદા યુક્ત છે.

ભગવાન સિવાય બીજાનું જ્ઞાન અજ્ઞાનથી, સામર્થ્ય અસામર્થ્યથી, બળ નિર્બળતાથી યુક્ત છે. જડ-ચેતન વિશ્વના નિયમન માટે દેવી-દેવતાઓનું ઐશ્વર્ય અપૂર્ણ છે. તેઓ માયાના વિકારોમાં નિર્વિકારી રહી શકતા નથી. એમનાં તેજ બીજાનાં તેજથી પરાભૂત થાય છે. માટે એકમાત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સિવાય બીજા કોઈને ભગવાન કહી શકાય નહીં.

વિષ્ણુપુરાણના કથન અનુસાર પુરુષોત્તમ નારાયણ સિવાય અન્યત્ર ભગવાન શબ્દનો વ્યવહાર થતો હોય તો એ વ્યવહાર ગૌણ છે, મુખ્ય નથી.

कश्च ध्येयः ।

અધ્યાત્મ માર્ગે ધ્યાન-ઉપાસનાનું અતિ મહત્ત્વ છે. પરંતુ પ્રશ્ન એ છે કે, ધ્યાન-ઉપાસન કોના કરવા? આ પ્રશ્નના સમાધાનમાં અથર્વશીર્ષ ઉપનિષદમાં કહ્યું છે કે,

'कारणं तु ध्येयः ।' (अ.शि. १७)

'જે સર્વેનું કારણ હોય, સર્વેશ્વર હોય, સર્વના નિયંતા હોય, તેનું ધ્યાન-ઉપાસના કરવાં.'

વિષ્ણુપુરાણમાં કહેવાયું છે કે, 'शुभाश्रयो ध्येयः' જે શુભાશ્રય હોય તેનું ધ્યાન કરવાં. અશુભાશ્રયનું ધ્યાન ન કરવું. 'भावनात्रयसहितः अशुभाश्रयः' જે ત્રણ પ્રકારની

ભાવનાથી યુક્ત હોય તેને અશુભાશ્રય કહેવાય.

વિષ્ણુપુરાણમાં કહે છે કે,

'त्रिविधा भावना भूप! विश्वमेतन्निबोधताम् ।
कार्याख्या ब्रह्मसंज्ञा च तथा चैवोभयात्मिका ॥

'હે રાજન! સમસ્ત જડ-ચેતન સમુદાય ત્રણ ભાવનાથી બદ્ધ છે. ત્રણ ભાવનાઓના નામ છે – કર્મભાવના, બ્રહ્મભાવના અને ઉભયભાવના.'

કર્મભાવના સહિતનો અર્થ છે, કર્મને આધીન જીવાત્માઓ.

કીટ-પતંગથી લઈને ઇન્દ્રાદિક દેવતાઓ કર્મભાવનાથી યુક્ત છે, માટે તે ધ્યેય અને ઉપાસ્ય નથી. કારણ કે, જે સ્વયં કર્માધીન છે તે બીજાને મુક્ત કઈ રીતે કરી શકે?

બ્રહ્મભાવનાએ સહિતનો અર્થ છે, જેઓ બ્રહ્મ અર્થાત્ પરબ્રહ્મનું ધ્યાન-ઉપાસન કરે છે તેવા મુક્ત આત્માઓ.

આ મુક્ત આત્માઓનું બ્રહ્મોપાસન સિદ્ધ કરે છે કે, તેઓ પણ બ્રહ્મ અર્થાત્ પરબ્રહ્મને આધીન છે, પરબ્રહ્મથી શ્રેષ્ઠ નથી. માટે એવા મુક્ત આત્માઓનું ધ્યાન ઉપાસન કરવાને બદલે એ મુક્ત આત્માઓ જેનું ધ્યાન કરે છે એ પરબ્રહ્મનું જ ધ્યાન અને ઉપાસન ઉત્તમ છે.

કેટલાક આત્માઓ કર્મ અને બ્રહ્મ બંને ભાવનાથી યુક્ત હોવાથી તેઓ ઉભયભાવનાવાળા કહેવાય છે. બ્રહ્માદિક દેવતાઓ, વિરાટનારાયણાદિક ઈશ્વરો ઉભયભાવનાએ સહિત છે. તેઓ કર્મના નિયમોને આધીન થઈને બ્રહ્માંડનું સંચાલન કરે છે, પરંતુ સાથે સાથે પરબ્રહ્મનું ઉપાસન પણ કરે છે. સૃષ્ટિના સંચાલન વખતે પણ તેઓ પરમાત્માનું અનુસંધાન ચૂકતા નથી. આ ઉભયભાવનાયુક્ત આત્માઓ અપાર ઐશ્વર્યશાળી છે, છતાં પરમાત્માને આધીન છે. માટે તેઓ પણ ધ્યેય કે ઉપાસ્ય નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં કહે છે કે,

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥ (शिक्षापत्री –११५)

'શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તોપણ ધ્યાન કરવા યોગ્ય નથી માટે એમનું ધ્યાન ન કરવું.'

ध्येयो नारायणो हरिः

ચારેય વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, શ્રીમદ્ ભગવદ્ગીતા તથા શ્રીમદ્ ભાગવત વગેરે સર્વ શાસ્રો એક અવાજે નિરૂપણ કરે છે કે, પરબ્રહ્મ પરમાત્મા જ સર્વથી શ્રેષ્ઠ છે, સર્વના કારણ છે અને અનંત શુભ કલ્યાણકારી ગુણોના ધામ છે. માટે એ જ ધ્યેય અને ઉપાસ્ય છે. એ પરબ્રહ્મ પરમાત્મા એટલે ભગવાન શ્રીનારાયણ.

ઉપનિષદમાં કહે છે કે,

'एको वै नारायण आसीत न ब्रह्मा नेशानः' 'ने मे ध्यावा पृथिवी न नक्षत्राणि'

(महानारायणोपनिषद्)

આ જડ-ચેતન સૃષ્ટિ નહોતી ત્યારે એક માત્ર પરમાત્મા નારાયણ હતા. એ સમયે બ્રહ્મા, શિવ, આકાશ, પૃથ્વી, નક્ષત્ર વગેરે કશું જ ન હતું.

તૈતરીય ઉપનિષદમાં કહે છે કે, 'नारायणः परं ब्रह्म' ભગવાન નારાયણ જ પરબ્રહ્મ છે.

અહીં એક બીજો સવાલ થાય છે કે, એ પરબ્રહ્મ તત્ત્વ શિવ કેમ નહીં? કારણ કે શ્વેતાશ્વતર, અથર્વશીર્ષ વગેરે ઉપનિષદોમાં સૃષ્ટિના કારણ પરબ્રહ્મ માટે શંભુ, રુદ્ર, શિવ, મહેશ્વર જેવા શબ્દોનો પ્રયોગ છે. એટલે નારાયણને બદલે શિવ પરમતત્ત્વ છે એમ માનવું જોઈએ. આ અંગે આચાર્યોએ ભારે શાસ્રાર્થ કરેલે છે. જેનો નિષ્કર્ષ કંઈક નીચે પ્રમાણે છે.

વ્યાકરણ શાસ્ત્રની દષ્ટિએ શબ્દો બે પ્રકારના હોય છે, સંજ્ઞાવાચી અને ગુણવાચી.

નિયમ એવો છે કે, સંજ્ઞાવાચી શબ્દ જે વ્યક્તિનો બોધ કરાવે છે, તેમાં તે અચલ હોય છે. જ્યારે ગુણવાચી શબ્દોને તે તે ગુણોને આધારે અન્યત્ર ઘટાવી શકાય છે. સંજ્ઞાવાચી શબ્દોને અન્યત્ર ઘટાવી શકાતા નથી.

નારાયણ શબ્દ સંજ્ઞાવાચી છે. અહીં મૂળ શબ્દ 'नारायन' છે, પરંતુ સંજ્ઞાવાચી હોવાથી પાણિની વ્યાકરણ સૂત્ર 'संज्ञायामगः' થી 'ન'કારનો 'ણ'કાર થયો છે અને 'નારાયણ' શબ્દ બન્યો છે.

આ વ્યાકરણનો વિષય છે. જેનો વિશેષ વિસ્તાર રસભંગ કરનાર હોવાથી જરૂર નથી. સાર એ છે કે નારાયણ શબ્દ ગુણવાચી નથી. પરંતુ આ શબ્દ સૃષ્ટિના પરમ કારણ પરમાત્માની સંજ્ઞા છે. જ્યારે શિવ, રુદ્ર, શંભુ, મહેશ્વર વગેરે શબ્દો ગુણવાચક છે.

શિવનો અર્થ છે – મંગલકારી. શંભુનો અર્થ છે – સ્વયંભૂ, જેનું કોઈ કારણ ન હોય તે. રુદ્રનો અર્થ છે – ભયંકર. મહેશ્વરનો અર્થ છે – સર્વના નિયામક.

આ બધા જ વિશેષણો નારાયણને માટે સાર્થક છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે,

'शाश्वतं शिवमच्युतम्' (तै.ना.उ. ११–३)

'ભગવાન નારાયણ શાશ્વત છે. શિવ અર્થાત્ મંગલકારી છે અને અચ્યુત છે.'

ભગવાન નારાયણ શંભુ છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહે છે કે,

'विश्वाक्षं विश्वशंभुवम्' ભગવાન નારાયણ જડ-ચેતન વિશ્વના દૃષ્ટા છે. જડ-ચેતન વિશ્વની ઉત્પત્તિનું કારણ છે અને પોતે સ્વયંભૂ છે.

આ રીતે શિવ, શંભુ, રુદ્ર વગેરે બધા જ શબ્દો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના ગુણવાચક શબ્દો છે.

સૃષ્ટિ સમયે નારાયણ રુદ્ર રૂપે પ્રકાશે છે. જરા કલ્પના કરીએ, 'બીગ બૅંગ' વખતે જ્યારે અનંત આકાશગંગાઓનું સર્જન થતું હશે ત્યારે અવકાશમાં કેટલી અફડાતફડી મચી હશે, સમસ્ત વાતાવરણ કેટલું રુદ્ર અર્થાત્ ભયંકર હશે!

એ જ રીતે વિશ્વના પ્રલય સમયે જ્યારે પ્રલય અગ્નિની જ્વાળાઓ વિશ્વને ભરખી રહી હશે ત્યારે અવકાશમાં કેટલી ભયંકર વિનાશકતા હશે! પરબ્રહ્મ તત્ત્વનો આ રુદ્રભાવ છે.

સૃષ્ટિ અને પ્રલયના મધ્યમાં પરબ્રહ્મ તત્ત્વ સત્યમ્ શિવમ્ સુન્દરમ્ ભાસે છે. પર્વતો, સાગરો, નદીઓ, વિશાળ સરોવરો, હરિયાળી ધરતી અને પંખીઓના કલરવમાં આપણને સત્યમ્ શિવમ્ સુન્દરમ્‌નાં દર્શન થાય છે. આપણે જ્યારે અનંત અવકાશમાં મીટ માંડીએ છીએ ત્યારે પણ આપણને અનંત વિશ્વમાં પરમાત્માના શિવ અર્થાત્ મંગળકારી સ્વરૂપનું દર્શન થયા સિવાય રહેતું નથી.

આ વિશ્વ એક નથી, અનંત છે. આ સર્વ વિશ્વનું નિયમન કરનાર હોવાથી પરબ્રહ્મને 'મહેશ્વર' કહેવાય છે.

પરબ્રહ્મ પરમાત્માએ પોતાના રુદ્રભાવનું કે શિવભાવનું દાન કૈલાસનિવાસી ભગવાન શંકરને કરેલું છે, એટલે ભગવાન શિવજી પણ રુદ્ર કે શિવના નામે ઓળખાય છે. શિવ પ્રલયના દેવ છે. એ પ્રલય કરે છે ત્યારે રુદ્ર હોય છે, ધ્યાન કરે છે ત્યારે શાંત હોય છે.

ભાગવતજી જેવા પુરાણોમાં શિવજીને પરમવૈષ્ણવ કહ્યા છે. તેઓ નિરંતર પોતાના પ્રિય ઇષ્ટદેવ નારાયણનું ધ્યાન કરે છે.

અનંતકોટિ બ્રહ્માંડો છે અને અનંતકોટિ બ્રહ્માંડોમાં અનંતાનંત બ્રહ્મા-વિષ્ણુ-મહેશ છે. આ સર્વને શક્તિ પ્રદાન કરનારા કોઈ એક મહારુદ્ર છે, મહાશિવ છે, મહેશ્વર છે અને એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. શ્વેતાશ્વતર વગેરે ઉપનિષદ્‌માં એ જ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું સ્તવન થયેલું છે.

શિવ, મહેશ્વર, રુદ્ર વગેરે શબ્દો ગુણવાચી હોવાથી નારાયણના વિશેષણ થઈ શકે છે, પરંતુ 'નારાયણ' શબ્દ સંજ્ઞાવાચી હોવાથી શિવનું વિશેષણ થઈ શકે એમ નથી.

❄ ❄ ❄ ❄

જે રીતે શિવજી પરમધ્યેય કે ઉપાસ્ય નથી, એ જ રીતે વિરાટનારાયણ પણ પરમધ્યેય કે ઉપાસ્ય નથી.

શાસ્રોમાં અનેક જગ્યાએ નારાયણ શબ્દ વિરાટબ્રહ્માંડના અભિમાની દેવ વૈરાજપુરુષ માટે વપરાયેલો જોવા મળે છે.

વિષ્ણુપુરાણમાં કહે છે કે,

'आपो नारा ईति प्रोक्ता आपो वै नर सूनवः ।
अयनं तस्य ताः पूर्वं तेन नारायण स्मृतः ॥' (वि.पु. १–४–६)

સૃષ્ટિ સમયે પરમાત્મા નારાયણના દિવ્ય શરીરમાંથી જળ પેદા થયું.

પાણીમાં જેમ માછલીનું ઈંડું તરતું હોય, તેમ આ અનંત-અસીમ જલસાગરમાં વિરાટ બ્રહ્માંડ તરતું હતું.

સૃષ્ટિના કારણરૂપ જળમાં નિવાસ હોવાથી બ્રહ્માંડના અધિષ્ઠાતા આત્માને 'વિરાટ નારાયણ' કહેવામાં આવ્યા.

અહીં 'આપ' કે 'નાર' શબ્દ સાધારણ લોકપ્રસિદ્ધ 'પાણી' વાચક નથી. વેદના શબ્દોની પરિભાષા કરનાર નિરુંતકારે 'આપ' તેમ જ 'નાર' નારનો અર્થ તેજ અથવા તો પ્રકાશ કર્યો છે.

નારાયણના શરીરમાંથી પ્રગટેલ એ જળ સાધારણ ન હતું.

સૃષ્ટિના કારણરૂપ એ તેજોમય જળને આપણે Divine cosmic ocean કહીએ છીએ.

આ Divine cosmic ocean માં એક નહીં અનંત બ્રહ્માંડો તરે છે.

અનંત અનંત વિરાટ બ્રહ્માંડોના અધિષ્ઠાતા અનંત વિરાટનારાયણો છે. આ અનંત વિરાટનારાયણોમાંથી અનંતાનંત બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પ્રગટે છે.

એક વિરાટ નારાયણ એક બ્રહ્માંડની ઉત્પતિ, સ્થિતિ, પ્રલય, નિયમન કરવા સમર્થ છે એટલે એ નારાયણ કહેવાય છે. પરંતુ આ ઐશ્વર્ય એક બ્રહ્માંડ પૂરતું મર્યાદિત છે. એ પણ એમને પરાત્પર પુરુષોત્તમ નારાયણ તરફથી પ્રાપ્ત થયું છે. માટે અસાધારણ અર્થમાં નારાયણ શબ્દ અનંત વિરાટનારાયણના અધિષ્ઠાતા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ માટે વપરાય છે અને ગૌણ અર્થમાં વિરાટનારાયણ માટે વપરાય છે.

'आपो नारा ईति प्रोक्ता' આ શ્લોકનો સાચો અર્થ એ થાય છે કે, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના દિવ્ય શરીરમાંથી શીતળ-શાંત તેજ પ્રસરી રહ્યું છે અને એ તેજને વિશે જેમ નળિયાવાળા ઘરમાં સૂર્ય પ્રકાશના ચાંદરડાં પડતાં હોય અને એ ચાંદરડાંમાં અનંત રજકણો ઊડી રહ્યાં હોય, તે રીતે પુરુષોત્તમ નારાયણના દિવ્ય શરીરવિગ્રહમાંથી પ્રસરી રહેલા તેજમાં અનંત કોટી બ્રહ્માંડો અણુની જેમ ઊડી રહ્યા છે.

આ જ વૈરાજનારાયણને કોઈ કોઈ જગ્યાએ હિરણ્યગર્ભ પણ કહ્યા છે. ઋગ્વેદના દસમાં મંડળમાં હિરણ્યગર્ભ સૂક્તનો મંત્ર છે.

'हिरण्यगर्भ समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥'

'સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે ભગવાન હિરણ્યગર્ભ હતા. એ હિરણ્યગર્ભ સર્વના સ્વામી હતા. આ પૃથ્વી અને અવકાશને તે જ ધારણ કરી રહ્યા છે. એ પરમ આનંદ સ્વરૂપ પરમાત્માનું અમે આરાધન કરીએ છીએ.'

આ મંત્રમાં રહેલ 'હિરણ્યગર્ભ' શબ્દનો અર્થ માત્ર વિરાટનારાયણ નથી, પરંતુ અસાધારણ અર્થમાં જેમના સંકલ્પમાત્રથી સુવર્ણની જેમ સેંકડો ચમકતા બ્રહ્માંડો સર્જાય છે એવા ભગવાન પુરુષોત્તમ નારાયણ જ હિરણ્યગર્ભ છે.

વિષ્ણુપુરાણની દૃષ્ટિએ વિરાટનારાયણ કર્મ અને બ્રહ્મ ઉભય ભાવનાથી યુક્ત છે, માટે શ્રેષ્ઠ ધ્યેય કે ઉપાસ્ય નથી.

શાસ્ત્રોમાં અનેકવિધ દેવતાઓનું વર્ણન છે. આ બધા જ દેવો આદરણીય અને અર્ચનીય છે, પરંતુ ધ્યેય કે ઉપાસ્ય નથી.

મહાભારતમાં વ્યાસજી કહે છે,

'आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः ।
ईदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणो हरिः ॥

'સર્વશાસ્ત્રોનું વારંવાર મંથન અને મીમાંસા કર્યા બાદ સારી રીતે સિદ્ધ થયું છે કે ભગવાન શ્રીહરિ નારાયણ જ ધ્યેય છે, ઉપાસ્ય છે.'

मतं विशिष्टाद्वैतं मे

વેદાંતદર્શનનું લક્ષ્ય વેદ-ઉપનિષદોના મંત્રોનું યથાર્થ અર્થઘટન કરી સર્વકારણના કારણ એવા પરમાત્મા નારાયણ તથા જીવ અને જગતના સ્વરૂપનું નિરૂપણ કરવાનું છે.

વેદોની શ્રુતિઓમાં અનેક જગ્યાએ પરસ્પર વિરોધાભાસ જોવા મળે છે, જેના પરિહાર માટે તથા એના અર્થઘટનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત વધારે અનુકૂળ લાગ્યો છે.

એટલે તેઓ શિક્ષાપત્રીમાં લખે છે,

'मतं विशिष्टाद्वैतं मे' (–शिक्षापत्री–१२१)

અમારો દાર્શનિક સિદ્ધાંત વિશિષ્ટાદ્વૈત છે. ભગવદ્‌પાદ્ રામાનુજાચાર્યજી તેમ જ જગદ્‌ગુરુ રામાનંદાચાર્યજીએ પણ આ જ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં ત્રણ તત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે, ચેતન, અચેતન અને પરમ ચેતન. એને આપણે જીવ, જગત અને જગદીશ્વર પણ કહી શકીએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આત્મતત્ત્વના જીવ, ઈશ્વર અને બ્રહ્મ એવા ત્રણ અનાદિ ભેદ માન્યા છે. એ ત્રણ ભેદ સાથે પ્રકૃતિ અને પરબ્રહ્મને જોડવાથી અનાદિ ભેદની સંખ્યા પાંચ થાય છે.

આ પાંચ અનાદિ ભેદ અથવા તો ત્રણ તત્ત્વો કાર્યકારણભાવથી બે પ્રકારે છે, કારણ રૂપે સૂક્ષ્મ છે, કાર્ય રૂપે સ્થૂળ છે. જેમ કે, બીજ અને વડલો. બીજ કારણ છે અને સૂક્ષ્મ છે; વડલો કાર્ય છે અને સ્થૂળ છે.

આત્માનું સર્વવ્યાપી જ્ઞાન માયાથી સંકુચિત થઈને માત્ર ત્રણ દેહમાં જ સીમિત થઈ જાય એ આત્માનો જીવભાવ છે અને એ જ આત્માની કાર્યાવસ્થા કહેવાય છે. આત્માનો વિશુદ્ધ આત્મભાવને કારણાવસ્થા કહેવાય છે.

આત્માનું જ્ઞાન સંકુચિત થઈને એક બ્રહ્માંડ પૂરતું સીમિત થઈ જાય એ આત્માનો ઈશ્વરભાવ છે અને એ જ કાર્યાવસ્થા કહેવાય છે, વિશુદ્ધ આત્મભાવને કારણાવસ્થા કહેવાય છે.

માયાનું બીજું નામ પ્રકૃતિ છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. ત્રણ ગુણોનાં નામ છે, સત્ત્વ, રજ અને તમ. આ ગુણો પ્રલય સમયે શાંત સરોવર જેવા હોય છે. આ સમયે સમસ્ત વિશ્વ સૂક્ષ્મ રૂપે પ્રકૃતિના ઉદરમાં લીન હોય છે. આ સમયે ત્રણેય ગુણ સમાન અનુપાતમાં હોય છે એટલે એને પ્રકૃતિની સામ્યાવસ્થા હેવાય છે, આનું જ બીજુ નામ પ્રકૃતિની કારણ અવસ્થા છે.

શાંત સરોવરમાં કાંકરી ફેંકવાથી તરંગો પેદા થાય છે, એ જ રીતે પરમાત્માની પ્રેરક શક્તિથી મહાકાળ દ્વારા પ્રકૃતિમાં સૃષ્ટિના તરંગો પેદા થાય છે. સૃષ્ટિ સમયે ત્રણેય ગુણોના અનુપાત બદલાય છે માટે આને પ્રકૃતિની વિષમાવસ્થા કહેવાય છે. આ જ પ્રકૃતિની કાર્ય અવસ્થા છે.

અમૂર્ત રૂપે અનંત કોટિ બ્રહ્માંડોને ધારવા, પ્રકૃતિપુરુષને સૃષ્ટિ માટે પ્રેરવા, એ બ્રહ્મની કાર્યાવસ્થા છે. મૂર્તરૂપે પરબ્રહ્મની સેવામાં મગ્ન રહેવું એ બ્રહ્મની કારણાવસ્થા છે.

ઉપરના ચારેય તત્ત્વો કાર્યાવસ્થામાં હોય ત્યારે સ્થૂળ કહેવાય અને કારણ અવસ્થામાં હોય ત્યારે સૂક્ષ્મ કહેવાય.

આ તત્ત્વો સ્થૂળ હોય કે સૂક્ષ્મ, કાર્યરૂપે હોય કે કારણરૂપે તેઓ હંમેશાં પરમાત્મા સાથે જોડાયેલા છે. એ જોડનારા પરિબળને પરમાત્માની વ્યાપક શક્તિ અને અંતર્યામી શક્તિ કહેવાય છે.

વેદો કહે છે,

'अंतर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणस्थितः।' (तै.आ.४-१०-१३)

'પરમાત્મા જડચેતન સમસ્ત વિશ્વમાં અંદર અને બહાર વ્યાપીને રહ્યા છે.' જેમ કે, ઘડો પાણીમાં હોય ત્યારે ઘડાની અંદર પણ પાણી છે અને બહાર પણ પાણી છે, આના જેવી આ વાત છે.

પરમાત્માની વ્યાપક શક્તિ સર્વનો આધાર છે અને અંતર્યામી શક્તિ સર્વનું નિયમન કરે છે.

જેમ આકાશ, પૃથ્વી વગેરે ચારે ભૂતમાં વ્યાપક છે પણ આકાશને એકેય ભૂતનો વિકાર સ્પર્શતો નથી, એ જ રીતે પરમાત્મા સર્વત્ર વ્યાપક હોવા છતાં તે નિત્ય નિર્વિકાર છે.

જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ આ ચારેય તત્ત્વો પરમાત્મા સાથે નિત્ય જોડાયેલા હોવાથી એમના વચ્ચે વિશેષણ વિશેષ્યભાવ સંબંધ છે.

વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ બે પ્રકારનો હોય છે, નિત્ય અને અનિત્ય. કેટલાંક વિશેષણો અનિત્ય હોય છે. જેમ કે, ચશ્માંવાળો માણસ. અહીં ચશ્માં વિશેષણ છે, માણસ વિશેષ્ય છે. આ વિશેષણ-વિશેષ્યભાવ અનિત્ય છે, કારણ કે માણસ કાયમ ચશ્માં પહેરતો નથી. આવા અનિત્ય સંબંધને દાર્શનિક ભાષામાં 'પૃથક્‌સિદ્ધ' સંબંધ કહેવાય છે.

કેટલાંક વિશેષણો નિત્ય હોય છે. તેઓને વિશેષ્યથી અલગ કરી શકાતા નથી. જેમ કે, લાલ અશ્વ, કાળો માણસ, ગુલાબી કમળ. અહીં બધાં જ વિશેષણો તે તે વિશેષ્ય સાથે નિત્ય જોડાયેલાં છે એને અલગ કરી શકાતાં નથી. આ નિત્ય સંબંધને દાર્શનિક ભાષામાં અપૃથક્‌સિદ્ધ સંબંધ કહેવાય છે.

જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એ ચારેય ક્યારેય કોઈ પણ અવસ્થામાં પરમાત્માથી સ્વતંત્ર રહી શકતાં નથી. તેઓ અપૃથક્‌સિદ્ધ સંબંધથી પરમાત્મા સાથે જોડાયેલા છે.

આટલી સ્પષ્ટતાના અનુસંધાને વિશિષ્ટાદ્વૈત શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે,

'सूक्ष्मचिदचिद्भ्यां विशिष्टम् ईति सूक्ष्मचिदचिद्विशिष्टम्,'
स्थूलचिदचिद्भ्यां विशिष्टं स्थूलचिदचिद्विशिष्टम्,
तयोरद्वैतं अथवा तो तत् च अद्वैतम् ईति विशिष्टाद्वैतम्।

આ દાર્શનિક પરિભાષાનો અર્થ છે, પરબ્રહ્મ સ્થૂળ અને સૂક્ષ્મ એવા જડચેતનતત્ત્વથી વિશિષ્ટ છે અને સાથે સાથે અદ્વૈત પણ છે.

શ્રુતિ કહે છે, **'एकमेवाद्वितीयं ब्रह्म'** (छा.उ.-६-२-१) પરમાત્મા એક જ અને અદ્વિતીય છે.

અહીં શંકરાચાર્યજી 'અદ્વિતીય' શબ્દનો અર્થ કરે છે કે, 'બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગત વગેરે સમસ્ત ભેદ રહિત છે.'

મનુષ્ય મનુષ્ય વચ્ચેનો ભેદ 'સજાતીય ભેદ' કહેવાય. મનુષ્ય અને પશુ વચ્ચેનો

ભેદ 'વિજાતીય ભેદ' કહેવાય. મનુષ્યના શરીરમાં હાથ-પગ વગેરે જે ભેદ છે એને 'સ્વગત ભેદ' કહેવાય.

શંકરાચાર્યજીની દૃષ્ટિએ બ્રહ્મ સિવાય બીજુ કોઈ તત્ત્વ નથી, માટે બ્રહ્મમાં સજાતીય, વિજાતીય કે સ્વગત કોઈ ભેદ સંભવતો નથી. નવાઈની વાત તો એ છે કે, બ્રહ્મ નિર્ગુણ, નિર્ધર્મક અને નિર્વિશેષ હોવાથી ધર્મધર્મી, ગુણગુણી, વિશેષણવિશેષ્ય એવો કોઈ ભેદ પણ સંભવતો નથી.

મોટા ભાગના વૈષ્ણવાચાર્યોએ આ વાતનો અસ્વીકાર કર્યો છે અને કહ્યું છે કે, 'શંકરાચાર્યજી કહે છે એવા નિર્ગુણ, નિર્ધર્મક, નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન સર્વથા અશક્ય છે.'

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના પ્રસ્તોતા ભગવદ્‌પાદ્ રામાનુજાચાર્યજીએ અદ્વિતીય શબ્દનો અર્થ જુદી રીતે કર્યો છે.

શ્રુતિ કહે છે કે,

'न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ।
परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥' (श्वे.उ.–६–८)

'એ પરમાત્માને સર્વ ઐશ્વર્ય સહજ સિદ્ધ હોવાથી કોઈ પુરુષાર્થ કરવાની જરૂર નથી, એમને કાંઈ પણ કરવું હોય તો કોઈ સાધનની પણ જરૂર પડતી નથી, જડચેતન વિશ્વમાં કોઈ એને સમાન નથી કે કોઈ એથી અધિક નથી. એ પરમાત્મા જ્ઞાનશક્તિ, બળશક્તિ, ક્રિયાશક્તિ વગેરે વિવિધ શક્તિઓના સાગર છે. આ શક્તિઓ એમાં સહજ ભાવે રહેલી છે.'

આ મંત્રને આધારે અદ્વિતીય શબ્દનો અર્થ છે, **'न तत्समश्चाभ्यधिकश्च दृश्यते'** 'પરમાત્માને સમાન કે અધિક નથી.' અર્થાત્ પરમાત્મા અજોડ અને અનુપમ છે. પરમાત્માને કોઈ ઉપમા આપી શકાય એમ નથી.

ઉદાહરણ તરીકે, ઘરમાં કોઈ એકલી જ વ્યક્તિ બેઠી હોય અને કોઈ પૂછે કે, "ઘરમાં કોઈ છે?" તો ઉત્તર મળે કે, "ઘરમાં ફલાણાભાઈ એકલા જ છે, બીજુ કોઈ નથી!" આનો અર્થ એ ન થાય કે, 'ઘરમાં ફર્નિચર નથી, ટીવી નથી, ફ્રીજ નથી.' એ બધું જ છે, છતાં 'ફલાણાભાઈ એકલા છે' એ વાક્યનો અર્થ થયો કે, એના જેવું સજાતીય મનુષ્ય ઘરમાં નથી. આવા જ અર્થમાં વેદ 'અદ્વિતીય' શબ્દ વાપરે છે.

શંકરાચાર્યજી બ્રહ્મમાં સજાતીય-વિજાતીય વગેરે કોઈ પ્રકારના ભેદ સ્વીકારતા નથી જ્યારે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મમાં આ સર્વ ભેદ સ્વીકાર્ય છે. જેમ કે, પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચે વિજાતીય ભેદ છે. આત્મા અને પરમાત્મા વચ્ચે સજાતીય ભેદ છે. પરમાત્માનું સ્વરૂપ અનંત કલ્યાણકારી ગુણોથી યુક્ત છે; તમામ માયિક ગુણોથી મુક્ત

છે; રૂપ, ગુણ, શીલ, ઐશ્વર્યનો સાગર છે, માટે એમાં ધર્મધર્મીભાવ, ગુણગુણીભાવ, વિશેષણવિશેષ્યભાવ બધુ જ છે અર્થાત્ સ્વગતભેદ પણ છે. માટે વેદના અદ્વિતીય શબ્દનો અર્થ અનુપમ કે અજોડ કરવો જોઈએ, 'બ્રહ્મ સિવાય બીજુ કોઈ નથી' એવો અર્થ અસંભવ છે.

જડચેતન અને પરમાત્મા વચ્ચે શરીરશરીરીભાવ, વ્યાપ્યવ્યાપકભાવ, નિયામ્યનિયામકભાવ, સ્વામિસેવકભાવ નિત્ય છે. મુક્તિદશામાં પણ આ ભાવ જળવાઈ રહે છે. વિશિષ્ટાદ્વૈતનું આ હાર્દ છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય અને એમના ધર્મપત્ની વિદુષી મૈત્રેયીનો અદ્‌ભુત સંવાદ છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય મૈત્રેયીને કહે છે,

'યઃ पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरः यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति एष त आत्माऽन्तर्याम्यमृतः ।' (बृ.उ.–५–७–७)

'જે અંતર્યામી પરમાત્મા પૃથ્વીમાં રહીને પૃથ્વીનું નિયમન કરે છે, પૃથ્વી પરમાત્માનું શરીર છે છતાં પૃથ્વી પરમાત્માને જાણી શકતી નથી એ જ અંતર્યામી પરમાત્મા તારામાં પણ છે. એ પરમાત્મા અમૃતમય છે.'

'य आत्मनि तिष्ठन् आत्मानोऽन्तरः यमात्मा न वेद यस्यात्मा शरीरं य आत्मानामन्तरो यमयति स त आत्माऽन्तर्याम्यमृतः ।' (बृ.उ. मा.पा.–५–७–२६)

'જે પરમાત્મા અંતર્યામી શક્તિથી આત્મામાં રહીને આત્માનું નિયમન કરે છે છતાં આત્મા એને જાણી શકતો નથી એ જ અમૃતમય અંતર્યામી પરમાત્મા તારામાં પણ રહેલા છે.' સુબાલ ઉપનિષદમાં કહે છે કે,

'योऽक्षरमन्तरे सञ्चरन् यस्याऽक्षरं शरीरं यमक्षरं न वेद ।' (सुबा.उ.–७)

'જે અંતર્યામી પરમાત્મા અક્ષરબ્રહ્મમાં રહીને અક્ષરનું નિયમન કરે છે, અક્ષરબ્રહ્મ પરમાત્માનું શરીર છે પરંતુ અક્ષરબ્રહ્મ એ પરમાત્માને યથાર્થ જાણી શકતું નથી.'

બૃહદારણ્યક ઉપનિષદમાં પૃથ્વી, પાણી, અગ્નિ, આકાશ, આત્મા, અક્ષર સર્વે પરમાત્માના શરીર એમ કહ્યું છે. જડચેતન સૃષ્ટિના પ્રલયસર્જન રૂપ જે કોઈ વિકારો છે તે શરીરના છે, શરીરી એવા પરમાત્માના નહીં.

सर्वस्य वशी सर्वस्येशानः । (बृ.आ.उ. ६–४–२२)

'જડચેતન વિશ્વ પરમાત્માને વશ છે, પરમાત્મા સર્વના નિયંતા છે.'

अन्तःप्रविष्टः शास्ता जनानां सर्वात्मा ।' (तै.आ. ३–११–३)

સર્વના આત્મા એવા પરમાત્મા પોતાની અંતર્યામી શક્તિથી જડચેતન વિશ્વમાં પ્રવેશ કરીને સર્વનું નિયમન કરે છે.'

પરમાત્મા સમસ્ત જડ-ચેતન વિશ્વમાં વ્યાપ્ત છે અને પાત્રની તારતમ્યતા પ્રમાણે પ્રકાશે છે.

'अग्निर्यथैको भुवनं प्रविष्टो रुपं रुपं प्रतिरुपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रुपं रुपं प्रतिरुपो बहिश्च ।' (कठोपनिषद् ५–९)

'જેમ એક જ અગ્નિ જુદા જુદા પાત્રમાં પ્રવેશ કરીને તે તે પાત્રને અનુરૂપ બને છે, એ જ રીતે જડચેતન વિશ્વના અંતરાત્મા ભગવાન નારાયણ પાત્રની તારતમ્યતાએ કરીને અનેક રૂપે થાય છે.'

આ વાતને જરા જુદી રીતે સમજીએ,

વીજળીના વાયરમાં એકસરખો વીજપ્રવાહ વહેતો હોય પરંતુ વીજળીના ગોળાઓની ક્ષમતાને આધારે પ્રકાશ પ્રગટે છે. એટલું જ નહિ એ જ વીજપ્રવાહ પંખામાં જુદી રીતે પ્રગટે છે, રેફ્રિજરેટરમાં જુદી રીતે પ્રગટે છે, કમ્પ્યૂટરમાં જુદી રીતે પ્રગટે છે, એ જ રીતે સર્વના અંતર્યામી પરમાત્માનું પ્રાગટ્ય પાત્રને આધારે થતું હોય છે.

શરીરવાચક શબ્દો દ્વારા શરીરીનો બોધ

પરમાત્માએ સૃષ્ટિનું સર્જન કરી નામરૂપનો વિસ્તાર કર્યો છે. શ્રુતિ કહે છે,

'अनेन जीवेनात्मना अनुप्रविश्य नामरुपे व्याकरवाणि ।' (छा. उ. ६–३,२)

'પરમાત્મા અંતર્યામી શક્તિથી વિરાટનારાયણ રૂપી ઈશ્વર તથા જીવપ્રાણીમાત્રમાં પ્રવેશ કરે છે અને નામ-રૂપનો વિસ્તાર કરે છે.'

આ શ્રુતિના અનુસંધાને ભાગવતજીના તૃતીય સ્કન્ધમાં ભગવાન વેદવ્યાસજીએ સૃષ્ટિની ઉત્પતિની સુંદર કથા લખી છે, વ્યાસજી કહે છે,

પરમાત્માના સંકલ્પથી પ્રકૃતિમાંથી ચોવીસ તત્ત્વોનું સર્જન થઈ ચૂક્યું હતું. ચોવીસ તત્ત્વોના સંયોજનથી બ્રહ્માંડ અભિમાની વિરાટનારાયણ રૂપી ઈશ્વરનો દેહ બંધાઈ ચૂક્યો હતો પરંતુ જેમ શ્રેષ્ઠ કાર હોય, ડ્રાઇવર હોય પણ ચાવી ન હોય તો કાર ચાલી શકતી નથી, એ જ રીતે વિરાટનારાયણ આગળ સર્જન કરવા માટે અશક્ત હતા. એ સમયે તત્ત્વદેવતાઓએ પરમાત્માને પ્રાર્થના કરી. તત્ત્વદેવતાઓની પ્રાર્થના સાંભળીને પરમાત્માએ અંતર્યામી શક્તિથી વિરાટના જીવમાં પ્રવેશ કર્યો અને વિરાટ નામરૂપાત્મક વિશ્વનું સર્જન કરવા સમર્થ બન્યા.

આ શ્રુતિસિદ્ધ વાત ઉપરથી એક અદ્‌ભુત સિદ્ધાંત ફલીભૂત થાય છે. એ સિદ્ધાંત છે **'शरीरवाचकानां शब्दानां शरीरिणि पर्यवसानम् ।'** શરીરવાચક શબ્દોની ગતિ શરીર પૂરતી સીમિત નથી, પરંતુ તે શબ્દો પોતાની અભિધાશક્તિથી સાથોસાથ શરીરનો પણ બોધ કરાવે છે.

જેમ કે કોઈનું નામ દેવદત્ત હોય તો તે દેવદત્ત શબ્દ માત્ર દેવદત્તના શરીર પૂરતો સીમિત નથી, પરંતુ દેવદત્તના શરીરે સહિત દેવદત્તના આત્માનો પણ બોધ કરાવે છે. એ જ રીતે જડ-ચેતન પદાર્થના બોધક જેટલા શબ્દો છે, તે બધા જ શબ્દો જડ-ચેતન પૂરતા સીમિત ન રહેતા જડ-ચેતન તત્ત્વમાં અંતર્યામી શક્તિથી વિરાજમાન પરમાત્માનો પણ બોધ કરાવે છે.

આ ન્યાયે વેદોમાં જ્યાં જ્યાં ઇન્દ્ર, અગ્નિ, મરુત, પ્રાણ, અશ્વિનીકુમાર વગેરે દેવતાવાચી શબ્દો આવે છે તે પણ તે તે દેવતાઓ પૂરતા સીમિત ન રહેતા દેવતાઓના અંતર્યામી પરમાત્મા પર્યન્ત પહોંચે છે.

આ વિવેચનથી ફલિત થાય છે કે, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વમાં અંતર્યામીરૂપે વિરાજમાન છે. માટે દેવતાઓ જે જે કાર્ય કરે છે, તે પોતાની શક્તિથી નહીં પણ તેમાં વિરાજમાન પરમાત્માની અંતર્યામી શક્તિથી કામ કરે છે. એકલા દેવો સ્વતંત્રપણે કશું જ કરી શકતા નથી.

સૃષ્ટિની ઉત્પત્તિ

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં વચનામૃતોમાં સર્વ સત્શાસ્ત્રોના સાર રૂપે સૃષ્ટિની ઉત્ત્પતિનો ક્રમ સુંદર રીતે નિરૂપ્યો છે.

વેદનો મંત્ર છે. **'स ऐक्षत'** (बृहदारण्यकोपनिषद्–अ–१, ब्राह्मण–२, मन्त्र–५) અર્થાત્ પરમાત્માએ સૃષ્ટિના સર્જનની ઇચ્છાથી અક્ષર સામે દૃષ્ટિ કરી. પરમાત્માની ઇચ્છાને પરિપૂર્ણ કરવા અક્ષરબ્રહ્મે પ્રકૃતિ અને પુરુષને સૃષ્ટિ રચવાની પ્રેરણા કરી.

પ્રકૃતિપુરુષના આ યુગલને મહાપુરુષ અને મહામાયા પણ કહેવામાં આવે છે.

નામરૂપાત્મક વિશ્વ જ્યારે પ્રકૃતિના ગર્ભમાં લીન હોય, ત્યારે એને પ્રકૃતિની 'સામ્યાવસ્થા' કહેવામાં આવે છે. આનું જ બીજું નામ પ્રલય અવસ્થા છે.

પ્રકૃતિના ગર્ભમાં રહેલાં નામરૂપાત્મક વિશ્વનો ઉદય થવા માંડે એને પ્રકૃતિની વિષમ અવસ્થા કહેવાય છે, વિષમાવસ્થાનું બીજું નામ સર્જન અવસ્થા છે. પ્રકૃતિની પ્રલય અવસ્થા શાંત સરોવર જેવી છે.

શાંત-સરોવરમાં કાંકરી ફેંકવાથી તરંગ પેદા થાય, એમ ભગવાનની અનાદિ શક્તિરૂપ મહાકાળે સર્જન પ્રક્રિયાના સમયે પ્રકૃતિ-પુરુષમાં સર્જનનાં તરંગો પેદા કરે છે.

સૃષ્ટિ પ્રક્રિયામાં મહાકાળ સીધો ભાગ લેતા નથી, પરંતુ કેટેલીક એજન્ટ(ઉદ્દીપકની ભૂમિકા ભજવે છે.

સૃષ્ટિના આરંભ પહેલા શૂન્ય અવસ્થામાં રહેલો મહાકાળ સક્રિય થાય છે, ત્યારે કાળગણનાનો આરંભ થાય છે, એમ આજનું વિજ્ઞાન કહે છે.

એક બીજમાંથી અનંત બીજ પ્રગટે, તેમ મહાપુરુષ અને મહામાયામાંથી બંનેના

અંશરૂપ અસંખ્ય પ્રધાન-પુરુષરૂપી યુગલ-સ્વરૂપો પ્રગટ થાય છે.

મહામાયાના અંશને પ્રધાન કહેવામાં આવે છે અને મહાપુરુષના અંશને પુરુષ કહેવામાં આવે છે. આ એક એક પ્રધાન પુરુષ એક એક બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ છે.

પંખી જેમ ઈંડું મૂકે, એ જ રીતે પ્રધાન પુરુષમાંથી આ બ્રહ્માંડના આદિ કારણરૂપ મહતત્ત્વ પેદા થાય છે. આ મહતત્ત્વ ઈશ્વરનો અવ્યાકૃત દેહ ગણાય છે. ભગવાન સંકર્ષણ આ અવ્યાકૃત દેહના અધિષ્ઠાતા છે.

બીજને અંકુર ફૂટે એમ મહતત્ત્વમાંથી સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક અહંકાર થકી મન અને ઇન્દ્રિયોના દેવતાઓ ઉત્પન્ન થાય છે. રાજસ અહંકારમાંથી પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો, બુદ્ધિ અને પ્રાણ ઉત્પન્ન થાય છે. તામસ અહંકારમાંથી પંચ મહાભૂતો સર્જાય છે. આ તત્ત્વો ઈશ્વરનો સૂત્રાત્મ દેહ ગણાય છે. ભગવાન અનિરુદ્ધ આ સૂત્રાત્મ દેહના અધિષ્ઠાતા દેવ છે.

આ બધા જ તત્ત્વો સાથે મળીને ઈશ્વરના વિરાટ દેહનું સર્જન કરે છે, જેને આપણે બ્રહ્માંડ કહીએ છીએ. ભગવાન પ્રદ્યુમ્ન આ વિરાટ દેહના અધિષ્ઠાતા દેવ છે. આવા બ્રહ્માંડો અનંત છે, જેને શાસ્રકારોએ સાગરના તરંગોના પરપોટા સાથે સરખાવ્યા છે.

વિરાટની નાભિમાંથી બ્રહ્મા પ્રગટે છે, હૃદયમાંથી વિષ્ણુ પ્રગટે છે અને લલાટમાંથી રુદ્ર પ્રગટે છે. આ ત્રણેય દેવો વિરાટના ઉદરમાંથી પ્રગટેલી સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું સંચાલન કરે છે.

પડદા પાછળ રહીને કોઈ શક્તિ સંચાલન કરતી હોય, તેમ પરબ્રહ્મ પરમાત્માની અંતર્યામી શક્તિ અને કાળદેવતા આ બધી જ સૃષ્ટિ પ્રક્રિયામાં સાથે ને સાથે રહે છે અર્થાત્ આ સમસ્ત પ્રક્રિયા પરબ્રહ્મ અને અન્ય તત્ત્વો વચ્ચે શરીર શરીરીભાવથી જ થાય છે. કોઈ તત્ત્વ પરમાત્માથી સ્વતંત્ર રીતે કશું જ કરવા સમર્થ નથી.

અભિન્નનિમિત્તોપાદાન કારણવાદ

પરબ્રહ્મ શ્રીપુરુષોત્તમ નારાયણ સૃષ્ટિનું મૂળ કારણ છે. કારણ બે પ્રકારના હોય છે, ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ.

કાર્ય રૂપે પરિણામ પામે તે ઉપાદાન કારણ. ઉપાદાન કારણને કાર્યમાં પલટાવે તે નિમિત્ત કારણ. જેમ કે ઘડો કાર્ય છે. ઘડો માટીમાંથી બને છે, માટી સ્વયં ઘડારૂપે પરિણામ પામે છે માટે માટી ઉપાદાન કારણ છે, કુંભાર માટીમાંથી ઘડો બનાવે છે, માટે કુંભાર નિમિત્ત કારણ છે.

ન્યાયદર્શન પરમાત્માને સૃષ્ટિનું નિમિત્ત કારણ માને છે અને પ્રકૃતિના તત્ત્વોને ઉપાદાન કારણ માને છે. વેદાંતદર્શન પરમાત્માને જ સૃષ્ટિનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બંને માને છે.

નૈયાયિકો કહે છે કે જેમ કુંભાર ઘડો બનાવે, એ જ રીતે પરમાત્મા સૃષ્ટિનું સર્જન કરે છે. વેદાંતદર્શન કહે છે કે પરમાત્મા જ સૃષ્ટિ રૂપે થાય છે અર્થાત્ સાદી ભાષામાં કુંભાર પોતે ઘડા રૂપે થાય છે! ન્યાયદર્શનની વાત જલદીથી સમજી શકાય એમ છે છતાં આ વાત આપાતરમણીય છે અર્થાત્ સુંદર છે પણ સત્ય નથી; જ્યારે વેદાંતદર્શનની વાત ગળે ઊતરવી મુશ્કેલ છે છતાં સત્ય છે.

વેદાંતદર્શનની દૃષ્ટિએ કુંભાર અને ઘડો બંને સ્વતંત્ર છે, માટે ત્યાં ઉપાદાન અને નિમિત્ત કારણ અલગ સંભવી શકે છે, પરંતુ જડચેતન વિશ્વ પરમાત્માથી ક્યારેય પણ સ્વતંત્ર કલ્પી શકાય તેમ નથી. તેઓ પરમાત્મા સાથે નિત્ય જોડાયેલા છે પછી એ કારણ અવસ્થામાં હોય કે કાર્ય અવસ્થામાં; માટે સૃષ્ટિનું ઉપાદાન કારણ પણ પરમાત્મા છે અને નિમિત્ત કારણ પણ પરમાત્મા જ છે. નિમિત્ત અને ઉપાદાન એક હોય એને વેદાંતદર્શનમાં 'અભિન્નનિમિત્તોપાદાન' કહેવાય છે.

ભગવાન વેદવ્યાસજીએ વેદોની શ્રુતિઓને આધારે બ્રહ્મસૂત્રોમાં અભિન્નનિમિત્તોપાદાન કારણવાદનું પ્રતિપાદન કર્યું છે.

શ્રુતિ કહે છે, **'एतदात्म्यमिदं सर्वम्'** (છા.ઉ.-૬-૮-૭) આ સમસ્ત જડચેતન વિશ્વ પરમાત્મામય છે. **'स एक्षत', 'एकोऽहं बहुस्यां प्रजायेय'** પરમાત્માએ સૃષ્ટિ રચવાનો સંકલ્પ કર્યો કે 'હું એક છું તે અનેક રૂપે થાઉં.' અહીં પરમાત્મા સંકલ્પ કરે છે તે નિમિત્તભાવ છે, અનેકરૂપે થાય છે તે ઉપાદાનભાવ છે.

'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयं ब्रह्म' (છા.ઉ.-૬-૨-૧) 'આ સમસ્ત જડચેતન વિશ્વ પ્રલયકાળે સત્ય એવા પરમાત્મા રૂપ હતું.' 'પરમાત્મા એક અને અદ્વિતીય છે.' એક અને અદ્વિતીય કહેવાનું તાત્પર્ય એ છે કે વિશ્વનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ પરમાત્મા સિવાય બીજુ કોઈ નથી.

વેદોની શ્રુતિઓને આધારે સિદ્ધ થાય છે કે પરમાત્મા જગતનું ઉપાદાન કારણ પણ છે અને નિમિત્ત કારણ પણ છે.

તૈત્તિરીય બ્રાહ્મણમાં જડચેતન વિશ્વ અને એના કારણનું અત્યંત સુંદર વર્ણન છે,

किंस्विद्वनं क उ स वृक्ष आसीत् यतो द्यावापृथिवी निष्टतक्षुः ।
मनीषिणो मनसा पृच्छतेदत् यदध्यतिष्ठद्भुवनानि धारयन् ॥
(तै.ब्रा.-२-८-९-१५)

ब्रह्म वनं ब्रह्म स वृक्षं आसीत् यतो द्यावापृथिवी निष्टतक्षुः ।
मनीषिणो मनसा विब्रवीमि यः ब्रह्माध्यतिष्ठद्भुवनानि धारयन् ॥
(तै.ब्रा. -२-८-९-१५)

એક ઋષિ બીજા ઋષિને પૂછે છે, 'હે મનીષીઓ! કયા સુથારે, કઈ કોઢ્યમાં બેસીને, કયા વનના, કેવા પ્રકારના કાષ્ઠમાંથી આ પૃથ્વી, અંતરિક્ષ વગેરે વિશ્વને ઘડ્યું છે?

જડચેતન વિશ્વના મૂળ કારણની આ જિજ્ઞાસાના પ્રત્યુત્તરરૂપે ઋષિના તપ:પૂત વિશુદ્ધ અંતઃકરણમાં અદ્‌ભુત મંત્રનું અવતરણ થાય છે, "હે મનીષી! આશ્ચર્યની વાત એ છે કે અહીં સુથાર પણ બ્રહ્મ છે! કોઢ્ય પણ બ્રહ્મ છે! વન પણ બ્રહ્મ જ છે! અને કાષ્ઠ પણ બ્રહ્મ જ છે! બ્રહ્મરૂપી સુથારે બ્રહ્મરૂપી કોઢ્યમાં બેસીને બ્રહ્મરૂપી વનના બ્રહ્મકાષ્ઠમાંથી આ સમસ્ત જડચેતન વિશ્વ સર્જ્યું છે."

તૈત્તિરીય બ્રાહ્મણના આ મંત્રો અતિ અદ્‌ભુત છે. આ મંત્રોથી સિદ્ધ થાય છે કે પરમાત્મા સૃષ્ટિનું ઉપાદાન કારણ પણ છે અને નિમિત્ત કારણ પણ છે.

'तत्सृष्ट्वा तदेवानुप्राविशत् तदनुप्रविश्य सच्च त्यच्चाऽभवत् ।'

(तै.उ. आन. ६,२-३)

'જડચેતન વિશ્વનું સર્જન કરીને પરમાત્માએ એમાં અંતર્યામી શક્તિથી પ્રવેશ કર્યો અને પોતે જડચેતન રૂપ થયા.'

'सत्यं चाऽनृतं च सत्यमभवत् ।' (तै.उ. आन. ६-३)

'પરમ સત્ય પરમાત્મા સત્‌ અને અનૃત રૂપે અર્થાત્‌ જડચેતન રૂપે થયેલા છે.'

અહીં પ્રશ્ન એ છે કે જો પરમાત્મા સૃષ્ટિનું ઉપાદાન કારણ હોય અર્થાત્‌ સ્વયં પરમાત્મા જ સૃષ્ટિરૂપે થતાં હોય તો પરમાત્મામાં વિકારીભાવ માનવો પડે, પરિણામે પરમાત્મા નિત્ય નિર્વિકારી ન રહે.

આચાર્યોએ વિવિધ રીતે આ દોષનું નિવારણ કર્યું છે. ભગવદ્‌પાદ્‌ શંકરાચાર્યજીએ આ માટે 'પ્રતિબિંબવાદ'નો આશ્રય લીધો છે.

પાણીથી ભરેલા અનેક ઘડાઓમાં એક જ સૂર્યના અનેક પ્રતિબિંબ પડે છે, એ જ રીતે માયામાં પરમાત્માના અનેક પ્રતિબિંબ પડી રહ્યાં છે. પાણીમાં હલનચલન થાય એટલે પ્રતિબિંબમાં પણ હલનચલન થાય છે, પરંતુ મૂળ સૂર્ય ઉપર એની કોઈ અસર નથી, જે કંઈ વિકારો છે તે પ્રતિબિંબના છે, એ જ રીતે વિકારો મિથ્યા જગતમાં છે, પરમાત્મા નિર્વિકારી છે.

શંકરાચાર્યજીનો આ પ્રતિબિંબવાદ પણ આપાતરમણીય છે, કારણ કે શાંકરવેદાંતની દૃષ્ટિએ એકમાત્ર બ્રહ્મતત્ત્વ જ છે. બ્રહ્મ સમસ્ત ભેદશૂન્ય, નિર્ગુણ અને નિરાકાર છે. એ બ્રહ્મ સિવાય બીજુ કોઈ તત્ત્વ છે જ નહીં એટલે પ્રતિબિંબવાદમાં ઊઠતા કેટલાંક પ્રશ્નોના ઉત્તર મળવા અશક્ય છે.

એક તો પ્રતિબિંબ પડવા માટે ઘડો, પાણી વગેરેના જેમ કોઈ આધાર જોઈએ.

બ્રહ્મ સિવાય બીજું તત્ત્વ ન હોય તો આ પ્રતિબિંબ ક્યાં પડી રહ્યું છે? એનો ઉત્તર મળવો મુશ્કેલ છે.

બ્રહ્મમાં જ બ્રહ્મનું પ્રતિબિંબ પડે છે એમ કહેવું અસંભવ છે. કોઈ પાગલ પણ આ વાત ન સ્વીકારે કે 'મારું પ્રતિબિંબ મારામાં પડે છે.' જો બ્રહ્મ સિવાય અન્ય આધાર સ્વીકારીએ તો અદ્વૈતવાદનું અસ્તિત્ત્વ રહેતું નથી.

બીજુ, નિર્ગુણ નિર્ધર્મક બ્રહ્મમાં 'હું અનેક રૂપે થાઉં' એવો સંકલ્પ ઊઠવો અશક્ય છે.

ત્રીજુ, પ્રતિબિંબ ભ્રાન્તિ છે. અજ્ઞાન સિવાય ભ્રાન્તિ સંભવતી નથી. અદ્વૈત સિદ્ધાંતની દૃષ્ટિએ બ્રહ્મ સિવાય બીજું કોઈ તત્ત્વ જ નથી એટલે આ ભ્રાન્તિ બ્રહ્મને થઈ રહી છે એમ માનવું પડે અને એમ માનીએ તો બ્રહ્મ અજ્ઞાની ઠરે! એટલે અદ્વૈત સિદ્ધાંતની દૃષ્ટિએ ઉપરની સમસ્યાનું સમાધાન મળવું મુશ્કેલ છે.

અભિન્નનિમિત્તોપાદાન કારણવાદને લીધે પરમાત્મામાં જે વિકારીભાવની સંભાવના છે તેને દૂર કરવા માટે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં અલગ જ રસ્તો અપનાવાયો છે.

આ સિદ્ધાંતમાં સમસ્ત ભેદરહિત, નિર્ગુણ, નિરાકાર એકમાત્ર બ્રહ્મતત્ત્વને બદલે જીવ, જગત અને જગદીશ્વર આ ત્રણ તત્ત્વોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેનો જ વિસ્તાર કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ અનાદિ ભેદનો સ્વીકાર કર્યો છે. આ પાંચ અનાદિ ભેદમાં માયાતત્ત્વ જડ છે અને અન્ય તત્ત્વો ચેતન છે.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને અનુસારે જડચેતન તત્ત્વો પરમાત્માના શરીર છે, પરમાત્મા જડચેતન તત્ત્વના શરીરી છે. વિકારો શરીરમાં થાય છે, શરીરીમાં નહીં. જેમ કે બાલ, જોબન અને વૃદ્ધ અવસ્થા તથા ભૂખ-તરસ, હર્ષ-શોક, જરા-મૃત્યુ વગેરે વિકારો શરીરમાં છે, શરીરમાં રહેલા આત્મામાં નહીં.

વેદાંતદર્શનમાં અભિન્નનિમિત્તોપાદાન કારણવાદને સમજવા માટે કરોળિયાનું પ્રસિદ્ધ ઉદાહરણ છે. શ્રુતિ કહે છે કે,

'यस्तन्तुनाभ ईव तन्तुभिः प्रधानजैः स्वभावतः ।
देव एकः स्वमावृणोति स नो दधातु ब्रह्माप्ययम् ॥' (श्वे.उ.–६–१०)

ઋષિ પ્રાર્થના કરે છે કે, 'જેમ કરોળિયો પોતાના શરીરના તંતુઓથી જાળુ સર્જે છે, એ જ રીતે પરમાત્મા પોતાના શરીરભૂત ક્ષર અને અક્ષર તત્ત્વ દ્વારા જડચેતન વિશ્વનું સર્જન કરે છે, એ પરમાત્મા એક અને અદ્વિતીય છે, સર્વના પ્રેરક છે, સર્વમાં વ્યાપક છે, આવા સર્વવ્યાપી પરમાત્મા અમને એમના અવિનાશી સ્વરૂપ સાથે જોડો. '

અહીં જાળના સંકોચ વિકાસરૂપ જે વિકાર છે તે કરોળિયાના શરીરમાં છે પણ ચેતનમાં નથી, એ જ રીતે સૃષ્ટિ અને પ્રલયરૂપ વિકારો જડચેતન તત્ત્વમાં છે, પરમાત્મામાં નહીં.

શ્રુતિવેદવાક્યોના વિરોધાભાસનો પરિહાર

સર્વ આચાર્યો માટે વેદ પરમ પ્રમાણ છે. જે પદાર્થ કે તત્ત્વ પ્રત્યક્ષ અથવા તો અનુમાનથી સિદ્ધ ન થાય એ પદાર્થનું જ્ઞાન વેદોની શ્રુતિઓથી થાય છે. વેદ-ઉપનિષદોના મંત્રોનું લક્ષ્ય સર્વકારણના કારણ એવા પરમાત્મા નારાયણ તથા જીવ અને જગતના સ્વરૂપનું નિરૂપણ કરવાનું છે. અહીં મુશ્કેલી એ છે કે વેદોની શ્રુતિઓમાં પરસ્પર ભારે વિરોધાભાસ છે.

જેમ કે, કેટલીક શ્રુતિઓ ભેદબોધક છે તો કેટલીક શ્રુતિઓ અભેદબોધક છે.

ભેદબોધક શ્રુતિઓ નીચે પ્રમાણે છે,

'ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।' (ईशावास्योपनिषद्–१)

'આ સમસ્ત જડચેતન વિશ્વ પરમાત્માનું નિવાસસ્થાન છે.'

'पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टस्ततस्तेनामृतत्वमेति ।' (श्वे.उ.–१–६)

'પોતાના આત્માના પ્રેરક પરમાત્માને પોતાથી પૃથક્ અર્થાત્ શ્રેષ્ઠ માનીને પ્રેમથી પરમાત્મા સાથે જોડાય છે, એ અમૃતને પ્રાપ્ત કરે છે.'

'भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा । सर्वप्रोक्तं त्रिविधं ब्रह्ममेतत् ।' (श्वे.उ. –१–१२)

'ભોક્તા અને ભોગ્યમાં પરમાત્મા અંતર્યામી ભાવથી પ્રેરકરૂપે રહેલું છે એટલે જ 'સર્વબ્રહ્મ છે' એમ કહેવાય છે. '

'नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान् ।
तत्कारणं सांख्ययोगाधिगम्यं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥' (श्वे.उ.–६–१३)

'પરમાત્મા નિત્ય તત્ત્વોમાં પરમ નિત્ય છે, ચેતનોમાં પરમ ચેતન છે. સર્વતંત્ર સ્વતંત્ર એવા એ એક પરમાત્મા સર્વના મનોરથોને પૂર્ણ કરે છે. જ્યારે સાંખ્ય અને યોગ દ્વારા સર્વના કારણ એવા એ પરમાત્માનું જ્ઞાન થાય છે ત્યારે જીવ કાળ, કર્મ, માયાના પાશથી મુક્ત થાય છે. '

'स विश्वकृद् विश्वविदात्मयोनिः ज्ञः कालकालो गुणी सर्वविद् यः ।
प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः संसारमोक्षस्थितिबन्धहेतुः ॥' (श्वे.उ.–६–१६)

'પરમાત્મા જડચેતન વિશ્વના સર્જક છે, વિશ્વને જાણનારા છે, એ પરમાત્માનો સર્જક કોઈ નથી, તે સ્વયંભૂ છે, જ્ઞાનશક્તિથી યુક્ત છે, કાળના પણ કાળ છે, અનંત કલ્યાણકારી દિવ્ય ગુણોના સાગર છે, સર્વજ્ઞ છે; ક્ષેત્ર એવી પ્રકૃતિ અને ક્ષેત્રજ્ઞ એવા આત્માના પતિ છે, માયાના ત્રણ ગુણોના સ્વામી છે; ઉત્પત્તિ, સ્થિતિ, મોક્ષ અને બંધનના કારણ છે.'

'ज्ञाज्ञौ द्वावजावीशनीशावजा ह्येका भोक्तृभोग्यार्थयुक्ता ।
अनन्तश्चात्मा विश्वरूपो ह्यकर्ता त्रयं यदा विन्दते ब्रह्ममेतत् ॥' (श्वे.उ.-१-९)

'પરમાત્મા અને જીવાત્મા બંને અજન્મા છે, બંને વચ્ચે ભેદ એ છે કે પરમાત્મા જ્ઞાની છે, જીવાત્મા અજ્ઞાની છે. પરમાત્મા સમર્થ છે જીવાત્મા અસમર્થ છે. તે જ રીતે ભોક્તા અને ભોગ્ય પદાર્થરૂપે રહેલી પ્રકૃતિ પણ અજન્મા છે, પરમાત્માનો મહિમા અનંત છે, સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત હોવાથી વિશ્વરૂપ કહેવાય છે, બધું જ કરે છે છતાં અકર્તા છે, આ રીતે પરમાત્મા, જીવાત્મા અને માયા આ ત્રણેય તત્ત્વને જે યથાર્થ જાણે છે તે પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.'

'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥' (श्वे.उ.-६-११)

'પરમાત્મા એક છે અર્થાત્ અદ્વિતીય છે, પરમાત્મા દેવ છે અર્થાત્ સર્વના પ્રેરક અને પ્રકાશક છે. આવા પરમાત્મા જડચેતન વિશ્વમાં કોઈ ન જાણી શકે તે રીતે વ્યાપીને રહ્યા છે. એ સર્વવ્યાપી પરમાત્મા સર્વના અંતર્યામી છે, સર્વકર્મોના અધિપતિ છે, સમસ્ત વિશ્વમાં એમનો વાસ છે, સર્વના સાક્ષી છે, સર્વના જ્ઞાતા છે, કેવલ છે અર્થાત્ વિકારોથી રહિત છે, નિર્ગુણ છે અર્થાત્ માયાના સત્ત્વ, રજ, તમ ગુણોથી રહિત છે.'

'मायां तु प्रकृतिं विद्यान्मायिनं च महेश्वरम् ।
तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ॥' (श्वे.उ.-४-१०)

'સૃષ્ટિની આદિકર્ત્રી પ્રકૃતિને માયા જાણવી. આપણી કલ્પનામાં પણ ન હોય એવું આશ્ચર્યકારી સર્જન કરે તેને માયા કહેવાય, પરમાત્મા સર્વના નિયંતા છે અને માયાના અધિપતિ છે, એમ જાણવું. એ પરમાત્માના અંગભૂત ક્ષર-અક્ષર તત્ત્વથી આ સમસ્ત વિશ્વ વ્યાપ્ત છે.'

'वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥' (श्वे.उ.-३-८)

'માયાના ગાઢ અંધકારથી પાર દિવ્ય પ્રકાશમય લોક છે, એ લોકમાં તેજોમય શરીરધારી અનંત દિવ્ય આત્માઓ છે, શરીરધારી હોવાથી એમને પુરુષ કહેવામાં આવ્યા છે, એ બધામાં સર્વશ્રેષ્ઠ પુરુષ બિરાજે છે, જે સર્વથી શ્રેષ્ઠ હોવાથી પુરુષોત્તમ કહેવાય છે. એ પુરુષોત્તમને જે યથાર્થ જાણે છે તે જ મહાકાળના પાશથી મુક્ત થાય છે, એ સિવાય માયા અને મૃત્યુને તરવાનો બીજો રસ્તો નથી.' મુણ્ડક ઉપનિષદમાં બે પંખીઓના રૂપકથી આત્મા અને પરમાત્માનું સુંદર નિરૂપણ કર્યું છે,

'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नान्नन्योऽभिचाकशीति ॥'

(मुण्डक.उ.–३–१–१, श्वे.उ.–४–६))

'બે સુંદર પાંખોવાળાં પંખીઓ છે, બંને મિત્રો છે, બંને સાથે જ રહેનારાં છે, બંને એક જ વૃક્ષની ડાળે બેઠાં છે, ભેદ એટલો છે કે એક પંખી તે વૃક્ષનાં ખાટા-મીઠાં ફળો ખાય છે, બીજુ પંખી એકટશે એની સામે જોઈ રહ્યું છે. જે પંખી ફળ ખાય છે તે જીવાત્મા છે અને દષ્ટારૂપે સામે જોઈ રહે છે તે પરમાત્મા છે.'

'क्षरं प्रधानममृताक्षरं हरः क्षरात्मानावीशते देव एकः ।
तस्याभिध्यानाद्योजनात्तत्त्वभावात् भूयश्चान्ते विश्वमायानिवृत्तिः ॥'

(श्वे.उ.–१–१०)

'એક ક્ષરતત્ત્વ છે જેને પ્રધાન અર્થાત્ પ્રકૃતિ કહેવામાં આવે છે, બીજુ અક્ષરતત્ત્વ છે જે અવિનાશી છે. ક્ષર અને અક્ષરના પ્રેરક એવા પરમાત્મા બંનેનું નિયમન કરે છે. એ પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરવાથી, પ્રત્યેક ક્રિયામાં એનું સ્મરણ કરવાથી, ભક્તિથી એમાં તન્મય થવાથી વિશ્વમોહિની માયાની નિવૃત્તિ થાય છે.'

આ બધી જ શ્રુતિઓ જડચેતન અને પરમાત્મા વચ્ચેનો ભેદ દર્શાવે છે. મોટા ભાગના આચાર્યોએ આ ભેદને સત્ય માન્યો છે, ભ્રાન્તિ નહીં.

વેદોમાં કેટલીક વિરોધાભાસી શ્રુતિઓ છે જે જીવ, જગત અને જગદીશ્વર વચ્ચે અભેદનો આભાસ કરાવે છે. અદ્વૈત વેદાંતમાં નિર્ગુણ નિરાકાર બ્રહ્મના પ્રતિપાદન માટે આવી શ્રુતિઓનો આધાર લેવામાં આવ્યો છે. જેમ કે,

'नेह नानास्ति किञ्चन मृत्योस्स मृत्युमाप्नोति य ईह नानेव पश्यति ।'

(कठोपनिषद्–४–११, बृहदारण्यकोपनिषद्–४–४–१९)

'બ્રહ્મ ભેદશૂન્ય છે, જે ભેદદષ્ટિવાળા છે તે જન્મમરણના પ્રવાહથી મુક્ત થતા નથી.'

'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥' (श्वे.उ.–३–१९)

'વેદો સૃષ્ટિના આદિ કારણતત્ત્વને પુરુષોત્તમ કહે છે. આશ્ચર્યની વાત એ છે કે એને ચરણ નથી છતાં વેગથી સર્વને પકડી પાડે છે, નેત્ર નથી છતાં જુએ છે, કાન નથી છતાં સાંભળે છે, જડચેતન વિશ્વમાં સર્વને જાણે છે પરંતુ એને કોઈ જાણી શકતું નથી. '

'य एकोऽवर्णो बहुधा शक्तियोगात् वर्णाननेकान् निहितार्थो दधाति ।
विचैति चान्ते विश्वमादौ च देवः स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥' (श्वे.उ.–४–१)

'જે પરમાત્માના મૂળ સ્વરૂપમાં કોઈ જુદી જુદી ભાત નથી તે એક અને અદ્વિતીય છે છતાં પોતાની દિવ્ય શક્તિઓથી અનેક પ્રકારનાં વૈવિધ્ય ભરેલાં જડચેતન વિશ્વને સર્જે છે અને એ અંતે એ સર્વ વૈવિધ્યને પોતામાં સમાવી એકાકાર કરે છે, એવા દેવ અર્થાત્ સર્વપ્રેરક પરમાત્મા અમને શુભ બુદ્ધિ આપો.'

'यत्र त्वस्य सर्वम् आत्मैवाभूत् तत्केन कं पश्येत् केन कं विजानीयात् ।'
(बृहदारण्यकोपनिषद्–४–५–१५)

'જેને બધું જ બ્રહ્મમય થયું તે કોને કોનાથી જુએ? કોને કોનાથી જાણે?' અર્થાત્ બ્રહ્મભાવ પ્રાપ્ત કર્યા પછી બ્રહ્મ એક જ તત્ત્વ હોવાથી જોવા જાણવાનું કશું જ રહેતું નથી.

'सर्वं खल्विदं ब्रह्म ।' (महानारायणोपनिषद्–१–३)

'આ જે કાંઈ છે તે બધું બ્રહ્મ જ છે.'

'अयमात्मा ब्रह्म'(माण्डूक्योपनिषद्–२, नृसिंहपूर्वतापिन्युपनिषद्–४–२)

'એ આત્મા બ્રહ્મ છે.'

'तत्त्वमसि ।' (निरालम्बोपनिषद्–३१)

ગુરુ શિષ્યને કહે છે, 'તે બ્રહ્મ તું છે.'

'अहं ब्रह्मास्मि ।' (बृहदारण्यकोपनिषद्–१–४–१०)

ગુરુવચનથી શિષ્યને બોધ થાય છે, 'હું બ્રહ્મ છું.'

એક દૃષ્ટિએ આ શ્રુતિઓમાં સ્પષ્ટપણે અભેદ બ્રહ્મનું નિરૂપણ હોય તેવું ભાસે છે પરંતુ તે આભાસિક છે.

આપણે આગળ જોયું છે તે પ્રમાણે નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું પ્રતિપાદન અશક્ય છે, માટે મોટા ભાગના આચાર્યોએ આવા અભેદ બ્રહ્મનો સ્વીકાર કર્યો નથી.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં અભેદબોધક શ્રુતિઓનો અર્થ શરીર શરીરીભાવથી કરવામાં આવ્યો છે. જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મમાં પરબ્રહ્મ પરમાત્મા અંતર્યામી શક્તિથી વ્યાપીને રહ્યા છે એટલે એ સર્વને વેદો પરમાત્મરૂપ કહે છે.

જેમ કે, 'આ દેવદત્ત છે.' અહીં દેવદત્તનો અર્થ છે, 'શરીરના હાથ-પગ વગેરે અવયવોથી સંયુક્ત દેવદત્ત.'

અહીં હાથ-પગ વગેરે અવયવોને દેવદત્તથી સ્વતંત્ર કલ્પી શકાતા નથી. દેવદત્ત નામધારી શરીર અને એ શરીરમાં રહેલ આત્માનો સંયુક્ત રીતે વ્યવહાર થાય છે કે 'આ દેવદત્ત છે.'

આવો જ કંઈક અથર્વ વેદોના અભેદ વચનોનો છે. જીવાદિક સર્વે પરમાત્માનું શરીર

છે. એમને પરમાત્માથી સ્વતંત્ર રીતે કલ્પી શકાતા નથી. સ્વતંત્ર કલ્પવા એ ભેદ છે, જે સહ્ય નથી અને યોગ્ય પણ નથી. જીવાદિક સર્વે પરમાત્મા સાથે નિત્ય જોડાયેલા છે, આ પ્રકારનો અભેદ એ જ વાસ્તવિક અભેદ છે.

આ દૃષ્ટિએ ઉપરની શ્રુતિઓનો અર્થ કંઈક આવો થાય,

જે જીવાદિકને પરમાત્માથી સ્વતંત્ર કલ્પે છે તે જન્મમરણથી મુક્ત થતો નથી.

અત્યંત પ્રેમથી જેની વૃત્તિ પરબ્રહ્મને આકારે બને છે તેને પરબ્રહ્મ સિવાય કશું જ જોવા જાણવાનું રહેતું નથી એટલે જ તુલસીદાસજી લખે છે કે,

'સીયારામમય સબ જગ જાની, કરહું પ્રણામ જોરી જુગ પાની'

ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે,

'विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिता समदर्शिनः ॥' (भगवद्गीता – ५–१८)

'બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન કે ચાંડાલમાં જ્ઞાની પુરુષો સમાનભાવે પરમાત્માના દર્શન કરે છે.' સમસ્ત જડચેતન સૃષ્ટિમાં પરમાત્મા અંતર્યામી શક્તિથી વ્યાપ્ત છે માટે જે કંઈ છે તે પરમાત્મામય છે.

સદ્‌ગુરુ જીવને સમજાવે છે કે, 'આ જીવાત્મા પરમાત્મામય છે. એ પરમાત્મા તારામાં પણ વ્યાપ્ત છે' સદ્‌ગુરુ વચનથી જીવાત્માને બોધ થાય છે કે, 'હું એ પરમાત્માનો છું'

અદ્વૈત વેદાંત અને વિશિષ્ટાદ્વૈત વેદાંત વચ્ચે એક પાયાનો અને મહત્ત્વનો ભેદ છે.

અદ્વૈત વેદાંત કહે છે, 'આ બધું ભગવાન છે.' વિશિષ્ટાદ્વૈત વેદાંત કહે છે, 'આ બધું ભગવાનને આધારે છે.'

અદ્વૈત વેદાંત કહે છે, 'હું જ ભગવાન છું.' વિશિષ્ટાદ્વૈત વેદાંત કહે છે, 'હું ભગવાનનો છું.'

सगुनहि निर्गुन नहि कछु भेदा

વેદોમાં ભેદાભેદ શ્રુતિઓ વચ્ચે જેમ વિરોધાભાસ છે, એ જ રીતે સગુણ અને નિર્ગુણ શ્રુતિઓ વચ્ચે પણ ભારે વિરોધાભાસ છે.

નિર્ગુણ શ્રુતિઓ પરમાત્માને નિર્ગુણ અને નિરાકાર કરે છે તો સગુણ શ્રુતિઓ પરમાત્માને અનંત ગુણનિધાન અને સદા સાકાર કહે છે.

નિર્ગુણબ્રહ્મનું પ્રતિપાદન કરનારી કેટલીક શ્રુતિઓ આ પ્રમાણે છે.

'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम् ।' (श्वे.उ.–६–१९)

'પરમાત્મા નિષ્કલ છે અર્થાત્ અવયવ રહિત છે, નિષ્ક્રિય છે અર્થાત્ કૃત્ય-અકૃત્ય રહિત છે, શાંત છે અર્થાત્ ષડૂર્મિ રહિત છે, નિરવદ્ય છે અર્થાત્ શુદ્ધ છે, નિરંજન છે અર્થાત્ અવિદ્યારૂપ માયાથી રહિત છે.'

'स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धम् ।' (ईशावास्योपनिषद्–११)

'એ બ્રહ્મ સર્વવ્યાપી છે, તેજસ્વી છે, શરીર રહિત છે, શરીર જ નહીં હોવાથી એમાં કોઈ પણ પ્રકારના ઘાવ કે સ્નાયુઓની સંભાવના નથી. બ્રહ્મ શુદ્ધ છે, પાપ રહિત છે.'

આ નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓની સામે સગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરનારી કેટલીક શ્રુતિઓ આ પ્રમાણે છે.

'यः सर्वज्ञः सर्ववित् यस्य ज्ञानमयं तपः ।' (मुण्डकोपनिषद्–१–१–१)

'પરમાત્મા સર્વજ્ઞ છે, અંદર-બહાર બધું જ જાણનારા છે, એમનો સંકલ્પ જ્ઞાનમય છે.'

'परास्य शक्तिर्विविधैव श्रुयते ।
स्वाभाविकी ज्ञान बलं क्रिया च ॥' (श्वे.६–६–१७)

'જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ધારણશક્તિ વગેરે અનેક પ્રકારની શક્તિઓ પરમાત્મામાં સ્વાભાવિકપણે રહી છે.'

'अपहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघि-
त्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पः ।' (छा.उ.–८–१–५)

'પરમાત્મા સદા સર્વદા નિષ્પાપ છે, જરા-મૃત્યુ, હર્ષ-શોક, ભૂખ-તરસથી રહિત છે. એમના ભોગ અને ભોગની સામગ્રી સત્ય છે, એમના સર્વે સંકલ્પો સત્ય થાય છે. જેમ કમળનાં પાંદડાં ઉપર પાણી ટકતું નથી, એ જ રીતે આ આઠ ગુણોએ સહિત પરમાત્માને જાણે છે એને કોઈ પાપ સ્પર્શતા નથી.'

'धीरमजरं युवानम् ।' (अथर्ववेद)

'પરમાત્મા ધીર છે અને યુવાન છે, એમને ક્યારેય વૃદ્ધાવસ્થા સ્પર્શી શકતી નથી.'

नीलतोयदमध्यस्था विद्युल्लेखेव भास्वरा ।
नीवारशुकवत्तन्वी पीताऽभास्य तनूपमा ॥' (तै.ना.उ.–११–११)

'પરમાત્મા નારાયણનું દિવ્ય શરીર અત્યંત તેજસ્વી છે. એ તેજોમય શરીર નીલમવર્ણી મેઘઘટાઓમાં વીજળી ઝબકારા મારે એવું ઉજ્જ્વળ છે. પરમાત્માના સુંદર શરીરને લીલી ડાંગર અને સુંદર શુકની સાથે સરખાવી શકાય છે. નીલ, પીત અને હરિત રંગનું મિશ્રણ કરવામાં આવે અને જે સૌંદર્ય ભર્યો રંગ પ્રગટે એવું સુંદર અને તેજોમય પરમાત્માનું શરીર છે.'

'य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषः दृष्यते ।
हिरण्यश्मश्रुर्हिरण्यकेशः आप्रणखात् सर्व एव सुवर्णः ।
तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी ॥' (छा.उ. १–६–६, ७)

'અત્યંત તેજોમય આદિત્યમંડળમાં નખશિખ સુવર્ણ સમાન તેજસ્વી પરમાત્મા બિરાજે છે, એમનાં દાઢી-મૂછ, કેશ વગેરે સમસ્ત રોમાવલિ સુવર્ણ સમાન ચળકાટવાળાં છે. એ પરમાત્મા નખથી શિખા સુધી સુવર્ણ સમાન તેજસ્વી છે. સૂરજનાં તેજથી વિકસીત થતાં કમળની પાંખડીઓ જેવાં એમનાં સુંદર નેત્રો છે.'

'न सदृशे तिष्ठति रुपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।
हृदा मनीषा मनसाभिक्लृप्तो य एनं विदुरमृतास्ते भवन्ति ॥' (तै.ना.१-११)

'એ પરમાત્માનું રૂપ આપણા દષ્ટિપથમાં આવતું નથી, એ પરમાત્માને આપણે આંખોથી જોઈ શકતા નથી, દર્પણ જેવા વિશુદ્ધ ચિત્તથી જ એમનું દર્શન શક્ય છે. જે કોઈ વિશુદ્ધ બુદ્ધિથી એ પરમાત્માને જાણે છે, તે અમૃતતત્વને પ્રાપ્ત કરે છે.'

'तदैक्षत बहुस्यां प्रजायेय ।' (छा.उ.-६-२-३)

'સૃષ્ટિ સર્જનની ઇચ્છાથી પરમાત્માએ અક્ષરની સામે જોયું અને સંકલ્પ કર્યો કે, હું એક છું તે અનેકરૂપે થાઉં.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ શ્રુતિનો તર્કસંગત સુંદર અર્થ કર્યો છે. તેઓ વચનામૃતમાં કહે છે કે, 'વેદમાં કહ્યું છે કે, ભગવાને જોયું, તો શું એમને માત્ર આંખ જ હતી? આંખ હોય તો નાક, કાન વગેરે બીજાં અવયવો પણ હોય જ.'

ભગવદ્‌પાદ્ શંકરાચાર્યજીએ પોતાના સિદ્ધાંતના પ્રતિપાદન માટે સગુણ શ્રુતિઓને ગૌણ માની છે અને નિર્ગુણ શ્રુતિઓને પ્રાધાન્યતા આપી છે.

એમનો તર્ક છે કે વિધિ કરતાં નિષેધ હંમેશાં બળવાન હોય છે. કર્મકાંડમાં પણ આ ન્યાય લાગુ પડે છે માટે સગુણ શ્રુતિઓને ગૌણ માની અને નિર્ગુણ શ્રુતિઓને મુખ્ય માનવી જોઈએ.

સગુણ શ્રુતિઓ માયાશબલિત બ્રહ્મનું પ્રતિપાદન કરનારી છે. માયાશબલિત બ્રહ્મ અર્થાત્ માયાના ગુણોથી યુક્ત બ્રહ્મનું પ્રતિપાદન કરનારી છે.

સગુણ બ્રહ્મની ઉપાસના કરતાં કરતાં છેવટે નિર્ગુણ બ્રહ્મને પામી શકાય છે.

શંકરાચાર્યજીની દષ્ટિએ બ્રહ્માંડ અભિમાની ઈશ્વરો અને રામકૃષ્ણાદિક અવતારો માયાશબલિત બ્રહ્મ છે. સામાન્ય જીવોમાં અને આ સગુણ બ્રહ્મમાં ફરક એટલો છે, જીવ દેહની ઉપાધિથી યુક્ત છે, બ્રહ્મ બ્રહ્માંડની ઉપાધિથી યુક્ત છે. જીવોમાં સત્ત્વ, રજ, તમ ત્રણેય ગુણોનું પ્રાધાન્ય હોય છે જ્યારે સગુણ બ્રહ્મ શુદ્ધ સત્ત્વગુણથી યુક્ત હોય છે.

વૈષ્ણવાચાર્યો માયાશબલિત બ્રહ્મની વાત સ્વીકારવા તૈયાર નથી. બ્રહ્મ ક્યારેય માયાથી અશુદ્ધ થઈ શકે જ નહીં એવો તેમને સ્પષ્ટ અભિપ્રાય છે.

શંકરાચાર્યજીના મતે એક બ્રહ્મ સિવાય બીજુ કોઈ તત્ત્વ નથી અને એ બ્રહ્મને માયાની ઉપાધિ દૂષિત કરતી હોય તો માયાને બ્રહ્મથી બળવાન માનવી પડે અને બ્રહ્મજ્ઞાનથી

મુક્તિનો કોઈ અવકાશ જ ન રહે.

અમુક શ્રુતિઓને મુખ્ય માનવી અને અમુક શ્રુતિઓને ગૌણ માનવી એ પણ યોગ્ય નથી. કર્મકાંડના વિષયમાં નિષેધ બળવાન હોય તે શક્ય છે, પરંતુ જ્ઞાનકાંડમાં એ ન્યાય લાગુ પડી શકતો નથી.

ત્રીજું, કોઈ પણ શ્રુતિને ગૌણ કર્યા સિવાય વિરોધાભાસ દૂર થઈ શકતો હોય તો એ જ પદ્ધતિને અનુસરવું જોઈએ. એક જ પરમાત્માની વાણીરૂપ વેદવચનોમાં ઉચ્ચ-નીચનો ભેદ કરવો જોઈએ નહીં.

સગુણ અને નિર્ગુણ શ્રુતિઓ વચ્ચે રહેલો વિરોધાભાસનો પરિહાર કોઈ પણ શ્રુતિને ગૌણ માન્યા સિવાય શક્ય છે.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના પુરસ્કર્તા આચાર્યો કહે છે કે નિર્ગુણ શ્રુતિઓ પરમાત્મામાં માયિક નામ, રૂપ, ગુણનો નિષેધ કરે છે અને સગુણ શ્રુતિઓ પરમાત્મામાં અમાયિક અને દિવ્ય નામ, રૂપ અને ગુણનું નિરૂપણ કરે છે, પરિણામે શ્રુતિઓમાં કોઈ વિરોધાભાસ છે જ નહીં.

દાર્શનિક પરિભાષામાં પરમાત્માને 'કલ્યાણૈકતાન' અને 'હેયપ્રત્યનિક' કહેવાય છે.

આ ભારેખમ શબ્દોનો સરળ અર્થ છે, પરમાત્મા દિવ્ય મંગલકારી ગુણોનો સાગર છે માટે સગુણ છે. પરમાત્મામાં કોઈ માયિક ગુણ કે વિકાર નથી માટે તે નિર્ગુણ છે.

'નામરૂપનો નાશ છે' આ નિયમ માયિક પ્રપંચને લાગુ પડે છે. અમાયિક એવા પરમાત્મા, પરમાત્માનું દિવ્ય ધામ અને ધામમાં રહેલા મુક્તોના નામ, રૂપ, ગુણને આ નિયમ લાગુ પડતો નથી.

મહાત્મા તુલસીદાસજી આ જ વાતને રામાયણમાં સુંદર રીતે નિરૂપી છે અને કહ્યું છે,

'સગુનહિ નિર્ગુન નહિ કછુ ભેદા'

શાસ્ત્રોમાં અનેક જગ્યાએ ભેદ, અભેદ, સગુણ, નિર્ગુણ, સાકાર, નિરાકારભાવનું વિરોધાભાસી નિરૂપણ જોવાં મળે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં આ પરસ્પર વિરોધાભાસનું રહસ્ય સુંદર રીતે સમજાવ્યું છે.

'મૂર્તિમાન જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા જે દૃષ્ટા ને તે આત્મા જેમાં વ્યાપક છે એવું જ દૃશ્ય એ બેયના આત્માપણે કરીને વર્તે છે ને તે આત્મા જે પુરુષોત્તમ તે જ્યારે રૂપવાન એવું જ દૃશ્ય તેના આત્માપણે કરીને શાસ્ત્રને વિશે કહ્યા હોય ત્યારે તે પુરુષોત્તમને દૃશ્યરૂપે કરીને પ્રતિપાદન કર્યા હોય ને જ્યારે દૃષ્ટાના આત્માપણે કરીને પ્રતિપાદન કર્યા હોય ત્યારે એ પુરુષોત્તમને અરૂપપણે કરીને શાસ્ત્રને વિશે કહ્યા હોય છે ને વસ્તુતાએ તો રૂપવાન જે દૃશ્ય ને અરૂપ જે આત્મા એ બે થકી પુરુષોત્તમ ભગવાન ન્યારા છે ને સદા મૂર્તિમાન છે ને પ્રાકૃત આકારે રહિત છે ને મૂર્તિમાન થકા પણ દૃષ્ટાને દૃશ્ય એ બેયનાં દૃષ્ટા છે.'

અનોખો એકેશ્વરવાદ

ભગવાન શ્રી સ્વામિનારાયણે પાંચ અનાદિ ભેદના સ્વરૂપનું જે નિરૂપણ કર્યું છે તે શુષ્ક તત્ત્વચર્ચા માટે નથી કર્યું, પરંતુ એક અનોખા એકેશ્વરવાદની સ્થાપના માટે કરેલું છે.

ભારતવર્ષમાં ધર્મક્ષેત્રે વિશાળ ફલક ઉપર સ્વતંત્ર બહુદેવવાદ પ્રસરેલો હતો અને સર્વોપરી પરમેશ્વર પુરુષોત્તમ નારાયણની ઉપાસનાને લોકો ભૂલી ગયા હતા.

રાજસ-તામસ શ્રદ્ધાવાળા માણસો દેવી-દેવતાઓના જંગલમાં અટવાઈ ગયાં હતાં. દેવી-દેવતાઓને નામે જાતજાતના મંત્ર-તંત્ર, કામણ-ટૂમણની જાળમાં લોકો ફસાયાં હતાં. આની આડઅસર રૂપે એક એવી ભ્રમણા પેદા થઈ હતી કે, 'હિન્દુઓમાં અનેક ભગવાન છે, કોઈ એક સર્વોપરી સત્તા નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ અજ્ઞાનતાને દૂર કરવા માટે અનોખો જ્ઞાનમાર્ગ અપનાવ્યો હતો, જે શુદ્ધ વેદ-ઉપનિષદની પરંપરાને અનુસરતો હતો.

આ જ્ઞાનમાર્ગનું હાર્દ છે, 'પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મના સ્વામી છે, સર્વ કારણનાં કારણ છે, સર્વ અવતારના અવતારી છે, સર્વ કર્મફળપ્રદાતા છે, સદા સાકાર મૂર્તિ છે, આનંદનું પરમધામ છે, એ જ પરમાત્મા પ્રાપ્ય, ઉપાસ્ય અને ધ્યેય છે. તમામ દેવી-દેવતાઓ પરમાત્માને આધીન છે.'

'જે જીવ પુરુષોત્તમનારાયણનો અનન્ય ભાવે આશ્રય કરે છે, એના ઉપર નવ ગ્રહો, દેવી-દેવતાઓ, મલિન મંત્ર-તંત્ર, કામણ-ટૂમણનો કોઈ પ્રભાવ કામ કરતો નથી.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, 'ભગવાનનો આશ્રય કરનાર ભક્ત ઉપર દેવી-દેવતાઓ તો ઠીક કાળ, કર્મ અને માયાનું પણ જોર ચાલતું નથી. એને દંડ દેવો હોય તોય સ્વયં ભગવાન આપે છે અને સુખી કરવો હોય તોય સ્વયં ભગવાન કરે છે.'

પુરુષોત્તમનારાયણની મરજી સિવાય સૂકું પાંદડું પણ હલી શકતું નથી, માટે અનન્ય ભાવે ભગવાનના આશ્રિત થઈને રહેવું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ ઉપદેશોએ નાનાથી લઈને મોટાના અંતરમાં જાદૂઈ અસર કરી હતી. લોકો દેવી-દેવતાઓનાં નામે ચાલી રહેલાં વહેમો અને અંધશ્રદ્ધાઓથી મુક્ત થઈ નિર્ભય બન્યાં હતાં. આમજનતાના અંતરમાં સર્વોપરી પુરુષોત્તમનારાયણની ઉપાસના સુદૃઢ થઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના એકેશ્વરવાદની એક બીજી વિશિષ્ટતા રહી છે.

આ એકેશ્વરવાદમાં ભગવાન નારાયણ સર્વના સ્વામી અને સર્વોપરી છે, એવી સ્થાપના અવશ્ય છે, પરંતુ એમાં ક્યાંય દેવી-દેવતાઓ પ્રત્યે અનાદર કે નિંદાને સ્થાન નથી.

વિશ્વના અનેક ધર્મગુરુઓ તેમ જ પયગંબરોએ એકેશ્વરવાદની સ્થાપના માટે ભગીરથ પ્રયાસ કર્યા છે, પરંતુ આમ કરવા જતાં એમણે પરમાત્માના જ સામ્રાજ્યના ભાગરૂપ

દેવતાઓનો અનાદર કર્યો છે અને 'એને માનવા એ પણ અપરાધ છે', એવી ઘોષણાઓ કરેલી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જે એકેશ્વરવાદની સ્થાપના કરેલી છે, એમાં આવો અવિવેક નથી. જેમ રાજસેવકનો અનાદર એ રાજસત્તાનો અનાદર છે, એ જ રીતે દેવતાઓનો અનાદર આખરે તો પરમ સત્તાનો જ અનાદર છે. દેવતાઓ પરમાત્માને આધીન રહીને કાર્ય કરે છે, પરમાત્માના સેવકો છે એટલે એમની નિંદા એ સ્વયં પરમાત્માની નિંદા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે,

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥ (शिक्षापत्री–२१)

'દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી.'

'કોઈ દેવની નિંદા ક્યારેય ન કરવી, રસ્તામાં ચાલતાં શિવાલયાદિક દેવમંદિર આવે, તો આદર થકી તે દેવનું દર્શન કરવું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના એકેશ્વરવાદમાં વિવિધતામાં એકતા સમાયેલી છે. વેદોએ કહ્યું છે,

'एकं सत् विप्राः बहुधा वदन्ति' સત્ય એક જ છે, જે વિવિધ સ્થળે વિવિધરૂપે પ્રકાશે છે.

જેમ વીજળીનો પ્રવાહ સર્વત્ર સમાન હોવા છતાંય ઓછા-વત્તી ક્ષમતાવાળા બલ્બમાં ઓછો-વત્તો પ્રકાશ પ્રગટે છે, એ જ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતાની અંતર્યામી શક્તિથી સર્વત્ર બિરાજમાન હોવા છતાંય વિવિધ દેવી-દેવતાઓની પાત્રની તારતમ્યતાએ કરીને વધુ-ઓછા અંશે પ્રકાશે છે.

જેમ ભાતભાતનાં ફૂલો એક દોરામાં પરોવાય અને માળા બને એમ જાતજાતના દેવતાઓ પરમાત્માના અંતર્યામી શક્તિરૂપીસૂત્રમાં પરોવાયેલા છે, આનું નામ જ અનેકતામાં એકતા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આવી અનેકતામાં એકતાની સુંદર માળા બનાવી હતી અને સર્વોપરી ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણનાં કંઠમાં આરોપી હતી.

આ માળાનો મર્મ છે કે માળાનું દરેક ફૂલ સુંદર છે પણ કોઈ ફૂલ સ્વતંત્ર નથી, એ જ રીતે તમામ દેવી-દેવતા પરમાત્માને આધીન છે અને એમનાં આજ્ઞાંકિત દાસ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું હૃદય ગગન કરતાંય વિશાળ હતું. એમણે ક્યારેય કોઈ દેવી-દેવતા, વિભૂતિઓ કે અવતારોનો અનાદર કે નિંદા કરવાનું શીખવ્યું નથી.

એક વાત અવશ્ય છે, કે એમણે દેવી-દેવતાઓને નામે હિંસા, સુરાપાન, અનાચાર અને વ્યભિચાર જેવાં દૂષણો ચાલી રહ્યાં હતાં, એ દૂર કર્યાં હતાં અને ધર્મમાર્ગને નિર્મળ બનાવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના એકેશ્વરવાદનો મર્મ એ છે કે પરમાત્માનું ઐશ્વર્ય પ્રત્યેક દેવમાં કાર્ય કરે છે, માટે પ્રત્યેક દેવને આદર અવશ્ય આપવો; પરંતુ ધ્યાન અને ઉપાસન તો પતિવ્રતા ભાવે ભગવાન પુરુષોત્તમનારાયણનું જ કરવું જોઈએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું તત્ત્વદર્શન પાંકડી ગાય જેવું વાંઝિયું નથી. મોક્ષના સાધનરૂપ અનેક વિષયો સ્વામિનારાયણીય દર્શનનાં ગર્ભમાં સમાયેલા છે. જેમ કે, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો અનન્ય ભાવે આશ્રય કરવો; દાસભાવે ઉપાસના કરવી; એકાંતિક ભાવે ભક્તિ કરવી; એમનાં દિવ્ય મંગલ પ્રત્યક્ષ સ્વરૂપનું અથવા અર્ચાસ્વરૂપનું ધ્યાન કરવું; એમનાં લીલાચરિત્રોનું શ્રવણ કરવું; એમણે પ્રબોધેલા સદાચારના નિયમોનું પાલન કરવું; સમસ્ત જડ-ચેતન વિશ્વમાં એમનાં અંતર્યામી સ્વરૂપની ભાવના કરવી; રાગ-દ્વેષ, તિરસ્કાર વગેરેથી મુક્ત રહેવું; જીવ-પ્રાણીમાત્રનું મંગલ વાંછવું વગેરે...

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશોથી આમજનતાના અંતરમાં શુદ્ધ વૈદિક ઉપાસના સુદૃઢ થયેલી છે.

સાધન પ્રકરણ

ભાગવત ધર્મ

તત્ત્વજ્ઞાન જરૂરી છે, પરંતુ પરમતત્ત્વને પામવું એ વિશેષ જરૂરી છે. વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પરમતત્ત્વની પ્રાપ્તિ માટે અનેક સાધનો બતાવ્યાં છે. એમાં ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્ય એ સહિત ભક્તિ આ ચાર સાધન મુખ્ય છે. આ ચાર સાધનોના સમુદાયને શાસ્રો ભાગવતધર્મ કહે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આ ચાર સાધનોની સુંદર વ્યાખ્યા કરી છે,

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।
माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥ –शिक्षापत्री–१०३

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।
ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठुवेदनम् ॥ –शिक्षापत्री–१०४

'શ્રુતિ-સ્મૃતિ પ્રતિપાદિત સદાચારને ધર્મ જાણવો.'
'શ્રીકૃષ્ણ ભગવાનને વિશે મહાત્મ્યજ્ઞાને સહિત અત્યંત સ્નેહને ભક્તિ જાણવી.'
'શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહીં તે વૈરાગ્ય જાણવો.'

'જીવ, ઈશ્વર અને માયાનાં સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ.'

સમાધિઓ કરાવવી; ચોર-લૂંટારાઓને વશ કરી હૃદયપરિવર્તન કરવા; કુરિવાજો દૂર કરવા, સર્વજીવહિતાવહ સેવા-પ્રવૃત્તિઓ કરવી, લોકજીવનમાં શીલ-સદાચારની સ્થાપના કરવી, અહિંસામયયજ્ઞોનું પ્રવર્તન કરવું, એટલું જ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અવતરણનું પ્રધાન લક્ષ્ય ન હતું, એમનાં અવતરણનું પ્રધાન લક્ષ્ય હતું, 'ભાગવત ધર્મની સ્થાપનાં દ્વારા જીવોનાં હૃદયમાં રહેલ અનાદિ અજ્ઞાન દૂર કરી તેમને આત્યંતિક કલ્યાણ પ્રદાન કરવું.' બીજી બધી વાતો આ મુખ્ય ધ્યેયને આનુષંગિક અર્થાત્ સહાયક હતી.

'માનવજીવનનું લક્ષ્ય આત્યંતિક કલ્યાણ છે અને આત્યંતિક કલ્યાણનું અસાધારણ સાધન ભાગવતધર્મ છે.'

વેદ અને શ્રીમદ્ ભાગવદ જેવાં સત્શાસ્ત્રો ભાગવત ધર્મનું પ્રતિપાદન કરે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત ભક્તિને 'ભાગવત ધર્મ' અથવા 'એકાંતિક ધર્મ' કહે છે.

ભારતીય સંપ્રદાયોમાં ક્યાંક ધર્મ, ક્યાંક જ્ઞાન, ક્યાંક વૈરાગ્ય, ક્યાંક માત્ર ભક્તિની પ્રધાનતા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધર્માદિ સર્વ સાધનોનો સમન્વય કર્યો છે, કેમ કે આમાંથી કોઈ એકની ન્યૂનતાથી મોક્ષમાર્ગમાં વિઘ્ન સંભવે છે, માટે ચારેયનો સમન્વય આવશ્યક છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક વચનામૃતોમાં આ સર્વ સાધનોની પરસ્પર અપેક્ષાની સૂક્ષ્મતાપૂર્વક ચર્ચા કરી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વ. પ્ર.–૧૯માં કહે છે કે, "આત્યંતિક કલ્યાણ ઇચ્છતો હોય એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠા, એકલી ભક્તિ, એકલો વૈરાગ્ય કે એકલા સ્વધર્મથી કાર્ય સરતું નથી, માટે મુમુક્ષુએ એ ચારેય ગુણ સિદ્ધ કરવા."

"આત્મનિષ્ઠા હોય અને ભક્તિ ન હોય, તો એ ભક્ત માયાના ગુણોનો પરાભવ કરવાનું સામર્થ્ય પામી શકતો નથી."

"ભક્તિ હોય અને આત્મનિષ્ઠા ન હોય, તો અહંકાર વધે છે અને ભક્તિ સિદ્ધ થતી નથી." "ભક્તિ અને આત્મનિષ્ઠા બંને હોય, પણ વૈરાગ્ય ન હોય તો માયાના વિષયોમાં આસક્તિ થયા વગર રહેતી નથી."

"વૈરાગ્ય હોય પણ ભક્તિ અને આત્મનિષ્ઠા ન હોય, તો પરમાત્માનાં સ્વરૂપનો પરમાનંદ પ્રાપ્ત થતો નથી."

"ધર્મ હોય અને ઉપરનાં ત્રણેય સાધન ન હોય તો સ્વર્ગાદિકનું સુખ મળે છે, પરંતુ માયાથી પર અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી."

"ઉપરના ત્રણેય સાધન હોય પણ ધર્મ ન હોય તો વાડ્ય વિનાના છોડને પશુ ખાઈ જાય અને છોડ વૃદ્ધિ ન પામે એ રીતે ધર્મની વાડ્ય વિના આત્મનિષ્ઠા, ભક્તિ કે વૈરાગ્યની વૃદ્ધિ થતી નથી."

"ફૂટલા ઘડામાંથી પાણી સ્રવી જાય, એમ ધર્મભ્રષ્ટ જીવનમાંથી ભક્તિ વગેરે સદ્‌ગુણો સ્રવી જાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગ. મ. ૩૫માં ચાર સાધનની પરસ્પર અપેક્ષા સુંદર રીતે વર્ણવી છે. જેના ઉપસંહારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે,

"ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો-સાંભળતો હોય ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઇચ્છે એવો જાણવો ને તેને ચંડાળ જેવો જાણવો. માટે એ ચાર વાનાંએ કરીને જ જીવનું કલ્યાણ જરૂર થાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ રીતે ભાગવત ધર્મના સર્વ અંગોને પુષ્ટ કર્યાં છે. સ્વામિનારાયણ સંપ્રદાયની આ મુખ્ય વિશિષ્ટતા છે.

સામાન્ય રીતે ધર્માદિ ચાર અંગોના સમુદાયને ભાગવત ધર્મ કહેવામાં આવે છે, પરંતુ વચનામૃત તેમ જ અન્ય વૈષ્ણવ શાસ્રોનો અભ્યાસ કરતા જણાય છે કે આ ચાર સાધનોની સાથે ઉપાસના અને શરણાગતિ આ બે સાધન ઉમેરવાં આવશ્યક છે.

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે 'મહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ' શબ્દ પ્રયોજ્યો છે. એટલે ઉપાસનાનો અંતર્ભાવ ભક્તિમાં થઈ જાય છે.

મહાત્મ્યજ્ઞાનનો અર્થ છે, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને સદા દિવ્ય સાકાર, માયાના સર્વ ગુણો અને વિકારોથી મુક્ત, સર્વ દિવ્ય મંગળકારી ગુણોના સાગર, સર્વ કારણનાં કારણ, સર્વ દેવોના દેવ, સર્વોપરી, સર્વ અવતારના અવતારી સમજવા. ઉપાસનાનું પણ આજ રૂપ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં અનેક સ્થળે કલ્યાણનાં અસાધારણ સાધન તરીકે આશ્રય અથવા શરણાગતિનો મહિમા સમજાવ્યો છે.

પતિવ્રતાભાવે ઉપાસના

ધર્મક્ષેત્રમાં ઉપાસનાનું અત્યંત મહત્ત્વ છે. જે જીવ જેવા દેવની ઉપાસના કરે છે, તે જીવને તે જ દેવની પ્રાપ્તિ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે,

श्रद्धामयोऽयं पुरुषः यो यः श्रद्धः स एव सः ॥ (भगवद् गीता–अ–१७, श्लोक–३)

'મનુષ્ય શ્રદ્ધામય છે. જેને જેવી શ્રદ્ધા તેને તેવી પ્રાપ્તિ.'

લોકો ઉપાસના માટે દેવોની પસંદગી પોતાની શ્રદ્ધાને અનુરૂપ કરતા હોય છે. તામસી શ્રદ્ધાવાળા લોકો તામસ દેવોનું ઉપાસન કરે છે, રાજસ શ્રદ્ધાવાળા લોકો રાજસી દેવોનું ઉપાસન કરે છે. સાત્ત્વિકી શ્રદ્ધાવાળા લોકો સાત્ત્વિક દેવોનું ઉપાસન કરે છે.

લોકો વિવિધ પ્રકારના દેવોનું ઉપાસન કરે છે, પરંતુ આખરે તો તે તે દેવોમાં અંતર્યામી ભાવે વિરાજમાન પરમાત્મા જ ઉપાસકોના મનોરથો ફ્લીભૂત કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે,

'यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥

स तया श्रद्धया युक्तः तस्याराधनमीहते ।
लभते च ततः कामान् मयैव विहितान्हि तान् ॥' (भगवद्गीता– ७:२१–२२)

'લોકો શ્રદ્ધાથી વિવિધ દેવતાઓનું ઉપાસન કરવા ઇચ્છે છે. એ દેવતાઓ મારા જ શરીરો છે. એમાં રહીને હું ભક્તોની શ્રદ્ધાને સુદઢ કરું છું. દઢ શ્રદ્ધાવાળો ઉપાસક તે તે વિવિધ દેવતાઓનું આરાધન કરે છે, પરંતુ આખરે તો હું જ એ દેવતાઓમાં રહીને એમના મનોરથોને પૂર્ણ કરું છું.'

ડાહ્યા માણસોએ કહ્યું છે કે, **'सर्वदेव नमस्कारः केशवं प्रति गच्छति'** જેમ વિવિધ નદીઓના પ્રવાહો આખરે મહાસાગરમાં મળે છે, એ જ રીતે દેવતાઓને કરેલા નમસ્કાર આખરે પરોક્ષપણે નારાયણ સુધી પહોંચે છે.

દેવતાઓ અનેક છે, એમનાં ઐશ્વર્ય અને સામર્થ્યમાં ભારે ન્યૂનાધિકપણું છે. દેવતાને આ ઐશ્વર્ય સર્વવ્યાપી – સર્વશક્તિમાન ભગવાન નારાયણ તરફથી પ્રાપ્ત થયેલું છે.

જે રીતે વીજળીનો પ્રવાહ તો એક સરખો વહેતો હોય, પરંતુ જેટલા વૉલ્ટનો બલ્બ હોય એટલો જ પ્રકાશ પ્રાપ્ત થાય છે; પાણીની મોટી પાઈપલાઈન આપણાં ઘર પાસેથી જ પસાર થતી હોય પણ જેટલી ક્ષમતાનું જોડાણ આપણે મેળવ્યું હોય એટલું જ પાણી આપણાં ઘરમાં આવે છે, એ જ રીતે જે જીવ જેવા દેવની ઉપાસના કરે છે એ જીવને એ દેવમાં જેટલું ઐશ્વર્ય અને સામર્થ્ય હોય એટલું જ ઐશ્વર્ય અને સામર્થ્ય પ્રાપ્ત થાય છે. માટે જ જ્ઞાની પુરુષો દેવી-દેવતાઓના ઉપાસનને બદલે સર્વ કારણનાં કારણ, સર્વ દેવોના દેવ, અનંત ઐશ્વર્ય સંપન્ન અને નિર્ગુણ એવા ભગવાન પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આ જ ઉપાસનાનો માર્ગ પ્રવર્તાવ્યો છે. એમણે પ્રબોધેલ ઉપાસના માર્ગમાં દેવી-દેવતાઓ તો ઠીક, અક્ષરબ્રહ્મ પણ ઉપાસ્ય બની શકતા નથી.

જેમ લગ્નનાં માંડવે પતિવ્રતા સ્ત્રી પતિને જ વરે છે, પણ અણવર કે અન્ય કોઈને નહિ, એ જ રીતે માત્ર એક પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ વરણીય છે, પરંતુ અક્ષરબ્રહ્મ વગેરે બીજું કોઈ નહિ.

આદર માન-પાન બધાંને અપાય છે, સેવા-પૂજા, અર્ચન સર્વનું થાય છે પરંતુ વરવાનું તો વરને જ હોય.

ઉપાસનામાં પુરુષોત્તમનારાયણની સાથે અક્ષરાદિકને ઉમેરવાથી પતિવ્રતાધર્મનો ભંગ થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનનામૃતમાં કહે છે, "ભગવાનમાં જેવું હેત કરવું તેવું મોટા મુક્ત સાધુમાં પણ ન કરવું."

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપાત્રીમાં કહે છે, "ભગવાન અને ભગવાનના અવતારો નિર્ગુણ છે, માટે એમનું ધ્યાન કરવું. બીજા ગમે તેવા બ્રહ્મનિષ્ઠ સત્પુરુષો હોય, પણ એમનું ધ્યાન ન કરવું." (વચનામૃત ગ. અં. ૧૬)

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રતિપાદિત ઉપાસનાને સાવ સીધી ભાષામાં સમજાવતા સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી કહે છે, 'અક્ષરધામમાં બે ચરણારવિંદની ઉપાસના છે, ચારની નહીં.'

વેદો અને ઉપનિષદો પણ આ જ રીતની ઉપાસનાનું પ્રતિપાદન કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાણે પૃથ્વી ઉપર પ્રગટ થઈને શુદ્ધ-વૈદિક ઉપાસના પ્રવર્તાવી છે અને પોતાનાં વચનામૃતોમાં ઉપાસના તત્ત્વનું સીધી-સરળ ભાષામાં સુંદર નિરૂપણ કરેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે,

"કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે. ઇત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિક્તિ સમજીને અથવા કોઈક મોટા સંતના મુખથી વાત સાંભળીને જાણે જે, 'હું આત્મા-અનાત્માની વિગતિ કરી લઉં' એમ વિગતિ થતી નથી, એ તો એ જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિશે નિષ્ઠા હોય, તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી." (ગ.પ્ર. ૫૬)

"માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય, તે તો એમ સમજે જે, 'ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિશે નિવાસ કરે, તો જે ભગવાનનો આશ્રિત હોય તે એ ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે? ' એમ માહાત્મ્ય સમજે તે સારું જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું." (ગ.પ્ર. ૫૬)

"જેમ નદી તરવી હોય ત્યાં તો જેને તરતાં આવડતું હોય તે તરી જાય ને તરતાં ન આવડતું હોય તે તો ઊભો જ રહે. પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વહાણનું કામ પડે છે. તેમ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખ તે

રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય, પણ મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે, પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારું ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી.” (ગ. પ્ર. ૬૧)

શરણાગતિ

અનેક મહાન વૈષ્ણવાચાર્યોએ ધર્માદિ સાધનોએ સહિત ભક્તિ ઉપરાંત શરણાગતિ ઉપર પણ ભાર મૂક્યો છે.

ભગવદ્‌પાદ રામાનુજાચાર્યજીએ શરણાગતિના છ અંગો લખ્યાં છે.

आनुकूल्यस्य संकल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासः गोप्तृत्ववरणं तथा ॥
आत्मनिक्षेपकार्पण्यं षड्‌विधा शरणागतिः ॥

ભગવાનને ગમે તે જ કરવું, ન ગમે તે ન કરવું.

‘ભગવાન અવશ્ય રક્ષા કરશે’ એવો દૃઢ વિશ્વાસ.

‘હે ભગવાન! રક્ષા કરો.’ એવી પ્રાર્થના.

પોતાનું સર્વસ્વ પરમાત્માને ચરણે સમર્પિત કરવું.

ભગવાનના દાસાનુદાસ થઈને દીનભાવે વર્તવું.

જીવ જ્યારે ભગવાનને શરણે થાય છે, ત્યારે આ છ પ્રતિજ્ઞાઓ કરે છે.

શાસ્રોમાં શરણાગતિનો ભારે મહિમા વર્ણવેલો છે. વાલ્મીકિ રામાયણમાં પ્રસિદ્ધ પ્રસંગ છે. લંકેશ રાવણના ભાઈ વિભીષણ જ્યારે ભગવાન રામચંદ્રજીને શરણે આવ્યા, ત્યારે વિભીષણને અભય આપતા ભગવાન કહે છે,

सकृदेव प्रपन्नो यः तवाऽस्मीति याचते ।
अभयं सर्वभूतेभ्यः ददाम्येतद् व्रतं मम ॥

“કોઈ જીવ એક વાર મારે શરણે આવીને પ્રાર્થના કરે કે, ‘હે ભગવન્! આજથી હું તમારે શરણે છું, તમે મારો સ્વીકાર કરો’ આવા શરણાગત જીવને સર્વ પ્રકારે નિર્ભય બનાવી દેવાનું મારું જીવનવ્રત છે.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્‌ ભગવદ્‌ગીતામાં કહે છે,

अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥(भगवद् गीता–अ–९,श्लोक–३०)

"કોઈ ગમે એટલો દુરાચારી હોય પણ જો એ અનન્યભાવે મારો આશ્રય કરે, તો એ જ ક્ષણે એને સર્વ પાપોથી મુક્ત સાધુસમાન ગણવો; કારણ કે એણે મારે શરણે આવવાનો શ્રેષ્ઠ નિર્ણય કર્યો છે."

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥(भगवद् गीता–अ–७,श्लोक–१४)

"દૈવી અને ત્રિગુણમયી એવી જે આ મારી માયા એને તરવી ઘણી દુષ્કર છે, પરંતુ જે મારે શરણે આવે છે તે આ માયાના મહાસાગરને સરળતાથી તરી જાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં શરણાગતિ માટે આશ્રય શબ્દ પ્રયોજે છે. વડતાલના પાંચમા વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આશ્રય અથવા તો શરણાગતિનું રૂપ સમજાવતાં કહે છે,

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ (भगवद् गीता–अ–१८,श्लोक–८)

'હે અર્જુન! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ, તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ; તું કાંઈ શોક કરીશ મા.' આ રીતે અનન્યભાવે ભગવાનને શરણે જવું એને આશરો કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગ. પ્ર. ૩૩મા વચનામૃતમાં આશ્રયનું સ્વરૂપ અને ભેદ સમજાવ્યાં છે. જેનો સાર નીચે પ્રમાણે છે.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સંતોની સભા ભરીને વિરાજમાન હતા. એ પ્રસંગે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો,

"હે મહારાજ! ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારના શાસ્ત્રમાં કહ્યા છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે, જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય?"

મુક્તાનંદસ્વામીના પ્રશ્નનું સમાધાન કરતાં મહારાજ બોલ્યા,

"સ્વામી! ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે, અને તે આશરો અતિ દૃઢ જોઈએ. એ આશ્રયમાં કોઈ પણ પ્રકારની પોલ હોવી જોઈએ નહીં."

આટલી વાત કરી મહારાજ અતિ કરુણાએ કરી બોલ્યા, "સ્વામી! ભગવાનના આશ્રયના ત્રણ ભેદ છે. મૂઢપણે થતો આશ્રય, પ્રીતિથી થતો આશ્રય અને સમજણથી થતો આશ્રય."

"મૂઢપણે જેને ભગવાનનો દૃઢ આશ્રય હોય તેને બ્રહ્મા જેવો હોય તે આશ્રયમાંથી ડોલાવે તોય પણ ડોલે નહિ."

"જેને ભગવાનને વિશે દઢ પ્રીતિથી આશ્રય હોય તેને પરમેશ્વરને મૂકીને બીજા પદાર્થમાં જોરાવરીએ પ્રીતિ કરે તોય પણ થતી નથી. આવી રીતના આશ્રયને પ્રીતિએ કરીને ભગવાનનો આશરો કહેવાય છે."

આશ્રયનો ત્રીજો પ્રકાર સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, "જેને બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું સગુણપણું, નિર્ગુણપણું, અન્વયપણું, વ્યતિરેકપણું સમજતો હોય." 'ભગવાન જે રીતે સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે, તેની રીતને સમજતો હોય.'

'ભગવાન અક્ષરબ્રહ્મથી લઈને કીટ-પતંગ પર્યંત સર્વત્ર પાત્રની તારતમ્યતાએ કરીને વ્યાપકપણે રહ્યા છે, તેની રીતને સમજતો હોય.'

'ભગવાન દેવ, મનુષ્ય, પશુ-પક્ષીની યોનિમાં વિવિધ પ્રકારે અવતારો ધરે છે એની રીતને સમજતો હોય.'

'આવી રીતે સમજણે કરીને જેને દઢ આશ્રય હોય તે બીજાનો ટાળ્યો તો ટળે નહીં, પોતાનો ટાળ્યો પણ ન ટળે.' ભગવાન ગમે તેવાં મનુષ્યચરિત્ર કરે, તો પણ તેની બુદ્ધિને વિશે ક્યારેય ભ્રાંતિ થાય નહીં.'

ભગવાનના આશ્રયનો મહિમા સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ ગ.મ. ૧૩માં કહે છે કે, "જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દઢ આશ્રય હોય, તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ, પણ કદાચિત્ ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય, તો પણ તે દઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહી, માટે એ જે ભગવાનનો દઢ આશ્રય છે, એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી."

અહીં એક બીજી વાત સમજવાની છે, 'પરમાત્માની પ્રાપ્તિ રૂપ કલ્યાણ તો એક માત્ર ભગવાન વતે જ થાય છે, સાધનોથી નહીં.'

કોઈ એમ માને કે હું ધર્મ, જ્ઞાનાદિ સાધનોથી પરમાત્માને પ્રાપ્ત કરી લઉં, તો એ શક્ય નથી. ભગવાન સાધનસાધ્ય નથી, કૃપાસાધ્ય છે. સાધન માત્ર ચિત્તશુદ્ધિ અને પરમાત્માની પ્રસન્નતા માટે છે. સાધનોથી પ્રસન્ન થયેલા પરમાત્મા જીવનું કલ્યાણ કરે છે માટે સાધકે સાધનોનું બળ ન રાખવું, ભગવાનની કૃપાનું બળ રાખવું.

આ અંગે વચનામૃત ગ. મ. ૬૬માં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી વાતનો સાર નીચે પ્રમાણે છે.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સભા ભરીને વિરાજમાન હતા. સભામાં બેઠેલા મહાવિદ્વાન નિત્યાનંદસ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ! ભગવાનને પામ્યાનું એક જ સાધન છે કે ઘણાંક સાધને કરીને ભગવાન પમાય છે?

જો તમે એમ કહેશો કે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ એ ચાર સાધનથી ભગવાન પમાય છે; એમ કહીએ તો એક ભગવાનના આશ્રયે કરીને જ કલ્યાણ થાય છે, એવા

અનન્યભાવનો નિર્ધાર રહેતો નથી અને જો એક આશ્રયે કરીને જ કલ્યાણ થાય છે એમ કહીએ તો અન્ય સાધનોની આવશ્યકતા રહેતી નથી. તો શું સમજવું?"

નિત્યાનંદસ્વામીનો વિદ્વત્તાપૂર્ણ પ્રશ્ન સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા, "કલ્યાણ તો એક ભગવાન વતે જ છે, પરંતુ એ સર્વે સાધન ભગવાનની પ્રસન્નતાને અર્થે છે."

'ભગવાને સ્વયં પોતાના ભક્તોને ધર્માદિક સાધનોનું અનુષ્ઠાન કરવાની આજ્ઞા આપી છે. ભગવાન મહાસમર્થ છે. મોટા મોટા બ્રહ્માદિક દેવતાઓ પણ એમની આજ્ઞા પાળે છે. કાળમાયાદિક જે બ્રહ્માંડના કારણ છે તે પણ ભગવાનના ભય થકી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં રહે છે, માટે ભગવાનની આજ્ઞાને દૃઢ કરીને માનવી એ જ ભગવાનના ભક્તનું લક્ષણ છે. ભગવાનની આજ્ઞા પાળે એના ઉપર જ ભગવાનની પ્રસન્નતા થાય છે, માટે સાધન સર્વે દ્રઢ કરીને રાખવા. સુરદાસજી લખે છે.

અપબલ, તપબલ ઔર બાહુબલ ચોથો હૈ બલદામ,
સુર કિશોર કૃપા તે સબબલ, હારે કો હરિ નામ.
સુમિર મન નિર્બલ કો બલ રામ...

निजात्मानं ब्रह्मरुपम् ।

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તિમાર્ગમાં એક અનુપમ સિદ્ધાંત સ્થાપ્યો છે.

"દેહભાવથી પર થવું અને બ્રહ્મભાવે પરબ્રહ્મ ભજવા."

સાધકે સ્રીભાવ, પુરુષભાવ તેમ જ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરનું અભિમાન છોડીને પરમાત્માની આરાધના કરવી જોઈએ.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી કહે છે કે, 'જ્યાં સુધી પુરુષ પોતાને પુરુષ માનશે ત્યાં સુધી તેને સ્રી જોઈશે; જ્યાં સુધી સ્રી પોતાને સ્રી માનશે ત્યાં સુધી એને પુરુષની જરૂર પડશે.' અર્થાત્ સ્રી-પુરુષને પરસ્પરની આસક્તિ છૂટશે નહીં. આસક્તિ છોડ્યા સિવાય ભગવાનની ભક્તિ થશે નહીં.

વેદો કહે છે કે **न त्वं पुमान्, न उत वा कुमारी ।** આત્મા સ્રી નથી, આત્મા પુરુષ નથી અને આત્મા નાન્યતર પણ નથી.

જીવ જ્યાં સુધી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહમાં બંધાયો છે, ત્યાં સુધી તે વિશુદ્ધ ભક્તિ કરી શકતો નથી. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ – शिक्षापत्री–११६

'પોતાના આત્માને ત્રણ દેહથી વિલક્ષણ માની, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ નિરંતર કરવી.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ સંસ્થાપિત આ બ્રાહ્મી ભક્તિના મૂળ વેદમાં છે. વેદોમાં એક સૂક્ત છે જે 'પવમાન સૂક્ત' તરીકે પ્રસિદ્ધ છે.

અપવિત્રપણે પરમાત્માની આરાધના ન કરાય, માટે પવમાન સૂક્તના ગાન દ્વારા યજમાનમાં તન, મન અને આત્માને પવિત્ર કરવામાં આવે છે. પવમાન સૂક્તનો એક મંત્ર છે, **'પૂતં બ્રહ્મ પુનીમહે'** 'અમે પવિત્ર બ્રહ્મને પવિત્ર કરીએ છીએ.'

પવિત્ર બ્રહ્મને પવિત્ર કરવાનો અર્થ છે – આત્મતત્ત્વ સ્વભાવથી શુદ્ધ છે, પરંતુ એને અનાદિકાળથી માયાનો મેલ ચડ્યો છે, એ મેલ એટલે દેહભાવ. માત્ર બાહ્ય સ્નાનથી પૂર્ણ શુદ્ધિ થતી નથી. માત્ર ધોયેલાં વસ્રો ધારણ કરવાથી વાત પૂરી થતી નથી. તન સાથે મન પણ પવિત્ર હોવું જોઈએ. મન સાથે આત્મા પણ શુદ્ધ હોવો જોઈએ. દેહભાવથી મુક્તિ એ આત્માની શુદ્ધિ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ બંને ભટકી ગયા હતા. ભક્તિમાર્ગ ભારે રસિક હોવાથી ભ્રષ્ટાચારના જંગલમાં ભટકી ગયો અને જ્ઞાનમાર્ગ 'હું જ ભગવાન છું' આવી આડંબરની આડી-અવળી ગલીઓમાં અટવાઈ ગયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ બંને માર્ગને શુદ્ધ કર્યા અને એને સાચી દિશા આપી, જેને પરિણામે બ્રહ્મભાવે પરબ્રહ્મને ભજવાનો-ઉપાસવાનો એક અનોખો ભક્તિમાર્ગ પ્રગટ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, "આત્મારૂપે રહીને જે ભગવાનને વિશે પ્રીતિ કરવી તે પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે, માટે ગુણાતીત થઈને જે ભગવાનને વિશે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મસ્વરૂપ છે; એમ મોટા મોટા આચાર્યનો સિદ્ધાંત છે." (ગ. મ. ૪૩)

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત બ્રાહ્મીભક્તિમાં રસિકમાર્ગના ભોગવાદના છેદ ઊડી જાય છે.

પરમાત્માની ઉપાસના રહિત શુષ્કવેદાંતનો પણ છેદ ઊડી જાય છે. શુષ્કજ્ઞાનીઓ જેવા 'હું જ ભગવાન છું' આવા આડંબરને બ્રાહ્મીભક્તિમાં અવકાશ નથી. બ્રાહ્મીભક્તિમાં બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે સ્વામી-સેવકભાવ મુક્તિદશામાં પણ અખંડ રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રીતિને આત્માને સજાતીય, નિર્ગુણ અને નિર્વિકાર ગણ્યાં છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં નવધા ભક્તિ છે, ઉત્સવો છે, સમૈયાઓ છે; પણ બ્રહ્મભાવના પ્રભાવને લીધે ભક્તિમાર્ગની આડપેદાશ જેવા ભોગવાદને સ્થાન નથી, કારણ કે બ્રહ્મભાવને અને વિષયભોગને ક્યારેય બનતું નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તિની આડમાં વધતા ભ્રષ્ટાચારને દૂર કરવા માટે પોતાના આશ્રિતોને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે,

धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ॥ – शिक्षापत्री–३९

"ભક્તિ શ્રેષ્ઠ છે, છતાં અમારા આશ્રિતોએ ધર્મથી રહિત ભક્તિ ક્યારેય ન કરવી અને અજ્ઞાની લોકોની નિંદાના ભયથી શ્રીકૃષ્ણ ભગવાનની સેવારૂપ ભક્તિનો ત્યાગ ન કરવો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમ પણ કહ્યું છે કે,

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुपाः ।
पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न संगमः ॥ – शिक्षापत्री–२८

"સત્સંગ શ્રેષ્ઠ છે, પણ જે માણસો ભક્તિ અને જ્ઞાનના આધારે સ્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં લુબ્ધ હોય અને પાપ પરાયણ હોય તેનો સમાગમ ન કરવો."

કર્મવાદ અને ભક્તિમાર્ગ

ભારતવર્ષના આચાર્યોએ કોરા કર્મવાદ કરતાં ભક્તિ અને શરણાગતિ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ એ જ સનાતન સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

એમણે વચનામૃતોમાં કહ્યું છે કે, 'કાળ, કર્મ અને માયાના બંધનથી મુક્ત થવા માટે ભગવાનના આશરાથી ઉત્તમ બીજું કોઈ સાધન નથી. પરમાત્મા કર્મફળપ્રદાતા છે, એમને શરણે જવાથી એ કર્મોથી મુક્તિ પણ આપે છે.'

જો જીવ ભગવાન કે ભગવાનના સંતને શરણે જાય તો અજામિલ જેવા મહાપાપીનો પણ ઉદ્ધાર થઈ જાય.

પ્રખર કર્મવાદી જૈનમતમાં પણ કેવળીકોની કૃપાથી, એમનાં દર્શનથી સદ્ય કર્મમોક્ષની કથાઓ પ્રસિદ્ધ છે. એક વિવાદ વર્ષોથી ચાલ્યો આવે છે, પ્રારબ્ધ મોટું કે પુરુષાર્થ? સહુ પોતપોતાના તર્કો આપે છે. આ વિવાદનો અંત આવ્યો નથી, કદાચ આવશે પણ નહિ.

લાગે છે કે કોઈ એક વિશે અતિવાદી થવા કરતાં પ્રારબ્ધ અને પુરુષાર્થનો સમન્વય થવો જરૂરી છે. એ ન ભૂલવું જોઈએ કે માણસ અન્ય પશુ-પંખીઓની પેઠે કર્મ પ્રમાણે જ ચાલતું મશીન નથી, માણસ પોતાનો ભાગ્યવિધાતા પણ છે.

મહાપુરુષો કહે છે કે,

'आस्ते भग आसीनस्य चरति वै चरतो भगः ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥'

"જે આળસુ થઈને બેસી જાય છે તેનું ભાગ્ય પણ આળસી જાય છે. જે પુરુષાર્થ

કરે છે એને જ ભાગ્ય ફળે છે. જેમ કે, સૂતેલા સિંહના મુખમાં મૃગલાંઓ સામેથી પ્રવેશતાં નથી.”

જીવનમાં ભાગ્ય અને પુરુષાર્થની જુગલબંધી છે. બેમાંથી કોઈ પણ એકને જ સ્વીકારવાથી જુગલબંધી તૂટી જાય છે. કર્મને લીધે જ બધું ચાલતું હોય, તો કર્મફળપ્રદાતા પરમાત્માની કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્ શક્તિનો અનાદર થાય છે અને એટલું જ નહિ, પરમાત્માની પ્રેમ અને કરુણાપૂર્ણ શક્તિઓનો પણ અનાદર થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કેવળ કર્મવાદને બદલે નાની-મોટી ઘટનાઓ પાછળ દેશ-કાળ-ક્રિયા-સંગ-મંત્ર-શાસ્ત્ર-દીક્ષા અને દેવતાનું ધ્યાન આ આઠ પરિબળો ગણાવ્યાં છે.

દેશના પ્રભાવને સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, “મરુ દેશમાં અર્થાત્ રણમય રાજસ્થાન જેવા દેશમાં ઘણા પુણ્યશાળી રાજા થયા પણ એમનાં પુણ્યને લીધે કૂવાનાં પાણી ઉપર આવ્યાં નથી, માટે દેશ એટલે કે ભૂમિ ઉપર સારાં-નરસાં કર્મનો પ્રભાવ નહીંવત્ હોય છે.”

કાળના પ્રભાવને સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, “યુદ્ધો, ભૂકંપો, મહામારી, દુષ્કાળ, અતિવૃષ્ટિ, અણધાર્યા અકસ્માતો કે જાત-જાતની હોનારતોમાં એક સાથે હજારોના મૃત્યુ થાય છે. અહીં ‘બધાંનું પ્રારબ્ધ કર્મ એક સાથે ખૂટી જાય છે’ એ વાત તર્કસંગત નથી. માટે અહીં કર્મનો નહિ પણ કાળનો પ્રભાવ ગણવો. ”

સંગના પ્રભાવને સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, “કર્મ કરતાંય સંગનો પ્રભાવ વિશેષ છે. “ગમે તેવાં સારાં કર્મ કર્યાં હોય, પણ જો ઊતરતાનો સંગ થાય તો માણસ ઊતરતો થઈ જાય અને ગમે તેવા પાપકર્મ કર્યાં હોય, પણ જો એને મહાપુરુષોનો સંગ થાય તો એ માણસ મહાન બની જાય છે.”

ક્રિયાનો અર્થ છે કર્મ. કર્મના મર્મને સમજાવતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, “ગમે તેવાં સારાં કર્મ કર્યાં હોય પણ જો ભગવાન કે ભગવાનના ભક્ત અથવા સ્વભાવથી ગરીબ લોકોનો દ્રોહ થઈ જાય, તો એના સર્વ શુભ કર્મોનો નાશ થઈ જાય છે. **ગમે તેવો પાપી હોય પણ જો એનાથી મહાપુરુષો રાજી થાય એવી ક્રિયા થઈ જાય, તો એ માણસ પંચમહાપાપનો કરનારો હોય છતાં મહાપુણ્યશાળી થઈ જાય છે.**”

દેશકાળાદિક ઉપરાંત મનુષ્યજીવન ઉપર મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને દેવતા આ ચારનો પણ જબરો પ્રભાવ હોય છે.

માયાના ત્રણ ગુણના પ્રભાવને લીધે મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને દેવતા આ ચારેય ત્રણ પ્રકારના છે. જેને આપણે સાત્ત્વિક, રાજસી અને તામસી કહી શકીએ છીએ.

માણસ જેવા મંત્ર-શાસ્ત્ર-દીક્ષા અને દેવતાનું સેવન કરે છે તેવો એ થઈ જાય છે. સત્ત્વગુણી દેવની દીક્ષા, સત્ત્વગુણી મંત્ર, સત્ત્વગુણી શાસ્ત્રના સેવનથી સાધક સત્ત્વગુણી થાય છે. રજોગુણીના સેવનથી રજોગુણી થાય છે. તમોગુણીના સેવનથી તમોગુણી થાય છે.

દેવતાઓના ઉપાસન દ્વારા પ્રારબ્ધ કર્મની ખરાબ અસરોને ઓછી કરી શકાય છે અને નિવારી પણ શકાય છે.

મહત્ત્વની બીજી વાત એ છે કે ભાગવતજીના ષષ્ઠ સ્કન્ધમાં કહ્યું છે તેમ; કાદવથી કાદવ ન ધોવાય, તેમ કેવળ કર્મથી કર્મ ધોવાતાં નથી. એક કર્મના પાશને દૂર કરવા માટે તમે બીજું કર્મ કરો, પછી એ બીજા કર્મના પાશના નિવારણ માટે પાછું ત્રીજું કર્મ કરો, આમ કર્મની શૃંખલા ક્યારેય પૂરી થતી નથી.

ભાગવતજી જેવા સત્શાસ્રો કહે છે કે, 'કદી ન ટાળી શકાય એવા સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ કર્મના પાશથી મુક્ત થવા માટે ભક્તિ અને શરણાગતિથી શ્રેષ્ઠ બીજું સાધન નથી.'

શુકદેવજી મહારાજ પરીક્ષિતને કર્મમુક્તિનું રહસ્ય સમજાવતા કહે છે કે, "જેમ વાંસના વનમાં આગ લાગે અને વન બળીને રાખ થાય, જેમ દારૂના ઢગલામાં ચિનગારી પડે અને દારૂનો ઢગલો સળગી જાય, જેમ આકાશમાં થયેલાં ઝાકળનાં ધુમ્મસને સૂર્યનાં પ્રખર કિરણો ઓગાળી નાખે, એ જ રીતે ભગવાન નારાયણની શરણાગતિથી મનુષ્યના સારાં-નરસાં કર્મો નાશ પામે છે."

ભગવદ્પાદ રામાનુજાચાર્યજી શરણાગતિનો મહિમા સમજાવતા કહે છે કે, "કર્મ ત્રણ પ્રકારના છે - સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ."

જીવે જન્મોજન્મથી જે કર્મો ભેગાં કર્યાં છે અને ભોગવ્યાં વિના પડી રહ્યાં છે, તે સંચિત કર્મ કહેવાય છે. વર્તમાન સમયે જીવ જે કર્મ કરે છે, તે ક્રિયમાણ કહેવાય છે. સંચિત કર્મોમાંથી ભોગ માટે પરિપક્વ બનેલાં કર્મોને પ્રારબ્ધ કહેવાય છે.

સાદા દૃષ્ટાંતથી આ વાત સમજીએ. વિશાળ પાયા ઉપર પાકવા નાખેલી કેરી એ સંચિત છે. પાકી ગયેલી કેરી અલગ કરી અને ખાવી એ પ્રારબ્ધ છે અને આંબો વાવવો એ ક્રિયમાણ છે.

પરમાત્માની શરણાગતિથી સંચિત કર્મો તત્કાળ નાશ પામે છે. પરમાત્માની આજ્ઞામાં રહેવાથી ક્રિયમાણ સુધરે છે.

પ્રારબ્ધ કર્મ કમાનમાંથી છૂટી ગયેલાં તીર જેવાં છે. એ ટાળવાં કઠણ છે.

પ્રારબ્ધ કર્મના અવાંતર ત્રણ ભેદ છે – મંદ, મધ્યમ અને તીવ્ર.

ભગવાનની શરણાગતિ સ્વીકારવાથી મંદ પ્રારબ્ધનો નાશ થાય છે. મધ્યમ પ્રારબ્ધ મંદ બને છે અને તીવ્ર પ્રારબ્ધ મધ્યમ બને છે. એમાં પણ ભગવાન કે સંતની વિશેષ કૃપા થાય, તો પ્રારબ્ધનો પણ સર્વથા નાશ થઈ જાય છે.

સામાન્ય માન્યતા એવી છે કે વિધાતાએ લલાટમાં લખેલા લેખ ક્યારેય મિથ્યા થતા નથી, પરંતુ ભક્તિ અને શરણાગતિનો માર્ગ એવો છે કે જે પ્રારબ્ધને પણ પલટાવી દેવામાં સમર્થ છે.

ભગવાન અને ભગવાનના મહાપુરુષોની કૃપા થાય, તો ગમે તેવું પ્રારબ્ધ હોય છતાં નાશ પામે છે, એટલે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે કેવળ કર્મવાદને બદલે ભક્તિ અને શરણાગતિના માર્ગનું પોષણ કર્યું હતું.

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ

અહીંયા એક વાત સમજવા જેવી છે. જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગના પ્રવાહો પોતપોતાની રીતે અનોખા હોય છે.

જ્ઞાનમાર્ગ ગંભીર છે, જ્ઞાનમાં જેમ દુન્યવી હર્ષશોકની સંભાવના નથી, એ જ રીતે પરમાત્મા પ્રત્યેના પ્રેમપૂર્ણ વિરહની સંભાવના પણ ઓછી હોય છે.

મોટા ભાગે જ્ઞાનમાર્ગ આત્મજ્ઞાનને પગથિયે અટકી ગયો છે અને પગથિયાંને જ એણે મંજિલ માની લીધી છે. ભક્તિમાર્ગની મંજિલ પગથિયાં નથી, પરમાત્માનું રાજભવન છે. રાજભવન પણ નહીં, સ્વયં પરમાત્મા છે. જો કે, આ રાજભવનનાં પગથિયાં પણ અતિ સુંદર અને દિવ્ય છે. મોટા મોટા યોગીઓના મન એણે મોહી લીધાં છે.

આ પગથિયાં એટલે આત્માનુભૂતિની ઉત્કૃષ્ટ અવસ્થા. જ્યાં રાગ-દ્વેષ, માન-અપમાન, ભૂખ-તરસ કશું જ હોતું નથી. હોય છે, માત્ર સચ્ચિદાનંદઘન આત્માનો અપૂર્વ આનંદ. છતાં પણ પગથિયાં એ પગથિયાં છે, પગથિયાં માર્ગ છે પરંતુ મંજિલ નથી.

પરમાત્મા સર્વ આત્માઓના સ્વામી છે; સર્વ આત્માઓના શરીરી છે; સર્વ આત્માઓમાં વ્યાપીને રહે છે અને સર્વનું નિયમન કરે છે, એ જ પરમાત્મા સર્વના આનંદનો મૂળ સ્રોત છે, માટે 'આનંદકંદ' કહેવાય છે. ખાણમાંથી નીકળતો હીરો મૂલ્યવાન છે, પણ પેલ પડે ત્યારે વિશેષ મૂલ્યવાન બને છે. એમાંય જ્યારે એ હીરો કોઈ અલંકારમાં જડાય છે ત્યારે એની સુંદરતા અને મૂલ્ય અસાધારણ બની જાય છે.

માયાથી ખરડાયેલો આત્મા ખાણનો હીરો છે, પેલ પડેલો હીરો શુદ્ધ આત્મસ્વરૂપ છે, પરમાત્માના શ્રૃંગારમાં જડાયેલો હીરો સાર્થક અને ધન્ય બની જાય છે, એ હીરો એટલે ભક્તિથી પૂર્ણ આત્મસ્વરૂપ.

ભક્તિમાર્ગમાં અશ્રુગંગા અવિરત વહેતી રહેતી હોય છે. ભક્તિમાર્ગ સંયોગનો આનંદ અને વિરહની વેદનાથી ભરપૂર હોય છે.

ભાગવતજી જેવાં શાસ્રોની દષ્ટિએ જ્ઞાનમાર્ગ ગમે એટલો મહાન હોય છતાં ભક્તિમાર્ગ જેવો થઈ શકતો નથી, એટલે તો મહાજ્ઞાની ઉદ્ધવજીને પણ ગોપીઓ પાસેથી પ્રેમની દીક્ષા લેવી પડે છે. આત્મનિષ્ઠ શુકદેવજી મહારાજને ભક્તિથી ભરપૂર ભાગવતજીની કથા કર્યા વિના રહી શકાતું નથી.

મહાજ્ઞાની ઉદ્ધવજી વૃંદાવનમાં ગોપીઓને નિર્ગુણ નિરાકાર કૃષ્ણતત્ત્વનો બોધ આપ્યો, ત્યારે ગોપીઓએ કટાક્ષ કર્યો.,

"હે ઉદ્ધવ! નિર્ગુન કૌન દેશ કો વાસી, કૌન માત અરુ તાત ।"

આગળ ગોપીઓએ કહ્યું, "ઉદ્ધવ! જો કૃષ્ણ નિરાકાર અને સર્વવ્યાપી હોય, તો તમારે આ કૃષ્ણનો સંદેશ લઈને આવવાની જરૂર જ ન હતી."

"ઉદ્ધવ! બીજી વાત એ છે કે તમારા ઉપદેશને કદાચ અમારું મન સ્વીકારે, કદાચ અમારી બુદ્ધિ સ્વીકારે, પણ અમારી આંખોને તો કૃષ્ણદર્શનની આદત છે, એ તમારી વાત નહીં માને!"

"યે અખિયાઁ દુઃખિયા નહીં માનતી હૈ ।"

ગોપીઓની પ્રેમભક્તિની પાસે ઉદ્ધવજીના જ્ઞાનમાર્ગે હાર સ્વીકારી હતી, એમ ભાગવતજી કહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલો માર્ગ શુષ્ક જ્ઞાનીઓનો માર્ગ નથી, ભાગવત પરમહંસોનો રાજમાર્ગ છે.

ભાગવતજીના એકાદશ સ્કંધમાં યોગેશ્વરો મહારાજા જનકને કહે છે,

"धावन् निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥"

(भागवत–स्क–११,अ–२,श्लोक–३५)

"હે રાજન્! ભક્તિમાર્ગ એવો રાજમાર્ગ છે, જેમાં આંખો મીંચીને દોડે છતાં પડવા-આખડવાની સંભાવના નથી."

સર્વ સાધનોનું મૂળ સત્સંગ

ભારતીય ધર્મોમાં સત્સંગનું ખૂબ મહત્ત્વ છે.

શતાનંદસ્વામીએ સત્સંગિજીવન ગ્રંથમાં સત્સંગનો અર્થ સમજાવતાં કહ્યું છે કે,

સત્સંગ એટલે સત્ય એવા પરમાત્માનો સંગ.

સત્સંગ એટલે સત્ય એવા આત્માનો સંગ.

સત્સંગ એટલે સત્ય એવા સત્શાસ્ત્રનો સંગ.

સત્સંગ એટલે સત્ય એવા સદ્‌ગુરુનો સંગ.

સંગનો અર્થ છે પ્રીતિ, આસક્તિ, આત્મબુદ્ધિ.

સત્સંગના આ ચાર અંગોમાં પણ ભગવાનના એકાંતિક સત્પુરુષો સાથે પ્રીતરૂપ સત્સંગ શ્રેષ્ઠ છે. કારણ કે સત્પુરુષનો સંગ થવાથી જ શાસ્ત્રોનું રહસ્ય સમજાય છે, આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, પરમાત્માને વિશે અસાધારણ પ્રીતિ થાય છે.

સત્પુરુષોના સંગનું મહત્ત્વ સમજાવતા વેદો કહે છે,

'आचार्यवान् पुरुषो वेद' (छान्दोग्योपनिषद्–अ–६, खण्ड–१४, मन्त्र–२)

'સદ્‌ગુરુના સંગથી જ બ્રહ્મ તથા પરબ્રહ્મનું જ્ઞાન થાય છે.'

'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः मन्तव्यः निदिध्यासितव्यः'

(बृहदारण्यकोपनिषद्–अ–२, ब्राह्मण–४, मन्त्र–६)

'શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનાં મુખથી પ્રથમ આત્મતત્ત્વનું શ્રવણ કરે, પછી મનન અને નિદિધ્યાસ કરે, ત્યારે આત્મદર્શન થાય છે.'

તુલસીદાસજી રામાયણમાં કહે છે કે,

'પ્રથમ ભગતિ સંતન કર સંગા...'

ભાગવતજીના એકાદશ સ્કન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને સત્સંગનો મહિમા સમજાવતાં કહ્યું છે કે,

न रोधयति मां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥१॥

व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः ।
यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ॥२॥ (भागवत–स्क–११, अ–१२)

"યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, ઈષ્ટાપૂર્ત, દક્ષિણા, વ્રતો, યજ્ઞ, વેદમંત્રો, તીર્થો, નિયમો, યમો વગેરેથી હું જેવો વશ નથી થતો એવો સત્સંગથી વશ થાઉં છું."

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં પાને પાને સત્સંગનો મહિમા વર્ણવ્યો છે અને સત્સંગને સર્વ સાધનોનું મૂળ કહ્યો છે. વચનામૃત ગ. પ્ર. ૫૪માં સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ! શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યાં એવા જે ભાગવત ધર્મ તેનું પોષણ કેમ થાય? અને જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય?"

પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રીજી મહારાજ બોલ્યા, "સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ, તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે."

"કપિલદેવ ભગવાને માતા દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

(भागवत–स्क–३,अ–२५,श्लोक–२०)

જેવો જીવને પોતાના સંબંધીને વિશે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિશે થાય, તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગ.મ.૧૩મા વચનામૃતમાં કહે છે, "આવી ભગવત્સ્વરૂપ

સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય, પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાનાં બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.”

ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર મોટાં મોટાં મંદિરો જ ન બનાવ્યા, પરંતુ સાથે સાથે સત્સંગભવનો પણ બનાવ્યાં. સંપ્રદાયના મંદિરોનાં સભામંડપોમાં દિવસમાં પાંચ-પાંચ વાર કથા કરવાની પ્રથા ચલાવી.

સંપ્રદાયમાં જ્યાં સુધી આ કથાઓ થતી રહેશે, ત્યાં સુધી સત્સંગ પોષણ પામતો રહેશે. આ પ્રથાઓ નબળી પડશે, ત્યારે સંપ્રદાય પણ નબળો પડશે. સંપત્તિ, સોનું, ચાંદી વગેરે સંપત્તિ અવશ્ય વધશે પરંતુ સંપ્રદાયનું આત્મતત્ત્વ નિર્બળ થવાથી સંપ્રદાય કણ કાઢી લીધેલા કુશકા જેવો સત્ત્વહીન થશે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'સત્સંગ'નું એટલું બધું પ્રાધાન્ય છે, કે આખો સંપ્રદાય 'સત્સંગ'ના નામે પ્રસિદ્ધ થયો અને સંપ્રદાયના અનુયાયી 'સત્સંગી' તરીકે ઓળખાવા લાગ્યા.

મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટને કહ્યું છે કે, “Science can denature the matter, but could not denature the evilness of mind.”

“વિજ્ઞાન પદાર્થના ગુણધર્મને બદલી શકે છે, પરંતુ વિજ્ઞાન શૈતાની મનના સ્વભાવને બદલી શકતું નથી.”

આઈન્સ્ટનની અધૂરી વાતને ભારતીય મનીષીઓ પૂર્ણ કરે છે.

ભારતના સંતો કહે છે કે, 'જે કાર્ય વિજ્ઞાન નથી કરી શકતું તે કાર્ય સત્સંગ કરે છે. સત્સંગથી મનના સ્વભાવો બદલાઈ જાય છે.'

સંપ્રદાયની શાખા–પ્રશાખાઓ

પરમાત્મતત્ત્વ આકાશ કરતાંય અનંત અને સાગર કરતાંય અગાધ છે એટલે ઋષિમુનિઓની અનુભૂતિની ગાગરમાં એ સમાઈ શકે એમ નથી. સ્વયં પરમાત્માની વાણીરૂપ વેદો પણ પરમ સત્યના મહિમાનું વર્ણન કરતાં કરતાં 'નેતિ નેતિ' કહીને વિરામ પામી જાય છે.

ઉપનિષદો કહે છે,

'अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ।' (केनोपनिषद्–खण्ड–२, मन्त्र–३)

'જે કહે છે, અમે બ્રહ્મને જાણી લીધું છે, એ જાણતા જ નથી. જે કહે છે, બ્રહ્મ જાણી શકાય એવું નથી, એ જ એને જાણે છે.'

પરમાત્માની વ્યાપકતા જ ઋષિઓના દર્શનભેદનું કારણ છે. ઉત્તરવર્તી આચાર્યોએ

ઋષિઓનાં દર્શનનું વિશુદ્ધ બુદ્ધિથી અર્થઘટન કરવા પ્રયાસ કર્યો. એમાંથી સંપ્રદાયો થયા. મોટા ભાગના આ આચાર્યોનું આ અર્થઘટન દિવ્ય અનુભૂતિથી ભરપૂર રહેલ છે. તેઓ શાસ્રાર્થ કરે છે તોપણ વિશુદ્ધ ભાવે કરે છે, પરોક્ષ કે અપરોક્ષ સ્વાર્થથી નહીં.

સમય જતાં આ શાસ્રાર્થ અહંબુદ્ધિયુક્ત વાદ-વિવાદનું રૂપ ધરે છે, જેમાં અનુભવનો અભાવ પણ બુદ્ધિચાતુર્ય વિશેષ હોય છે. આગળ જતાં એમાં વિતંડાવાદનો પ્રવેશ થાય છે, જેમાં યેન કેન પ્રકારેણ પોતાનો જ કક્કો ખરો કરવાની વાત આવે છે. આખરે એ વિતંડાવાદમાં સ્વાર્થ ભળે છે ત્યારે પરિસ્થિતિ વિકૃત બની જાય છે.

સર્વવ્યાપી વૈશ્વિક ધર્મના વિભાજનની આ વિવિધ સારી-નરસી ભૂમિકાઓ છે, જેને લીધે વૈશ્વિક સત્યના અનંત આકાશમાં સીમાડાઓ અંકાયા જ કરે છે. આ સીમાડાઓ જ્યારે અહંકાર, સ્વાર્થ કે ક્ષુદ્રબુદ્ધિથી અંકાય છે ત્યારે ધર્મનું મૂળ રૂપ જ વરવું થઈ જાય છે.

નવાઈની વાત તો એ હોય છે કે સર્વ કોઈને યેન કેન પ્રકારેણ મૂળપુરુષ સાથે જોડાણ સાધ્યા સિવાય છૂટકો હોતો નથી, કારણ કે, મૂળપુરુષના નામના ઉપયોગ કર્યા સિવાય એમનો માલ ખપતો નથી. મૂળપુરુષ સાથે જોડાણ સાધ્યા વગર પોતાની વાતનું પ્રવર્તન કે સંવર્ધન શક્ય નથી એટલે કલ્પિત પરંપરાઓ, મિથ્યા તર્કના ઝાળાઓ, ખોટી વાર્તાઓ અને ખોટા દસ્તાવેજોનો સહારો અનિવાર્ય બને છે.

આખરે જેમ જેમ સમય સરતો જાય છે તેમ તેમ કબીરવડનું મૂળ કયું? એ શોધવું મુશ્કેલ પડે એવી પરિસ્થિતિ સર્જાય છે.

દુઃખદ આશ્ચર્ય એ છે કે સરતા સમયના પ્રભાવે મૂળપુરુષના સિદ્ધાંતોમાં ૧૮૦ ડિગ્રીનું પરિવર્તન થઈ જતું હોય છે. મૂળસ્થાપક પુરુષ ધરતી પર પાછા પધારે તો એ પણ આ જોઈને દંગ થઈ જાય કે, 'અરે! મારા નામે આ શું ચાલે છે?'

મૂળપુરુષે પ્રબોધેલા સત્યને પામવા માટે બુદ્ધિ કે તર્કો કામમાં આવતાં નથી, તપઃપૂત વિશુદ્ધ અંતઃકરણ અને વિશુદ્ધ ભક્તિથી જ એની પ્રાપ્તિ થઈ શકે છે. આવા વિશુદ્ધ અંતઃકરણવાળાં તો વિરલ હોય છે. મોટા ભાગના માણસોને ઘેટાંશાહી વધારે માફક આવે છે. સ્વાર્થી ધર્મગુરુઓને માટે તો આ જ વાત ઇચ્છનીય અને ફાયદાકારક હોય છે. પોતાના વાડાં અને પોતાના ઘેટાંને જાળવવામાં તેઓ ભારે માહેર હોય છે. ઉઘાડી આંખે જણાતાં અસત્યને સત્ય ઠેરવવામાં અને સત્યને અસત્ય ઠેરાવી દેવામાં તેઓની કુશળતા દાદ માગી લે એવી હોય છે.

દર્શનભેદથી થતાં શાસ્રાર્થ વંદનીય છે, પરંતુ વિતંડાવાદ અને સ્વાર્થથી થતાં પરિવર્તનો અને વિભાજનો ધર્મજગતનાં દૂષણો છે. પ્રત્યેક ધર્મમાં થાય છે એમ સ્વામિનારાયણ સંપ્રદાય પણ વિવિધ કારણોસર નાની-મોટી શાખા-પ્રશાખાઓમાં વિભાજિત થતો રહ્યો છે અને ખુદ મૂળ સંપ્રદાયમાં પણ બદલાવ આવતા રહ્યા છે.

સંપ્રદાયની શાખા-પ્રશાખાઓનો ક્રમ કંઈક આવો છે,

ઈ. સ. ૧૯૦૭માં શાસ્ત્રી શ્રી યજ્ઞપુરુષદાસજી (શાસ્ત્રીજીમહારાજ)ના નેતૃત્વ નીચે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા(BAPS) અસ્તિત્વમાં આવી. જે પરંપરા યોગીજીમહારાજ દ્વારા અને ત્યાર બાદ હાલમાં પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજના નેતૃત્વમાં આગળ વધારવામાં આવી.

ઈ. સ. ૧૯૦૫માં આચાર્ય શ્રી કુંજવિહારીપ્રસાદજી મહારાજના નેતૃત્વમાં વઢવાણ ગાદીની સ્થાપના કરવામાં આવી.

ઈ. સ. ૧૯૬૬માં શ્રી યોગીજીમહારાજ(BAPS)ના અનુયાયી શ્રીહરિપ્રસાદદાસજી સ્વામીદ્વારા યોગી ડિવાઇન સોસાયટીની સ્થાપના કરવામાં આવી.

ઈ. સ. ૧૯૪૧માં શ્રી મુક્તજીવનદાસજી સ્વામીના નેતૃત્વમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન–મણિનગરની સ્થાપના કરવામાં આવી.

ઉપરાંત બીજી પણ અનેક શાખા-પ્રશાખાઓનો વિસ્તાર થતો રહ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બંધાવેલ તમામ શિખરબંધ મંદિરો મૂળ સંપ્રદાયમાં આવે છે.

સંપ્રદાયમાં અનેક શિખરબંધ મંદિરોનો આર્થિક વહીવટ સ્વતંત્ર છે, છતાં તે સૈદ્ધાંતિક રીતે મૂળ સંપ્રદાયમાં જ ગણાય છે.

સંપ્રદાયમાં સેંકડો ગુરુકુલો અને અનેક હૉસ્પિટલો છે કે જે પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ નીચે રજિસ્ટર થયાં છે. એમના આર્થિક વહીવટો સ્વતંત્ર છે, પણ સૈદ્ધાંતિક રીતે મૂળ સંપ્રદાય સાથે જ જોડાયેલા છે.

વિવિધ ટ્રસ્ટો નીચે ચાલતાં ગુરુકુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા એક લાખ કરતાં પણ વધારે છે, ઉપરાંત વિવિધ ટ્રસ્ટો નીચે અનેક પ્રકારનાં સેવાકાર્યો વિશાળ પાયે થાય છે. સંપ્રદાયનું આ શૈક્ષણિક અને સામાજિક પ્રદાન નાનુંસૂનું નથી.

આર્થિક વહીવટ અલગ હોવા છતાં આ બધા સંસ્થાનો સંપ્રદાયના મૂળ સિદ્ધાંતોને વરેલા છે.

●●●

પરિશિષ્ટ–૨

શાસ્ત્રોની ભવિષ્યવાણી

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૃથ્વી પર અવતરણ આકસ્મિક ન હતું. એમના અવતરણના પૂર્વ સંકેતો શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

ભાગવતજીના દ્વિતીય સ્કન્ધમાં મંગલાચરણ કરતા શુકદેવજી મહારાજે કહ્યું છે કે,

किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकङ्कायवनाः खसादयः ।
येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुध्यन्ति तस्मै प्रभविष्णवे नमः ।

(भागवत–स्क–२,अ–४,श्लोक–१८)

"પરમાત્માના આશ્રયથી ભવસાગર તરી જવાય એ તો સુપ્રસિદ્ધ છે, પરંતુ ભવિષ્યમાં એક એવા ભગવાન પ્રગટ થશે કે એમને આશ્રિત પરમહંસોના આશ્રયથી પણ કિરાત, હૂણ, અંધક, પુલિન્દ, પુષ્કસ, આહીર, કાઠી, યવન, ખવાસ વગેરે અનેક ઊંચી-નીચી ગણાતી જાતિઓનો ઉદ્ધાર થશે તેમ જ અન્ય અનેક પાપીઓ પણ પવિત્ર થઈ જશે, એવા પ્રભવિષ્ણુ અર્થાત્ ભવિષ્યમાં પ્રગટ થનારા ભગવાનને હું વારંવાર નમસ્કાર કરું છું."

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી સંતોનો આશ્રય કરવાથી શુકદેવજી મહારાજની ભવિષ્યવાણીમાં જેનો જેનો સંકેત છે, એવા હજારો જીવોના કલ્યાણ થયા હતા. અનેક અધમનો ઉદ્ધાર થયો હતો; અનેક પતિત જીવો પાવન થયા હતા; અનેક પાપના પહાડો પુણ્યના પર્વતો બન્યા હતા.

ભાગવતજીના ઉત્તરાર્ધના આરંભે ભગવાન શ્રીકૃષ્ણ બલરામજી પ્રત્યે કહે છે...

अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया ।
विरामायाप्यधर्मस्य काले प्रभवतः कवचित् ॥

(भागवत–स्क–१०,अ–५०,श्लोक–१०)

“હે બલરામ! મારો આ અવતાર અસુરોના વિશાળ સમુદાયનો નાશ કરવામાં જ જશે. ધર્મની રક્ષા માટે અને અધર્મના વિનાશ માટે ભવિષ્યમાં હું બીજો અવતાર ધારણ કરીશ.” કળિયુગમાં થનાર અવતારની ભવિષ્યવાણી કરતા યોગેશ્વર કરભાજનમહારાજ જનકને કહે છે,

कृष्णवर्णं त्विषाकृष्णं साङ्गोपाङ्गास्त्रपार्षदम् ।
यज्ञैः सङ्कीर्तनप्रायैर्यजन्ति हि सुमेधसः ॥ (भागवत–स्क–११,अ–५,श्लोक–३२)

કળિયુગમાં અવતરેલા ભગવાનનો વર્ણ શ્યામ હોય છે, પરંતુ અત્યંત તેજસ્વિતાને લીધે સુંદર શ્વેત જણાય છે. અર્થાત્ તેઓનું રૂપ અત્યંત આકર્ષક અને આનંદદાયક હોય છે. પરિણામે દર્શન કરનારનાં નાડી-પ્રાણ અને ચિત્ત એમાં ખેંચાઈ જાય છે. તેઓ અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ પાર્ષદોથી ઘેરાયેલા હોય છે. કળિયુગના સાત્ત્વિક બુદ્ધિવાળા મનુષ્યો નામ, ગુણ, લીલા વગેરેના કીર્તન-શ્રવણરૂપ યજ્ઞોથી એ પરમાત્માની આરાધના કરે છે.

कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति सम्भवम् ।
कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥ (भागवत–स्क–११,५,३८)

‘હે જનક! સત્યુગની પ્રજા કળિયુગમાં જન્મ ઇચ્છે છે, કારણ કે કળિયુગમાં પ્રજા નારાયણ પરાયણ થશે. અર્થાત્ ભગવાન નારાયણનો આશ્રય કરીને આત્યંતિક કલ્યાણને પામશે. ’ યોગેશ્વરોનું આ ભવિષ્યકથન ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતરણ પ્રત્યે સ્પષ્ટ સંકેત કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની પૃથ્વી ઉપર પ્રગટ થવાની સ્પષ્ટ આગાહી સ્કન્દપુરાણના વિષ્ણુખંડ અંતર્ગત વાસુદેવ માહાત્મ્યમાં પણ થયેલી છે.

વાસુદેવ માહાત્મ્યના અધ્યાય ૧૮માં ભગવાન વાસુદેવ બ્રહ્માજી પ્રત્યે કહે છે કે, “તમને હું વેદોનું વિજ્ઞાન આપું છું, તદ્‌નુસારે તમે સૃષ્ટિની રચના કરો. તમારાં કાર્યમાં મદદ કરવા હું સમયે સમયે જુદાં જુદાં રૂપોમાં પૃથ્વી ઉપર પ્રગટ થતો રહીશ.”

આ પ્રસંગે ભગવાન વાસુદેવે વરાહ, નૃસિંહ, મત્સ્ય, રામ, કૃષ્ણાદિક વગેરે અનેક અવતારોનું વર્ણન સ્વયં કરેલું છે. અંતમાં ભગવાન શ્રીવાસુદેવ કહે છે,

मया कृष्णेन निहताः साऽर्जुनेन रणेषु ये ।
प्रवर्तयिष्यन्त्यसुरास्ते त्वधर्मं यदा क्षितौ ॥४२॥

धर्मदेवात् तदा भक्त्यावहं नारायणो मुनिः ।
जनिष्ये कोशले देशे भूमौ हि सामगो द्विजः ॥४३॥

मुनिशापात् नृतां प्राप्तान् ऋषिन्तास्तथोद्धवम् ।
ततोऽविताऽसुरेभ्योऽहं सद्धर्मं स्थापयन्नज ॥४४॥

(स्कन्द पुराण–वासुदेव माहात्म्य–अ–१८)

"હે બ્રહ્મન્! અર્જુન સાથે કૃષ્ણરૂપે મારા વડે હણાયેલા અસુરો જ્યારે પૃથ્વીમાં અધર્મ પ્રવર્તાવશે ત્યારે હું પૃથ્વી ઉપર કૌશલ દેશમાં, સામવેદી વિપ્રકુળમાં, ભક્તિ અને ધર્મદેવ થકી નારાયણમુનિરૂપે અવતાર ધારણ કરીશ. હે બ્રહ્મા! દુર્વાસા મુનિના શાપથી મનુષ્ય બનેલા ઋષિઓનું તથા ઉદ્ધવનું હું અસુરોથી રક્ષણ કરીશ અને સદ્ધર્મનું સ્થાપન કરીશ."

(સ્કંદપુરાણ, ભાષાનુવાદ – સસ્તું સાહિત્યપ્રકાશન) આ ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતરણની આગાહી કરનારા અનેક શ્લોકો વિવિધ પુરાણોમાં ઉપલબ્ધ છે. પરંતુ સંદર્ભ સંશોધનનો વિષય હોવાથી અહીં એ મૂકવામાં આવ્યા નથી.

ભગવાન ભવિષ્યવાણીને આધીન નથી

મહત્ત્વની વાત એ છે, કે પરમાત્માનું અવતરણ ભવિષ્યવાણીઓ કે તર્કો ઉપર આધારિત નથી. પરમાત્માનું અવતરણ એમની સ્વતંત્ર ઇચ્છાશક્તિ ઉપર આધારિત છે. ભવિષ્યવાણી ન હોય તો પણ પરમાત્માના અવતરણને રોકી શકાતું નથી.

વાલ્મીકિ રામાયણમાં ક્યાંય ભવિષ્યમાં થનાર ભગવાન શ્રીકૃષ્ણના અવતરણનો સંકેત મળતો નથી. રામાયણના પૂર્વકાલીન શાસ્ત્રોમાં ભગવાન શ્રીરામના અવતરણનો સંકેત નથી. એટલા માત્રથી ભગવાન શ્રીરામ કે શ્રીકૃષ્ણના અવતારીપણામાં બાધ આવતો નથી.

આપણા તર્કો પણ પરમાત્માને સિદ્ધ કરવામાં પાંગળા છે. ભગવાન શ્રી વેદવ્યાસજી મહાપ્રતિભાવંત હોવા છતાં, બ્રહ્મસૂત્રમાં કહે છે –

तर्काप्रतिष्ठानादपि ॥ (ब्रह्मसूत्र २–१–११)

"ભગવાનને સિદ્ધ કરવાનું તર્કોનું ગજુ નથી."

ભગવત્‌તત્ત્વ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોથી અગોચર છે, એટલે તો શાસ્ત્રો ભગવાનને 'અધોક્ષજ' કહે છે. ઇન્દ્રિયો તેમ જ મન-બુદ્ધિજન્ય અનુભૂતિ કે પ્રમાણ જ્યાં પહોંચી ન શકે એને 'અધોક્ષજ' કહેવાય.

ભવિષ્યવાણી કે તર્કો તો આપણાં ક્ષુદ્ર મનમાં ઊઠતાં સંશયોને શમાવવા માટે છે. વાસ્તવમાં ભગવાનનું ભગવાનપણું તો શ્રુતિ કહે છે એમ – 'स्वमहिम्नि प्रतिष्ठितः।' પોતાના મહિમા ઉપર પ્રતિષ્ઠિત છે, આપણા તર્કના તકલાદી ટેકાઓ ઉપર નહીં.

ભગવાન જ્યારે પ્રગટે છે, ત્યારે તે અવતારને અનુરૂપ જ લીલાઓ કરે છે. એમાં ક્યારેક એમનું અમોઘ ઐશ્વર્ય વીજળીના ઝબકારાની જેમ પ્રગટે છે. આ ઐશ્વર્યદર્શન એમની ભગવત્તાને સમજવામાં સહાયક બને છે.

શ્રીરામ, કૃષ્ણ, નૃસિંહ, વામન, વરાહાદિ અવતારોમાં એ ઐશ્વર્ય છલકાયાં સિવાય રહ્યું નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણનું અમોઘ ઐશ્વર્ય તો અષાઢી મેઘની જેમ વરસ્યું છે. એ ઐશ્વર્યની આ હેલી એમના સર્વાવતારીપણાને સિદ્ધ કરે છે.

શ્રીજી મહારાજે જુદાં જુદાં પ્રકરણ ફેરવીને પરમહંસને વર્તાવ્યા તેની યાદી

૧ લૉજમાં બાઈઓ તથા ભાઈઓની સભા નોખી પાડીને કહ્યું, પરમહંસને બાઈઓ સાથે અડવું કે બોલવું નહિ.

૨. બબ્બે જણને ધ્યાનમાં સામસામા બેસાડતાં, તેમાં ઊંઘવું નહિ તથા સંકલ્પ ન કરવો.

૩. લૉજમાં પાંચ-પાંચને ધ્યાનમાં બેસાડતાં, તેમાં કાંઈ જોવું નહિ તથા બોલવું નહિ ને જેને નિદ્રા આવે તેને દડાથી અગર છડી અડાડીને જગાડતાં.

૪. યોગધારણા શીખવી.

૫. અષ્ટાંગયોગની ક્રિયા શીખવી.

૬. માણસો તથા પશુ-પક્ષી વગેરેને સમાધિ કરાવવી.

૭. શીરા-પૂરીનું સદાવ્રત દેવું અને પોતે લવિંગયાં મરચાં તથા મીઢીઆવળ જમતાં અને સાધુને રોટલા જમાડતા.

૮. મંડળ દીઠ ઠાકોરજીની સેવા રાખવી.

૯. પરમહંસ કરવા.

૧૦. ભિક્ષા માગતાં જે આવે, તેના ગોળા કરીને ખાવા.

૧૧. મન માગે તે ન આપવું.

૧૨. રાત્રિએ વગડે એક-એકના શબ્દ ન સંભળાય, તેમ રહેવું.

૧૩. શિયાળામાં પાણીમાં શ્રદ્ધા પ્રમાણે બેસવું.

૧૪. શરીરે ખરજ આવે તો પણ ખંજોળવું નહિ.

૧૫. ખટરસ ન ખાવા.

૧૬. શરીરે સર્પ-વીંછી ચડે તોય બેસી રહેવું.

૧૭. માથે લૂગડું ઓઢે ને બીજો દોરે, એમ ઘૂંઘટો રાખવો.

૧૮. આંખનું મટકું જીતવું.

૧૯. ઉઘાડે પગે ચાલવું.

૨૦. ગાડાં વગેરે વાહને ન બેસવું.

૨૧. સારી ભિક્ષા મળે ત્યાં ફરીથી ન જાવું.

૨૨. ઊંઘ આવે તો પાલી દાણાં દળવાં.

૨૩. ઝોલું આવે તો ટાઢે પાણીએ નહાવું.

૨૪. ઓઠીંગણ દઈને બેસવું નહિ.

૨૫. ઝાડ તળે બેસવું નહિ.

૨૬. ઓઘા વગેરે કોઈ પદાર્થનો આશરો લેવો નહિ.
૨૭. ના'તાં ના'તાં શરીર ઉપર હાથ ફેરવવો નહિ.
૨૮. સંકલ્પ ઓળખીને ક્રિયા કરવી.
૨૯. જે વસ્ત્ર પોતાને ગમે તે બીજાને આપી દેવું.
૩૦. નિર્જળા એકાદશી કરવી.
૩૧. એકાદશીના ઉપવાસને દિવસ બહુ તરસ લાગે, તો એક પળી પાણી પીવું.
૩૨. રાત્રિના ચાર પહોર એકાદશીનું જાગરણ કરવું.
૩૩. અઢી હાથનો એક હજૂરિયો પહેરવો.
૩૪. કૌપીન એક રાખવી.
૩૫. ગોદડી ત્રણ પડની રાખવી.
૩૬. મુમતી બાંધવી.
૩૭. સપ્ત ધાતુને અડે, તો પચીશ વાર હાથ ધોવા.
૩૮. જે વસ્તુ આવે તે એક વખત પંક્તિમાં ખાવી.
૩૯. રુદ્રાક્ષનો મણિકો બાંધવો.
૪૦. દિગંબર રહેવું.
૪૧. ટાટ પહેરવું.
૪૨. સ્ત્રીનું લાલ વસ્ત્ર દેખાય, તો ઉપવાસ કરવો.
૪૩. ગુરુની આજ્ઞા વિના દર્શને આવે, તો કાઢી મૂકવા.
૪૪. ગુરુની આજ્ઞાએ આવે તેને દર્શન આપવા.
૪૫. ઉત્થાન ઓળખીને ક્રિયા કરવી.
૪૬. હરિઇચ્છાએ આવે, તે એક વાર ગોળા વાળીને જમવું.
૪૭. અગ્નિએ તાપવું નહિ.
૪૮. અગ્નિને અડવું નહિ.
૪૯. પચીસ વર્ષનો હોય, તેની કહેલ વાત સાચી ન માનવી.
૫૦. ઊતરતાને સંસ્કૃત વિદ્યા ન ભણાવવી.
૫૧. આસન જીતવું.
૫૨. સંન્યાસી ન કરવા.
૫૩. મંડળ ઉપર મંડળ ન જાય.
૫૪. જે સામું મળે તેને ભગવાનની બુદ્ધિ રાખીને નમસ્કાર કરવો.
૫૫. માર્ગમાં હરિજનને જાળવીને ચાલવું.
૫૬. કોઈ પદાર્થ બધાની પાસે માગવું નહિ, મોટાની પાસે માગવું.

૫૭. કોઈ અપમાન કરે, તે સહન કરવું.
૫૮. મોટી મોટી બાઈઓ એક પૈસાભાર અન્ન જમે.
૫૯. પાશેર અન્ન જમવું.
૬૦. દાદા ખાચરના દરબારમાં આજ્ઞા વિના ન જાવું.
૬૧. પદાર્થનો સંગ્રહ ન કરવો.
૬૨. દોડવું નહિ.
૬૩. ઝાડ ન રોપવાં.
૬૪. પશુ ન રાખવાં.
૬૫. રાત્રિએ ન ચાલવું.
૬૬. ઘસીને પગ ન ધોવા.
૬૭. ભગવાનનાં પદ ગાઈને પંક્તિમાં જમવા બેસવું.
૬૮. જમતાં જમતાં બીજું બોલવું નહિ, ભજન કરવું.
૬૯. દેશમાં ફરવા જાવું, ત્યાં કાચી રસોઈ લેવી.
૭૦. ગઢડામાં સાકર લાવે તે જમવી.
૭૧. દેશમાં ફરવા જાય ત્યાં સન્માન થાય, એટલે ગામ બદલવું.
૭૨. ઔષધ ન ખાવું.
૭૩. ભૂત, પ્રેત, મૂઠ, ચોટ, વાઘને દેખીને બીવું નહિ.
૭૪. પૈસા ઉપર ઝાડે ફરવું.
૭૫. ગ્રામ્યવાર્તા ન કરવી ને ન સાંભળવી.
૭૬. વાતો કરીને સત્સંગ કરાવવો.
૭૭. નિત્ય એક જણને વર્તમાન ધરાવવા ને કોઈ વર્તમાન ન લે, તો એક લીલા ઝાડને વર્તમાન ધરાવીને પછી ભિક્ષોટ જમવું.
૭૮. નિત્યે ઝોળી ફેરવીને ભિક્ષા કરવી.
૭૯. નિત્યે મેળાવીને જમવું.
૮૦. નિત્યે જડભરતની વાત કરવી.
૮૧. નિત્યે દેહની નિંદા કરવી.
૮૨. ઘર મૂકીને ત્યાગીના દર્શને ગૃહસ્થે આવવું.
૮૩. જ્યાં આસન કર્યું હોય, ત્યાં પાછું આસન કરવું નહિ.
૮૪. પાથર્યા વિના પૃથ્વી ઉપર સૂવું.
૮૫. સૂતા પછી જગાય, તો ફરીને સૂવું નહિ.
૮૬. સૂતા પછી જગાય, ત્યાર પછી લાંબો પગ કરવો નહિ.
૮૭. આત્માનો નિત્યે વિચાર કરવો.

૮૮. પરમેશ્વરની પ્રાર્થના કર્યાં વિના સૂવું નહિ.
૮૯. ધનુષ્ય વા દૃષ્ટિ નિયમમાં રાખીને ચાલવું.
૯૦. સ્વભાવનો ત્યાગ કરવો.
૯૧. ભેગા થઈને કીર્તન ગાતાં ગાતાં જમવા જાવું.
૯૨. ઉપવાસ કરતાં હારી ન જાવું.
૯૩. રાંધેલું અન્ન ન ખાવું ને કાચું કોરું ખાવું.
૯૪. વચન પ્રમાણે વર્તવું.
૯૫. હરિજને કોઠીને સાણેથી દાણા કાઢવા.
૯૬. દિવસ ઊગ્યા પહેલાં ટાઢે પાણીએ નાહવું.
૯૭. પોતપોતાની ભિક્ષા જમીને ભેગા થાવું.
૯૮. ક્રોધ જેનામાં આવે તેને ક્રોધ ઊતરે, ત્યાં સુધી બીજાએ હડ્ય હડ્ય કરવું.
૯૯. સાધુનું મંડળ આવે ત્યારે દંડવત કરવા.
૧૦૦. મોટા સાધુ આવે ત્યારે ઊભા થાવું.
૧૦૧. અધોવાયુ છૂટે તો પચીસ દંડવત્ કરવા.
૧૦૨. શેરડીમાંથી ઊપજે તે ન ખાવું.
૧૦૩. દૂધમાંથી ઊપજે તે ન ખાવું.
૧૦૪. નિઃસ્વાદીપણે જમવું.
૧૦૫. કારિયાણીમાં સર્વે હરિજન સાકર લાવે, તેમાંથી એક એક ગાંગડો જમવી.
૧૦૬. સર્વ ક્રિયામાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી.
૧૦૭. લીલાં તૃણ ઉપર પગ ન મૂકવો.
૧૦૮. પાણીમાં પગ દઈને ન ચાલવું.
૧૦૯. લીલોતરી શાક ન ખાવું.
૧૧૦. શાલિગ્રામની સર્વેએ પૂજા કરવી.
૧૧૧. હાથે રસોઈ કરીને ઠાકોરજીને નૈવેદ્ય કરીને જમવું.
૧૧૨. નવ પ્રકારની ભક્તિ કર્યાં વિના નવરું ન રહેવું.
૧૧૩. પુરુષોત્તમપણાની વાત કરવી ને સૌને સમજાવવી.
૧૧૪. ગુરુ થઈને પરમેશ્વરની વાત ન કરે અને શિષ્ય સાંભળવા ન આવે, તો તે બંનેએ એક એક ઉપવાસ કરવો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતોને દેશકાળને અનુરૂપ નિયમો આપતા અને સમયાંતરે એમાં પરિવર્તન કરતા રહેતા. આવા નિયમો સંપ્રદાયમાં 'પ્રકરણ' તરીકે પ્રસિદ્ધ છે. આ પ્રકરણો કાયમી ન હતાં. દેશકાળના સંદર્ભમાં એમની ઉપાદેયતા રહેતી.

ઉપરના પ્રકરણોમાં કેટલાક નિયમ તો શ્રીજી મહારાજે સ્વયં ધાર્યા હતા. જેમ કે, 'મીઢીઆવળ અને મરચાંના ગોળા જમવા.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો વૈષ્ણવી સંત હતા, છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કેટલાક સમય માટે એમના શિખા-સૂત્ર તેમ જ બાહ્યપૂજાનો ત્યાગ કરાવી સંન્યાસીઓના જેવી પારમહંસી દીક્ષા આપી હતી.

બધું છૂટી શકે છે, પરંતુ ધાર્મિક ધારણાઓ છૂટવી કઠણ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પારમહંસીય દીક્ષા આપીને ધાર્મિક ધારણાઓ પણ છોડાવી હતી.

વૃક્ષો રોપવાં એ અતિ પુણ્યનું કાર્ય છે, પરંતુ જો સંતો વૃક્ષારોપણ, ખેતીવાડી અને બાગબગીચાના જતનમાં જ નિમગ્ન થઈ જાય, તો સત્સંગના બગીચાનું જતન કોણ કરે? આવા જ કંઈક આશયથી મહારાજે સંતોને સાવધાન કરવા માટે 'ઝાડ ન રોપવાં' એવો આદેશ આપ્યો હોય એમ જણાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર પ્રકરણો ફેરવીને સંતોનાં તન-મનની કેળવણી અને કસોટી કરતા રહેતા. સંતો પણ ભારે ઉત્સાહથી આ પ્રકરણોનાં પાલન માટે તત્પર રહેતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પરમહંસો માટે 'ધર્મ તે ધર્મસુતનાં વચન' આ મુદ્રાલેખ હતો.

ધર્મશાસ્ત્રની ઘરેડમાં જીવવું એ ધાર્મિકતા અલગ છે અને પ્રગટ પરમાત્માના સાંનિધ્યમાં એમનાં વચનને અનુરૂપ જીવન જીવવું એ ધાર્મિકતા અલગ છે. આવી ધાર્મિકતા જીવંત હોય છે. સમયાનુરૂપ પ્રકરણો ફરતાં રહેતાં; પરંતુ નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિષ્કામ અને નિર્માન આ પાંચ વ્રતો સંતો માટે કાયમી હતાં.

વહેમોનું ખંડન કરતો શ્રીજી મહારાજનો પત્ર

ભગવાન શ્રી સ્વામિનારાયણે વહેમો અને અંધશ્રદ્ધાનાં ઉન્મૂલન માટે પત્ર લખાવ્યો હતો, જે નીચે પ્રમાણે છે... અનિર્દેશથી લિખાવિતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજના સર્વે સત્સંગી બાઈ-ભાઈ નારાયણ વાંચજો.

બીજું લખવા કારણ એ છે જે, જે મનુષ્યને જેવું પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસારે તેના દેહને સુખદુઃખ થાય છે તથા જન્મ-મરણ થાય છે, પણ જીવના પ્રારબ્ધકર્મને ઉલ્લંઘન કરીને તો રુદ્ર, ભૈરવ, ભવાની આદિક જે દેવ ને દેવિયું છે તે કોઈએ પણ એ જીવને સુખદુઃખ દેવાને અર્થે અને મારવા-જીવાડવાને અર્થે સમર્થ થતાં નથી.

ને પ્રારબ્ધકર્મ ને કાળ તેને ખોટાં કરી નાખવાં તથા મૂવાને જીવતાં કરવાં, તેમ જીવતાંને મારી નાખવાં તેને વિશે તો એક પરમેશ્વર નારાયણ માત્ર સમર્થ છે, પણ બીજા કોઈ દેવ-દેવી સમર્થ નથી, માટે એક પરમેશ્વરનો દૃઢ આશ્રય રાખીને નિત્યે

ભજન-સ્મરણ કર્યાં કરવું અને કોઈ દેવ-દેવીનો ભય રાખવો નહીં.

આપણે તો સર્વ ભગવાનના ભક્ત છઈએ ને શૂરવીર છઈએ, માટે હરિભક્તને તો કોઈ રીતનો મનમાં ભય રાખવો ઘટે નહીં.

અને જંત્ર-મંત્ર, ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોય, તો પૃથ્વીમાં કોઈક તો દેખવામાં આવત પણ એવો કોઈ દીઠામાં આવતો નથી.

અને જો બહુ મંત્ર-જંત્ર કોઈ ઉપર કોઈના ચાલતા હોય તો ઘણાક શત્રુ જેની ઉપર હોય, એવા મોટા મોટા જે રાજાઓ તે જીવતા શી રીતે રહે? અને જો જંત્રે-મંત્રે જ કરીને સિદ્ધિ થતી હોય તો લાખો રૂપિયા ખર્ચીને રાજાઓ લશ્કર રાખે છે તથા આયુધ સામગ્રી રાખે છે, એવડું શા માટે કરે? એક ભારે મંત્રશાસ્ત્રી રાખે ને મંત્ર-જંત્રની સિદ્ધિઓ કરીને સર્વ પ્રતિપક્ષીને મારી નખાવે.

પણ તેમ તો કોઈ ઠેકાણે દેખાતું નથી. માટે નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો અને કેવળ ભગવાનનો જ દૃઢ વિશ્વાસ રાખજો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થાશે. આપણું ધાર્યું કે બીજાનું ધાર્યું નહીં થાય, કેમ કે કોઈ જીવનું ધાર્યું થાતું હોય તો કોઈ ગરીબ રહે નહીં. સર્વેને રાજા થવાનો ઉમેદ છે પણ તેમ થાતું નથી. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહીને નિર્ભય થતાં નારાયણનું ભજન કરજો.

આ પત્ર લખવાનો મૂળ ઉદ્દેશ તે તમે એકાગ્ર મન કરીને ધારજો તથા વિચારજો.

❖

સર જોન માલ્કમનો પત્ર

Translation from Gujarati. No. 543.

To the most respectable and wise SWAMINARAYAN SAHAJANAND, from his friend Mr. BLANE, Acting Political Agent in Kattyawar.

COMPLIMENTS

His Excellency the Governor with attendants has arrived in this province, and I am desired by His Excellency to request that if you can you may come to Rajkot to pay His Excellency a visit in camp.

(Signed)
BLANE
Acting Political Agent
Moje Ghulka,
dated 22nd February 1830

To The Most Respected –

SHREEMUNT SWAMINARAYAN SAHAJANAND SWAMI, at Gudhuda.

From Rajkot

From THOMAS WILLIOMSON Esq., Secretary.

COMPLIMENTS

All right there. Please write about your health, which will give the same satisfaction which may be derived from a personal visit. Your letter, dated 13th Maha vud, is received and read. Your blessings are communicated to His Excellency, who is also acquainted with the contents of your letter. His Excellency was very desirous of your visit, but is to sorry to hear that you are not in good health. His Excellency is very much satisfied too hear of your excellent manners.

(Signed)

THOMAS WILLIOMSON

Secretary

Dated, Fagune Sood 2nd, Samvat 1886.

Note:

On the receipt of the above two letters Swaminarayan Maharaj proceeded to Rajkot to visit the Right Honourable Governor Sir Malcolm, and on the 26th February, 1830, was escorted as a mark of honourable reception by a party of troops and military foot soldiers to the Political Agentક્કs bungalow, when His Excellency the Governor, the Secretary, Mr. Thomas Williamson, six other European gentlemen and the Political Agent Mr. Blane, having come out of the bungalow to meet the Swaminarayan. His Excellency conducted the Swami hand in hand to a hall in the bungalow and made him sit on a chair. His Excellency afterwards with pleasure enquired about the principles of his religion, which were communicated accordingly. His Excellency also made a present to Swaminarayan of a pair of shawls and other piece goods. Swaminarayan was asked by the Governor whether he and his disciples have had any harm under the British rule; and His Excellency was informed that there was nothing of the sort, but that, on the contrary, every protection was given them by all the officers in authority. His Excellency then asked for a code of religion of Swaminarayan, and the book called Shikshapatree was

presented accordingly. Thus after a visit extending to an hour Swaminarayan asked permission to depart, when he was sent back with the same honour with which he was received, all the European Officers accompanying him out of the door from the bungalow. Having stopped at the place in Rajkot where the Swaminarayan had put up, he proceeded to Gudhuda. There was a long conversation between the Governor and Swaminarayan during the above visit. The above is a short report of it.

●●●



પરિશિષ્ટ–૩ :– કેટલીક સત્ય ઘટનાઓ

કેવળીકોનો રાફડો!

અહીં એક પવિત્ર જૈન સંતનો પ્રસંગ ટાંકવાનું મન થાય છે. આ પ્રસંગમાં એક મહાજ્ઞાની અને તપસ્વી સંતની દિવ્ય અનુભૂતિ વણાયેલી છે.

આઝાદીનો ઉદયકાળ હતો. રાજકોટ ગુરુકુલની સ્થાપનાને પાંચેક વર્ષ વીતી ચૂક્યા હતા. ગુરુકુલની સામેની જૈન ચાલનું ત્યારે અસ્તિત્વ ન હતું એટલે વિહાર કરનારા જૈન મુનિઓ ગુરુકુલના દરવાજા ઉપરના ઓરડાઓમાં ઊતરતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જૈન સંતોની મર્યાદાઓને સંપૂર્ણ માન આપતા; જૈન ધર્મની પરંપરાને અનુસરી બધી જ વ્યવસ્થાઓ કરાવતા અને મુનિઓનો આદર-સત્કાર કરતાં. જૈન મુનિઓ પણ આ ધાર્મિક સંવાદિતાને જોઈને અત્યંત રાજી થતા. ધાર્મિક સમરસતા ગુરુદેવના રોમેરોમમાં વણાયેલી હતી.

એક સમયે આશરે ૯૦ વર્ષના વયોવૃદ્ધ જૈન મુનિ થોડા જૈન સંતો સાથે વિહાર કરતાં કરતાં ગુરુકુલ પધાર્યા હતા.

સાંજનો સમય હતો. આરતીના સમયને વાર હતી. ગુરુકુલ ઑફિસની આગળના ઓટા ઉપર પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી બેઠા હતા. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો જમણો હાથ હતા અને ગુરુકુલના વિદ્યાર્થીઓ માટે હજાર માતાઓની ગરજ સારતા.

જૈન મુનિ પુરાણીસ્વામીની પાસે પધાર્યા, બંને સંતો વચ્ચે પરસ્પર ભાવવંદના થઈ.

જૈન મુનિએ પુરાણીસ્વામી પાસે એક દિવ્ય અનુભૂતિની વાત માંડી. મુનિ બોલ્યા, “સ્વામીજી! ભગવાન શ્રી સ્વામિનારાયણની એક દિવ્ય વાત મારા હૃદયમાં ઘણા સમયથી સંઘરાયેલી છે. મારું શરીર હવે વૃદ્ધ થયું છે. હું કાળધર્મ પામું એ પહેલા આ વાત મારે સ્વામિનારાયણના કોઈ પવિત્ર સંતને કહેવી હતી. તમને જોઈને મારું દિલ ઠર્યું છે, એટલે આ વાત તમને કહેવા માગું છું.”

એક જૈન મુનિના મુખેથી સ્વામિનારાયણ ભગવાનની વાત સાંભળવા માટે પુરાણી સ્વામી પણ ભારે આશ્ચર્ય સાથે ઉત્સુક થયા.

જૈન મુનિએ વાતની શરૂઆત કરતાં કહ્યું, "સ્વામીજી! હું તમને જે વાત કરી રહ્યો છું, તે મારા ગુરુએ જાતે અનુભવેલી છે. તેઓ જ્યારે આ વાત કરતા ત્યારે એમની આંખમાંથી આંસુડાઓની ધારાઓ વહેતી અને ગળે ડૂમો ભરાઈ જતો."

"મારા ગુરુ સો વર્ષથી વધુ જીવ્યા હતા. તેઓ મહાજ્ઞાની હતા, પવિત્ર હતા, જૈન ધર્મના આકરા વ્રતોનું પાલન કરતાં. મારા ગુરુ ભલે જૈન સંત હતા, પરંતુ તેમના વિચારો ઉદાર હતા, તેમની દૃષ્ટિ ખુલ્લી અને વિશાળ હતી."

જૈન ધર્મમાં કેવળીકોનો ભારે મહિમા છે. જેની સંપૂર્ણપણે કર્મનિર્જરા થઈ ચૂકી હોય, જે માયાના પાશથી મુક્ત હોય એને જૈન ધર્મમાં 'કેવળીક' કહેવાય છે. હિન્દુ ધર્મમાં એને 'જીવનમુક્ત' કહે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એમને 'છતે દેહે બ્રહ્મરૂપ' કહે છે."

"જૈન ધર્મની માન્યતા છે કે, 'કળિયુગમાં કેવળીક ન હોય' પરંતુ મારા ગુરુનું અંતર કહેતું હતું કે, ધરતી ક્યારેય વાંઝણી ન હોય. આજે પણ ક્યાંય ને ક્યાંય, કોઈ પણ ધર્મમાં કેવળીક અવશ્ય હોવા જોઈએ, મારે એને શોધવા."

"મારા ગુરુએ દિલ અને દિમાગને ખુલ્લાં રાખીને સમસ્ત ભારતવર્ષનું ભ્રમણ કર્યું હતું. એમની આંખ્યો કળિયુગમાં પણ કેવળીકને શોધવા મથતી હતી, પણ ક્યાંય કેવળીકના દર્શન થયાં ન હતાં."

"આખરે એવામાં એમની અભિલાષાને પૂર્ણ કરે એવો અવસર આવી પહોંચ્યો. ગીરનારમાં જૈનોનું સુપ્રસિદ્ધ તીર્થ છે. મારા ગુરુ વિહાર કરતાં કરતાં ગીરનાર પધાર્યા હતા. એ સમયે એમની ઉંમર આશરે ત્રીસેક વર્ષની હશે."

"અહીં એમણે સાંભળ્યું કે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના મહંત ભારે પ્રતાપી ગણાય છે. કદાચ એ કેવળીક હોઈ શકે, એવી આશાથી મારા ગુરુ એમને મળવા માટે તલપાપડ થયા અને સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા."

પુરાણીસ્વામી સાથે સંવાદ કરી રહેલા જૈન મુનિ બોલ્યા, "સ્વામીજી! હવે પછીની વાત એમના જ શબ્દોમાં તમને કહી રહ્યો છું."

"મંદિરમાં પ્રવેશતાની સાથે જ મને એક દિવ્ય તેજસ્વી સંતના દર્શન થયાં. બેઠી દડીની એની કાયા હતી. સહેજ શ્યામ વરણ હતો. ઊપડતું વિશાળ ભાલ હતું. એમનાં મુખારવિંદ ઉપર દિવ્ય આભા રમતી હતી. આ સંતના દર્શન કરતાં જ મારું હૈયું મને કહેવા માંડ્યું, 'તું જેને શોધે છે તે કેવળીક આ જ છે."

"એ સંતનું નામ ગુણાતીતાનંદસ્વામી હતું. તેઓ એમના ગુરુ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરવા માટે ગઢપુર જઈ રહ્યા હતા. મારા મનમાં થયું, આ સંત આવા મહાન છે તો એમના ગુરુ તો કોણ જાણે કેવાય હશે? આમ વિચારીને મેં

પણ ગઢપુર જવાનો નિર્ણય કર્યો."

"અમે જેવા ગઢપુરના દરબાર દાદા ખાચરના દરબારગઢમાં પ્રવેશ કર્યો, ત્યાં જ મને બીજા એક પ્રભાવશાળી સંતના દર્શન થયાં. પહેલા તો મને થયું કે, 'આ જ ભગવાન શ્રી સ્વામિનારાયણ હોવા જોઈએ' પરંતુ એમનું નામ બ્રહ્માનંદસ્વામી હતું."

"એટલામાં મને ત્રીજા સંતના દર્શન થયાં. એમનાં મુખારવિંદ ઉપર પણ કેવળીકનું તેજ રમતું હતું. એમનું નામ મુક્તાનંદજી હતું. આવા તો અનેક કેવળીક સંતો દાદા ખાચરના દરબારગઢના ચોકમાં ઊભા હતા."

"મારા મનમાં થયું, "ઓ..હો..હો.. 'કળિયુગમાં એક પણ કેવળીક ન હોય' એવું કહેવાય છે, જ્યારે અહીં તો કેવળીકોનો રાફડો ફાટ્યો છે!"

"વાત વાતમાં મને જાણવા મળ્યું કે, આ સર્વના ગુરુ સહજાનંદસ્વામી બહાર ગામથી પધારવાના હતા, એટલે આ બધા કેવળીકો એમના સ્વાગતની તડામાર તૈયારીઓ કરી રહ્યા હતા."

"હવે મારું મન આ કેવળીકોના પણ કેવળીક એવા સહજાનંદસ્વામીના દર્શન માટે આતુર થયું હતું. થોડી વારમાં સહજાનંદસ્વામીનું આગમન થયું. તેઓ માણકી નામે સુપ્રસિદ્ધ ઘોડી ઉપર અસ્વાર થયેલા હતા. સંતો-ભક્તોએ કીર્તન કરતાં કરતાં વાજતે ગાજતે સહજાનંદસ્વામીના સામૈયા કર્યાં."

"ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદાના દરબારગઢમાં વાસુદેવ નારાયણના મંદિરની ઓસરીની કોર ઉપર પગ મૂકી માણકીએથી નીચે ઊતર્યા."

"આ..હા..હા..હા..શું એ અદ્ભુત શાંતમૂર્તિ હતી! એમનું સ્વરૂપ નખશિખ સુંદર હતું. પોપટની ચાંચ જેવી નમણી નાસિકા હતી. કમળની પાંખડી જેવા અણિયાળા નેત્રો હૃદયને વીંધી નાખનારા હતાં. વિશાળ ઊપડતા ભાલમાં ત્રણ રેખાઓ શોભતી હતી. જમણા ગાલની ટીબકડી સૌંદર્યમાં અપૂર્વ વધારો કરતી હતી. એમનું મંદ મંદ હાસ્ય મનને હરી લેનારું હતું. આજાનભુજાઓ હતી. સામુદ્રિકશાસ્ત્રમાં મહાપુરુષના શરીરનાં જે લક્ષણો લખ્યાં છે તે તમામ લક્ષણો એમનાં શરીરમાં વિદ્યમાન હતાં."

"એવામાં એમણે મારા સામે દૃષ્ટિ કરી. એ દૃષ્ટિમાંથી પ્રેમ અને કરુણા વરસી રહ્યાં હતાં. અમારી ચાર આંખ્યો ભેગી થઈ એ જ સમયે **એમના શરીરમાંથી તેજ તેજના અંબાર છૂટ્યા.** મારી આંખ્યો અંજાઈ ગઈ. એમના દર્શન કરતાં જ મારું હૈયું ઠરી ગયું. 'કળિયુગમાં કેવળીક ન હોય' એ મારી માન્યતા ભાંગીને ભૂકો થઈ ગઈ."

"એવામાં એ અદ્ભુત મૂર્તિએ મંદ મંદ હસીને મને પાસે બોલાવ્યો, મારો હાથ પકડ્યો અને મારા વાંસામાં હેતથી હાથ ફેરવ્યો. એમના એ દિવ્ય સ્પર્શથી મારા સમસ્ત શરીરમાં આનંદની ઝણઝણાટી ઊઠી. કુશળ સંગીતકારનો સ્પર્શ થતાં વીણાના તાર ઝણઝણી ઊઠે એમ મારા રોમેરોમમાંથી અદ્ભુત આનંદનું સંગીત ગૂંજવા માંડ્યું. મને

એમની પાસેથી ખસવાનું મન થતું ન હતું."

પોતાના ગુરુની દિવ્ય અનુભૂતિની વાત કરતાં કરતાં જૈન મુનિએ પુરાણીસ્વામીને કહ્યું, "સ્વામીજી! આટલી વાત કરતાં કરતાં મારા ગુરુના ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. તેઓ આગળ બોલી ન શક્યા."

ધીરે ધીરે તેઓ સ્વસ્થ થયા અને કહ્યું, "ભલે આજે પાંચમો આરો છે. કળિયુગનો પ્રભાવ છે. ભલે લોકો કહે કે, 'આ સમયમાં કેવળીક ન હોય' પરંતુ મેં મારી સગી આંખ્યે એક નહીં અનેક કેવળીકોનાં દર્શન કર્યાં છે. એ બધા જ કેવળીકો જેની ઉપાસના કરતાં હોય એવા પરમ કેવળીકને મેં નજરોનજર નિહાળ્યા છે."

મારા ગુરુની વાત સાંભળતાં મારા મનમાં વાવાઝોડાની જેમ એક સવાલ ઊભો થયો. મેં મારા ગુરુદેવને પૂછ્યું કે, "જો તમને આવા પરમ કેવળીક મળ્યા તો તમે એમની પાસે જ કેમ ન રોકાઈ ગયા?"

ફરીથી મારા ગુરુનું હૃદય ભરાઈ આવ્યું અને બોલ્યા, "વત્સ! સાંભળ. 'હું કેવળીકની શોધ કરી રહ્યો હતો' એની મારા ગુરુને જાણ હતી. એમણે મારી પાસેથી વચન લીધું હતું કે, 'કેવળીક મળે તો પણ તું મારી પાસે પાછો આવીશ.' મને પરમ કેવળીક મળી ચૂક્યા હતા. હું મારું સમસ્ત જીવન એમના ચરણમાં જ પસાર કરવા માગતો હતો, પરંતુ ગુરુદેવને આપેલા વચનના દોરથી બંધાયો હોવાથી પાછા આવ્યા સિવાય મારે છૂટકો ન હતો."

જૈન મુનિની વાત સાંભળતાં સાંભળતાં પુરાણીસ્વામી પણ ભાવવિભોર થઈ રહ્યા હતા. એક મહાન જૈન મુનિનો અનુભવ પુરાણીસ્વામીના અંતરમાં આશ્ચર્ય અને આનંદ ઉપજાવી રહ્યાં હતાં.

વાતનો દોર આગળ વધારતા જૈન મુનિ બોલ્યા, "સ્વામીજી! મારા ગુરુદેવની અનુભૂતિ કોઈ જૈન ધર્મીને ગળે ઊતરે એવી ન હતી. એટલે તેઓ આ અંગે મોટે ભાગે મૌન રહેતા."

"મારા ઉપર મારા ગુરુને અત્યંત વાત્સલ્યભાવ હતો. તેથી તેઓ પોતાની આ દિવ્ય અનુભૂતિની વાત વારંવાર કહેતા અને વાગોળતા રહેતા." મારા ગુરુદેવે મને આદેશ કર્યો હતો કે, "ભગવાન શ્રી સ્વામિનારાયણના કોઈ સારા સંત મળે એને તું આ વાત કરજે, તો મારા આત્માને શાતા વળશે."

જૈન મુનિ બોલ્યા, "સ્વામીજી! મારું શરીર વૃદ્ધ અને જીર્ણ થયું છે. આ શરીર હવે ક્યારે કાળધર્મ પામે એનો ભરોસો નથી. તમને સુપાત્ર સંત જાણીને મેં આ વાત કરી છે અને મારા ગુરુદેવના આદેશનું પાલન કર્યું છે, એનો મને સંતોષ છે. હવે આ શરીર કદાચ કાળધર્મ પામી જાય તો પણ વાંધો નથી."

જૈન મુનિની વાત સાંભળી પુરાણીસ્વામી પણ ગદ્ગદ્ થઈ ઊઠ્યા હતા. ખરેખર

થોડા જ દિવસોમાં એ પવિત્ર જૈન મુનિ કાળધર્મ પામ્યા હતા.

પુરાણીસ્વામી સ્વભાવે નિર્મળ અને નિખાલસ સંત હતા. વિદ્યાર્થીઓ માટે તો એ વાત્સલ્યનો દરિયો હતા. એમની કથાશૈલી અત્યંત રસાળ હતી. સ્વામી સભામાં પધારે, ત્યારે વિદ્યાર્થીઓને જાણે ગોળનું ગાડું મળ્યું હોય એવો આનંદ થતો.

અમે જ્યારે ગુરુકુલમાં અભ્યાસ કરતા, ત્યારે પુરાણીસ્વામીના મુખેથી ઉપરનો પ્રસંગ અનેકવાર સાંભળેલો છે.

પ્રો. મકરંદ મહેતાનું હૃદયપરિવર્તન

સુરતમાં 'સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ' નામની સંસ્થા વર્ષોથી કાર્યરત છે. આ સંસ્થાના પ્રોફેસરો અને સંશોધકો પોતાની જાતને બુદ્ધિજીવી અર્થાત્ 'રેશનલ' માને છે.

એક જમાનામાં આ સંસ્થા તેમ જ તેના ત્રૈમાસિક સામયિક 'અર્થાત્' સાથે પ્રોફેસર મકરંદ મહેતા એક બૌદ્ધિક તરીકે સંકળાયા હતા.

પ્રો. મકરંદ મહેતા ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ તરીકે સેવા બજાવી રહ્યા હતા. આ સમયે એમણે આ 'અર્થાત્' ત્રૈમાસિકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સંપ્રદાય વિશે ઐતિહાસિક સંશોધનના નામે વિચારસરણીને આધારે રેશનલ લખાણ લખ્યું હતું, જેને લીધે સમગ્ર સંપ્રદાયમાં ભારે વિરોધના વમળો ઊઠ્યાં હતાં.

કવીશ્વર ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસના સુપુત્રી ડૉ. રશ્મિબહેન વ્યાસ પ્રો. મહેતાને પોતાના મુરબ્બી તરીકે ગણતા હતા. તેમણે તેમની સાથે રાજકોટમાં ચર્ચા કરી. ત્યાર બાદ પ્રો. મકરંદભાઈને પૂછ્યું, "હું તમારી વિરુદ્ધ મારાં મંતવ્યો પ્રસિદ્ધ કરું?"

પ્રો. મકરંદભાઈએ તરત કહ્યું, "હા, જરૂર પ્રસિદ્ધ કરો!"

ત્યાર બાદ રશ્મિબહેન વ્યાસે મકરંદ મહેતાએ ઉઠાવેલા તમામ મુદ્દાઓનો સંશોધન સાથે વ્યવસ્થિત ઉત્તર આપ્યો હતો. માસિકના તંત્રી માટે એ લેખ પણ પ્રકાશિત કરવાનું અનિવાર્ય હતું. આ રીતે મકરંદ મહેતા રશ્મિબહેન વ્યાસના સંપર્કમાં આવ્યા. રશ્મિબહેન વ્યાસની સમજણ અને સહિષ્ણુતા મકરંદ મહેતાના હૃદયને સ્પર્શી ગઈ, પરિણામે મકરંદ મહેતાના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે જે પૂર્વગ્રહોની ગ્રંથિઓ હતી તે થોડી શિથિલ થઈ.

સમય જતાં મકરંદ મહેતા અને એમના ધર્મપત્ની શિરીનબહેનના જીવનમાં એક એવી અલૌકિક ઘટના ઘટી, કે જેને લીધે આ સત્યશોધકને ખરેખર ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે સાચું સત્ય પ્રાપ્ત થયું અને એની કહેવાતી બૌદ્ધિકતાનું

કોચલું ખરી પડ્યું. ડૉ. મકરંદ મહેતા સાથે રૂબરૂ મુલાકાતમાં એમણે પોતાના જે દિવ્ય અનુભવની વાત કરી, તે તેમના જ શબ્દોમાં નીચે મુજબ છે.

"હું અને મારા ધર્મપત્ની એક વાર ઇટાલી દેશની યાત્રાએ ગયા. ઇટાલીના પ્રસિદ્ધ શહેર રોમમાં હોટેલ હિબેરિયામાં અમે ઊતર્યાં હતાં. રોમમાં અમે જોવાલાયક સ્થળોમાં ફરી રહ્યાં હતાં, એ દરમ્યાન અમારી બંને વચ્ચેની એક જ બૅગ ગુમ થઈ ગઈ. આ હૅન્ડબૅગમાં અમારાં બંનેનાં પાસપોર્ટ, ભારત પાછાં ફરવાની ઍર ટિકિટો અને હાથખર્ચીના ડૉલર હતાં.

"આ હૅન્ડબૅગ ગૂમ થતાં અમે બંને વિષમ પરિસ્થિતિમાં મુકાઈ ગયાં, હવે શું કરવું? કોને મળવું? હોટેલનું બિલ કેવી રીતે ચૂકવીશું? પાસપોર્ટ અને ટિકિટ વિના ભારત પણ કેમ કરીને જવું? વગેરે ચિંતામાં અમે બંને ડૂબી ગયાં."

"અમે બંને ખૂબ મૂંઝાયાં. અજાણ્યો દેશ, અજાણ્યા લોકો, ગૂમ થયેલાં અગત્યનાં ડૉક્યુમેન્ટ્સ કેમ ખોળવાં તેની કાંઈ ગમ પડી નહીં."

"મેં હોટેલ હિબેરિયાના મૅનેજરને પરિસ્થિતિની જાણ કરી, તેમણે ભારતની એલચી કચેરીનો સંપર્ક કરવા સલાહ આપી. અમે ઍમ્બેસીમાં ગયા, પરંતુ સંજોગવશાત્ એ જ દિવસે ભારતના તત્કાલીન વડાપ્રધાન દેવગોડા ઇટાલી પધાર્યા હોવાથી અમને માત્ર આશ્વાસન મળ્યું પણ કોઈ કામ ન થયું."

"અમે સાંજે થાક્યાંપાક્યાં હોટેલ પર આવ્યાં, રાત્રિનું ભોજન લીધું, સૂવા માટે પથારીમાં પડ્યાં, પણ આવી પરિસ્થિતિમાં ઊંઘ કેમ આવે!!!"

"મને મારા મિત્રો યાદ આવ્યાં. ડૉ. રશ્મિબહેન વ્યાસની શ્રદ્ધા-ભક્તિનું સ્મરણ થયું. મારા જૂના મિત્ર જે. કે. પટેલ યાદ આવ્યા. જે. કે. પટેલ સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી. વિપરિત સંજોગોમાં કેવી રીતે ધીરજ અને પ્રાર્થનાથી આપણું કાર્ય થાય છે? વગેરે વાતો મારા માનસમાં પ્રગટ થઈ આવી."

"જે. કે. પટેલ જેવા ધાર્મિક મિત્રનો સંસર્ગ મને કામમાં આવ્યો. કટોકટીની પળોમાં મારા ચિત્તમાં આધ્યાત્મિક વિચારો ઝબકી ઊઠ્યા. અધૂરામાં પૂરું મારા પત્નીએ પણ મને કહ્યું કે, "તમે ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે બેફામ લખ્યું છે. એનો તમને દોષ લાગ્યો છે, પણ ભગવાન દયાળુ છે, મને લાગે છે કે તમે ભગવાન શ્રી સ્વામિનારાયણને હૃદયથી પ્રાર્થના કરશો તો કદાચ એમની કૃપાથી કંઈક રસ્તો મળશે."

"મેં આર્તભાવે પ્રાર્થના શરૂ કરી, 'હે સ્વામિનારાયણ! મારા અપરાધ માફ કરો. મને આ મુશ્કેલીમાંથી બહાર કાઢો, હે પ્રભુ! ગમે તેવો તોય હું તમારો છું."

"મહા મુશ્કેલીમાં પ્રાર્થના પણ હૃદયના ઊંડાણમાંથી થઈ જાય, એનો મને અનુભવ

થવા લાગ્યો. મારી પ્રાર્થના કોઈ સાંભળી રહ્યું છે અને જરૂર માર્ગ મળી આવશે, એવો આત્મવિશ્વાસ બંધાવા લાગ્યો.”

“આશરે રાત્રિના બે વાગ્યાનો સમય થયો હશે, ઊંઘ તો ક્યાંય ભાગી ગઈ હતી. મારું મનરૂપી પંખી વિચારના વંટોળેથી પાછું પડીને પ્રાર્થનાના માળામાં જ વિરામ કરતું લાગ્યું.”

“એવામાં અચાનક રાત્રિના ગાઢ અંધારાં વચ્ચે જ હોટેલના એ રૂમમાં અજવાળાં પથરાયાં અને તે પ્રકાશ વચ્ચે મંદ મંદ હસતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ થયાં.”

“મારી આંખો કે મારું મન માની ન શકે એવો અનુભવ થવા લાગ્યો. શ્રીજી કેટલી ક્ષણો રોકાયા એનો કાંઈ અંદાજ ન આવ્યો, પરંતુ એ રૂમમાં ધીમેથી શ્રીજીનો સ્વર મને સંભળાયો, ‘મહેતા! મૂંઝાશો નહીં, કાલે સવારે તારું બધું કામ થઈ જશે.”

“મને આ દિવ્ય દર્શન શું હશે? તે સમજાતું ન હતું, તેથી મેં મારી જાતને ઢંઢોળી કે હું જાગું છું કે આ સ્વપ્ન છે? તેથી મેં મને જ તપાસ્યો તો હું પોતે સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં જ હતો.”

“આ અનુભવ પછી મને તરત જ ઊંઘ આવી ગઈ અને બીજા દિવસે સવારમાં હોટેલ હિબેરિયામાં ભારતીય ઍમ્બેસીમાંથી ફોન આવ્યો કે, ‘ડૉ. મહેતાની હૅન્ડબૅગ સહીસલામત રીતે અમારી પાસે આવી ગઈ છે. કોઈને શૉપિંગ સેન્ટરમાંથી મળી આવી, તેમાં અંદરના અગત્યના ડૉક્યુમેન્ટસ જોઈને તે સજ્જને એ બૅગ એમ્બેસીમાં પહોંચાડી છે.”

“આ સમાચાર મળતા અમારાં બંનેનાં અંતરમાં કેટલો આનંદ થયો હશે! એની કોઈને કલ્પના પણ નહીં આવે! અમને અમારી બૅગ, ડૉલર્સ, ટિકિટ, પાસપોર્ટ્સ બધું જ સહીસલામત મળી ગયું.

અમે બંને મનોમન ભગવાન શ્રી સ્વામિનારાયણનો આભાર માનવા લાગ્યા અને અમારી જાતને ધન્ય માનવા લાગ્યા.”

“મારા કેટલાક બુદ્ધિજીવી મિત્રોને મારી આ વાત ગમે કે ન ગમે, પરંતુ આ મારો પ્રત્યક્ષ અનુભવ છે અને એક સત્યશોધક તરીકે મારાથી આવો અનુભવ અવગણી શકાય તેમ નથી.”

આદરણીય પ્રોફેસર શ્રી મકરંદ મહેતાના આ દિવ્ય અનુભવ બાદની વાત છે.

ડૉ. રશ્મિબહેન વ્યાસે ‘૧૮મી સદીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું સાંસ્કૃતિક પ્રદાન’ આ નામથી શોધપ્રબંધ લખ્યો. આ શોધપ્રબંધની પ્રસ્તાવના પ્રો. મકરંદભાઈ મહેતાએ સ્વયં લખી, જેનો એક અંશ નીચે પ્રમાણે છે.

"વ્યક્તિગત રીતે રશ્મિબહેન સંવેદનશીલ, બૌદ્ધિક હોવા ઉપરાંત તદ્દન નિખાલસ સ્વભાવના છે. કેટલાંક વર્ષો પહેલાં સ્વામિનારાયણ સંપ્રદાયના અનુસંધાનમાં મારી અને તેમની વચ્ચે 'અર્થાત્' માસિકમાં ચર્ચાઓ થઈ હતી, પરંતુ આવી જાહેર ચર્ચા ઉપરાંત મારે જ્યારે તેમની સાથે આ અંગે સહિષ્ણુ વાતાવરણમાં ચર્ચાઓ કરવાના પ્રસંગો ઊભા થયા ત્યારે મને વધારે ને વધારે સમજાતું ગયું કે મેં જે લખ્યું હતું તે ઘણી રીતે એકતરફી હતું અને તેને લીધે જ હું આ કલ્યાણકારી સંપ્રદાય અને તેના સ્થાપક તથા સાધુસંતોને અન્યાય કરી બેઠો હતો.

જો મેં સમાજ-પરિવર્તનને વ્યાપક અર્થમાં જોયો-તપાસ્યો હોત, તો આવી ભૂલ હું કરત નહીં. રશ્મિબહેન સાથેની ચર્ચાઓ એવી તો નિખાલસ બનતી ગઈ અને મને પોતાને પણ વિદેશોમાં એવા અનુભવો થતા ગયા કે જેને પરિણામે હું બંધિયાર બૌદ્ધિક વાતાવરણમાંથી મુક્ત થઈ શક્યો છું. વ્યક્તિગત રીતે હું રશ્મિબહેનનો ઋણી છું."

– ડૉ. મકરંદ જ. મહેતા
(એમ. એ. પીએચ.ડી.)
ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના નિવૃત્ત અધ્યક્ષ

નોંધ – આદરણીય ડૉ. મકરંદભાઈ અને એમના ધર્મપત્ની શિરીનબહેન આજે હયાત છે. પોતે નિવૃત્ત છે, વૃદ્ધ અવસ્થા થઈ હોવા છતાંય સારી રીતે પોતાનું કાર્ય કરી રહ્યાં છે. એમણે પ્રસન્ન થઈને આ લેખ પ્રકાશિત કરવાની સંમતિ આપી છે.

મકરંદ મહેતા જેવા સાક્ષરનું હૃદયપરિવર્તન કરનાર રશ્મિબહેન વ્યાસને અને જે. કે. પટેલને હૃદયથી અભિનંદન.

વિમલા તાઈની દિવ્ય અનુભૂતિ

જામનગરમાં સુપ્રસિદ્ધ વૈદ્યરાજ શ્રી બાલકૃષ્ણભાઈ દવે રહેતા હતા. તેઓ ગુજરાતના આયુર્વેદ જગતના ભીષ્મ પિતામહ તરીકે ઓળખાતા. જામનગરના લબ્ધપ્રતિષ્ઠિત નાગરિકોમાં એમની ગણના થતી. શ્રી કસ્તૂરબા સ્ત્રી-વિકાસ જેવી અનેક સેવાભાવી સંસ્થાઓના વિકાસમાં તેમનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી ઢેબરભાઈએ રાજમાતા ગુલાબકુંવરબાના આગ્રહથી જામનગર આયુર્વેદિક કૉલેજના સંચાલન માટે શ્રી બાલકૃષ્ણભાઈની નિયુક્તિ કરી હતી.

શ્રી બાલકૃષ્ણભાઈ પરંપરાથી ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપાસક હતા. એમના પરદાદા સેંજળના મોનજી અદાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણના આદર્શ અનુયાયી તરીકે બાલકૃષ્ણભાઈની વિચારસરણી ઉદાર હતી.

એ સમયે શ્રીમતિ વિમલા તાઈ પ્રસિદ્ધ તત્ત્વચિંતક અને અધ્યાત્મવિદ્યાના ઉપાસક હતા. તેઓનું જીવન આધ્યાત્મિક દિવ્ય અનુભૂતિઓથી ભરપૂર હતું.

શ્રી બાલકૃષ્ણભાઈ દવે તેમ જ જામનગરના સુપ્રતિષ્ઠિત અગ્રણીઓએ જામનગર ખાતે વિમલા તાઈના પ્રવચનો ગોઠવ્યાં હતાં. વિમલા તાઈના વ્યાખ્યાનોથી જામનગરનું વાતાવરણ આધ્યાત્મિક સુગંધથી ભરપૂર બન્યું.

શ્રી બાલકૃષ્ણભાઈના હૃદયમાં ઇચ્છા હતી કે 'વિમલા તાઈ એક દિવસ મારે ત્યાં ભોજન લેવા પધારે' આ માટે એમણે વિમલા તાઈને વિનંતી કરી.

વિમલા તાઈ શ્રી બાલકૃષ્ણભાઈને પૂર્ણ આદર આપતા અને એમની વાતનો ક્યારેય અનાદર ન કરતા. શ્રી બાલકૃષ્ણભાઈનું આમંત્રણ સહર્ષ સ્વીકારી બીજે દિવસે વિમલાજી બાલકૃષ્ણભાઈ દવેને ઘરે પહોંચ્યા. બાલકૃષ્ણભાઈ ઉપરના માળે પોતાના ખંડમાં સ્વાધ્યાય કરી રહ્યા હતા. વિમલાજી સડસડાટ દાદરો ચડીને ત્યાં પહોંચી ગયા.

વિમલાજીએ કહ્યું, “તમે રોજ કોની પૂજા કરો છો?”

બાલકૃષ્ણભાઈએ કહ્યું, “બહેનજી! હું ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉપાસક છું અને એમની પૂજા રોજ કરું છું.”

વિમલાજીએ કહ્યું, “મને તમારી પૂજાના દર્શન કરાવો.”

બાલકૃષ્ણભાઈ વિમલાજીને પૂજાસ્થાન તરફ દોરી ગયા. પૂજાની મૂર્તિના દર્શન કરતાં જ વિમલાજી બોલી ઊઠ્યા, “બસ આ એ જ છે. . . . આ એ જ છે.”

બાલકૃષ્ણભાઈ કાંઈ સમજી ન શક્યા એટલે પૂછ્યું, “બહેનજી! આપ શું કહેવા માંગો છો?”

વિમલાજીએ કહ્યું, “ભાઈ! આ મૂર્તિએ મને આખી રાત સૂવા નથી દીધી. મને વારંવાર તેમના દર્શન થાય છે.”

વિમલાજીની વાત સાંભળીને બાલકૃષ્ણભાઈ આશ્ચર્યચકિત થઈ ગયા, એમનું હૃદય ગદ્‌ગદ્ થઈ ગયું. બાલકૃષ્ણભાઈ દવેને વિમલાજીની વાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કરુણાનો અહેસાસ થઈ રહ્યો હતો.

એમનું અંતર અત્યંત આનંદ અનુભવી રહ્યું હતું.

આ પ્રસંગે વિમલાજીએ પોતાની બીજી એક દિવ્ય અનુભૂતિ બાલકૃષ્ણભાઈને જણાવી.

એક વાર હું લોકયાત્રાએ નીકળી હતી, એ પ્રસંગે મારે ગઢપુર જવાનું થયું. ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢના ચોકમાં જેવો મેં પ્રવેશ કર્યો કે એવો જ મારા સારાયે શરીરમાં દિવ્ય ઊર્જાનો પ્રવાહ વહેવા લાગ્યો, રોમાવલિ ખડી થઈ ગઈ!

ભગવાન શ્રી સ્વામિનારાયણ જે સ્થળે સભા ભરતા એ લીંબ વૃક્ષની નીચે મારું પ્રવચન ગોઠવાયું હતું. આસપાસ ભક્તો ભેગા થઈ ગયા હતા. મારે કંઈક બોલવું હતું પણ હું અવાચક થઈ ગઈ હતી. હું બોલવા ધારું તોપણ બોલી ન શકું એવી સ્થિતિ હતી.

એમાં પણ જ્યારે મેં જીવુબાના ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાંની દિવ્ય અનુભૂતિ તો અતિ અલૌકિક હતી. હું અત્યંત ભાવાવેશમાં સૂધબૂધ ખોઈ બેઠી હતી. આ દિવ્ય અનુભૂતિ બાદ મારા મનમાં થતું હતું કે, 'મારે હવે આ સ્થાન છોડીને ક્યાંય જવું નથી, અહીં જ રહેવું છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા એને વર્ષો વીતી ગયાં છતાં ગઢપુરની પવિત્ર ધરતીમાં એમની દિવ્ય ઊર્જાનો પ્રભાવ આજે પણ જેમનો તેમ જળવાયેલો છે.

બાલકૃષ્ણભાઈ ભાવવિભોર થઈને વિમલાજીના મુખેથી દિવ્ય અનુભૂતિનું શ્રવણ કરીને ધન્ય બની રહ્યા હતા.

વિમલા તાઈએ આ મુલાકાત પછી બાલકૃષ્ણભાઈને એમના મોટા ભાઈનું બિરુદ આપીને એમને પુરા આદર સત્કારથી સ્વીકાર્યા અને બાલકૃષ્ણભાઈ પણ અવારનવાર એમના સત્સંગનો લાભ લેવા આબુ જતા.

ભગવાન કે ભગવાનના સંત જ્યાં વિચર્યા હોય એ તીર્થોમાં એમનો દિવ્ય પ્રભાવ અવશ્ય હોય પરંતુ એ ઝીલવા માટે આપણું દિલ પવિત્ર અને હૃદય ભક્તિથી ભરપૂર હોવું જોઈએ.

નોંધ: ઉપરનો પ્રસંગ બાલકૃષ્ણભાઈ દવેના સુપુત્ર પ્રફુલભાઈ દવે અને એમના ભત્રીજા અરુણભાઈ દવે પાસેથી ખાતરી કરીને લખેલો છે.

પ્રફુલભાઈ દવે જામનગરના પ્રસિદ્ધ ડૉક્ટર અને સર્વોદય કાર્યકર છે. અરુણભાઈ દવે લોક ભારતી- સણોસરાના સ્થાપક, સુપ્રસિદ્ધ સાહિત્યકાર મનુભાઈ પંચોળી દર્શકના અંતેવાસી અને ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક રહી ચૂક્યા છે. આજે પણ તેઓ લોકભારતી – સણોસરા, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને મણારનું સફળ સંચાલન કરી રહ્યા છે.

મેરિયા બોબરિલામાંથી માદરે સરસ્વતી

ગુરુદેવ શાસ્રીજી મહારાજ તેમ જ વિદ્યાર્થીઓની માતા સમાન પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીના હૃદયનો શુભ સંકલ્પ હતો કે 'ગુરુકુલમાંથી કોઈક એવા વિદ્યાર્થીઓ તૈયાર થાય કે જે વિદેશી લોકોને સત્સંગી બનાવે.'

સાચા સંતોના સંકલ્પ સ્વાર્થહીન અને શુભ હોય છે. એમનાં સંકલ્પમાં અનેક જીવોના કલ્યાણની કામના હોય છે, એટલે એ સત્યસંકલ્પ સંતોના સંકલ્પો શ્રીહરિ પૂર્ણ કરે છે.

ગુરુદેવ અને પુરાણીસ્વામીનો શુભ સંકલ્પ ડૉ. ચતુરભાઈ બાબરિયા અને ડૉ. પ્રવીણ પીઠડિયા આ બે વિદ્યાર્થીઓ દ્વારા પૂર્ણ થયો.

ચતુરભાઈ બાબરિયા દેવરાજીયાના વતની હતા અને પ્રવીણભાઈ ગુરુદેવના કૃપાપાત્ર શિષ્ય રામજી બાપાના પુત્ર હતા. આ બંને વિદ્યાર્થીઓ મેડિકલના ઉચ્ચ અભ્યાસ માટે ડોમિનિકન રિપબ્લિકના પાટનગર સાંતો દોમિંગો ગયા હતા.

દક્ષિણ અમેરિકાના મીઆમી નગરથી ઉત્તરે કેરેબિયન સાગરમાં નાના નાના દેશોમાં વહેંચાયેલ લૅટિન અમેરિકન દેશોનો સમૂહ આવેલો છે. ડોમિનિકન રિપબ્લિક એમાંનો એક નાનકડો દેશ છે.

અહીંની ભાષા સ્પૅનિશ છે. સ્પૅનિશ ભાષા ભારે મધુર છે. આ ભાષાના ઘણા શબ્દો ભારતીય ભાષાને મળતા આવે છે. અહીંની ધરતી ઘણી જ રસાળ અને ફળદ્રુપ છે. અહીંના માનવીઓ ભારે માયાળુ છે અને દેખાવે ભારતીયોને મળતા આવે છે.

અમેરિકામાં ડૉક્ટરની પદવી મેળવવી થોડી મુશ્કેલ હોય છે. જ્યારે અહીંની પદવીને અમેરિકાની માન્યતા હોવાથી ઘણાં ભારતીય વિદ્યાર્થીઓ સાંતો દોમિંગો ભણવા માટે જાય છે અને ડૉક્ટર બની અમેરિકામાં સ્થિર થાય છે. આ જ રીતે ચતુર બાબરિયા અને પ્રવીણ પીઠડિયાને લૅટિન અમેરિકામાં જવાનું થયું. અહીં રહેવાથી બંને વિદ્યાર્થીઓ સ્પૅનિશ ભાષાના સારા એવા જાણકાર થાય તે સહજ હતું. એમનું આ ભાષાજ્ઞાન લૅટિન અમેરિકનોને સત્સંગી બનાવવામાં સહાયભૂત થયું.

ચતુરભાઈને શિક્ષાપત્રીનું સ્પૅનિશ ભાષાંતર કરવાની ખૂબ જ ઇચ્છા હતી. તેઓ સારા ભાષાંતરકારને શોધી રહ્યા હતા. તેમના મિત્ર દ્વારા તેઓ એક લૅટિન અમેરિકન બહેનના સંપર્કમાં આવ્યાં. આ બહેન આધેડ ઉંમરના હતા. એમનું નામ 'મેરિયા બોબરિલા' હતું. તેઓશ્રી યુનોમાં ડોમિનિકન રિપબ્લિકનું પ્રતિનિધિત્વ કરતા હતા, તેઓ ભારે વિદ્વાન હતા. ચૌદ દેશોની ભાષા જાણતા હતા. અહીંના સમાજમાં ભારે આદરપાત્ર હતા. તેઓ ધર્મે ખ્રિસ્તી હતા, છતાં સારા વિચારોને આવકારવામાં સદૈવ ઉત્સુક હતા.

એમણે ચતુરભાઈના કપાળમાં ભડકા જેવો તિલક ચાંદલો જોયો, એટલે એમને ભારે જિજ્ઞાસા જાગી. એમણે ચતુરભાઈ સાથે સંવાદ શરૂ કર્યો.

ચતુરભાઈ સ્વભાવે ભારે બોલકા છે. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત કરી. ગુરુકુલની સેવા પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો. મેરિયા બોબરિલાને બાબરિયાની વાતમાં ભારે રસ પડ્યો. ગુરુકુલમાં રોજના માત્ર એક રૂપિયા લવાજમથી વિદ્યાર્થીઓ રહે છે અને ભણે છે એ વાત જ એમના અંતરમાં ભારે આશ્ચર્ય ઉપજાવનારી હતી. ધીરે ધીરે વાતચીત સત્સંગમાં પલટાઈ ગઈ. આ સત્સંગ મેરિયા બોબરિલાના જીવનને બદલાવનાર અને ઐતિહાસિક સાબિત થયો.

ચતુરભાઈ બાબરિયાના મનમાં શિક્ષાપત્રીના અંગ્રેજી ભાષાંતરનો સંકલ્પ હતો તે તેમણે મેરિયા બોબરિલા પાસે રજૂ કર્યો અને અંગ્રેજી અનુવાદવાળી શિક્ષાપત્રી આપી અને કહ્યું, 'આમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ગાગરમાં સાગર ભર્યો છે. આજની માનવજાત માટે આ શિક્ષાપત્રી ભારે મંગળકારી છે. આપ નિરાંતે વાંચજો અને શક્ય હોય તો આનું સ્પૅનિશ ભાષાંતર કરી આપશો તો અમને આનંદ થશે.'

મેરિયા બોબરિલાએ આદર સાથે શિક્ષાપત્રી હાથમાં લીધી અને કહ્યું, "હું અવશ્ય આનું ભાષાંતર કરી આપીશ."

એક દિવસે કંઈક અજબ ઘટના ઘટી. મેરિયા બોબરિલા ચતુરભાઈને મળ્યા. એમના હાથમાં શિક્ષાપત્રી હતી. તેઓ ભારે ભાવવિભોર જણાતા હતા.

એમણે વાત કરી, 'ચતુર! ગઈ કાલે રાત્રે હું મોડે સુધી આ શિક્ષાપત્રીનું વાંચન અને મનન કરી રહી હતી. મને લાગ્યું કે આ નાનકડી પુસ્તિકામાં તો બાઇબલનો સાર ભર્યો છે! વાંચતાં વાંચતાં મને ઊંઘ આવવા લાગી, એટલે શિક્ષાપત્રી ઓશીકા પાસે મૂકી હું સૂઈ ગઈ. એવામાં અચાનક મારી ઊંઘ ઉડી ગઈ. મેં જોયું તો પૂરોયે ઓરડો અજવાળાથી ભર્યો હતો અને એ શીતળ શાંત પ્રકાશમાં એક મનોહર મૂર્તિ મંદ મંદ હસતી હસતી મારી સામે જોઈ રહી હતી. આવી સુંદર મૂર્તિ મેં ક્યારેય જોઈ નથી. મારા મનમાં થયું કે આ કોણ હશે? મને પૂછવાનું ઘણું જ મન થયું હતું, પરંતુ હું ભારે ભાવવિભોર હોવાથી બોલી શકતી નહોતી! મારા પૂરાએ શરીરમાં દિવ્ય સ્પંદનોની ઝણઝણાટી થઈ રહી હતી. હું સ્વપ્નમાં ન હતી, પૂર્ણ જાગૃત અવસ્થામાં હતી. થોડી વાર પછી એ મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ.'

મેરિયા બોબરિલાની વાત સાંભળી બાબરિયા પણ રોમાંચિત થઈ ઊઠ્યા હતા. એમની પાસે ભગવાન શ્રી સ્વામિનારાયણની સુંદર છબી હતી, એ એમણે મેરિયા બોબરિલાને બતાવીને કહ્યું, 'શું એ મૂર્તિ આવી હતી?'

મેરિયા બોબરિલાએ કહ્યું, 'હા! બસ લગભગ આવી જ એ મૂર્તિ હતી! આવા જ વસ્ત્ર-અલંકારો ધાર્યાં હતાં અને આવી જ પાઘ મસ્તક ઉપર પહેરી હતી!'

એક વિદેશી મહિલાને થયેલા આ દિવ્ય સાક્ષાત્કારની વાત સાંભળી બાબરિયા પણ ભાવવિભોર બન્યા. મેરિયા બોબરિલાએ કહ્યું, 'ચતુર! મારે આ સંપ્રદાયમાં બાપ્ટિઝમ અર્થાત્ દીક્ષા લેવી હોય તો શું કરવું?'

ચતુરભાઈએ કહ્યું, 'હું મારા ગુરુને પૂછીને જણાવીશ.'

બાબરિયાએ લૅટિન અમેરિકાથી ગુરુદેવને ફોન કરી બધી વાત કરી. આ વાત સાંભળી ગુરુદેવને અત્યંત આનંદ થયો. આ સાક્ષાત્કારની વાત અમારા સર્વ માટે રોમાંચક હતી.

ગુરુદેવે ફોનમાં કહ્યું, 'ચતુર! એટલા દૂર દેશમાં બીજી વિધિ તો શું કરવાની હોય, તારી પાસે કંઠી હોય તે મહારાજની પ્રસાદીની કરીને એમને આપજે, પણ એક વાત બરાબર સાંભળી લે, નિયમો પાળ્યા સિવાય કંઠી ધારણ કરવાનો કોઈ અર્થ નથી. માટે પહેલાં એમને પૂછી જો, એ દારૂ, માંસ વગેરે છોડી પંચવર્તમાન પાળવા તૈયાર છે? જો તૈયાર હોય તો જ કંઠી આપજે.'

બાબરિયાએ બહેનને બધી વાત સમજાવી. મેરિયા બોબરિલાએ કહ્યું, 'હું બધા નિયમ પાળવા તૈયાર છું, પરંતુ અત્યાર સુધી મેં આ બધું કર્યું છે એનું શું?'

બાબરિયાએ પાછો ગુરુદેવને ફોન કર્યો. સ્વામીએ કહ્યું, 'એમને કહેજે, ત્રણ દિવસ ઉપવાસ કરે. સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરે, પછી કંઠી પહેરે.'

લૅટિન અમેરિકન મહિલાને ધન્યવાદ છે, એણે ત્રણ દિવસ ઉપવાસ કરી શરીરશુદ્ધિ કરી. ચતુરભાઈએ એમને કંઠી આપી. મેરિયા બોબરિલાએ પાછો પ્રશ્ન કર્યો, 'મેં કંઠી પહેરી એટલે આ મારો નવો જન્મ થયો, માટે હવે મારે નવું નામ જોઈએ. તમે ગુરુદેવને ફોન કરી મારું નવું નામ પૂછો.' એક વિદેશી મહિલાની સમજણ અને શ્રદ્ધા અભિનંદનીય હતા.

ચતુરભાઈએ ફરીથી સ્વામીને ફોન કર્યો. સ્વામીએ કહ્યું, 'એનું નામ 'મા સરસ્વતી' રાખજે.' આ રીતે મેરિયા બોબરિલા 'મા સરસ્વતી' થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉત્તમ આશ્રિત થયા, પૂજાપાઠ કરતા થયાં. પંચ વર્તમાન પાળતા થયા અને અનેકને સત્સંગ કરાવતા રહ્યા.

સ્પૅનિશ ભાષામાં 'મા' ને 'માદરે' કહે છે. એટલે સર્વ એને 'માદરે સરસ્વતી' કહીને બોલાવતા. 'માદરે' શબ્દ સંસ્કૃત ભાષાના 'માતૃ' શબ્દ ઉપરથી ઊતરી આવ્યો હોય એવું લાગે છે.

આ રીતે ડોમિનિકન રિપબ્લિકમાં સત્સંગનાં બીજ રોપાયાં. માદરે સરસ્વતીના પ્રભાવને લીધે અનેક લૅટિન અમેરિકાનાં ભાઈ-બહેનો સત્સંગી થયાં. માદરે સરસ્વતીએ શિક્ષાપત્રીનો સ્પૅનિશ ભાષામાં અનુવાદ કર્યો. હજારો કૉપીઓ છપાવી અને તેનું વિતરણ કર્યું.

ધીરે ધીરે અહીં સત્સંગ વિકસ્યો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી અહીં 'શ્રી સ્વામિનારાયણ સ્પિરિચ્યુલ સેન્ટર'ની સ્થાપના કરવામાં આવી. અનેક લૅટિન અમેરિકન લોકોએ સત્સંગ સ્વીકાર્યો.

ચતુરભાઈ બાબરિયા અને પ્રવીણભાઈ પીઠડિયા સ્પૅનિશ ભાષામાં વાતો કરી એમના સત્સંગનું પોષણ કરતા રહ્યા. એવામાં ડૉ. જતીન પીઠડિયા પણ ત્યાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા અને તેઓ પણ પ્રચારકાર્યમાં જોડાયા.

ઈ. સ. ૧૯૮૫માં રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયનો રજતજયંતિ મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો ત્યારે મા સરસ્વતીએ પત્ર દ્વારા પોતાના હૃદયની શુભકામના પાઠવી હતી. આ પત્રમાં એમણે પોતાના આ દિવ્ય અનુભવની વાત લખી હતી, જેના શબ્દો આ પ્રમાણે છે,

I would like to let you know that when I was translating the shikshapatri, I was under the realization of Swaminarayan who was guiding me to do that tranlation. So I would like you to participate with me in that happy occasion.

માદરે સરસ્વતી અને લૅટિન અમેરિકન ભક્તોને ગુરુદેવનાં દર્શન કરવાની ભારે તાલાવેલી હતી. ઈ. સ. ૧૯૮૬ની સાલ હતી. વિદેશી ભક્તજનોને સત્સંગનું સુખ આપવા માટે ગુરુદેવ શાસ્રીજી મહારાજની વિદેશયાત્રા યોજાઈ હતી. પૂજ્ય ગુરુદેવની આ છેલ્લી વિદેશયાત્રા હતી. આ વિદેશયાત્રાનું મુખ્ય લક્ષ્ય લૅટિન અમેરિકાવાસી ભક્તજનોનો ભાવ પૂર્ણ કરવાનું હતું.

અમેરિકા નિવાસી શ્રી ધીરુભાઈ બાબરિયા વગેરે ભક્તજનોએ ડોમિનિકન રિપબ્લિકની સત્સંગયાત્રાનું મંગલ આયોજન કર્યું હતું.

ડગ્લાસ શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળના પ્રમુખ રજનીભાઈ પટેલ, વૉશિંગ્ટનથી સત્સંગ મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ, મનુભાઈ પટોળિયા, ચતુરભાઈ વઘાસિયા, લંડનના ભક્તજનો રામજીભાઈ ખીમાણી અને ગોવિંદબાઈ ભુડિયા વગેરે ભક્તજનો આ યાત્રામાં સાથે જોડાયા હતા.

ગુરુદેવની સાથે અમે જ્યારે સાંતો દોમિંગો ઍરપોર્ટ ઊતર્યા, ત્યારે આખું ઍરપોર્ટ ભગવાન શ્રી સ્વામિનારાયણના જયઘોષથી ગૂંજી ઊઠ્યું. ઠેકઠેકાણે 'બહેની વેલીદો' અર્થાત્ 'સુસ્વાગતમ્'નાં હોર્ડિંગ્સ લગાવેલાં હતાં.

માદરે સરસ્વતી બહેનોના સમુદાય સાથે દૂરથી ગુરુદેવ તથા સંતોના દર્શન કરતા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયની મર્યાદાને અહીંનાં બહેનોએ હૃદયથી આત્મસાત્ કરી લીધી હતી.

લૅટિન અમેરિકન ભક્તોનો નિર્દોષ પ્રેમ જોઈને અમારાં હૈયાં પણ ભાવવિભોર થઈ ગયાં. ઠેર ઠેર સત્સંગ સભાના આયોજનો થયાં હતાં. ભાવિક ભક્તજનો ભાવથી સાંભળવા એકઠાં થતા હતા.

પૂજ્ય ગુરુદેવ તથા અમારા પ્રવચનોનો સ્પૅનિશ ભાષામાં અનુવાદ કરવામાં આવતો હતો. આ લૅટિન અમેરિકન ભક્તોની શ્રદ્ધા નિર્દોષ અને અજોડ હતી.

ગુરુદેવના સાંનિધ્યમાં અનેક લૅટિન અમેરિકન ભક્તોએ સત્સંગ સ્વીકાર્યો અને ભારતીય સંસ્કૃતિ પ્રમાણે નામ ધારણ કર્યાં. શ્રેષ્ઠ પીયાનો વાદક હોરે સોલાનોનું નામ સુરેશ ભગત રાખવામાં આવ્યું.

એક પાકિસ્તાની બિરાદર હેનરીકે ગુઝમાને સત્સંગ સ્વીકાર્યો, એનું નામ ઘનશ્યામ ભગત રાખવામાં આવ્યું. એમનો રેસ્ટોરંટનો ધીકતો ધંધો હતો, વિદેશી રેસ્ટોરંટમાં દારૂ-માંસ હોય એ સહજ છે. ઘનશ્યામભગતે વિચાર્યું કે મેં દારૂ-માંસ છોડ્યાં, તો મારાથી બીજાને કેમ ખવડાવાય? એમણે રેસ્ટોરંટ બંધ કરી ટૂરિઝમને લગતો ડિપાર્ટમેન્ટલ સ્ટોર ખોલ્યો.

દોન હોઝે રેન્સો સારા બિઝનેસમૅન છે. એમણે સત્સંગ સ્વીકાર્યો, એમનું નામ યોગેશભગત રાખવામાં આવ્યું.

એ જ રીતે ગ્લોરિયા ગુઝમાન (સુમિત્રાદેવી), લેસીનીઓ પીકાર્ડો (ગોવિંદભગત) ફ્રાન્સિસ્કો બોબડીલા(ધનંજયભગત), મીસ મેરિયા માર્ટીના(અનસૂયા), મીસ વિક્ટોરીયા (શકુંતલાદેવી), હોઝે(હરિકૃષ્ણભગત), જોહ્‌ન ફિલિપ(લક્ષ્મણભગત), મિગુલોન (નારણભગત), જીરોનીમે વાસ્કેવજ(વાસુદેવભગત), જેની વાસ્કેવજ(ઊર્મિલાદેવી), રોઝેટ(પાર્વતીદેવી), દીમેત્રીઓ(મહાદેવભગત) વગેરે અનેક ભાઈ-બહેનો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયાં.

અમારી આ સત્સંગયાત્રા ખરેખર અદ્‌ભુત હતી. ગુરુદેવનો 'વિદેશીઓ સત્સંગી બને' એ સંકલ્પ પૂર્ણ થઈ રહ્યો હતો.

ઈ. સ. ૧૯૮૭ની સાલના માર્ચ માસમાં ગુરુદેવ શાસ્રીજીમહારાજે વિશાળ પાયા ઉપર પ્રાર્થનામય જપયજ્ઞ મહોત્સવનું આયોજન કર્યું હતું. હજારો ભક્તજનો સ્વામિનારાયણ મહામંત્રના પુરુશ્ચરણ કરીને આમાં જોડાયાં હતાં. આ પ્રસંગે માદરે સરસ્વતી, ઘનશ્યામભગત, સુરેશભગત, યોગેશભગત અને હરિકૃષ્ણભગત ખાસ ઉત્સવમાં ભાગ લેવા માટે પધાર્યા હતા.

ગુરુકુલની પુણ્યભૂમિમાં પ્રવેશ કરતાં જ તેઓ ભારતની આ પવિત્ર ધરતીની ધૂળને ખોબા ભરી ભરીને પોતાના શરીર ઉપર પધરાવવા લાગ્યા. પોતાનાં નવાંનકોર કપડાંની પણ પરવા ન કરી. એની ઉત્કૃષ્ટ ભાવનાએ સર્વનાં હૈયાં પીગળાવી નાખ્યાં. એમનાં શરીર વિદેશી હતાં, પરંતુ આત્મા ભારતીય સંસ્કૃતિના રંગે રંગાયેલ હતા.

માદરે સરસ્વતીએ આ મહોત્સવની વિશાળ સભામાં પોતાને કઈ રીતે સાક્ષાત્કાર થયો અને સત્સંગ સ્વીકાર્યો એની વાત કરી હતી. એમના શબ્દો હતા, 'ચતુરભાઈ બાબરિયા એમના મિત્ર દ્વારા મારા સંપર્કમાં આવ્યા. મેં શિક્ષાપત્રીનું ભાષાંતર કાર્ય ઉપાડ્યું અને એ કરતાં એક દિવસે મને મારા ઘરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન થયા. પ્રકાશ છવાઈ ગયો અને માથે પાઘ પહેરેલા ભગવાન શ્રી સ્વામિનારાયણના મને ચારે બાજુ દર્શન થયા. તેઓ થોડી મિનિટો માટે મારી સામે મંદ મંદ હસતા હતા. હું પણ ભાવવિભોર બની રહી હતી.' – (સદ્‌વિદ્યા અંક–એપ્રિલ–૧૯૮૭)

મા સરસ્વતીની વાતો સાંભળી સર્વ સભાજનો આશ્ચર્યમાં ગરકાવ થયાં હતાં અને

અનેકની આંખો ભીની થઈ ગઈ હતી.

વિશેષ આશ્ચર્યકારી વાત તો એ છે કે માદરે સરસ્વતીએ જ્યારે શરીર છોડ્યું, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને અગાઉથી દર્શન દઈને 'ધામમાં તેડી જઈશું' એવી વાત કરી હતી અને એ સમયે મહારાજ એમને ધામમાં તેડી ગયા હતા! માદરે સરસ્વતીના અક્ષરવાસના દિવ્ય પ્રસંગે લૅટિન અમેરિકાવાસી ભક્તોની શ્રદ્ધાને સુદૃઢ કરી હતી.

એક ખ્રિસ્તી પાદરીને થયેલો દિવ્ય અનુભવ

ખ્રિસ્તી ધર્મના વર્ષો સુધી પ્રચારક રહેલા ભાઈ શ્રી મણિલાલભાઈ સી. પરીખે પોતાની 'એક ભાગવતની આત્મકથા'માં દિવ્ય પ્રસંગ નોંધ્યો છે. જેમાં એક યુવાન પાદરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે દર્શન દીધાની વાત છે.

આ પ્રસંગ માણતા પહેલાં થોડી ભૂમિકા સમજવી જરૂરી છે. શ્રી મણિલાલભાઈનો જન્મ રાજકોટમાં થયો હતો. તેમના દાદા ધર્મે જૈન હતા. એમના પિતાશ્રીએ વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યો હતો. મણિલાલભાઈનું જીવન નાનપણથી ધર્મના સંસ્કારથી રંગાયેલું હતું. યુવાનવયે તેમનામાં માનવતાવાદી દૃષ્ટિકોણ વિકસ્યો હતો. કૉલેજકાળમાં એમના ઉપર બંગાળના સુપ્રસિદ્ધ વિદ્વાન બ્રહ્મર્ષિ શ્રી કેશવચંદ્ર સેનનો ખૂબ જ પ્રભાવ પડ્યો હતો. પરિણામે તેઓએ કેશવચંદ્ર સેનને પોતાના ધર્મપિતા તરીકે સ્વીકાર્યા હતા.

શ્રી મણિલાલભાઈ નાનપણથી જ પ્રતિભાસંપન્ન અને તત્ત્વચિંતક હતા. એમણે પ્રાર્થનાસમાજ તેમ જ બ્રહ્મસમાજના પ્રચારક તરીકે સેવા બજાવી હતી.

કેશવચંદ્ર સેનના ખ્રિસ્તી વિશેના ઉદાર વિચારોને લીધે શ્રી મણિલાલભાઈ ખ્રિસ્તી ધર્મ તરફ વળ્યા હતા અને ખ્રિસ્તી ધર્મની દીક્ષા લીધી હતી. તેઓએ વર્ષો સુધી વિવિધ દેશોમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો હતો. આઝાદીની લડતમાં એમણે સક્રિય ભાગ લીધો હતો. આ દરમિયાન તેઓ એ સમયના દેશના ટોચના નેતાઓ મહાત્મા ગાંધીજી, જયપ્રકાશ નારાયણ, બાબાસાહેબ ભીમરાવ આંબેડકર, કૃપલાણીજી વગેરેના સંપર્કમાં આવ્યા હતા અને પોતાની વિદ્વત્તાથી એમને આકર્ષ્યા હતાં..

સમય જતાં ખ્રિસ્તી ધર્મની કેટલીક વાસ્તવિકતા, બેવડાં ધોરણો, કહેવાતા માનવતાવાદી ધર્મમાં કાળા-ગોરાના ભેદ, ધર્માંતરણ માટે આંતરરાષ્ટ્રિય સ્તરે ખેલાતાં રાજકારણ વગેરે જોઈને 'ખ્રિસ્તી ધર્મ મહાન છે' એવી એમની ભ્રમણા ભાંગી ચૂકી હતી. આ અંગે એમણે આપણી આંખ ઉઘાડે એવું પાંચ સો પાનાંનું દળદાર પુસ્તક લખ્યું છે, જેનું નામ છે, 'CHRISTIAN PROSELYTISM IN INDIA' જેની ચર્ચા અહીં અપ્રસ્તુત છે.

આખરે એમના મૂળ ભારતીય સંસ્કારો જાગી ઊઠ્યા હતા અને તેઓ વૈષ્ણવી ભાગવત ધર્મના રંગે રંગાયા હતા.

મહાકવિ નાન્હાલાલ અને કવીશ્વર શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસના સત્સંગથી એમના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભક્તિભાવ પેદા થયો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણનું વ્યક્તિત્ત્વ અને ઉપદેશોથી તેઓ ભારે આકર્ષાયાં હતાં. તેઓ લખે છે કે, 'મારા ઉપર જબરો પ્રભાવ પાડનાર મને બે મહાપુરુષો દેખાયા છે. એક કેશવચંદ્ર સેન અને બીજા શ્રી સ્વામિનારાયણ.' (એક ભાગવતની આત્મકથા પૃ–૫૩)

મારું મન ધીમે ધીમે ખ્રિસ્તી ધર્મ અને વૈષ્ણવ ધર્મ એ બંને પ્રત્યે ઢળતુ જતું હતું. એ બંને વચ્ચે ઘણું સામ્ય છે, એટલું જ નહિ, પણ શ્રી સ્વામિનારાયણ દોઢસો વર્ષ પહેલાં થઈ ગયા તેમના જીવનમાં મેં ઈશ્વરના અવતરણનું કંઈક ભાન કર્યું.

(એક ભાગવત કથા – પૃષ્ઠ-૩૭૮)

સમાજના ઊંચ-નીચ સર્વ પ્રકારના લોકોને પોતાની પ્રેમાળ અને ઉદાર ગોદમાં સમાવી લેનાર ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ મણિલાલભાઈને આકર્ષી ગયું હતું. તેઓ લખે છે કે, "નવભારતમાં છેલ્લાં સો-દોઢસો વર્ષમાં જે નવી ધાર્મિક સંસ્થા છે કે જે સમાજના બધા થરના લોકોને સ્પર્શી શકે છે એ સંસ્થા છે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય. આ સંપ્રદાયનું લક્ષ્ય મનુષ્યને પછી તે બ્રાહ્મણ હોય કે ચાંડાલ હોય પણ તે મુક્તિ માટે સરખો અધિકારી છે એમ દૃઢતાપૂર્વક માની તેને એ મુક્તિ આપવાનું છે." (એક ભાગવતની આત્મકથા પૃ-૧૦૫)

આરંભે મણિલાલભાઈ અવતારવાદને સ્વીકારતા નહોતા, પરંતુ પાછળથી તેઓ અવતાર તત્ત્વનો સ્વીકાર કરતા થયા હતા.

પોતાની આત્મકથામાં તેઓ લખે છે કે, "મેં ત્રણ પુસ્તકો ધ્યાનપૂર્વક વાંચ્યાં છે. બાઇબલ, શ્રી સ્વામિનારાયણનું વચનામૃત અને ગ્રીમ્સ ફેઈરી ટેલ્સ."

"વચનામૃતનું વાંચન મેં અથથી ઇતિ સુધી કર્યું અને એ પુસ્તક દ્વારા અવતારવાદ સંબંધી મારા મનમાં જે શંકા હતી તે દૂર થઈ. આ પુસ્તક વૈષ્ણવ ધર્મ અથવા ભાગવત ધર્મનો એક અતિ ઉચ્ચ ગ્રંથ છે અને એમાં ભાગવત ધર્મના બધા સિદ્ધાંતો બહુ સુંદર અને સરળ રીતે સમજાવવામાં આવ્યા છે. બ્રહ્મસમાજની અસરને લીધે ઈશ્વર અવતાર લે છે એ હું માનતો ન હતો. વચનામૃતનાં વાંચનથી હવે એ હું માનવા લાગ્યો હતો." (એક ભાગવતની આત્મકથા પૃ-૧૬૯)

"ઈ. સ. ૧૯૩૨ની સાલમાં ઉત્તર હિન્દુસ્તાનથી ઘેર આવ્યા પછી મેં શ્રી સ્વામિનારાયણનું જીવન ચરિત્ર લખવાનું ચાલુ રાખ્યું હતું. આ પુસ્તક લખવા માટે હું સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ મારા મનમાં ખાતરી થતી ગઈ કે શ્રી સ્વામિનારાયણ એક અવતારી પુરુષ છે. આ સંપ્રદાયનું કેટલુંક સાહિત્ય તો મેં અનેક વાર વાંચ્યું છે અને હું એ જ્યારે વાંચુ ત્યારે નવું જ લાગે છે.

મને બધાં સાહિત્યમાં એક પ્રકારનો એવો રસ જણાયો છે જેને મેં 'દિવ્યરસ' નામ આપ્યું છે. આવું ઉચ્ચ અને અદ્‌ભુત સાહિત્ય ગુજરાતમાં રચાયું અને તેના મૂળ તરીકે આવો એક અદ્‌ભુત સંપ્રદાય સ્થપાયો એ ગુજરાતનું અહોભાગ્ય છે. આને વિશે હું જેટલું કહું તેટલું ઓછું છે. આમાંનું કંઈક મેં 'શ્રી સ્વામિનારાયણ' નામક અંગ્રેજી પુસ્તકમાં લખ્યું છે. ઈશ્વરકૃપાથી એ પુસ્તક સારું લખાયું છે અને એ સંપ્રદાયનો હું સભ્ય ન હોવા છતાં સમગ્ર સંપ્રદાયે મારા પુસ્તકને અતિશય ભાવપૂર્વક વધાવી લીધું છે."

(એક ભાગવત કથા - પૃષ્ઠ-૩૭૭)

તેઓ ખ્રિસ્તી ધર્મના પ્રચારક તરીકે સર્વત્ર વિચરણ કરતા. તેઓ ખ્રિસ્તી ધર્મના પ્રચારક હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે વ્યાખ્યાન આપતા અને પોતાના પાદરી મિત્રો સમક્ષ પ્રભુપુત્ર ઈસુ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશે તુલનાત્મક નિખાલસ ચર્ચાઓ કરતા. તેઓ લખે છે કે, "બેંગલોરમાં શ્રી સ્વામિનારાયણ વિશે મારાં વ્યાખ્યાનો પહેલી વાર અપાયાં હતાં અને તે પણ ખ્રિસ્તી લોકો સમક્ષ. આ વ્યાખ્યાનો અંગ્રેજીમાં આપેલાં હતાં. મારે અહીં ખુશીથી સ્વીકારવું જોઈએ કે મારા શ્રોતાજનો જેઓ ચુસ્ત ખ્રિસ્તી હતાં અને જેમાં કેટલાંક યુરોપિયન સ્ત્રીપુરુષો અને ગ્રેજ્યુએટો હતા તે બધાં પ્રભાવિત થયાં. એ મારાં માટે નવાઈ તેમ જ આનંદની વાત હતી. ખ્રિસ્તીઓને પણ એમ થયું કે આ કોઈ અદ્‌ભુત વાત છે." (એક ભાગવતની આત્મકથા પૃ-૨૨૦)

બંગાળના રામપુર ખાતે પાદરીઓની કૉલેજમાં મણિભાઈ પારેખે ભગવાન સ્વામિનારાયણ વિશે વ્યાખ્યાન આપ્યું ત્યારે એક દિવ્ય ઘટના બની.

શ્રી મણિલાલભાઈ નોંધે છે, "શ્રી સ્વામિનારાયણ ઉપરના વ્યાખ્યાનો પૂરાં થયાં પછી એક યુવાન ખ્રિસ્તી વિદ્યાર્થી મારી પાસે આવ્યો અને મને કહ્યું કે, ગઈ રાત્રે મને સ્વામિનારાયણનું દર્શન થયું. એ દર્શનથી એના હૃદય ઉપર ઊંડી છાપ પડી હતી એ હું જોઈ શક્યો હતો. એણે આ બાબત વિશે મને એક પત્ર પણ લખ્યો હતો." (એક ભાગવતની આત્મકથા પૃ-૩૭૪)

"આ એક અદ્‌ભુત ઘટના હતી અને શ્રી સ્વામિનારાયણનાં ચરિત્રો વગેરેના કથનથી મનુષ્યના હૃદય પર કેવી કેવી અસર થાય છે એનું આ એક જ્વલંત દૃષ્ટાંત છે." આ પત્ર રાજકોટમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના માસિક સદ્‌વિદ્યામાં ૧૯૬૦માં શ્રી ત્રિભુવનભાઈ વ્યાસે બહુ જ ભાવપૂર્વક પ્રગટ કરેલ છે.

(એક ભાગવતની આત્મકથા પૃ - ૪૧૪)

એ પત્ર તથા એનું ગુજરાતી ભાષાંતર શબ્દશઃ

એક પવિત્ર હૃદયના પાદરી મહાશયને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં થયેલાં દિવ્ય દર્શન

Serampore College

Serampore Bengal

1st March, 1936

My Dear Sir,

I am glad to send you the photo which I prepared last night. I hope it will please you too. Please let me know if you want any more.

By the bye, I am compelled to narrate what happened last night. Something after mid–night I felt I was dreaming and suddenly woke up and the actual experiences were so wonderful that they created in me a sort of joy and I was actually elated by joy. I felt I was transported to strange land where I saw and heard something which were not quite intelligible. yet I was so happy beyond measure. I was solving some of the spiritual problems. Something I experienced which I am not able to describe and the whole night I was in the dreamland so happy and elated with immensurable joy and I praised God.

Last night I was deeply thinking of certain problems until ૧૨ Oક્ક્clock, and praying for the guidance of our Lord to direct me as to how I should speak today to a number of Telangus in Chandarnagore, where I am going this evening. I felt the helping hand of God best in revealing His ways to His children. I know He is ever willing to guide and direct us to know Him more and more in our lives so that our lives may be living Gospels for His Glory. Hope you will remember me in your supplications so that I may dive Christ everyday with more Sacrifice and surrender.

May the Lord Almighty preserve you in perfect health in all your tours and work, May His Blessings rest on you to be a fitting vessel for the Glory of God, our Redeemer.

With love and due Respects,

Yours in His Fold,

M. N. William

(અંગ્રેજી પત્રનો ગુજરાતી અર્થ)

રામપુર કૉલેજ
શ્રી રામપુર (બંગાળ), ૧લી માર્ચ, ૧૯૩૬

મુરબ્બી શ્રી,

તમારો ફોટો મેં જે લીધેલો તે ગઈ રાત્રે તૈયાર કર્યો છે. તે તમને મોકલતાં મને આનંદ થાય છે. હું આશા રાખું છું કે એ ફોટો તમને પણ ગમશે, વધુ ફોટા જોઈતા હોય તો મને મહેરબાની કરી જણાવશો.

વિશેષતઃ ગઈ કાલે રાત્રે મને જે અનુભવ થયો તે તમને જણાવ્યા વગર હું રહી શકતો નથી. મધ્યરાત્રિ પછી મને થયું કે હું સ્વપ્નસ્થ દશામાં છું. હું એકદમ જાગી ઊઠ્યો અને મને જે ખરેખરો અનુભવ થયો તે એવો અદ્‌ભુત અનુભવ હતો કે એથી મારા દિલમાં આનંદ પ્રવર્તી રહ્યો અને હું ખૂબ જ હર્ષોન્નત થયો. મને એમ લાગ્યું કે હું કોઈ બીજા જ જગતમાં જઈ ચડ્યો છું અને ત્યાં મેં એવું કંઈક દૈવી જોયું અને સાંભળ્યું કે જે હું સમજી શક્યો નહીં. એમ છતાં મારા દિલમાં અનહદ આનંદ વર્તી રહ્યો. હું કેટલાક આધ્યાત્મિક પ્રશ્નો વિચારી રહ્યો હતો અને મને આ અનુભવથી ઘણો આનંદ થયો. મને એમ થયું કે મને શ્રી સ્વામિનારાયણનું દર્શન થાય છે અને હું એમનો ઉપદેશ સાંભળું છું. આ પુરા અનુભવનું વર્ણન હું કરી શકતો નથી. આખી રાત્રિ હું કોઈ બીજી સૃષ્ટિમાં જઈ ચડ્યો હોઉં એવો મને અનુભવ થયો. હું ત્યાં આખી રાત અમાપ આનંદ અનુભવી રહ્યો અને ઈશ્વરનાં મેં ગુણગાન કર્યાં.

ગઈ કાલે રાત્રે બાર વાગ્યા સુધી હું કેટલાક આધ્યાત્મિક પ્રશ્નો વિચારી રહ્યો હતો, અને ઈશ્વરની પાસે પ્રાર્થના કરી રહ્યો હતો કે, મારે આજે ચંદ્રનગરમાં જઈને મોટી સંખ્યાના તેલંગણને શું ઉપદેશ આપવો. પોતાના સંતાનોને માર્ગદર્શન આપતા ઈશ્વરના પોતાના પ્રેમાળ હસ્તના સ્પર્શનો અનુભવ મને થયો. હું જાણું છું કે ઈશ્વર આપણને માર્ગદર્શન આપવા અને તેમનું પોતાનું વધારે ને વધારે જ્ઞાન આપણાં જીવનમાં ઉતારવાં સદા તત્પર છે. જેથી કરીને આપણે પોતે ઈશ્વરના મહિમાનો જીવંત ઉપદેશક બનીએ. હું આશા રાખું છું કે તમે તમારી પ્રાર્થનામાં મને યાદ કરશો, એટલે હું વધુ સમર્પણને અને આત્મત્યાગની ભાવનાથી ઈશુ ખ્રિસ્તને મારા જીવનમાં ઉતારું.

સર્વ શક્તિમાન પરમાત્મા તમને પૂર્ણ આરોગ્ય આપે. જેથી તમે તમારું પ્રચારકાર્ય સુખેથી કરી શકો. ઈશ્વરના આશીર્વાદ તમારા ઉપર ઊતરો અને તમે પણ આપણા તારણહાર ઈશ્વરના મહિમાનો વિસ્તાર કરવાને યોગ્ય વાહન બનો.

સ્નેહ અને યોગ્ય માનપૂર્વક,

ભવદીય
એમ. એન. વિલિયમ
('સદ્‌વિદ્યા' માસિકમાંથી સાભાર...)

Uniqueness of Sampradaya

ખ્રિસ્તી ધર્મના પ્રચારક શ્રી મણિલાલભાઈ સી. પરીખે અંગ્રેજીમાં 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' નામે સુંદર ગ્રંથ લખ્યો છે જેમાં એમણે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના આશ્રિતોને અંત સમયે તેડવા આવતા હોય' એવી અનેક દિવ્ય ઘટનાઓ લખી છે તથા એમનાં અલૌકિક ઐશ્વર્યનું વર્ણન કરેલું છે.

શ્રી મણિલાલભાઈએ આ દિવ્ય ઘટનાઓ અંગે અનેક ખ્રિસ્તી પાદરીઓ સાથે ચર્ચા કરી હતી, જેનો આ પુસ્તકમાં ઉલ્લેખ કરતાં તેઓ શ્રી જણાવે છે કે . . .

The wonderful kind of supernaturalism with which this Sampradaya is pervaded through and through. That such things can be believed in and passed on from generation to generation in the family and in the community is the great wonder, and there is nothing like it in any other religious movement. It is altogether original to this Fellowship and as such unique. It is the major miracle of the movement, or rather a series which started with the beginning of the ministry of Swaminarayan, continued all through his life on earth, and is still going on although a full century has passed by.

When the present writer spoke of this to a religious leader in America, he said that there was no such thing known outside the pages of such the pages of the New Testament. One might go even further and say that even there this kind of phenomenon is absent. St. Paul speaks of the believers who die as "those who sleep in the Lord." The very belief that the Christians must wait in their graves for the resurrection until the second coming of the Lord Christ made such a phenomenon impossible.

Before writing these last few sentences the present writer wanted it make sure whether there was anything like such visions in the lives of the great Christian Saints, and he looked up for this purpose the Life of St. Francis of Assisi by Paul Sabatier and Saint Theresa of Lisieux by the Rev.Thomas N.Taylor, two of the noblest Roman Catholic Saints, and was disappointed to find nothing of the kind. Nor does he know of such phenomena being reported in connection with any other religious Teacher in India. It is things like these together with the remarkable quality of saintliness – holiness and love – which Swaminarayan impressed upon his movement, that have made his followers look upon him as even greater than Rama and Krishna, a position which very few among the religious communities in India have ever dared to give to their leaders, however much they may venerate them. Whatever it be taken all in all, in Swaminarayan we have a religious Teacher and leader of supreme significance.

We shall give here a list of some of the things that Swaminarayan is said to have done as it is given in one of the books, and though it is by no means exhaustive or systematically arranged, it is enough to give us a peep into his character, life and

work, and also into t–he atmosphere and character of the movement. He is believed by his followers to have done all these things and many more:

"Due to the glory of Shrijee Maharaj Sachchidananda Swami and many other Sadhus, many laymen such as Govardhan Bhai and many women became perfect in Samadhi and Shrijee Maharaj gave to many Bhaktas such as Santdasjee, Sachchidananda Swami, Vyapakananda Swami, Ramdasbhai, Parvatbhai, Dosabhai, Jivubai, Sadabai, etc., powers to see what was happening miles away, and to go about without any hindrance form matter. He also gave to many Bhaktas such as Mukunda Brahmachari, Manchabhai, etc., absolute control over concupiscence.

Shrijee Maharaj made many men and women altogether free form such sins and passions as Lust, Covetousness, Pride, Anger, Selfishness, etc., and made them Brahma–like and he comes to take every one of his followers at the times of his or her passing away with his chariot or elephant or horse.

Shrijee maharaja helps his followers in many ways in times of trouble and saves them from calamities due to fire, water, etc.

Whosoever felt well– disposed towards his sadhus, and whosoever served him and them with food or water or fruit or flowers of grass or fuel or with anything, and who so ever welcomed or helped of protected or proved themselves useful in some way, or served him or them with love and respect, of came in touch with them in any way with love, all these have been saved by Shrijee Maharaj.

Shrijee Maharaj has also saved whatever animals such as cows, oxen, buffaloes, horses, elephant, deer, etc. And whatever birds have proved themselves useful to him or to the Sadhus in any way. He has also saved such trees as gave him or them shade, or as gave them fruit or flowers or leaves, etc. in this way he saved both movable and immovable souls.

Due to the glory of Shrijee Maharaj, many Sadhus, laymen and laywomen, used to have Samadhi. Some of them were able to do this for themselves, but there were others who were so powerful as to put others into Samadhi and bring them back.

Due to the glory of Shrijee Maharaj even a stick or a flower or a piece of cloth* could put one into Samadhi.

Even birds such as doves, sparrows, etc. and animals such as monkeys were put into trance by the mere sight of Shrijee Maharaj.

Many people used to be put into Samadhi by Shrijee Maharaj at the same time, and they were sent in this condition leaving their bodies behind to various mansions.

At the time of the Conventions, Shrijee Maharaj used to sit on a cushioned seat on a raised dais, and seeing him in this condition, many Sadhus, laymen and laywomen used to have Samadhi, and their spirits would go to different mansions where they would see Shrijee Maharaj in different wonderful and celestial forms. On their return to their bodies they used to describe what they thus saw.

Some Sadhus who had been adepts in this Samadhi used to go to the assemblies of Shiva, Brahma, etc., and tell them of the Incarnate glory of Shrijee Maharaj, and hearing this those gods would come to offer their worship to Shrijee Maharaj.

The Lords of these different Mansions and the spirits residing there, and the different Avatars, they all would come to offer worship to Shrijee Maharaj, and this was seen by some of the Sadhus who were endowed with spiritual sight. Such is the supernatural glory of Shrijee Maharaj.

Shrijee Maharaj showed to some of his disciples how he absorbed into himself and into some of his Bhaktas even all the Incarnations, and manifested in himself various characteristics of these. Even the very mention of his name was enough to make these Bhaktas assume many forms at the same time, a thing which they were not able to do by taking the name of other Incarnations.

It is said in the scriptures that one can have Samadhi only when one perfects himself in the eight–fold Yoga, but Shrijee Maharaj went to places like Mangrol, Agatrai, Kalwani, Ahmedabad, etc., and there the mere sight of him was enough to give many people Samadhi. This happened in the case of Bhaktas as well as non–Bhaktas, to those who were spiritually–minded as well as to those who were evil–minded.

Non–Hindus, Jain, etc., came to Shrijee Maharaj and said to him: "If you show us our own Prophets and Lords, we shall believe you to be God." Then Shrijee Maharaj put them into Samadhi and manifested unto them himself as such. He did the same with the followers of Rama and Krishna.

In this and many other ways Shrijee Maharaj performed many wonderful miracles, and their number is so large that they cannot be related. Therefore knowing all this supernatural glory and knowing him to be the one Incarnate in all incarnations, the Supreme, the Cause of all and the Giver of blessedness to all, one must surrender himself completely to him, and knowing oneself as the Brahma, should worship Shrijee Maharaj as the Para–Brahma."

– Excerpted from Chapter 'VICTORY OVER DEATH' from book "SHRI SWAMINARAYAN" by Shri Manilal C. Parekh

સંપ્રદાયની અલૌકિકતા

આ સંપ્રદાય અદ્ભુત અલૌકિકતા સાથે ઉત્તરોત્તર વિસ્તરતો રહ્યો છે. આ પ્રકારની અલૌકિક ઘટનાઓ પ્રત્યેની શ્રદ્ધા પરિવારમાં તેમ જ સમાજમાં પેઢી દર પેઢી અનુભવાતી રહી છે. આવી આશ્ચર્યકારક ઘટનાઓ બીજા ધર્મમાં જણાતી નથી. માટે આ આલૌકિકતા સંપ્રદાયની અજોડ વિશિષ્ટતા છે. જે એને બીજી બધી ધાર્મિક ધારાઓ કરતાં અદ્વિતીય સિદ્ધ કરે છે.

શ્રી સ્વામિનારાયણના સમયથી શરૂ થયેલી આ શૃંખલા એમના જીવનથી માંડીને આજ સુધી એક સદી વીતી ગઈ હોવા છતાં ચાલુ રહી છે.

આ અંગે મેં અમેરિકાના એક ખ્રિસ્તી ધર્મગુરુ સાથે વાર્તાલાપ કર્યો તો એણે જણાવ્યું કે, "બાઇબલના ન્યૂ ટેસ્ટામૅન્ટમાં કોઈ પાને આવી ઘટનાઓનો ઉલ્લેખ જોવા મળતો નથી." બીજા ધર્મગુરુએ તો એટલે સુધી ભાર દઈને કહ્યું, "ખ્રિસ્તી ધર્મમાં આવી ઘટનાઓનો સદંતર અભાવ છે."

ખ્રિસ્તી ધર્મના મહાન ધર્મગુરુ સંત પૉલ કહે છે કે, "ઈશુને માનનારા પ્રભુમાં પોઢ્યા છે." આ માન્યતા સિદ્ધ કરે છે કે જજમૅન્ટના દિવસે જિસસનું પુનરાગમન થશે ત્યાં સુધી એમણે પોતાની કબરોમાં રાહ જોવી પડશે. આ પુસ્તકનો ઉપસંહાર કરતા પહેલાં મેં ખ્રિસ્તી ધર્મના મહાન સંતોના જીવનમાં આવી ઘટના અંગે સંશોધન કર્યું હતું. મારે ખાતરી કરવી હતી કે ખ્રિસ્તી ધર્મના મહાન ધર્મગુરુઓના જીવનમાં આવી ઘટનાઓ બની છે કે નહીં?

આ માટે મેં આસીસીના સંત ફ્રાન્સિસ અને લીઝીયેક્સના સંત થેરેસાને પસંદ કર્યાં હતાં. આ બંને સંતો કૅથલિક ધર્મના મહાન સંતો ગણાય છે. પૉલ સાબાનિયર અને રેવરન્ડ થૉમસ એન. ટેઈલરે મને આ કાર્યમાં મદદ કરી હતી. દુઃખદ આશ્ચર્ય સાથે મારે જણાવવાનું કે સંત ફ્રાન્સિસ કે સંત થેરેસાના જીવનમાં મને આવી કોઈ અલૌકિક ઘટના જોવા મળી નહીં.

સ્વામિનારાયણના આલૌકિક સંતત્વ, પવિત્રતા અને પ્રેમનો પ્રભાવ એમની સમગ્ર ધાર્મિક ક્રાંતિ પર પથરાયેલો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુયાયીઓ એમને શ્રીરામ-કૃષ્ણાદિ સર્વ અવતારોના અવતારી માને છે. ભારતમાં અનેક ધાર્મિક સમૂહો પોતપોતાના ધાર્મિક ગુરુઓને માને છે, પૂજે છે પરંતુ આવું બહુમાન અને સ્વીકૃતિ આપવાની કોઈએ હિંમત કરી હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. વાતનો સાર એ છે કે સ્વામિનારાયણ આપણા માટે શ્રેષ્ઠ ધર્મ ઉપદેશક અને સર્વોચ્ચ વિભૂતિ છે.

સ્વામિનારાયણના જીવનમાં કેટલીક દિવ્ય ઘટનાઓની યાદી અહીં આપવાનો પ્રયાસ કરું છું. સંપ્રદાયના ગ્રંથોમાં આ ઘટનાઓ નોંધાયેલી છે. જો કે, આ યાદી સંપૂર્ણ તો નથી જ છતાં સ્વામિનારાયણનાં ગુણો, જીવન અને કાર્ય તેમ જ એમની ધાર્મિક ક્રાંતિના ગુણધર્મો અને વાતાવરણ ઉપર પ્રકાશ પાડે છે.

શ્રીજીમહારાજના પ્રતાપથી સચ્ચિદાનંદસ્વામી જેવા અનેક સંતો અને ગોવર્ધનભાઈ જેવા સાધારણ સંસારીઓ તથા અનેક સ્રીઓ સમાધિની ઉચ્ચ અવસ્થાને પામ્યાં હતાં. શ્રીજી મહારાજે સંતદાસજી, સચ્ચિદાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, રામદાસભાઈ, પર્વતભાઈ, ડોસાભાઈ, જીવુબાઈ, સદાબાઈ જેવા ભક્તોને જોજનો દૂર બનતી ઘટનાઓને જોઈ શકે એવી નિરાવરણ દૃષ્ટિ આપી હતી તેમ જ પંચભૂતનાં આવરણોની આરપાર

જઈ શકે એવી નિરાવરણ સ્થિતિ આપી હતી. શ્રીજીમહારાજની કૃપાથી મુકુંદ બ્રહ્મચારી, મંછાભાઈ જેવા ભક્તોએ કામાદિ દોષો ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો.

શ્રીજીમહારાજે કૃપાથી અસંખ્ય સ્ત્રી-પુરુષ અનુયાયીઓને કામ, લોભ, માન, ક્રોધ, સ્વાર્થ વગેરે દોષો અને પાપવૃત્તિથી મુક્ત કર્યાં હતાં અને છતે દેહે બ્રહ્મરૂપ કર્યાં હતાં. શ્રીજીમહારાજ મૃત્યુ સમયે પોતાના અનુયાયીઓને રથ, હાથી, ઘોડા લઈને તેડવા પધારે છે. દુ:ખના સમયે શ્રીજીમહારાજ પોતાના ભક્તોને ઘણી રીતે મદદ કરે છે અને આફત તેમ જ હોનારતમાંથી બચાવે છે.

શ્રીજીમહારાજે એ તમામનો ઉદ્ધાર કર્યો છે કે જેઓએ એમને અને એમના સંતોને અન્ન, ફૂલ-ફળાદિ, પુષ્પો, પાણી, ઇંધણ વગેરે અર્પણ કર્યાં હોય, આદર આપ્યો હોય, મદદ કરી હોય, રક્ષણ કર્યું હોય કે કોઈ પણ પ્રકારે ઉપયોગી થયા હોય, પ્રેમ અને આદરથી તેમની સેવા કરી હોય કે કોઈ પણ પ્રકારે કરીને તેમના યોગમાં આવ્યા હોય તે સર્વેનો મોક્ષ કર્યો છે.

તદ્‌ઉપરાંત શ્રીજી મહારાજે અનેક ગાયો, બળદ, ભેંસ, ઘોડા, હાથી વગેરે પ્રાણીઓ અને બીજાં પક્ષીઓ કે જેઓ એમને તથા સાધુઓને ઉપયોગી બન્યાં હોય તે તમામને મોક્ષ પ્રદાન કર્યો છે. તેઓએ એવાં વૃક્ષોનું પણ કલ્યાણ કર્યું છે કે જેમણે તેઓને છાંયડો, ફૂલ-ફળાદિ વગેરે અર્પણ કર્યાં હોય. આ રીતે શ્રીજીમહારાજે સ્થાવર અને જંગમ બંને પ્રકારના દેહધારી આત્માઓને મોક્ષ આપેલ છે.

શ્રીજીમહારાજની કૃપાથી સંતો અને ઘણા સામાન્ય નર-નારીઓ સમાધિનું સામર્થ્ય પામ્યાં હતાં. કેટલાંક પોતે સમાધિમાં જઈ શકતાં હતાં, પરંતુ અમુક વ્યક્તિઓ બીજાને પણ સમાધિ કરાવીને પરત પણ લાવી શકતા હતા.

શ્રીજીમહારાજની કૃપાથી કેવળ લાકડી, પુષ્પ કે રૂમાલથી પણ સમાધિ થઈ જતી હતી. શ્રીજીમહારાજની દૃષ્ટિમાત્રથી કબૂતર, ચકલી જેવાં પક્ષીઓ તથા વાનર જેવાં પ્રાણીઓને પણ સમાધિ થતી. શ્રીજીમહારાજે ઘણા લોકોને એક જ સમયે સમાધિ કરાવતા અને તેઓ તેમનાં શરીર છોડીને લોકાંતરમાં, અન્ય ધામોમાં જતા.

સભામાં ઉચ્ચ સિંહાસન ઉપર વિરાજમાન શ્રીજીમહારાજના દર્શનમાત્રથી ઘણાં સંતો અને સ્ત્રીઓ તથા પુરુષોને સમાધિ થઈ જતી અને તેઓ લોકાંતરમાં અને બીજા ધામોમાં જઈને ત્યાં શ્રીજીમહારાજના વિવિધ આશ્ચર્યકારક દિવ્ય સ્વરૂપોનાં દર્શન કરતાં અને સમાધિમાંથી પાછા દેહમાં આવ્યા બાદ પોતાને થયેલાં દર્શનનું વર્ણન કરતાં.

કેટલાક સમાધિનિષ્ઠ સંતો તો શંકર, બ્રહ્મા વગેરે દેવોના દરબારમાં જઈને ત્યાં શ્રીજી મહારાજના અવતારી ચરિત્રોનું વર્ણન કરતા જે સાંભળ્યા બાદ આ દેવ-દેવતાઓ પણ શ્રીજી મહારાજનું પૂજન કરવા આવતા.

વિવિધ ધામોના અધિપતિઓ, ત્યાંના મુક્તો અને વિવિધ અવતારો પણ શ્રીજી મહારાજના દર્શન-પૂજન કરવા આવતા. જેમને યોગસમાધિવાળા સંતો દેખતા. આવી શ્રીજી મહારાજની અલૌકિક દિવ્ય પ્રતિભા હતી.

શ્રીજી મહારાજ કેટલાક ભક્તોને પોતાના સામર્થ્યથી જુદા જુદા અવતારોને પોતાને વિશે લીન કરી દેખાડતા અને જુદા જુદા અવતારોના સામર્થ્યને પોતાને વિશે દેખાડતા. શ્રીજી મહારાજના નામ માત્રથી આ ભક્તો એક જ સમયે અનેક સ્વરૂપે થઈ શકતા. જ્યારે અન્ય નામ સ્મરણથી આમ કરવા સમર્થ થતા નહીં.

ધર્મગ્રંથોના મત પ્રમાણે અષ્ટાંગ યોગસિદ્ધિ કર્યા બાદ જ સમાધિ થઈ શકે, પરંતુ શ્રીજી મહારાજ માંગરોળ, અગત્રાઈ, કાલવાણી, અમદાવાદ જેવા શહેરોમાં જતા અને ત્યાં એમના દર્શન માત્રથી ઘણા લોકોને સમાધિ થઈ જતી. આ સમાધિ ભક્ત-અભક્ત અને દૈવી તથા આસુરી સર્વ જીવોને પણ થતી.

એક વાર બિનહિન્દુ તથા જૈન વગેરે લોકો શ્રીજી મહારાજ પાસે આવ્યા અને વિનંતી કરી કે 'અમને અમારા પોતાના પયંગબર અને ઈષ્ટદેવના દર્શન કરાવો તો જ અમે તમને ભગવાન તરીકે સ્વીકારીએ.' શ્રીજી મહારાજે તેમને પણ સમાધિ કરાવી અને સમાધિમાં તે તે સ્વરૂપે પોતાના દર્શન કરાવ્યા. આ જ પ્રમાણે તેમણે રામ તથા કૃષ્ણના અનુયાયીઓને પણ તેમના ઈષ્ટદેવ રૂપે દર્શન આપ્યા.

આ પ્રકારે શ્રીજી મહારાજે જુદી જુદી રીતે ઘણા બધા આશ્ચર્યજનક ચમત્કારો કર્યા છે, જેને વર્ણવા શક્ય નથી તેથી શ્રીજી મહારાજના આ પારલૌકિક સામર્થ્યને જાણીને તેઓ સર્વ અવતારના અવતારી, સર્વોપરી, સર્વ કારણનાં કારણ અને દરેકને પરમ આનંદના પ્રદાતા છે, એમ જાણીને સર્વ પ્રકારે તેમનો આશરો કરી, પોતાને બ્રહ્મરૂપ માની, શ્રીજી મહારાજને પરબ્રહ્મ રૂપે ભજવા જોઈએ.

(શ્રી મણિલાલ સી પારેખ લિખિત પુસ્તક "શ્રી સ્વામિનારાયણ")

નોંધઃ– શ્રી મણિલાલભાઈએ પોતાના પુસ્તકમાં 'ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તોને અંત સમયે ધામમાં તેડી જતાં હોય' એવા અનેક પ્રસંગો ટાંક્યા છે.

વર્ષો સુધી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરનાર પ્રબુદ્ધ વ્યક્તિની કલમે ભગવાન શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્યનું આવું વર્ણન થાય એ જ મોટો ચમત્કાર છે.

●●●

પરિશિષ્ટ-૪

દલપતરામ પ્રબંધ

કવીશ્વર દલપતરામ ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના નંદસંત કવિ બ્રહ્માનંદસ્વામીના શિષ્ય શ્રી દેવાનંદસ્વામી દલપતરામના કાવ્ય ગુરુ હતા. નંદ સંતકવિ શ્રી ભૂમાનંદ સ્વામીની પણ કવીશ્વરના જીવન ઉપર ઘેરી અસર હતી.

કવીશ્વર દલપતરામે નાની ઉંમરે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કર્યાં હતાં અને એ દર્શન તેઓ જીવનભર વીસરી શક્યાં ન હતાં.

મહા કવિ નાનાલાલે પોતાના પિતા શ્રી દલપતરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના ભક્તિપૂર્ણ સંબંધોને પોતાની આગવી ડોલનશૈલીથી નિરૂપ્યા છે.

કવીશ્વર દલપતરામ જન્મજાત કવિ હતા. કાવ્યો એમનાં અંતરમાંથી સહજભાવે સ્ફૂર્તાં. એમની શીઘ્ર રચનાઓ પણ સુંદર અને પદલાલિત્યથી પૂર્ણ રહેતી. કેટલીક રચનાઓ 'કૂટ' અર્થાત્ બુદ્ધિની કસોટી કરાવે એવા કોયડાઓથી ભરપૂર રહેતી.આવી રચનાઓ દલપતરામની શ્રેષ્ઠ પ્રતિભાનું દર્શન કરાવતી.

કવીશ્વર દલપતરામની આવી ઉત્કૃષ્ટ રચનાઓના એક-બે પ્રસંગો માણવા જેવા છે.

એક સમયે અમદાવાદમાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સભા ભરી હતી. કવીશ્વર દલપતરામ પોતાના પિતા ડાહ્યાલાલ ભાઈની સાથે દર્શને આવ્યા.

સંતો-હરિભક્તોની આ દિવ્ય સભામાં ડાહ્યાભાઈએ દલપતરામને કહ્યું, "બેટા! આપણે બ્રાહ્મણ છીએ, તો તમે આ સંતો-ભક્તોની દિવ્ય સભાને આશીર્વાદ આપો."

એ જ સમયે શીઘ્ર કવિ દલપતરામે ગણિતના અદ્ભુત કોયડા જેવી એક જ છંદની રચના દ્વારા સર્વ સભાને એક સાથે શતાયુ થવાના આશીર્વાદ આપ્યા. શિખરિણી છંદમાં ગુંથાયેલી એ રચના નીચે પ્રમાણે છે.

સભાના ઓ સ્વામી સહુજન સભાના પણ સુણો
સ્વનામે જે સંખ્યા વરણગણી સાતે કરી ગુણો
શશી ઉમેરીને દશગુણિત રત્ને કરી હરો
વધે તે સંખ્યાથી વરસ દશધા આયુષ ધરો.

અર્થ - સભાના સ્વામી હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સભામાં વિરાજમાન સર્વ સંતો ! તથા હરિભક્તો ! તમે સર્વે તમારા નામમાં જેટલા અક્ષરો હોય એને સાતથી ગુણો, ગુણાકારનું જે ફળ આવે એમાં શશી અર્થાત્ એક ઉમેરો પછી જે સરવાળો થાય એને ફરીથી દશથી ગુણો - ગુણાકારનું જે ફળ આવે એને રત્નોથી અર્થાત્ ચૌદથી ભાગો. ભાગાકાર કરતા જે શેષ આવે એનાથી દશગણી આવરદા ભગવાન તમને આપે.

સાહિત્યશાસ્ત્રમાં શશી, રત્ન વગેરે શબ્દો સંખ્યાના સૂચક પણ ગણાય છે. ચંદ્ર એક છે, માટે શશી એટલે એક. રત્ન ચૌદ છે, એટલે રત્ન એટલે ચૌદ, વગેરે...

આશ્ચર્યની વાત એ છે. આ રચનામાં જે રીતે સરવાળા, ગુણાકાર, ભાગાકાર બતાવાયા છે, એ પ્રમાણે કરતા જઈએ તો હંમેશાં છેલ્લે શેષ દશ જ આવે અને એને દશથી ગુણો તો સો થાય.

જેમ કે 'અયોધ્યાપ્રસાદજી' આ નામમાં સાત અક્ષરો છે. તેને સાતથી ગુણો એટલે ૪૯ થાય એમાં એક ઉમેરો એટલે ૫૦ થાય. પચાશ ગુણ્યા દશ કરો એટલે ૫૦૦ થાય. પાંચશોને ચૌદથી ભાગાકાર કરતા જાવ એટલે આખરે શેષ ૧૦ આવે. દશને દશગણી કરો એટલે ૧૦૦ થાય.

તમે સ્વયં તમારા નામ સાથે અખતરો કરી જુઓ. કોઈ પણ નામ સાથે આ સૂત્ર આશ્ચર્યજનક રીતે લાગુ પડે છે.

કવીશ્વર દલપતરામની આવી તો કેટલીયે અજોડ રચનાઓ છે.

એક સમયે મુંબઈના શ્રેષ્ઠીઓએ મુંબઈમાં માધવબાગ ખાતે સત્સંગ સભાનું આયોજન કર્યુ હતું. આ સભામાં વક્તા તરીકે તે સમયના બે મહાન કવિઓને નિમંત્ર્યા હતા. એક હતા ગટુલાલજી મહારાજ અને બીજા હતા કવીશ્વર દલપતરામ.

એ સમયના આ બન્ને મહાપુરુષો શ્રેષ્ઠ કવિઓ હતા. ગટુલાલજી મહારાજ સંસ્કૃત ભાષાના ધુરંધર વિદ્વાન હતા અને કવીશ્વર દલપતરામ ગુજરાતી સાહિત્યના શિરમોડ હતા. ગટુલાલ મહારાજ પરમ વૈષ્ણવ હતા. દલપતરામ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુયાયી હતા. એ બન્ને મહાપુરુષો વચ્ચે ભારે આત્મીયતા હતી.

ઘણી વાર સાહિત્યક્ષેત્રે ઈર્ષા અને માત્સર્ય સારા સારા સાહિત્યકારોનો પીછો છોડતા નથી. પરસ્પર પદકુસ્તી અને કલમકુસ્તી ચાલ્યા જ કરતી હોય છે. આ બન્ને મહાપુરુષો આવી ધીંગામસ્તીથી મુક્ત હતા, એટલે જ મહાન હતા.

સંજોગવશાત બન્ને કવિરાજ આંખે અંધ થયા હતા.

મુંબઈની સભામાં પ્રથમ પ્રવચન ગટુલાલજી મહારાજનું હતું, એમણે ભાવવાહી શૈલીમાં રસાળ પ્રવચન કરી શ્રૌતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કેટલો સમય ગયો એનું પણ કોઈને ભાન રહ્યું ન હતું.

અચાનક ગટુલાલજી મહારાજને યાદ આવ્યું, "અરે! સમય ઘણો ગયો અને હજુ કવીશ્વર દલપતરામનો વારો બાકી છે." એમણે સભાને સભાને સંબોધતા કહ્યું, "સભાજનો ક્ષમા કરજો, મારાથી સમયનું ભાન રહ્યું નથી. ભગવાને મારી આંખો લઈ લીધી છે, એટલે ઘડિયાળનો ઉપયોગ કરી શક્યો નથી. કવીશ્વર દલપતરામ જેવા મહાન વક્તા આપણી વચ્ચે ઉપસ્થિત છે. હવે આપણે એમને માણીશું."

સમય પારખુ કવીશ્વર સમજી ચૂક્યા હતા કે, સમય ઘણો પસાર થયો છે માટે મારે ટૂંકમાં જ પતાવવું જોઈએ. એમણે સભાને સંબોધતા કહ્યું, "સભાજનો! આજે આપણે સર્વે ભાગ્યશાળી છીએ કે આપણને ગટુલાલજી મહારાજ જેવા મહાન વિદ્વાન વક્તાની રસાળ વાણી માણવાનો અવસર પ્રાપ્ત થયો. તેઓશ્રી વિદ્વતા અને ઉંમર બન્ને દૃષ્ટિએ મારા કરતા મોટા છે, પણ એક દૃષ્ટિએ અમે બન્ને સમાન છીએ. પરમેશ્વર એમની આંખો લઈ લીધી છે. એ જ રીતે મારી પણ લઈ લીધેલી છે. મારે તમારો વિશેષ સમય લેવો નથી, પણ આજે મારે ટૂંકમાં ઠાકોરજીને ઠપકો દેવો છે."

ઠાકોરજીને ઠપકો દેવાની વાત આવી એટલે શ્રોતાઓના કાન ભારે ઉત્સુક થયા. સર્વના મનમાં જિજ્ઞાસા જાગી કે કવિ ઠાકોરજીને કેવો ઠપકો આપશે?

કવીશ્વર દલપતરામે એક સુંદર શિખરિણી છંદના માધ્યમથી ઠાકોરજીને ઠપકો દીધો.

અજ દેવને તો આઠ આંખો રુદ્રને ત્રણ બાર છે,
ઇન્દ્ર એક હજાર નેત્ર અહીન્દ્ર જોડ્ય હજાર છે.
સૃષ્ટિના સરજન હાર કરી ઉપકાર નેત્ર દીધાં ઘણાં,
ગટુલાલ, દલપતરામ જેવા ગરીબના છીનવી લીધાં

અર્થ – હે સૃષ્ટિના સર્જનહાર ! તું કેવો પક્ષપાતી છો. વરસ્યો ત્યાં વરસ્યો, ન વરસ્યો ત્યાં ન વરસ્યો. તે ચતુરમુખ બ્રહ્માને આઠ આંખો આપી, પંચમુખી રુદ્રને પંદર આંખો આપી, (શિવજી ત્રિનેત્રી છે. એટલે પાંચ મુખ અને પંદર આંખ થાય.) ઇન્દ્રને એક હજાર નેત્ર આપ્યાં. શેષ નારાયણને હજાર મુખ હોવાથી બે હજાર આંખો આપી. હે સૃષ્ટિના સર્જનહાર! તે આ બધાયને આટલી બધી આંખો આપી અને ગટુલાલ અને દલપતરામ જેવા ગરીબની હતી એ પણ છીનવી લીધી !

છંદનું શ્રવણ કરતાં જ સભામાં હાસ્યરસ છલકાઈ ગયો અને તાલીઓના ગડગડાટથી ગગન ગૂંજી ઊઠ્યું. મુંબઈની આ સભા ભારે યાદગાર બની ગઈ!

રાગ, દ્વેષ અને નિંદા રસથી ભરપૂર સાહિત્ય તીખા-તમતમતા જંક ફૂડ જેવું છે : આજે સર્વને એ જ ભાવે છે, પરંતુ મહિમા તો જીવનને સાચી દિશા બતાવનાર સંસ્કારથી ભરપૂર સાહિત્યનો છે. આ બન્ને મહાપુરુષોમાં 'સેન્સ ઑફ હ્યુમર' અજોડ હતી. સાથે સાથે એમની રચનાઓ સમાજને ઘડનારી હતી.

કવિ શ્રી દલપતરામની અનેક રચનાઓ સુપ્રસિદ્ધ છે. એમાં એમણે રચેલ હરિલીલામૃત ગ્રંથ અજોડ છે. જે રીતે તુલસીદાસજીએ ભગવાન રામને કેન્દ્રમાં રાખીને રામાયણની રચના કરેલી છે, જે રીતે વ્યાસજીએ ભગવાન શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને ભાગવતજીની રચના કરેલી છે, એ જ રીતે કવિ શ્રી દલપતરામે ભગવાન શ્રી સ્વામિનારાયણને કેન્દ્રમાં રાખીને હરિલીલામૃત મહાકાવ્યની રચના કરેલી છે.

મુખ્યત્વે આ ગ્રંથ ચોપાઈમાં રચાયેલો છે. સાહિત્યશાસ્ત્રમાં પ્રસિદ્ધ લગભગ સર્વ છંદોને કવિશ્રીએ પોતાની આગવી પ્રતિભાથી આ ગ્રંથમાં ગૂંથી લીધા છે. એક જ ગ્રંથમાં લગભગ બધા જ છંદ આવરી લેવામાં આવ્યા હોય એવા ગ્રંથો ઓછા હોય.

આ ગ્રંથમાં પ્રસંગોપાત વિવિધ વિષયોને કેન્દ્રમાં રાખી વિવિધ છંદોમાં ગૂંથાયેલ 'ઉપદેશ' સાહિત્યશાસ્ત્રનો અમૂલ્ય ખજાનો છે. સાથે સર્વ શાસ્ત્રોનો સાર પણ છે.

આ ગ્રંથમાં ઉપમા અને અલંકારોની તો હારમાળા છે. આ ગ્રંથમાં નવેનવ રસનો અદ્‌ભુત પરિપાક છે.

સૌથી વધારે આકર્ષક વાત આ ગ્રંથના વિવિધ પ્રબંધો છે. સાહિત્યમાં વિવિધ પ્રતીકોને કેન્દ્રમાં રાખીને પ્રબંધોની રચના થાય છે. જેમ કે કુંભ, રથચક્ર, છત્ર, હાથી વગેરે... અસાધારણ પ્રતિભા સિવાય આવા પ્રબંધોની રચના અશક્ય છે.

આ બધી જ દષ્ટિએ વિચારતા શ્રી હરિલીલામૃતગ્રંથ માત્ર સાંપ્રદાયિકગ્રંથ નથી, પરંતુ ગુજરાતી સાહિત્યનો શિરમોડ ગ્રંથ છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે સંશોધન કર્તાઓ માટે આ ગ્રંથ ગજબની ભૂમિકા પૂરી પાડે તેમ છે.

આપણે ભૂમિકામાં જોયું છે તેમ કવીશ્વરે સંપ્રદાયના મહાન આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજની પ્રેરણાથી આ અજોડ ગ્રંથની રચના કરી છે અને આ રચના એમણે આચાર્યશ્રીના નામે અર્પણ કરી છે. એટલા માટે જ આ ગ્રંથ કવીશ્વર દલપતરામની રચના હોવા છતાં વિહારીલાલજી મહારાજકૃત ગ્રંથ ગણાય છે. કવીશ્વરની ગુરુભક્તિનું આ અનુપમ ઉદાહરણ છે.

ગુજરાતી સાહિત્યમાં ભુલાઈ રહેલી પ્રબંધોની ભવ્યતા સાહિત્ય રસિકોને જાણવા અને માણવા મળે, સાથોસાથ કવીશ્વર દલપતરામની ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની ભક્તિનો પણ આસ્વાદ મળે એ હેતુથી આ સુંદર પ્રબંધોને અહીં પ્રસ્તુત કરતા આનંદ થાય છે.

૧. કલશ પ્રબંધ

(છંદ - દોહરા)

લોભ ન કરવા નરજનમ, નિરધન વા ધનપાસ;
માની જ્ઞાનરસ કુંભમાં, મનવા ભલો નિવાસ.

(કળશ - ૩ વિશ્રામ - ૨૩)

પ્રસંગ :- ભગવાન શ્રી નીલકંઠવર્ણી વનવિચરણ કરતાં કરતાં ઊના પાસેના સીમર ગામે પધાર્યા. અહીં એક લોભી વણીકે ધન પ્રાપ્તિની આશાથી નીલકંઠવર્ણીને જમાડ્યા અને ‘મને ધન મળે એવા આશીર્વાદ આપો’ એવી માગણી કરી.

એ સમયે નીલકંઠવર્ણીએ લોભી વાણિયાને લોભ ન કરવા વિશે ઉપદેશ આપ્યો અને કહ્યું, “ધનવાન હોય કે નિર્ધન, મનુષ્ય જન્મ લોભ કરવા માટે નથી. સાચો લાભ ધનલાભ નથી, જ્ઞાનલાભ છે. પરમાત્માના ચરણમાં કળશનું ચિહ્ન છે. એ કળશમાં જ્ઞાનરસ ભર્યો છે. તું ધનનો લાભ છોડીને આ જ્ઞાનકુંભમાં પ્રીતિ કરીશ તો તારું કામ થઈ જશે.”

પ્રબંધ સમજૂતી :- (૧) આ કળશના ચિત્રમાં સૌપ્રથમ કળશના મુખ પાસેથી જે ઊભી પંક્તિ છે તે વાંચવી - ‘લોભ ન કરવા નરજનમ’ - ત્યાર બાદ (૨) આડી પંક્તિ - ‘નિરધન વા ધનપાસ’ - ત્યારબાદ (૩) કળશને ફરતી જે ગોળાકાર પંક્તિ છે તે વાંચવી - ‘માની જ્ઞાનરસ કુંભમાં’ - ત્યાર બાદ (૪) કળશના નીચેના ભાગમાંથી ‘મન’ તથા વચ્ચેના ભાગમાંથી ‘વા’, ઉપરના ભાગમાં ‘ભલો’ તથા વચ્ચેની આડી પંક્તિમાં પ્રથમ, મધ્ય અને અંતિમ અક્ષરોથી ‘નિવાસ’ શબ્દ ગોઠવવામાં આવ્યો છે.

૨. બહિર્લાપિકા

(છંદ - શાર્દુલવિક્રીડિતવૃત)

જોયો શૈલ કિયો ભલા ગુરુ કિયા બ્રહ્માસુતા સિંધુજા,
કેવું સિંધુસમીપ હોય સર તે ઝીણી કહો ભૂમિજા;
શું નાણું તનને નવીન અરથે કેના પછી દૌ ધરી,
શંભુ શત્રુ સુકંઠી કોણ સુણીને બે પંક્તિ ઊભી કરી.

(કળશ - ૩ વિશ્રામ - ૨૫)

પ્રસંગ :- ભગવાન શ્રી નીલકંઠવર્ણી વનવિચરણ દરમિયાન જૂનાગઢના સુપ્રસિદ્ધ હાટકેશ્વર મંદિરે પધાર્યા હતા. આ મંદિર વિદ્વાન નાગર બ્રાહ્મણોનું ગઢ સમાન ગણાય. એક બ્રાહ્મણે આ સુકલકડી બ્રહ્મચારીની પરીક્ષા લેવા માટે દસ પ્રશ્નો પૂછ્યા.

નોંધ :- દરેક પ્રબંધોના રંગીન ચિત્રો પાછળ આપવામાં આવ્યાં છે

કવીશ્વર દલપતરામે નીલકંઠવર્ણીએ આપેલા એ ઉત્તરોને શાર્દુલવિક્રિડિત છંદ અને બહિર્લાપિકા પ્રબંધમાં ગૂંથ્યા છે. એક તો શાર્દુલવિક્રિડિત છંદની રચના જ દુષ્કર છે, એમાં પણ બહિર્લાપિકા પ્રબંધ તો રચનાને વિશેષ દુષ્કર બનાવે છે.

ખરેખર આ છંદ અને પ્રબંધમાં કવિનું શ્રેષ્ઠ કાવ્યકૌશલ્ય પ્રગટ્યું છે.

પ્રબંધ સમજૂતી :-

પ્રશ્ન - ૧ : 'જોયો શૈલ કિયો?' ઉત્તર - (જુઓ ઊભી પંક્તિ) ગિરનાર.

પ્રશ્ન - ૨ : 'ભલા ગુરુ કિયા?' ઉત્તર - (જુઓ ઊભી પંક્તિ) રામાનુજ.

પ્રશ્ન - ૩ : 'બ્રહ્મસુતા?' ઉત્તર - (જુઓ આડી પંક્તિ) ગિરા અર્થાત્ સરસ્વતી.

પ્રશ્ન - ૪ : 'સિંધુજા?' ઉત્તર - (જુઓ આડી પંક્તિ) રમા-સમુદ્રથી ઉત્પન્ન થયેલા લક્ષ્મીજી.

પ્રશ્ન - ૫ : 'કેવું સિંધુ સમીપ હોય સર તે?' ઉત્તર - (જુઓ આડી પંક્તિ) નાનુ - અર્થાત્ સમુદ્રની પાસે સરોવર અતિ નાનું દેખાય.

પ્રશ્ન - ૬ : 'ઝીણી કહો ભૂમિજા?' ઉત્તર - (જુઓ આડી પંક્તિ) રજ - અર્થાત્ ભૂમિના ઝીણા ભાગને રજ કહે છે.

પ્રશ્ન - ૭ : 'શું નાણું?' અર્થાત્ નાણાને માટે વપરાતો શબ્દ ક્યો છે? ઉત્તર - (જુઓ આડી પંક્તિ, પાછળથી) જર.

પ્રશ્ન - ૮ : 'તનને નવીન અર્થે કેના પછી દૌ ધરી?' અર્થાત્ 'તન' શબ્દને કોના પછી મૂકવાથી 'નવીન' અર્થદ્યોતક શબ્દ ઉત્પન્ન થાય? ઉત્તર - (જુઓ આડી પંક્તિ, પાછળથી) 'નુ' પછી 'તન' શબ્દ મૂકવાથી, 'નૂતન' એવો નવીન શબ્દનો સમાનાર્થી શબ્દ બને.

પ્રશ્ન - ૯ : 'શંભુ શત્રુ?' ઉત્તર - (જુઓ આડી પંક્તિ, પાછળથી) માર - અર્થાત્ કામદેવ, જેને શિવજીએ બાળી નાખ્યો છે તે.

પ્રશ્ન - ૧૦ : 'સુકંઠિ કોણ?' ઉત્તર - (જુઓ આડી પંક્તિ, પાછળથી) રાગિ - અર્થાત્ સારા રાગવાળા - કુશળ ગવૈયાને સંસ્કૃતમાં સુકંઠિ કહેવામાં આવે છે.

આ રીતે દશ પ્રશ્નોના ઉત્તર બે ઊભી લીટીના માધ્યમથી બહિર્લાપિકા પ્રબંધમાં ગૂંથી લેવામાં આવ્યા છે.

૩. સર્વતોભદ્ર પ્રબંધ

(અનુષ્ટુપ શ્લોક)

રામાનંદ કહે વિપ્રો, જરા હામ ધરી જજો;
બધે જઈ ઝટ આવ્યાની, હા કહીને પથે થજો.

(કળશ - ૪, વિશ્રામ - ૨૦)

પ્રસંગ :- ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ જેતપુરમાં ભગવાન શ્રી નીલકંઠવર્ણીને પોતાની ધર્મધૂરા સોંપવાનો નિર્ણય કર્યો. આ નિમિત્તે ગાદીપટ્ટાભિષેક યોજાયો. આ દિવ્ય પ્રસંગની કંકોતરીઓ ઠેર ઠેર પહોંચાડવા માટે સ્વામીએ મયારામ ભટ્ટ વગેરે વિપ્રોને તેડાવ્યા અને ઉપર પ્રમાણે ભલામણ કરી.

ત્યારે એક વિપ્રે ઉત્તર આપ્યો, "હે ગુરુદેવ ! આપ કહો છો એ પ્રમાણે અમે ઠેર ઠેર આમંત્રણ પત્રિકા પહોંચાડીશું. ગમે તેટલું દૂર જવાનું થશે, તોપણ હિંમત નહીં હારીએ અને જલદી પાછા આવીશું."

કવિશ્રીએ વિપ્રોના આ ઉત્તરને સર્વતોભદ્ર પ્રબંધમાં ગૂંથેલો છે.

	જ રા હા મ મ હા રા જ	
	રા ખ શું જ જ શું ખ રા	
	હા શું મ હા હા મ શું હા	
	મ જ હા મ મ હા જ મ	

પ્રબંધ સમજૂતી :- આ સર્વતોભદ્ર પ્રબંધમાં ચારે બાજુથી એક સરખું જ વાંચી શકાય છે.

૪. રથચક્ર પ્રબંધ

(અનુષ્ટુપ શ્લોક)

તં સુકાયભૃતં કાન્તં તં કાન્તં સર્વતોગતમ્ ।
તં ગતોદ્વેગદેવં તં તં વન્દે ભક્તિકાસુતમ્ ॥

(કળશ - ૭ વિશ્રામ - ૬)

(ગુજરાતી ભાષાંતર)

રૂડી કાયા મનોહર ધારી, સ્વામી સર્વ સ્થળે ગતિકારી;
ગત ઉદ્વેગ દેવ છે જેહ, વંદુ ભક્તિતણા સુત તેહ.

પ્રસંગ :- નાગડકા ગામમાં સુરાખાચરના દરબારમાં વિરાજમાન ભગવાન શ્રીહરિના દર્શન કરવા નિત્યાનંદ સ્વામી આવ્યા, ત્યારે મહારાજની સ્તુતિરૂપે ઉપરોક્ત શ્લોક

રચ્યો હતો.

શ્લોકાર્થ :- રમણીય કાયા વાળા, લક્ષ્મીજીના પતિ, સર્વત્ર વ્યાપક, સર્વના સ્વામી અને સમસ્ત દુઃખ-ક્લેશથી રહિત એવા શ્રી ભક્તિપુત્ર ભગવાન શ્રીહરિને હું વંદન કરું છું.

પ્રબંધ સમજૂતી :- ઉપરોક્ત પ્રબંધમાં અનુષ્ટુપ્ શ્લોકને રથચક્રમાં ગોઠવેલો છે. ધરીનાં સ્થાને કેન્દ્રમાં રહેલાં 'તં'થી શ્લોકના ચારે પાદ શરૂ થાય છે અને દરેક પાદનો છેલ્લો અક્ષર પણ કેન્દ્રમાં રહેલો એ જ 'તં' આવે છે.

૫. ધનુષ પ્રબંધ

(છંદ - દોહરા)

ભાસે ભાળી ચાપ પ્રભુ, પ્રભુ અંઘ્રી સત્ય એહ;
ધારે સ્નેહી જેહ જન, ભાળી પ્રભુ સહ સ્નેહ.

(કળશ - ૭ વિશામ - ૮)

પ્રસંગ :- ભગવાન શ્રી સ્વામિનારાયણ ભચાઉથી આધોઈ ગામ પધાર્યા. અહીના પ્રેમી ભક્ત કરણીબાના ઘરે ઉતારો કર્યા. એ સમયે કરણીબાની નજર મહારાજના ચરણોમાં વાગેલા કાંટા ઉપર પડી અને પોતાના હાથે અઢાર કાંટા કાઢ્યા. એ સમયે મહારાજના ચરણમાં રહેલા સોળ ચિન્હોનાં પણ દર્શન થયાં.

કાંટા કાઢતી વખતે કરણીબા તેમાં ધનુષ્યનું ચિહ્ન નિહાળીને વિચાર કરે છે, 'આ ધનુષ્યનું ચિહ્ન ભગવાન સિવાય કોઈના ચરણમાં ન હોય, માટે આ મહારાજ નક્કી ભગવાન છે.' એમ જાણી ભગવાન શ્રી સ્વામિનારાયણના ભાવથી દર્શન કરી સોળ ચિહ્ને સહિત મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા.

ભાવાર્થ :- ચરણમાં ચાપ એટલે ધનુષ્યને જોઈને 'આ શ્રીહરિ ખરેખર ભગવાન છે' એમ નિશ્ચય થાય છે. પછી તે સ્નેહી ભક્તજન સત્યસ્વરૂપ ભગવાન શ્રીહરિના સ્વરૂપને હૃદયકમળમાં ધારે છે.

'ભાળી પ્રભુ સહ સ્નેહ'નો અર્થ છે, સ્નેહ સહિત શ્રીહરિના દર્શન કરીને.

પ્રબંધ સમજૂતી :- ઉપરોક્ત પ્રબંધને વાંચવા સૌપ્રથમ ડાબી બાજુથી શરૂ કરી જમણી બાજુ પહોંચતા પહેલું પાદ પૂરુ થયું. ત્યારબાદ તેની નીચેથી જમણી બાજુથી ડાબી બાજુ જતાં 'ધારે સ્નેહી જેહ જન' ત્રીજું પાદ પૂરું થાય.

ત્યાર પછી પહેલો અક્ષર ભાસેનો 'ભા' લઈને ભાળીનો 'ળી' મળીને 'ભાળી' શબ્દ બન્યો. આ રીતે હવે પછી આગળ વચ્ચે બે અક્ષર મૂકીને ત્રીજા અક્ષરને જોડવાથી પંક્તિનું ચોથું પાદ પૂરું થાય છે.

૬. પુષ્પમાળા પ્રબંધ

(છંદ - સ્રગ્ધરાવૃત્ત)

વા'લા માળા ગળામાં વિધવિધની ધરો સારી સારી કરી છે,
શ્રીજી તાજી સજી છે સુમનમય મહા ભારી કારીગરી છે;
જ્ઞાની ધ્યાની મુનિયો ઉર પર નિરખે ચાહી ચાહી રહીને,
દેખી દેખી સુખી થૈ સુર નર હરખે પાહિ પાહિ કહીને.

(કળશ - ૭ વિશ્રામ - ૧૦)

પ્રસંગ :- ઘોડાસર ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સભામાં વિરાજમાન હતા. દાદા ખાચરે કેશર, કુંકુમ, અક્ષતાદિથી પૂજા કરી. પૂજન સમયે દાદા ખાચરના મનમાં થયું, 'એકાદિ પુષ્પમાળા હોત તો શ્રીહરિની પૂજા વધારે સારી થાત.'

દાદા ખાચરે આ સંકલ્પ કર્યો. એ જ વખતે એક માળી આવ્યો. માળીના હાથમાં છાબ હતી. છાબમાં ભાતભાતના ફૂલોથી ગૂંથેલી સુંદર માળા હતી. દાદા ખાચરે પળનોય વિલંબ કર્યા સિવાય એક સોનામહોર આપીને એ માળા ખરીદી લીધી અને સ્તુતિ કરતાં કરતાં એ માળા ભારે ભાવથી મહારાજના કંઠમાં આરોપી.

આ ભાવસભર દશ્યને કવીશ્વર દલપતરામે સ્રગ્ધરા છંદમાં ગૂંથેલા પુષ્પમાળા પ્રબંધમાં વણી લીધું.

ભાવાર્થ :- હે વહાલા ! અનેકવિધ પુષ્પોથી બનેલી આ અતિ સુંદર માળાને આપ કંઠમાં ધારણ કરો. હે શ્રીજી મહારાજ ! આ માળા તાજાં ફૂલોની બનાવેલી છે. માળાની ગૂંથણીમાં ભારે કારીગરી છે. જ્ઞાની, ધ્યાની, મુનિજનો આપના ઉર ઉપર વિરાજતી માળાને ભારે ભાવથી નીરખી રહ્યા છે.

આ સુંદર માળાને ધારી રહેલ આપનું દર્શન કરતાં કરતાં દેવો અને માનવો મનમાં હરખી રહ્યા છે અને 'હે ભગવાન ! ભવસાગરમાં અમારું રક્ષણ કરો, રક્ષણ કરો.' એમ બોલતાં બોલતાં તમારે શરણે થઈ રહ્યા છે.

પ્રબંધ સમજૂતી :- આ પુષ્પમાળા પ્રબંધમાં ફરતા બાર પુષ્પો છે. દરેક પુષ્પમાં જે કેન્દ્રમાં રહેલો અક્ષર છે તે પોતાની ફરતા ચારે તરફની પાંખડીમાં રહેલા દરેક અક્ષરની સાથે જોડાય છે. આ રીતે અક્ષરરૂપી પુષ્પોની સુંદર માળા આ પ્રબંધમાં ચક્રાકારે ગોઠવાયેલી છે.

સુંદર સૂત્રમાં ગૂંથાયેલ પુષ્પમાળને ધારણ કરે તેને સ્રગ્ધરા કહેવાય. આ પ્રબંધમાં સ્રગ્ધરા છંદનું નામ સાર્થક છે.

૭. છત્ર પ્રબંધ

(છંદ - દ્રુતવિલંબિતવૃત)

સમરતાં સુખ સર્વદા કરે, છબી સુછત્રની તાપ ત્રણ હરે;
સુરતના શુભ શિલ્પીજને કર્યું, સરસ છત્ર શિરે હરિયે ધર્યું.

(કળશ - ૭ વિશામ - ૧૦)

પ્રસંગ :- ભગવાન શ્રી સ્વામિનારાયણ ઘોડાસર ગામમાં પધાર્યા હતા. ભીલ નરેશ ઝાલમસિંહજીએ શ્રીહરિનું ભવ્ય સામૈયું કર્યું હતું.

શ્રીહરિ ઘોડેસ્વાર થઈને બજારમાં વિહરી રહ્યા હતા. આ સમયે સુરતના હરિભક્ત નાગરદાસ વિવિધ ભાત ભરેલું છત્ર લાવેલા અને મહારાજ ઉપર ધરેલું. એ વખતના મનોહર દૃશ્યને કવિએ દ્રુતવિલંબિત છંદ અને છત્ર પ્રબંધમાં સુંદર રીતે ગૂંથેલ છે. આ છંદનો અર્થ સુંગમ છે.

પ્રબંધ સમજૂતી :- આ પ્રબંધમાં ઉપરની અણીની નીચેથી આડી લાઈનમાં રહેલા દરેક અક્ષરો સળંગ વાંચવાથી પ્રબંધના ત્રણ પાદ પૂરા થાય છે. ચોથા પાદના વાંચન માટે ફરીથી ઉપરની અણીથી આરંભીને નીચેના ગોળાકાર હાથાની વચ્ચે રહેલા માત્ર ઊભી લીટીનાં અક્ષરો વાંચવાથી ‘સરસ છત્ર શિર હરિયે ધર્યું’ પાદ પૂર્ણ થાય છે.

૮. કમળ પ્રબંધ

(છંદ - નારાચવૃત)

સુણો દિલે દયા ધરી રીઝાવું સત્ય ઉચ્ચરી, તમે અધર્મના અરી વિવેકવંત છો હરી;
નમું નમું ફરી ફરી તીખી અજા કરો પરી, કરું છું માગણી ખરી સુરીત વિનતી કરી.

(કળશ - ૭ વિશામ - ૧૩)

પ્રસંગ :- ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી પધાર્યા હતા. એ સમયે કારિયાણી દરબાર માંચા ખાચરે શ્રીહરિને પ્રાર્થના કરી, “હે મહારાજ ! તમારી તીખી અજાથી અમારી રક્ષા કરજો.” અહીં અજાનો અર્થ છે માયા.

માંચા ખાચરની આ પ્રાર્થનાને કવીશ્વરે નારાચવૃત્ત છંદ અને કમળ પ્રબંધમાં ગૂંથી છે.

પ્રબંધ સમજૂતી :- આ કમળ પ્રબંધમાં કમળની પાંખડીઓમાં રહેલા દરેક પાદની પૂર્તિ કમળની મધ્યસ્થ દાંડીમાં રહેલ ‘રી’ અક્ષરથી થાય છે. તેમજ છેલ્લું પાદ ‘સુરીત વિનતી કરી’ દરેક પાંખડીમાં જે પ્રથમાક્ષર છે તેનાથી બનાવવામાં આવેલું છે. આ છેલ્લા પાદની પૂર્તિ પણ દરેક પાદની પેઠે કમળની કેન્દ્રવર્તી દાંડીમાં રહેલ ‘રી’ અક્ષરથી થાય છે.

નારાચ તીવ્ર અણીવાળા હથિયારનું નામ છે. માયા ‘નારાચ’ જેવી છે, ભલભલાને વીંધી નાંખે છે.

૯. નૌકા પ્રબંધ

(છંદ - દોહરા)

દે ગાળો અતિ તાતિ તો, તે અસંત સુણ ભ્રાત; જોતાં તેની જાતિ તો, તે દીતિતનુજાત. ૮૮
એવાને અળગા તજો, તે સમ તજો સ્વભાવ; સદા વિકટ સંકટ સમે, ઈશ્વર કરે બચાવ. ૮૯
પ્રગટે બુદ્ધિ પાંશરી, જો ઈશ્વર અનુકૂળ; અવળિ બુદ્ધિ ઉપજે, પ્રભુ જેને પ્રતિકૂળ. ૯૦
પંદર હતા અસંત જન, પંદર સંત સુજાણ; નવ નવ ગણિ પંદર તજ્યા, ત્યારે વહ્યું વહાણ. ૯૧
રહ્યા અસંત તવર્ણ જ્યાં, અન્યાક્ષરથળ સંત; સુબુદ્ધિ આપે એ રિતે, સ્વભક્તને ભગવંત. ૯૨

(કળશ - ૭ વિશ્રામ - ૨૪)

પ્રસંગ :- એક સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ સારંગપુરમાં જીવાખાચરના દરબારગઢમાં વિરાજમાન હતા. એ વખતે એક દિગમ્બર જોગી મહારાજના દર્શન કરવા આવ્યા. ત્યારે સુરા ખાચરે તેમને 'ગધેડીનો' કહી અપમાન કર્યું. પોતાના આશ્રિતના મુખેથી ગાળ સાંભળી મહારાજ નારાજ થયા અને જે ઉપદેશ આપ્યો, તે પ્રસ્તુત પ્રબંધ થકી વર્ણવ્યો છે. પ્રબંધ રચના દોહરામાં છે.

ભાવાર્થ :- જે અતિ મર્મભેદી ગાળો બોલે છે તે અસંત છે. ગાળો દેનારા લોકો દૈત્યજાતિના ગણાય. 'દિતિતનુજાત' એટલે કે દિતિના પુત્ર દૈત્ય. અહીં તેવા અસુરજનો તેમજ તેમના જેવા આસુરી સ્વભાવનો ત્યાગ કરવાનું કહ્યું છે.

પ્રબંધ સમજૂતી :- આ નૌકા પ્રબંધ માટે કવીશ્વરને દાદ દેવી પડે એમ છે. આ પ્રબંધની નૌકા સાધારણ નથી, ભવસાગર તરવાની નૌકા છે. નૌકાને ભવસાગર પાર લઈ જવી છે, પરંતુ એમાં બેસનારાની સંખ્યા બમણી છે. નૌકાને તારવા માટે અડધી સંખ્યા ઓછી કરવી પડે એમ છે.

નૌકામાં બેસનારાઓમાં અડધા સંત છે, અડધા અસંત છે. સંતો ભવસાગર તારનારા છે, અસંત બેડલો બૂડાવનારા છે.

નૌકામાંથી અસંતોને ઉતારવા આવશ્યક છે, પરંતુ એ કામ કુનેહપૂર્વક કરવું જોઈએ. જીવન નૌકાના ખેવટિયા સદ્‌ગુરુ કુશળ કપ્તાન છે. એણે યુક્તિપૂર્વક અસંતને નાવમાંથી દૂર કર્યા. જેનો મર્મ આ દોહરાઓમાં છે. ૮૮ મો દોહરો કોયડારૂપ છે. ૯૧માં દોહરામાં ઉકેલ બતાવ્યો છે.

કોયડામાં ૩૦ અક્ષરો છે. જેમાં ૧૫ અક્ષરો સંત માટે છે, ૧૫ અક્ષરો અસંત માટે છે. દોહરામાં 'ત' વર્ણ અસંત છે. બાકીના વર્ણ સંત છે. આ વાત ૯૨માં દોહરામાં કવિએ સ્પષ્ટ કરી છે.

કુશળ નાવિક ગણતરી કરી પ્રત્યેક નવમાં વ્યક્તિને નીચે ઉતારે છે. નાવિકને ગમે ત્યાંથી ગણવાની છૂટ છે, પણ જેનો નંબર નવમો આવે એણે ઊતરવું નકી છે. નાવિકે ઊલટા-સુલટી ગણતરી કરી પ્રત્યેક 'ત' અર્થાત અસંતને નાવમાંથી ઉતારી દીધા. સરળતા

માટે આ ગણતરીનો કોઠાઓ નીચે આપેલો છે.

પ્રભુકૃપાથી આ કાર્ય શક્ય બને છે.

પ્રબંધ–સમજૂતી : આ નૌકા પ્રબંધમાં કુલ ૩૦ અક્ષરો છે તે દરેકને વ્યવસ્થિત સમજવા માટે દરેકની સાથે તેના ૧થી ૩૦ નંબરો પણ મૂકેલા છે. તેથી સમજવામાં સુગમ છે. આ પ્રબંધમાં ઉપરોક્તમાંથી ત્રીજો અર્થાત્ કડી નં. ૮૮મો દોહરો સમાવેશ કરેલ છે.

* અહીં ઉપરોક્ત ૯૧મી કડીમાં કુલ ૩૦ અક્ષરોમાં ૧૫ અસંત અને ૧૫ સંતની કલ્પના કરેલી છે. તેમાં 'ત'વર્ણ (તા, તિ, તો, તે વગેરે કોઈ પણ અક્ષરો)ને વિશે અસંતની કલ્પના કરેલી છે અને તેને નવના સમુદાયમાં એક 'ત'થી નવમો આવતો 'ત' વર્ણ (અક્ષર)નો ત્યાગ કરવાથી ૧૫ અસંતનો ત્યાગ કરવા કહેલું છે. 'ત' વર્ણનો ત્યાગ કરવાથી અન્ય જે ૧૫ અક્ષરો વધ્યા તે સંતનું પ્રતીક છે. જ્યારે સંત જ રહ્યા ત્યારે આ વહાણ ચાલે છે એમ જણાવ્યું છે.

* ૧૫ 'ત' વર્ણનો ત્યાગ માટેની રીત :

ક્રમ	૯મો વર્ણ	કોના થકી	ક્રમ	૯મો વર્ણ	કોના થકી	ક્રમ	૯મો વર્ણ	કોના થકી
૧	૮	૧૬થી (૯મો વર્ણ)	૬	૯	૧૮થી	૧૧	૨૨	૧૨થી
૨	૭	૧૬થી (૮મો વર્ણ ત્યાગ કરવાથી)	૭	૨૭	૧૮થી	૧૨	૨૩	૧૨થી
૩	૬	૧૬થી (૭મો વર્ણ ત્યાગ કરવાથી)	૮	૧૮	૨૬થી	૧૩	૨૪	૧૨થી
૪	૫	૧૬થી (ઉપરોક્ત કૌંસ મુજબ)	૯	૨૬	૧૬થી	૧૪	૩૦	૧૬થી
૫	૧૯	૨૭થી	૧૦	૨૭	૧૬થી	૧૫.	૧૬	૩૦થી

૧૦. નાગપાશ પ્રબંધ

(છંદ - સ્રગ્ધરાવૃત્ત)

જે છે કાલિન્દિવારિ રિપુધરનરનન્દીશનો ઈશ્વરેશ,
રિદ્ધી સિદ્ધી ખિલાવી ભલિ જળથળની રીઝિરીઝી દિનેશ;
છે જે પારેખ તેના સિર વિનવિ મહદ્‌ભાવિ સેવા કરી છે,
ધર્માદી કોઈ કાજે જનતન ધરિયું તે સખી શ્રીહરી છે.

(કળશ - ૭ વિશ્રામ - ૨૭)

પ્રસંગ :- એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ બુધેજમાં અન્નકૂટ કરવા પધારેલા. સુરતના ભક્તોએ સુંદર અમૂલ્ય વસ્ત્રાભૂષણો તથા કીનખાબના ગાદી-તકિયા વગેરે અર્પણ કરીને મહારાજની પૂજા કરેલી. ત્યાર બાદ શ્રીહરિ માણકીએ અસવાર થઈને શોભાયાત્રામાં વિહરી રહ્યા હતા.

આ સમયે શ્રીહરિનું દર્શન કરતી એક સખી અન્ય સખીને પૂછે છે : 'આ સુંદર શ્યામ કોણ છે? અને આવી સેવા કોણે કરેલી છે?' આ પ્રશ્નનો બીજી સખીએ જે જવાબ આપ્યો તે આ પ્રબંધમાં વર્ણવાયો છે. પ્રબંધનો છંદ સ્રગ્ધરા છે.

ભાવાર્થ :- પ્રશ્નનો ઉત્તર આપનારી સખી કહે છે, " હે સખી ! કંઠમાં સર્પને ધારણ કરનાર શંકર જેવા ઈશ્વરોના પણ ઈશ્વર છે, જેમણે ખૂબ જ પ્રસન્ન થઈને જળ-થળ સર્વત્ર રિદ્ધિ-સિદ્ધિ વગેરે સમૃદ્ધિઓ ખીલવી છે, જેમણે ધર્માદિ સ્થાપન માટે નરતન ધર્યું છે, એવા એ ભગવાન સ્વયં શ્રીહરિ છે. આવા શ્રીહરિને પરખી જનારા ભક્તોએ મસ્તક નમાવી વિનંતીપૂર્વક ભારે ભાવથી આ સેવા કરેલી છે."

શબ્દાર્થ :- ૧. કાલીન્દીવારિરિપુધર = જમુનાજીના જળનો શત્રુ એવા કાલીય નાગ અર્થાત્ સર્પને કંઠમાં ધારણ કરનાર. ૨. નન્દીશ = નંદીના સ્વામી શંકર.

૩. પારેખ = પારખનાર. ૪. સિર વિનવી = મસ્તક નમાવી. ૫. મહદ્ભાવી = ભારે ભાવથી

પ્રબંધ સમજૂતી :- આ નાગપાશ પ્રબંધમાં સર્પના મુખથી શરૂ થઈને પૂંછ સુધીના ભાગમાં આવતા પ્રબંધ પૂરો થાય છે. નાગપાશ જેવી આકૃતિ હોવાથી નાગપાશ પ્રબંધ કહેવાય છે. આ પ્રબંધમાં ચાર પાદ છે, તે જ્યાંથી નવું પાદ શરૂ થાય છે ત્યાં ૧,૨,૩,૪ આ પ્રકારે દરેક પાદની સંખ્યા લખેલી છે, તેથી વાંચવામાં સુગમતા રહે છે.

૧૧. રથચક્ર પ્રબંધ

(અનુષ્ટુપ શ્લોક)

તે સદા દે છે તે, તે છે દેવાધિદેવ તે;
તે વદે વાત માને તે, તેને માને સ્વદાસ તે.

(કળશ - ૭ વિશ્રામ - ૫૧)

પ્રસંગ :- એક વખત ભગવાન શ્રીહરિ સોખડા પાસેના માતર ગામથી પસાર થઈ રહ્યા હતા. આ વિસ્તારમાં સત્સંગીઓ ખૂબ ઓછા હતા, તેથી મહારાજે સાથેના પાર્ષદોને કહેલું કે, "કોઈ પૂછે તો પણ અહીં અમારું નામ જણાવશો નહીં."

એ સમયે માતરના એક ગરાસિયાએ સંઘમાંના પાર્ષદને પૂછ્યું, 'આ કોણ છે?' ત્યારે તેણે 'એ ગોવિંદજી નામના શેઠ છે' એમ ઉત્તર આપ્યો.

વળી તે ગરાસિયાએ સંઘમાં રહેલા એક વિપ્રને પૂછ્યું, 'તેઓ કેવાંક શ્રીમંત છે?'

ત્યારે વિપ્ર ઉપરોક્ત શ્લોક મુજબ તેને ઉત્તર આપતા કહે છે, 'જે સદા દાનેશ્વરી છે, દેવાધિદેવ છે; જે લોકો એમનું વચન માને છે તેને પોતાના દાસ જાણી કલ્યાણ કરે છે.' એવા આ શેઠ છે.

પ્રબંધ સમજૂતી :- રથચક્ર પ્રબંધમાં કડીના ચારેય પાદની શરૂઆત અને અંત મધ્યમાં રહેલ 'તે' શબ્દથી થાય છે.

અહીં 'તે' શબ્દ રથની ધરી સમાન છે. 'તે'નો અર્થ છે ગોવિંદજી શેઠ અર્થાત્ શ્રીહરિ. શ્રીહરિ સમસ્ત સૃષ્ટિના રથચક્રની ધરી સમાન છે, માટે રથચક્ર પ્રબંધ નામ સાર્થક છે.

૧૨. હસ્તિ પ્રબંધ

(છંદ - શાર્દૂલવિક્રીડિતવૃત્ત)

હાથીએ હરિ સ્વારિ સારિ કરિ છે રીજી પુરી ધારીને,
ધારિ ધારિ ફરી ફરી ઠરિ ઠરી હેરી હરી સ્વારિને;
શ્રીજી આગળ સ્વાર હાર્ય થઈ હર્ખે છે ઘણા હેતથી.
જોવા સૌ સુર ધાઈને ફરિથિ ફર્કે છે ઠઠ શ્વેતથી.

(કળશ - ૭ વિશ્રામ - ૫૪)

પ્રસંગ :- ભગવાન શ્રી સ્વામિનારાયણ મહારાણી કુશળકુંવરબાના ભાવભર્યા નિમંત્રણને માન આપી ધરમપુર પધાર્યા. મહારાણી કુશળકુંવરબા તથા કુંવર વિજયદેવે શ્રીજી મહારાજને હાથીની અંબાડીએ બિરાજમાન કરી નગરમાં શોભાયાત્રા કાઢી. આ પ્રસંગને કવીશ્વરે હસ્તિપ્રબંધ અને શાર્દુલવિક્રિડિત છંદમાં ગૂંથેલ છે.

ભાવાર્થ :- રાજરાજેશ્વર શ્રીહરિ હાથી ઉપર વિરાજમાન થયા છે. એમના દર્શન કરતા સમસ્ત નગરી પ્રસન્ન થઈ રહી છે. નગરના નર-નારીઓ ધારીધારીને દર્શન કરે છે. ફરીફરીને એમની દૃષ્ટિ શ્રીહરિ ઉપર ઠરી રહી છે. શ્રીહરિની સવારીને નીરખતા સર્વના મન હરાઈ ગયા છે. શ્રીહરિની આગળ ઘોડેશ્વારની પંક્તિઓ ભારે હરખી રહી છે. શ્રીહરિની સવારીના દર્શન કરવા આકાશમાંથી ફરી ફરીથી દોડી દોડીને આવતા દેવતાઓની ભીડ ઉભરાણી છે.

રાજી પુરી = નગરી રાજી થઈ રહી છે, હેરી = નીરખી, ઠઠ = ભીડ,
શ્વેત = આકાશ

પ્રબંધ સમજૂતી :- કવિએ કરેલ હસ્તિ પ્રબંધની ગૂંથણી ગજબની છે.

આ પ્રબંધની પહેલી પંક્તિ હાથીની સૂંઢના અગ્રભાગથી શરૂઆત થઈ કાનમાં પૂર્ણ થાય છે. અહીં હાથીના દંત અને આંખ વચ્ચે રહેલ 'રિ'શબ્દ કેન્દ્રવર્તી છે. જેમાં બધા અક્ષરો વારંવાર મળે છે.

બીજી પંક્તિમાં હાથીની ઝૂલ તથા અંબાડીના નીચેના ભાગે રહેલા, ઠ - ફ વગેરે અક્ષરો ઝૂલના મધ્યભાગે રહેલ 'રી' સાથે વારંવાર મળીને પંક્તિ પૂર્ણ કરે છે.

ત્રીજી પંક્તિમાં હાથીના અનુક્રમે પહેલા, બીજા અને ત્રીજા પગના અક્ષરો ઝૂલના નીચેના ભાગે રહેલા અક્ષરો હે-હ-સ્વા-ને સાથે ગૂંથાતા ગૂંથાતા પંક્તિ પૂર્ણ કરે છે.

ચોથી પંક્તિમાં છેલ્લા પગના અક્ષરો, મસ્તક ઉપર રહેલ 'સુર' શબ્દ, અંબાડીના ઉપલા ભાગે રહેલા શબ્દો સાથે ગૂંથાઈને પૂંચ્છમાં રહેલ 'શ્વેત' શબ્દ સાથે મળી પંક્તિ પૂર્ણ થાય છે.

અહીં શ્રીહરિની હાથીની સવારીનું વર્ણન હોવાથી હસ્તિપ્રબંધ નામ સાર્થક છે. હાથી ઉપર સવારી કરનાર શ્રીહરિ સિંહ સમાન પરાક્રમશીલ હોવાથી શાર્દૂલવિક્રિડિત છંદ પણ સાર્થક છે.

૧૩. અશ્વ પ્રબંધ

(છંદ - ઉપજાતિવૃત્ત)

જે અશ્વ અર્થે અતિ અન્ય ભૂપે, તપો કર્યાં ખ્યાત યતીશરૂપે;
ઓપે રુપાળા અતિ અશ્વીનીશ, સુભાગિ પામે ઈહ લોકઈશ.

(કળશ - ૭ વિશ્રામ - ૫૪)

પ્રસંગ :- ધરમપુરના રાજકુંવર વિજયદેવ કુશળ ઘોડેસવાર હતા. તેઓ વિવિધ પ્રકારે અશ્વ ખેલવી જાણતા. દોડતે અશ્વે નિશાન વીંધતા. શ્રીહરિ ધરમપુર પધાર્યા ત્યારે વિજયદેવે વિવિધ પ્રકારે અશ્વ ખેલવી શ્રીહરિને પ્રસન્ન કરેલા. આ પ્રસંગને કેન્દ્રમાં રાખીને કવીશ્વરે ઉપજાતિ વૃત્તમાં આ અશ્વપ્રબંધ રચેલો છે.

ભાવાર્થ :- વિજયદેવના અશ્વની પ્રશંસા કરતા કવીશ્વર કહે છે, 'કુંવર વિજયદેવનો આ અશ્વ અનુપમ છે. અનેક ઘોડીઓનો સ્વામી એવો આ અશ્વ અત્યંત ઓપી રહ્યો છે. આ અશ્વને પામવા માટે મોટા રાજાઓએ જોગી-જતિરૂપે તપસ્યા કરી હશે, પણ એમને આ અશ્વ ન મળ્યો. કોઈ ભાગ્યશાળી ભૂપાળને જ આવો અશ્વ મળી શકે.'

પ્રબંધ સમજૂતી :- આ અશ્વ પ્રબંધમાં મુખ નીચેથી શરૂઆત, બીજું પદ ઝૂલમાં, ત્રીજું પદ ઝૂલની નીચેના પેગડાથી શરૂ થાય છે. ત્યારબાદ ચારે પગ અને ઝૂલમાં રહેલા એક એક અક્ષર સાથે અનુસંધાન છે. અશ્વની ઝૂલના નીચેના ભાગમાં ગોઠવાયેલા શબ્દાક્ષરો, ત્રીજા અને ચોથા પાદના અશ્વના ચરણમાં રહેલા શબ્દાક્ષરોના પ્રથમ અથવા અંતિમ અક્ષરરૂપે જોડાઈને તે તે દરેક શબ્દોને પૂર્ણ કરે છે. આ અદ્ભુત અશ્વ પ્રબંધ કળા બુદ્ધિની કસોટીરૂપ છે. સમજવાની સુગમતા માટે જ્યાં જ્યાં નવા પાદનો પ્રથમાક્ષર છે ત્યાં ત્યાં ૧,૨,૩,૪ ની નિશાની મૂકેલી છે. અહીં અશ્વનું વર્ણન હોવાથી પ્રબંધ નામ સાર્થક છે.

૧૪. વૃક્ષ પ્રબંધ અને દોલ પ્રબંધ

(છંદ - ઇન્દ્રવજ્રા)

રે આમ્ર તારી તરુતા નિહાળી, તારી પ્રભા ભૂતળ ભાગ્યશાળી;
ભાસે મને તે તુજને કહું છું, નેહી સદા કૃષ્ણપદાબ્જ તું છું.
રે આમ્ર કેવું તપ કેવી ભક્તી, કે તેં કરી કાંઈ પુરી પ્રયુક્તી;
રીઝયા હરિ કેમ કરી તને ને, રીતિ કહો એમ અહો મને તે.

(છંદ - વસંતતિલકાવૃત્ત)

દોળાનિ સારિ રચના સજતાં રચાવી, વીચારતાં જ કહિયે શિરને નમાવી;
વીમાન ને રથ રૂડા નથિ રે જણાતાં, દોળે નમાવિ શિર સૌ વિબુધો જતાતા.

(કળશ - ૭ વિશ્રામ - ૫૭-૫૮-૬૦)

પ્રસંગ :- જોબન પગી વગેરે ભક્તોના આમંત્રણથી ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પધાર્યા. અહીં ભવ્ય ફૂલદોલ ઉત્સવ ઉજવાયો, જેમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ બે આંબાની ડાળીઓએ અનોખી રચનાવાળો બાર બારણાનો હિંડોળો બાનાવ્યો અને એમાં ભગવાન શ્રીહરિને ઝૂલાવ્યા. આ દિવ્ય પ્રસંગને કવિએ આ વૃક્ષપ્રબંધ અને દોલપ્રબંધ દ્વારા પ્રસ્તુત કર્યો છે.

વૃક્ષપ્રબંધમાં આંબાના બે વૃક્ષની પ્રશંસા ઇન્દ્રવજ્રા છંદ દ્વારા કરી છે, તથા જેમાં શ્રીજી મહારાજ ઝૂલેલા તે હિંડોળાનો મહિમા વસંતતિલકા છંદ દ્વારા જણાવ્યો છે.

ભાવાર્થ :- પ્રબંધ સમજવામાં સરળ છે. કેટલાંક શબ્દોનો અર્થ નીચે પ્રમાણે છે.

તરુતા = વૃક્ષપણુ, પ્રભા = કાંતિ, કૃષ્ણ પદાબ્જ = ભગવાનના ચરણારવિંદ, આમ્ર = આંબાનું વૃક્ષ.

પ્રબંધ સમજૂતી :- આ પ્રબંધમાં બંને બાજુ વૃક્ષોમાં બે છંદનો સમાવેશ કરેલ છે. વૃક્ષની ટોચથી શરૂ કરી, મુખ્ય શાખા ઉપર રહેલા મોટા અક્ષરોને ડાળીઓ સાથે મેળવતા જવાથી બન્ને છંદ પૂર્ણ થાય છે. ત્યાર બાદ વચ્ચે દોલ એટલે હિંડોળાનાં શ્લોકનો પ્રબંધમાં જમણી બાજુથી શરૂઆત થઈને ડાબી બાજુ છંદના ત્રણ પાદ પૂર્ણ થયેલ છે. છેલ્લું પાદ હિંડોળામાં નીચે રહેલી આડી હરોળમાં સમાવવામાં આવ્યું છે.

અહીં વૃક્ષ અને હિંડોળાનો સુંદર સંગમ છે એટલે આને વૃક્ષપ્રબંધ અને દોલપ્રબંધ કહી શકાય.

નોંધ :- વડતાલના જ્ઞાનબાગમાં આ સ્થળ આજે પણ ઐતિહાસિક સાક્ષી પૂરે છે. જૂના પ્રસાદિના આંબાની જગ્યાએ આંબાઓ નવા ઊગ્યા છે, પણ નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલો બાર બારણાનો હિંડોળો આજે પણ જેમનો તેમ સંગ્રહસ્થાનમાં જળવાયો છે.

૧૫. હોજ પ્રબંધ

(હોજપ્રબંધ પહેલો, છંદ - રથોદ્ધતાવૃત્ત)

હોજ એ જ સજતા જહાં અમે, રીત ભાત હિત તો તહાં તમે;
વાર વાર ઉરમાં રહી રહી, વાંક ઘોંક ચુક ટોકતા કહી.

(હોજપ્રબંધ બીજો, છંદ - રથોદ્ધતાવૃત્ત)

દેવ દેવ તવ સેવના થકી, જ્ઞાનદાન જન લે નવું નકી;
એમ શ્યામ તમથી મળી મતી, અંગ અંગ ઉગતી ગઈ ગતી.

(કળશ - ૭ વિશ્રામ - ૬૧/૬-૭)

પ્રસંગ :- ભગવાન શ્રીહરિએ વડતાલમાં જ્ઞાનબાગમાં રંગ મહોત્સવ ઊજવ્યો. આ પ્રસંગે સંતોએ રંગ ભરવા માટે બે કુંડ બનાવ્યાં. એક કુંડનું નામ 'સંતકુંડ' અને બીજા કુંડનું નામ 'હરિકુંડ' રાખ્યું. કુંડોની રચના નિહાળી શ્રીહરિ અત્યંત રાજી થયા અને પૂછ્યું, "આવી કળા તમે ક્યાંથી શીખ્યા?"

ત્યારે સંતોએ જે જવાબ આપ્યો તેને કવીશ્વરે આ હોજપ્રબંધ અને રથ્થોદ્ધતા છંદમાં ગૂંથેલ છે.

ભાવાર્થ :- 'હે મહારાજ ! આ હોજની રચના આપની કૃપાથી પૂર્ણ થઈ છે. આ હોજની રચના પ્રસંગે કંઈ ભૂલચૂક થતી તો આપ જ અમારા અંતરમાં રહીને સુધારવાની પ્રેરણા કરતા હતા.'

'હે દેવાધિદેવ ! તમારા સેવન-ઉપાસનથી જ લોકોને નવું નવું જ્ઞાન મળે છે. અમને પણ તમારા દ્વારા જ જેમ જેમ મતિ મળતી ગઈ એમ એમ અમારા અંગઅંગમાં ગતિ થતી ગઈ અને કુંડની રચના પૂર્ણ થતી ગઈ.'

સંતોની વાત સાંભળી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. બન્ને કુંડ કેસર, કંકુ અને કેસુડાનાં રંગથી ભરવામાં આવ્યાં. શ્રીજી મહારાજે હાથમાં સોનાની પિચકારી લીધી, રંગઝડીઓ વરસાવી સંતો તથા ભક્તો સાથે રંગ મહોત્સવ ઊજવ્યો.

પ્રબંધ સમજૂતી :- આ હોજ પ્રબંધમાં હોજની મધ્યે રહેલા અક્ષરો સાથે તેની ચોતરફ નજીકમાં રહેલા અક્ષરો મેળવવાથી રથોદ્ધતા છંદમાં રહેલો પ્રબંધ પૂર્ણ થાય છે.

નોંધ :- વરતાલના જ્ઞાનબાગમાં આજે પણ આ બન્ને કુંડો જેમના તેમ જાળવી રાખવામાં આવ્યા છે.

૧૬. શિખર પ્રબંધ

શિખર પ્રબંધ પહેલો (હરિગીતછંદ)

સર્વે અસલ કૃત ધીર જન મળી ઠિક ખરાં શિખરો હશે,
જુથ શિર મુગટસમ આ જણાશે શિખર સરસ અધિક થશે.

શિખરપ્રબંધ બીજો (અથ ત્રિપદાક્ષરે ચતુર્થ પાદ સર્વતોભદ્ર)

મમ તમ મત રત મમત રચિ, રત મમત રચિ રુચિર;
તમ મત રચિ રુપ રુચિર, તમ મત રુચિ રુપ મંદિર.

શિખરપ્રબંધ ત્રીજો (મોતીદામ છંદ)

નવા વિદવાન નવા પ્રભુ એહ, નવાં શિખરોની નવી વિધિ તેહ;
થશે ચતુરાનન દેખત લીન, નવીન નવીન નવીન નવીન.

(કળશ - ૮ વિશ્રામ - ૬)

પ્રસંગ :- શ્રીહરિએ વડતાલના નવ શિખરના ભવ્ય મંદિરનો ખાતવિધિ કર્યો. આ પ્રસંગે વડોદરા, અમદાવાદ તથા નડિયાદના ઉત્તમ શિલ્પીઓ આવ્યા.

સર્વને મનમાં હતું કે, 'શ્રીહરિ અમારી આગેવાની નીચે મંદિરનું નિર્માણ કરાવે.'

શ્રીહરિએ શિલ્પીઓને કહ્યું, "તમે શિખરોના માનચિત્ર તૈયાર કરો. જેનું માનચિત્ર શ્રેષ્ઠ હશે એને અમે મંદિર નિર્માણમાં આગેવાન કરીશું."

શિલ્પીઓ માનચિત્ર બનાવવા કામે લાગ્યા. સર્વના અંતરમાં એક-બીજાથી ચઢિયાતા થવાની હોંશ હતી. શિલ્પીઓએ મંદિરના મુખ્ય ત્રણ ખંડના ત્રણ શિખરોના માનચિત્ર તૈયાર કર્યા અને શ્રીહરિ સન્મુખ ધર્યા.

તેમાં વડોદરાના શિલ્પી દામોદર અને પુરુષોત્તમે માનચિત્ર બતાવતી વખતે જે વચનો કહ્યા તે શિખર પ્રબંધ-૧માં છે. છંદ હરિગીત છે.

વડોદરાના શિલ્પીઓની વાત સાંભળી શ્રીહરિએ અન્ય શિલ્પિઓનાં માનચિત્રો પણ જોયાં. આખરે શિલ્પીઓની કુશળતા જોઈને શ્રીહરિએ જે જવાબ આપ્યો તે શિખર પ્રબંધ-૨ માં છે.

માનચિત્રોને નિહાળી સંતોએ અહોભાવથી જે વચનો કહ્યા તે શિખર પ્રબંધ - ૩માં છે.

ભાવાર્થ ૧ :- વડોદરાના શિલ્પીઓ બોલ્યા, 'હે હરિ! સર્વે શિલ્પજ્ઞોએ શિખરોના સુંદર માનચિત્રો બનાવ્યા હશે, પરંતુ આવા શિખરો કરીશું તો તે શિખરો મંદિરના મુગટ સમાન શ્રેષ્ઠ થશે.'

ભાવાર્થ ૨ :- શ્રીહરિએ અન્ય શિલ્પીઓનાં માનચિત્રો પણ જોયાં અને સર્વે ઉપર પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા કહ્યું, "હે શિલ્પીઓ !

|| મમ તમ મત રત મમત રચી ||

શિખરોના માનચિત્ર કરવામાં તમ એટલે તમે મમ મત અર્થાત્ મારા મતમાં લગની અને મમતા રાખ્યા.

|| રત મમત રચિ રુચિર ||

ભારે મમત એટલે કે કાળજીથી સુંદર રચના કરી.

|| તમ મત રચિ રૂપ રુચિર ||

તમારી મતિ અનુસાર સુંદર રૂપ રચ્યા અર્થાત્ માનચિત્રો બનાવ્યા.

|| તમ મત રુચિ રુપ મંદિર ||

આ તમારી મતિ બુદ્ધિ-કૌશલ્યને અનુરૂપ કરેલી આ શ્રેષ્ઠ શિખરોવાળા મંદિરની રચના અમને રુચિ અર્થાત્ ગમી છે.

આ દોહરામાં અનેકાર્થી અલંકાર છે. સાર એ છે કે તમે અમારા મત અર્થાત્ રુચિને અનુરૂપ સુંદર માનચિત્રો બનાવ્યાં છે.

ભાવાર્થ ૩ :- આ છંદનો અર્થ સરળ છે. અહીં વિદ્વાન શબ્દ શિલ્પશાસ્ત્રના જાણકાર માટે વપરાયો છે.

માનચિત્રોની પ્રશંસા કરતા સંતો કહે છે, “શિલ્પના જાણકાર નવા છે. ભગવાન પણ નવા છે. ક્યાંય ન હોય એવી નવી રીતથી નવા શિખરોની રચના થઈ રહી છે. સૃષ્ટિના સર્જનહાર ચતુરાનન અર્થાત્ બ્રહ્મા તો આ કૌશલ્ય જોઈને આશ્ચર્યમાં ગરકાવ બનશે.”

અહીં ચાર નવીનતાઓનો સંગમ છે. શિલ્પી, શ્રીહરિ, રચનાની રીત અને શિખર. માટે કવીશ્વરે ચાર વાર નવીન શબ્દ વાપર્યો છે, જે અતિ અપાર નવીનતાનો પણ સૂચક છે.

પ્રબંધ સમજૂતી :- ત્રણેય શિખરમાં અલગ-અલગ છંદો સાથે પ્રબંધોમાં વૈવિધ્ય પણ છે.

પ્રથમ પ્રબંધમાં ઉપરથી ક્રમશઃ વાંચતા છંદ પૂર્ણ બને છે.

બીજા પ્રબંધમાં કવીશ્વરે સર્વતોભદ્રની રચના કરી છે, જેમાં આગળ-પાછળ બંને બાજુથી વાંચી શકાય છે.

ત્રીજા પ્રબંધમાં ઉપરથી ક્રમશઃ વાંચતા છંદ પૂર્ણ બને છે. પરંતુ આ પ્રબંધમાં મધ્યભાગે ‘નવીન નવીન’ શબ્દો એ રીતે મૂક્યા છે કે જેને ઉપરથી અને નીચેથી એમ બન્ને બાજુથી વાંચીને છંદ પૂર્ણ થાય છે.

નોંધ :- ખરેખર શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીની દેખરેખ નીચે કુશળ શિલ્પીઓ પાસે નિર્માણ કરાવેલ વરતાલનું નવ શિખરોવાળું મંદિર દુનિયામાં અજોડ છે. એટલે જ શિખર પ્રબંધ નામ પણ સાર્થક છે.

૧૭. ચામર પ્રબંધ

(પ્રથમ ચામર : વૈતાલીય)

ચમરી અમરી થઈ ખરી, ભ્રમરી જેમ હરિશિરે ફરી;
મરી તેહ ફરી શું ઉદ્ધરી, મરિચી થૈ હરિમૂખ ચામરી.

(દ્વિતીય ચામર : ઇંદ્રવંશા)

જુઓ જુઓ જુક્તિ કવિ કહે કથા, વિનોદ આ આગળ અન્ય છે વૃથા;
હેતે ધર્યું ચામર વર્ણી હાથમાં, થાપી મનોવૃત્તિ અખંડ નાથમાં.

(કળશ - ૮ વિશ્રામ - ૨૧)

પ્રસંગ :- વરતાલના નૂતન મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા નિમિત્તે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરથી વડતાલ પધાર્યા હતા. આ પ્રતિષ્ઠા મહોત્સવના પાવનકારી પ્રસંગે વડોદરાના મહારાજા સયાજીરાવે મંદિરને હાથી અર્પણ કર્યો હતો. વડતાલમાં ભવ્ય સવારી નીકળી હતી. શ્રીહરિ હાથી ઉપર વિરાજમાન થયા હતા. બાજુમાં બેઠેલા વાસુદેવાનંદ બ્રહ્મચારી તથા અખંડાનંદ બ્રહ્મચારી શ્રીહરિને ચામર ઢોળી રહ્યા હતા.

આ ચામર ઢોળવાની સેવાને લક્ષ્યમાં લઈ કવીશ્વરે ચામરની પ્રશંસા કરતા સુંદર ચામર પ્રબંધો રથોદ્ધતા અને ઇન્દ્રવંશા છંદમાં ગૂંથ્યા છે.

ભાવાર્થ ૧ :- ભમરી જેમ શ્રીહરિના મુખ કમળ ફરતી ફરે એમ આ ચામર શ્રીહરિની ચારે તરફ ફરી રહ્યું છે. જે ગાયના પૂંછમાંથી આ ચામરનું બન્યું છે તે ચમરી ગાય ખરેખર શ્રીહરિના સંબંધથી અમર થઈ ગઈ.

અથવા તો ચામરના લાંબા શ્વેત રોમ શ્રીહરિના મુખારવિંદ ફરતા ગોળાકાર ફરી રહ્યા છે. ત્યારે કવી કલ્પના કરે છે કે, “જાણે એ જ ચમરી ગાય મૃત્યુ પછી શ્રીહરિના મુખની ચૈતન્યમય કાંતિ બનીને શોભી રહી છે. ચમરી ગાયનો માયિક દેહ છૂટી ગયો અને દિવ્ય ચૈતન્યમય બની ગઈ છે. શ્રીહરિના સંબંધનો આ પ્રતાપ છે.”

ભાવાર્થ ૨ :- બીજા ચામર પ્રબંધનો અર્થ સ્પષ્ટ છે. અહીં નવાઈની વાત એ છે કે, ચામર વર્ણીના હાથમાં છે. પણ વર્ણીની વૃત્તિ નાથમાં અર્થાત્ શ્રીહરિમાં છે. આ ‘યોગઃ કર્મસુ કૌશલ્યમ્’નું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. સવારીના ઘોંઘાટમાં પણ વર્ણીની મનોવૃત્તિ મૂર્તિમાં અચલ છે.

પ્રબંધ સમજૂતી :- બન્ને પ્રબંધો થોડી બુદ્ધિ કસવાથી સમજી શકાય એવા સુગમ છે.

પ્રથમ પ્રબંધમાં ચામરના હાથામાં રહેલ ‘મ’ અને ‘રી’ વર્ણો કેન્દ્ર સ્થાને છે. તેમાં પણ ‘રી’ વધારે મહત્ત્વનો છે.

બીજા પ્રબંધમાં રહેલ ‘ક’ કેન્દ્રવર્તી છે. એ જ રીતે ‘વી’ કે ‘થા’ વર્ણો પણ આગળના પાદને પૂર્ણ કરનારા છે.

૧૮. મયૂર પ્રબંધ

(છંદ - સ્રગ્ધરા)

મોરો સોરો કરો છો ધરી મુદ મદથી શાથિ રીઝ્યા સ્વચિત્તે,
આશા ધારી હતી જે પ્રગટ હરિ મળે તે મળ્યા રૂડી રીતે;
કીધી એવી દયા તેથકી ઝુકીઝુકીને સૌ કળા સાધી સારી,
બોલો છો એવી વાણી સ્વરવિદ જનને યાદ આવે મુરારી.

(કળશ - ૮ વિશ્રામ - ૨૨)

પ્રસંગ :- વરતાલની સવારી પ્રસંગે હાથી ઉપર સવાર શ્રીહરિના દર્શને અનુક્રમે સર્વે ઋતુઓ મૂર્તિમંત રૂપ ધરીને આવવા લાગી. એમાં જ્યારે વર્ષાઋતુ શ્રીહરિના દર્શને આવી ત્યારે અદ્ભુત શોભા બની.

અહીં કવીશ્વરે ઉત્તમ કલ્પનાઓ કરી છે. હાથીરૂપી પર્વત છે. પર્વત ઉપર મેઘની ઘટા જેવા ઘનશ્યામ શ્રીહરિ શોભે છે. વાજિંત્રોના નાદ મેઘગર્જના છે. નર્તન કરતા ભક્તો જાણે કે મયૂરો છે. કીર્તનોના સ્વરો મયૂરોના ટહુકારો છે. કળાયેલ મયૂરોની શોભા કવીશ્વરે આ મયૂર પ્રબંધમાં ગૂંથી છે. સ્રગ્ધરા છંદ છે.

ભાવાર્થ :- 'હે, મયૂરો ! તમારા મનમાં પ્રગટ ભગવાનને મળવાની આશા હતી એ પૂર્ણ થઈ છે. માટે આનંદમાં મત્ત બનીને ટહુકાર કરી રહ્યા છો. શ્રીહરિએ દયા કરી એટલે તમે ઝૂકી ઝૂકીને સુંદર કળા સજાવી રહ્યા છો. તમારા મધુર ટહુકારોને સાંભળતા સ્વરના મર્મને જાણનારને શ્રીહરિનું સ્મરણ થાય છે.

પ્રબંધ સમજૂતી :- મોરના મુખમાં મોતીની માળા છે, ત્યાંથી પ્રબંધની શરૂઆત થાય છે. પછી ક્રમશઃ કંઠ, કલંગી, ડોક, ચરણ, પાંખ તથા પીછાના વર્ણોના મિલનથી આ સ્રગ્ધરા છંદ ગૂંથાતો જાય છે. સહેજ બુદ્ધિ કસવાથી પ્રબંધ ઉકેલી શકાય છે.

૧૯. ચક્ર પ્રબંધ

(છંદ - દોહરા)

વાર વાર ઉર પ્યાર ધર, શિરપર કર ધરનાર;
તારનાર નરનાર ભર, સુર ડર હર મુર માર.

(કળશ - ૮ વિશ્રામ - ૨૩)

પ્રસંગ :- વડતાલ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી મંદિરના મધ્યખંડમાં પધરાવવા માટે વડોદરાથી શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ લાવેલા. એમાં ભગવાન નારાયણના આયુધોનો ક્રમ બરાબર ન હતો.

શ્રીહરિએ સ્વામીને કહ્યું, "તમે મૂર્તિ ઉપર વસ્ત્ર ઢાંકી દ્યો, ભગવાન સ્વયં પોતાના આયુધો સરખા કરી લેશે."

મહારાજના વચને સ્વામીએ મૂર્તિ ઉપર વસ્ત્ર ઓઢાડ્યું. શ્રીહરિ થોડી વાર આચ્છાદિત મૂર્તિ સામે જોઈ રહ્યા. પછી કહ્યું, "વસ્ત્ર લઈ લ્યો."

જેવું વસ્ત્ર લેવામાં આવ્યું ત્યાં સર્વના મુખ આશ્ચર્યથી પહોળા થઈ ગયા! ભગવાન નારાયણે ચારેય ભૂજામાં હાલમાં છે એવા ક્રમથી આયુધો ધારી લીધા હતા. નીચેના જમણા હાથમાં ચક્ર હતું, ત્યા ગદા ગોઠવાઈ ગઈ હતી અને ડાબા હાથમાં ગદા હતી ત્યાં ચક્ર ગોઠવાઈ ગયું હતું !

મહારાજ હસીને બોલ્યા, "સ્વામી ! તમે કહેતા હતા કે આયુધોને ક્રમ બરાબર નથી, પરંતુ આ તો બરાબર છે !" સ્વામી કહે, "મહારાજ ! અમે બધાએ નીરખીને ખાતરી કરી હતી કે આયુધો બરાબર નથી. આ બધુ સરખું થયું એ તો આપનો પ્રતાપ છે."

સ્વામીની વાત સાંભળી મહારાજે પ્રસન્ન થઈ સ્વામીના મસ્તક ઉપર પોતાનો જમણો હાથ પધરાવ્યો. નિત્યાનંદ સ્વામી ધન્ય ધન્ય થઈ ગયા. એમણે ગદ્‌ગદ્ કંઠે મહારાજની સ્તુતિ કરી. એ સ્તુતિને કવીશ્વરે આ પ્રબંધ ચતુષ્ટયમાં ગૂંથી છે. પ્રબંધ દોહરા રાગમાં છે.

ભાવાર્થ :- હે શ્રીહરિ! પ્રેમથી આપે વારંવાર મારા શિર ઉપર હાથ મૂક્યો છે. આવી કૃપા સદૈવ રાખજો. આપ નર-નારીઓના ભર અર્થાત્ સમુદાયને તારનારા છો, દેવતાઓના ડરને હરનારા છો અને મુરદાનવને મારનારા છો.

પ્રબંધ સમજૂતી :- કવીશ્વરે આ દોહરાને ચક્ર, ગોમૂત્રિકા, અશ્વગતિ તથા કબાટ આ ચાર પ્રબંધોમાં ગૂંથ્યો છે. દરેક પ્રબંધમાં કંઈકને કંઈક વિશિષ્ટતા છે. થોડી બુદ્ધિ કસવાથી એને સમજી શકાય છે.

ગોમૂત્રિકામાં ગોમૂત્રની વહેતી ધારાનો લય છે. અશ્વગતિમાં નાચતા અશ્વના પગના તાલનો લય છે. ચક્રમાં 'ર' નાભિ અર્થાત્ ધરી સ્થાને છે. કપાટમાં બન્ને બારણાઓની મેળવણી 'ર' થી થાય છે.

૨૦. મૃદંગ પ્રબંધ

(અનુષ્ટુપ શ્લોક)

જ્ઞાનીતા સજતા સન્ત, માનીતા તજતા સદા;
દાસતા જતિતા મુખ્ય, ભાસતા સજતા મુદા.

(કળશ - ૮ વિશ્રામ - ૬૩)

પ્રસંગ :- ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ તથા શ્રી વાસુદેવનારાયણ આદિક દેવોની સ્થાપના કરી, ત્યારે ખૂબ મોટો ઉત્સવ થયો.

જયજયકારની સાથે વાંજિત્રોના નાદ તેમજ બંદૂકોના બહાર થયા. શિવ-બ્રહ્માદિ દેવતાઓ પણ આકાશમાર્ગે આવીને પુષ્પવૃષ્ટિ કરતા થકા નાચગાન કરવા લાગ્યા. એ સમયે સંતો તાલ-મૃદંગ લઈને ભગવાન શ્રીહરિના ગુણોનું કીર્તનગાન કરવા લાગ્યા. કીર્તન-ભક્તિ કરતાં સંતોમાં કેવા ગુણો હતા તે આ મૃદંગ પ્રબંધના માધ્યમથી વર્ણન કરવામાં આવ્યા છે. પ્રબંધનો છંદ અનુષ્ટુપ છે.

ભાવાર્થ :- સંતો જ્ઞાનરૂપી ગુણનો આદર કરે છે, માનરૂપી દોષનો ત્યાગ કરે છે, દાસપણું અને યતિપણું આદિક સદ્‌ગુણોનો પ્રેમથી સત્કાર કરે છે.

પ્રબંધ સમજૂતી :- મૃદંગના ઉપરના ભાગથી ક્રમશઃ આડી લીટી વાંચતા ચારેય પદો ચાર લીટીમાં સુગમતાથી સમજી શકાય તેમ છે.

૨૧. ચોઘડિયા કમલ પ્રબંધ

(છંદ - દોહરા)

રવિદિન પ્રથમ ઉદ્વેગ ચળ, લાભ અમૃત ને કાળ;
પછી શુભ રોગ ઉદ્વેગ પછિ, પ્રતિદિન ચોથું ભાળ.

(કળશ - ૧૦ વિશ્રામ - ૯)

પ્રસંગ :- વડતાલમાં આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે વિ.સં. ૧૯૧૨માં ચાતુર્માસમાં જ્યારે ચાર મહિના સુધી શ્રી સત્સંગિજીવનની છાવણી કરાવી ત્યારે અક્ષરાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુ સંતોને પોતાનો વિચાર જણાવ્યો અને પછી તેના પ્રારંભનું મુહૂર્ત જોવા માટે દયારામ નામના જોષીને બોલાવ્યા. તેઓએ છાવણીના પ્રારંભનું મુહૂર્ત જોયું અને મુહૂર્ત જોવાની રીત બતાવી. તે રીત આ ચોઘડિયા કમલ પ્રબંધમાં ગૂંથી લેવામાં આવેલ છે. રાગ દોહરો છે.

પ્રબંધ સમજૂતી :- દિવસનો આઠમો ભાગ એટલે દોઢ કલાકનું એક ચોઘડિયું ગણાય છે. ઉપરોક્ત દોહરામાં રવિવારના ચોઘડિયાને અનુક્રમે વર્ણવ્યા છે. જે ચોઘડિયું સવારમાં પહેલું હોય તે સાંજે છેલ્લું એટલે આઠમું હોય છે. તેમજ આગલા દિવસે જે ચોથું હોય (જેમ કે રવિવારે અમૃત ચોઘડિયું ચોથું છે) તે બીજે દિવસે (સોમવારે) પ્રથમ હોય છે. આ પ્રમાણે દરેક વારના આઠ આઠ મળી કુલ છપ્પન ચોઘડિયા ઉપરોક્ત કમલ પ્રબંધથી સરળતાથી જાણી શકાય છે.

આ પ્રબંધ સર્વને રોજ ઉપયોગી થાય એવો છે.

●●●

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ની સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ

- કે. જી. ધોરણ ૧૨ સુધી અંગ્રેજી માધ્યમની આંતરરાષ્ટ્રીય વિદ્યાલય તથા છાત્રાલયની સુવિધા.
- સંસ્કૃતિના રક્ષણાર્થે 'દર્શનમ્' સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા ૨૦૦ જેટલા સંતો-ઋષિકુમારોની વિનામૂલ્યે અભ્યાસની વ્યવસ્થા
- સામાન્ય વર્ગના બાળકો માટે ધો. ૧૧થી બી.કૉમ. સુધીની છાત્રાલયની સુવિધા.
- રૂરલ વિસ્તારના બાળકો માટે ધો. ૯થી ૧૦ માટે માત્ર દૈનિક રૂ. ૧/- લવાજમમાં છાત્રાલયનું આયોજન
- બાળકોમાં અનેક કૌશલ્ય વિકસે તેવા હેતુથી વિવિધ રમતના મેદાનો તથા ઇન્ડોર ગેમ્સની સુવિધા
- સ્વાસ્થ્યના હેતુ અર્થે વિશાળ હેલ્થ સેન્ટર તથા સ્વિમિંગ પુલ
- ફૂડ નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્વાસ્થ્યપ્રદ તથા પૌષ્ટિક આહારની વ્યવસ્થા
- કામધેનુ ગૌશાળા દ્વારા ૨૫૦ જેટલી ગીર ગાયોનું પાલન, પોષણ તથા જતન
- નિરામય વિભાગમાં નિષ્ણાંત વૈદ્યોના માર્ગદર્શન પ્રમાણે ગૌમૂત્ર તથા વિવિધ ઔષધિઓ દ્વારા આયુર્વેદિક ઔષધિઓનું નિર્માણ
- યુવા સત્સંગ મંડળ, સત્સંગ શિબિર, કથા-પારાયણ, ઉત્સવ-સામૈયા તથા જ્ઞાનયજ્ઞ જેવા અનેકવિધ ધાર્મિક આયોજનો દ્વારા આધ્યાત્મિક પોષણ
- સત્સંગ વિચરણના આયોજનો દ્વારા દેશ-વિદેશમાં ભારતીય સંસ્કૃતિ તથા હિંદુ ધર્મનું જતન તથા પ્રવર્તન

કુદરતી આપત્તિઓમાં સહાય


- દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ૧,૦૦૦ ચેકડેમોનું નિર્માણ
- ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં ૫૫ જેટલી શાળાઓનું નિર્માણ.
- અતિવૃષ્ટિ જેવા આપત્કાલિન સમયે ફૂટ પેકેટ તથા વસ્ત્ર વિતરણ
- દુષ્કાળ સમયે પશુઓની રક્ષા માટે કેટલ કેમ્પનું આયોજન

- ગ્રામ્ય વિસ્તારોમાં શાળા નિર્માણ જેવા અનેક કાર્યો દ્વારા ગામડાઓનું જતન
- વૃક્ષારોપણ અભિયાન દ્વારા પર્યાવરણનું જતન

આરોગ્યક્ષેત્રે અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ

- હૉસ્પિટલ દ્વારા દર્દીઓનું રાહતદરે નિદાન તથા સારવાર
- ગ્રામ્ય વિસ્તારમાં વિનામૂલ્યે ચક્ષુરોગ નિદાન તથા સારવાર કેમ્પ
- અનેકવાર યોજાયેલા રક્તદાન કેમ્પ દ્વારા વિક્રમસર્જક રક્તદાન
- ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં વ્યસનમુક્તિ અભિયાન
- વિવિધ ગામડાઓમાં પશુઓના જતન માટે પશુરોગ નિદાન કેમ્પ
- શહેર તથા ગામડાઓની હૉસ્પિટલોમાં ફ્રૂટ વિતરણ
- ઉનાળાના ધોમધખતા તાપમાં ચપ્પલ વિતરણ તથા શિયાળામાં બ્લૅન્કેટ વિતરણ

●●●



સ્વામિનારાયણ સંત માધવપ્રિય સ્વામી મળવા જેવા સાધક છે. એમના સત્સંગમાં માત્ર શબ્દનું નહીં પણ મૌનનું પણ આકાશ ઊઘડે છે. એમની પાસે વિચારનું ભાથું છે અને આચારસંહિતા છે.

એમના શબ્દોમાં ક્યાંય પણ આક્રમણ નથી હોતું. હૃદયનિષ્ઠ સમજણથી માધવપ્રિયજી વાત કે વ્યાખ્યાન કે કથા કહેતા હોય છે. એમને સાંભળવા અનેક ભાવિકો ટોળે વળે છે, પણ ટોળાનું તેઓ સત્સંગના મેળામાં રૂપાંતર કરી શકે છે.

જીવનભર એમણે સંસ્કૃત શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે. એ વિદ્વાન છે, પણ વિદ્વત્તાના ભાર વિનાના. એ સહજ અને સ્વાભાવિક છે. કશુંયે કોઈને આંજવા માટે બોલતા નથી. એમનું કામ તો મનુષ્યના મન અને હૃદયને માંજવાનું છે. એમની સાથે અમસ્તી પણ વાત છેડો તો ક્યાંય વાણી કે મૌનમાં અહમ્‌ની મુદ્રા જોવા નહીં મળે.

ગુજરાતના ગામેગામ એ પરિવ્રાજક થઈને ફરતા હોય છે અને મનનો થાક ઉતારે એવી કથા કહેતા હોય છે. માત્ર ગુજરાતમાં જ નહીં દેશપરદેશમાં પણ એમની વાણીના અમૃતને પીવા માટે કેટલાયે તરસ્યા કાન અને પ્રાણ આપમેળે ખેંચાઈ આવે છે.

— સુરેશ દલાલ

ISBN : 978-81-7997-693-7
9 788179 976937
₹ 500